

નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજઝાયાણં
નમો લોએ સવ્વ સાહૂણં
એસો પંચ નમુકકારો
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં
પઢમં હવઈ મંગલં

# જિનાગમ પ્રકાશન યોજના

પ. પૂ. આચાર્યશ્રી ઘાંસીલાલજી મહારાજ સાહેબ

કૃત વ્યાખ્યા સહિત

## DVD No. 2

(Gujarati Edition)

## :: યોજનાના આયોજક ::

શ્રી ચંદ્ર પી. દોશી - પીએચ.ડી.

website : www.jainagam.com

# SHRI SAMVAYANG SUTRA



# શ્રી સમવાયાંગ સૂત્ર

जैनाचार्य-जैनधर्मदिवाकर-पूज्यश्री-घासीलालजी-महाराज-
विरचितया भावबोधिन्याख्यया व्याख्यया समलङ्कृतं
हिन्दी-गुर्जर-भाषाऽनुवादसहितम्-

# ॥ श्री-समवायाङ्गसूत्रम् ॥

# SAMĀVAYĀNGA SŪTRAM

नियोजकः—
संस्कृत—प्राकृतज्ञ—जैनागमनिष्णात—प्रियव्याख्यानि—
पण्डितमुनि-श्रीकन्हैयालालजी—महाराजः


प्रकाशकः—
अलवरनिवासी श्रीमान् श्रेष्ठि—श्री—मूलचंदजी जवाहरलालजी सा-
वरडिया तद्बन्धु—श्री—मिश्रीलालजी श्री—पूनमचंदजी.
तत्प्रदत्तद्रव्यसाहाय्येन
अ० भा. श्वे० स्था० जैनशास्त्रोद्धारसमितिप्रमुखः
श्रेष्ठि—श्रीशान्तिलाल—मङ्गलदासभाई—महोदयः
मु० राजकोट

| प्रथमा-आवृत्तिः | वीर संवत् | विक्रम-संवत् | इसवीसन |
|---|---|---|---|
| प्रति १००० | २४८८ | २०१८ | १९६२ |

मूल्यम्—रू० २५—०—०

મળવાનું ઠેકાણું :
શ્રી અ. ભા. શ્વે. સ્થાનકવાસી
જૈનશાસ્ત્રોદ્ધાર, સમિતિ
ઠે. ગરેડિયા કૂવા રોડ, ગ્રીન લોજ પાસે,
રાજકોટ, ( સૌરાષ્ટ્ર ).

Publishedby :_
Shri Akhila Bharat S. S.
Jain Shastroddhara Samiti,
Garedia Kuva Road, RAJKOT,
(Saurashtra), W. Ry, India

+

ये नाम केचिदिह नः प्रथयन्त्यवज्ञां
जानन्ति ते किमपि तान्प्रति नैष यत्नः
उत्पत्स्यतेऽस्ति मम कोऽपि समानधर्मा
कालोह्ययं निरवधिर्विपुला च पृथ्वी ॥१॥

(हरिगीतिकाछंद)

करते अवज्ञा जो हमारी यत्न ना उनके लिये
जो जानते हैं तत्त्व कुछ फिर यत्न ना उनके लिये ।
जनमेगा मुझसा व्यक्ति कोई तत्त्व इससे पायगा
है काल निरवधि विपुल पृथ्वी ध्यानमें यह लायगा ॥१॥

+

પ્રથમ આવૃત્તિ : પ્રત ૧૦૦૦
વીર સંવત : ૨૪૮૮
વિક્રમ સંવત: ૨૦૧૮
ઇસવીસન : ૧૯૬૨

: મુદ્રક ;
જાદવજી મોહનલાલ શાહ
નીલકમલ પ્રિન્ટરી
ઘીકાંટા રોડ : અમદાવાદ.

# સ્વાધ્યાય માટે ખાસ સૂચના

(૧) આ સૂત્રના મૂલપાઠનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પ્રથમ પ્રહરે તથા ચોથા પ્રહરે કરાય છે.

(૨) પ્રાતઃઉષાકાળ, સન્ધ્યાકાળ, મધ્યાહ્ન, અને મધ્યરાત્રિમાં બે-બે ઘડી (૪૮ મિનિટ) વંચાય નહીં, સૂર્યોદયથી પહેલાં ૨૪ મિનિટ અને સૂર્યોદયથી પછી ૨૪ મિનિટ એમ બે ઘડી સર્વત્ર સમજવું.

(૩) માસિક ધર્મવાળાં સ્ત્રીથી વંચાય નહીં તેમજ તેની સામે પણ વંચાય નહીં. જ્યાં આ સ્ત્રીઓ ન હોય તે ઓરડામાં બેસીને વાંચી શકાય.

(૪) નીચે લખેલા ૩૨ અસ્વાધ્યાય પ્રસંગે વંચાય નહીં.

(૧) આકાશ સંબંધી ૧૦ અસ્વાધ્યાય કાલ.

(૧) **ઉલ્કાપાત**—મોટા તારા ખરે ત્યારે ૧ પ્રહર (ત્રણ કલાક સ્વાધ્યાય ન થાય.)

(૨) **દિગ્દાહ**—કોઈ દિશામાં અતિશય લાલવર્ણ હોય અથવા કોઈ દિશામાં મોટી આગ લગી હોય તો સ્વાધ્યાય ન થાય.

(૩) **ગર્જારવ**—વાદળાંનો ભયંકર ગર્જારવ સંભળાય. ગાજવીજ ઘણી જણાય તો ૨ પ્રહર ( છ કલાક) સ્વાધ્યાય ન થાય.

(૪) **નિર્ઘાત**—આકાશમાં કોઈ વ્યંતરાદિ દેવકૃત ઘોરગર્જના થઈ હોય, અથવા વાદળો સાથે વીજળીના કડાકા બોલે ત્યારે આઠ પ્રહર સુધી સ્વાધ્યાય ન થાય.

(૫) **વિદ્યુત**—વિજળી ચમકવા પર એક પ્રહર સ્વાધ્યાય ન થા.

(૬) **યૂપક**—શુક્લપક્ષની એકમ, બીજ અને ત્રીજના દિવસે સંધ્યાની પ્રભા અને ચંદ્રપ્રભા મળે તો તેને યૂપક કહેવાય. આ પ્રમાણે યૂપક હોય ત્યારે રાત્રિમાં પ્રથમા ૧ પ્રહર સ્વાધ્યાય ન કરવો.

(૭) **યક્ષાદીપ્ત**—કોઈ દિશામાં વીજળી ચમકવા જેવો જે પ્રકાશ થાય તેને યક્ષાદીપ્ત કહેવાય. ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૮) **ધુમિક કૃષ્ણ**—કારતકથી મહા માસ સુધી ધૂમાડાના રંગની જે સૂક્ષ્મ જલ જેવી ધૂમ્મસ પડે છે તેને ધૂમિકાકૃષ્ણ કહેવાય છે. તેવી ધૂમ્મસ હોય ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૯) **મહિકાશ્વેત**—શીતકાળમાં શ્વેતવર્ણવાળી સૂક્ષ્મ જલરૂપી જે ધુમ્મસ પડે છે. તે મહિકાશ્વેત છે ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૧૦) **રજઉદ્ઘાત**—ચારે દિશામાં પવનથી બહુ ધૂળ ઉડે. અને સૂર્ય ઢંકાઈ જાય. તે રજઉદ્ઘાત કહેવાય. ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૨) ઔદારિક શરીર સંબંધી ૧૦ અસ્વાધ્યાય

(૧૧-૧૨-૧૩) હાડકાં-માંસ અને રૂધિર આ ત્રણ વસ્તુ અગ્નિથી સર્વથા બળી ન જાય, પાણીથી ધોવાઈ ન જાય અને સામે દેખાય તો ત્યારે સ્વાધ્યાય ન કરવો. ફૂટેલું ઈંડુ હોય તો અસ્વાધ્યાય.

(૧૪) **મળ-મૂત્ર**—સામે દેખાય, તેની દુર્ગન્ધ આવે ત્યાં સુધી અસ્વાધ્યાય.

(૧૫) **સ્મશાન**—આ ભૂમિની ચારે બાજુ ૧૦૦/૧૦૦ હાથ અસ્વાધ્યાય.

(૧૬) **ચંદ્રગ્રહણ**—જ્યારે ચંદ્રગ્રહણ થાય ત્યારે જઘન્યથી ૮ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૨ મુહૂર્ત અસ્વાધ્યાય જાણવો.

(૧૭) **સૂર્યગ્રહણ**—જ્યારે સૂર્યગ્રહણ થાય ત્યારે જઘન્યથી ૧૨ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૬ મુહૂર્ત અસ્વાધ્યાય જાણવો.

(૧૮) **રાજવ્યુદ્ગત**—નજીકની ભૂમિમાં રાજાઓની પરસ્પર લડાઈ થતી હોય ત્યારે, તથા લડાઈ શાન્ત થયા પછી ૧ દિવસ-રાત સુધી સ્વાધ્યાય ન કરવો.

(૧૯) **પતન**—કોઈ મોટા રાજાનું અથવા રાષ્ટ્રપુરુષનું મૃત્યુ થાય તો તેનો અગ્નિસંસ્કાર ન થાય ત્યાં સુધી સ્વાધ્યાય કરવો નહીં તથા નવાની નિમણુંક ન થાય ત્યાં સુધી ઊંચા અવાજે સ્વાધ્યાય ન કરવો.

(૨૦) **ઔદારિક શરીર**—ઉપાશ્રયની અંદર અથવા ૧૦૦-૧૦૦ હાથ સુધી ભૂમિ ઉપર બહાર પંચેન્દ્રિયજીવનું મૃતશરીર પડ્યું હોય તો તે નિર્જીવ શરીર હોય ત્યાં સુધી સ્વાધ્યાય ન કરવો.

(૨૧થી ૨૮) **ચારે મહોત્સવ અને ચાર પ્રતિપદા**—આષાઢ પૂર્ણિમા, (ભૂતમહોત્સવ), આસો પૂર્ણિમા (ઈન્દ્ર મહોત્સવ), કાર્તિક પૂર્ણિમા (સ્કંધ મહોત્સવ), ચૈત્ર પૂર્ણિમા (યક્ષમહોત્સવ, આ ચાર મહોત્સવની પૂર્ણિમાઓ તથા તે ચાર પછીની કૃષ્ણપક્ષની ચાર પ્રતિપદા (એકમ) એમ આઠ દિવસ સ્વાધ્યાય ન કરવો.

(૨૯થી ૩૦) પ્રાતઃકાલે અને સન્ધ્યાકાળે દિશાઓ લાલકલરની રહે ત્યાં સુધી અર્થાત્ સૂર્યોદય અને સૂર્યાસ્તની પૂર્વે અને પછી એક-એક ઘડી સ્વાધ્યાય ન કરવો.

(૩૧થી ૩૨) મધ્ય દિવસ અને મધ્ય રાત્રિએ આગળ-પાછળ એક-એક ઘડી એમ બે ઘડી સ્વાધ્યાય ન કરવો.

ઉપરોક્ત અસ્વાધ્યાય માટેના નિયમો મૂલપાઠના અસ્વાધ્યાય માટે છે. ગુજરાતી આદિ ભાષાંતર માટે આ નિયમો નથી. વિનય એ જ ધર્મનું મૂલ છે. તેથી આવા આવા વિકટ પ્રસંગોમાં ગુરુની અથવા વડીલની ઈચ્છાને આજ્ઞાને જ વધારે અનુસરવાનો ભાવ રાખવો.

# स्वाध्याय के प्रमुख नियम

(१) इस सूत्र के मूल पाठ का स्वाध्याय दिन और रात्री के प्रथम प्रहर तथा चौथे प्रहर में किया जाता है ।

(२) प्रातः ऊषा-काल, सन्ध्याकाल, मध्याह्न और मध्य रात्री में दो-दो घडी (४८ मिनिट) स्वाध्याय नहीं करना चाहिए, सूर्योदय से पहले २४ मिनिट और सूर्योदय के बाद २४ मिनिट, इस प्रकार दो घड़ी सभी जगह समझना चाहिए।

(३) मासिक धर्मवाली स्त्रियों को स्वाध्याय नहीं करना चाहिए, इसी प्रकार उनके सामने बैठकर भी स्वाध्याय नहीं करना चाहिए, जहाँ ये स्त्रियाँ न हों उस स्थान या कक्ष में बैठकर स्वाध्याय किया जा सकता है ।

(४) नीचे लिखे हुए ३२ अस्वाध्याय-प्रसंगो में वाँचना नहीं चाहिए—

(१) आकाश सम्बन्धी १० अस्वाध्यायकाल

(१) **उल्कापात**—बड़ा तारा टूटे उस समय १ प्रहर (तीन घण्टे) तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२) **दिग्दाह**—किसी दिशा में अधिक लाल रंग हो अथवा किसी दिशा में आग लगी हो तो स्वाध्याय नहीं करना चाहिए ।

(३) **गर्जारव**—बादलों की भयंकर गडगडाहट की आवाज सुनाई देती हो, बिजली अधिक होती हो तो २ प्रहर (छ घण्टे) तक स्वाध्याय नहीं करना चाहिए ।

(४) **निर्घात**—आकाश में कोई व्यन्तरादि देवकृत घोर गर्जना हुई हो अथवा बादलों के साथ बिजली के कडाके की आवाज हो तब आठ प्रहर तक स्वाध्याय नहीं करना चाहिए ।

(५) **विद्युत**—बिजली चमकने पर एक प्रहर तक स्वाध्याय नहीं करना चाहिए ।

(६) **यूपक**—शुक्ल-पक्ष की प्रथमा, द्वितीया और तृतीया के दिनो में सन्ध्या की प्रभा और चन्द्रप्रभा का मिलान हो तो उसे यूपक कहा जाता है। इस प्रकार यूपक हो उस समय रात्री में प्रथमा १ प्रहर स्वाध्याय नहीं करना चाहिए ।

(७) **यक्षादीप्त**—यदि किसी दिशा में बिजली चमकने जैसा प्रकाश हो तो उसे यक्षादीप्त कहते हैं, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(८) **धूमिका कृष्ण**—कार्तिक से माघ मास तक धूँए के रंग की तरह सूक्ष्म जल के जैसी धूमस (कोहरा) पड़ता है उसे धूमिका कृष्ण कहा जाता है इस प्रकार की धूमस हो उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(९) **महिकाश्वेत**—शीतकाल में श्वेत वर्णवाली सूक्ष्म जलरूपी जो धूमस पड़ती है वह महिकाश्वेत कहलाती है, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(१०) **रजोद्घात**—चारों दिशाओं में तेज हवा के साथ बहुत धूल उडती हो और सूर्य ढँक गया हो तो रजोद्घात कहलाता है, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(२) ऐतिहासिक शरीर सम्बन्धी १० अस्वाध्याय—

(११,१२,१३) हाड-मांस और रुधिर ये तीन वस्तुएँ जब-तक अग्नि से सर्वथा जल न जाएँ, पानी से धुल न जाएँ और यदि सामने दिखाई दें तो स्वाध्याय नहीं करना चाहिए । फूटा हुआ अण्डा भी हो तो भी अस्वाध्याय होता है ।

(१४) **मल-मूत्र**—सामने दिखाई हेता हो, उसकी दुर्गन्ध आती हो तब-तक अस्वाध्याय होता है ।

(१५) **श्मशान**—इस भूमि के चारों तरफ १००-१०० हाथ तक अस्वाध्याय होता है ।

(१६) **चन्द्रग्रहण**—जब चन्द्रग्रहण होता है तब जघन्य से ८ मुहूर्त और उत्कृष्ट से १२ मुहूर्त तक अस्वाध्याय समझना चाहिए ।

(१७) **सूर्यग्रहण**—जब सूर्यग्रहण हो तब जघन्य से १२ मुहूर्त और उत्कृष्ट से १६ मुहूर्त तक अस्वाध्याय समझना चाहिए ।

(१८) **राजव्युद्गत**—नजदीक की भूमि पर राजाओं की परस्पर लड़ाई चलती हो, उस समय तथा लड़ाई शान्त होने के बाद एक दिन-रात तक स्वाध्याय नहीं करना चाहिए ।

(१९) **पतन**—कोई बड़े राजा का अथवा राष्ट्रपुरुष का देहान्त हुआ हो तो अग्निसंस्कार न हो तब तक स्वाध्याय नहीं करना चाहिए तथा उसके स्थान पर जब तक दूसरे व्यक्ति की नई नियुक्ति न हो तब तक ऊंची आवाज में स्वाध्याय नहीं करना चाहिए ।

(२०) **औदारिक शरीर**—उपाश्रय के अन्दर अथवा १००-१०० हाथ तक भूमि पर उपाश्रय के बाहर भी पञ्चेन्द्रिय जीव का मृत शरीर पड़ा हो तो जब तक वह निर्जीव शरी वहाँ पड़ा रहे तब तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२१ से २८) **चार महोत्सव और चार प्रतिपदा**—आषाढ़ी पूर्णिमा (भूत महोत्सव), आसो पूर्णिमा (इन्द्रिय महोत्सव), कार्तिक पूर्णिमा (स्कन्ध महोत्सव), चैत्र पूर्णिमा (यक्ष महोत्सव) इन चार महोत्सवों की पूर्णिमाओं तथा उससे पीछे की चार, कृष्ण पक्ष की चार प्रतिपदा (ऐकम) इस प्रकार आठ दिनों तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२९ से ३०) प्रातःकाल और सन्ध्याकाल में दिशाएँ लाल रंग की दिखाई दें तब तक अर्थात् सूर्योदय और सूर्यास्त के पहले और बाद में एक-एक घड़ी स्वाध्याय नहीं करना चाहिए ।

(३१ से ३२) मध्य दिवस और मध्य रात्री के आगे-पीछे एक-एक घड़ी इस प्रकार दो घड़ी स्वाध्याय नहीं करना चाहिए ।

उपरोक्त अस्वाध्याय सम्बन्धी नियम मूल पाठ के अस्वाध्याय हेतु हैं, गुजराती आदि भाषान्तर हेतु ये नियम नहीं है । विनय ही धर्म का मूल है तथा ऐसे विकट प्रसंगों में गुरू की अथवा बड़ों की इच्छा एवं आज्ञाओं का अधिक पालन करने का भाव रखना चाहिए ।

श्री समवायांग सूत्र की

# विषयानुक्रमणिका


| अनु. | विषय | पाना नं. |
|---|---|---|
| १ | मंगलाचरण | १३ |
| २ | अवतरणिका | १३ |
| | **पहला समवाय** | |
| ३ | बारह प्रकार के गणिपिटक का निरूपण | १७ |
| ४ | आत्मा अनात्मा के स्वरूप का निरूपण | १७ |
| ५ | आत्मा के क्रियात्व अथवा अक्रिय आदिका निरूपण | २२ |
| ६ | लोकालोक का निरूपण | २२ |
| ७ | धर्माधर्म का निरूपण | २३ |
| ८ | पापपुण्ण का निरूपण | २५ |
| ९ | बंधमोक्ष का निरूपण | २७ |
| १० | आस्त्रव और संवर का निरूपण | ३० |
| ११ | वेदना और निर्जरा का निरूपण | ३० |
| १२ | सप्तसूत्री द्वारा आश्रय विशेष का निरूपण | ३२ |
| १३ | चार गति के आश्रयी रहनेवाले जीवां की स्थिति आदि धर्म का निरूपण | ३२ |
| १४ | देवों के स्थित्यादि का निरूपण | ३६ |
| | **दूसरा समवाय** | |
| १५ | दंडादि का निरूपण | ३७ |
| १६ | दो संख्या विशिष्ट देवादिको की स्थिति का निरूपणम् | ३७ |
| १७ | तीन संख्याविशिष्ट तीसरा समवाय में तीन प्रकार के दंण्डादिका निरूपण | ३८ |

| | | |
|---|---|---|
| ૧૮ | તીસરા સમવાય મેં નારકિયોં કે સ્થિત્યાદિ કા નિરૂપણ | ૪૧ |
| ૧૯ | ચૌથે સમવાય મેં કષાયાદિ કા નિરૂપણ | ૪૩ |
| ૨૦ | ચૌથે સમવાયમેં નારકિયોં કી સ્થિત્યાદિ કા નિરૂપણ | ૪૬ |
| ૨૧ | પાંચવેં સમવાય મેં ક્રિયાદિ કા નિરૂપણ | ૪૬ |
| ૨૨ | પાંચવે સમવાય મેં નારકિયોં કે સ્થિત્યાદિ કા નિરૂપણ | ૪૯ |
| ૨૩ | છઠ્ઠે સમવાય મેં લેશ્યાદિ કા નિરૂપણ | ૪૬ |
| ૨૪ | છઠ્ઠે સમવાય મેં નારકિયોં કી સ્થિત્યાદિ કા નિરૂપણ | ૫૩ |
| ૨૫ | સાતવે સમવાય મેં ઇહલોકભય પરલોકભય કા નિરૂપણ | ૫૪ |
| ૨૬ | સાતવે સમવાય મેં નારકિયોં આદિ કે સ્થિત્યાદિ કા નિરૂપણ | ૫૬ |
| ૨૭ | આઠવે સમવાય મેં મદસ્થાનાદિ કા નિરૂપણ | ૫૯ |
| ૨૮ | નવવે સમવાય મે નવ બ્રહ્મચર્ય ગુપ્તિ આદિ કા નિરૂપણ | ૬૦ |
| ૨૯ | નવવે સમવાય મેં નારકિકોં કી સ્થિત્યાદિ કા નિરૂપણ | ૬૩ |
| ૩૦ | દશવે સમવાય મેં શ્રમણધર્માદિ કા નિરૂપણ | ૬૬ |
| ૩૧ | દશવે સમવાય મેં નારકિયોં કે સ્થિત્યાદિ કા નિરૂપણ | ૬૮ |
| ૩૨ | ગ્યારહવે સમવાય મેં ગ્યારહ ઉપાસક પ્રતિમાદિકા નિરૂપણ | ૭૦ |
| ૩૩ | ગ્યારહવે સમવાય મેં નારકિયોં કે સ્થિત્યાદિ કા નિરૂપણ | ૭૩ |
| ૩૪ | બારહવે સમવાય મેં ભિક્ષુપ્રતિમા આદિકા નિરૂપણ | ૭૪ |
| ૩૫ | બારહવે સમવાય મેં નારકિયોં કે સ્થિત્યાદિ કા નિરૂપણ | ૮૧ |
| ૩૬ | તેરહવે સમવાય મેં તેરહ ક્રિયાસ્થાનાદિકા નિરૂપણ | ૮૧ |
| ૩૭ | તેરહવે સમવાય મેં નારકિયોં કે સ્થિત્યાદિકા નિરૂપણ | ૮૩ |
| ૩૮ | ચૌદહવે સમવાય મેં ચૌદહ જીવસમૂહ કા નિરૂપણ | ૮૪ |
| ૩૯ | ચૌદહવે સમવાય મેં નારકિયોં કે સ્થિત્યાદિ કા નિરૂપણ | ૯૦ |
| ૪૦ | પંદ્રહવે સમવાય મેં પંદ્રહ પરમાધર્મિકોં કા નિરૂપણ | ૯૧ |
| ૪૧ | પંદ્રહવે સમવાય મેં નારકિયોં કે સ્થિત્યાદિ કા નિરૂપણ | ૯૬ |
| ૪૨ | સોલહવે સમવાય મેં ગાથા ષોડષાદિ કા નિરૂપણ | ૯૬ |
| ૪૩ | સોલહવે સમવાય મેં નારકિયોં કે સ્થિત્યાદિ કા નિરૂપણ | ૧૦૦ |
| ૪૪ | સતરહવેં સમવાય મેં સતરહ અસંયમાદિ કા નિરૂપણ | ૧૦૦ |
| ૪૫ | સતરહવેં સમવાયમેં જંઘાચારણાદિ મુનિયો કે ગત્યાદિ કા નિરૂપણ | ૧૦૨ |
| ૪૬ | સતરહવેં સમવાય મેં નારકિયોં કે સ્થિત્યાદિ કા નિરૂપણ | ૧૦૪ |
| ૪૭ | અઠારહવે સમવાય  અઠારહ પ્રકાર કે બ્રહ્મચર્યાદિ કા નિરૂપણ | ૧૦૫ |

| | | |
|---|---|---|
| ૪૮ | અઠારહવે સમવાય મેં નારકિયોં કે સ્થિત્યાદિ કા નિરૂપણ | ૧૦૭ |
| ૪૯ | ઉન્નીસવે સમવાય મેં ઉન્નીસ જ્ઞાતાધર્મકથા આદિકા નિરૂપણ | ૧૦૮ |
| ૫૦ | ઉન્નીસવે સમવાય મેં નારકિયોં કે સ્થિત્યાદિ કા નિરૂપણ | ૧૧૦ |
| ૫૧ | બીસવે સમવાય મેં બીસ અસમાધિ સ્થાનાદિ કા નિરૂપણ | ૧૧૦ |
| ૫૨ | બીસવે સમવાયમેં નારકિયોં કે સ્થિત્યાદિ કા નિરૂપણ | ૧૧૨ |
| ૫૩ | એકવીસવે સમવાયમેં એકવીસ શબલાદિ કા નિરૂપણ | ૧૧૨ |
| ૫૪ | ઇક્કીસવે સમવાય મેં નારકિયોં કે સ્થિત્યાદિ કા નિરૂપણ | ૧૧૫ |
| ૫૫ | બાઇસવેં સમવાયમેં બાઇસ પરીષહાદિ કા નિરૂપણ | ૧૧૬ |
| ૫૬ | બાઇસવે સમવાયમેં નારકિયોં કે સ્થિત્યાદિ કા નિરૂપણ | ૧૨૦ |
| ૫૭ | તેઇસવે સમવાયમેં સૂત્રકૃત્રાંગ કેઅધ્યયનાદિકા નિરૂપણ | ૧૨૧ |
| ૫૮ | તેઇસવેં સમવાયમેં નારકિયોં કેસ્થિત્યાદિ કા નિરૂપણ | ૧૨૨ |
| ૫૯ | ચોવ્વીસવે સમવાય મેં ચોઇસ તીર્થકરો કા નિરૂપણ | ૧૨૨ |
| ૬૦ | ચોવ્વીસવે સમવાય મેં નારકિયોં કે સ્થિત્યાદિ કા નિરૂપણ | ૧૨૪ |
| ૬૧ | પચ્ચીસવે સમવાયમેં પાંચ મહાવ્રત કી પચીસ ભાવના આદિ કા નિરૂપણ | ૧૨૪ |
| ૬૨ | પચ્ચીસવે સમવાયમેં નારકિયોં કેસ્થિત્યાદિ કા નિરૂપણ | ૧૨૯ |
| ૬૩ | છબ્બીસવે સમવાયમેં દશાશ્રુતાદિ કે અધ્યયનાદિકા નિરૂપણ | ૧૩૦ |
| ૬૪ | સત્તાઇસવે સમવાયમેં અનગાર કે ગુણોં આદિકા નિરૂપણ | ૧૩૨ |
| ૬૫ | સત્તાઇસવે સમવાયમેં નારકિયોં કે સ્થિત્યાદિ કા નિરૂપણ | ૧૩૪ |
| ૬૬ | અઠ્ઠાઇસવે સમવાય મેં આચારકલ્પાદિ કા નિરૂપણ | ૧૩૫ |
| ૬૭ | અઠ્ઠાઇસવે સમવાયમેં નૈરયિકોં કી સ્થિતિકા નિરૂપણ | ૧૩૯ |
| ૬૮ | ઉન્તીસવે સમવાયમેં પાપશ્રુતકા નિરૂપણ | ૧૪૦ |
| ૬૯ | ઉન્તીસવે સમવાયમેં નારકિયોં કે સ્થિત્યાદિ કા નિરૂપણ | ૧૪૨ |
| ૭૦ | તીસવે સમવાયમેં મોહનીય સ્થાન કા નિરૂપણ | ૧૪૨ |
| ૭૧ | તીસવે સમવાયમેં તીસ મુહૂર્ત કે નામ કા નિરૂપણ | ૧૪૬ |
| ૭૨ | ઇકતીસવે સમવાયમેં સિદ્ધાદિકોં કે ગુણો કા નિરૂપણ | ૧૪૭ |
| ૭૩ | ઇકતીસવે સમવાયમેં નારકિયોં કે સ્થિત્યાદિ કા નિરૂપણ | ૧૪૯ |
| ૭૪ | બત્તીસવે સમવાય મેં યોગ સંગ્રહાદિકા નિરૂપણ | ૧૫૦ |
| ૭૫ | બત્તીસવે સમવાયમેં નૈરયિકોંકી સ્થિતિ કા નિરૂપણ | ૧૫૨ |
| ૭૬ | તેંતીસવે સમવાયમેં તેંતીસ આશાતના દોષકા નિરૂપણ | ૧૫૩ |
| ૭૭ | તેંતીસવે સમવાયમેં સુર્યમંડલકા નિરૂપણ | ૧૫૫ |

| | | |
|---|---|---|
| ૭૮ | તેંતીસવે સમવાયમેં નારકિયોં કી સ્થિતિ કા નિરૂપણ | ૧૫૭ |
| ૭૯ | ચોંતીસવે સમવાય મેં તીર્થકરો કે અતિશય કા નિરૂપણ | ૧૫૮ |
| ૮૦ | ચોંતીસવે સમવાય મેં ચક્રવર્ત્યાદિ કા નિરૂપણ | ૧૬૧ |
| ૮૧ | પૈંતીસવે સમવાયમેં સત્યવચન કે પ્રતિશય કા નિરૂપણ | ૧૬૨ |
| ૮૨ | છત્તીસવે સમવાયમેં ઉત્તરાધ્યયન કે અધ્યયન આદિ કે નામ કા નિરૂપણ | ૧૬૨ |
| ૮૩ | સેંતીસવે સમવાયમેં સત્તરહવે તીર્થકર કુંથુનાથ ભગવાન કે ગણ ઔર ગણાધર આદિ કા નિરૂપણ | ૧૬૩ |
| ૮૪ | અડતીસવે સમવાયમેં પાર્શ્વનાથ અર્હત કે ગણ ઔર ગણાધર આદિ કા નિરૂપણ | ૧૬૪ |
| ૮૫ | ઉનચાલીસવે સમવાય મેં અવધિજ્ઞાનિયોં કી સંખ્યા આદિ કા નિરૂપણ | ૧૬૫ |
| ૮૬ | ચાલીસવે સમવાય મેં અરિષ્ટનેમિ અર્હત કે સાધ્વિ આદિ કા નિરૂપણ | ૧૬૬ |
| ૮૭ | ઈગતાલીસવે સમવાય મેં નમિનાથ અર્હત કે સાધ્વિકાયેં આદિ કા નિરૂપણ | ૧૬૬ |
| ૮૮ | બયાલીસ વે સમવાય મેં શ્રમણ ભગવાન્ મહાવીર કે શ્રામણ્ય પર્યાયાદિકા નિરૂપણ | ૧૬૭ |
| ૮૯ | તેંતાલીસવે સમવાયમેં કર્મવિપાક કે અધ્યયનાદિ કા નિરૂપણ | ૧૭૧ |
| ૯૦ | ચૌવાલીસવે સમવાયમેં ઋષિભાષિત અધ્યયન કા નિરૂપણ | ૧૭૨ |
| ૯૧ | પૈતાલીસવે સમવાયમેં ક્ષેત્રાદિ કા નિરૂપણ | ૧૭૨ |
| ૯૨ | છિયાલીસવે સમવાયમેં દષ્ટિવાદ કે સ્વરૂપકા નિરૂપણ | ૧૭૩ |
| ૯૩ | સેંતાલીસવે સમવાયમેં પ્રવચન માતૃકા કે અક્ષરાદિ કા નિરૂપણ | ૧૭૩ |
| ૯૪ | અડતાલીસ વે સમવાય મેં ચક્રવર્તી કે નગરાદિ કા નિરૂપણ | ૧૬૪ |
| ૯૫ | ઉનચાસવે સમવાયમેં ભિક્ષુપ્રતિમા આદિ કા નિરૂપણ | ૧૬૫ |
| ૯૬ | પચાસવે સમવાય મેં બિસવે મુનિસુવ્રત નાથ કે સાધ્વિ આદિ કા નિરૂપણ | ૧૬૬ |
| ૯૭ | ઈક્યાવનવે સમવાય કા નિરૂપણ | ૧૬૭ |
| ૯૮ | બાવનવે સમવાયમેં મોહનીયકર્મ કે બાવન નામાદિ કા નિરૂપણ | ૧૬૮ |
| ૯૯ | તિરપનવે સમવાયમેં દેવકુરૂ ઉત્તરકુરૂક્ષેત્રકે જીવા આદિ કા નિરૂપણ | ૧૭૦ |

| | | |
|---|---|---|
| १०० | चौवन संख्या विशिष्ट समवाय का निरूपण | १८१ |
| १०१ | पचपन संख्या विशिष्ट समवाय का निरूपण | १८१ |
| १०२ | छप्पन संख्या विशिष्ट समवाय का निरूपण | १८३ |
| १०३ | सत्तावन संख्या विशिष्ट समवाय का निरूपण | १८३ |
| १०४ | अठावन संख्या विशिष्ट समवाय का निरूपण | १८४ |
| १०५ | उनसठ संख्या विशिष्ट समवाय का निरूपण | १८५ |
| १०६ | साठ संख्या विशिष्ट समवाय का निरूपण | १८६ |
| १०७ | इक्सठ संख्या विशिष्ट समवाय का निरूपण | १८७ |
| १०८ | बासठ संख्या विशिष्ट समवाय का निरूपण | १८८ |
| १०९ | तिरसठ संख्या विशिष्ट समवाय का निरूपण | १९० |
| ११० | चौसठ संख्या विशिष्ट समवाय का निरूपण | १९१ |
| १११ | पैंसठ संख्या विशिष्ट समवाय का निरूपण | १९२ |
| ११२ | छासठ संख्या विशिष्ट समवाय का निरूपण | १९३ |
| ११३ | सरसठ संख्या विशिष्ट समवाय का निरूपण | १९४ |
| ११४ | अडसठ संख्या विशिष्ट समवाय का निरूपण | १९७ |
| ११५ | उनहत्तर संख्या विशिष्ट समवाय का निरूपण | १९९ |
| ११६ | सत्तर संख्या विशिष्ट समवाय का निरूपण | २०० |
| ११७ | इकोतर संख्या विशिष्ट समवाय का निरूपण | २०२ |
| ११८ | बहत्तर संख्या विशिष्ट समवाय का निरूपण | २०३ |
| ११९ | तिहोत्तर संख्या विशिष्ट समवाय का निरूपण | २०९ |
| १२० | चौहत्तर संख्या विशिष्ट समवाय का निरूपण | २०९ |
| १२१ | पचहत्तर संख्या विशिष्ट समवाय का निरूपण | २१० |
| १२२ | छियोत्तर संख्या विशिष्ट समवाय का निरूपण | २११ |
| १२३ | सतहत्तर संख्या विशिष्ट समवाय का निरूपण | २११ |
| १२४ | अठहत्तर संख्या विशिष्ट समवाय का निरूपण | २१३ |
| १२५ | उन्नासी संख्या विशिष्ट समवाय का निरूपण | २१४ |
| १२६ | अस्सी संख्या विशिष्ट समवाय का निरूपण | २१६ |
| १२७ | इक्कासी संख्या विशिष्ट समवाय का निरूपण | २१७ |
| १२८ | बयासी संख्या विशिष्ट समवाय का निरूपण | २१७ |
| १२९ | तिरासी संख्या विशिष्ट समवाय का निरूपण | २१८ |
| १३० | चौरासी संख्या विशिष्ट समवाय का निरूपण | २१९ |

| | | |
|---|---|---|
| ૧૩૧ | પચાસી સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૨૨ |
| ૧૩૨ | છિયાસી સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૨૩ |
| ૧૩૩ | સત્તાસી સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૨૪ |
| ૧૩૪ | અઠ્ઠાસી સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૨૫ |
| ૧૩૫ | નવાસી સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૨૬ |
| ૧૩૬ | નવ્વે સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૨૬ |
| ૧૩૭ | ઇક્કાણવે સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૨૭ |
| ૧૩૮ | બાનવે સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૩૦ |
| ૧૩૯ | તિરાનવે સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૩૨ |
| ૧૪૦ | ચૌરાણવે સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૩૩ |
| ૧૪૧ | પંચાણવે સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૩૩ |
| ૧૪૨ | છયાનવે સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૩૪ |
| ૧૪૩ | સતાનવે સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૩૪ |
| ૧૪૪ | અઠાનવે સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૩૬ |
| ૧૪૫ | નન્નાનવે સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૩૭ |
| ૧૪૬ | સૌ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૩૮ |
| ૧૪૭ | એક્કસો પચાસ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૩૯ |
| ૧૪૮ | દો સૌ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૪૦ |
| ૧૪૯ | અઢાઈ સૌ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૪૦ |
| ૧૫૦ | તીન સૌ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૪૦ |
| ૧૫૧ | સાઢે તીન સૌ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૪૧ |
| ૧૫૨ | ચાર સૌ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૪૧ |
| ૧૫૩ | સાઢે ચાર સૌ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૪૨ |
| ૧૫૪ | પાંચ સૌ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૪૨ |
| ૧૫૫ | છહસૌ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૪૩ |
| ૧૫૬ | સાત સૌ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૪૪ |
| ૧૫૭ | આઠ સૌ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૪૪ |
| ૧૫૮ | નવ સૌ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૪૫ |
| ૧૫૯ | એક હજાર સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૪૬ |
| ૧૬૦ | ગ્યારહ સૌ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૪૮ |
| ૧૬૧ | દો હજાર સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૪૮ |

| | | |
|---|---|---|
| ૧૬૨ | તીન હજાર સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૪૮ |
| ૧૬૩ | ચાર હજાર સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૪૯ |
| ૧૬૪ | પાંચ હજાર સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૪૯ |
| ૧૬૫ | છહ હજાર સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૫૦ |
| ૧૬૬ | સાત હજાર સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૫૦ |
| ૧૬૭ | આઠ હજાર સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૫૦ |
| ૧૬૮ | નવ હજાર સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૫૧ |
| ૧૬૯ | દશ હજાર સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૫૧ |
| ૧૭૦ | એક લાખ સંખ્યા વિશિષ્ટ ઔર દો લાખ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૫૧ |
| ૧૭૧ | તીન લાખ ઔર ચાર લાખ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૫૨ |
| ૧૭૨ | પાંચ લાખ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૫૨ |
| ૧૭૩ | છહ ઔર સાત લાખ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૫૩ |
| ૧૭૪ | આઢ ઔર દશ લાખ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૫૩ |
| ૧૭૫ | એક કરોડ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૫૩ |
| ૧૭૬ | સાગરોપમ કોટાકોટિ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ | ૨૫૪ |
| ૧૭૭ | દ્વાદશાંગ કે સ્વરૂપ કા નિરૂપણ | ૨૫૫ |
| ૧૭૮ | દ્વાદશઅંગો મેં પ્રથમ અંગ આચારાંગ કે સ્વરૂપ કા નિરૂપણ | ૨૫૫ |
| ૧૭૯ | દૂસરે અંગ સૂત્રકૃતાંગ કે સ્વરૂપ કા નિરૂપણ | ૨૬૪ |
| ૧૮૦ | તીસરે અંગ સ્થાનાંગ કે સ્વરૂપ કા નિરૂપણ | ૨૭૪ |
| ૧૮૧ | ચતુર્થાંગ સમવાયાંગ કે સ્વરૂપ કા નિરૂપણ | ૨૭૮ |
| ૧૮૨ | પાંચવે અંગ વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ (ભગવતી) કે સ્વરૂપ કા નિરૂપણ | ૨૮૪ |
| ૧૮૩ | છઠવે અંગ જ્ઞાતાધર્મકથાંગ કે સ્વરૂપ કા નિરૂપણ | ૨૯૦ |
| ૧૮૪ | સાતવે અંગ ઉપાસકદશાંગ કે સ્વરૂપ કા નિરૂપણ | ૩૦૨ |
| ૧૮૫ | આઠવે અંગ અન્તકૃતદશાંગ કે સ્વરૂપ કા નિરૂપણ | ૩૦૮ |
| ૧૮૬ | નવવે અંગ અનુત્તરોપપાતિકદશાંગ કે સ્વરૂપ કા નિરૂપણ | ૩૧૩ |
| ૧૮૭ | દશવે અંગ પ્રશ્નવ્યાકરણ કે સ્વરૂપ કા નિરૂપણ | ૩૨૧ |
| ૧૮૮ | ગ્યારહવે અંગ વિપાકશ્રુત કા નિરૂપણ | ૩૨૭ |
| ૧૮૯ | આચારાંગાદિ ગ્યારહ અંગો કે પદસંખ્યા દર્શક કોષ્ટક | ૩૪૩ |
| ૧૯૦ | બારહવે અંગ દ્રષ્ટિવાદ કે સ્વરૂપ કા નિરૂપણ | ૩૪૪ |

| | | |
|---|---|---|
| ૧૯૧ | બારહવે અંગ કી વિરાધના સે ઔર આરાધના સે ક્યા ફલ હોતા હૈ ઉનકા નિરૂપણ | ૩૬૪ |
| ૧૯૨ | જીવરાશી ઔર અજીવરાશી કા નિરૂપણ | ૩૭૨ |
| ૧૯૩ | અસુરકુમારાદિકોં કે આવાસાદિ કા નિરૂપણ | ૩૭૩ |
| ૧૯૪ | નૈરયિક જીવોં કી સ્થિતિ કા નિરૂપણ | ૩૯૭ |
| ૧૯૫ | નારકાદિ જીવોં અવગાહના કા નિરૂપણ | ૪૦૨ |
| ૧૯૬ | અવધિજ્ઞાન કે સ્વરૂપ કા નિરૂપણ | ૪૨૮ |
| ૧૯૭ | જીવોંકે આયુબન્ધ કે સ્વરૂપ કા નિરૂપણ | ૪૩૪ |
| ૧૯૮ | જીવોં કે સંસ્થાન સંહનન વેદાદિ કે સ્વરૂપ કા નિઅપણ | ૪૪૧ |
| ૧૯૯ | સમવસરણ કે સ્વરૂપ કા નિરૂપણ | ૪૫૧ |
| ૨૦૦ | કુલકરોં કે મહાપુરૂષોં કે નામાદિ નિરૂપણ | ૪૫૧ |
| ૨૦૧ | તીર્થંકરકે પિતા આદિ કે નામકા નિરૂપણ | ૪૫૨ |
| ૨૦૨ | તીર્થંકરકે પ્રથમ ભિક્ષા દાતાઓં કે નામકા નિરૂપણ | ૪૬૬ |
| ૨૦૩ | તીર્થકરોંકે ચૈત્યવૃક્ષ કે નામકા નિરૂપણ | ૪૬૭ |
| ૨૦૪ | તીર્થકરોંકે પ્રથમ શિષ્ય કે નામકા નિરૂપણ | ૪૬૯ |
| ૨૦૫ | તીર્થકરોંકે પ્રથમ શિષ્યોં કે નામકા નિરૂપણ | ૪૭૦ |
| ૨૦૬ | બારહ ચક્રવર્ત્તિયો કે નામકા નિરૂપણ | ૪૭૧ |
| ૨૦૭ | બારહ ચક્રવર્ત્તિયો કે માતાઓં કે નામકા નિરૂપણ | ૪૭૨ |
| ૨૦૮ | ચક્રવર્ત્તિયોં કે ઔર ઉનકે સ્ત્રિયોં કે  નામકા કથન | ૪૭૩ |
| ૨૦૯ | બલદેવ ઔર વાસુદેવોં કે માતાપિતાઓં કે નામકા કથન | ૪૭૪ |
| ૨૧૦ | ગુણનિર્દેશ પૂર્વક બલદેવ ઔર વાસુદેવ કે નામકા કથન | ૪૭૬ |
| ૨૧૧ | બલદેવ ઔર વાસુદેવકે પૂર્વભવીય નામકા કથન | ૪૮૫ |
| ૨૧૨ | બલદેવ ઔર વાસુદેવ કે ૯ નવ ધર્માચાર્ય કે નામકા નિરૂપણ | ૪૮૬ |
| ૨૧૩ | નવ વાસુદેવોં કે નિદાનભૂમિ કે નામકા નિરૂપણ | ૪૮૯ |
| ૨૧૪ | ચૌબ્બીસ તીર્થકરોં કે નામકા નિરૂપણ | ૪૯૧ |
| ૨૧૫ | ભવિષ્ય કાલકે સાત કુલકરોં કે નામ કા કથન | ૪૯૨ |
| ૨૧૬ | ભવિષ્ય કાલ કે ચૌબ્બીસ તીર્થકરોં કે નામકા નિરૂપણ | ૪૯૩ |
| ૨૧૭ | ભવિષ્યકાલ કે ચૌબ્બીસ તીર્થકરોં કે પૂર્વભવ કે ચૌબ્બીસ નામકા કથન | ૪૯૪ |
| ૨૧૮ | ભવિષ્ય કાલ કે ચક્રવર્ત્તિયોં કે નામકા નિરૂપણ | ૪૯૭ |
| ૨૧૯ | ભવિષ્યકાલ કે બલદેવ વાસુદેવ કે માતાપિતા કે નામકા કથન | ૪૯૮ |

૨૨૦ ભવિષ્ય કાલ કે તીર્થકરોં કે હોને વાલે નામકા કથન ૫૦૧
૨૨૧ ભવિષ્ય કાલ કે બારહ ચક્રવર્તિયોં કે નામકા કથન ૫૦૩
૨૨૨ ઈસ અધિકૃતશાસ્ત્ર - સમવાયાંગસૂત્ર કે ગુણનિષ્પન્ન નામકા કથન ૫૦૪
૨૨૩ શાસ્ત્રપ્રશસ્તિ ૫૦૬

* * * * *
* * * *
* * *
* *
*

## સમવાયાંગ સૂત્રનો ગુજરાતી અનુવાદ પ્રારંભ—

## મંગલાચરણ—

જે જિનેન્દ્ર દેવે સ્યાદ્વાદનાસિદ્ધાંતના સહાયક નયો અને પ્રમાણો દ્વારા જીવાદિ પદાર્થોના વાસ્તવિક સ્વરૂપનું પ્રતિપાદન કરીને તેમને સમજાવ્યા છે, અને જે પોતે અનંત ચતુષ્ટયોથી વિરાજમાન છે, એવાં એ મુનીન્દ્ર જિનેન્દ્રને હું નમન કરૂં છું ॥૧॥

જેમના બન્ને મનોહર ચરણ, કમલ સમાન કોમળ છે, વિમલ જ્ઞાન અને બોધના જે દેનાર છે, જેના મુખ પર દોરા સહિત મુહપત્તી શોભે છે. અને જે પોતાના તથા અન્યના આત્માના વિશોધક (શુદ્ધ કરનાર) છે, એવા ગુરુવરને હું પ્રણામ કરૂં છું ॥૨॥

## અવતરણિકા

હું મુનિ ઘાસીલાલ "સમવાયાંગ સૂત્ર" ઉપર સરળ ભાષામાં "ભાવબોધિની" નામની વૃત્તિ–ટીકા રચું છું ॥૩॥

અનુક્રમે લેતા, સ્થાનાંગ નામના ત્રીજા અંગ પછી સમવાયાંગ નામનું આ ચોથું અંગ આવે છે. આ સમવાયાંગ શબ્દનો વાચ્યાર્થ શો છે ? આ પ્રશ્નનો જવાબ આ પ્રમાણે છે—

સમવાય પદમા '**सम्**' '**अव**' અને '**अय**' એ ત્રણ શબ્દો છે. '**सम्**' નો અર્થ **सम्यक्**, '**अव**' નો અર્થ સ્વરૂપમર્યાદા અને '**अय**' નો અર્થ પરિચ્છેદ–સંખ્યા છે. તેનો ભાવાર્થ એ છે કે આ શાસ્ત્રમાં જીવ, અજીવ આદિ પદાર્થસમૂહની સારી રીતે, તેમના સ્વરૂપ પ્રદર્શન પૂર્વક સંખ્યા–ગણના કરવામાં આવેલ છે. અથવા આ શાસ્ત્રમાં જીવા-દિક પદાર્થનું પ્રતિપાદન કરાયું છે. તેથી તે સૌ પ્રતિપાદ્ય રૂપે આમાં એકત્રિત થયાં છે. આ સમવાયરૂપ અંગ પ્રવચન રૂપ પુરુષની ડાબી જંઘાના જેવું છે. પ્રવચન રૂપ પુરુષનાં સમસ્ત અંગોનું સવિસ્તરવર્ણન ઉપાસક દશાંગ સૂત્રની અગારધર્મ-

સજીવની ટીકામાં મેં કરેલ છે-તો જિજ્ઞાસુ તે વિષયને ત્યાંથી જાણી શકે છે તાત્પર્ય એ જ છે કે આ અંગમાં જીવ, અજીવ આદિ પદાર્થસમૂહની ગણના પ્રતિપાદ્યરૂપે કરવામાં આવી છે તેથી તેની સમવાય' એ સંજ્ઞા સાર્થક છે.

શ્રમણ ભગવાન મહાવીર શ્રી. વર્ધમાન સ્વામીના પાચમાં ગણધર શ્રી, સુધર્મોસ્વામી, પોતાના શિષ્ય જંબૂસ્વામીને, સમવયાંગનો અર્થ સમજાવવાની ઇચ્છાથી, પોતાના ધર્માચાર્ય એવા તે મહાવીર પ્રભુનો માહેમા બતાવતા, કેવળજ્ઞાનરૂપ પ્રકાશથી લોક અને અલોકનું સ્વરૂપ પ્રત્યક્ષ જોઇ શકનારા વીતરાગ પ્રભુના વચનાનુસાર જ પ્રવૃત્ત થયેલ પોતાનાં વચનોમાં પ્રમાણતા અને શ્રધ્ધેયતા દર્શાવવાના હેતુથી આ પ્રથમ સૂત્ર કહે ને—"सुयं मे" ઇત્યાદિ !

ટીકાર્થ–"आउसं" હે દીર્ઘાયુ જંબૂ! "मे सुयं" સાંભળ્યું છે "तेणं भगवया एवमक्खायं" તે ભગવાને આ પ્રમાણે કહ્યું છે. સૂત્રમાં "आउसं" શિષ્ય જંબૂસ્વામીને મૃદુવચનોથી સંબોધવાને વપરાયું છે, જે તેમની નમ્રતા દર્શાવે છે "आयुष्मन्" આ સબોધનથી સુધર્મા સ્વામીએ પોતાના અંતેવાસી જંબૂસ્વામીને સંબોધ્યા છે, તેથી તેમની એ ઇચ્છા પ્રગટ થાય છે કે તેઓ સમસ્ત શ્રુતજ્ઞાનના ઉપદેશને સાંભળવાની, તેને ગ્રહણ કરવાની, ધારણ કરવાનો, રત્નત્રયનું આરાધન કરવાની અને મોક્ષ સાધવાની યોગ્યતા પ્રાપ્ત કરે કારણકે આયુષ્ય વિના શ્રુતશ્રવણ આદિથી લઇને મોક્ષ સુધીની પ્રાપ્તિ કોઇ પણ જીવને માટે શક્ય નથી. આ વચનને પ્રભાવે જ જંબૂસ્વામીએ એજ ભવમાં મોક્ષપદ પ્રાપ્ત કરી લીધું "મેં સાંભળ્યું છે." આ વાક્યનો ભાવાર્થ એ છે કે મેં જે સાંભળ્યું છે તે પ્રત્યક્ષ ભગવાનને મુખે સાંભળ્યું છે. પરંપરાથી નહીં, કારણકે ગણધરોના આગમ ત્યાર પછીના આગમ હોય છે. "મેં સાંભળ્યું છે" આ પ્રકારના કથનથી એ વાત આપોઆપ સમજાય છે કે મેં ગુરુની પાસે નિવાસ કર્યો છે. ગુરુની પાસે નિવાસ કર્યા વિના, તેમના ચરણકમલના સ્પર્શપૂર્વકનું અભિવાદન અને તેમના મુખારવિંદમાંથી નિકળતાં વચનોનું શ્રવણ શકય બનતું નથી. "भगवान्" પદમાં જે 'भग' શબ્દ છે તેના દસ અર્થ છે,તે અર્થથી જે યુકત હોય તે ભગવાન્ કહેવ ય છે. તે દસ અર્થ નીચે પ્રમાણે છે. [૧] ज्ञान–સઘળા પદાર્થોને વિષય કરનાર જ્ઞાન. [૨] "माहात्म्य"–અનુપમ મહનીય મહિમા. [૩] यश–વિવિધ અનુકૂળ અને પ્રતિકૂળ પરીષહ અને ઉપસર્ગો સહન કરવાથી પ્રાપ્ત થયેલી કીર્તિ અથવા જગતનું રક્ષણ કરનાર પ્રજ્ઞાથી ઉત્પન્ન થયેલી કીર્તિ. [૪] "वैराग्य"–સર્વદા કામભોગોની ઇચ્છાનો ત્યાગ અથવા ક્રોધાદિ કષાયોનો નિગ્રહ. [૫] "मुक्ति"–સકલ કર્મોના ક્ષયરૂપ મુક્તિ (૬) रूप–સુર અસુરોના હૃદયને હરનાર સૌંદર્ય (૭) वीर्य–અન્તરાય કર્મનો નાશ થવાથી પેદા થયેલ અનંત શકિત (૮) श्री घनघातिक–કર્મોનો તદ્દન ક્ષય થવાથી પેદા થયેલ અનંત ચતુષ્ટયરૂપ અંતરંગ લક્ષ્મી (૯) धर्म–મોક્ષના દરવાજાનાં કમાડ

ખોલવાના સાધનરૂપ શ્રુતચારિત્રરૂપ ધર્મ અને (૧૦) ऐश्वर्य ત્રણ લોકનું અધિપત્ય આ રીતે જ્ઞાન આદિ દસ ગુણોથી જે યુક્ત હોય છે તેમને ભગવાન કહે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે 'ભગ' શબ્દના આ જે જ્ઞાનાદિરૂપ દશ અર્થ બતાવ્યા છે, એ સઘળા અર્થોથી ભગવાન યુક્ત હોય છે. "तेणं" આ પદ ભગવાનનું વિશેષણ છે જે એ વાત બતાવે છે કે ભગવાન તીર્થંકર હતા. જે કોઈ વિષય આ શાસ્ત્રમાં કહેવામાં આવશે ને વિષય તીર્થંકર ભગવાન દ્વારા ભાવિત હશે. કહ્યું પણ છે--"अत्थं भासइ अरिहा, सुत्तं गंथंति गणहरा णिउणा" એટલે કે સૌથી પહેલાં અર્હંત પ્રભુ જ અર્થરૂપ આગમની પ્રરૂપણા કરે છે, અને ત્યાર પછી નિપુણ ગણધરો તે અર્થને ગૂળ -સૂત્રરૂપે-ગ્રંથિત કરે છે. ભગવાને શું કહ્યું છે ? એ પ્રશ્નના ઉત્તરરૂપે તેઓ કહે છે કે-- ભગવાને આ પ્રમાણે-નીચે દર્શાવ્યા પ્રમાણે-બાર પ્રકારની પરિષદોમાં કહેલ છે. તો તે તીર્થંકર ભગવાને કહેલ અર્થ પ્રમાણે જ હું આગળ દર્શાવવામાં આવતો અર્થ કહીશ. આગમોક્ત અર્થ કલ્પના હો । નથી. તે તો તીર્થંકર પરંપરાથી જે પ્રમાણે કહેવાતો આવે છે એજ પ્રમાણે ગણધર આદિ દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે- તેઓ પોતાનું કંઇ પણ તેમા ઉમેરતા નથી કે તેમાં કંઈ પણ પરિવર્તન કરતા નથી. તેથી આગમોકત અર્થમાં કાલ્પનિકપણાનો અભાવ હોવાથી તે અર્થરૂપ આગમ દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ અનાદિ મનાય છે. સમસ્ત ગણધરોની પરંપરાથી એવી રૂઢિ ચાલી આવે છે કે જ્યારે તેમના પોત પોતાના શિષ્યો તેમને મોક્ષમાર્ગ વિષે વિનયથી પૂછે ત્યારે તેઓ સૌથી પહેલાં તેમને "सुयं मे" (મેં તીર્થંકર પ્રભુ પાસે સાંભળ્યું છે એ રીતે તેમના જવાબની શરૂઆત કરે છે કહ્યું પણ છે—

"निपुणशिष्यगणैर्विनयान्वितैः, विमलभाववुतैः परिसेवितैः
गणधरैरखिलः प्रथमं वचः, खलु "सुयं म" इति प्रतिभाषितम" ॥१॥

ભાવાર્થ—આ સૂત્રમાં પાંચમાં ગણધર શ્રી સુધર્માસ્વામી પોતાના શિષ્ય શ્રી

જંબૂસ્વામીને "સમવાયાંગમાં કયા કયા વિષયોનું પ્રતિપાદન કરાયુ છે" એ વાતને સમજાવવાને માટે સૌથી પહેલાં તેમને એ બતાવે છે કે આ અંગમાં જે કોઇ વિષયનું હું પ્રતિપાદન કરીશ. તે ભગવાનના મુખારવિન્દમાંથી મેં જે રીતે સાંભળેલ છે તે પ્રમાણે જ કહીશ. મારૂ પોતાનું તેમાં કંઇ પણ ઉમેરીશ નહીં. સુધર્માસ્વામીએ તેમને 'આયુષ્મન્' શબ્દથી જે સંબોધ્યા છે તેથી એ વાત પ્રગટ થાય છે કે જંબૂસ્વામી અત્યંત વિનયી હતા. પોતાના વિનીત શિષ્ય પ્રત્યે પ્રત્યેક ગુરુજનની એવી ભાવના રહે છે કે અમારો શિષ્ય અશેષશ્રુતજ્ઞાનના ઉપદેશનું શ્રવણ કરવાને યોગ્ય બને, તેને પોતાના હૃદયમાં ઉતારવાને શકિતમાન બને, તેની સ્મૃતિ એટલી બધી વિકસે કે તે ગ્રહણ કરેલ ઉપદેશને ભૂલી ન જાય, તેના અંતઃકરણમાં હંમેશાં તેની ધારણા કાયમ રહે નિરતિચાર રત્નત્રયની આરાધના કરવામાં તે નિપુણ બને, અને મોક્ષ પ્રાપ્ત કરવા માટેની તેનામાં વધારેમાં વધારે યોગ્યતાનો વિકાસ થાય. કુદરતનો એવો નિયમ છે કે સાચી ભાવનાની અસર અવશ્ય થાય છે-એવું જ બન્યું ગુરુમહારાજની સાચી ભાવનાના પ્રભાવે જંબૂસ્વામીને તેને યોગ્ય બનાવી દીધા-તેમણે એ જ ભવમાં મોક્ષની પ્રાપ્તિ કરી લીધી. **'भग'** શબ્દના દસ અર્થ બતાવીને સૂત્રકારે ભગવાન શબ્દનો વ્યુત્પત્તિલભ્ય અર્થ કરેલ છે. **'भग'** શબ્દના એ અર્થોથી જે યુકત હોય છે તેઓ જ ભગવાન કહેવાય છે. શબ્દ અને તેમનો અર્થ અનાદિ છે. તે કોઈના વડે કરાયેલ નથી પણ તીર્થંકર ભગવાન તે અર્થરૂપ આગમના ઉપદેષ્ટા હોય છે, તે અપેક્ષાએ તેમને તે અર્થરૂપ આગમના કર્તા માનવામાં આવે છે. તીર્થંકરો વડે ઉપદેશાયેલ તે અર્થરૂપ આગમને આધારે જ મેધાવી ગણધરો મૂલરૂપ આગમની રચના કરે છે. તેથી પર્યાયાર્થિક નયની અપેક્ષાએ આદિમાન્ હોવા છતાં પણ દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ આગમોને અનાદિ કહેવામાં આવે છે. આ સૂત્રમાં આવેલ "**सुयं मे**" પદો તે ગણધરોની પરંપરાથી ચાલતી આવતી તે રૂઢિના સૂચક છે કે જ્યારે તેઓ પોતાના શિષ્યો વડે પૂછાતાં મોક્ષમાર્ગનો ઉપદેશ દે છે ત્યારે સૌથી પહેલાં તેમને તેઓ એ પ્રમાણે "**सुयं मे**" જ કહે છે. તેથી તેમનાં વચનોમાં પ્રમાણતા અને શ્રદ્ધેયતા આવી જાય છે. ॥સૂ. ૧॥

હવે સૂત્રકાર બીજું સૂત્ર કહે છે--"इह खलु" ઇત્યાદિ

ટીકાર્થ—આ સૂત્ર પહેલા સૂત્ર દ્વારા ગ્રહણ કરાયેલ અર્થનું જ વિસ્તારથી પ્રતિપાદન કરવાને માટે કહેવાયું છે. આ સૂત્રમાં "समणेणं" પદથી લઇને "संपाविउकामेणं" સુધીના ત્રીજી વિભક્તિનાં જેટલાં પદો આવ્યાં છે એ બધાં પદોની વ્યાખ્યા જ્ઞાતા ધર્મકથાંગ સૂત્રમાં આ અગાઉ આપી દીધેલ છે. તેથી તેમની વ્યાખ્યા અહીં આપી નથી. તેનો અર્થ જાણવાની જેમને ઇચ્છા હોય તેઓ તેનો અર્થ તે સૂત્રમાંથી વાંચી લે. "इमे दुवालसंगे गणिपिडगे पन्नत्ते" એ પૂર્વોક્ત વિશેષણોથી બિરાજિત શ્રમણ ભગવાન મહાવીરે આ દ્વાદશાંગરૂપ ગણિપિટકની પ્રરૂપણા કરી છે "तं जहा" તે આ પ્રમાણે છે- आयारे १, सूयगडे २, ठाणे ३ समवाए ४, विवाहपन्नती ५, णायाधम्मकहाओ ६, उवासकदसाओ ७, अंतगडदसाओ ८ अणुत्तरोववाइ दसाओ ९, पण्हावागरणं १० विवागसुयं ११ दिट्ठिवाए १२) (૧) આચારાંગ, (૨) સૂત્રકૃતાંગ (૩) સ્થાનાંગ (૪) સમવાયાંગ, (૫) વિવાહપ્રજ્ઞપ્તિ, (૬) જ્ઞાતાધર્મકથાંગ (૭) ઉપાસકદશાંગ, (૮) અંતકૃદ્દશાંગ, (૯) અનુત્તરોપાતિક દશ ગ, (૧૦) પ્રશ્ન વ્યાકરણ, (૧૧) વિપાકશ્રુત અને (૧૨) દૃષ્ટિવાદ. 'तत्थणं' તેઓમાંથી 'जे से' આ જે 'चउत्थे अंगे' ચોથું અંગ 'समवाए त्ति' 'સમવાય' નામનું 'आहि ए' કહેલ છે. 'तस्सणं' તેનો 'अयमट्ठे' આ અર્થ 'पणत्ते' કહેલ છે. 'तं जहा' તે અર્થ આ - પ્રમાણે છે ॥ સૂ. ૨ ॥

## આત્મા અનાત્મા કે સ્વરૂપ કા નિરૂપણ

હવે સૂત્રકાર ભગવાન દ્વારા કથિત તે અર્થ પ્રગટ કરે છે-"एगे आया" ઇતિ

ટીકાર્થ—'आया एगे' અમુક દૃષ્ટિએ જોતાં જીવ એક છે. જો કે સિદ્ધ અને સંસારી જીવની અપેક્ષાએ જીવના બે પ્રકાર છે, છતાં પણ ઉપયોગની દૃષ્ટિએ જોતાં તેમનામા

ભેદનો અભાવ છે, તેથી એ અપેક્ષાએ તે એક પણ છે. તથા-દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ તે આત્મામાં એક દ્રવ્યાર્થતા હોવાથી એકત્વ મનાય છે. દ્રવ્યાર્થતા-દ્રવ્યાર્થિક નય એટલે પ્રદેશ, ગુણ અને પર્યાયોનું અવલંબન તે દ્રવ્યાર્થતા મુખ્યત્વે એક અખંડ દ્રવ્યને વિષય કરે છે. તે વિષયભૂત દ્રવ્યમાં પ્રદેશ, ગુણ અને પર્યાયો રહે છે તેમના પર તેની દૃષ્ટિ રહેતી નથી. એ બધા પર દૃષ્ટિ રાખનારી પ્રદેશાર્થતા-અસંખ્યાત પ્રદેશયુકતતા-પર્યાયાર્થિક નય છે. તેની અપેક્ષાએ આત્મામાં અનેકતા મનાય છે. આત્મા એક પ્રદેશવાળો નથી. તે તો અનેક પ્રદેશવાળો છે. આત્મા સમસ્ત પદાર્થોને જ્ઞાનાદિ ગુણો દ્વારા વિષય કરે છે, તેથી પોતાના કરતાં ભિન્ન પદાર્થોની અપેક્ષાએ તેની પ્રધાનતા છે. તે કારણે સૂત્રકારે સૌથી પહેલાં અહીં તેનો નિર્દેશ કર્યો છે.

ભાવાર્થ—સૂત્રકારે આ સૂત્ર દ્વારા આત્માને જે એક બતાવ્યો છે. તેનું કારણ ઉપયોગ લક્ષણની અભિન્નતા છે, કારણકે જીવનું લક્ષણ ઉપયોગ બતાવવામાં આવેલ છે. જીવ કે જેને આત્મા તથા ચેતન પણ કહે છે તે અનાદિ સિદ્ધ સ્વતંત્ર દ્રવ્ય છે. તાત્વિક દૃષ્ટિથી જોતાં તે અરૂપી હોવાથી ઇન્દ્રિયો દ્વારા તેનું જ્ઞાન થઈ શકતું નથી, છતાં પણ સાધારણ જિજ્ઞાસુઓ માટે એક એવું લક્ષણ બતાવી દેવાનું આવશ્યક થઇ પડે છે કે જેનાથી આત્માને ઓળખી શકાય. તે કારણે જ આ સૂત્રના ટીકાકારે તેનું લક્ષણ ઉપયોગ બતાવેલ છે. અને એ જ ઉપયોગ લક્ષણની એકતાથી તેમાં એકત્વ દર્શાવ્યું છે. આત્મા લક્ષ્ય છે અને ઉપયોગ તેનું લક્ષણ જાણવાનો ઉપાય છે. જગત અનેક ચેતન અને જડ પદાર્થોનું મિશ્રણ છે. તેમાંથી જડ અને ચેતનનો વિવેકપૂર્વક નિર્ણય કરવો હોય તો ઉપયોગ દ્વારા જ થઈ શકે છે. કારણકે તે ઉપયોગ વધુ ઓછા પ્રમાણમાં સમસ્ત જીવોમાં નજરે પડે છે જડમાં તે ઉપયોગ નજરે પડતો નથી. બોધરૂપ વ્યાપારનું નામ જ ઉપયોગ છે. આત્મામા બોધરૂપ ક્રિયા થાય છે-જડમાં થતી નથી- તેનું કારણ ચેતનાશક્ત છે. આત્મા જો સ્વતંત્ર દ્રવ્ય હોય તો તેમાં અનેક ગુણ હોવા જોઇએ, તો પછી ઉપયોગને જ લક્ષણ કેમ કહ્યુ ? તો તે શંકાનું સમાધાન એ છે કે આત્મામાં અનંતગુણ પર્યાયો છે, પણ તે સૌમાં ઉપયોગ જ મુખ્ય છે, કારણકે સ્વ તથા પર પ્રકાશરૂપ હોવાથી ઉપયોગ જ પોતાનું તથા અન્ય પર્યાયોનું જ્ઞાન કરાવી શકે છે. આત્મા જે કંઇ જાણે છે-અનુભવે છે

તે બધું ઉપયોગથી જ કરે છે. તેથી તે જ સઘળી પર્યાયોમાં મુખ્ય છે. દ્રવ્યાર્થિકતા એટલે એક અખંડ દ્રવ્ય, દ્રવ્યાર્થતામાં દ્રવ્યને આધારે રહેલ પ્રદેશ, ગુણ અને પર્યાય પર દૃષ્ટિ જતી નથી, પણ કેવળ એક દ્રવ્ય પર જ દૃષ્ટિ રહે છે. એ દૃષ્ટિનુ નામ જ દ્રવ્યાર્થિક નય છે. દ્રવ્યાર્થિક નય પોતાના વિષયને ગ્રહણ કરતી વખતે તેમાં રહેલા અન્ય ગુણોનો લોપ કરતો નથી, પણ તેને ગૌણ ગણે છે અને પોતાના વિષયને મુખ્ય ગણે છે.

કોઇ એક કે અનેક ચીજો વીષે એક અથવા અનેક વ્યક્તિઓના વિચાર અનેક જાતના હોય છે. એટલે કે એક જ વસ્તુની બાબતમાં ભિન્ન ભિન્ન વિચારોની ગણતરી કરવામાં આવે તો તે અપરિચિત લાગશે, તેથી તે બાબતના દરેક વિચારનો બોધ કરવો અશકય થઇ જાય છે. તેથી તેમનું અતિસંક્ષિપ્ત કે અતિવિસ્તૃત પ્રતિપાદન કરવાનું છોડી દઇને મધ્યમમાર્ગથી પ્રતિપાદન કરવું એ નયવાદનું કામ છે. જૈન દર્શનમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એવા નયનો ઉપદેશ અપાયો છે. જો કે દ્રવ્યનો વિષય કરનાર દ્રવ્યાર્થિક નય છે અને પર્યાયને વિષય કરનાર પર્યાયાર્થિક નય છે છતાં પણ ગુણોને વિષય કરનાર ગુણાર્થિક નયને નહીં માનવાનું કારણ એ છે કે પર્યાયાર્થિક નયમાં જ તેનો સમાવેશ થઇ જાય છે, કારણકે ગુણ સહભ પ પાંન છે. અહીં સૂત્રકારે આત્માને ક બતાવ્યો છે. અને કોઇ કોઈ સ્થળે અનેક પગ બતાવ્યો છે, તો એ રીતે તે માન્યતાઓ એક બીજાની વિરોધી જણાય છે અ પરિસ્થિતિમાં એવો પ્રશ્ન ઉદ્ભવી શકે કે તે માન્યતાઓ વચ્ચેની વિરૂદ્ધતા વ સ્તવિક છે કે અવાસ્તવિક છે? તો નયવાદ એ દર્શાવે છે કે ઉપરથી દેખાતી તે વિરૂદ્ધતા વાસ્તવિક નથી, કારણકે દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ આત્મામાં એકત્વ છે અને પ્રદેશાર્થતા-પર્યાયાર્થિકનયની અપેક્ષાએ આત્મામાં અનેકત્વ છે. એ જ વિષય સંક્ષિપ્તમાં ટીકાકારે આ સૂત્ર દ્વારા સમજાવ્યો છે. ॥ સૂ. ૧ ॥

"एगे अणाया" इति ।

ટીકાર્થ-'अणाया एगे' આત્મા કરતાં ભિન્ન ઘટ પટ (ઘડો, પડદો) આદિ પદાર્થરૂપ અનાત્મદ્રવ્ય કયી દૃષ્ટિએ એકત્વ છે? જે અપેક્ષાએ તે અનાત્મદ્રવ્ય એક તે પરિણામિત્વરૂપ એક દ્રવ્યાર્થતા છે. પુદ્ગલ દ્રવ્ય, ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, આકાશદ્રવ્ય, અને કાળ એ બધાં અનાત્મ-અજીવદ્રવ્ય છે. તેમનામાં જો કે કોઇ દ્રવ્ય સંખ્યાત પ્રદેશવાળું, કોઈ દ્રવ્ય અસંખ્યાત પ્રદેશવાળું, અને કોઇ દ્ર અનંત પ્રદેશવાળું પણ

છે. છતા પણ આ પરિણામિત્વરૂપ દ્રવ્યાર્થતાની અપેક્ષાએ તે બધા એક જ છે. ધર્માસ્તિકાય આદિ અનાત્ન દ્રવ્યોમાં સમાન પરિણમનની અપેક્ષાએ ભિન્નસ્વરૂપતા છે, છતાં પણ અનુપયોગરૂપ એક સ્વભાવ (લક્ષણ)થી યુકત હોવાને કારણે એકત્વ ગણવું જોઇએ.

ભાવાર્થ—જીવના લક્ષણથી જે રહિત હોય તે અજીવ કહેવાય છે. એનું જ નામ અનાત્મા છે. તે આત્મા—જીવનું વિરોધી ભાવાત્મક તત્ત્વ છે, તે કેવળ અભાવાત્મક નથી. તે અજીવ તત્વ પાંચ પ્રકારનું છે—પુદ્ગલાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, અને કાળ. આસ્તકાયનું તાત્પર્ય પ્રદેશોનો સમૂહ થાય છે. ધર્મ, અધર્મ અને આકાશ એ ત્રણ દ્રવ્ય તો પ્રદેશસમૂહરૂપ છે, અને પુદ્ગલ અવયવરૂપ તથા અવયવસમૂહ રૂપ છે, કાળને અસ્તિકાય નહીં કહેવાનુ કારણ એ છે કે તે પ્રદેશસમૂહરૂપ નથી. જો તે પ્રકારની માન્યતાથી તેને અસ્તિકાય કહેવાય નહીં તો પુદ્ગલ પરમાણુને આપ કેવી રીતે અસ્તિકાય કહી શકો છો ? તો એ પ્રકારની શંકા કરવી એ ઠીક નથી, કારણકે પુદ્ગલનું પરમાણુ જો કે એક પ્રદેશવાળું હોય છે, તો પણ અનેક સ્કંધોનું કારણ હોવાથી તેને ઔપચારિક રીતે બહુપ્રદેશી માનવામાં આવ્યો છે કાળ એવો નથી જેટલા અકાશક્ષેત્રમાં એક આવભાગી પુદ્ગલ પરમાણુ રહે છે તે ભાગને પ્રદેશ કહે છે. એક જીવ દ્રવ્યના ધર્માસ્તિકાય અને અધર્માપ્સ્તકાયના અસખ્યાત પ્રદેશ છે પુદ્ગલ દ્રવ્યમાં કોઈ પુદ્ગલ સંખ્યાત પ્રદેશી, કોઇ અસંખ્યાત પ્રદેશી અને કોઇ અનન્ત પ્રદેશી હોય છે. પ્રદેશનું બીજું નામ 'નિરંશ અંશ' પણ છે. પુદ્ગલ અને બીજાં દ્રવ્યો વચ્ચે એટલું અંતર છે કે પુદ્ગલના પ્રદેશો સ્કધથી અલગ અલગ થઈ શકે છે. પણ બીજાં ચાર (જીવ ધર્મ, અધર્મ અને આકાશ) દ્રવ્યોના પ્રદેશો પોત પોતાના સ્કંધોથી અલગ થઇ શકતા નથી. તેનું કારણ એ છે કે પુદ્ગલ સિવાય બીજાં ચારે દ્રવ્યો તથા કાળ અમૃત અને અપ્રદેશી મારવામા આવેલ છે. જ અમૂર્ત હોય તેનો ખંડિત થવાનો સ્વભાવ હોતો નથી મૂર્ત દ્રવ્યના જે ખંડ થઇ શકે છે, કારણ કે સંશ્લેષ અને વિશ્લેષ દ્વારા મળવાની તથા અલગ થવાની શકિત મૂર્ત દ્રવ્યમાં જ નજરે પડે છે. તે કારણે પુદ્ગલ દ્રવ્યના નાના મોટા બધાજ અંશોને અવયવ કહે છે.

જેમ પુદ્ગલનું પરમાણું પુદ્ગલનો અવિભાજ્ય અંશ છે. એ જ રીતે પ્રદેશ પણ

અવિભાજ્ય અંશ-ભાગ છે. તો પરમાણું અને પ્રદેશમાં ભેદ કેમ પાડવામાં આવ્યો છે ? તે શંકાનું સમાધાન આ પ્રમાણે છે—જો પરમાણુની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો પુદ્ગુલ પરમાણું અને પ્રદેશમાં કોઇ તફાવત નથી, પણ જે રીતે પરમાણું પોતાના સ્કંધથી અલગ થઇ શકે છે તે પ્રમાણે પ્રદેશ પોતાના સ્કંધથી અલગ થઇ શકતો નથી. અનાત્મદ્રવ્યોમાં પરિમિતત્વરૂપ એક દ્રવ્યાર્થતાની અપેક્ષાએ જે એકત્વ પ્રગટ કર્યું છે તેનું તાત્પર્ય નીચે પ્રમાણે છે—જૈન સિદ્ધાંતની પ્રક્રિયા પ્રમાણે સઘળી અસ્તિત્વ ધરાવતી વસ્તુઓ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યરૂપ વાળી છે પ્રત્યેક વસ્તુમાં બે અંશ મેજૂદ હોય છે એક અંશ એવો છે કે જે ત્રણ કાળમાં શાશ્વત રહે છે અને બીજો અંશ એવો છે કે જે અશાશ્વત રહે છે. શાશ્વત અંશને કારણે વસ્તુમાં ધ્રૌવ્ય રૂપની પ્રતીતિ થાપ છે અને અશાશ્વત અંશને કારણે ઉત્પાદ અને વ્યય રૂપની સંગતિ થાય છે એટલે કે ઉત્પાદ અને વ્યય એ બન્ને ધર્મ વસ્તુમા અશાશ્વત અંશને લીધે થાય છે. એવી કોઈ પણ વસ્તુ નથી કે જે તદ્દન શાશ્વત હોય કે તદ્દન અશાશ્વત હોય, કે તેનો થોડો અંશ સર્વથા નિત્ય હોય કે થોડો અંશ સર્વથા અનિત્ય હોય જ્યારે વસ્તુમાં રહેલ એ બન્ને અંશોમાંથી કોઇ એક અંશ તરફ વિચારકની દૃષ્ટિ જાય છે ત્યારે તે વસ્તુ કાંતો સ્થિર રૂપ લાગે છે અથવા અસ્થિર રૂપ લાગે છે તો એમ કરવા માત્રથી જ તે વસ્તુનું પૂર્ણ યથાર્થ રૂપ જાણી શકાતું નથી તે જાણવા માટે તો બન્ને અંશો તરફ દૃષ્ટિ પડવી જોઇએ. એનું નામ જ પરિણામિનિત્ય છે. અને તે પરિણમન દરેક સમયે ચાલ્યા કરે છે-આ પરિણમનથી કોઈ પણ વસ્તુ કોઇ પણ સમયે અલિપ્ત રહી શકતી નથી તેથી તે પરિણમનની અપેક્ષાએ સમસ્ત અનાત્મ પદાર્થ એક છે.

પરિણામ બે પ્રકારનાં હોય છે-સદૃશ પરિણમન (સમાન પરિણમન) અને વિસદૃશ પરિણમન (અસમાન પરિણમન) જીવ અને પુદ્ગલ એ બન્ને દ્રવ્યોમાં બન્ને પ્રકારનાં પરિણમન થયાં કરે છે. પણ ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોમાં ફકત વિસદૃશ પરિણમન થતું નથીતે દૃષ્ટિએ જોતાં ધર્માસ્તિકાયાદિક દ્રવ્ય પોતપોતાના સદશ પરિણામનની અપેક્ષાએ અન્યોન્ય ભિન્ન ભિન્ન છે-છતાં પણ તે બધામાં અનુપયોગરૂપ એક સ્વભાવતા હોવાથી તે દૃષ્ટિએ જોતાં તે બધાં એક જ છે એજ ટીકાકારના કથનનું તાત્પર્ય છે. આ રીતે ભાવાર્થ દ્વારા પ્રદેશ, પરિણામિનિત્યત્વ, અને સદશ પરિણમન ઉપર સંક્ષિપ્ત વિવેચન કરવામાં આવ્યું છે. એ જ પ્રમાણે અનાત્મદ્રવ્યોમાં એકત્વના બોધક પરિણામિરૂપ એક દ્રવ્યત્વ અને અનુપયોગરૂપ એક સ્વભાવત્વ છે, તે વાતની પ્રતીતિ થાય છે. ાસૂ. ૨ા

## આત્મા કે ક્રિયાત્વ અથવા અક્રિય આદિકા નિરૂપણ

કેટલાક એવો મત ધરાવે છે કે આત્મા સર્વથા નિષ્ક્રિય છે, પણ તેમની તે માન્યતા બરાબર નથી, કારણ કે આત્મા સક્રિય છે. તે વાત દર્શાવવાને માટે સૂત્રકાર દંડનું સ્વરૂપ બતાવે છે—"एगे दंडे" ઈત્યાદિ !

ટીકાર્થ–જ્ઞાનાદિના અપહારથી આત્માને જેના દ્વારા પીડવામાં આવે છે, અથવા સારરહિત કરવામાં આવે છે તેને દંડ કહે છે. તે દંડના બે પ્રકાર છે–(૧) દ્રવ્યદંડ અને (૨) ભાવદંડ. લાકડી વગેરે બાહ્ય પદાર્થ દ્રવ્યદંડ છે અને મન, વચન અને કાયાની દુષ્પ્રવૃત્તિ ભાવદંડ છે. અથવા હિંસારૂપ પ્રવૃત્તિ ભાવદંડ છે. તે દંડ પણ સામાન્ય નયની અપેક્ષાએ એક છે એ જ રીતે અન્યત્ર પણ એકત્વ સિદ્ધ થયેલું માનવું. ।।સૂ. ૩।।

"एगे अदंडे" इति

પ્રશસ્ત યોગત્રયરૂપ અથવા અહિંસારૂપ અદંડ પણ સામાન્ય નયની અપેક્ષાએ એક છે ।।સૂ૦ ૪।।

## લોકાલોક કા નિરૂપણ

"एगा किरिया" इति—

કાયિક આદિ ક્રિયાઓમાં અથવા આસ્તિકયમાં સંગ્રહનયને આશ્રિત સામાન્ય-રૂપની અપેક્ષાએ એકતા છે. ।।સૂ. ૫।।

"एगा अकिरिया" इति—

યોગોનો નિરોધ કરવારૂપ અક્રિયામાં અથવા નાસ્તિકત્વમાં પણ એજ રીતે એકતા છે ।।સૂ. ૬।।

"एगे लोए" "एगे अलोए" इति—

લોક એક છે. અલોક એક છે–જો કે ઉર્ધ્વલોક, તિર્યગ્લોક અને અધોલોક, એવા લોકના ત્રણ ભેદ પડાય છે. તથા લોકને અસંખ્યાત પ્રદેશવાળો માનવામાં આવ્યો છે. તો પણ દ્રવ્યાર્થિકતાની અપેક્ષાએ તેમાં એકત્વ રહેલ છે. એ જ પ્રમાણે અલોકમાં પણ પ્રદેશાર્થતાને લીધે જો કે અનેકતા છે, છતાં પણ દ્રવ્યાર્થિકતાની

અપેક્ષાએ તેમાં એકતા જ છે. અથવા જે કોઇ "લોક ઘણા છે, અલોક પણ ઘણા છે" એવી માન્યતા ધરાવે છે તેમની એકાન્તરૂપ માન્યતાનું નિવારણ કરવાને માટે આ સૂત્ર કહેવામાં આવ્યું છે. લોક અને અલોકમાં અનેકતા નથી.

ભાવાર્થ—આકાશ દ્રવ્યના જ આ બે ભેદ સિદ્ધાંતકારોએ બતાવ્યા છે-(૧) લોક અને (૨) અલોક તેઓમાં લોકાકાશ અસંખ્યાત પ્રદેશવાળું અને અલોકાકાશ અનંત પ્રદેશવાળું માનવામાં આવેલ છે. જેમાં જીવ, પુદ્ગલ આદિ દ્રવ્ય રહે છે તે લોક છે, અને જેમાં ફક્ત આકાશ જ છે તે અલોક છે. તેનું તાત્પર્ય એ છે કે જીવ, પુદ્ગલ આદિ દ્રવ્ય સમગ્ર આકાશમાં રહેતું નથી, પણ અમુક પરિમિત ભાગમાં જ રહે છે. જેટલા ભાગમાં તેમનો નિવાસ છે એટલો આકાશભાગ લોક કહેવાય છે, અને તેની બહાર આસપાસ, ચોમેર જે અનંત આકાશ આવેલું છે તેને અલોક કહે છે. જો કે દેવ, નારકી અને મનુષ્ય આદિના નિવાસની અપેક્ષાએ લોકના પણ ઉર્ધ્વલોક અધોલોક અને તિર્યગ્લોક એ ત્રણ ભેદ માનવામાં આવ્યા છે, તો પણ દ્રવ્યાર્થિક-દ્રવ્યરૂપ લોકાકાશની અપેક્ષાએ તેમનામાં અભેદ-એકત્વ આવી જાય છે. એ જ પ્રમાણે અનંત પ્રદેશવાળું અલોકાકાશ છે. તેથી અનંત પ્રદેશોની અપેક્ષાએ તેમાં અનેકતા લાગે છે. છતાં પણ અલોકાકાશરૂપ દ્રવ્યત્વની અપેક્ષાએ તેમાં પણ એકત્વ આવી જાય છે. જેમ બ્રાહ્મણ, ક્ષત્રિય આદિની અપેક્ષાએ મનુષ્યોમાં અનેકતા હોવા છતાં પણ મનુષ્યત્વની અપેક્ષાએ તેમનામાં એકતા ઘટાવી શકાય છે. દ્રવ્યોને પોતાની અંદર સ્થાન દેવાના કાર્યથી તે આકાશની સિદ્ધિ થાય છે. ।।૭।૮।।

## ધર્માધર્મ કા નિરૂપણ

"एगे धम्मे" "एगे अधम्मे" इति—

ધર્માસ્તિકાય એક છે, અધર્માસ્તિકાય એક છે. સ્વભાવથી જ ગતિ ક્રિયાશીલ જીવ અને પુદ્ગલોની ગતિમાં જે નિમિત્ત કારણરૂપ હોય છે તે ધર્મદ્રવ્ય છે. તે દ્રવ્ય પ્રદેશોના સંઘાતરૂપ છે, તેથી તેને અસ્તિકાય કહેલ છે. એ રીતે ધર્માસ્તિકાયમાં અસંખ્યાત પ્રદેશાત્મકતા હોવા છતાં પણ દ્રવ્યાર્થતાની અપેક્ષાએ તેમાં એકત્વ માનવામાં આવ્યું છે. સ્થિતિ ક્રિયા પરિણત જીવ અને પુદ્ગલોને થોભવામાં જે

નિમિત્ત-સહાયક હોય છે તે અધર્મ દ્રવ્ય છે. તે અધર્મદ્રવ્ય પણ ધર્મદ્રવ્યની જેમ અસંખ્યાત પ્રદેશવાળું છે, તેને પણ દ્રવ્યાર્થતાની અપેક્ષાએ એક માનવામાં આવ્યું છે.

ભાવાર્થ—ધર્મ, અધર્મ અને આકાશ એ ત્રણે અમૂર્ત હોવાથી ઘટ, પટ આદિની જેમ ઇન્દ્રિયગમ્ય નથી. તેથી લૌકિક નજરે તેમને સિદ્ધ કરી શકતાં નથી. જો એમ કહેવામાં આવે કે આગમ પ્રમાણથી તેમનું પ્રતિપાદન કરી શકાય છે, તો તે વાત બરાબર છે. પણ આગમોનો આધાર તે સિદ્ધાંતના અનુયાયીઓમાં જ તેની મહત્તા ઠસાવી શકે છે. તેથી આગમોકત અર્થને પુષ્ટિ આપનાર યુકિત પણ હોવી જોઈએ; એ યુકિત જ ટીકાકારે અહીં યોજી છે—જગતમાં ગતિશીલ અને ગતિપૂર્વક સ્થિતિશીલ પદાર્થ જીવ અને પુદ્ગલ એ બે જ છે ધર્માસ્તિકાય કે અધર્માસ્તિકાય એ બન્ને દ્રવ્યોને પ્રેરણા આપીને ચલાવતાં નથી કે અટકાવતાં નથી. જો તે ચાલે તો ધર્માસ્તિકાય તેમને ચાલવામાં મદદ કરે છે. જેમ ચાલવાના સ્વભાવવાળા મત્સ્યોને ચાલવામાં પાણી સહાયક થાય છે તેમ ધર્માસ્તિકાય તેમને ચાલવામાં સહાયક થાય છે એજ પ્રમાણે જીવ અને પુદ્ગલ જો થોભે તો જેમ મુસાફરોને થોભવામાં છાંયડો સહાયક થાય છે તેમ તેમને થોભવામાં અધર્માસ્તિકાય સહાયક થાય છે. તેથી એ સાબિત થાય છે કે ગતિ અને સ્થિતિનું ઉપાદાન કારણ જીવ અને પુદ્ગલ જ છે. છતાં પણ નિમિત્ત કારણ કે જે કાર્યની ઉત્પત્તિમાં અવશ્ય અપેક્ષિત છે તે ઉપાદાન કારણથી જુદું હોવું જ જોઈએ. તેથી જીવ, પુદ્ગલની ગતિમાં નિમિત્તરૂપે ધર્માસ્તિકાય અને સ્થિતિમાં નિમિત્તરૂપે અધર્માસ્તિકાય સિદ્ધ થઇ જાય છે. આ જ કારણે "गतिस्थित्युपग्रहो धर्माधर्मयोरुपकारः એવું કહેવાયું છે. આકાશ દ્રવ્યની સિદ્ધિના વિષયમાં એ બતાવી દેવામાં આવ્યું છે કે-"आकाशस्यावगाहः" પોતાની અંદર એ ધર્માદિક દ્રવ્યોને સ્થાન દેવાનું કાર્ય આકાશનું છે. તેકાર્યથી તેની પણ સિદ્ધિમાં મુશ્કેલી નડતી નથી ॥૨૦॥

**'एगे पुण्णे' 'एगे पावे' इति**

પુણ્ય એક છે, પાપ એક છે. 'પુણ્' ધાતુમાંથી પુણ્ય બને છે. પુણ્ એટલે શુભ. આત્માને જે પવિત્ર કરે તેનું નામ પુણ્ય છે. શુભ કર્મ જ આત્માને પવિત્ર કર્યા કરે છે, તેથી શુભ કર્મ જ પુણ્ય છે. તે પુણ્ય પણ સામાન્યની અપેક્ષાએ એક છે. જો કે પુણ્ય પ્રકૃતિયોના ભેદ પ્રમાણે પુણ્ય નવ પ્રકારનું છે. તથા પુણ્યાનુબંધી પુણ્ય અને પાપાનુબંધી પુણ્ય એવા બે પ્રકારના પણ ભેદ છે. અથવા પ્રત્યેક જીવમાં પુણ્યપ્રકૃતિનો ન્યૂન કે અધિક પ્રમાણમાં સદ્ભાવ હોવાથી તેમની અપેક્ષાએ તે અનેક પ્રકારનું પણ હોઇ શકે છે, આ રીતે અનંત જીવોમાં તેનું અસ્તિત્વ હોવાને કારણે તે અનંત ભેદવાળું પણ થાય છે છતાં પણ સામાન્ય પુણ્યત્વની અપક્ષાએ તેને એક ગણવામાં આવે છે, કારણ કે સામાન્ય પોતાની વિશેષ વ્યકિતયોમાં રહે છે. એ જ પ્રમાણે જ્ઞાનાવરણીય આદિ અશુભ કર્મ પણ અનેક પ્રકારના હોવા છતાં પણ અશુભત્વરૂપ સામાન્યની અપેક્ષાએ એક છે. ॥૧૧॥

પાપ શબ્દનો અર્થ અશુભકર્મ છે. તે પણ જ્ઞાનાવરણીય આદિ પાપપ્રકૃતિયોની અપેક્ષાએ અનેક પ્રકારનું છે. પુણ્યાનુબંધી પાપ અને પાપાનુબંધી પાપના ભેદથી તે બે પ્રકારનું છે; અને અનંત જીવોમાં આશ્રિત હોવાથી તે અનંત પ્રકારનું પણ છે તો પણ સામાન્યની અપેક્ષાએ તેને એક ગણવામાં કોઇ વાંધો નથી.

ભાવાર્થ—શાસ્ત્રમાં અન્નપુણ્ય આદિ ભેદથી પુણ્ય નવ પ્રકારનું કહેલ છે. તથા જે પુણ્યથી પુણ્યનો બંધ બંધાય તે પુણ્યાનુબંધી પુણ્ય અને જેનાથી પાપનો

બંધ બંધાય તે પાપાનુબંધી પુણ્ય, એ પ્રમાણે પુણ્યના બે પ્રકારના ભેદ થાય છે. તથા જુદા જુદા જીવોમાં પુણ્ય કર્મની સત્તા ઓછા વધુ પ્રમાણમાં જોવા મળે છે, તેથી તે દૃષ્ટિકોણથી જોતાં તે અનંત ભેદવાળું પણ છે. છતાં પણ સૂત્રકારે અહીં તે બધા ભેદોને પુણ્યત્વરૂપ સામાન્યમાં સમાવી લઈને એક જ માનેલ છે. કારણ કે સામાન્યમાં તેના સઘળા ભેદોનો સમાવેશ થઈ જાય છે.

એ જ પ્રમાણે પાપ પણ પ્રાણાતિપાત આદિના ભેદથી અઢાર પ્રકારનું છે. પુણ્યાનુબંધી પાપ અને પાપાનુબંધી પાપના ભેદથી બે પ્રકારનું, અને અનંત જીવોમાં રહેવાની અપેક્ષાએ અનંત પ્રકારનું છે તો પણ પાપત્વરૂપ અશુભ સામાન્ય અપેક્ષાએ તે બધા એક જ છે.

જે જે કર્મોનો બંધ પડે છે તે બધાનો વિપાક (ફળ) કેવળ શુભ કે અશુભ જ નથી હોતો. પરન્તુ અધ્યવસાયરૂપ કારણની શુભાશુભના નિમિત્તથી તે શુભાશુભ બન્ને પ્રકારનું થાય છે. શુભ અધ્યવસાયથી થયેલ વિપાક શુભ હોય છે અને અશુભ અધ્યવસાયથી નિર્મિત વિપાક અશુભ હોય છે. જે પરિણામમાં સંકલેશ જેટલો ઓછો હશે, તે પરિણામ એટલું જ વધારે શુભ હશે. જે પરિણામમાં સંકલેશ વધારે હશે તે પરિણામ એટલું જ અશુભ હશે શુભ પરિણામથી પુણ્યપ્રકૃતિયોનો બંધ બંધાય છે, અને અશુભ પરિણામથી પાપપ્રકૃતિયોનો બંધ બંધાય છે, એવું જે શાસ્ત્રીય વિધાન છે તે આપેક્ષિક છે. કારણ કે જેમ અશુભ અધ્યવસાય વખતે પ્રથમ આદિ ગુણસ્થાનોમાં જ્ઞાનાવરણીય આદિ સઘળી પુણ્ય પાપ પ્રકૃતિયોનો જે પ્રમાણે બંધ બંધાય છે એ જ પ્રમાણે છઠ્ઠા વગેરે ગુણસ્થાનોમાં શુભ અધ્યવસાયને વખતે પણ સઘળી પુણ્ય પાપ પ્રકૃતિયોનો સંભવિત બંધ બંધાય છે જ. તો શુભ અધ્યવસાયથી પુણ્યનો અને અશુભ અધ્યાવસાયથી પાપનો બંધ બંધાય છે, તે કથન એકાન્તતઃ સંગત કેવી રીતે માની શકાય ? તેથી તે કથન આપેક્ષિકઃ જ માનવું જોઇએ. અને અનુભાગ અને સ્થિતિબંધની અપેક્ષાએ તેની સગતતા સમજી લેવી જોઇએ. કોઇ પણ એક પરિણામ એવું નથી કે જે એકાન્તતઃ શુભ કે અશુભ કહી શકાય દરેક પરિણામ શુભ, અશુભ અથવા બન્ને રૂપ હોવાં છતાં પણ તેમાં જે શુભત્વ અશુભત્વનો વ્યવહાર કરવામાં આવે છે તે ગૌણ મુખ્ય ભાવની અપેક્ષાએ માનવો જોઇએ તેથી જે શુભ પરિણામથી પુણ્યપ્રકૃતિયોમાં શુભ અનુભાગ બંધાય છે એ જ પરિણામથી પાપપ્રકૃતિયોમાં અશુભ અનુભાગ પણ બંધાય છે. તેથી ઉલટું જે પરિણામથી અશુભ અનુભાગ બંધાય છે. એજ પરિણામથી પુણ્યપ્રકૃતિયોમાં શુભ અનુભાગ પણ બંધાય છે. તેમાં એટલો જ તફાવત છે કે—જેમ પ્રકૃષ્ટ શુભ

પરિણામથી થનાર અનુભાગ પ્રકૃષ્ટ (બળવાન) હોય છે અને અશુભ અનુભાગ નિકૃષ્ટ (નબળો) હોય છે એ જ પ્રમાણે પ્રકૃષ્ટ અશુભ પરિણામથી બંધાનાર અશુભ અનુભાગ પ્રકૃષ્ટ હોય છે અને શુભ અનુભાગ નિકૃષ્ટ હોય છે. એ જ પ્રમાણે સ્થિતિબંધમાં પણ એ જ વાત સમજવાની છે. આ રીતે પુણ્ય પાપ પ્રકૃતિયોમાં ભિન્નતા હોવા છતાં પણ શાસ્ત્રકારે જે એકતા દર્શાવી છે તે પુણ્યત્વ અને પાપત્વ રૂપ સામાન્યની અપેક્ષાએ દર્શાવેલ છે.॥૧૧॥૧૨॥

## બંધમોક્ષ કા નિરૂપણ

'एगे बंधे,' 'एगे मोक्खे' इति—

બંધ એક છે, મોક્ષ એક છે. જીવ કષાય યુકત થાય છે તો કષાયના સદ્ભાવથી કર્મનાં યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે, તેને બંધ કહે છે. તે બંધ એક છે. જો કે પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, પ્રદેશબંધ અને અનુભાગબંધ, એ રીતે બંધના ચાર ભેદ પડે છે, છતાં પણ સામાન્યની અપેક્ષાએ તે એક છે. અથવા દ્રવ્યબંધ અને ભાવબંધ નામના પણ તેના બે ભેદ છે. નિગડ આદિથી જે બંધ બધાય છે. તે દ્રવ્યબંધ છે, તથા કર્મપુદ્ગલોનો અને આત્મપ્રદેશનો જે એક ક્ષેત્રાવહાગ રૂપે સંશ્લેષ થાય છે તે ભાવબંધ છે. આ પ્રમાણે બે પ્રકારના બંધ હોવા છતાં પણ સમાન્યની અપેક્ષાએ બંધ એક જ છે ॥૧૩॥

કર્મરૂપી બંધનથી આત્માનું અલગ થવું તે મોક્ષ કહેવાય છે, તે મોક્ષ પણ જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મોમાંથી તે તે કર્મોના છૂટવાને લીધે આઠ પ્રકારનો છે. પણ મુકત થવા રૂપ સામાન્યની અપેક્ષાએ તે એક પ્રકારનો જ છે. અથવા દ્રવ્ય અને ભાવ, એ બે ભેદથી મોક્ષ બે પ્રકારનો પણ છે, છતાં મોક્ષ સામાન્યની અપેક્ષાએ એક પ્રકારનો જ છે. તેમાં ભેદ નથી. અથવા જીવની મુકિત એક વાર જ થાય છે. વારંવાર નહીં તેથી પ્રત્યેક જીવનો એક એક જ મોક્ષ છે. મુકત થયેલ જીવને ફરી મોક્ષનો અભાવ હોય છે. તે અપેક્ષાએ મોક્ષ એક જ છે. ॥૧૪॥

ભાવાર્થ—સૂત્રકારે આ સૂત્ર દ્વારા બંધ અને મોક્ષમાં સામાન્યની અપેક્ષાએ એકતા

દર્શાવી છે. બંધનું લક્ષણ આ પ્રમાણે છે–सकषायत्वात् जीवः कर्मणो योग्यान् पुद्गलान् आदत्ते स बंधः એટલે કે જ્યારે જીવ કષાયયુકત થાય છે ત્યારે તે અનેક પ્રકારની પૌદ્ગલિક વર્ગણાઓમાંથી કર્મરૂપી પરિણામને પ્રાપ્ત કરવાની યોગ્યતાવાળી વર્ગણાઓને ગ્રહણ કરે છે. અને તેમને ગ્રહણ કરીને આત્મપ્રદેશની સાથે:વિશિષ્ટ રીતે જોડી દે છે. જો કે જીવ સ્વભાવથી અમૂર્ત છે અને પૌદ્ગલિક કર્મવર્ગણાઓ મૂર્ત છે, તેથી અમૂર્તની સાથે મૂર્તનું વિશિષ્ટ રીતે જોડાવું તે વાત અસંભવિત જેવી લાગે છે. છતાં પણ આત્મા અનાદિ કાળથી કર્મસંબંધવાળો હોવાને કારણે મૂર્ત જેવો થઈ જવાથી મૂર્ત કર્મપુદ્ગલોને ગ્રહણ કરી લે છે, અને તેને કર્મરૂપે પરિણમાવે છે. જેમ ખાધેલ ભોજનનો વિવિધ પ્રકારનો રસ રકત આદિ રૂપે પરિણમે છે એ જ પ્રમાણે ગ્રહણ કરાયેલ કર્મવર્ગણાઓ પણ જ્ઞાનવરણીય આદિ રૂપે પરિણમે છે. આત્મપ્રદેશોની સાથે કર્મરૂપે પરિણત થયેલ પુદ્ગલોનો તે સંબંધ જ–સંયોગરૂપ જ 'બંધ' ગણાય છે. શાસ્ત્રમાં મિથ્યાદર્શન અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ, એ બધાને કર્મબંધના હેતુ બતાવ્યા છે. તેનું તાત્પર્ય એ છે કે પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ, અને પ્રદેશબંધ એ પ્રમાણે ચાર પ્રકારના જે બંધતત્વ દર્શાવ્યા છે તેમાંના પ્રકૃતિ બંધ અને પ્રદેશબંધ, એ બન્ને યોગથી થાય છે. સ્થિતિબંધ અને અનુભાગબંધ એ બન્ને કષાયથી થાય છે. બંધતત્વના આ ચારે પ્રકારો એક જ કર્મમાં સંભવિત ચાર અંશરૂપ છે. ગુણસ્થાનોને લઇને જો કર્મબંધનાં કારણોનો વિચાર કરવામાં આવે તો પહેલા ગુણસ્થાનમાં બંધનું કારણ મિથ્યાદર્શન છે ચોથા ગુણસ્થાન સુધી અવિરતિ છઠા ગુણ સ્થાન સુધી પ્રમાદ, દસમા ગુણસ્થાન સુધી કષાય અને તેરમા ગુણસ્થાન સુધી યોગ. આ રીતે એ પાંચ બંધહેતુઓમાંથી જ્યાં જ્યાં પૂર્વના (આગળના) બંધ હેતુ હશે ત્યાં તેમની પછીના પણ બધા બંધહેતુ હશે એવો નિયમ છે પણ જ્યારે પછીના–હશે ત્યારે પૂર્વના આગલા બંધહેતુ હોય પણ ખરા અને ન પણ હોય આ રીતે બંધમાં મિથ્યાત્વ આદિ અનેક કારણો રહેલાં હોય છે છતાં પણ અહીં જે "सकषायसद्भावात् कर्मणो योग्यान् पुद्गलान् उपादत्ते स पुद्गलसंश्लेशो बंधः" એવું કહેવામાં આવ્યું છે. તે અન્ય હેતુઓ કરતાં કષાયની પ્રધાનતા દર્શાવવાને માટે જ કહેવાયું છે તેમ સમજવાનું છે.

શંકા–કષાયથી કર્મનો જે બંધ છે તે તો દશમાં ગુણસ્થાન સુધી જ બંધાય છે, પણ યોગથી જે કર્મબંધ બંધાય છે તે તેરમાં ગુણસ્થાન સુધી જાય છે, આ રીતે બંધ હેતુઓમાં કષાયની પ્રધાનતાને બદલે યોગની પ્રધાનતા શું આવી જતી નથી ?

સમાધાન—યોગના નિમિત્તથી પેદા થયેલ પ્રકૃતિ અને પ્રદેશબંધ આત્માને એટલો પરાધીન બનાવતા નથી કે જેટલો પરાધીન સ્થિતિબંધ અને અને અનુભાગબંધ બનાવે છે, **તેથી** બંધોમાં તે બે બંધોની પ્રધાનતા બતાવવાને માટે એવું કહેવાયું છે.

કર્મપુદ્ગલોમાં આત્માના જ્ઞાનાદિક ગુણોને રોકવની તથા સુખદુઃખ આદિ દેવાની જે પ્રકૃતિનું નિર્માણ થાય છે સ્વભાવ બને છે. તેનું નામ જ પ્રકૃતિબંધ છે. (૧) પ્રકૃતિનું કર્મપુદ્ગલોમાં અમુક સમય સુધી ચ્યુત ન થવું–એ જ પ્રકૃતિનું તેમનામાં અમુક સમય સુધી સ્થિર રહેવાનું નિર્માણ થવું–તેનું નામ સ્થિતિબંધ (૨) તીવ્રતા મંદતા આદિ રૂપે કર્મપુદ્ગલોનું ફળ દેવું તેનું નામ અનુભાગબંધ છે. (૩)કર્મપુદ્ગલોમાં સ્વભાવાનુસાર અમુક પ્રમાણમાં વહેંચાઇ જવાનું નિર્માણ થવું તેને પ્રદેશબંધ કહે છે (૪) પ્રકૃતિબંધ અને પ્રદેશબંધમાં એટલો જ તફાવત છે કે આત્માની સાથે બંધદશા પામેલ કર્મપુદ્ગલોમાં જે જ્ઞાનાદિક ગુણોને રોકવાનો સ્વભાવ નિર્મિત થાય છે તે પ્રકૃતિબંધ છે, અને આત્માની સાથે બંધ પ્રાપ્ત જે કર્મપુદ્ગલો છે તે કેટલા થયા છે, તે પ્રદેશ ગણનાને પ્રદેશબંધ કહે છે. આ રીતે તે બંધના અનેક પ્રકાર છે, છતાં પણ બંધ સામાન્યની અપેક્ષાએ તે એક છે. તમાં ભેદ નથી ભલે પ્રકૃતિબંધ હોય કે પ્રદેશાદિ બંધ હોય– કોઈપણ બંધ હોય–પણ સામાન્ય રીતે તો તેબંધ જ છે, આ દૃષ્ટિકોણથી જોતાં તે એક જ છે. તેથી સૂત્રકારે એમ કહ્યું છે. ॥૧૩॥

જ્ઞાનાવરણીય આદિ આઠ પ્રકારનાં કર્મોનો આત્મામાંથી તદ્દન નાશ થવો તેનું નામ મોક્ષ છે. એક વાર બંધાયેલ કર્મનો ક્યારેક તો ક્ષય થાય છે જ, પણ એવાં કર્મનું બંધન ફરીથી સંભવિત પણ છે--અથવા એવા પ્રકારનુ કોઇ પણ કર્મ હજી શેષ હોય તો એવી સ્થિતિમા "કર્મોનો આત્યન્તિક ક્ષય થયો છે" એમ કહી શકાય નહીં. આત્યાન્તિક ક્ષય' નું તાત્પર્ય એ છે કે પહેલાં બંધાયેલાં કર્મોનો તથા નવીન કર્મો બંધાવાની યોગ્યતાનો અભાવ. આત્યન્તિક કર્મક્ષય વિના મોક્ષની પ્રાપ્તિ કદી પણ સંભવી શકતી નથી, તેથી જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મના ક્ષયની અપેક્ષાએ મોક્ષ પણ આઠ પ્રકારનો માની શકાય છે, પણ કર્મવિમોચન રૂપ સામાન્યની અપેક્ષાએ તે પણ એક જ છે. એટલે કે જે જીવ એક વાર મોક્ષ પ્રાપ્ત કરી લે છે તે જીવને સંસારમાં ફરી જન્મ ધારણ કરવાના કારણોનો અભાવ હોવાથી ફરી જન્મ ધારણ કરવો પડતો નથી. તેથી જે સ્થિતિ પ્રાપ્ત થઈ ગઇ તે સાદિ હોવા છતાં પણ અપર્યવસિત (અનન્ત) બની જાય છે, આ રીતે પુનઃ પ્રાપ્તિના અભાવને કારણે પણ મોક્ષ એક જ છે. ॥૧૪॥

## 'एगे आसवे' इति'

આસ્રવ એક છે. સવર એક છે. જીવને પુણ્ય અને પાપની સાથે જે સંબંધ થાય છે. તેનું નામ બંધ છે, એવું હમણાં કહેવામાં આવ્યું છે. તો તે બધનુ જે કરણ છે તે "આત્મામાં જે વડે કર્મ પ્રવેશ કરે છે" તે વ્યુત્પત્તિ પ્રમાણે આસ્રવ છે. તે મિથ્યાત્વ આદિના ભેદથી અનેક પ્રકારના છે છતાં પણ સામાન્યની અપેક્ષાએ એક છે અથવા દ્રવ્ય અને ભાવ, એ બે ભેદથી પણ આસ્રવ બે પ્રકારના છે. પાણી ઉપર તરતી હોડીમાં છિદ્ર દ્વારા જલનું પેસવું, નાળામાં તળાવમાં પાણીનું આવવું, એ બધા જેમ દ્રવ્યાસ્રવ છે તેમ ઇન્દ્રિયાદિ દ્વારા જીવના પ્રદેશમાં જે કર્મપુદ્ગલોને સંશ્લેષ થાય તે ભાવાસ્રવ છે. આ રીતે આસ્રવમાં દ્વિવિધતા હોવા છતાં પણ સામાન્યની અપેક્ષાએ તે એક જ છે.।।૧૫।।

## વેદના ઔર નિર્જરા કા નિરૂપણ

## 'एगे संवरे' इत्यादि

આસ્રવથી ઉલટો શબ્દ સંવર છે. પ્રાણાતિપાત આદિ કર્મને આવવાના જે કારણો છે તેમને જે આત્મપરિણામ દ્વારા રોકવામાં આવે છે તે આત્મ પરિણામને સંવર કહે છે. એટલે કે આસ્રવનો નિરોધ થવો તે જ સંવર છે. તેસંવર ગુપ્તિ આદિ ઉપાયો દ્વારા થાય છે. સંવરના ઉપાયભૂત ગુપ્તિ આદિના અનેક ભેદ છે. તેથી તે ભેદોની અપેક્ષાએ સંવર પણ અનેક પ્રકારના છે. તથા દ્રવ્યસંવર અને ભાવસંવર એવા તેના બે ભેદ પણ છે. છતાં સામાન્યની અપેક્ષાએ તે એક જ છે.

ભાવાર્થ—જેમ નાવમાં છિદ્ર દ્વારા પાણી પ્રવેશે છે તેમ આત્મામાં મિથ્યાત્વ આદિ દ્વારા કર્મપુદ્ગલોનો પ્રવેશ થાય છે. આ પ્રમાણે આવવું એને જ આસ્રવ કહે છે. આ આસ્રવ જ સંસારનું કારણ છે. આસ્રવથી બંધ બંધાય છે, તેથી આસ્રવને બંધનું કારણ મનાય છે. તે કર્મબંધના હેતુરૂપ જે આસ્રવ છે તે મિથ્યાત્વ આદિના ભેદથી વિવિધ પ્રકારના છે, છતાં પણ તેને સૂત્રકારે એક દર્શાવેલ છે તે આસ્રવ સામાન્યની અપેક્ષાએ દર્શાવેલ છે જેમ જૂદાં જૂદાં વૃક્ષોમાં એક વૃક્ષત્વ

સામાન્ય રહે છે અને તે અપેક્ષાએ સમસ્ત વૃક્ષોને એક માનવામાં આવે છે, એ જ પ્રમાણે મિથ્યા દર્શન આદિમાં તથા દ્રવ્યાસ્રવ, ભાવાસ્રવમાં આસ્રવરૂપ એક સામાન્ય ધર્મ રહે છે. તે કારણે તે પણ એક છે. તેમનામાં ભિન્નતા નથી.

સંવર એટલે આસ્રવને રોકવા તે—જે માર્ગભૂત કારણોથી કર્મોનું આગમન થતું હતું તે માર્ગોનું બંધ થઈ જવું તેનું નામ સંવર છે. તે સંવર ગુપ્તિ આદિ ઉપાયોથી સાધી શકાય છે. અહીં 'આદિ' પદથી સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરીષહ, જય અને ચારિત્ર ગ્રહણ કરવામાં આવેલ છે- ગુપ્તિ, સમિતિ આદિના ભેદથી તે સંવર તત્વ અનેક પ્રકારનું છે. છતાં પણ આસ્રવથી ઉલટો 'સંવર' તો સામાન્ય ધર્મની અપેક્ષાએ તે તત્વ એક જ છે. ॥૧૬॥

"एगा वेयणा" इति ।

ટીકાર્થ-વેદના એક છે, નિર્જરા એક છે. સ્વભાવથી અથવા ઉદીરણા કરણથી ઉદયાવલિકામાં પ્રવેશ થયેલ કર્મનો અનુભવ કરવો તેનું નામ વેદના છે. તે વેદના પ્રત્યેક જીવને જ્ઞાનાવરણીય અ આઠ પ્રકારના કર્મોની હોય છે. કર્મ આઠ પ્રકારના હોવાથી તેમની વેદના પણ આઠ પ્રકારની હોય છે, તથા વિપાકોદય અને પ્રદેશોદયના ભેદથી તે બે પ્રકારની હોય છે આ રીતે વેદનામાં વિવિધતા હોવા છતાં પણ વેદના સામાન્યની અપેક્ષાએ એક જ છે ॥૧૭॥

"एगा णिज्जरा"

વેદના દરમિયાન આત્મપ્રદેશોમાંથી કર્મોનું જે પરિશલન—અલગ હોવાની ક્રિયા થાય છે. તે નિર્જરા પણ આઠ પ્રકારનાં કર્મોમાંથી તે તે કર્મોના ઝરવાથી—છૂટવાથી આઠ પ્રકારના અને બાર પ્રકારનાં તપથી પેદા થયેલ હોવાથી બાર પ્રકારની તથા કોઇ પણ પ્રકારની ઈચ્છાવિના ક્ષુધા (ભુખ), તૃષા, શીત, અને ઉષ્ણતા સહન કરવાથી અને બ્રહ્મચર્ય ધારણ કરવા આદિ રૂપ વિવિધ પ્રકારના કારણોથી ઉત્પન્ન થવાથી અનેક પ્રકારની છે. તથા દ્રવ્યનિર્જરા અને ભાવનિર્જરા એવા તેના બે ભેદ છે. તેમાં વસ્ત્રાદિકની નિર્જરા ભાવ નિર્જરા—જીર્ણદશા—દ્રવ્ય નિર્જરા છે અને કર્મોની નિર્જરા ભાવનિર્જરા છે આ રીતે તે નિર્જરા જો કે અનેક પ્રકારની છે, તો પણ ભેદોની અપેક્ષાએ ન જોતાં સ્વરૂપ સામાન્યની અપેક્ષાએ જોતાં તે એક જ છે. નિર્જરામાં કર્મોનો એકદેશથ ક્ષય થાય છે અને મોક્ષમાં સંપૂર્ણપણે ક્ષય થાય છે. ॥૧૮॥

## સપ્તસૂત્રી દ્વારા આશ્રય વિશેષ કા નિરૂપણ

હવેનાં સાત સૂત્રમાં સૂત્રકાર આશ્રય વિશેષની સમજૂતી આપ છે—

**'जंबूद्दीवे' इत्यादि ।**

ટીકાર્થ–જંબૂદ્વીપ નામના દ્વીપની લંબાઇ તથા પહોળાઇ લાખ લાખ યોજનની દર્શાવી છે. અપ્રતિષ્ઠાન નામની સાતમી નરક ભૂમિના મધ્યમ આવાસની લંબાઇ તથા પહોળાઇ લાખ લાખ યોજનની બતાવી છે. એજ રીતે પાલક નામનું યાનવિમાન આયામ અને વિષ્કંભની અપેક્ષાએ એક લાખ યોજનનું ગણાય છે. સર્વાર્થસિદ્ધ નામનું પાંચમું મહાવિમાન પણ આયામ અને વિષ્કંભની અપેક્ષાએ એક લાખ યોજનનું કહેલ છે.

ભાવાર્થ—લંબાઇ પહોળાઇની અપેક્ષાએ જંબૂદ્વીપ નામનો પહેલો દ્વીપ, અપ્રતિષ્ઠાન નામની સાતમી નરકભૂમિનો મધ્યમ અવાસ સૌધર્મનું પાલક નામનું યાન વિમાન અને અનુત્તર દેવલોકનું સર્વાર્થસિદ્ધ નામનું પાંચમું વિમાન, તે ચારે એક એક લાખ યોજનના છે. ॥૧-૪॥

## ચાર ગતિ કે આશ્રયી રહનેવાલે જીવાં કી સ્થિતિ આદિ ધર્મ કા નિરૂપણ

**'अद्दानक्खत्ते' इत्यादि ।**

ટીકાર્થ–આર્દ્રા નક્ષત્ર એક તારા વાળું છે. ચિત્રા નક્ષત્ર એક તારા વાળું છે. સ્વાતિ નક્ષત્ર પણ એક તારા વાળું છે. ॥૭॥

હવે પછીના અઢાર સૂત્રોથી સૂત્રકાર આશ્રયી જીવોની સ્થિતિ આદિ ધર્મોની સમજૂતી આપે છે—**'इमीसे णं रयणप्पभाए' इत्यादि ।**

ટીકાર્થ–આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ જિનદેવે એક પલ્યની કહી છે॥૧॥ આ રત્નપ્રભા પૃથ્વીમાં નારકીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગરની કહેલ છે. ॥૨॥

બીજી પૃથ્વીમાં નારકીઓની જઘન્ય સ્થિતિ એક સાગરની કહેલ છે. ॥૩॥

ભાવાર્થ—લોકના ત્રણ ભાગ છે– અધઃલોક, મધ્યલોક અને ઉર્ધ્વલોક મેરુ પર્વતના સમતલની નીચે નવસો યોજનની ઊંડાઇ પછીના ભાગને અધોભાગ ગણવામાં આવે છે, જે આકાશમાં ઊંધા પડેલા શકોરાની જેમ નીચે જાય તેમ વિસ્તીર્ણ થતો જાય છે. સમતલની નીચે તથા ઉપરના નવ નવસો યોજનો એટલે કે કુલ અઢારસો યોજનનો મધ્યલોક છે, જે આકારમાં ઝાલરના જેવો બરાબર લંબાઈ પહોળાઇ વાળો છે. મધ્યલોકના ઉપરનો બધો ભાગ ઉર્ધ્વલોક કહેવાય છે, જેનો આકાર મૃદંગ જેવો છે. અધોલોકમાં નરકભૂમિયો છે. તે સાત છે. તે એક જ હારમાં નથી પણ એકની નીચે બીજી એવી રીતે આવેલ છે. તેનું વધુ વર્ણન શાસ્ત્રોમાં છે પહેલી ભૂમિનું નામ રત્નપ્રભા છે. તેમાં તેર પ્રસ્તર-થર-છે. એ માળ વાળા ઘરના તળ સમાન હોય છે. તેમાં જે ચોથું પ્રસ્તર છે તેમાં મધ્યમ સ્થિતિ એક પલ્યની છે. એ અપેક્ષાએ સૂત્રકારે કેટલાક નારકીઓની" એક પલ્યની ત્યાં સ્થિતિ છે એમ કહ્યું છે. એ જ પહેલી નરકમાં નારકીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગરોપમની છે પ્રત્યેક પ્રકારના જીવોની સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બે પ્રકારે કહી શકાય છે. જેના કરતાં ઓછી સ્થિતિ મળે નહીં તેને જઘન્ય કહે છે અને જેનાથી વધારે ન મળી શકે તે સ્થિતિને ઉત્કૃષ્ટ કહે છે પ્રથમ નરકમાં જે એક સાગરની ઉત્કૃષ્ટ સ્થિતિ કહી છે એ જ બીજી નરકમાં જઘન્ય સ્થિતિ છે. ।।સૂ. ૧-૨-૩।।

'असुरकुमाराणं' इत्यादि ।

ટીકાર્થ–અસુરકુમારોમાં કેટલાક અસુરકુમારોની એક પલ્યની સ્થિતિ છે. ।।૪।। અસુરકુમાર દેવોમાં કેટલાક અસુરકુમાર દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગરોપમથી સહેજ વધારે છે. ।।૫।। અસુરકુમારોના ઇન્દ્રોને બાદ કરતાં ભૂમિજોની એક પલ્યોપમની સ્થિતિ છે ।।૬।।

ભાવાર્થ—ભવનવાસી નિકાય આ પ્રમાણે છે—અસુરકુમાર, નાગકુમાર, સુપર્ણકુમાર વિદ્યુતકુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિશાકુમાર, પવનકુમાર અને સ્તનિતકુમાર. તેમાંના કેટલાક અસુરકુમારોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક પલ્યોપમની છે.

તથા દક્ષિણાર્ધ અને ઉત્તરાર્ધના અસુરેન્દ્રોની ઉત્કૃષ્ટ સ્થિતિ ક્રમશ: એક સાગરોપમની અને એક સાગરોપમથી થોડી વધારે છે દક્ષિણાર્ધના અધિપતિ ચમર અને ઉત્તરાર્ધના અધિપતિ બલિ છે. અસુરકુમારોના એ બે ઇન્દ્રો સિવાયના બાકીના નવ ભવનવાસીઓની જે એક પલ્યોપમની સ્થિતિ બતાવવામાં આવી છે તે મધ્યમ સ્થિતિની અપેક્ષાએ બતાવેલ છે તેમ સમજવું. અસુરકુમારો ભૂમિજ કહેવાતા નથી કારણકે તેઓ મોટે ભાગે આવાસોમાં અને કયારેક ભવનોમાં વસે છે. તથા નાગકુમાર આદિ નવ ભવનપતિ સામાન્ય રીતે ભવનોમા જ રહે છે. રત્નપ્રભાના પૃથ્વીપિંડમાંથી ઉપર નીચેનાં એક એક હજાર યોજન છોડી દઈને વચ્ચેનાં એક લાખ અઠ્ઠોતેર હજાર યોજન પરિમાણ ભાગમાં બધી જગ્યાએ આવાસો છે, પણ ભવન તો રત્નપ્રભાની નીચેના નેવું હજાર યોજન પરિમાણ ભાગમાં જ હોય છે. આવાસ મોટા મંડપ જેવાં હોય છે, અને ભવન નગર જેવાં હોય છે. ભવન બહારથી ગોળ અંદરથી સમચતુષ્કોણ અને તળિયેથી પુષ્કરકર્ણિકા જેવાં હોય છે. ।।સૂ.૪–૫–૬ ।।

"असंखिज्जवासाउय" इत्यादि ।

ટીકાર્થ—"અસંખ્યાત વર્ષનાં આયુષ્યવાળા સંજ્ઞીપંચેન્દ્રિય તિર્યંચોની–એટલે કે હૈમવત અને ઐરણ્યવત ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલ કેટલાક તિર્યંચ યોનિવાળાની એક પલ્યોપમની સ્થિતિ હોય છે ।।૭।। અસંખ્યાત વર્ષનાં આયુષ્યવાળા ગર્ભજ સંજ્ઞી મનુષ્યોમાંથી કેટલાક મનુષ્યોની સ્થિતિ એક પલ્યોપમની છે ।।૮।। વ્યંતરદેવોની

ઉત્કૃષ્ટ સ્થિતિ એક પલ્યોપમની છે ॥૯॥ જ્યોતિષ્ક દેવોની–ચન્દ્ર વિમાન દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક પલ્યોપમ કરતાં એક લાખ વર્ષની વધારે હોય છે. ॥૧૦॥

ભાવાર્થ—ભોગભૂમિયા મનુષ્ય અને તિર્યંચ જ અસંખ્યાત વર્ષનાં આયુષ્યવાળા હોય છે. હૈમવત અને ઐરણ્યવત એ ભોગભૂમિનાં ક્ષેત્રો છે. ભોગભૂમિમાં અસંજ્ઞી જીવ હોતા નથી. અસંખ્યાત વર્ષ જીવનારા મનુષ્યો ત્રીસ અકર્મભૂમિયોમાં છપ્પન અન્તર્દ્વીપેમ અને કર્મભૂમિયોમાં ઉત્પન્ન થતા યુગલિકો જ છે, પણ અસંખ્યાત વર્ષ જીવનારાં તિર્યંચો તો ઉપરોકત ક્ષેત્રો ઉપરાંત અઢી દ્વીપની બહારના દ્વીપ સમુદ્રોમાં પણ મળે છે. અકર્મભૂમિયો આદિમાં જન્મેલા મનુષ્ય અને તિર્યંચની ભવસ્થિતિ એક સરખી નથી એક પલ્યથી પણ અધિક છે. કોની કેટકેટલી છે તે બીજાં શાસ્ત્રોની મદદથી જાણી શકાય છે. અહીં તો અસંખ્યાત વર્ષનાં આયુષ્યવાળા જે સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યોની અને તિર્યંચોની સ્થિતિ એક પલ્યોપમની બતાવવામાં આવી તેમનો નિર્દેશ કર્યો છે. હૈમવત અને ઐરણ્યવત ક્ષેત્રોના સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ અને ગર્ભજ સંજ્ઞીપંચેન્દ્રિય મનુષ્ય એ બન્નેની એક પલ્યોપમની ભવસ્થિતિ દર્શાવી છે. આમ તો તિર્યંચો અને મનુષ્યોની સ્થિતિ ઉત્કૃષ્ટ ત્રણ પલ્યની માનવામાં આવે છે. વ્યન્તરદેવોનાં ભવન, અને નગરરૂપ આવાસ અનેક પ્રકારનાં હોય છે, તેથી દેવોને વ્યન્તર કહેવાય છે. તેમની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે—**वि=विविधं, अन्तरं–स्थानं येषां ते व्यन्तराः** તેમનાં ભવનો રત્નપ્રભા પૃથ્વીનો જે પહેલો રત્નકાંડ છે તેમાં ઉપર અને નીચે સો સો યોજન છોડીને બાકીના આઠ સો યોજન પ્રમાણ મધ્યભાગમાં છે. અથ વિવિધ પ્રકારના પહાડો અને ગુફાઓનાં અન્તરોમાં (સ્થાનોમાં) તથા વનોની અંદર વસવાને કારણે તેમને વ્યન્તર કહે છે. અથવા તે સઘળાં સ્થાનો તેમની ક્રીડા કરવાને માટે હોય છે. કારણકે પર્વતાદિ સ્થાનોમાં ક્રીડા કરવી તેમને ગમે છે, તેથી પણ તેમને વ્યન્તર કહે છે. અથવા "**वाणमन्तरा**" ની સંસ્કૃત છાયા "**वानमन्तरा**" પણ થાય છે. વનોમાં સ્થાનોમાં જે હોય તેમને વાનમન્તર કહે છે. અહીં પૃષોદરાદિથી "**म**" નો આગમ થયો છે. તે વ્યન્તરદેવોની ।સ્થિતિ એક પલ્યોપમન માનવામાં આવે છે. જ્યોતિષ્ક દેવોથી અહીં ચન્દ્રનાં વિમાનના દેવો ગ્રહણ કરેલ છે, કારણકે તેમની સ્થિતિ એક પલ્યોપમ કરતાં કંઇક વધુ કહેલ છે. મ તો ગ્રહોની ઉત્કૃષ્ટસ્થિતિ એક પલ્યોપમની છે. નક્ષત્રોની ઉત્કૃષ્ટસ્થિતિ અર્ધ પલ્યોપમની છે. તારાની ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમના ચોથા ભાગની છે. ॥૭–૮–૯–૧૦॥

"सोहम्मे कप्पे" इत्यादि ।

ટીકાર્થ–સૌધર્મકલ્પમાં દેવોની જઘન્ય સ્થિતિ એક પલ્યોપમની છે. સૌધર્મકલ્પમાં કેટલાક દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગરોપમની છે. ઈશાન કલ્પમાં દેવોની જઘન્ય સ્થિતિ એક પલ્યથી થોડી વધારે છે. ઇશાનકલ્પમાં કેટલાક દેવોની જઘન્યસ્થિતિ એક સાગરોપમની છે.

ભાવાર્થ—સૌધર્મકલ્પમાં દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ બે સાગરોપમની અને ઇશાન-કલ્પમાં બે સાગરોપમથી થોડી વધારે બતાવી છે. સૌધર્મકલ્પમાં કેટલાક એવા પણ દેવો છે કે જેમની સ્થિતિ એક જ સાગરની હોય છે. એ જ પ્રમાણે ઈશાનકલ્પમાં એક પલ્યોપમથી થોડી વધારે છે ।।૧૧-૧૪।।

"जे देवा सागरं" इत्यादि ।

ટીકાર્થ–ઈશાન નામના બીજા દેવલોકના સાતમાં પ્રસ્તરમાં સાગર, સુસાગર, સાગરકાન્ત, ભવ, માનુષોત્તર, અને લોકહિત, એ સાત વિમાન છે. તે વિમાનોમાં ઉત્પન્ન થયેલા જે દેવો છે તેમની ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગરોપમની હોય છે, દેવોની જ સ્થિતિ સાગરોપમની હોય છે. દેવીઓની નહીં. તે દેવો એક પખવાડિયાને અંતે અંદર ઉચ્છવાસ લે છે અને એક પખવાડિયાને અંતે અંદર નિ:શ્વાસ લે છે. આ પ્રમાણે એક મહિનાને અંતે બહાર ઉચ્છવાસ લે છે અને એક મહિનાને અંતે બહાર નિશ્વાસ લે છે તેમને એક હજાર વર્ષ પછી આહાર સંજ્ઞા થાય છે. કેટલાક એવા જીવો હોય છે કે જે ભવસિદ્ધિક હોય છે, તેઓ એકજ ભવ કરીને સિદ્ધિ અવસ્થા પ્રાપ્ત કરનારા થશે, આત્માના અનંત જ્ઞાનાદિક ગુણોનો ઉપભોગ કરનાર થશે, સમસ્ત કર્મોમાંથી છૂટનારા થશે, દરેક રીતે કૃતકૃત્ય થશે, અને બધા પ્રકારમાં દુ:ખોનો અંત લાવનાર થશે. ।।૧૫-૧૮।।

આ પ્રમાણે સામાન્ય નયની અપેક્ષાએ વસ્તુઓમાં એક સંખ્ય નું કથન કરીને હવે સૂત્રકાર તેમનામાં વિશેષ નયની અપેક્ષાએ કરીને દ્વિતીય સમવાયમાં બે, બેની સંખ્યાનું કથન કરે છે—दो दंडा पन्नत्ता इत्यादि !

ટીકાર્થ–તીર્થંકરોએ દંડ બે બનાવ્યા છે. તે આ પ્રમાણેછે-પહેલો અર્થ દંડ અને બીજો અનર્થદંડ. રાશી બે બતાવી છે-પહેલી જીવ રાશિ અને બીજી અજીવ રાશિ. બંધન બે પ્રકારનાં છે—(૧) રાગબંધ અને (૨) દ્વેષબંધ પૂર્વાફાલ્ગુની નક્ષત્ર બે તારવાળું ઉત્તર - ફાલ્ગુની નક્ષત્ર બે તારાવાળું, પૂર્વાભાદ્રપદ નક્ષત્ર બે તારાવાળું, અને ઉત્તરા ભાદ્રપદ નક્ષવ બે તારાવાળું દર્શાવ્યું છે. ।।૮।।

## દો સંખ્યા વિશિષ્ટ દેવાદિકો કી સ્થિતિ કા નિરૂપણમ્

"इमीसे णं" इत्यादि ।

ટીકાર્થ–આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકીયોની ચોથા પ્રસ્તરમાં બે પલ્યોમની સ્થિતિ બતાવવાંમાં આવી છે. બીજી પૃથ્વીમાં કેટલાક ન રકીઓની સ્થિતિ પણ બે પલ્યો-પમની કહેલ છે. અને એ જ બીજી પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ બે સાગ-રોપમની કહેલ છે. તો તે છઠ્ઠાં પ્રસ્તરની અપેક્ષાએ મધ્યમ સ્થિતિ કહેલ છે તેમ સમજવું અસુરકુમાર દેવોમાં કેટલાક દેવોની પાલ્યોપમની સ્થિતિ કહેલ છે. અસુર-કુમારોના ચમર અને બલિ એ બે ઇન્દ્રો સિવાયના ઉત્તરાર્ધના નાગકુમાર આદિ ભવનવાસી દેવોના ભૂતાનંદ આદિ જે નવ ઈન્દ્રો છે. તેમની બે પલ્યથી સહેજ ઓછી સ્થિતિ બતાવી છે અસંખ્યાત વર્ષનાં આયુષ્યવાળા હરિવર્ષ અને રમ્યક વર્ષમાં ઉત્પન્ન થયેલ કેટલાક ભોગભૂમિના પચેન્દ્રિય તિર્યંચોની સ્થિતિ બે પલ્યોપમની કહેલ છે. એ જ પ્રમાણે અસંખ્યાત વર્ષનાં આયુષ્યવાળા ગર્ભ જ સંજ્ઞી પંચેન્દ્રિય એવા

કેટલાક મનુષ્યોની સ્થિતિ બે પલ્યોપમની કહેલ છે તે સ્થિતિ પણ હરિવર્ષ અને અને રમ્યકવર્ષ ક્ષેત્રની અપેક્ષાએ કહેવામાં આવી છે તેમ સમજવું ાાલાા

"सोहम्मे कप्पे" इत्यादि ।

ટીકાર્થ-સૌધર્મકલ્પમાં અને ઇશાનકલ્પમાં કેટલાક દેવોની બે સાગરોપમની સ્થિતિ કહેલ છે. તો સૌધર્મકલ્પમાં કેટલાક દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ બે સાગરોપમની છે. પણ જે બીજું ઇશાનકલ્પ છે તેમાં દેવોની સ્થિતિ બે સાગરોપમથી થોડી વધારે છે. સનત્કુમાર કલ્પમાં દેવોની જઘન્ય સ્થિતિ બે પ્રકારની છે, પણ માહેન્દ્રકલ્પમાં દેવોની જઘન્ય સ્થિતિ બે સાગરોપમથી થોડી વધારે છે ાા૧૦ાા

"जे देवा" इत्यादि ।

ટીકાર્થ-શુભ, શુભકાન્ત, શુભવર્ણ, શુભગંધ, શુભલેશ્ય શુભસ્પર્શ, અને સૌધર્માવતંસક, એ સાત વિમાનોમાં જે જીવો દેવ રૂપે ઉત્પન્ન થાય છે તેમની સ્થિતિ ઉત્કૃષ્ટ રૂપે બે સાગરોપમની હોય છે. તે દેવો બે પખવાડિયામાં-એટલે કે મહિને-બહાર તથા અંદર ઉચ્છવાસ-નિશ્વસ લે છે તે દેવોને બે હજાર વર્ષ બાદ આહાર સંજ્ઞા ઉત્પન્ન થાય છે. ત્યાં જે ભવસિદ્ધિક જીવ હોય છે તેઓ મનુષ્યના બે ભવ કરીને સિદ્ધિગતિ પ્રાપ્ત કરશે, આત્માના અનંત જ્ઞાનાદિક ગુણોનો ઉપભોગ કરશે, સમસ્ત કર્મોનો આત્યંતિક ક્ષય કરશે, તથા કૃતકૃત્ય થઇ જશે, અને સમસ્ત પ્રકારનાં દુઃખોનો અન્ત લાવશે. ાા૧૧ાા

હવે સૂત્રકાર ત્રીજું સમવાય પ્રગટ કરે છે.–"तओ दंडा" इत्यादि ।

ટીકાર્થ–ચારિત્ર આદિના વિનાશથી આત્માને જેનાથી નિઃસાર બનાવી દેવામાં આવે છે તેનું નામ દંડ છે. તે દંડ ત્રણ પ્રકારના ભગવાને બતાવ્યા છે–(૧) મનોદંડ, (૨) વચનદંડ (૩) કાયદંડ. ગુપ્તિ ત્રણ પ્રકારની છે–(૧) મનોગુપ્તિ, (૨) વચનગુપ્તિ અને (૩) કાયગુપ્તિ. શલ્ય ત્રણ પ્રકારનાં છે–(૧) માયાશલ્ય, (૨) નિદાન શલ્ય, અને (૩) મિથ્યા દર્શન શલ્ય. ગૌરવ ત્રણ છે-(૧) ઋદ્ધિગૌરવ (૨) રસગૌરવ અને (૩) સાતા ગૌરવ. વિરાધના ત્રણ છે—(૧) જ્ઞાન વિરાધના, (૨) દર્શન વિરાધના અને (૩) ચારિત્ર વિરાધના મૃગશિર્ષ નક્ષત્ર ત્રણ તારાવાળું છે. પુષ્ય નક્ષત્ર ત્રણ તારાવાળુ છે જયેષ્ઠા નક્ષત્ર ત્રણ તારાવાળું છે અશ્વિની નક્ષત્ર ત્રણ તારાઓવાળું છે અને ભરણી નક્ષત્ર ત્રણ તારાઓવાળું છે.

ભાવાર્થ—જેના સંબંધથી આત્મા પોતાના ચારિત્રનો વિનાશ કરીને નિઃસાર બની જાય છે તેનું નામ દંડ છે. દોષયુકત મનના સંબંધથી આત્મામાં કર્મવર્ગ-ણાઓનું જે કર્મરૂપે પરિણામ થાય છે, તેનું નામ મનોદંડ છે. એ જ રીતે દોષયુકત વચન દ્વારા અને દોષયુકત કાયા દ્વારા પણ આત્માને દંડને પાત્ર થવું પડે છે. તેથી મન, વચન અને કાયાના ભેદથી દંડના ત્રણ પ્રકાર દર્શાવ્યા છે મન, વચન, અને કાયાનો સારી રીતે નિરોધ કરવો તેને ગુપ્તિ કહે છે. તે ગુપ્તિ પણ ત્રણ પ્રકારની છે—મનોગુપ્તિ–મનને અશુભ પ્રવૃત્તિથી દૂર રાખીને શુભ પ્રવૃત્તિમાં જોડવુ વચનગુપ્તિ—વચનને અશુભ પ્રવૃત્તિમાંથી હટાવીં લઇને શુભ પ્રવૃત્તિમાં જોડવા, એટલે કે બોલવાના દરેક પ્રસંગે વાણીનું નિયમન કરવું કે પ્રસંગોપાત મૌન ધારણ કરવું તે વચનગુપ્તિ છે કાયગુપ્તિ-કોઇ પણ ચીજ લેવામાં કે મૂકવામાં અથવા બેસવા ઉઠવા, ચાલવા આદિ ક્રિયામાં કર્તવ્ય અકર્તવ્યનો વિવેક રહે એ રીતે શારી-રિક પ્રવૃત્તિયોનું નિયમન કરવું તે કાયગુપ્તિ કહેવાય છે. જીવનનિર્વાણમાં ગુપ્તિનો મોટો ફાળો રહે છે. કારણ કે તેના વિના ભવબંધનમાંથી મુકત થઇ શકાતું નથી. ગુપ્તિમાં માત્ર અશુભ પ્રવૃત્તિયોથી દૂર રહીને શુભ પ્રવૃત્તિયોમાં પ્રવૃત્ત થવાનું હોય

છે. ચારિત્રની સાથે સંબંધ હોવાને કારણે અપ્રશસ્ત ક્રિયાઓનો નિગ્રહ કરવો તે ઈચ્છનીય છે. સમિતિમાં સત્ક્રિયામાં પ્રવર્તન મુખ્ય હોય છે. તેનું તાત્પર્ય એ છે કે પ્રશસ્ત ક્રિયાઓમાં પણ મનનું નિયમન કરવું, મૌન ધારણ કરવું, અને શારીરિક ક્રિયાઓનું નિયમન કરીને જીવોનું રક્ષણ કરવું તે અનુક્રમે મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ છે. શલ્ય એટલે કાંટો અથવા એવી જ કોઈ તીક્ષ્ણ વસ્તુ, કે જે શરીરને વાગતાં જ શરીર તથા મનને અસ્વસ્થ કરી નાખે છે, અને કોઇ પણ કાર્ય કરવા માટે આત્માને એકાગ્ર થવા દેતી નથી, તેથી આત્મા શલ્યથી આડખીલી ભોગવ્યા કરે છે. તે શલ્યના ત્રણ પ્રકાર છે માયા મિથ્યા, અને નિદાન એ ત્રણે ભાવશલ્ય છે. બાણ આદિ બહાર ભોંકાતી વસ્તુઓ દ્રવ્યશલ્ય છે. વ્રતી બનવાને માટે તે જરૂરી છે કે તેણે ત્રણે ભાવશલ્યોનો સંપૂર્ણ પરિત્યાગ કરવો જોઈએ. જ્યાં વ્રતી બનવાનું વિધાન છે ત્યાં તે વ્રતી આત્માને તે શલ્યોનો સંપૂર્ણરીતે પરિત્યાગ કરવાનો આદેશ એ કારણે છે કે તેના પ્રભાવથી અવ્રત પણ વ્રતના જેવાં લાગે છે. માત્ર અહિંસા આદિ વ્રતો અંગીકાર કરવાથી જ કોઇ સાચો વ્રતી બની જતો નથી. સાચો વ્રતી બનાવને માટે તેણે એ શલ્યોનો તદ્દન પરિત્યાગ કરવો આવશ્યક છે જેમ કે-સ્વસ્થ મનુષ્યના પગ આદિમાં વાગેલ કાંટો તેના ચિત્તને અસ્થિર બનાવી નાખે છે અને લક્ષ્યથી વ્યગ્ર કરી નાખે છે. એ જ પ્રમાણે એ શલ્ય પણ વ્રતીને પોતાના વ્રતની સાચી આરાધના કરવા રૂપી. લક્ષ્યથી અકુશલ પરિણામ યુકત તથા વ્યગ્ર બનાવે છે વ્રતોને અંગી-કાર કરવા તે એક વાત છે અને તેમને પોતાના જીવનમાં ઉતારવા તે અલગ વાત છે.

આ શલ્યોના સદ્ભાવમાં વ્રતી પોતાની માનસિક સ્થિતિનું સમતોલપણું ગુમાવી બેસે છે. તેથી વ્રતોની આરાધનાને માટે માનસિક સ્વાસ્થ્ય બરાબર રાખવું તે શલ્યોનો અભાવ હોય તોજ સંભવી શકે છે વ્રતોનું પાલન કરવામાં કપટ ઢોંગ, અને ઠગવાની વૃત્તિ રાખવી તેનું નામ માયા શલ્ય છે દેવા દકોની ઋદ્ધિયોનું અવલોકન કરીને કે તેનું વર્ણન સાંભ-ળીને મનમાં એવો સંકલ્પ કરવો કે મને પણ બ્રહ્મચર્ય આદિ વ્રતો આચરવાથી તે ઋિદ્ધિયો પ્રાપ્ત થશે, તેનું નામ નિદાન શલ્ય છે. તે નિદાનશલ્ય મોક્ષરૂપ ફળનો ઉચ્છેદ કરનાર હોય છે. વ્રતોનું પાલન કરતી વખતે પણ સત્ય પર શ્રદ્ધા ન રાખવી, અથવ અસત્યનો આગ્રહ રાખવો તે મિથ્યાદર્શન શલ્ય છે. માનકષાય અને લોભકષાયથી ઉત્પન્ન થયેલ અશુભ ભાવોની ગુરુતાનું આત્મામાં અસ્તિત્વ હોવું તેનું નામ ગૌરવ છે. ગૌરવના ત્રણ પ્રકાર છે-ઋિદ્ધિગૌરવ રસગૌરવ અને સાત ગૌરવ. તે ગૌરવ ચાર ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરાવવાના કારણરૂપ કર્મનો હેતુ હોય છે. નરેન્દ્ર આદિ દ્વારા પૂજાવાનું

અથવા પૂજ્ય આચાર્ય આદિની પદવી પ્રાપ્ત થવાનું અભિમાન દર્શાવીને પોતાનું ગૌરવ પ્રદર્શિત કરવું તેને ઋદ્ધિગૌરવ કહે છે. ઋદ્ધિ પ્રાપ્તિના અભિમાનથી અને તેની અપ્રાપ્તિમાં અશુભ ભ વ કરવાથી તે ઋદ્ધિગૌરવ પેદા થાય છે. સ્વાદેન્દ્રિયના વિષય-ભૂત મનોજ્ઞ, મધુર આ દ રસોની પ્રાપ્તિમાં આનંદ માણવો અને તેમની અપ્રાપ્તિમાં આત્મામાં આકુળ વ્યાકુળ બનવા રૂપ અશુભવૃત્તિ થવી તેને રસગૌરવ કહે છે. "હું જ સુખી છું" આ પ્રકારનું અભિમાન કરવું તે સાતગૌરવ છે. સાત ગૌરવમાં સુખી હોવાનું પોતાને અભિમાન રહે છે, અને એવાં સુખ બીજાને પ્રાપ્ત ન થાય એવી ભાવના રહે છે. વિરાધના એટલે નાશ કરવો. તે નિન્દા અથવા નિન્હવથી-વિપરીત તત્વ બતાવવાથી થાય છે. જ્ઞાન વિરાધના, દર્શન વિરાધના, અને ચારિત્ર વિરાધના, એવા તેના ત્રણ પ્રકાર છે. જ્ઞાનની નિન્દા કરવી અથવા જ્ઞાનદાતા ગુર્વાદિકોનું નિન્હવ કરવું (વપરીત તત્વ બતાવવું) તેને જ્ઞાન વિરાધના કહે છે. ક્ષાયિક સમ્યકત્વ આદિની નિંદા અથવા તે ધારણ કરનારનું નિન્હવ કરવું તે દર્શન વિરાધના છે. સામયિક આદિ ચારિત્રની નિંદા કરવી અથવા વ્રત આદિનું ખંડન કરવું તેને ચારિત્ર વિરાધના કહે છે. ॥સૂ. ૧૨॥

## તીસરા સમવાય મેં નારકિયોં કે સ્થિત્યાદિ કા નિરૂપણ

'इमीसे णं' इत्यादि ।

ટીકાર્થ-આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમની હોય છે. બીજી પૃથ્વીમાં નારકીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ સાગરોપની હોય છે. ત્રીજી પૃથ્વીમાં નારકીઓની જઘન્ય સ્થિતિ ત્રણ સાગરોપમની છે. અસુરકુમાર દેવોમાં કેટલાક અસુરકુમાર દેવોની ત્રણ પલ્યોપમની સ્થિતિ છે. અસંખ્ય ત વર્ષના

આયુષ્યવાળા ભોગભૂમિયા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંગૂ યોનિના જીવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમની હોય છે. એ જ પ્રમાણે અસખ્યાત વર્ષનાં આયુષ્યવાળા ભોગભૂમિયા ગર્ભજ સંજ્ઞી મનુષ્યોની પણ ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમની છે સૌધર્મ અને ઇશાન દેવલોકમાં કેટલાક દેવોની ત્રણ પલ્યોપમની સ્થિતિ દર્શાવી છે. સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પોમાં કેટલાક દેવોની ત્રણ સાગરોપમની સ્થિતિબતાવી છે.

ભાવાર્થ–પહેલી પૃથ્વીમાં નારકીઓની જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગરોપમની કહેલ છે. પણ અહિં જે કેટલાક નારકીઓની સ્થિતિ ત્રણ પલ્યોપમની દર્શાવી છે. તે મધ્યમ સ્થિતિને ધ્યાનમાં લઈને દર્શાવેલ છે. બીજી પૃથ્વીમાં ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ સાગરોપમની છે, એ જ ત્રીજી પૃથ્વીમાં જઘન્ય છે. ત્રીજી પૃથ્વીમાં ઉત્કૃષ્ટસ્થિતિ સાત સાગરોપમની છે. અસુરકુમાર દેવોમાંના કેટલાક દેવોની સ્થિતિ અહીં જે ત્રણ પલ્યોપમની બતાવી છે તે મધ્યમ સ્થિતિની અપેક્ષાએ કહેલ છે. કારણ કે અસુરકુમારોની સ્થિતિ એક સાગરોપમ અને એક સાગરોપમથી થોડી વધારે દર્શાવેલ છે. ભોગભૂમિના ઉત્તમ, મધ્યમ અને જઘન્યની અપેક્ષાએ ત્રણ ભેદ છે. જઘન્ય ભોગભૂમિમાં એક પલ્યોપમની, મધ્યમ ભોગભૂમિમાં બે પલ્યોપમની અને ઉત્કૃષ્ટ ભોગભૂમિમાં ત્રણ પલ્યોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ હોય છે. દોકુરુ અને ઉત્તરકુરુમાં તિર્યંચો અને મનુષ્યોની આ સ્થિતિ હોય છે. વિદેહ ક્ષેત્રમાં મેરુ અને નીલ પર્વતની વચ્ચેનો અર્ધચન્દ્રાકાર ભાગ કે જેની પૂર્વ પશ્ચિમ સીમા ત્યાના બે પર્વતોથી નિશ્ચિત થાય છે, તેને ઉત્તર કુરુ કહે છે. અને મેરુ તથા નિષધ પર્વતની વચ્ચેનો એવો જ અર્ધચન્દ્રાકાર ભાગ દેવકુરુ કહેવાય છે. દેવકુરુ અને ઉત્તરકુરુ એ બન્ને ક્ષેત્રો વિદેહ ક્ષેત્રના જ ભાગ છે. પણ તે ક્ષેત્રોમાં યુગલિકોની વસ્તી હોવાથી તેમને ભિન્ન રૂપે ઓળખવામાં આવે છે. સૌધર્મ અને ઇશાન કલ્પમાં દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ બે સાગરોપમની અને બે સાગરોપમથી થોડી વધારે બતાવેલ છે. તેથી અહીં જે ત્રણ પલ્યોમની સ્થિતિ કહેવામાં આવી છે તે મધ્યમ સ્થિતિ કહેલ છે. ત્યાં જઘન્ય સ્થિતિ એક પલ્યોપમની અને એક પલ્યોપમથી થોડી વધારે છે સનત્કુમાર અને માહેન્દ્રકલ્પમાં ઉતકૃષ્ટ સ્થિતિ ક્રમશઃ સાત સાગરોપમની અને સાત સાગરોપમથી થોડી વધારે છે, અને જઘન્ય સ્થિતિ બે સાપરોપમની અને બે સાગ-

રોપમથી થોડી વધારે છે. તેથી અહીં જે કેટલાક દેવોની સ્થિતિ ત્રણ સાગરોપમની પ્રગટ કરવામાં આવેલ છે તે મધ્યમ સ્થિતિની અપેક્ષાએ કહેવામાં આવેલ છે એમ સમજી લેવું ॥સૂ. ૧૩॥

## ચૌથે સમવાય મેં કષાયાદિ કા નિરૂપણ

टीकार्थ—'जे देवा' इत्यादि।

ટીકાર્થ–જે દેવો આભંકર,૧ પ્રભંકર, ૨ આભંકર–પ્રભંકર, ૩ ચન્દ્ર, ૪ ચન્દ્રાવર્ત ૫, ચન્દ્રપ્રભ, ૬ ચન્દ્રકાન્ત, ૭ ચન્દ્રવર્ણ, ૮ ચન્દ્રલેશ્ય, ૯ ચન્દ્રધ્વજ, ૧૦ ચન્દ્રશ્રૃગ, ૧૧ ચન્દ્રસ્રષ્ટ, ચન્દ્રકૂટ, ૧૩ અને ચન્દ્રોત્તરાવતંસક, ૧૪એ વિમાનોમાં દેવની પર્યાયથી પેદા થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ સાગરોપમની હોય છે. તે દેવો દોઢ માસને અન્તે અંદર તથા બહાર શ્વાસોચ્છવાસ ગ્રહણ કરે છે. તે દેવોને ત્રણ હજાર વર્ષ બાદ આહાર સંજ્ઞા ઉત્પન્ન થાય છે. તેમનામાંથી કેટલાક દેવો એવા હોય છે કે જે ભવસિદ્ધિક હોય છે, તેઓ ત્રણ ભવ કરીને સિદ્ધિ ગતિ પ્રાપ્ત કરશે, આત્માનાઅનંત જ્ઞાનાદિક ગુણોનો ઉપભોગ કરશે, સમસ્ત કર્મોનો આત્યંતિક રીતે ક્ષય કરશે, કૃતકૃત્ય થઈને સમસ્ત પ્રકારનાં દુઃખોનો અંત કરનાર થશે ॥સૂ. ૧૪॥

હવે સૂત્રકાર ચોથા સમવાયાંગનું પ્રતિપાદન કરે છે—'चत्तारी' इत्यादि।

ટીકાર્થ–કષાય ચાર છે–(૧) ક્રોધ કષાય, (૨) માન કષાય, [૩) માયા કષાય અને લોભ કષાય. ધ્યાન ચાર કહેલ છે–(૧) આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન, (૩) ધર્મધ્યાન અને (૪) શુકલ ધ્યાન. ચાર વિકથાઓ કહેલ છે–સ્ત્રીકથા, ભકતકથા, રાજકથા અને દેશ. કથા. ચાર સંજ્ઞાઓ આ પ્રમાણે છે- (૧) આહાર સંજ્ઞા, ૨) ભયસંજ્ઞા, (૩) મૈથુન સંજ્ઞા. (૪) પરિગ્રહ સંજ્ઞા. ચાર પ્રકારના બંધ બતાવેલ છે–(૧) પ્રકૃતિબંધ, (૨) સ્થિતિબંધ, (૩) અનુભાવબંધ અને (૪) પ્રદેશબંધ. ચાર કોશનો એક યોજન

બતાવ્યો છે. અનુરાધા નક્ષત્ર ચાર તારાઓ વાળું પૂર્વાષાઢા નક્ષત્ર ચાર તારાઓ વાળું, અને ઉત્તરાષાઢા નક્ષત્ર ચાર તારાઓવાળુ બતાવ્યું છે.

ભાવાર્થ—ચારિત્રરૂપ આત્મપરિણામોમાં અનિર્મળતા નું નામ જ કષાય છે. કષાયમોહના ઉદયથી ક્રોધ, માન માયા અને લોભ, એ ચાર કષાયો ઉત્પન્ન થાય છે. મિથ્યાત્વ ગુણસ્થાનથી લઇને દસમા ગુણસ્થાન સુધી કષાય વધુ ઓછા પ્રમાણમાં રહેલ હોય છે. પછીનાં ગુણસ્થાનોમાં કાં તો ચારિત્ર મોહનીયનો ઉદય રહેતો નથી અથવા તો ચારિત્ર મોહનીય કર્મ જ નથી રહેતાં, તેથી પછીનાં ગુણસ્થાનોમાં કષાય હોતો નથી. ધ્યાન એટલે અન્તર્મુહૂર્ત સુધી ચિત્તની એકાગ્રતા ઉત્તમ સંહનન વાળાઓને ચિત્તની તે એકાગ્રતા પ્રશસ્ત રૂપમાં રહે છે. અને તે સિવાયના જીવોમાં પ્રશસ્ત રૂપે રહે છે. પ્રશસ્ત રૂપ ધ્યાન જ સંવર અને નિર્જરાનો હેતુ હોય છે, અપ્રશસ્ત ધ્યાન નહીં, તેથી ધ્યાનના આ ચાર ભેદ કહેલ છે–આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, અને શુકલધ્યાન. 'ઋત' એટલે દુઃખ. જે થવાને માટે દુઃખનો ઉદ્વેગ અથવા તીવ્રતા નિમિત્ત હોય, અથવા જે ધ્યાન દુઃખમાં જ ઉત્પન્ન થનાર હોય હોય તેનું નામ આર્ત્તધ્યાન છે અથવા દુઃખિત વ્યકિતનું જે ધ્યાન હોય તે આર્ત્ત-ધ્યાન કહેવાય છે. તે આર્ત્તધ્યાન ચાર પ્રકારનું છે. (૧) અપ્રિય વસ્તુ પ્રાપ્ત થતાં તેના વિયોગને માટે ચિન્તિત રહેવું તે પ્રથમ આર્ત્તધ્યાન છે (૨) પ્રિય વસ્તુનો વિયોગ થતા તેની પ્રાપ્તિને માટે સતત ચિન્તા કરવી ને બીજું આર્ત્તધ્યાન છે. (૩) વેદના થતાં તેને દૂર કરવાને માટે નિરંતર ચિન્તા કરવી તે ત્રીજું આર્ત્તધ્યાન છે. (૪) આગામી વિષયની પ્રાપ્તિને માટે નિરતર ચિન્તા કરવી તે ચોથું આર્ત્તધ્યાન છે. તે આર્ત્તધ્યાન ચોથા પાંચમાં અને છઠ્ઠા ગુણસ્થાનમાં એટલે કે શરૂઆતથી લઈને છઠ્ઠા ગુણસ્થાન સુધી થાય છે, પણ તેમાંનો ચોથો ભેદ છઠ્ઠા ગુણસ્થાનમાં થતો નથી. દુઃખની ઉત્પત્તિના મૂળમાં ચાર કારણ છે–(૧) અનિષ્ટ વસ્તુનો તંયોગ, (૨) ઇષ્ટ વસ્તુનો વિયોગ, (૩) પ્રતિકૂલ વેદના અને (૫) ભોગલાલસા ને કારણોને લીધે જ આર્ત્તધ્યાનના એ ચાર ભેદ પડેલ છે. જે બીજા જીવોને રડાવે–કષ્ટ દે, એવાં ક્રૂર–દુષ્ટ જીવોનાં પ્રાણીઓનું ઉપમર્દન કરનારાં જે કોઇ કાર્યો હોય તે સઘળાં રૌદ્ર કહેવાય છે. એ રાદ્રરૂપ જે ધ્યાન હોય છે તેને રૌદ્રધ્યાન કહે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે જેનું ચિત્ત અતિ કઠોર અને કર હોય છે એવાં જીવનું જે ધ્યાન હોય છે તેને

રૌદ્રધ્યાન કહે છે. ચિત્તમાં કઠોરતાની ઉત્પત્તિ હિંસા, અસત્ય, ચોરી અને પ્રાપ્ત વિષયોના સંરક્ષણ, એ ચાર કારણે જ થાય છે, તેથી તેના પણ આ પ્રમાણે ચ ર ભેદ છે-(૧) હિંસાનુબંધી (૨) મૃષાનુબંધી, (૩) સ્તેયાનુંબંધી, અને સંરક્ષણાનુંબંધી. આ ધ્યાન પહેલેથી લઇને પાંચમાં ગુણસ્થાન સુધીના જીવોને થાય છે ।।૨।। સર્વજ્ઞ ભગવનની આજ્ઞા આદિને ધર્મ કહે છે. તે ધર્મનું વારંવાર ચિંતન કરવું તે ધર્મ-ધ્યાન છે. તેના ચાર ભેદ આ પ્રમાણે છે-(૧) આજ્ઞાવિચય, (૨) અપાયવિચય, (૩) વિપાકવિચય, અને (૪) સંસ્થાન વિચય. ।।૩।।

જે શોકને દૂર કરે તેનું નામ શુક્લ છે, એવો શુકલનો વ્યુત્પત્તિલભ્ય અર્થ થાય છે. આ ધ્યાન જ ભાવના ક્ષયનું કારણ છે. ધર્મધ્યાન સાતમાં ગુણસ્થાનથી લઇને બારમાં ગુણસ્થાન સધીના અને શુકલધ્યાન અગિયારમાં ગુણસ્થાનથી લઇને ચૌદમાં ગુણસ્થાન સુધીના જીવોને થાય છે. શુકલધ્યાનના આ પ્રમાણે ચાર ભેદ છે— [૧] પૃથક્ત્વ વિતર્ક સવિચાર, [૨] એકત્વવિતર્કાવિચાર, [૩] સૂક્ષ્મક્રિયા અનિવૃત્તિ અને ૪ સમુચ્છન્ન ક્રિયા અપ્રતિપાતી. તેમનું વિશેષ વર્ણન આગમોમાંથી જાણી શકાય છે. જે કથાઓ ચારિત્રથી વિરૂદ્ધની હોય છે તેમને વિકથા કહે છે. [૧] સ્ત્રી વિષેની કથાને સ્રીકથા કહે છે. [૨] ભોજન વિષેની કથાને ભકતકથા કહે છે. [૩] રાજા સંબંધી કથાને રાજકથા કહે છે અને [૪] દેશ વિષેની કથાને દેશ કથા કહે છે. તે કથાઓ સમ્યક્ ચારિત્રની આરાધનામાં કોઇ પણ રીતે ઉપયોગી નથી, પણ તે કથાઓ ચારિત્રને મલિન કરનારી હોય છે, તેથી જ તેમને વિકથાઓ કહે છે. અસાતવેદનીય અને મોહનીય કર્મના ઉદયથી જીવોને આહાર આદિથી અભિલાષા રૂપ જે પરિણતિ થાય છે તેને સંજ્ઞા કહે છે આહાર સંજ્ઞા આદિ તેના ચાર ભેદ છે. એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના સઘળા જીવોમાં આહારસંજ્ઞા હોય છે. બંધના ચાર પ્રકાર છે—પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાવબંધ, અને પ્રદેશબધ કર્મવર્ગણા યોગ્ય પુદ્ગલોનો આત્મપ્રદેશોની સાથે ક્ષીરનીર [દૂધ અને પાણી] ની જેમ જે સંબંધ થઇ જાય છે તેને બંધ કહે છે. ગૃહીત કર્મના જ્ઞાનાવરણીય આદિરૂપ જે અંશો છે તે અંશોનો બંધ પ્રકૃતિબંધ છે. જઘન્ય આદિના ભેદથી યુકત પ્રકૃતિયોનું આત્મામાં થોભવાની મર્યાદા રૂપથી બંધાવું તેનું નામ સ્થિતિબંધ કરાયેલ પ્રકૃતિયોનું પોતાની કાળ-મર્યાદા અનુસાર ઉદયમાં આવવું અને મન્દતીવ્રાદિ રૂપે રસ-ફૂલ-દેવું એ પ્રકારનો જે બંધ હોય છે તેનું નામ અનુભાવબંધ છે. કષાય યુકત બનેલ જીવોના દ્વારા મન વચન આદિ યોગ પ્રણાલીથી ગૃહીત ભિન્ન ભિન્ન સ્વભાવમાં પરિણમતી કર્મ-પુદ્ગલ રાશિનું જે અમુક અમુક વિભાગરૂપે વહેંચાઇ જવાનું થાય છે તેનું નામ પ્રદેશબંધ છે. ।।સૂ. ૧૫।।

## ચૌથે સમવાયમેં નારકિયોં કી સ્થિત્યાદિ કા નિરૂપણ

**'इमीसे णं' इत्यादि ।**

ટીકાર્થ—આ રત્નપ્રભા પૃથ્વીમા કેટલાક નારકીઓની સ્થિતિ ચાર પલ્યોપમની છે ત્રીજી પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ ચાર સાગરોપમની છે. અસુરકુમાર દેવોમાં કેટલાક દેવોની સ્થિતિ ચાર પાલ્યોપમની છે. સૌધર્મ અને ઈશાન, એ બે કલ્પોમાં કેટલાક દેવોની સ્થિતિ ચાર પલ્યોપમની છે. સનત્કુમાર અને માહેન્દ્ર, એ બે કલ્પોમાં કેટલાક દેવોની સ્થિતિ ચાર પલ્યોપમની છે. આ સુત્ર દ્વારા આ મધ્યમસ્થિતિ જ બતાવવામાં આવી છે. ॥૧૬॥

**'जे देवा' इत्यादि ।**

ટીકાર્થ—જે દેવો, કૃષ્ટિ સુકૃષ્ટિ, કૃષ્ટયાવર્ત્ત કૃષ્ટિપ્રભ, કૃષ્ટિયુકત, કૃષ્ટિવર્ણ, કૃષ્ટિલેશ્ય, કૃષ્ટિધ્વજ, કૃષ્ટિશ્રૃંગ, કૃષ્ટિસૃષ્ટ. કષ્ટિકૂટ, અને કષ્ટયુત્તરાવતંસક, એ બાર પ્રકારનાં વિમાનોમાં દેવની પાર્યાયમાં ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટસ્થિતિ ચાર સાગરો-પમની હોય છે. તે દેવો ચાર પખવાડિયામાં એટલે કે મહિને અંદર શ્વાસ લે છે. અંદર નિઃશ્વાસ લે છે, બહાર ઉચ્છવાસ લે છે. તે દેવોને ચાર હજાર વર્ષ પછી આહાર સંજ્ઞા થાય છે તે દેવોમાં કેટલાક દેવો ભવસિદ્ધિક હોય છે, જેઓ ચાર ભવ કરીને સિદ્ધ બનશે, બુદ્ધ થશે, કર્મોથી મુકત થશે, પરિનિ-વૃત થશે અને સમસ્ત દુઃખોના અંત કરશે. ॥સૂ. ૧૭॥

## પાંચવેં સમવાય મેં ક્રિયાદિ કા નિરૂપણ

હવે સૂત્રકાર પાંચમા સમવાયાંગનું કથન કરે છે—

**"पंच किरिया" इत्यादि ।**

ટીકાર્થ-ક્રિયાઓ પાચ છે—કાયિક ક્રિયા, અધિકરણિકી ક્રિયા પ્રદ્વેષિકી ક્રિયાા પારતા-પનિકી ક્રિયા, અને પ્રાણાતિપાત ક્રિયા, મહાવ્રત પાંચ છે– (૧) સર્વ પ્રકારના પ્રાણા-તિપાનથી વિરમણ (૨) સર્વ પ્રકારના મૃષ વાદનું વિરમણ, (૩) સર્વ પ્રકારના અદ-ત્તાદાનનું વિરમણ, (૪) સર્વ પ્રકારના મૈથુનનું વિરમણ (૫) અને સર્વ પ્રકારના પરિગ્રહનું વિરમણ કરવું. પાંચ કામગુણ હોય છે. તે આ પ્રમાણે છે– શબ્દ, રૂપ-

રસ, અને ગંધ અને સ્પર્શ. પાંચ આસ્રવ દ્વાર હોય છે. તે આ પ્રમાણે છે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ. પાંચ સંવરદ્વાર હોય છે. તે આ પ્રમાણે છે-સમમ્યકત્વ વિરતિ, અપ્રમત્તતા, અકષાય, અને અયોગ. પાંચ નિર્જરાસ્થ ન હોય છે. તે આ પ્રમાણે છે. પ્રાણાતિપાતથી વિરકત થવું, મૃષાવાદથી વિરકત થવું, અદત્તાદાનથી વિરકત થવું મૈથુનથી વિરકત થવું. અને પરિગ્રહથી વિરકત થવું પાંચ સમિતિયો છે. તે આ પ્રમાણે છે-ઈર્યાસમિતિ ભાષા સમિતિ. એષણાસમિતિ આદાન ભાંડ માત્ર નિક્ષેપણા સમિતિ અને ઉચ્ચાર-પ્રસ્રવણખેલ જલ્લ શિંઘાણ પરિષ્ઠાપનિકા સમિતિ ચાલતી વખતે કોઈ પણ જીવને કલેશ ન થાય તે પ્રકારની સાવચેતી રાખવી તેનું નામ ઈર્યા સમિતિ છે. (૧) ભાષા બોલવામાં સત્ય. હિત, પરિમિત અને સંદેહ રહિત વચન બોલવાં તેનું નામ ભાષા સમિતિ છે. (૨) સંયમયુકત જીવનયાત્રામાં ઉપયોગી એવા આહાર આદિને ૪૨ દોષથી બચીને મેળવવાની પ્રવૃત્તિ કરવી તેનું નામ એષણા સમિતિ છે. (૩) સંયમોપકારી ભાંડમાત્રો-ઉપકરણો મૂકવા તથા લેવામાં યતનાપૂર્વક પડિલેહણા આદિ પ્રવૃત્તિ કરવી એટલે કે પ્રત્યેક વસ્તુને સારી રીતે જોઇને અને પ્રમાર્જિત કરીને મૂકવી કે લેવી તેનું નામ આદાન ભાંડમાત્ર-નિક્ષેપણા સમિતિ છે. (૪) ઉચ્ચાર ઝાડો પ્રસ્રવણ-મૂત્ર ખેલ થૂંક, જ લ-દેહમળ, અને શિંઘાણ--નાકનો મળ, તેમને પ્રાસૂક (દોષરહિત) ભૂમિમાં જોઇ તપાસીને યતના પૂર્વક પાઠવવો તેનું નામ ઉચ્ચારપાસવણ ખેલી જલ્લ શિંઘાણ પરિષ્ઠાપનિકા સમિતિ છે (૫) અસ્તિકાય પાંચ છે તે આ પ્રમાણે છે-ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય. અને પુદ્ગલાસ્તિકાય રોહિણી નક્ષત્ર પુનર્વસુનક્ષત્ર, હસ્તનક્ષત્ર, વિશ ખા નક્ષત્ર અને ધનિષ્ઠા નક્ષત્ર એ પાંચ નક્ષત્રો પાંચ પાચ તારાઓવાળાં છે.

ભાવાર્થ--સૂત્રકાર આ સૂત્રદ્વારા પાંચમાં સમવાયાંગનું વર્ણન કરે છે. તેમાં ક્રિયા, મહાવ્રત, કામગુણ, આસ્રવદ્વાર, સંવર દ્વાર નિર્જરાસ્થાન, સમિતિ, અસ્તિકાય, અને રોહિણી આદિ નક્ષત્રના તારા આદિ પાંચ પાંચ હોય છે. તેમ બતાવ્યું છે દરેક શારીરિક ચેષ્ટાને કયિક ક્રિયા કહે છે. (૧) જેને કારણે આત્મા નરક આદિ કુયોનિયોમાં જવાને પાત્ર બને છે તેવાં અનુષ્ઠાન વિશેષોને અધિકરણિકી ક્રિયા કહે છે (૨) તલવાર આદિ હિંસાનાં સાધનોનો સમાવેશ આ ક્રિયાની અંદર થાય છે. કર્મબંધના હેતુરૂપ જીવનું જે અકુશલ પરિણામ હોય છે તેને પ્રદ્વેષ કહે છે તે પ્રદ્વેષથી ઉત્પન્ન થતી ક્રિયાને પ્રાદ્વેષિકી ક્રિયા કહે છે (૩) મારપીટ આદિ દુઃખથી જે ક્રિયા થાય છે તેનું નામ પરિતાપનિકી ક્રિયા છે. (૪) જે ક્રિયામાં જીવોનાં પ્રાણોનો વિનાશ થાય એવી ક્રિયાને પ્રાણાતિપાત ક્રિયા કહે છે. (૫) ગૃહસ્થનાં વ્રતો કરતાં જે વ્રતો મહાન હોય છે તેમને મહાવ્રત કહે છે. તે મહાવ્રતો અહિંસા આદિ ભેદથી પાંચ બતાવ્યાં છે. મન, વચન અને કાયા દ્વારા દરેક પ્રકારે હિંસાનો ત્યાગ કરવો તેનું નામ અહિંસા મહાવ્રત (૧) મન, વચન, અને કાયા દ્વારા હિંસનો ત્યાગ કરવો તે અહિંસા મહાવ્રત છે. મન વચન અને કાય દ્વારા દરેક રીતે અસત્યનો ત્યાગ કરવો તેનું નામ સત્ય મહાવ્રત છે. (૨) તે જ પ્રમાણે ન દીધેલું ગ્રહણ ન કરવું તેનું નામ અચૌર્ય મહાવ્રત છે. (૩) કુશીલનો ત્યાગ કરવો તે બ્રહ્મચર્ય મહાવ્રત છે (૩) અને ધર્મોપકરણ સિવાયની અન્ય વસ્તુનો ત્યાગ કરવો તેનું નામ પરિગ્રહ મહાવ્રત છે. (૫ અભિલાષાના વિષયભૂત બનેલ પુદ્ગલના ધર્મ શબ્દાદિકને કામગુણ કહે છે. વસ્ત્ર, મિષ્ટાન્ન, પુષ્પ, ચંદન આદિ પદાર્થો જુદી જુદી રીતે ઇન્દ્રિયોને સુખ આપે છે. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ, એ પાંચ આસ્રવદ્વાર છે સમ્યકત્વ, વિરતિ, અપ્રમત્તતા, અકષાય અને અયોગ એ પાંચ સંવર દ્વાર છે, કારણ કે તેના આચરણથી નવાં કર્મોનું આગમન અટકી જાય છે. પ્રાણાતિપાત આદિનું વિરમણ થવા સંચિત કર્મોની નિર્જરા થાય છે. તેથી પ્રાણાતિપાત વિરમણ આદિ પાંચ નિર્જરાસ્થાન છે ઇર્યાસમિતિ આદી પાંચ સમિતિયોનું સ્વરૂપ સૂત્રના અર્થમાં સ્પષ્ટ કરવામા આવ્યું છે પ્રદેશોના સમુદાયથી યુકત પદાર્થોને અસ્તિકાય કહેવાય છે ધર્માદિક પાંચ દ્રવ્યને અસ્તિકાય કહે છે. ાસૂ. ૧૮ા

## પાંચવે સમવાય મેં નારકિયોં કે સ્થિત્યાદિ કા નિરૂપણ

"इमीसे णं" इत्यादि ।

टीકાર્થ-આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ પાંચ પલ્યોપમની છે ત્રીજી પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ પાચ સાગરોપમ કાળની છે. અસુરકુમાર દેવોમાં કેટલાક અસુરકુમારોની પાચ પલ્યની સ્થિતિ છે. સૌધર્મ અને ઇશાન કલ્પોમાં કેટલાક દેવોની પાંચ પલ્યોપમની સ્થિતિ છે. સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પોમાં કેટલાક દેવોની પાંચ સાગરોપમનીસ્થિતિ છે. આ સૂત્ર દ્વારા આ મધ્યમ સ્થિતિ બતાવવામાં આવી છે. ાસૂ. ૧૯ા

## છઠે સમવાય મેં લેશ્યાદિ કા નિરૂપણ

"जे देवा" इत्यादि ।

ટીકાર્થ-જે દેવો (૧) વાત, (૨) સુવાત, (૩) વાતાવર્ત, (૪) વાતપ્રભ, (૫) વાતકાન્ત, (૬) વાતવર્ણ (૭) વાતલેશ્ય, (૮) વાતધ્વજ, (૯) વાતશ્રૃંગ. (૧૦) વાતકૂટ, (૧૧) વાતોત્તરાવતંસક, (૧૩) સૂર (૧૪) સુસૂર, (૧૫) સૂરાવર્ત (૧૬) સૂરપ્રભ, (૧૭) સૂરકાન્ત (૧૮) સૂરવર્ણ, (૧૯) સૂરલેશ્ય, (૨૦) સૂરધ્વજ, (૨૧)સૂરશ્રૃંગ, (૨૨) સૂરસ્રષ્ટ (૨૩) સૂન્કૂટ અને (૨૪) સૂરોત્તરાવતંસક એ ચોવીસ વિમાનોમાં દેવની પર્યાયથી ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ પાંચ સાગરોપમની હોય છે. તે દેવો અઢી માસે બહાર અને અંદર શ્વાસોચ્છ્વાસ લે છે. તે દેવોને પાંચ હજાર વર્ષે આહાર સંજ્ઞા ઉત્પન્ન થાય છે. તે દેવોમાં કેટલાક દેવો ભવસિદ્ધિક હોય છે, જે પાંચ ભવ કરીને સિદ્ધ અવસ્થા પ્રાપ્ત કરશે ત્યાંથી શરૂ કરીને સમસ્ત દુઃખોનો અંત કરશે ત્યાં સુધીનું લખાણ આગળ મુજબ સમજવું. ાસૂ. ૨૦ા

હવે છઠું સમવાયાંગ કહે-'छ लेसाओ' इत्यादि ।

ટીકાર્થ-લેશ્યાઓ છ બતાવી છે. તે આ પ્રમાણે છે—

(૧) કૃષ્ણલેશ્યા (૨) નીલલેશ્યા, (૩) કાપોત લેશ્યા (૪) તેજો લેશ્યા, (૫) પદ્મ લેશ્યા અને (૬) શુકલ લેશ્યા. જીવનિકાય છ છે. તે આ પ્રમાણે છે-(૧) પૃથ્વીકાય

(૨) અપ્કાય, (૩) તેજસ્કાય, (૪) વાયુકાય, (૫) વનસ્પતિકાય, અને (૬) ત્રસકાય. છ પ્રકારનાં બાહ્ય તપ બતાવ્યાં છે. તે આ પ્રમાણે છે—(૧) અનશન (૨) ઉણોદરિકા (૩) વૃત્તિસંક્ષેપ, (૪) રસપરિત્યાગ, (૫) કાય કલેશ અને (૬) સંલીનતા છ પ્રકારનાં આભ્યન્તર તપ કહ્યાં છે. તે આ પ્રમાણે છે-(૧) પ્રાયશ્ચિત્ત, (૨) વિનય, (૩) વૈયાવૃત્ય, (૪) સ્વાધ્યાય, (૫) ધ્યાન અને (૬) વ્યુત્સર્ગ છ છાદ્મસ્થિક સમુદ્‌ઘાત છે, તે આ પ્રમાણે છે-(૧) વેદના સમુદ્‌ઘાત, (૨) કષાય સમુદ્‌ઘાત, (૩) મારણાંતિક સમુદ્‌ઘાત (૪) વક્રિય સમુદ્‌ઘાત, (૫) તૈજસ સમુદ્‌ઘાત, અને (૬) આહારસમુદ્‌ઘાત, છ પ્રકારનો અર્થાવગ્રહ બતાવેલ છે, તે આ પ્રમાણે છે—(૧) શ્રોત્રેન્દ્રિય અર્થાવગ્રહ (૨) ચક્ષુરિન્દ્રિય અર્થાવગ્રહ, (૩) ઘ્રાણેન્દ્રિય અર્થાવગ્રહ, (૪) જિહ્‌વેન્દ્રિય અર્થાવગ્રહ, (૫) સ્પર્શેન્દ્રિય અર્થાવગ્રહ અને (૬) નોઇન્દ્રિય અર્થાવગ્રહ, કૃત્તિકા નક્ષત્ર અને અશ્લેષા નક્ષત્ર એ બન્ને નક્ષત્રો છ, છ તારાઓ વાળાં છે.

ભાવાર્થ—કષાયના ઉદયથી અનુરંજિત યોગથી પ્રવૃત્તિનું નામ લેશ્યા છે. તેના પ્રભાવથી આત્મા કર્મોની સાથે સંબંધિત થઈ જાય છે. લેશ્યા બે પ્રકારની હોય છે-[૧] દ્રવ્યલેશ્યા અને (૨) ભાવલેશ્યા. દ્રવ્ય લેશ્યા બાહ્ય શરીરનો રંગ છે. ભાવલેશ્યા આત્માનાં શુભ અશુભ પરિણામ છે. જે પ્રમાણે સ્ફટિક મણિમાં જપાપુષ્પ આદિ દ્રવ્યની મદદથી વિશેષ પ્રકારનું પરિણમન થઇ જાય છે તે જ પ્રમાણે બાહ્ય કૃષ્ણ આદિ દ્રવ્યની મદદથી આત્મામાં જે પરિણામ થાય છે તે લેશ્યા છે, કૃષ્ણ, નીલ, કાપોત, એ ત્રણ અશુભ લેશ્યાઓ છે, અને તે જ પદ્મ અને શુકલ, એ ત્રણ શુભ લેશ્યાઓ છે. જીવનિકાય એટલે છ પ્રકારના જીવોનો સમુદાય આમ તો બે પ્રકારના જ જીવો છે-ત્રસ અને સ્થાવર, પણ અહીં જીવોના છ પ્રકાર સમજાવવા માટે સ્થાવર નિકાયના પૃથ્વીકાય આદિ પાંચ ભેદ કર્યા છે. तेजोवायून्द्विन्द्रियादयश्च त्रसाः” એ સૂત્ર પ્રમાણે જો કે તેજ અને વાયુકાયને પણ ત્રસ કહેવામાં આવેલ છે, પણ અહી ત્રસ કાયમાં તેમની ગણતરી કરવામાં આવી નથી તેનું કારણ એ છે કે તેમનામાં ત્રસ નામકર્મનો ઉદય નથી, સ્થાવર નામકર્મનો જ ઉદય છે. શાસ્ત્રમાં એમને જે ત્રસ કહેલ છે તે ગતિત્રસની અપેક્ષાએ કહેલ છે. સ્થાવર નામકર્મનો ઉદય થતાં પણ ત્રસના જેવી ગતિ હોવાને કારણે જેમને ત્રસ કહેવામાં આવે છે. ગતિત્રસ છે, લબ્ધિત્રસ નહીં. લબ્ધિત્રસ તો ત્રસ નામકર્મના ઉદય વાળા જીવો હોય છે વાસનાઓને ક્ષીણ કરવાને માટે તથા સમુચિત આધ્યાત્મિક

બળની સાધનાને માટે ઇન્દ્રિયો તથા અનને જે ઉપાયો વડે તપાવવામાં આવે છે તે ઉપાયોને તપ કહે છે તપના બાહ્ય અને આભ્યન્તર એવા બે ભેદ છે. જે બાહ્ય જીવોના જોવામા આવે તથા જેમાં શારીરિક ક્રિયાની પ્રધાનતા રહે તથા જે બાહ્ય દ્રવ્યોની અપેક્ષાથી યુકત હોય તે બાહ્યતપ છે, અને જેમાં બાહ્ય દ્રવ્યોની અપેક્ષા ન હોય અને એજ કારણે જે બાહ્યજનેની દૃષ્ટિનો વિષય બની ન શકે તે તપને આભ્યન્તર તપ કહે છે. બાહ્યતપ આભ્યન્તર તપની પુષ્ટિનું કારણ બને છે. છે. બાહ્ય તપની છ ભેદ આ પ્રમાણે છે- (૧) નિયમથી ચાર પ્રકારના આહારનો ત્યાગ કરવો તેનું નામ અનશન છે (૨) ભૂખ હોય તેના કરતાં પણ ઓછો આહાર લેવો તેનું નામ ઉણોદર્ય છે [૩] ભિક્ષાનો સંક્ષેપ કરવો તેનું નમ વૃત્તિ સંક્ષેપ છે, તે ઉત્ક્ષિપ્તા નિક્ષિપ્ત આદિના ભેદથી અનેક પ્રકારનું છે. (૪ ઘી, દૂધ વગેરેનો પિરત્યાગ કરવો તેનું નામ રસપરિત્યાગ છે (૫) શીત, ગરમી કે વિવિધ આસનાદિ દ્વારા શરીરને કષ્ટ આપવું તેનું નામ કાયકલેશ છે. તેના વીરાસ , ઉત્કુટુકાસન, અને કેશલુંચન આદિ અનેક ભેદ છે. (૬) બાધારહિત એકાન્તસ્થાનમ રહેવું અથવા કાચબાની જેમ ઇન્દ્રિયોનું ગોપન (આકુચન) કરવું તેનું નામ સંલી-નતા છે. આભ્યાન્તર તપના છ ભેદ આ પ્રમાણે છે—

(૧) ધારણા કરેલ વ્રતમાં પ્રમાદ જનિત દોષોનું જેનાથી શોધન કરવામાં આવે તેનું નામ પ્રાયશ્ચિત્ત છે તે અલોચના આદિના ભેદથી અનેક પ્રકારનું છે. (૨) જ્ઞાન આદિ સદ્‌ગુણોમાં બહુમાન રાખવું તેનું નામ વિનય છે. (૩) યોગ્ય સાધનોને એકત્ર કરીને અથવા પોતાની જાતથી ગુરુ આદિ પૂજ્ય જનોની સેવા શુશ્રૂષા કરવી તેને વૈયાવૃત્ય કહે છે. વિનય અને વૈયાવૃત્યમાં એટલો જ તફાવત છે કે વિનય તો માનસિક ધર્મ છે અને વૈયાવૃત્ય શારીરિક ધર્મ છે. (૪) જ્ઞાનપ્રાપ્તિને માટે વિવિધ પ્રકારનો અભ્યાસ કરવો તથા મૂળ સૂત્રોનું અધ્યયન કરવું તેનું નામ સ્વાધ્યાય છે. (૫) ચિત્તના વિક્ષેપોનો ત્યાગ કરવો તેનું અથવા સૂત્રાર્થનું ચિન્તન કરવું તે પણ ધ્યાન છે. (૬) અતીચાર આદિના નિવારણ માટે કાયોત્સર્ગ કરવો તેને વ્યુત્સર્ગ કહે છે. મૂળ શરીરને છોડયા વિના આત્માના પ્રદેશોનું બહાર કાઢવું તેનું નામ સમુદ્‌ઘાત છે. તે સમુદ્‌ઘાત સાત પ્રકારના હોય છે, તેમાંનો જે કેવલી સમુદ્‌ઘાત છે તેનું વર્ણન અહિ કર્યું નથી, કારણકે તે કેવલી સિવાયના છદ્મસ્થોમાં જોવા મળતો નથી અહીં તો જે છદ્મસ્થ જીવોમાં હોય છે તેનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે તેથી તે છ પ્રકારનો છે. તે છ પ્રકારો આ પ્રમાણે છે-(૧) તીવ્ર વેદનાને કારણે જે આત્માનો પ્રદેશોનું બહાર

કાઢવાનું બને છે તેનું નામ વેદના સમુદ્દઘાત' છે. (૨) ક્રોધાદિ કષાયના તીવ્ર ઉદયરૂપ નિમિત્તને લીધે જે આત્માના પ્રદેશોનું અન્યના ઘાતને માટે બહાર કાઢવાનું થાય છે તે કષાય સમુદ્દઘાત' કહે છે. (૩) મૃત્યુ પહેલાં થોડા સમયે જે સમુદ્દઘાત થાય છે તેને 'મારણાંતિક સમુદ્દઘાત' કહે છે. અણિમા, મહિમા આદિ વિવધ પ્રકારની શારીરિક વિક્રિયાઓ કરવાને માટે આત્માના પ્રદેશો બહાર નીકળે છે, 'વૈક્રિય સમુદ્દઘાત' કહે છે. (૫) તૈજસ સમુદ્દઘાતના બે પ્રકાર છે–(૧) શુભ તૈજસ અને બીજો અશુભ તૈજસ. જગતને મહામારી આદિથી પીડીત જોઇને સંયમી મહાતેજસ્વી સાધુના હૃદયમાં પ્રાણીઓની રક્ષાર્થે દયા ઉત્પન્ન થવાથી તેમને બચાવવાને માટે શુભ તેજને છોડવું તેને "શુભ તૈજસ સમુદ્દઘાત" કહે છે. અને ક્રોધાદિ કષાયને કારણે ભસ્મ કરવાને માટે તેજને છોડવું તેનું નામ "અશુભ તજસ સમુદ્દઘાત" છે. (૬) છઠ્ઠા ગુણસ્થાનવર્તી કોઇ કોઇ પરમ તપસ્વી મુનિજનને શંકા આદિ ઉત્પન્ન થતાં શરીરમાંથી એક હાથનું પુતળું નીકળે છે. તેનો આકાર પુરુષ જેવો હોય છે. શંકાનું નિવારણ થતાં જ તે પોતાના ઉંડા સ્થાનમા પ્રવેશ કરે છે. તેનું નામ "આહારક સમુદ્દઘાત" છે. અર્થાવગ્રહના આ પ્રમાણે છ ભેદ છે–નામ, જાતિ આદિની વિશેષ કલ્પનાથી રહિત સામાન્ય માત્ર અર્થનો જ જે અવગ્રહ થાય છે–જ્ઞાન થાય છે તે અવગ્રહને 'અર્થાવગ્રહ' કહે છે. અવગ્રહના બે પ્રકાર છે–અર્થાવગ્રહ અને વ્યંજનાવગ્રહ. અર્થ–પદાર્થ–બહુ, બહુવિધ, ક્ષિપ્ર, અનિશ્રિત, અસંદિગ્ધ અને લવ, એમ છ પ્રકારનો છે. બે કે બેથી વધારે પદાર્થોનું જે અવગ્રહ રૂપ જ્ઞાન થાય છે તે બહુગ્રાહી અવગ્રહ જ્ઞાન છે. ઘણા પ્રકારના પદાર્થોનું જે અવગ્રહરૂપ જ્ઞાન થાય છે તે બહુવિધગ્રાહી અવગ્રહજ્ઞાન છે. શીઘ્રતાથી પદાર્થનું જે જ્ઞાન થાય છે તે ક્ષિપ્રગ્રાહી અવગ્રહ છે. ક્ષયોપશમ આદિની મંદતાથી પદાર્થનું જે શીઘ્ર જ્ઞાન થતું નથી તેનું નામ અક્ષિપ્રગ્રાહી અવગ્રહ છે. અનિશ્રિત પદાર્થનું જે અવગ્રહરૂપ જ્ઞાન થાય છે તે અનિશ્રિતગ્રાહી અવગ્રહ છે. અસંદિગ્ધ પદાર્થનું જે અગ્રહરૂપ જ્ઞાન થાય છે તે અસંદિગ્ધગ્રાહી અવગ્રહ જ્ઞાન છે. તથા ધ્રુવ પદાર્થનું જે જ્ઞાન હોય છે તે ધ્રુવગ્રાહી અવગ્રહ જ્ઞાન છે. આ પ્રકારના તે પદાર્થોનું જે અવગ્રહરૂપ જ્ઞાન થાય છે તે પાંચ ઇન્દ્રિયો અને છઠ્ઠા મનથી થાય છે. તેથી અર્થાવગ્રહ છ પ્રકારનો થાય છે શાસ્ત્રમાં બહુ આદિના ભેદથી અર્થ બાર પ્રકારના બતાવ્યા છે. પૂર્વકથિત તે છ ભેદ અને તે દરેકનો ઉલટો એક એક ભેદ, એમ બીજા છ ભેદ પડે છે. તેમનું પણ જે અવગ્રહરૂપ જ્ઞાન હોય છે તે પણ પાંચ ઇન્દ્રિયો અને એક મનથી થાય છે, તેથી અર્થાવગ્રહ છ પ્રકારનો બતાવ્યો છે. વ્યંજનાવગ્રહ

મન અને ચક્ષુ ઇન્દ્રિય વડે થતો નથી, તેથી તેના ચાર જ ભેદ છે તે બધાનો વધુ ખુલાસો શાસ્ત્રોમાંથી જાણી લેવો ॥૧૯॥

## છઠે સમવાય મેં નારકિયોં કી સ્થિત્યાદિ કા નિરૂપણ

"इमीसेणं" इत्यादि ।

ટીકાર્થ–આ રત્નપ્રભા પૃથ્વીમા કેટલાક નારકીઓના સ્થિતિ છ પલ્યોપમની દર્શાવી છે. ત્રીજી પૃથ્વીમાં પણ કેટલાક નારકીયોની સ્થિતિ છ સાગરોપમની બતાવવામાં આવી છે. અસુરકુમાર દેવોમાં પણ કેટલાક દેવોની સ્થિતિ છ પલ્યોપમની કહેલ છે. સૌધર્મ અને ઈશાન કલ્પોમાં પણ કેટલાક દેવોની સ્થિતિ છ પલ્યોપમની કહેલ છે–એ જ પ્રમાણે સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પોમાં પણ કેટલાક દેવોની છ સાગરોપમની સ્થિતિ કહેવામાં આવી છે ॥સૂ. ૨૦॥

'जे देवा' इत्यादि ।

ટીકાર્થ–જે દેવો સ્વયંભૂ, સ્વયંભૂરમણ, ઘોષ, સુઘોષ, મહાઘોષ, કૃષ્ટિઘોષ, વીર, સુવીર, વીરગત, વીરસૈનિક, વીરાવર્ત, વીરપ્રભ, વીરકાન્ત, વીરવર્ણ, વીરલેશ્ય, વીરધ્વજ, વીર-શ્રૃંગ, વીરસૃષ્ટ, વીરકૂટ અને વીરોત્તરાવતંસક, એ વીસ વિમાનોમાં દેવની પર્યાયે ઉત્પન્ન થાય છે તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ છ સાગરોપમની હોય છે-તે દેવો છ મહિને બાહ્ય આભ્યન્તરિક ઉચ્છવાસ નિઃશ્વાસ લે છે. તે દેવોને છ હજાર વર્ષે આહાર સંજ્ઞા ઉત્પન્ન થાય છે–તેમાં કેટલાક દેવો ભવસિધ્ધિક પણ હોય છે તેઓ છ ભવો કરીને સિધ્ધ અવસ્થા પ્રાપ્ત કરશે ત્યાંથી લઇને સમસ્ત દુઃખોનો અંત કરશે ત્યાં સુધીનો અર્થ અગાળના સૂત્રોમાંથી જાણી લેવો ॥સૂ. ૨૧॥

હવે સૂત્રકાર સાતમું સમવાયાંગ કહે છે–"सत्तभयट्ठाणा" इत्यादि ।

ટીકાર્થ–સાત ભયસ્થાનો બતાવ્યાં છે. તે ભય નો કષાય મોહનીયના ઉદયથી થાય છે. ભય આત્માનું જ એક પરિણામ વિશેષ છે. તે ભયનાં સાત સ્થાન છે—

(૧) ઇહલોક ભય, (૨) પરલોક ભય, (૩) આદાનભય, (૪) અકસ્માત્ ભય, (૫) અજીવ ભય, (૬) મરણભય અને (૭) અશ્લોક ભય. માણસોને જે બીજા મનુષ્યોનો ભય હોય છે તે 'ઇહલોકભય' કહેવાય છે. દેવ તિર્યંચ આદિરૂપ પરલોકનો જે ભય હોય છે તેને 'પરલોકભય' કહે છે. આદાન એટલે ધનના નિમિત્તને લઇને ચોર આદિ વડે અપહરણ થવાનો જે ભય રહે છે તેને 'આદાનભય' કહે છે. ચોર આદિ નિમિત્તની અપેક્ષા કર્યા વિના જ રાત્રિ આદિ સમયે જે ભય થાય છે તે 'અકસ્માત્‌ભય' છે. જીવનનિર્વાહનો જે ભય હોય છે તેને 'અજીવભય કહે છે. અને મરણનો જે ભય છે તેને 'મરણભય' કહે છે. અકીર્તિનો જે ભય છે તેને 'અશ્લોકભય' કહે છે. તેનું બીજું નામ નિન્દાભય' છે સાત સમુદ્‌ઘાત હોય છે. તે આ પ્રમાણે છે–[૧] વેદના સમુદ્‌ઘાત, [૨] કષાયસમુદ્‌ઘાત, [૩] મરણાંતિક સમુદ્‌ઘાત, [૪] વૈકુર્વિકસમુદ્‌ઘાત, (૬) તૈજસસમુદ્‌ઘાત, (૬) આહારકસમુદ્‌ઘાત અને (૭) કેવલિસમુદ્‌ઘાત છે વેદનાદિ સમુદ્‌ઘાતથી યુકત થયેલ આત્મા કાલાન્તરે અનુભવ કરવા યોગ્ય અનેક વેદનીયાદિ કર્મપુદ્‌ગલોને ઉદીરણા કરણથી ખેંચીને અથવા ઉદયાવલિમાં નિક્ષિપ્ત કરીને તેમને અનુભવીને નિર્જીર્ણ કરી નાંખે છે. તે સાતઃસમુદ્‌ઘાતાનું સ્વરૂપ આ પ્રમાણે છે-તીવ્ર વેદના વડે પીડાતો જીવ અનંતાનંત કર્મસ્કંધથી વીંટળાયેલ પોતાના આત્મપ્રદેશોને શરીરમાંથી બહાર કાઢે છે. તે જીવ તે પ્રદેશોમાંથી વદન, જઠર આદિનાં છિદ્રોને અને કર્ણ, સ્કંધ આદિ અંતરાલોને પૂરી દઇને લંબાઇ પહોળાઇની અપેક્ષાએ શરીર પ્રમાણ ક્ષેત્રને અન્તર્મુહૂર્ત કાળમાં પ્રભૂત (અનેક) અસાતવેદનીયકર્મ પુદ્‌ગલોને પરિશટિત કરી નાખે છે જોડી દે છે આ રીતે તે વેદના સમુદ્‌ઘાત અસાતવેદનીય કર્મને આશ્રયે થાય છે (૧) કષાય સમુદ્‌ઘાત કષાય નામના ચારિત્ર મોહનીય કર્મના યોગથી થાય છે, તે આ પ્રમાણે છે-તીવ્રકષાયના ઉદયથી આકુળવ્યાકુળ બનેલ જીવ પોતાના આત્મપ્રદેશોને બહાર કાઢે છે તે પ્રદેશો વડે તે વદન, ઉદર આદિનાં છિદ્રોને અને કર્ણ સ્કંધ આદિના અન્તરાલોને પૂરી દઇને દેહપ્રમાણ લાંબા પહોળા ક્ષેત્રમાં થોભીને તે પ્રમાણે ઉદ્વેલા પ્રભૂત કષાયપુદ્‌ગલોને પરિશટિત કરી નાખે છે–જોડી દે છે. (૨)જ્યારે અન્તર્મુહૂર્તનું આયુષ્ય બાકી હોય છે ત્યારે મારણાન્તિક સમુદ્‌ઘાત થાય છે મારણાન્તિક સમુદ્‌ઘાત એટલે મરણના અન્ત સમયે થનારો સમુદ્‌ઘાત. આ સમુદ્‌ઘાત કરનાર જીવ પોતાના કેટલાક આત્મપ્રદેશોને શરીરમાંથી બહાર ફેલાવે છે, અને તેમનાથી વદન, ઉદર આદિનાં છિદ્રોને તથા સ્કંધ આદિના અન્તરાલોને પૂરી દઇને પહોળાઇ અને ઊંચાઇની અપેક્ષાએ

પોતના શરીર પ્રમાણ તથા લંબાઇની અપેક્ષાએ પોતાના શરીર કરતાં અધિક-જઘન્યની અપેક્ષાએ અંગુલના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ અને ઉત્કૃષ્ટની અપેક્ષાએ અસંખ્યાત યોજન પ્રમાણ, એવા એક દિશા સંબંધી ક્ષેત્રને વ્યાપ્ત કરી લે છે. પછી તે પોતાના આયુકર્મનાં પુદ્ગલોને પરિશટિત કરી દે છે-જોડી દે છે. (૩) વૈક્રિય સમુદ્ઘાત વૈક્રિય શરીરકર્મને આશ્રયે થાય છે તે સમુદ્ઘાત કરનાર જીવ પોતાના આત્મપ્રદેશોને શરીરમાંથી બહાર કાઢીને શારીરિક વિષ્કંભ-પહોળાઇ અને બાહલ્ય-ઊંચાઇ પ્રમાણે તેમને આયામ લંબાઈની અપેક્ષાએ સંખ્યાત યોજન પ્રમાણવાળા દંડાકાર રૂપમાં બનાવે છે.બનાવ્યા પછી તે યથ સ્થૂલ વૈક્રિય શરીર નામકર્મના પુદ્-ગલોનેપહેલાની જેમ પરિશટિત કરી નાખે છે (૪) તૈજસ સમુદ્ઘાત તૈજસ શરીર-નામ કર્મને આશ્રયે થાય છે. જે વિશિષ્ટ તપસ્વી તપસ્યાજન્ય ખાસ લબ્ધિ પ્રાપ્ત કરી લે છે તે જ્યારે ક્રોધે ભરાય છે ત્યારે પોતાના સ્થાનથી સાત આઠ ડગલાં આગળ જઇને પહોળાઇ અને ઊંચાઈની અપેક્ષાએ પોતાના શરીર પ્રમાણ તથા લંબાઇની અપેક્ષાએ સંખ્યાત યોજન પ્રમાણ સુધી પોતાના આત્મ પ્રદેશોને બહાર કાઢીને દંડા-કાર રૂપે બહાર ફેલાવે છે, અને ક્રોધના કારણરૂપ બનેલ મનુષ્ય આદિને બાળીને ભસ્મ કરી નાખે છે. એ અવસ્થામાં તે પ્રભૂત તૈજસ શરીર નામના કર્મપુદ્ગલોને પરિશટિત કરે છે. (૫) આહારક સમુદ્ઘાત આહારક શરીર કર્મની મદદથી થાય છે. જ્યારે જીવ આહારક સમુદ્ઘાત કરે છે ત્યારે તે આત્મપ્રદેશોને શરીરમાંથી બહાર કાઢીને ઊંચાઇની અપેક્ષ એ શરીર પ્રમાણ તથા લંબાઈની અપેક્ષાએ સંખ્યાત યોજન સુધી દંડાકાર રૂપમાં પરિણમાવે છે, અને પરિણમાવીને તે યથાસ્થૂલ આહારક શરીર નામકર્મના પુદ્ગલોને પરિશટિત કરી લે છે. (૬) કેવલિસમુદ્ઘાત સાતા, અસાતા વેદનીયકર્મ, શુભ અશુભ નામકર્મ, અને ઊંચનીચ ગોત્રકર્મને આશ્રયે થાય છે-પરમપદની પ્રાપ્તિ જ્યારે અન્તર્મુહૂર્તકાળમાં થનારી હોય છે ત્યારે કેવલી ભગવાન આયુ અને વેદનીય કર્મના દલિકોને સમાન કરવાને માટે પ્રથમ સમયે બાહલ્ય ઊંચાઈની અપેક્ષાએ સ્વશરીર પ્રમાણ તથા ઉર્ધ્વ અને અધઃ લોકાન્ત સુધી આત્મ-પ્રદેશોને દંડરૂપે બહાર કાઢે છે. દ્વિતીય સમયે પૂર્વ અને પશ્ચિમ દિશામાં વિસ્તૃત આત્મપ્રદેશોને કપાટરૂપે, ત્રીજા સમયે દક્ષિણ અને ઉત્તર દિશામાં પ્રસ્તુત આત્મ-પ્રદેશોને મન્થાન દંડરૂપે અને ચોથે સમયે અન્તરાલોને પૂરીને ચૌદ રાજૂપ્રમાણ સમસ્ત લોકને ભરી દે છે. આ પ્રમાણે સમુદ્ઘાત કરતાં કરતાં કેવલી ભગવાન ચાર સમયમાં સમસ્ત લોકવ્યાપી બની જાય છે. આ રીતે કર્મોના અંશોને સરખા કરીને પાંચમાં સમયમાં તેઓ અન્તરાલ પૂરક આત્મપ્રદેશોને, છઠ્ઠા સમયમાં મન્થાન દંડને, અને સાતમાં સમયમાં કપાટને સંકુચિત કરે છે. તથા આઠમાં સમયમાં દંડાકારરૂપ આત્મપ્રદેશોને સંહૃત (વિસ્તૃત) કરીને તે કેવલી સ્વશરીરસ્થ થઇ જાય છે. કેવલી

સમુદ્દ્યાત સિવાયના છ સમુદ્દ્યતોનો સમય એક અન્તમુહૂર્ત છે, અને કેવલિ સમુદ્ઘાતના આઠ સમય છે. જે કેવલીનું આયુષ્ય છ માસનું બાકી હોય છે, અથવા તેના કરનાં પણ ઓછું જેનું આયુષ્ય હોય છે તેઓ સમુદ્ઘાત કરે જ છે એવો નિયમ છે. પણ જે કેવલીએનું આયુષ્ય છ માસથી વધારે બાકી હોય, તેમનામાં સમુદ્ઘાતની ભજના (થાય કે ન થાય એવી હાલત) માનવામાં આવેલ છે. કહ્યું પણ છે—

"જે કેવલીઓને છ માસનું આયુષ્ય બાકી રહેલ હોય ત્યારે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે તેઓ નિયમથી જ સમુદ્ઘાત કરે છે. પણ જેમનું છ માસથી વધારે આયુષ્ય બાકી હોય છે એવા કેવલીઓ સમુદ્ઘાત કરે પણ છે અને નથી પણ કરતા ॥૧॥"

શ્રમણ ભગવાન મહાવીર સાત રત્નિ પ્રમાણ ઉંચા હતા. આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં સાત વર્ષધર પર્વતો છે-ચુલ્લ હિમવાન, મહા હિંમવાન, નિષધ, નીલ, રુકમી, શિખરી અને મન્દર આ જંબૂદ્વીપમાં સાત ક્ષેત્ર છે-ભરત, હૈમવત, હરિવર્ષ, મહાવિદેહ, રમ્યક ઐરણ્યવત, અને ઐરવત. બારમાં ગુણસ્થાનવર્તી વીતરાગ ભગવાન મોહનીયકર્મોને છોડીને બાકીની સાત કર્મ પ્રકૃતિયોનો અનુભવ કરે છે. મઘા નક્ષત્ર સાત તારાઓ વાળું છે. કૃતિકા આદિ સાત નક્ષત્ર પૂર્વદ્વાર વાળાં કહેવાય છે. (કોઇ કોઈ લોકોનું એવું માનવું છે કે અભિજાત આદિ સાત નક્ષત્રા પૂર્વદ્વાર વાળાં છે.) મઘા આદિ સાત નક્ષત્ર દક્ષિણદ્વાર વાળાં, અનુરાધા આદિ સાત નક્ષત્ર પશ્ચિમદ્વાર વાળાં અને ધનિષ્ઠા આદિ સાત નક્ષત્ર ઉત્તર દ્વારવાળાં છે. ॥સૂ ૨૨॥

## સાતવે સમવાય મેં નારકિયોં આદિ કે સ્થિત્યાદિ કા નિરૂપણ

"इमीसे णं" इत्यादि ।

ટીકાર્થ–આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ સાત પલ્યોપમની છે. ત્રીજી નરકમાં નારકીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ સાત સાગરોપમની છે ચોથી પૃથ્વીમાં નારકીઓની સ્થિતિ જઘન્ય સાત સાગરોપમની છે અસુરકુમાર દેવોમાં કેટલાક દેવોની

સ્થિતિ સાત પલ્યોપમની છે. સૌધર્મ, ઇશાન કલ્પમાં કેટલાક દેવોની સ્થિતિ સાત પલ્યોપમની છે. સનત્કુમારકલ્પમાં કેટલાક દેવોની ઉત્કૃષ્ટસ્થિતિ સાત સાગરોપમની કહેલ છે. માહેન્દ્ર કલ્પમાં દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ સાત-સાગરોપમથી થોડી વધારે છે. બ્રહ્મલોક કલ્પમાં કેટલાક દેવોની સ્થતિ સાતસગરો-પમ કરતા થોડી વધારે છે. જે દેવો (૧) સમ, (૨) સમપ્રભ, (૩) મહાપ્રભ, (૪) પ્રભાસ, (૫) ભાસ્વર, (૬) વિમલ, (૭) કાંચનકૂટ અને (૮) સનત્કુમારાવતંસક, એ આઠ વિમાનોમાં દેવોની પર્યાએ ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ સાત સગરોપમની હોય છે. તે દેવો સાત અર્ધ મહિને બહાર તથા અંદર શ્વાસોચ્છાસ છે. તે દેવોને સાત હજાર વર્ષ આહારની અભિલાષા થાય છે. તે દેવોમાંથી કેટલાક દેવો એવા હોય છે કે જે ભવસિદ્ધિક હોય છે. તેઓ સાત ભવ કરીને સિદ્ધ અવસ્થા પામશે ત્યાંથી લઇને સમસ્ત દુઃખોનો અંત કરશે સુધીનું લખાણ આગલાં સૂત્રો પ્રમાણે સમજી લેવું

ભાવાર્થ—એ વાત પહેલાં બતાવવામાં આવી ગઇ છે કે નરકોમાં વર્ત-માન નારકીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ અનુક્રમે એક, ત્રણ, સાત, દસ, સત્તર, બાવીસ, અને તેત્રીસ સાગરોપમ પ્રમાણે છે. તથા જઘન્ય સ્થિતિ અનુક્રમે દસ હજાર વર્ષ, એક સાગર ત્રણ સાગર, સાત સાગર સત્તર સાગર અને બાવીસ સાગરની છે. આ રીતે આ સૂત્ર દ્વારા, રત્નપ્રભા નામની પ્રહેલી પૃથ્વીમાં કેટલાક જીવોની સ્થિતિ જે સાત પાલ્યોપમની દર્શાવી છે તે મધ્યમ સ્થિતિની અપેક્ષાએ સમજવી એ જ પ્રમાણે જ્યાં “ કેટલાક દેવોની કે કેટલાક નારકીઓની સ્થિતિ અમુક અમુક પ્રમાણમાં છે” એવું કથન આવે ત્યાં તે કથન સામાન્ય રીતે મધ્યમ સ્થિતિની અપેક્ષાએ કહેલ સમજવુ. એ જ પ્રમાણે સૌધર્મ આદિ દેવલોકમાં પણ જાણવું. ત્યાં જઘન્ય સ્થિતિ આ પ્રમાણે છે–પહેલા દેવલોકમાં એક પલ્યોપમની બીજામાં પલ્યોપમથી થોડી વધારે, ત્રીજામાં બે સાગરોપમની ચોથામાં બે સાગરોપમથી થોડી વધારે,

પાંચમાંમાં સાત સાગરોપમની, છઠ્ઠામાં દસ સાગરોપમની, સાતમામાં ચૌદ સાગરોપમની, આઠમામાં સત્તર સાગરોપમની, નવમાં અને દસમામાં અઢાર, અઢાર સાગરોપમની, અગિયાર તથા બારમામાં વીસ સાગરોપમની, પ્રથમ ગ્રવેયકમાં બાવીસ સાગરોપમની છે એ રીતે નીચેના પ્રત્યેક ગ્રૈવેયકની ઉત્કૃષ્ટસ્થિતિને ઉપરના પ્રત્યેક ગ્રૈવેયકની જઘન્ય સ્થિતિ સમજવી. આ ક્રમ પ્રમાણે નવમાં ગ્રવેયકની જઘન્ય સ્થિતિ ત્રીસ સાગરોપમની થાય છે. ચાર અનુત્તર વિમાનની જઘન્ય સ્થિતિ એકત્રીસ સાગરોપમની છે. સર્વાર્થ સિદ્ધિમાં ઉત્કૃષ્ટ અને જઘન્ય સ્થિતિમાં તફાવત નથી. આ કથનથી એ વાત સ્પષ્ટ થાય છે કે આગળના દેવલોકની ઉત્કૃષ્ટ સ્થિતિ પછીના દેવલોકની જઘન્ય સ્થિતિ થતી જાય છે. ત્રીજી નરકમાં નારકીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ સાત સાગરોપમની કહેલ છે, તો તે સ્થિતિ ચોથી નરકમાં જઘન્ય થાય છે. સૌધર્મ ઈશાન દેવલોકમાં મધ્યમ સ્થિતિની અપેક્ષાએ સાત પલ્યોપમની સ્થિતિ કહેવામાં આવેલ  કારણ કે ત્યાં ઉત્કૃષ્ટ સ્થિતિ બે સાગરોપમની અને એક સાગરોપમથી થોડી વધારે અને જઘન્ય સ્થિતિ એક પલ્યોપમની અને એક પલ્યોપમથી થોડા વધારે કાળની કહેલ છે. બ્રહ્મલોક નામના પાંચમાં દેવલોકમાં કેટલાક દેવોની સ્થિતિ જે સાત સાગરોપમથી થોડી વધારે દર્શાવી છે તે જન્ય સ્થિતિની અપેક્ષાએ સમજવાની છે, કારણ કે ત્યાં ઉત્કૃષ્ટ સ્થિતિ દસ સાગરોપમની અને જઘન્ય સ્થિતિ સાત સાગરોપમથી થોડી વધારે હોય છે. જે દેવો સમ, સમપ્રભ આદિ આઠ વિમાનોમાં ઉત્પન્ન થાય છે તેઓ ૩ાા (સાડા ત્રણ) મહિને શ્વાસોચ્છ્વાસ લે છે અને સાત હજાર વર્ષે આહાર ગ્રહણ કરે છે. તેમાંના કેટલાક દેવો ભવસિદ્ધિક હોય છે, જેઓ સાત ભવ કર્યા પછી સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત કરે છે. ાાસૂ. ૨૩ાા

હવે સૂત્રકાર આઠમું સમવાયાંગ કહે છે—'अट्ठमयट्ठाणा' इत्यादि

ટીકાર્થ–આઠ મદસ્થાન હોય છે, તે આ પ્રમાણે છે—(૧) જાતિમદ, (૨) કુળમદ (૩) બળમદ, (૪) રૂપમદ, (૫) તપમદ, (૬) શ્રુતમદ (૭) લાભમદ, અને (૮) ઐશ્વર્યમદ. આઠ પ્રવચનમાતાઓ આ પ્રમાણે છે—

(૧) ઇર્યાસમિતિ, (૨) ભાષાસમિતિ, (૩) એષણા સમિતિ, (૪) આદાન ભાંડમાત્રનિક્ષેપણા સમિતિ, (૫) ઉચ્ચાર પ્રસ્રવણ ખેલ જલ્લ શિંઘાણ પરિઠાપના સમિતિ (૬) મનોગુપ્તિ [૭] વચનગુપ્તિ અને (૮) કાયગુપ્તિ વ્યન્તર દેવોનાં ચૈત્ય-વૃક્ષ આઠ યોજન ઉંચા કહેલ છે. દેવોનાં તે તે નગરોમાં સુધર્મા આદિ સભાઓ આગળ મણિપીઠિકાની ઉપર રહેલ તથા છત્ર ચામર અને ધ્વજા આદિથી સુશોભિત જે સર્વરત્નમય વૃક્ષો હોય છે તેમને ચૈત્યવૃક્ષ કહે છે કયી દેવજાતિનું કયું ચૈત્ય વૃક્ષ હોય છે, તે આ બે ગાથાઓ દ્વારા બતાવ્યું છે—'कलंबो' 'असोगो' इत्यादि!

" પિશાચોના ચૈત્યવૃક્ષનું નામ કદમ્બવૃક્ષ છે (૧) યક્ષોના ચૈત્યવૃક્ષનું નામ વટવૃક્ષ છે (૨) ભૂતોનું ચૈત્યવૃક્ષ તુલસી છે. (૩) રાક્ષસોનું ચૈતન્યવૃક્ષ વટવૃક્ષ કાંડક છે(૪) ॥૧॥ કિન્નરોનું ચૈત્યવૃક્ષં અશોકવૃક્ષ છે (૫) કિંપુરુષોનું ચૈત્યવૃક્ષ ચમ્પકવૃક્ષ છે. ૬, ભુજંગોનું ચૈત્યવૃક્ષ નાગવૃક્ષ છે (૭) અને ગંધર્વોનું ચૈત્યવૃક્ષ તુંબુરૂ છે (૮)

જંબૂદ્વીપની જગતી–(કોટ) આઠ યોજન ઉંચી બતાવી છે. દેવકુરુક્ષેત્રમાં આવેલ ગરુડ જાતિના વેણુદેવના આવાસ આઠ યોજન ઉંચા કહેલ છે આઠ સમયનો કેવલિ સમુદ્ઘાત છે, તે આ પ્રમાણે છે.—(૧) પહેલા સમયમાં તેઓ દંડ કરે છે. (૨)બીજા સમયમાં કપાટ કરે છે. (૩) ત્રીજા સમયમાં મન્થાન કરે છે. (૪) ચોથા સમયમાં મન્થાનનાં છિદ્રો પૂરે છે. (૫) પાંચમે સમયે મન્થાનનાં છિદ્રોને સંકુચિત કરે છે, (૬) છઠ્ઠા સમયે મંથાનને પ્રતિસંહરિત (એકત્ર) કરે છે (૭) સાતમા સમયમાં કપાટને (૮) અને આઠમાં સમયમાં દંડને સંકોચે છે ત્યાર બાદ તેઓ ફરીથી સ્વશરીરસ્થ થઇ જાય છે. સમસ્ત પુરૂષોમાં શ્રષ્ઠ એવા અર્હંત પાર્શ્વપ્રભુના આઠ ગણુ અને આઠ ગણધર થયાં છે. તેમનાં નામ આ પ્રમાણે છે—(૧) શુભ, (૨) શુભઘોષ, (૩) (૩) વશિષ્ઠ, (૪) બ્રહ્મચારિક, (૫) સોમ, (૬) શ્રીધર, (૭) વીરભદ્ર અને (૮) યશસ્વી

શંકા–કોઇ કોઇ સ્થાને પાર્શ્વનાથ પ્રભુના દસ ગણધર બતાવ્યા છે, તો અહીં આઠ ગણધર શા કારણે કહેલ છે ?

સમાધાન—પાર્શ્વનાથ પ્રભુના બે ગણધરો ટુંકા આયુષ્ય વાળા હતા. તેથી તેમની ગણતરી અહીં કરી નથી. આ ગણતરી પ્રમાણે તેમના આઠ ગણધર કહ્યા છે

આઠ નક્ષત્રો ચન્દ્રની સાથે પ્રમર્દયોગ કરે છે, એટલે કે જયારે ચન્દ્રમાં એ આઠ નક્ષત્રોની સાથે હોય છે, ત્યારે પ્રમર્દ નામનો યોગ થાય છે. તે આઠ નક્ષત્રોનાં નામ નીચે પ્રમાણે છે—

(૧) કૃત્તિકા (૨) રોહિણી (૩) પુનર્વસુ, (૪) મઘા, (૫) ચિત્રા, વિશાખા, (૭)અનુરાધા અને (૮) જયેષ્ઠા.

ભાવાર્થ—આ સૂત્રદ્વારા સૂત્રકારે આઠ પ્રકારના સમવાય પ્રગટ કર્યા છે. મદસ્થાન, પ્રવચન માતા આદિ સઘળાં આઠ આઠ સંખ્યાવાળાં સમવાયાંગ છે. જેમ ઈર્યાસમિતિ આદિ પાંચ સમિતિયોને તથા મનોગુપ્તિ આદિ ત્રણ ગુપ્તિઓને પ્રવચનની માતા કહેવામાં આવેલ છે તેનું તાત્પર્ય આ પ્રમાણે છે—જેમ માતા વિના બાલકનું પાલન-પોષણ થતું નથી તેમ પ્રવચન રૂપ બાર અંગનું તેમના વિના પ્રવર્તન થઇ શકતું નથી. તેમના સાક્ષાત્ અથવા પરંપરારૂપ સહારાથી દ્વાદશાંગરૂપ પ્રવચન પ્રવર્તિત થાય છે.તેમને સંઘની માતા પણ કહેલ છે, કારણ કે તેમના વિના સંઘ કદી પણ સંઘત્વ પ્રાપ્ત કરી શકતો નથી. ચૈત્યવૃક્ષોની ઉંચાઈ આઠ યોજનની બતાવી છે તે ચૈત્યવૃક્ષો સર્વરત્નોના બનેલ હોય છે, અને છત્ર ચામર અને ધ્વજા વગેરેથી શણગારેલ હોય છે. દેવોનાં નગરોમાં તે ચૈત્યવૃક્ષો સુધર્મા આદિ સભાઓ આગળ મણિપીઠિકાની ઉપર ઉભાં રહે છે જંબૂદ્વીપની અંદર જે જંબૂ નામનું વૃક્ષ છે તેનું બીજું નામ સુદર્શના છે, તે વૃક્ષ ઉત્તરકુરુ ક્ષેત્રમાં આવેલું છે તે પૃથ્વીકાય છે. વનસ્પતિકાય નથી. તે આઠ યોજન ઉંચું છે. જગતી પ્રકાર –કોટના જેવી હોય છે. બાકીનાં પદોનો ભાવાર્થ સ્પષ્ટ છે ।।સૂ. ૨૪।।

## નવવે સમવાય મે નવ બ્રહ્મચર્ય ગુપ્તિ આદિ કા નિરૂપણ

ટીકાર્થ—'इमीसे णं इत्यादि !

આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલક નારકીઓની સ્થિતિ આઠ પલ્યોપમની કહેલ છે ચોથી પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ આઠ સાગરોપમની કહેલ છે અસુર-કુમાર દેવોમાં કેટલાક અસુરકુમાર દવોની સ્થિતિ આઠ પલ્યોપમની કહેલ છે. સૌધર્મ અને ઇશાન કલ્પમાં કેટલાક દવોની આઠ પલ્યોપમની સ્થિતિ કહેલ છે. બ્રહ્મલોક કલ્પમાં કેટલાક દવોની સ્થિતિ આઠ સાગરોપમની કહેલ છે. જે દવો (૧) અર્ચિષ, (૨) અર્ચિમાલિ (૩) વરોચન (૪) પ્રભંકર (૫) ચંદ્રાભ (૬)સૂર્યાભ (૭) સુપ્રતિષ્ઠાભ, (૮) આગ્નેયાભ, (૯)ઋષ્ટાભ, (૧૦) અરૂણાભ (૧૧) અરુણોત્તરાવતંસક, એ અગિ-

ચાર વિમાનોમાં દેવની પર્યાયે ઉત્પન્ન થાય છે, તેમને ઉત્કૃષ્ટ રીતે આઠ સાગરોપમ કાળની સ્થિતિવાળા કહેલ જે. તે દેવો ચાર મહિને બાહ્ય અને આભ્યાન્તરિક શ્વાસોચ્છવાસ ગ્રહણ કરે છે. તેમને આઠ હજાર વર્ષે આહારની અભિલાષા થાય છે. તેઓમાં કેટલાક દેવો એવા હોય છે કે જે આઠ ભવ કર્યા બાદ સિદ્ધગતિ પ્રાપ્ત કરશે, બુદ્ધ થશે મુકત થશે, પરિનિર્વૃત થશે અને સમસ્ત દુઃખોનો અંત કરી નાખશે

ભાવાર્થ—આ સૂત્ર દ્વારા સૂત્રકાર રત્નપ્રભા પૃથ્વીના નારકીઓની સ્થિતિ આઠ પલ્યોપમની કહી છે તે મધ્યમ સ્થિતિની અપેક્ષાએ સમજવી, કારણ કે ત્યાં ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગરોપમની અને જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષની છે. એ જ પ્રમાણે ચોથી પૃથ્વીમાં આઠ સાગરોપમની જે સ્થિતિ બતાવી છે તે પણ મધ્યમસ્થિતિને ધ્યાનમાં લઇને પ્રગટ કરેલ છે, કારણ કે ત્યાં ઉત્કૃષ્ટ સ્થિતિ દસ સાગરોપમની છે, અને જઘન્ય સ્થિતિ સાત સાગરોપમની છે. એ જ પ્રમાણે અસુરકુમાર દેવોની પણ સ્થિતિ જે આઠ પલ્યોપમની કહેવામાં આવેલ છે તે પણ મધ્યમ સ્થિતિ સમજવી, કારણ કે અસુરકુમાર દેવોમાં સાગરોપમની અને સાગરોપમથી થોડી વધારે ઉત્કૃષ્ટ સ્થિતિ કહેલ છે. તથા જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષની કહેલ છે. સૌધર્મ અને ઇશાન કલ્પમાં ઉત્કૃષ્ટ સ્થિતિ અનુક્રમે બે સાગરોપમની અને બે સાગરોપમથી થોડી વધારે છે, અને જઘન્ય સ્થિતિ અનુક્રમે એક પલ્યોપમની અને પલ્યોપમથી થોડા વધારે કાળની છે, તેથી અહીં તે કલ્પોમાં જે આઠ પલ્યોપમની સ્થિતિ કહેવામાં આવી છે તે મધ્યમ સ્થિતિની અપેક્ષાએ સમજવી. બાકીના પદોનો ભાવાર્થ સ્પષ્ટ છે. ।।સૂ. ૨૫।।

સૂત્રકાર નવમું સમવાયાંગ કહે છે—"**नव बंभचेरगुत्तीओ**" इत्यादि !

ટીકાર્થ-બ્રહ્મચર્યની નવ ગુપ્તિઓ છે તે આ પ્રમાણે છે-સ્ત્રી, પશુ, અને પંડક-નપુંસક, તેમની સાથે શય્યાનું સેવન ન કરવું તે બ્રહ્મચર્યની પહેલી ગુપ્તિ છે. સ્ત્રીઓની કથા ન કરવી તે બીજી ગુપ્તિ છે. જે નિષદ્યા (સ્થાન) આદિની ઉપર સ્ત્રીઓ બેઠી હોય અને પછી તેના પરથી ઉઠી ગઇ હોય તે નિષદ્યા આદિ ઉપર એક મુહૂર્ત સુધી ન બેસવું તે બ્રહ્મચર્યની ત્રીજી ગુપ્તિ છે ચિત્તાકર્ષક હોવાને લીધે મનોહર, તથા સુંદર આકારના હોવાને લીધે મનોરમ એવાં સ્ત્રીઓનાં મુખ, નયન, નાસિકા આદિ અંગોને રાગ ભાવથી પ્રેરાઇને સામાન્ય રીતે તથા વિશેષ

રીતે દેખવાનો પરિત્યાગ કરવો તે ચોથી ગુપ્તિ છે. સ્ત્રીઓના કામોદ્દીપક શબ્દોને સાંભળવાની અભિલાષા ન કરવી સ્ત્રીઓનું સૌંદર્ય જોવાની અભિલાષા ન રાખવી એ જ પ્રમાણે ગંધ આદિ સૂંઘવાની, રસ ચાખવાની, સ્પર્શ કરવાની અભિલાષા વાળા ન થવું, શ્લોકાનુપાતી ન થવું—સ્ત્રીઓનાં સૌંદર્ય આદિ ગુણોની વાત સાંભળવાની અભિલાષા ન રાખવી તે પાંચમી ગુપ્તિ છે. એ જ પ્રમાણે મુનિ અવસ્થા ધારણ કર્યા પહેલાં સ્ત્રીઓ સાથે જે રતિ સુખ ભોગવ્યાં હોય, જે ક્રીડા કરી હોય, તેનું સ્મરણ ન કરવું તે છઠ્ઠી ગુપ્તિ છે. ઘી આદિ રસથી તરબોળ ભોજન દરરોજ ન લેવું, કારણ કે એવું ભોજન કામોદ્દીપક હોય છે. તે સાતમી ગુપ્તિ છે. અધિક પ્રમાણમાં ભોજન ન લેવું, તે આઠમી ગુપ્તિ છે, તથા સાતવેદનીય કર્મના ઉદયથી જે સુખ પ્રાપ્ત થાય છે તેનાં જકડવું નહીં, તે નવમી ગુપ્તિ છે. બ્રહ્મચર્યની નવ અગુપ્તિયો બતાવી છે, તે આ પ્રમાણે છે—

સ્ત્રી, પશુ, પંડક–નપુંસકની સાથે શય્યાનું સેવન કરવું," ત્યાંથી શરૂ કરીને "સાતાવેદનીય કર્મના ઉદયથી પ્રાપ્ત સુખોનો પ્રતિબદ્ધ થવું જકડાવું" સુધી આગળ પ્રમાણે સમજવું. એટલે કે બ્રહ્મચર્ય-ગુપ્તિમાં જે કરવા લાયક નથી એમ ગણાવ્યું છે, તે કાર્ય કરવું એજ બ્રહ્મચર્યની અગુપ્તિ છે.

બ્રહ્મચર્ય નવ પ્રકારના કહેલ છે, તે આ પ્રમાણે છે—તપ અને સંયમ રૂપ અનુષ્ઠાનનું નામ બ્રહ્મ છે. બ્રહ્મનું ચર્ય-સેવન કરવું, બ્રહ્મચર્ય છે. આ બ્રહ્મચર્યનું પ્રતિપાદન કરનાર આચારાંગના પહેલાં શ્રુતસ્કંધમાં જે પ્રતિબદ્ધ અધ્યયનો છે તે બ્રહ્મચર્ય છે. જેમ કે શસ્ત્રપરિજ્ઞા નામનું અધ્યયન-દ્રવ્યભાવના ભેદથી અનેક વિધ એવું જે જીવોપમર્દન હેતુરૂપ શસ્ત્ર છે તેનો જ્ઞ–પરિજ્ઞાથી જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી ત્યાગ કરવો તેનું નામ "શસ્ત્રપરિજ્ઞા" છે એટલે કે તે અધ્યયન છ જીવનિકાયના પરિરક્ષણ રૂપ છે. અને તે તેમાંનું પહેલું અધ્યયન છે. (૧) "**लोक विजय**" એ બીજું અધ્યયન છે, તેનો અર્થ રાગ દ્વેષરૂપ ભાવલોકનો ત્યાગ કરવો થાય છે. આ રાગદ્વેષ રૂપ ભાવલોકનો પરિત્યાગ કરવાનું પ્રતિપાદન કરનાર આ બીજું અધ્યન છે (૨) "**शीतोष्णीय**" એ નામનું ત્રીજું અધ્યયન છે. આ અધ્યયનદ્વારા તે વાતનું પ્રતિપાદન કરવામા આવ્યું છે કે શીત–અનુકૂલ અને ઉષ્ણ પ્રતિકૂલ પરીષહ કયા કયા છે. એ જ શીત અને ઉષ્ણ પરીષહોને અનુલક્ષીને આ અધ્યયન રચ્યું છે. (૩) "**सम्यक्त्व**"–તત્ત્વશ્રદ્ધાનરૂપ ચોથું અધ્યયન છે. તેમાં એવું કહેવામાં આવ્યું છે. કે સમ્યકત્વનું દઢતાથી સેવન કરવું જોઈએ.–પરતીર્થીઓના આડંબરને જોઈને દૃષ્ટિ વિપર્યાસ કરવો જોઈએ નહીં (૪). "**आवन्ती**" તે લોસાક-

રનું બીજુ નામ છે. રત્નત્રયને લોકસાર કહે છે. અજ્ઞાન મોહ આદિના પરિત્યાગ કરીને લોકમાં સારભૂત રત્નત્રયનું સારી રીતે સેવન કરવું જોઇએ, એ વિષયનું પ્રતિપાદન કરનાર તે "आवन्ती" નામનું પાંચમું અધ્યયન છે. (૫) પૂર્વસંગ અને પશ્ચાત્ સંગનો પરિત્યાગ કરવો તેનું નામ 'ધુ ત' છે. તે વાતનું પ્રતિપાદન કરનાર 'ધુત' નામનું છઠ્ઠું અધ્યયન છે (૫) મોહને કારણે ઉત્પન્ન થયેલ પરીષહોને સારી રીતે સહન કરવા જોઈએ, તે વિષયનું "विमोह" નામના સાતમાં અધ્યયનમાં પ્રતિપાદન કરેલ છે, તેથી એ વિષયનું પ્રતિપાદન કરનાર હોવાથી તે અધ્યયનનું નામ "विमोह" છે. (૭) ભગવાન મહાવીર સ્વામીએ જે ઉપધાન (ઉગ્ર) તપ કર્યું હતું તે તપનું પ્રતિપાદન કરનાર સૂત્ર 'ઉપધાનશ્રુત' છે, અને તે આઠમું અધ્યયન છે. (૮) અન્તક્રિયારૂપ મહતી પરિજ્ઞા સારી રીતે ધારણ કરવી જોઇએ, તે વિષયનું પ્રતિપાદન કરનાર અધ્યયનનું નામ "महापरिज्ञा" છે. અને તે નવમું અધ્યયન છે. આ રીતે તે બધા અધ્યયનો બ્રહ્મચર્યના નામે પ્રસિદ્ધ હોવાથી તેમને બ્રહ્મચર્યના પ્રકાર ગણેલ છે. પુરુષશ્રેષ્ઠ શ્રી પાર્શ્વનાથ પ્રભુ નવરત્નિ પ્રમાણ ઉંચા હતા અભિજિત્ નક્ષત્રનો નવ મુહૂર્તથી થોડો વધારે સમય ચન્દ્રની સાથે યોગ થાય છે. અભિજિત્ આદિ નવ નક્ષત્રો ચન્દ્રનો ઉત્તરની સાથે સંબંધ (યોગ) કરે છે, એટલે કે ઉત્તર દિશામાં રહેલ અભિજિત્ આદિ નવ નક્ષત્ર દક્ષિણ દિશામાં રહેલ ચન્દ્ર સાથે સંબંધ કરે છે. અભિજિત્, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા પૂર્વભાદ્રપદા, ઉત્તરભાદ્રપદા, રેવતી, અશ્વિની અને ભરણી એ બધા નક્ષત્રો અભિજિત્ આદિ પદથી ગ્રહણ કરવામાં આવ્યા છે ।।સૂ. ૨૬।।

## નવવે સમવાય મેં નારકિકોં કી સ્થિત્યાદિ કા નિરૂપણ

**'इमीसे णं' इत्यादि ।**

ટીકાર્થ—આ રત્નપ્રભા પૃથ્વીના અત્યંત સમતલ રમણીય ભૂમિભાગથી રુચક કરતાં

નવસો યોજન ઉપર વચ્ચે તારામંડળ ભ્રમણ કરે છે, એટલે કે મેરુના સમતલ ભૂભાગથી સાતસો નેવું યોજનની ઉંચાઇએ જ્યોતિશ્ચક્રના ક્ષેત્રની શરૂઆત થાય છે, જે ત્યાંથી ઉંચાઇમાં એક સો દસ યોજન જેટલું છે, અને તિરકસ અસંખ્યાત દ્વીપ સમુદ્ર પરિમાણ છે. તેમાં દસ યોજનની ઊંચાઇ પર એટલે પૂર્વોક્ત સમતલથી આઠસો યોજનની ઊંચાઇએ સૂર્યનાં વિમાન છે. ત્યાંથી એંશી (૮૦એંસી) યોજનની ઊંચાઇએ એટલે કે સમતલથી ૮૮૦ આઠસો એંસી યોજનની ઊંચાઈએ ચન્દ્રનાં વિમાન છે. ત્યાંથી વીસ યોજનની ઊંચાઈ સુધીમાં, એટલે કે સમતલથી ૯૦૦ નવસો યોજનની ઊંચાઇમાં ગ્રહ, નક્ષત્ર અને પ્રકીર્ણ તારાઓ છે. નવ યોજન પ્રમાણ અવગાહના વાળાં મત્સ્યો જ લવણસમુદ્રમાંથી નીકળીને જંબૂદ્વીપ નામના આ દ્વીપમાં પ્રવેશ કરે છે, પહેલાં પણ પ્રવેશ કર્યો હતો અને ભવિષ્યમાં પણ પ્રવેશ કરશે. તેનું તાત્પર્ય એવું છે કે લવણસ-મુદ્રમાં જો કે પાંચસો યોજન પ્રમાણ અવગાહનાવાળાં મત્સ્ય રહે છે તો પણ જગ-તીમાં (કોટમાં) જે છિદ્રો છે તે એવાં છે કે તેમાંથી નવ યોજન પ્રમાણ અવગાહના વાળા જ મત્સ્યો જંબૂદ્વીપમાં પ્રવેશ કરી શકે છે, તેથી વધારે અવગાહનાવાળાં પ્રવેશી શકતાં નથી.

પૂર્વદિશામાં આવેલ જંબૂદ્વીપના વિજયદ્વારના પાર્શ્વ ભાગમાં નવ, નવ ભૌમ છે-ભૂમિનું વિશિષ્ટ સ્થાન અથવા નગર છે વ્યન્તર દેવોની સુધર્માસભા ઊંચાઇની અપેક્ષાએ નવ યોજનની છે. દર્શનાવરણીય કર્મની ઉત્તર પ્રકૃતિયો નવ છે, તે આ પ્રમાણે છે-(૧)નિદ્રા, (૨) પ્રચલા, (૩) નિદ્રા-નિદ્રા (૪) પ્રચલા-પ્રચલા, (૫) સ્ત્યાનર્દ્ધિ (૬) ચક્ષુદર્શનાવરણ (૭) અચક્ષુદર્શનાવરણ, (૮) અવધિદર્શનાવરણ (૯) કેવલદર્શ-નાવરણ. આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ નવ પલ્યોપમની કહી છે. ચોથી પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ નવ સાગરોપમની કહેલ છે. અસુર-કુમાર દેવોમાં કેટલાક દેવોની સ્થિતિ નવ પલ્યોપમની કહી છે સૌધર્મ, ઇશાન કલ્પમાં કેટલાક દેવોની સ્થિતિ નવ પલ્યોપમની કહેલ છે. બ્રહ્મલોક કલ્પમાં કેટલાક દેવોની નવ સાગરોપમની સ્થિતિ કહેલ છે.

જે દેવો (૧) પક્ષ્મ, (૨) સુપક્ષ્મ, (૩) પક્ષ્માવર્ત્ત, (૪) પક્ષ્મપ્રભ, (૫) પક્ષ્મકાન્ત, (૬) પક્ષ્મવર્ણ, (૭) પક્ષ્મલેશ્ય, (૮) પક્ષ્મધ્વજ, (૯) પક્ષ્મશ્રૃંગ, (૧૦) પક્ષ્મસૃષ્ટ, (૧૧) પક્ષ્મકૂટ, (૧૨) પક્ષ્મોત્તરાવતંસક (૧૩) સૂર્ય, (૧૪) સુસૂર્ય, (૧૫) સૂર્યાવર્ત્ત, (૧૬) સૂર્યપ્રભ, (૧૭) સૂર્યકાન્ત, (૧૮) સૂર્યવર્ણ, (૧૯) સૂર્યલેશ્ય, [૨૦] સૂર્યધ્વજ, (૨૧) સૂર્યશ્રૃંગ (૨૨) સૂર્યસૃષ્ટ (૨૩) સૂર્યકૂટ (૨૪) સૂર્યોત્તરાવતંસક, (૨૫) રુચિર, (૨૬) રુચિરાવત્ત, (૨૭) રુચિરપ્રભ, (૨૮) રુચિરકાન્ત, (૨૯) રુચિરવર્ણ (૩૦) રુચિરલેશ્ય, (૩૧ રુચિરધ્વજ (૩૨) રુચિરશૃંગ, (૩૩) રુચિરસૃષ્ટ, (૩૪) રુચિરકૂટ અને (૩૫) રુચિરોત્તરાવતંસક, એ પાંત્રીસ વિમાનોમાં દેવની પર્યાયે ઉત્પન્ન થાય છે,

તે દેવોની નવ સાગરોપમની સ્થિતિ કહી છે. તે દેવો સાડાચાર મહિને અંદર તથા બહાર શ્વાસોચ્છ્વાસ લે છે, અને તે દેવોને નવ હજાર વર્ષે આહારની અભિલાષા થાય છે. તેમાં કેટલાક દેવો ભવસિદ્ધિક હોય છે. તેઓ નવ ભલ કરીને સિદ્ધગતિ પામશે ત્યાથી સમસ્ત દુઃખોનો અંત કરશે સુધીનો અર્થ ગ્રહણ કરાયો છે.

ભાવાર્થ—સૂત્રકાર આ સૂત્રદ્વારા નવ સંખ્યાવાળી. વસ્તુઓ ગણાવતાં કહે છે કે રત્નપ્રભા પૃથ્વીના અત્યંત સમરમણીય ભૂમિ ભાગથી નવ સો યોજનની ઉંચાઈએ તારામંડળ છે. લવણસમુદ્રમાંથી જંબૂદ્વીપમાં, કે જે તે દ્વીપને ઘેરીને રહેલો છે અને જેનો વિસ્તાર તેના કરતાં બમણો છે, તેની જગતી (કોટ) ના છિદ્રમાંથી નવ યોજનની લંબાઈવાળાં મત્સ્ય આવે છે, આવતાં હતાં અને આવશે. તે છિદ્ર એવડું છે કે તેમાંથી નવ યોજનની અવગાહનવાળાં મત્સ્યો જ પ્રવેશી શકે છે, તેના કરતાં મોટાં નહીં. જંબુદ્વીપના વિજયદ્વારમાં નવ નવ ભૌમ છે. વ્યન્તર દેવોની સુધર્માસભાની ઉંચાઇ નવ યોજનની છે. દર્શનાવરણીય કર્મની ઉત્તર પ્રકૃતિયો નવ છે. જે (કર્મના ઉદયથી સુખપૂર્વક જાગી શકાય એવી નિદ્રાને 'निद्रा' કહે છે. (૨) જે કર્મના ઉદયથી નિદ્રામાંથી જાગવું અતિશય દુષ્કર હોય છે તે નિદ્રાને 'निद्रा—निद्रा' કહે છે. (૩) જે કર્મના ઉદયથી બેઠાં બેઠાં કે ઉભાં ઉભાં ઊંઘ આવી જાય તે કર્મને 'प्रचला' કહે છે. (૪) જે કર્મનાં ઉદયથી ચાલતાં ચાલતાં ઊંઘઆવી જાય તે કર્મ પ્રકૃતિને ''प्रचला—प्रचला'' કહે છે. (૫) જે કર્મના ઉદયથી જાગૃત અવસ્થામાં વિચારેલ કામ નિદ્રાવસ્થામા કરવાનું સામર્થ્ય પ્રકટ થઈ જાય તે ''स्त्यानगृद्धि'' છે. તે નિદ્રામાં સ્વાભાવિક બળ કરતાં અનેક ગણું બળ પ્રગટ થાય છે. રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ જે નવ પલ્યોપમની કહી છે તે મધ્યમ સ્થિતિની અપેક્ષાએ કહેવાયેલ છે, કારણ કે આ પૃથ્વીમાં ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગરોપમની અને જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષની છે. એ જ પ્રમાણે ચોથી પૃથ્વીમાં જે નવ સાગરોપમની સ્થિતિ પ્રગટ કરવામાં આવી છે તે પણ મધ્યમ સ્થિતિની અપેક્ષાએ કહેલ છે એમ સમજવું, કારણ કે ત્યાં ઉત્કૃષ્ટ સ્થિતિ દસ સાગરોપમની અને જઘન્ય સ્થિતિ સાત સાગરોપમની છે. અસુરકુમાર દેવોની પણ અહીં જે નવ પલ્યોપમની સ્થિતિ કહેવામાં આવી છે તે પણ મધ્યમ સ્થિતિની અપેક્ષાએ સમજવી—બ્રહ્મલોકમાં જે નવ સાગરોપમની સ્થિતિ અહીં કહેવામાં આવી છે તે પણ મધ્યમ સ્થિતિની અપેક્ષાએ કહેલ સમજવી, કારણ કે આ પાંચમાં બ્રહ્મલોક કલ્પમાં ઉત્કૃષ્ટ સ્થિતિ દસ સાગરોપમની અને જઘન્ય સ્થિતિ સાત સાગરોપમની છે. ॥સૂ. ૨૭॥

હવે સૂત્રકાર દશમાં સમવાયાંગનું કથન કરે છે—'दसविहे' इत्यादि ।

ટીકાર્થ—દસ પ્રકારના શ્રમણધર્મ બતાવ્યા છે, તે આ પ્રમાણે છે--

(૧) क्षान्ति પોતાંની નિન્દા આદિ સાંભળવા છતાં ક્રોધનો ત્યાગ કરવો-(૨) मुक्ति—બહારની અને આંતરિક વસ્તુઓ પ્રત્યેના લોભનો ત્યાગ કરવો (૩) आर्जव—માયાનો ત્યાગ કરવો (૪) मार्दव—માનનો ત્યાગ કરવો (૫) लाघव—થોડી ઉપધિ રાખવી, તે દ્રવ્ય લાઘવ છે અને ગૌરવનો ત્યાગ કરવો તે ભાવલાઘવ છે. (૬) सत्य—સત્ય બોલવું (૭) संयम—પ્રાણાતિપાત આદિથી વિરત રહેવું (૮) तप—આઠ પ્રકારનાં કર્મોનો ક્ષય કરનારી તપસ્યા કરવી. (૯) त्याग—સંભોગી મુનિયોને ભકતપાન (આહારપાણી) દેવાં (૧૦) ब्रह्मचर्यवास—બ્રહ્મચર્ય ધારણ કરવું. ચિત્તસમાધિસ્થાન દસ કહ્યાં છે, તે આ પ્રમાણે છે—કલ્યાણને પામેલ સાધુને સમસ્ત ધર્મને જાણવાની જે असमुन्पन्नपूर्व—પહેલાં કદી પણ થઇ ન હોય એવી ધર્મચિન્તા ઉત્પન્ન થાય છે, તે પહેલું ચિત્ત સમાધિસ્થાન છે. એટલે કે આત્મકલ્યાણાભિલાષી સાધુ જીવાદી દ્રવ્યોના સ્વભાવને, અથવા આત્મ સ્વભાવરૂપ ઉપયોગને, કે ઉત્પાદ આદિ રૂપ સત્‌ને, અથવા સર્વજ્ઞ ભાષિત શ્રતાદિ રૂપ ધર્મને જ્ઞ પરિજ્ઞાથી જાણીને અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી ત્યાગ કરવા લાયક કર્મનો ત્યાગ કરીને, અનાદિકાળથી આ સંસારમાં પરિભ્રમણ કરતાં હજી સુધીમાં કદી પણ પેદા ન થઇ હોય એવી ધર્મચિન્તા પ્રાપ્ત કરી લે છે. જે ધર્મ-ચિન્તા ધર્મધ્યાનના કારણરૂપ હોય છે. તેથી તેને અપાર્દ્ધપુદ્‌ગલ—પરાવર્તન કાળને અન્તે મોક્ષની પ્રાપ્તિ અવશ્ય થાય છે. આ ધર્મચિન્તામાં મુનિ એવો પણ વિચાર કરે છે કે જે શ્રુતચારિત્રધર્મ સર્વજ્ઞ પ્રભુ દ્વારા ભાષિત છે તે બીજા કોઇ દ્વારા કથિન ધર્મ કરતાં વિશિષ્ટ છે. આ પ્રમાણે વિચાર કર્યા કરવાથી ચિત્તની સમાધિ થાય છે, તેથી તે પહેલું 'ચિત્તસમાધિસ્થાન' છે (૧ આમ કરતાં કરતાં જ્યારે તે ધર્મધ્યાનના કારણભૂત વિચારોથી સંસ્કારિત થઇ જાય છે ત્યારે તેને યથાતથ્ય—સર્વથા અવ્યભિચરિત—પૂર્વે કદી પણ જોયાં ન હોય એવાં સ્વપ્નો આવવા લાગે છે, અને તે આત્માને ભગવાન મહાવીરની જેમ તે સ્વપ્નોના ફળનું દર્શન સંવેદન ઉત્પન્ન થવા માંડે છે. તેનું તાત્પર્ય એ છે કે એવા મુનિને મોક્ષરૂપ ફળની પ્રાપ્તિ અવશ્ય થાય છે, જે તેને સ્વપ્નોમાં પણ જાણવા મળે છે. આ ચિત્તસમાધિનું દ્વિતીય સ્થાન છે. એ જ પ્રમાણે તે ચિત્ત-સમાધિ યુક્ત મુનિને પોતાના પૂર્વભવોનું જ્ઞાન, કે જે એ પહેલાં કદી થયું હોતું

નથી, તે થવા લાગે છે. પૂર્વભવોના જ્ઞાનનું બીજું નામ જાતિસ્મરણ જ્ઞાન છે. સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને જ આ જ્ઞાન થાય છે. દીર્ઘકાલિક ઉપદેશ સંજ્ઞા જેને હોય તેને અહીં સંજ્ઞી ગણવામાં આવેલ છે, કારણ કે સંજ્ઞા ત્રણ પ્રકારની હોય છે. (૧) હેતુવાદ સંજ્ઞા, (૨) દૃષ્ટિવાદ સંજ્ઞા, અને (૩) દીર્ઘકાલિકોપદેશ સંજ્ઞા વિકલેન્દ્રિય જીવોને જે સંજ્ઞા થાય છે તેને હેતુવાદ સંજ્ઞા કહે છે. સમ્યગ્દૃષ્ટિ જીવને જે સંજ્ઞા થાય છે તેને દૃષ્ટિવાદ સંજ્ઞા કહે છે. તથા સમનસ્ક સંજ્ઞી જીવને જે સંજ્ઞા થાય છે તેને દીર્ઘકાલિકોપદેશ સંજ્ઞા કહે છે. જાતિસ્મરણ જ્ઞાન એ જ સંજ્ઞાવાળા સંજ્ઞી પંચેન્દ્રિય જીવને થાય છે. દીર્ઘકાલિકોપદેશ સંજ્ઞાવાળા પંચેન્દ્રિય સમનસ્ક જીવો જાતિસ્મરણ જ્ઞાનથી પોતાનું સંયમરૂપ તથા મોક્ષરૂપ ઉત્તમસ્થાન જાણી લે છે. તે "ત્રીજું ચિત્તસમાધિસ્થાન ગણાય છે. પ્રધાન પરિવારરૂપ દિવ્ય દેવર્દ્ધિને તથા વિશિષ્ટ શરીરાભરણાદિ દીપ્તિરૂપ દિવ્ય દેવદ્યુતિ અને ઉત્તમ વૈક્રિય કરણાદિ પ્રભાવરૂપ દિવ્ય દેવાનુભાવને જોવાને માટે તે કલ્યાણ પ્રાપ્ત સાધુને અસમુત્પન્ન પૂર્વ (પૂર્વે થયું ન હોય એવું) દેવદર્શન થાય છે. એવી વ્યક્તિઓને દેવ જાતે જ આવીને દર્શન આપે છે. દેવદર્શનને લીધે આગમોક્ત અર્થોમાં તે મહાનુભાવોની શ્રદ્ધા દઢ બને છે. ધર્મ પ્રત્યે અતિશય તથા અત્યંત માન થાય છે તેથી ચિત્તસમાધિ થાય છે. આ રીતે દેવદર્શન રૂપ આ ચોથું સમાધિસ્થાન છે. નિયત દ્રવ્ય, ક્ષેત્ર કાળ અને ભાવ રૂપ અવધિ–મર્યાદા–ની અપેક્ષાએ લોકોને જાણવાનું તે કલ્યાણ પ્રાપ્ત સાધુને અપૂર્વ (પહેલાં ઉત્પન્ન ન થયું હોય એવું) અવધિજ્ઞાન ઉત્પન્ન થાય છે વિશિષ્ટ જ્ઞાનથી ચિત્તસમાધિ ઉત્પન્ન થાય છે. આ પાંચમું ચિત્તસમાધિસ્થાન છે. વિશિષ્ટ દર્શનથી પણ ચિત્તસમાધિ થાય છે એ વાત સૂત્રકાર આ સૂત્ર દ્વારા બતાવે છે. દ્રવ્ય ક્ષેત્ર આદિની મર્યાદાની અપેક્ષાએ તે કલ્યાણ પ્રાપ્ત સાધુ લોકોને જોવાને માટેનું અસમુત્પન્ન પૂર્વ અવધિ દર્શન પ્રાપ્ત કરી લે છે. આ છઠ્ઠુ ચિત્તસમાધિ સ્થાન છે. અઢી દ્વીપ સમુદ્રવર્તી પાંચેન્દ્રિય પ્રર્યાપ્ત સંજ્ઞી જીવોના મનોગત ભાવોને માટે તે કલ્યાણ પ્રાપ્ત સાધુને અપૂર્વ મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થઈ જાય છે. આ સાતમું ચિત્તસમાધિસ્થાન, છે પરિપૂર્ણ લોકોને જાણવાને માટે સાધુને અપૂર્વ કેવળજ્ઞાન ઉત્પન્ન થઈ જાય છે કેવળજ્ઞાન ચિત્તસમાધિના એક ભેદ રૂપ છે, તેથી તેને ચિત્તસમાધિનું સ્થાન દર્શાવ્યું છે. જો કે કેવલિ ભગવાન અમનસ્ક હોય છે, છતાં પણ તેમનું ચૈતન્ય જ ચિત્તરૂપ છે. તેથી તેમનામાં ચિત્તસમાધિતા ઘટાવી શકાય છે. આ આઠમું ચિત્તસમાધિસ્થાન છે. પરિપૂર્ણ લોકોને જોવાને માટે કેવલિ ભગવાનમાં અપૂર્વ કેવલ દર્શન ઉત્પન્ન થઈ જાય છે. આ નવમું ચિત્તસમાધિસ્થાન છે. સમસ્ત દુઃખોનો નાશ કરવા માટે કેવ-

ત્રિમરણથી શરીરનો ત્યાગ કરવો તે સર્વોત્કૃષ્ટ ચિત્તસમાધિનું દશમું સ્થાન છે.” સુમેરુ પર્વત મૂળમાં દસ હજાર યોજનના વિસ્તાર વાળો કહેલ છે. અરિષ્ટ-નેમિ અર્હંત પ્રભુ દસ ધનુષ પ્રમાણ ઊંચાં હતા એ જ પ્રમાણે કૃષ્ણ વાસુદેવ પણ દસ ધનુષ પ્રમાણ ઊંચા હતા. બલભદ્ર–બલરામની ઊંચાઇ પણ દસ ધનુષ પ્રમાણ હતી. દસ નક્ષત્રોને જ્ઞાનની વૃદ્ધિ કરનાર કહેલ છે, તે નક્ષત્રોનાં નામ આ પ્રમાણે છે–મૃગશિર્ષ, આર્દ્રા, પુષ્ય, પૂર્વાફાલ્ગુની, પૂર્વાષાઢા, પૂર્વાભાદ્રપદા, મૂલ, અશ્લેષા, હસ્ત અને ચિત્રા. અકર્મભૂમિ જ મનુષ્યોના ઉપભોગનાં સાધનો પૂરા પાડવા માટે દસ પ્રકારનાં કલ્પવૃક્ષો આવેલાં હોય છે, તે આ પ્રમાણે છે–(૧) **मत्ताङ्गक** તે મજે-દાર, પરમ સ્વાદિષ્ટ રસ દેનારાં હોય છે. (૨)**भृङ्ग** તે રત્નોની કટોરીઓ તથા સુવ-ર્ણના થાળ આદિ પાત્રો દે છે. (૩)**त्रुटितांग** તે મૃદંગ આદિ વાદ્યો દે છે **दीप** તે તેજસ્વી દીવાનો પ્રકાશ દેનારાં છે. (૫) **ज्योतिष** તે અગ્નિના જેવું કાર્ય કરે છે. (૬) **चित्राङ्ग** તે વિવિધ સુગંધોથી ભરપૂર પુષ્પો છે (૭) **चित्ररस** તે મનને અનુકૂળ મનોજ્ઞ ભોજન આપે છ. (૮) **मण्यङ्ग** તે હાર અર્ધહાર, આદિ આભુષણો આપે છે. (૯)**गेहाकार** તે બેંતાલીસ ખંડવાળાં મકાનો આપે છે. અને (૧૦) **अनग्नक** જાતિનાં કલ્પવૃક્ષ સુંદરમાં સુંદર કીમતી વસ્ત્રો આપે છે. ાસૂ ૨૮ા

## દશવે સમવાય મેં નારકિયોં કે સ્થિત્યાદિ કા નિરૂપણ

ટીકાર્થ–**इमीसे इत्यादि !** આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકીઓની દસ હજાર વર્ષની જઘન્ય સ્થિતિકહેલ છે. આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિં દસ પલ્યોપમની કહી છે. ચોથી પૃથ્વીમાં દસ લાખ નારકાવાસ છે ચોથી પૃથ્વીમાં કેટલાક નારકીઓની ઉત્કષ્ટ સ્થિતિ દસ સાગરોપમની કહી છે. પાંચમી પથ્વીમાં કેટલાક નારકીઓના જઘન્ય સ્થિતિ દસ સાગરોપમની છે અસુરકુમાર દેવોમાં કેટલાક દેવોની જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષની કહી છે. અસુરેન્દ્રો સિવાયના કેટલાક ભવન-પતિ દેવોની જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષની હોય છે. અસુરકુમાર દેવોમાં કેટલાક દેવોની સ્થિતિ દસ પલ્યોપની હોય છે. બાદર વનસ્પતિ કાયિક જીવોની ઉત્કૃષ્ટ સ્થિતિ દસ હજાર વર્ષની હોય છે. વાણ વ્યન્તર દેવોમાં કેટલાક દેવોની જઘન્ય સ્થતિ દસ હજાર વર્ષની હોય છે. સૌધર્મ ઇશાન કલ્પોમાં કેટલાક દેવોની દસ પલ્યોપમની સ્થિતિ હોય છે. બ્રહ્મલોક કલ્પમાં દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ દસ સાગરો-

પમની હોય છે. લાન્તક કલ્પમાં કેટલાક દેવોની જઘન્ય સ્થિતિ દસ સાગરોપમની કહેલ છે. જે દેવો (૧) ઘોષ (૨) સુઘોષ, (૩) મહાઘોષ, (૪) નન્દિઘોષ, (૫) સુસ્વર (૬) મનોરમ, (૭) રમ્ય, (૯) રમણીય, (૧૦)મંગલાવર્ત અને (૧૧) બ્રહ્મલોકાવતંસક, એ અગિયાર વિમાનોમાં દેવની પર્યાયે ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ દસ સાગરોપમની કહી છે તે દેવો અંદર તથા બહાર શ્વાસોચ્છવાસ લેવાની ક્રિયા પાંચ મહિને કરે છે, અને તે દેવોને દસ હજાર વર્ષે આહાર લેવાની અભિલાષા થાય છે. તે દેવોમાં કેટલાક એવા દેવો પણ હોય છે કે જે ભવસિદ્ધિક હોય છે તેઓ દસ ભવ કર્યા પછી સિદ્ધિ ગતિ પામશે, આત્મિક અનંત ગુણોનો ઉપભોગ કરનાર થશે, સમસ્ત કર્મોથી મુકત થશે, બધી રીતે કૃતકૃત્ય થશે, અને બધા પ્રકારનાં દુઃખોનો અન્ત કરશે.

ભાવાર્થ—આગલાં સૂત્રોમાં ભાવર્થ દ્વારા એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જ્યાં જ્યાં શાસ્ત્રમાં જીવોની જે જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ બતાવી છે–તે જો અહી બતાવવામાં ન આવે તથા જે કોઈ બીજી સ્થિતિ બતાવવામાં આવે છે "તે મધ્યમ સ્થિતિની અપેક્ષાએ કહેલ છે" એમ સમજવું પહેલી પથ્વીમાં જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષની છે, એ વાત આગળ કેટલાક ભાવાર્થોમાં સૂચિત કરવામાં આવી ગઇ છે–એ જ વાત અહીં સૂત્રકારે સૂત્રદ્વારા દર્શાવી છે. હવે અહી કેટલાક નારકીઓની જે દસ પલ્યોપમની સ્થિતિ દર્શાવી છે તે મધ્યમ સ્થિતિની અપેક્ષાએ કહેવામાં આવી છે. કારણ કે ત્યાં ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગરોપમની છે. ચોથી ભૂમિમાં નારકીઓનાં દસ લાખ નરકાવાસ છે. તે પહેલી પથ્વીમાં ત્રીસ લાખ છે, બીજી પથ્વીમાં પચીશ લાખ છે, ત્રીજીમાં પંદર લાખ છે, ચોથીમાં દસ લાખ છે, પાંચમીમાં ત્રણ લાખ છે, છઠ્ઠીમાં એક લાખમાં પાંચ ઓછાં છે, અને સાતમીમાં ફકત પાંચ જ નરકાવાસ છે. તે નરકાવાસ સાતે ભૂમિયોની જેટલી જેટલી જાડાઇ કહેવામાં આવી છે. તેના ઉપર તથા નીચેના એક એક હજાર યોજન છોડીને બાકીના મધ્ય ભાગમાં હોય છે. તેનું અધિક વર્ણન અન્ય શાસ્ત્રોમાંથી જાણી શકાય છે. ચોથી પથ્વીમાં ઉત્કૃષ્ટ સ્થિતિ દસ સાગરોપમની કહી છે, એ સ્થિતિ પાંચમી નરકમાં

જઘન્ય સ્થિતિ થઇ જાય છે. અસુરકુમાર દેવોની જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષની કહી છે, કારણ કે ભવનપતિ નિકાયની જઘન્ય સ્થિતિ એટલી જ કહી છે. અસુરેન્દ્રો સિવાયના બાકીના નાગકુમાર આદિ નવ પ્રકારના દેવોની જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષની છે. અસુરકુમારોમાં કેટલાક દેવોની દસ પલ્યોપમની જે સ્થિતિ અહીં કહી છે તે મધ્યમ સ્થિતિ છે. વનસ્પતિકાયની અહીં જે દસ હજાર વર્ષની ઉત્કૃષ્ટ સ્થિતિ કહી છે તે ભવસ્થિતિની અપેક્ષાએ કહેવામાં આવેલ છે એમ સમજવું, કારણ કે કાય સ્થિતિ અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણી પ્રમાણ છે. વ્યન્તર દેવોની સ્થિતિ પણ દસ હજાર વર્ષની છે-સૌધર્મ, ઈશાન કલ્પમાં અહીં જે દસ પલ્યોપમની સ્થિતિ કહી છે તે મધ્યમ સ્થિતિની અપેક્ષાએ સમજવી બ્રહ્મલોક કલ્પમાં દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ દસ સાગરોપમની છે-એજ સ્થિતિ લાન્તક કલ્પમાં જઘન્ય થઇ જાય છે. ।।સૂ. ૨૯।।

## ગ્યારહવે સમવાય મેં ગ્યારહ ઉપાસક પ્રતિમાદિકા નિરૂપણ

**હવે સૂત્રકાર અગિયારમું સમવાય કહે છે—'एगारस इत्यादि ।**

ટીકાર્થ-ઉપાસકોની અગિયાર પ્રતિમા હોય છે. સાધુઓની જે લોકો સેવા કરે છે તેમને ઉપાસક કહે છે. પ્રતિમા એટલે પ્રતિજ્ઞા. તેમાં અનેક પ્રકારના અભિગ્રહ હોય છે, તેથી તે પ્રતિમાઓને અભિગ્રહરૂપ જ સમજવી. તે પ્રતિમાઓ આ પ્રમાણે છે-**दर्शन श्रावक**-સમ્યકૃત્વ અંગીકાર કરનાર શ્રાવકને દર્શન શ્રાવક કહેવામાં આવેલ છે. જો કે અહીં પ્રતિમાના અગિયાર ભેદ બતાવ્યા છે, તો પણ પ્રતિમા અને પ્રતિમાવાળામાં અ ભેદોપચારની દૃષ્ટિએ પ્રતિમાવાળાનો નિર્દેશ કરાયો છે. આ પ્રતિમાનો કાળ એક માસનો છે. આ પ્રતિમામાં સમ્યક્દર્શનને શંકા કાંક્ષા આદિ શલ્યોથી રહિત બનવવામાં આવે છે. તે પ્રતિમાધારીના અણુવ્રત હોતા નથી. આ પહેલી પ્રતિમા છે. (૧) બીજી પ્રતિમાનું નામ **कृतव्रतकर्मा** છે-તે પ્રતિમાનો સમય બે માસનો હોય છે. તે પ્રતિમા ધારણ કરનાર ઉપાસક પોતે અંગીકાર કરેલ અણુવ્રતાદિનું શ્રવણ, જ્ઞાન, ગ્રહણ અને પ્રતિસેવન એ ચાર પ્રકારની ક્રિયાઓ કરે છે. એટલે કે આ પ્રતિમા ધારણ કરનારે અણુવ્રતાદિનું શ્રવણ કરવું, સાંભળેલાનો બોધ કરવો, જાણેલું ગ્રહણ કરવું, અને ગ્રહણ કરેલું પાળવું, તે ચાર ક્રિયાઓ કરવાની હોય છે. (૨) ત્રીજી પ્રતિમાનું નામ **सामायिककृत** છે. આ પ્રતિમા ધારક શ્રાવક, કે જે સમ્યગ્દર્શન, અને અણુવ્રતાદિથી યુક્ત હોય છે તથા પૌષધ ધારણ કરવા રૂપ નિયમથી રહિત હોય છે, ત્રણ માસ સુધી દરરોજ બે વખત સાવદ્યયોગ પરિવર્જનરૂપ સામાયિક કરે છે.

સાવદ્યયોગનો પરિત્યાગ કરવો અને નિરવદ્યયોગનું સેવન કરવું તેનું નામ સામાયિક છે. (૩) **पोषधोपवासनिरत** એ ચોથી પ્રતિમા છે. શ્રુતચારિત્રરૂપ ધર્મની જેનાથી પુષ્ટિ થાય તેનું નામ પોષધ છે. એટલે કે આહાર આદિના ત્યાગરૂપ જે અનુષ્ઠાન છે એનું નામ જ પોષધ છે. આ ત્યાગ પૂર્વક એક દિવસ અને એક રાત જે ઉપવાસ કરવો પડે છે તેને પોષધોપવાસ કહે છે. અથવા આઠમ આદિ જે પર્વના દિવસો છે તેમનું નામ પોષધ છે. તે દિવસોમાં-ઉપવાસમાં-આહાર, શરીર સંસ્કાર, અબ્રહ્મ, અને સાવદ્યવ્યાપાર, એ બાબતોના ત્યાગપૂર્વક રહેવું તે પોષધોપવાસ કહેવાય છે. આ પ્રતિમા પાળવાનો સમય ચાર માસનો છે. આ પ્રતિમાની ઉપાસના કરનાર ઉપાસકે પૂર્વોકત ત્રણે પ્રતિમાનું આરાધન કરવું આવશ્યક ગણાય છે. આઠમ, ચૌદશ, અમાવાસ્યા અને પૂર્ણિમા, એ પર્વદિનો છે. (૪) પાંચમી પ્રતિમાનું પાલન કરવાનો સમય પાંચ માસનો છે. આ પ્રતિમાનું પાલન કરનાર દિવસે બ્રહ્મચારી રહે છે અને રાત્રે મૈથુન સેવનની મર્યાદા કરનાર હોય છે. (૫) છઠ્ઠી પ્રતિમા ધારણ કરનાર રાત્રે તથા દિવસે, બન્ને સમય બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરે છે, સ્નાન કરવાનો પરિત્યાગ કરે છે, વિકટ પ્રકાશ યુકત સ્થાનમાં ભોજન કરે છે, રાત્રે તો ભોજન લેવાનો સર્વથા પરિત્યાગ કરે છે. આ પ્રતિમા પાળનાર એકકક્ષ વસ્ત્રધારી હોય છે (એક ખભા પર વસ્ત્ર રાખનાર) હોય છે (૬) સાતમી પ્રતિમાનું નામ "**सचित्तपरिज्ञात**" છે. આ વ્રત ધારણ કરવાથી સચિત્ત દ્રવ્યજ્ઞાન પૂર્વક સચિત્ત વસ્તુનો પરિત્યાગ કરાય છે. એટલે કે સાતમી પ્રતિમાનો આરાધક ઉપાસક આગળની છ પ્રતિમાઓના આચારોનું પાલન કરે છે, અને પ્રાસુક આહારનું (દોષ રહિત આહારનું) સેવન કરે છે. અપ્રાસુક આહારનું નહીં. (૭) આઠમી પ્રતિમાનું નામ **आरम्भपरिज्ञात** છે તેની આરાધનાનો કાળ આઠ માસનો છે. તેનો આરાધક જાતે આરંભનો ત્યાગ કરે છે. તે આરંભત્યાગી પૂર્વોકત

સાત પ્રતિમાઓના આચારનું પાલન કરેલ છે. અને એવો કોઇ પણ આરંભ કરતો નથી કે જેમાં છ કાયના જીવોની વિરાધના થાય (૮) નવમી પ્રતિમાનું નામ **प्रेष्यपरिज्ञात** છે. તેના પાલનનો કાળ નવ માસનો છે. તે પ્રતિમાના આરાધકે બીજા લોકો પાસે પણ છ કાયના જીવોની વિરાધના થાય એવો આરંભ કરાવવાનો પરિત્યાગ કરવો પડે છે. આ પ્રતિમાનું આરાધન કરનાર જીવ પૂર્વોકત આઠ પ્રતિમાઓના આચારનું પાલન કરતો કરતો આ પ્રતિમાનું પાલન કરનાર થાય છે (૯) દસમી પ્રતિમાનું નામ **'उद्दिष्टभक्तपरिज्ञात'** છે. તે પાળનાર પોતાને નિમિ-તે આહાર બન્યો છે એવું જાણવા મળેથી તેનો પરિત્યાગ કરે છે–આ પ્રતિમાનો આરાધક જીવ પોતાને માટે કોઇની પણ પાસે આહાર બનાવરાવતો નથી. તથા કોઈ તેના માટે આહાર બનાવે અને તે વાતની તેને ખબર પડે કે તેણે મારા નિમિત્તે આહાર બનાવ્યો છે, તો તે એવા આહારને પોતાના ઉપયોગમાં લેતો નથી-તેનો પરિત્યાગ કરે છે, કારણ કે તે પ્રકારનો આહાર આધાકર્મ આદિ દોષોથી દૂષિત ગણાય છે. તે અસ્રાથી પોતાના વાળ કપાવે છે. જો તેની ઈચ્છા થાય તો શિખા રાખી શકે છે. તેને કોઇ ઘરના વિષયમાં પૂછે તો જે વિષયની તેને ખબર હોય તે વિષયનો જવાબ "હા" મા આપે છે અને જે બાબતની તેને ખબર ન હોય તેનો જવાબ 'ના' માં આપેછે. આ પ્રતિમાની આરાધનાનો કાળ દસ માસનો છે. (૧૦) અગિયારમી પ્રતિમાનું નામ **'श्रमणभूत'** છે. જંબૂસ્વામીને સમજાવતા સુધર્મા સ્વામી કહે છે કે "હે શ્રમણ આયુષ્યમન્! જંબૂ! આ પૂર્વોકત પ્રકારની પ્રતિમાઓનું પાલન કરનાર શ્રાવક શ્રમણ જેવો થઇ જાય છે" અહીં **भूत** શબ્દનો અર્થ 'સમાન' થાય છે. તેનો ભાવાર્થ આ પ્રમાણે છે–જ્યારે તે પૂર્વોકત સઘળી પ્રતિમાંઓનું પાલન કરવામાં નિષ્ણાત થઇ જાય છે ત્યારે સાધુ જેવો જ બની જાય છે–પછી ભલે તે વાળને અસ્રા વડે મુંડાવતો હોય કે પોતે જ તેનો લોચ કરતો હોય. પહેરવેશ સાધુ જેવો હોય છે. ઇર્યાસમિતિ આદિ પાંચ સમિતિઓનું પાલન કરતો એવો તે જ્યારે ભિક્ષાને નિમિત્તે પોતાના કુટુંબીઓનાં ઘરે જાય છે ત્યારે તે આ પ્રમાણે બોલે છે "પ્રતિમા યુકત શ્રમણોપાસકને માટે ભિક્ષા આપો" જ્યારે તેને કોઇ પૂછે છે કે "તમે કોણ છો?" ત્યારે તે જવાબ આપે છે કે "હું શ્રમણોપાસક છું." જો તેમને કોઇ વંદણા કરવા લાગે છે તો તે કહે છે કે "હું શ્રમણોપાસક શ્રાવક છું." અગિયાર માસ સુધી આ પ્રતિમાનું પાલન કરવામાં આવે છે (૧૧)

લોકાન્તથી એટલે કે તિરકસ લોકના અન્તથી એક હજાર એક સો અગિયાર (૧૧૧૧) યોજનને અંતરે જ્યોતિશ્ચક્રનો પ્રારંભ થાય છે. જંબૂદ્વીપ નામના દ્વીપમાં અગિયાર સો એકવીસ (૧૧૨૧) યોજન પ્રમાણ સુમેરુને છોડીને જ્યોતિશ્ચક્ર ભ્રમણ કરે છે. શ્રમણ ભગવાન મહાવીરના અગિયાર ગણધર હતા, તેમના નામ નીચે પ્રમાણે છે–

(૧) ઇંદ્રભૂતિ, (૨) અગ્નિભૂતિ, (૩) વાયુભૂતિ, (૪) વ્યકત, (૫) સુધર્મા, (૬) મંડિત, (૭) મૌર્યપુત્ર, (૮) અંકપિત, (૯) અચલભ્રાતા, (૧૦) મેતાર્ય અને (૧૧) પ્રભાસ. મૂળ નક્ષત્ર અગિયાર તારાઓવાળું છે. અધસ્તન ગ્રૈવેયક નિવાસી દેવોનાં એક સો અગિયાર (૧૧૧) ગ્રૈવેયક વિમાન છે, એમ ભગવાને કહ્યું છે. સુમેરુ પર્વત વિસ્તારમાં ધરણિતલની અપેક્ષાએ શિખર પ્રદેશમાં અગિયાર ભાગ ન્યૂન (ઓછો) છે. એટલે કે મંદર પર્વતની તળેટીના ભાગમાં જેટલી પહોળાઇ છે, તેમાંથી મંદર પર્વતની ઊંચાઇનો અગિયારમો ભાગ બાદ કરતાં જે બાકી રહે તે મન્દરપર્વતના શિખરનો વિષ્કંભ છે. તેનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે–પૃથ્વીના સમતલ પર મન્દર પર્વતનો વિષ્કંભ–વિસ્તાર–દસ હજાર યોજનનો છે. મન્દર પર્વતની ઊંચાઇ નવાણું હજાર યોજન છે. તેનો અગિયારમો ભાગ નવ હજાર યોજન થાય છે. તે નવ હજાર યોજનને, મન્દર પર્વતના પૃથ્વીસમતલ વિસ્તાર દસ હજાર યોજનમાંથી બાદ કરતાં એક હજાર યોજન બાકી રહે છે. તો મન્દર પર્વતના શિખરનો વિષ્કંભ–વિસ્તાર એક હજાર યોજન સમજવો. ॥સૂ. ૩૦॥

**ટીકાર્થ—'इमीसे णं' इत्यादि ।** આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકીઓની અગિયાર પલ્યોપમની સ્થિતિ કહી છે. પાચમી ભૂમિમાં કેટલાક નારકીઓની અગિયાર સાગરોપમની સ્થિતિ કહી છે. અસુરકુમાર દેવોમાં કેટલાક દેવોની સ્થિતિ અગિયાર પલ્યોપમની કહી છે. સૌધર્મ અને ઇશાન કલ્પોમાં કેટલાક દેવોની સ્થિતિ અગિયાર પલ્યોપમની હોય છે. લાન્તક કલ્પમાં કેટલાક દેવોની સ્થિતિ અગિયાર સાગરોપમની કહી છે. જે દેવો (૧) બ્રહ્મ, (૨) સુબ્રહ્મ, (૩) બ્રહ્માવર્ત્ત, (૪) બ્રહ્મપ્રભ, (૫) બ્રહ્મકાન્ત, (૬) બ્રહ્મવર્ણ (૭) બ્રહ્મલેશ્ય, (૮) બ્રહ્મધ્વજ, (૯) બ્રહ્મશ્રૃંગ, (૧૦) બ્રહ્મસૃષ્ટ, (૧૧) બ્રહ્મકુટ અને (૧૨)બ્રહ્મોત્તરાવતંસક, એ બાર વિમાનોમાં દેવની પર્યાયે ઉત્પન્ન થાય છે, તે દેવોની સ્થિતિ અગિયાર સાગરોપમની હોય છે. તે દેવો સાડાપાંચ મહિને બાહ્ય તથા આભ્ય-

ન્તરિક શ્વાસોચ્છ્વાસ ગ્રહણ કરે છે. તે દેવોને અગિયાર હજાર વર્ષ બાદ આહાર સંજ્ઞા ઉત્પન્ન થાય છે. તેમાં કેટલાક ભવસિદ્ધિક હોય છે, જે અગિયાર ભવ કર્યા પછી સિદ્ધિ ગતિ પ્રાપ્ત કરશે, આત્મિક અનંત જ્ઞાનાદિક ગુણોના ભોક્તા થશે, સમસ્ત કર્મોથી છૂટી જશે, દરેક રીતે કૃતકૃત્ય થશે, અને સમસ્ત દુઃખોનો અન્ત કરી નાખશે ।।સૂ. ૩૧।।

## બારહવે સમવાય મેં ભિક્ષુપ્રતિમા આદિકા નિરૂપણ

હવે સૂત્રકાર બારમું સમવાય પ્રગટ કરે છે—'बारस इत्यादि !

ટીકાર્થ–બાર ભિક્ષુ પ્રતિમાઓ હોય છે, જે આ પ્રમાણે છે—પ્રથમ ભિક્ષુપ્રતિમા એક માસની, બીજી ભિક્ષુપ્રતિમા બે માસની, ત્રીજી ભિક્ષુપ્રતિમા ત્રણ માસની, અને ચોથી ભિક્ષુપ્રતિમા ચાર માસની હોય છે. એક માસની જે ભિક્ષુપ્રતિમા છે છે તેનુ સેવન કરનાર ભિક્ષુ એ એક માસ સુધી દરરોજ અન્નપાનની એક એક દત્તિ (ધારા એક વાર ખંડિત થાય ત્યારે એક દત્તિ થઇ ગણાય છે) લેવાની હોય છે.બીજી ભિક્ષુપ્રતિમા કે જેનું આરાધન બે માસ સુધી કરવાનું હોય છે, તેમાં અન્નની બે દત્તિ અને પાન (પેય પદાર્થ) ની બે દત્તિ દરરોજ ગ્રહણ કરાય છે. ત્રીજી ભિક્ષુ-પ્રતિમાનો આરાધન કાળ ત્રણ માસનો છે. તેમાં દરરોજ અન્નપાનની ત્રણ ત્રણ દત્તિ લેવામાં આવે છે. એ જ પ્રમાણે ચ ર માસની ભિક્ષુપ્રતિમામાં, પાંચ માસની ભિક્ષુપ્રતિમામાં, છ માસની ભિક્ષુપ્રતિમામાં અને સાત માસની ભિક્ષુપ્રતિમામાં અન્ન પાનની અનુક્રમે ચાર, પાચ, છ અને સાત માસ સુધી, ચાર, પાંચ છ અને સાત દત્તિયો ગ્રહણ કરવામાં આવે છે. આ રીતે એ સાત ભિક્ષુપ્રતિમાઓમાં અનુક્રમે અન્નપાનની એકથી લઇને દત્તિયો વધતી વધતી સાત માસની અવધિવાળી સાતમી ભિક્ષુપ્રતિમામાં અન્નપાનની સાત સાત દત્તિઓ ગ્રહણ કરાય છે. ત્યાર બાદ આઠમા માસના પહેલા અઠવાડિયામાં પ્રથમ ભિક્ષુપ્રતિમા એટલે કે આઠમી પ્રતિમાનું આરા-ધન કરાય છે. તેની આરાધનાનો સમય સાત દિન-રાતનો છે. તે પ્રતિમાનો આરા-ધક ચતુર્થભકતની (ચોવિહાર) તપસ્યા કરે છે, ગામની બહાર રહે છે, ઉત્તાન

આદિ આસને બેસે છે. બીજી પ્રતિમા-એટલે કે નવમી ભિક્ષુ પ્રતિમાની આરાધનનો કાળ આઠમા માસના બીજા સપ્તાહનો છે. તેની આરાધના માટે આરાધક ઉત્કુટુક (ઉભા પગે બેસવું તે) આદિ આસને બેસે છે. અને બાકીની બધી વિધિ આઠમી પ્રતિમા જેવી જ છે. દસમી ભિક્ષુપ્રતિમાનો આરાધન કાળ આઠમા માસનું ત્રીજુ સપ્તાહ છે. આઠમા માસના ત્રીજા સપ્તાહમાં આ પ્રતિમાની આરાધના સાત દિનરાત કરાય છે. તેનો આરાધક વીરાસન આદિ આસને બેસે છે. આ રીતે એકવીસ દિનરાતમાં આઠમી, નવમી અને દસમી પ્રતિમાઓનું આરાધન સમાપ્ત થાય છે. બાવીસમે દિવસે અગિયારમી ભિક્ષુપ્રતિમાનું આરાધન થાય છે. તેનો આરાધન કાળ એક દિનરાતનો છે. તેની આરાધનામા ષષ્ઠભકતની (બે ઉપવાસ) તપસ્યા કરવામાં આવે છે. બારમી પ્રતિમાનો આરાધન કાળ એક રાતનો છે. તેમાં અષ્ટભકતની-ત્રણ ઉપવાસ (આઠમની) છેલ્લી રાત્રે બન્ને હાથ લટકતા રાખીને ઉભા રહેવું પડે છે; બન્ને પગ એક બીજા સાથે જોડાયેલા રહે છે, શરીર થોડું ઝુકતું રહે અને નેત્ર અપલક રહે છે. આ વિષયમાં વધુ જાણવાની ઇચ્છા વાળા જિજ્ઞાસુઓએ દશાશ્રુત સ્કંધની દસમાં અધ્યયનની અમે લખેલી મુનિહર્ષિણી નામની ટીકા જોઇ જવી.

બાર પ્રકારના સંભોગ હોય છે. સમાન સમાચારી સાધુઓનો એક મંડળીમાં જે આહારાદિ વ્યવહાર થાય છે તેનું નામ સભોગ છે. સંભોગના બાર પ્રકાર છેતે આ પ્રમાણે છે-(૧) ઉપધિ-વસ્ત્ર, પાત્ર આદિ (૨) શ્રુત, (૩) ભકતપાન, (૪) અજલિપ્રગ્રહ, (૫) દાન, (૬) નિકાચ, (૭) અભ્યુત્થાન, (૮) કૃતકર્મકરણુ, (૯) વૈયાવૃત્યકરણુ, (૧૦) સમવસરણ, (૧૧) સંનિષધા અને (૧) કથા પ્રબન્ધન.

**उपधिसंभोग**—ઉત્પાદન એષણા દોષથી રહિત વસ્ત્ર પાત્ર આદિ વિશુદ્ધ ઉપધિને સંભોગિક સાધુની સાથે ગ્રહણ કરતો સંભોગિક સાધુ શુદ્ધ હોય છે, અને ઉત્પાદન એષણા દોષથી યુકત ઉપધિને ગ્રહણ કરતો અશુદ્ધ હોય છે. આ પ્રમાણે

દોષ યુકત ઉપધિને ત્રણ વાર ગ્રહણ કરીને પ્રાયશ્ચિત્ત કરનાર સાધુ સંભોગને યોગ્ય ગણાય છે. પણ જો એ જ સાધુ તે પ્રકારની ઉપધિ જો ચોથી વાર ગ્રહણ કરે અને પ્રાયશ્ચિત્ત પણ કરી લે તો પણ તે સંભોગને યોગ્ય મનાતો નથી. તથા-જો સંભોગિક સાધુ વિસાંભોગિક પાર્શ્વસ્થ-(શિથિલાચારી)-આદિ સાધુની સાથે રહીને શુદ્ધ અથવા અશુદ્ધ ઉપધિ ગ્રહણ કરે અને ત્યાર બાદ કોઇ બીજાની પ્રેરણાથી જો તે પ્રાયશ્ચિત્ત લઇ લે-આ પ્રમાણે ત્રણ વાર તે સાધુ એવું કરે અને પ્રાયશ્ચિત્ત લઇને શુદ્ધ થાય તો તે સાધુ સંભોગને પાત્ર ગણાય છે. પણ જો તે ચોથી વાર પણ એવું કરે અને પછી તેનું પ્રાયશ્ચિત્ત પણ લે તો તે અસંભોગ્ય જ ગણાય છે. આ પ્રમાણે ઉપધિના પરિકર્મ અને પરિભોગ કરતો સાધુ અસંભોગ્ય હોય છે. (૧)

૨) **श्रुतसंभोग**—અધ્યયનને માટે આવેલ સંભોગિક અથવા અન્ય સંભોગી-સાધુ સાથે વિધિ પૂર્વક વાચના પ્રચ્છના કરનાર સાધુ શુદ્ધ છે. અવધિથી આવેલ સાધુ સાથે અથવા પાર્શ્વસ્થ સાધુ સાથે વાચના પ્રચ્છના કરનાર સાધુ અશુદ્ધ છે. આ રીતે ત્રણ વખત અવિધિ પૂર્વક વાચના પ્રચ્છના કરવાથી અશુદ્ધ થયેલ સાધુ પ્રાયશ્ચિત્ત વિધિથી સંભોગ્ય થઇ જાય છે. પણ એ જ સાધુ ચોથી વાર પણ એવું કરે તો પ્રાયશ્ચિત્ત લેવા છતાં પણ તેને અશુદ્ધ માનવામાં આવે છે, અને આ રીતે તે અસંભોગ્ય જ રહે છે. (૨)

(૩) **भक्तपानसंभोग**—તેમાં ઉપધિ પ્રમાણે જ બધી વિધિ છે. પણ અહીં પરિકર્મની જગ્યાએ દાન અને પરિભોગને સ્થાને આદાન શબ્દનો પ્રયોગ કરવો જોઇએ. (૩)

(૪) **अंजलिप्रग्रह**—આ સંભોગનો ચોથો ભેદ છે. અહીં અંજલિ શબ્દનો અર્થ વંદના થાય છે. સાધુ સાંભોગિક અથવા અન્ય સાંભોગિક સાધુ સાથે મુલાકાત થતા તેમને વંદના કરે છે, અંજલિબદ્ધ નમસ્કાર કરે છે, અને આલોચના તથા સૂત્રાર્થ નિમિત્ત નિષદ્યા કરે છે. એટલે કે બેસે છે. આ પ્રમાણે કરનાર સાધુને સંભોગ્ય માન-

વામાં આવે છે. પણ જો તે સાધુ પાસત્થ શિથિલાચારી આદિ સાધુઓની સાથે એ પ્રકારનો વ્યવહાર કરે તો તે અશુદ્ધ થઇ જાય છે. અને પ્રાયશ્ચિત્ત લેવાથી તે શુદ્ધ થાય છે. આ પ્રમાણે ત્રણ વાર કરે ત્યાં સુધી પ્રાયશ્ચિત્ત વિધિથી તેની શુદ્ધિ થઇ શકે છે પણ ચોથી વાર એ પ્રકારનો વ્યવહાર કરે તો પ્રાયશ્ચિત્ત લેવા છતાં પણ તેની શુદ્ધિ થઈ શકતી નથી તેથી એવો સાધુ અસંભોગ્ય છે. (૫) **दानसंभोग,** તે પાંચમો ભેદ છે. અહીં દાન એટલે શિષ્યનું પ્રદાન એવો અર્થ સમજવાનો છે. સંભોગિક સાધુ સંભોગિકને માટે અથવા અન્ય સંભોગિકને માટે પોતાનો શિષ્ય અર્પણ કરે છે, આ સ્થિતિમાં તે શુદ્ધ છે, પણ જો તે નિષ્કારણ સંભોગિક અથવા વિસંભોગિકને માટે કે કોઇ પાર્શ્વસ્થ આદિ ને માટે પોતાના શિષ્યો આપે છે તો તે અશુદ્ધ ગણાય છે. આ પ્રમાણે ત્રણ વખત કરે ત્યાં સુધી તે પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થઇ શકે છે, પણ જો તે ચોથી વાર એવું કરે તો પ્રાયશ્ચિત્ત લેવા છતાં પણ તે શુદ્ધ થઈ શકતો નથી. તેથી તે અસંભોગ્ય છે. (૬) **निकाच संभोग**—શય્યા, ઉપધિ, આહાર, શિષ્ય પ્રદાન અને સ્વાધ્યાય, વડે સંભોગિકને આમંત્રણ કરતો સંભોગિક સાધુ શુદ્ધ કહેવાય છે. આ વિષયમાં બાકીનું કથન આગળના કથનો પ્રમાણે સમજી લેવું—એટલે કે જ્યારે તે સાધુ પાર્શ્વસ્થ આદિને શય્યા આદિ વડે આમંત્રિત કરે છે ત્યારે તે અશુદ્ધ ગણાય આ પ્રમાણે ત્રણ વખત થયેલી અશુદ્ધિનું પ્રાયશ્ચિત્ત કરવાથી તે શુદ્ધ થઈ જાય છે અને સંભોગ્ય બને છે. પણ જો ચોથી વાર પણ તે એ જ પ્રકારની અશુદ્ધિ કરે તો પ્રાયશ્ચિત્ત કરવા છતાં પણ તે શુદ્ધ થઈ શકતો નથી આ સ્થિતિમાં તે અસંભોગ્ય જ ગણાય છે. (૭) **अभ्युत्थानसंभोग**—તે સંભોગનો સાતમો ભેદ છે. અભ્યુત્થાન એટલે આસનનો ત્યાગ કરવો. એટલે કે પાર્શ્વસ્થ આદિનું આગમન થતાં પોતાનું આસન છોડીને ઉભા થઈ જવું, તેમને માન આપવું, આદિ ક્રિયાઓ 'અભ્યુત્થાન' પદથી ગ્રહણ કરવામાં આવી છે. અહીં 'અભ્યુત્થાન' પદ કિંકરતા, ન્યાસકરણ અને અવિભકિત, એ ત્રણનો ઉપલક્ષક છે. પ્રાઘૂર્ણ,ગ્લાન (મહેમાન, બિમાર) આદિ અવસ્થા સંપન્ન સાધુઓ પ્રત્યે મનમાં એવી પ્રશ્નાત્મક ઉકિત કરવી કે " હું આપના

વિશ્રામને માટે કેવો પ્રયત્ન કરૂં" તેનું નામ કિંકરતા છે. પાર્શ્વસ્થ આદિ ધર્મથી ચલિત થયેલ સાધુને ફરી સાધુધર્મમાં સંસ્થાપિત કરવો, તેનું નામ ન્યાસકરણ છે. અને ભેદભાવ રહિત થવું, તેનું નામ અવિભકિત છે. જ્યારે સાધુ પાર્શ્વસ્થ આદિ કરવા માંડે છે ત્યારે તે અશુદ્ધ થવાને કારણે અસંભોગ્ય થાય છે. પણ જો આગમન અનુસાર તે કિંકરતા આદિ કરે છે. તો તે શુદ્ધ હોવાથી સંભોગ્ય ગણાય છે. (૮) **कृतिकर्म संभोग—** તે સંભોગનો આઠમો ભેદ છે વિધિપૂર્વક વંદના કરનાર સાધુ શુદ્ધ અને સંભોગ્ય ગણાય છે, પણ અવિધિપૂર્વક કૃતિકર્મ કરનાર સુધી આગળ કહ્યું તેમ અશુદ્ધ અને અસંભોગ્ય મનાય છે. જ્યારે સાધુ વાના રોગથી પીડાવાને કારણે શારીરિક હલનચલન કરવાને અસમર્થ થાય છે, ત્યારે તે ઉત્થાન આદિ ક્રિયા કરવાને શકિતમાન હોતો નથી. આ પ્રકારની સ્થિતિમાં જે સૂત્રનું જ અસ્ખલિત આદિ ગુણ પૂર્વક ઉચ્ચારણ કરે છે. તથી શિરોનમન આદિ આવશ્યક ક્રિયાઓ બની શકે એટલા પ્રમાણમાં કરે છે. તે સાધુની આ પ્રકારની જે વંદનાવિધિ છે તે કપટ રહિત હોવાને કારણે તે સાધુ સંભોગ્ય જ ગણાય છે. (૯) **वैयावृत्य करण—**આ સંભોગનો નવમો ભેદ છે. વૈયાવૃત્ય એટલે યોગ્ય સાધનો એકત્ર કરીને અથવા પોતાની જાતને જ કામમાં લગાડીને શુશ્રૂષા કરવી. એ જ વાતને ટીકાકાર આ પ્રમાણે સમજાવે છે-આહાર, ઉપધિ, આદિ દેવાથી, પ્રસ્રવણ મૂત્ર આદિનું પરિ-ષ્ઠાપન કરવાને માટે દેવાથી. અધિકરણના ઉપશમનથી અથવા બીજી બાબતોમાં મદદ કરીને ગુરૂ આદિને સહાય કરવી તેનું નામ વૈયાવૃત્ય છે, વૈયાવૃત્યની બાબતમાં પણ આગળ પ્રમાણે જ સંભોગ અને અસંભોગ થાય છે. (૧૦) **समवसरण—** અનેક સાધુઓનું એક જગ્યાએ રહેવું તેને સમવસરણ કહે છે તે બે પ્રકારનું છે. (૧) નિરવગ્રહ (૨) સાવગ્રહ નિરવગ્રહ સમવરસણ ક્ષેત્રને આધારે થાય છે, કારણ કે સાધુઓનો વિહાર પ્રતિબંધ રહિત હોય છે. સાવગ્રહ સમવસરણ વસતિને (વસવાટ)

આધારે થાય છે, કારણ કે ઉપાશ્રય રૂપ વસતિમા પહેલેથી આવી રહેલા સાધુઓનો અવગ્રહ (રજા) લીધા પછી જ પાછળથી આવેલ સાધુ ત્યાં રહે છે. તેમાં સંભોગ્ય તથા અસંભોગ્ય વ્યવસ્થા આગળ પ્રમાણે જ સમજી લેવી. **संनिषद्या**—આ સંભોગનો અગિયારમો ભેદ છે: તેમાં સાધુ એક આસને બેસી રહે છે. તે સંનિષદ્યા સંભોગ અને અસંભોગનું કારણ બને છે. આસન ઉપર બેઠેલાં આચાર્ય પોતાના આસને બેઠાં બેઠાં અન્ય સંભોગિક આચાર્યની સાથે શ્રુતપરિવર્તન આદિ કરે તો તે શુદ્ધ ગણાય છે. પણ અમનોજ્ઞ પાર્શ્વસ્થ આદિ સાથે એક આસને બેસીને શ્રુતપરિવર્તન આદિ કરે તો તે અશુદ્ધ ગણાય છે. તેમાં પણ સંભોગ્ય અને અસંભોગ્યની વ્યવસ્થા આગળ કહ્યા પ્રમાણે ઘટાવી લેવી. (૧૨) એ જ પ્રમાણે **कथाप्रबंध** નામનો જે બારમો ભેદ છે, તેમાં પણ સંભોગ્ય, અસંભોગ્યની વ્યવસ્થા આગળ કહ્યા પ્રમાણે સમજવી.

કૃતિકર્મ—વંદન-બાર આવર્ત્તવાળું હોય છે, તે આ પ્રમાણે છે-પહેલા બે શિરોનમન વાળાં કૃતિકર્મ છે. તેમાં પહેલાં જ્યારે "**इच्छामि खमासमणो ! वंदिउं जावणिज्जाए निसीहियाए**" એવો પાઠ બોલીને જ્યારે અવગ્રહની અનુજ્ઞા લેવામાં આવે છે ત્યારે પહેલી વખત શિરોનતિ (મસ્ત નમાવવાની ક્રિયા) થાય છે. જ્યારે પહેલાંની જેમ ફરીથી અવગ્રહની આજ્ઞા લેવાય છે ત્યારે બીજી વખત શિરોનતિ કરાય છે. આ પ્રમાણે તે બે આવર્ત્ત થાય છે. (૨) ત્રીજુ આવર્ત યથાજાત છે. તે એ સમયે કરવામાં આવે છે કે જ્યારે દીક્ષા લેતી વખતે તે ચોલપટ્ટક ધારણ કરે છે, સદોરકમુહપત્તિ પોતાના મોઢે બાંધે છે; રજોહરણ અને પ્રમાર્જિકા લે છે, પોતાના ગુરુદેવને બન્ને હાથ જોડીને નમસ્કાર કરે છે. તેનું નામ 'યથાજાત' છે. બાર આવર્ત્તવાળું કૃતિકર્મ ચોથું આવર્ત છે. સૂત્રોચ્ચારણથી મિશ્રિત કાય વ્યાપારને આવર્ત કહે છે. વંદન ક્રિયામાં તે બાર આવર્ત્ત આ પ્રમાણે થાય છે-'**अहो कायं काय संफासं**' આ પાઠ બોલીને શિષ્ય પોતાના ગુરુદેવનાં ચરણોનો સ્પર્શ કરે છે ત્યારે તેમાં ત્રણ આવર્ત્ત થાય છે, જેમ કે "**अहो**" માંથી પહેલાં "**अ**" ને બોલાવતી વખતે પોતના અંજલિપુંટને જમણી તરફથી લઇને ડાબી તરફ લઈ જાય છે, અને પછી તેને શિર સાથે સંયુકત કરીને '**हो**' શબ્દનું ઉચ્ચારણ કરે છે. આમાં પહેલું આવર્ત્ત સમાપ્ત થાય છે ત્યાર બાદ "**कायं**" પદને "**का**" "**यं**' એમ ભિન્ન રૂપે બોલીને દ્વિતીય આવર્ત્તને અને '**काय**' પદને સમગ્ર રૂપે બોલીને પહેલાંની જેમ કરીને "**कायं**" **संफासं**" બોલતા તે ત્રીજા આવર્તને સમાપ્ત કરે છે. અને શિર નમાવીને ગુરૂનાં ચરણોનો સ્પર્શ કરે છે. ત્યાર પછી **खमणिज्जो मे किलामो अप्पकिलंताणं बहुसुभेणं मे दिवसो वइक्कतो**" આ વાકયથી અપરાધ ક્ષમાપન પૂર્વક દિવસ સંબંધી સુખ શાતાદિક પૂછીને "**जत्ताभे**" એવું ઉચ્ચારણ કરીને ચોથું આવર્ત્ત, "**जवणिज्जं**" બોલીને પાંચમું આવર્ત્ત, '**च भे**' બોલીને છઠ્ઠુ આવર્ત્ત થાય છે. એ રીતે બીજા ક્ષમાપણ દાનમાં

પણ છ આવર્ત્ત થાય છે. આ રીતે કૃતિકર્મ બાર આવર્ત્ત વાળું હોય છે. આ રીતે ચાર આવર્ત થયા તથા ચારશિર એ પાંચમું અને છઠું આવર્ત્ત છે, પહેલાં દાખલ થયેલ શિષ્યના ક્ષમાપણ-કાળમાં શિષ્ય અને આચાર્યનાં બે શિર, ત્યાર બાદ પુનઃ નીકળીને પ્રવિષ્ટ થયેલ શિષ્યના ક્ષમાપણકાળમાં શિષ્ય અને આચાર્યનાં બે શિર છે. એ પ્રમાણે ચાર શિર છે. તેમના બે આવર્ત્ત એ રીતે પાચમું અને છઠું આવર્ત્ત થાય છે. તથા ત્રણ ગુપ્તિયોના ત્રણ આવર્ત્ત એ રીતે તે નવ આવર્ત્ત થઇ જાય છે. બે પ્રવેશના બે આવર્ત્ત–અવગ્રહ લઇને પ્રવેશકરવો તે પ્રથમ પ્રવેશ, તથા નીકળીને પુનઃ પ્રવેશ કરવો તે દ્વિતીય પ્રવેશ, એ પ્રવેશરૂપ બે આવર્ત્ત છે. તથા અવગ્રહથી આવશ્યકી કરીને નીકળનારનો એક, તે બારમો નિષ્ક્રમરૂપ આવર્ત્ત થાય છે, બીજી વાર અવગ્રહશ્રી નીકળતો નથી પણ ત્યાં ગુરૂ ચરણમાં રહીને જ ક્ષમા શ્રમણનો પૂરો પાઠ બોલે છે. આ રીતે કૃતિકર્મ–વંદન–બાર આવર્ત વાળું કહેલ છે એ બાર આવર્ત્તોમાં અવશ્ય કરવા યોગ્ય પચીશ વિધિયો હોય છે, તે આ પ્રમાણે છે—

બે શિરોનમન, ૨, એક યથાજાત ૩, આદક્ષિણ પ્રદક્ષિણ રૂપ બાર પ્રકરનાં કૃતિકર્મ ૧૫, ચાર શિર, ૧૯, ત્રણ ગુપ્તિયો, ૨૨, બે પ્રવેશ ૨૪, અને એક નિષ્ક્રમણ ૨૫.

આયામ (લંબાઇ) અને વિષ્કંભ (પહોળાઇ) ની અપક્ષાએ વિજયા નામની રાજધાની બાર હજાર યોજનની કહી છે. રામ નામના બલભદ્ર બાર હજાર વર્ષનું આયુષ્ય ભોગવીને પાંચમાં દેવલોકમાં દેવ થયા છે. મંદર પર્વતની ચૂલિકા મૂળમાં વિષ્કંભની અપક્ષાએ બાર યોજનની કહેલ છે. આખા વર્ષમાં સૌથી ટૂંકી રાત્રિ બાર મુહૂર્તવાળી હોય છે એ જ પ્રમાણે સૌથી ટૂંકો દિવસ પણ બાર મુહૂર્તનો હોય છે. સર્વાર્થ સિદ્ધ મહાવિમાનતા ઉપરિતન શિખરના અગ્રભાગથી બાર યોજન ઉપર ઈષત્પ્રાગભાર નામની સિદ્ધશિલા છે. આ ઇષત્પ્રાગ્ભાર પૃથ્વીનાં બાર નામ છે, તે આ પ્રમાણે છે—(૧) ઇષત્ (૨) ઈષત્પ્રાગ્ભાર. (૩) તનૂ (૪) તનુકતરા, (૫) સિદ્ધિ (૬) સિદ્ધાલય, (૭) મુકિત, (૮) મુકતાલય, (૯) બ્રહ્મ, (૧૦) બ્રહ્માવતંસિકા, (૧૧) લોકપ્રતિપૂરણ અને (૧૨) લોકાગ્રચૂલિકા, ॥ સૂ. ૩૨॥

## બારહવે સમવાય મેં નારકિયોં કે સ્થિત્યાદિ કા નિરૂપણ

ટીકાર્થ–'इमीसे णं' इत्यादि !

આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકીઓની બાર પલ્યોપમની સ્થિતિ છે. પાંચમી પૃથ્વીમાં કેટલાક નારકીઓની બાર સાગરોપમની સ્થિતિ કહી છે. અસુરકુમાર દેવોમાં કેટલાક દેવોની સ્થિતિ બાર પલ્યોપમની કહી છે. સૌધર્મ તથા ઈશાન કલ્પોમાં કેટલાક દેવોની સ્થિતિ બાર પલ્યોપમની કહી છે. લાન્તક કલ્પમાં કેટલાક દેવોની સ્થિતિ બાર સાગરોપમની કહી છે. જે દેવો (૧) મહેન્દ્ર, (૨) મહેન્દ્રધ્વજ (૩) કમ્બુ, (૪) કમ્બુગ્રીવ, (૪) પુંખ. (૬) સુપુંખ (૭) મહાપુંખ, (૮) પુંડ્ર (૯) સુપુંડ્ર (૧૦) મહાપુંડ્ર, (૧૧) નરેન્દ્ર (૧૨) નરેન્દ્રકાન્ત અને (૧૩) નરેન્દ્રોત્તરાવતંસક એ તેર વિમાનોમાં દેવની પર્યાયે ઉત્પન્ન થાય છે, ને દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ બાર સાગરોપમની કહેલ છે તે દેવો છ મહિને બાહ્ય આભ્યન્તરિક શ્વાસોચ્છવાસ લે છે. તે દેવોને બાર હજાર વર્ષે આહાર લેવાની અભિલાષા ઉત્પન્ન થાય છે. તેમાંના કેટલાક દેવો ભવસિદ્ધિક હોય છે. તે દેવો બાર ભવ કરીને સિદ્ધપદ પ્રાપ્ત કરશે બુદ્ધ થશે, સર્વથા કર્મમલથી મુકત થશે, પરિનિવૃત થઈ જશે અને સમસ્ત દુઃખોનો નાશ કરશે. ।।સૂ. ૩૩।।

## તેરહવે સમવાય મેં તેરહ ક્રિયાસ્થાનાદિકા નિરૂપણ

હવે સૂત્રકાર તેરમું સમવાય બતાવે છે—'तेरस' इत्यादि !

ટીકાર્થ–કર્મબન્ધનના કારણ રૂપ પ્રવૃત્તિને કહે છે. તેના આ પ્રમાણે તેર ભેદ છે– (૧) અર્થદંડ, (૨) અનર્થદંડ, (૩) હિંસાદંડ (૪) અકસ્માતદંડ. (૫) દૃષ્ટિ વિપર્યાસિકા દંડ, (૬) મૃષાવાદ પ્રત્યય, (૭) આદત્તાદાન પ્રત્યય, (૮) આધ્યાત્મિક, (૯) માન પ્રત્યય (૧૦) મિત્રદ્વેષ પ્રત્યય, (૧૧) માયા પ્રત્યય, (૧૨) લોભ પ્રત્યય અને (૧૩) ઐર્યાપથિક

(૧) પોતાના શરીર નિમિત્તે અને સ્વજનાદિને નિમતે જે હિંસાકૃત્ય કરવામાં

આવે છે; તેને 'अर्थदंड' કહે છે, (૨) કોઇ પણ જાતના પ્રયોજન વિના ત્રસ, સ્થાવર આદિ જીવોની જે હિંસા કરાય છે તેને 'अनर्थदंड' કહે છે. (૩) " આં વ્યકિતએ મારી હિંસા કરી હતી, આ મારી હિંસા કરે છે, અથવા આ મારી હિંસા કરશે" એવો વિચાર કરીને પ્રતિપ્રક્ષી (વીરોધી) નો જે વધ કરાય છે તે "हिंसादंड" છે. (૪) એક જીવની હિંસા કરવાને તૈયાર થયેલ પુરુષ અન્ય જીવની હિંસા કરી નાખે છે. તેને 'अकस्मात् दंड' કહે છે (૫) મતિની વિપર્યાસિતાને કારણે જે હિંસા થઇ જાય છે. તેને 'दृष्टिविपर्यासिका दंड' કહે છે. જેમ કે મિત્રને અમિત્ર ગણીને મારવો. (૬) હિંસાનું કારણ મૃષાવાદ હોય તે હિંસાને "मृषावादप्रत्यय" કહે છે. (૭) જે હિંસાનું કારણ અદત્તાદાન હોય છે તે હિંસાને "अदत्तादानप्रत्यय" કહે છે. [૮] બાહ્ય નિમિત્તની અપેક્ષા કર્યા વિના જ જે શોક આદિ કરાય છે તેને 'आध्यात्मिक' (૯) જાતિ આદિના મદને કારણે જે હિંસા કરાય છે તે 'मानप्रत्यय' કહેવાય છે. (૧૦) હિતકારી માતા, પિતા આદિને થોડો પણ અપરાધ થતાં મોટી શિક્ષા કરવી તે 'मित्रद्वेषप्रत्यय' કહેવાય છે. (૧૧) એજ પ્રમાણે માયાને કારણે જે કરવામાં આવે છે તેને 'मायाप्रत्यय' કહે છે. (૧૨) લોભને કારણે જે કરવામાં આવે છે તેને 'लोभप्रत्यय' કહે છે. (૧૩) કેવળ યોગ નિમિત્તે જે કર્મબન્ધ થાય છે. એટલે ઉપશાન્તમોહ આદિ ગુણસ્થાનવર્તી જીવોને જે એક સાતાવેદનીય કર્મનો બંધ થાય છે તેને ऐर्यापथिक 'क्रियास्थान' કહે છે.

સૌધર્મ તથા ઇશાન, એ બન્ને કલ્પોમાં તેર વિમાન પ્રસ્તર કહેલ છે. પૂર્વપશ્ચિમમાં લાંબુ અને ઉત્તર દક્ષિણમાં પહોળું છે. તેના મધ્ય ભાગમાં તેરમાં પ્રસ્તરમાં (થરમાં) ઇન્દ્રના નિવાસભૂત વિમાન છે. તે વિમાન સૌધર્મ દેવલોકના શિરોભૂષણ જેવું છે, તેનું નામ સૌધર્માવતંસક વિમાન છે. તે વિમાન લંબાઈમાં સાડા બાર (૧૨ાા) લાખ યોજનનું છે. એ જ પ્રમાણે ઇશાનાવતંસક વિમાન પણ છે. જળચર પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળા જીવોની જાતિમાં કુલ કોટિયોની યોનિયો સાડા બાર લાખ કહેવામાં આવેલ છે. પ્રણાયું નામના બારમાં પૂર્વના, અધ્યયનના જેવા વિભાગ તેર કહેલ છે. ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચોના પ્રયોગ મન, વચન, અને કાયની પ્રવૃત્તિ તેર પ્રકારની કહેલ છે. તે આ પ્રમાણે છે—(૧) સત્ય મનઃ પ્રયોગ (૨) મૃષા મનઃ પ્રયોગ, (૩) સત્ય મૃષા મનઃ પ્રયોગ, (૪) અસત્યામૃષામનઃ પ્રયોગ

આ રીતે મનના ચાર પ્રયોગ છે. (૫) સત્યવચઃ પ્રયોગ, (૬) મૃષાવચઃ પ્રયોગ, (૭) સત્ય મૃષા વચઃ પ્રયોગ (૮) અસત્યા મૃષા વચ: પ્રયોગ, આ રીતે વચનના ચાર પ્રયોગ છે. (૯) ઔદારિક કાય પ્રયોગ, (૧૦) ઔદારિક મિશ્ર શરીર કાય પ્રયોગ (૧૧) વૈકુર્વિક શરીર કાય પ્રયોગ, (૧૨) વૈકુર્વિક મિશ્ર શરીર કાય પ્રયોગ, અને (૧૩) કાર્મણ શરીર કાય પ્રયોગ, આ પ્રકારના પાંચ શરીરના પ્રયોગ છે. જો કે પંદર પ્રકારના પ્રયોગ કહેલ છે પણ આહારક પ્રયોગ અને આહારક મિશ્ર પ્રયોગ એ બે પ્રયોગ ફકત સંયમી જનોને જ થાય છે, તિર્યંચોને નહીં, અહીં તેર પ્રયોગ બતાવ્યા છે.

આદિત્ય વિમાનના વૃત્તનું યોજન એકસઠ ભાગોમાં વિભકત કરવામાં આવે તેના તેર ભાગ જેટલું ન્યૂન છે. એટલે કે એક યોજનના એકસઠ ભાગોમાંથી અડતાલીશ (૪૮) ભાગ પ્રમાણ છે. (સૂ. ૩૪)

## તેરહવે સમવાય મેં નારકિયોં કે સ્થિત્યાદિકા નિરૂપણ

**ટીકાર્થ–इमिसेणं इत्यादि !**

આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ તેર પલ્યોપમની કહી છે. પાંચમી પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ તેર સાગરોપમની કહી છે. અસુરકુમાર દેવોમાં કેટલાક દેવોની તેર પલ્યોપમની સ્થિતિ કહી છે. સૌધર્મ તથા ઇશાન કલ્પોમાં કેટલાક દેવાની સ્થિતિ તેર પલ્યોપમની કહી છે. લાન્તક કલ્પમાં કેટલાક દેવોની સ્થિતિ તેર સાગરોપમની કહી છે. જે દેવો (૧) વજ્ર, (૨) સુવજ્ર (૩) વજ્રાવર્ત (૪) વજ્રકાન્ત (૫) વજ્રવર્ણ, (૬) વજ્રલેશ્ય, (૭) વજ્રરૂપ (૭) વજ્રશ્રૃંગ, (૯) વજ્રસૃષ્ટ (૧૦)વજ્રકૂટ, (૧૧) વજ્રોત્તરાવતંસક (૧૨) વઇર, (૧૩) વઇરાવર્ત્ત (૧૪) વઇરપ્રભ, (૧૫) વઇરકાન્ત, (૧૬) વઇર વર્ણ, (૧૭) વઇરલેશ્ય, (૧૮) વઇર રૂપ, (૧૯) વઇર શ્રૃંગ, (૨૦) વઇરસૃષ્ટ (૨૧) વઇરકૂટ, (૨૨) વઇરોત્તરાવતંસક (૨૩) લોક, (૨૪) લોકવર્ત્ત, (૨૫) લોકપ્રભ, (૨૬) લોકકાન્ત, (૨૭) લોકવર્ણ, (૨૮) લોકલેશ્ય, (૨૯) લોકરૂપ, (૩૦) લોકશ્રૃંગ, (૩૧) લોકસૃષ્ટ (૩૨) લોકકૂટ અને (૩૩)

લોકોત્તરાવતંસક, એ તેત્રીસ વિમાનોમાં દેવની પર્યાયે ઉત્પન્ન થાય છે તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ તેર સાગરોપમની કહી છે. તે દેવો સાડા છ મહિને બાહ્ય અભ્યન્તરિક શ્વાસોચ્છવાસ ગ્રહણ કરે છે. તે દેવોને તેર હજાર વર્ષ પછી આહાર સંજ્ઞા ઉત્પન્ન થાય છે. તે દેવોમાં કેટલાક દેવો એવા હોય છે કે જે તેર ભવ કર્યા પછી સિદ્ધપદ પ્રાપ્ત કરશે, બુદ્ધ થશે, કર્મમળથી સર્વથા રહિત થઇ જશે, પરિનિર્વૃત થશે અને સમસ્ત દુઃખોનો અન્ત કરી નાખશે. ॥સૂ. ૩૫॥

## ચૌદહવે સમવાય મેં ચૌદહ જીવસમૂહ કા નિરૂપણ

હવે સૂત્રકાર ચૌદની સંખ્યાવાળા સમવાયાંગો પ્રગટ કરે છે—

**'चउद्दस' इत्यादि !**

ટીકાર્થ-નીચે પ્રમાણે ચૌદ જીવસમૂહ કહ્યા છે-(૧) સૂક્ષ્મ એકેન્દ્રિય અપર્યાપ્ત, (૨) સૂક્ષ્મ એકેન્દ્રિ પર્યાપ્ત, (૩) બાદર એકેન્દ્રિય અપર્યાપ્ત (૪) બાદર એકેન્દ્રિય પર્યાપ્ત, (૫) દ્વીન્દ્રિય અપર્યાપ્ત, (૬) દ્વીન્દ્રિયપર્યાપ્ત (૭) તેન્દ્રિય અપર્યાપ્ત, (૮) તેન્દ્રિય પર્યાપ્ત, (૯) ચૌઇન્દ્રય અપર્યાપ્ત, (૧૦) ચૌઇન્દ્રિય પર્યાપ્ત, (૧૧) પંચેન્દ્રિય અસંજ્ઞી અપર્યાપ્ત, (૧૨) પંચેન્દ્રીય અસંજ્ઞી પર્યાપ્ત, (૧૩) પંચેન્દ્રિય સંજ્ઞી અપર્યાપ્ત (૧૪) પંચેન્દ્રિય સંજ્ઞી પર્યાપ્ત.

ચૌદ પૂર્વ દર્શાવ્યા છે. તે ત્રણ ગાથાઓ દ્વારા આ પ્રમાણે બતાવ્યા છે.

'उप्पायपुव्व' इत्यादि !

ટીકાર્થ-उत्पादपूर्व—આ પૂર્વમાં ઉત્પાદ ધર્મને અનુલક્ષીને દ્રવ્ય અને પર્યાયોની પ્રેરણા કરવામાં આવી છે (૨)—'अग्रायणीय पूर्व'—આ પૂર્વમાં સમસ્ત દ્રવ્યોનું સમસ્ત પર્યાયોનું અને સમસ્ત જીવોની વિશેષતાઓનું વર્ણન કરાયું છે. (૩) **वीर्यप्रवाद पूर्व**—પ્રત્યેક ક્રિયામાં જે આત્માને વિશેષ રૂપે પ્રેરિત કરે તેનું નામ વીર્ય છે. આ વ્યુત્પત્તિ પ્રમાણે આ પૂર્વમાં જીવાદિની શકિતનું વર્ણન કરાયું છે. **अस्तिनास्ति प्रवाद पूर्व**—આ પૂર્વમાં કયી વસ્તુ કયા સ્વરૂપે છે. અને કયા સ્વરૂપમાં નથી તેનું વર્ણન કરાયું છે. (૫) **ज्ञान प्रवाह पूर्व** મતિજ્ઞાન આદિ જ્ઞાનોનું આ પૂર્વમાં વર્ણન કરાયું છે. (૬) **सत्यप्रवाद पूर्व**—આ પૂર્વમાં જીવોના હિતકારી સત્ય સંય-

મનું અથવા સત્ય વચનનું તેના ભેદો તથા તેની વિરોધી બાબતોને અનુલક્ષીને વર્ણન કરાયું છે. **आत्मप्रवाद पूर्व**—તેમાં વિવિધ નયો અનુસાર જીવ દ્રવ્યનું કથન કરાયું છે. (૮) **कर्मप्रवाद पूर्व**—તેમાં જ્ઞાનાવરણીય આદિ કર્મોના સ્વરૂપનું વર્ણન કરેલ છે. **प्रत्याख्यानपूर्व**—તેમાં પ્રત્યાખ્યાનના પ્રકારોનું વર્ણન કર્યું છે. (૧૦) **विद्यानुप्रवाद पूर्व**—તેમાં અનેક પ્રકારની વિદ્યાઓનું વર્ણન કરાયું છે. (૧૧) **अवंध्यपूर्व**-તેમાં સફળ સમ્યગૂ જ્ઞાન આદિનું વર્ણન કર્યું છે. (૧૨) **प्राणायुपूर्व**—તેમાં જીવો અને તેમનાં આયુષ્યનું વિવિધ પ્રકારે વર્ણન કરાયું છે. (૧૩) **क्रियाविशाल**—આ પૂર્વમાં કાયિકી આદિ ક્રિયાઓનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. (૧૪) **बिन्दुसार**—આ પૂર્વમાં એ બતાવવામાં આવ્યુ છે કે જેમ અક્ષરોની ઉપર રહેવાથી બિન્દુ સારભૂત મનાય છે તેમ લોકોમાં સર્વોત્કૃષ્ટ હોવાને કારણે જેઓ સારભૂત હોય તે જ લોક બિન્દુસાર છે. તે લોક બિન્દુસારનું વર્ણન આ ચૌદમાં પૂર્વમ કરવામાં આવ્યું છે. આગ્રયણીય પૂર્વની ચૌદ વસ્તુઓ કહેલ છે. શ્રમણ ભગવાન મહાવીરની ઉત્કૃષ્ટ શ્રમણ સંપદા ચૌદ હજારની હતી. જ્ઞાનાવરણીય આદિ કર્મોની વિશુદ્ધિની ગવેષણાની અપેક્ષાએ ચૌદ જીવસ્થાન કહેલ છે, તે આ પ્રમાણે છે-મિથ્યાદૃષ્ટિ-આ ગુણસ્થાનમાં જીવની વિપરીત દૃષ્ટિ-માન્યતા હોય છે. તેથી તેને મિથ્યાદૃષ્ટિ કહે છે. મિથ્યાત્વ મોહનીયના ઉદયથી એવો જીવ કુગુરૂ કુદેવ અને કુધર્મમાં સુગુરુ સુદેવ અને સુધર્મની શ્રદ્ધા વાળો બની જાય છે **सासदन सम्यग्दृष्टि**—'**आयं सादयति इति आसादनम्**' ઔપશમિક સમ્યકત્વ લાભ રૂપ આય (આવક) ને જે દૂર કરી નાખે, એવી અનંતાનુબંધી કષાય વેદનને **आसादन** કહે છે. આ અસાદન થતાં પરમાનંદ રૂપ અનંત સુખ-ફલદાતા અને અપવર્ગરૂપ વૃક્ષના બીજ જેવું જે ઔપશમિકસમ્યકત્વ છે તેનો લાભ જઘન્યની અપેક્ષાએ એક સમય અને ઉત્કૃષ્ટની અપેક્ષાએ છ આવલિકા પ્રમાણ કાળ સુધી રહે છે, પછી રહેતો નથી. આ અસાદનની સાથે જે રહે છે તેનું નામ **सासादन** છે તથા જિન પ્રરૂપિત વસ્તુ તત્વની સિદ્ધિ જે જીવને અવિપરીત—સમ્યક્ હોય તેનું નામ સમ્યકદૃષ્ટિ છે. તે અસાદન સહિત જે સમ્યગ્દૃષ્ટિ હોય તેને સાસાદન સમ્યગ્દૃષ્ટિ કહે છે. અથવા—"**सासायण सम्मदिट्ठी**" ની છાયા "**सास्वादन सम्यग्दृष्टि**" એવી પણ થાય છે. તેનું તાત્પર્ય આ પ્રમાણે છે-જેમ ખીર ખાધા પછી અરુચિને કારણે તેનું વમન કરતો માણસ વમનકાળમાં તેના રસનું આસ્વાદન કરે છે, એ જ પ્રમાણે મિથ્યાત્વની

સમીપનો જીવ સમ્યકત્વથી વિગલિત ચિત્તવાળો થઇને તેનું વમન કરતાં પણ જ્યાં સુધી મિથ્યાત્વ ભૂમિ પર પહોંચતો નથી ત્યાં સુધી છ આવલિ કાળ સુધી તે તેનું અસ્વાદન કરે છે. કહ્યુ પણ છે કે "અનંતાનુબંધી ક્રોધાદિકમાંથી કોઇ એકનો ઉદય થતા ઔપશમિક સમ્યકત્વ રૂપી પર્વતથી ચલિત થયેલ અને મિથ્યાત્વભૂમિની તરફ વળેલ જીવ જ્યાં સુધી મિથ્યાત્વભૂમિમાં પહોંચતો નથી ત્યાં સુધી તે ઓછામાં ઓછા એક સમય સુધી અને વધારેમાં વધારે છ આવલિકાળ સુધી સમ્યકત્વનો સ્વાદ લે છે. (૨) સમ્યગ્ મિથ્યાદૃષ્ટિ—જેની દૃષ્ટિ સમ્યકત્વ અને મિથ્યાત્વ, એ બન્નેથી મિશ્રિત હોય તેને સમ્યગ મિથ્યાદૃષ્ટિ કહે છે. ઇષદ્વિશુદ્ધ મિથ્યાત્વના (થોડું મિથ્યાત્વ અને થોડું સમ્યકત્વ મિશ્રિત મિથ્યાત્વ) પુદ્ગલ જ સમ્યક્ મિથ્યાત્વ કહેવાય છે. તેના ઉદયથી જીવ જિન પ્રણીત તત્વમાં સમ્યક્ રીતે શ્રદ્ધા પણ રાખતો નથી અને તેની નિન્દા પણ કરતો નથી. મતિદૌર્બલ્યને અધીન થઇને તે સંમ્યક્ અને અસમ્યક્ નો પૂરો નિશ્ચય કરી શકતો નથી. આ પ્રકારની જેની દૃષ્ટિ હોય તે જીવને **"सम्यग् मिथ्यादृष्टि"** કહે છે. (૩)

**अविरतसम्यक्दृष्टि**-જે જીવો સાવદ્ય વ્યાપારોથી વિરત થયા નથી પણ જેમની દૃષ્ટિ સમ્યગ્ છે. એવા જીવોને 'ચતુર્થ ગુણસ્થાનવર્તી' કહેવાય છે.તે જીવ એ વાતને જાણે છે કે પરમ મુનિ તીર્થંકર પ્રભુ દ્વારા પ્રણીત સાવદ્યયોગવિરતિ, સિદ્ધિ પ્રાસાદ પર આરોહણ કરવાને માટે નીસરણીનાં પગથિયાં સમાન છે, છતાં પણ તે અપ્રત્યાખ્યાન કષાયના ઉદયથી તેને પ્રાપ્ત કરી શકતો નથી, અને તેનું પાલન કરવાનો પ્રયત્ન પણ કરતો નથી, તેથી તેને **अविरत सम्यग्दृष्टि** કહેલ છે. જે રીતે ન્યાયોપાર્જિત ધન ધાન્ય આદિ સંપત્તિવાળો કોઇ કુલીન સદ્ગૃહસ્થ અતિશય ભોગ વિલાસો ભોગવતા ભોગવતા જ્યારે જુગાર આદિ લતોમાં ફસાઇને રાજ્યનો અપરાધી બને છે ત્યારે તે રાજદંડ ભોગવે છે. અને એવી પરિસ્થિતિમાં તે પોતાના ગૌરવનું રક્ષણ કરવાને અસમર્થ બની જાય છે. દુષ્ટ દંડપાશિકો દ્વારા અપમાનિત અને વિડંમ્બિત થતો એ કુત્સિત કૃત્યને પોતાના કુળની

પ્રતિષ્ઠા પર ઘા કરનારૂં ગણે છે છતાં પણ તેમને તે કંઇ પણ કહી શકતો નથી. તે એમ જરૂર ઇચ્છે છે કે મારા કૂળના ગૌરવનો નાશ ન થાય, મારાં સુખભોગમાં કાંઇ વાંધો ન આવે. અને મારી સંપત્તિ સુરક્ષિત રહે, એ જ પ્રમાણે તે અવિરત સમ્યગ દૃષ્ટિ જીવ કુત્સિત કર્મોના જેવી અવિરતિને જાણે છે અને અમૃત જેવી વિરતિજન્ય સુખસૌંદર્યનો અભિલાષી હોય છે છતાં પણ દંડપાશિક સમાન દ્વિતીયકષાય અપ્રત્યાખ્યાનાવરણને આધીન થઈને વ્રત ધારણ કરવાનો ઉત્સાહ પણ કરી શકતો નથી. આ રીતે તે ચતુર્થ ગુણ સ્થાનમા રહેનાર જીવ સમ્યકદૃષ્ટિ તો હોય છે પણ વિરતિ ધારણ કરતો નથી. તેથી તેને **अविरतसम्यगदृष्टि** કહેલ છે. (૪) પાંચમાં ગુણસ્થાનનું નામ **विरताविरत**—દેશવિરત છે. આ ગુણસ્થાનમાં રહેલ જીવ શ્રાવકનાં બાર વ્રતોનું પાલન કરે છે. એટલે કે મન, વચન અને કાયથી ત્રસ હિંસાનો તથા સ્થૂલ જૂઠ આદિનો–એટલે કે એકદેશની અપેક્ષાએ સાવદ્યયોગનો ત્યાગ કરે છે (૫) છઠ્ઠા ગુણસ્થાનનું નામ **प्रमत संयत** છે. તેમાં રહેલ જીવ થોડા પ્રમાણમાં પ્રમાદ વાળો રહે છે. (૬) સાતમાં ગુણસ્થાનનું નામ **अप्रमतसंयत** છે, તેમાં રહેલ જીવ સમસ્ત પ્રમાદથી રહિત બની જાય છે. (૭) **'निर्वृत्ति बादर'** તે આઠમું ગુણસ્થાન છે, આ ગુણસ્થાનમાં સમાન કાળે આ ગુણસ્થાનને ધારણ કરનાર વિવિધ જીવોના અધ્યવસાયોમાં ભેદ રહે છે તેથી આ ગુણસ્થાન ભેદ પ્રધાન જે બાદર–બાદરસંપરાય છે તે સ્વરૂપનું છે. તેનું નામ નિર્વૃત્તિ બાદર છે. તેનો ભાવાર્થ આ પ્રમાણે છે–પ્રમાદ રહિત મુનિ જ્યારે ઉપશમશ્રેણી અથવા ક્ષપકશ્રેણી પર ચડવા લાગે છે. ત્યારે જો તે અનંતાનુબંધી કષાય સંબંધી ક્રોધાદિ ચાર પ્રકૃતિયોનો અને દર્શન મોહનીય સંબંધી ત્રણ પ્રકૃતિયોનો ક્ષય અથવા ઉપશમ કરી નાખે તો તે ક્ષય કરવાથી ક્ષપકશ્રેણી અને ઉપશમ કરવાથી ઉપશમ શ્રેણી માંડે છે. એનું જ નામ નિર્વૃત્તિ બાદર ગુણસ્થાન છે. તેનું બીજુ નામ **अपूर्व करण** છે. અપૂર્વ એટલે નવીન. સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણી, ગુણસંક્રમ, અને સ્થિતિબંધ, એ પાંચ બાબતો

જ્યાં હોય છે તેને અપૂર્વ કરણ કહે છે. જે કર્મોની સ્થિતિ અધિક હોય તેની તે સ્થિતિનું અપવર્તન કરણ દ્વારા અલ્પસ્થિતિ યુકત કરવું તેનું નામ સ્થિતિઘાત છે. તીવ્ર રસને અપવર્તન દ્વારા ખંડિત કરવો તેનું નામ 'રસઘાત' છે. કાળની અપેક્ષાએ વધારે ટૂંકો, અને દલિક રચનાની અપેક્ષાએ પૃથુતર કરવું તેનું નામ ગુણશ્રેણી છે. બધ્યમાન શુભ પ્રકૃતિયોમાં અબધ્યમાન અશુભ પ્રકૃતિયોના દલિકોને પ્રતિસમય અસંખ્યાત ગણી વિશુદ્ધિ લઈને નિક્ષિપ્ત કરવા તેનું નામ 'ગુણસંક્રમ' છે કર્મની સ્થિતિને જઘન્ય રૂપે બંધ કરવી તેનું નામ 'સ્થિતિબંધ' છે. આ ગુણસ્થાનમાં મોહનીય કર્મનો ઉપશમ થતો નથી, કે ક્ષય થતો નથી. તે કારણે તેનું નામ 'અપૂર્વકરણ' પડયું છે (૮) **'अनिवृत्तिबादर'** તે નવમું ગુણસ્થાન છે–યુગપત્ આ ગુણસ્થાન યુકત વિવિધ જીવોના પરિણામોમાં પરસ્પર કોઈ ભિન્નતા હોતી નથી. આ ગુણસ્થાન અપ્રત્યાખ્યાન આદિ બાર કષાયોનું અને નવ નોકષાયોનું અને શમન અને ક્ષપણ કરવાને તત્પર થયેલ જીવને થાય છે (૯) દશમાં ગુણસ્થાનનું નામ **'सूक्ष्मसंपराय'** છે તેમાં સંજ્વલન સંબંધી લોભકષાય સૂક્ષ્મ રીતે ઉદિત રહે છે. તેનાં બે ભેદ છે (૧) ઉપશમક અને (૨) ક્ષપક, ઉપશમશ્રેણી પર આરોહણ કરનાર જીવ ક્ષપક કહેવાય છે. (૧૦) અગિયારમાં ગુણસ્થાનનું નામ **'उपशान्तमोह'** છે. જે જીવના મોહનીય કર્મ તદ્દન ઉપશાંત થઈ જાય છે તે જીવને આ ગુણસ્થાન હોય છે. તેને 'ઉપશમ વીતરાગ' પણ કહે છે. આ ઉપશણશ્રેણીનું સ્થાન છે. અહીં આવતાં જીવ નિયમથી જ નીચેના ગુણસ્થાનોમાં પડી જાય છે, કારણ કે આ સ્થાને મોહનીય કર્મની અઠ્ઠાવીસ પ્રકૃતિયો ઉપશમિત જ રહે છે, ત્યાર બાદ સ્થિતિ સમાપ્ત થતાં જયારે તેનો ઉદય થાય છે ત્યારે જીવ ત્યાંથી નીચે પડી જાય છે. તેની સાથે જે 'વીતરાગ' વિશેષણ લગાડયું છે તેનું તાત્પર્ય એ છે કે કષાયો ઉપશમિત થઇ જવાથી તે જીવ એટલા સમયને માટે વીતરાગ બની જાય છે. આ ગુણસ્થાનનો ઉત્કૃષ્ટ કાળ એક અન્તમુહૂર્તનો છે. (૧૧) બારમાં ગુણસ્થાનનું નામ **क्षीणमोह** છે. આ ગુણ

સ્થાને મોહનીયકર્મ તદ્દન ક્ષીણ થઈ જાય છે. તેનું બીજું નામ 'ક્ષયવીતરાગ' પણ છે. આ ગુણસ્થાનની પ્રાપ્તિ ક્ષપકને જ થાય છે તેનો ઉત્કૃષ્ટ કાળ પણ એક અન્તમુહૂર્તનો છે (૧૨) તેરમાં ગુણસ્થાનનું નામ **सयोगिकेवली** છે. આ ગુણસ્થાને જીવ મન, વચન, અને કાય એ ત્રણે યોગોથી યુક્ત રહે છે, અને ઘાતિયા કર્મોનો સર્વથા ક્ષય થવાથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લે છે. (૧૩) ચૌદમાં ગુણસ્થાનનું નામ **'अयोगिकेवली'** છે. આ ગુણસ્થાને આત્મા ત્યારે જ પહોંચે છે કે જ્યારે તે ત્રણે યોગોનો નિરોધ કરી નાખે છે. તેમાં જીવની શલેશી અવસ્થા (અચલાયમાન અવસ્થા) થઈ જાય છે. પાંચ હ્રસ્વ અક્ષરોનું ઉચ્ચારણ કરવામાં જેટલો સમય લાગે છે એટલા સમય સુધી જીવ આ ગુણસ્થાનમાં રહીને મોક્ષમાં ચાલ્યો જાય છે. (૧૪)

ભરત અને ઐરવત, એ દરેક ક્ષેત્રની જીવા-પ્રત્યંચા-(ધનુષ્યની દોરી) વિસ્તારની અપેક્ષાએ ચૌદ હજાર ચારસો એક (૧૪૪૦૧) યોજન અને એક યોજનના ઓગણીસ ભાગોમાંથી છ ભાગ (૬/૧૯) પ્રમાણ છે. એટલે કે ભરત અને ઐરવત એ બન્ને ક્ષેત્રો આરોપિત પ્રત્યંચા-દોરી ચડાવેલા ધનુષ્યના આકારના છે. તેથી તે પ્રત્યેકને જીવા હોય છે. ભરતક્ષેત્રની જીવા હિમત્પર્વતના દક્ષિણ પાર્શ્વભાગમાં રહેલ છે જે અનન્તર પ્રદેશશ્રેણી કહેવાય છે, એજ પ્રમાણે ઐરવત ક્ષેત્રની પણ જીવા છે, જે અન્તિમ શિખરી પર્વતના બીજા પાર્શ્વભાગમાં સ્થિત છે અને તે પણ અનન્તર પ્રદેશ-શ્રેણીના નામથી વિખ્યાત છે. દરેક ચક્રવર્ત્તી કે જે ચાતુરન્તભૂમી એટલે કે ત્રણ સમુદ્ર અને ચોથો હિમવાન એ ચાર અન્તવાળી ભૂમિના અધિપતિ હોય છે, તેમનાં ચૌદ રત્નો નીચે પ્રમાણે હોય છે-(૧) સ્ત્રીરત્ન, (૨) સેનાપતિરત્ન, (૩) ગાથાપતિરત્ન, (૪) પુરોહિતરત્ન, (૫) વર્દ્ધકિરત્ન (૬) અશ્વરત્ન, (૭) હસ્તિરત્ન, (૮) અસિરત્ન, (૯) દંડરત્ન, (૧૦) ચક્રરત્ન, (૧૧) છત્રરત્ન, (૧૨) ચર્મરત્ન (૧૩) મણિરત્ન અને (૧૪) કાકિણીરત્ન

કોષ્ઠાગાર (કોઠારનું રક્ષણ કરનારને ગાથાપતિ કહે છે ૩. શાંતિકર્મ આદિ કરનારને પુરોહિત કહે છે૪, જે રથાદિકનું નિર્માણ કરે છે તેને વર્દ્ધકિરત્ન કહે છે ૫.

ચર્મરત્નનું કામ એ છે કે જ્યારે ચક્રવર્તી તેને પોતાના હાથનો સ્પર્શ કરે છે ત્યારે તે બાર યોજન લાંબુ પહોળું થઇ જાય છે, તથા તે સવારે વાવેલ ચોખ દિ ધાન્યને બપોર પછીના સમયે ખાવા યોગ્ય કરી દે છે. અને નદી આદિને પાર કરવી હોય ત્યારે સેનાપતિના હાથથી તેનો સ્પર્શ કરાય છે ત્યારે તે નૌકારૂપ બની જાય છે. ૧૨ મણિરત્ન ચાર આંગળ લાંબું અને બે આંગળ જાડું હોય છે. તેને છ ખૂણા હોય છે. તેને માથા પર ધારણ કરવાથી રોગાદિકનું ઉપશમન થઇ જાય છે, દેવાદિ કૃત ઉપસર્ગોનો અભાવ થઇ જાય છે, અને શસ્ત્રો દ્વારા ઘાત થઇ શકતો નથી ૧૩. કાકિણીરત્ન-તે આઠ મહોરો જેવડા કદનું હોય છે. તે અધિકારનો નાશ કરે છે. લોઢાના ઘણ જેવો તેનો આકાર હોય છે.

જંબૂદ્વીપ નામના દ્વીપમાં ચૌદ મહા નદી છે, જે પૂર્વ અને પશ્ચિમ દિશામાં લવણસમુદ્રને મળે છે. તે નદીઓ નીચે પ્રમાણે છે—

(૧) ગંગા, (૨) સિંધુ, (૩) રોહિતા, (૪) રોહિતાશા, (૫) હરિ, (૬) હરિકાન્તા, (૭) સીતા, (૮) સીતોદા (૯) નરકાન્તા, [૧૦] નારિકાન્તા, (૧૧) સૂવર્ણ-કૂલા, (૧૨) રુપ્યકૂલા, (૧૩) રકતા, અને (૧૪) રકતવતી. ॥સૂ. ૩૪॥

## ચૌદહવે સમવાય મેં નારકિયોં કે સ્થિત્યાદિ કા નિરૂપણ

ટીકાર્થ—**इमीसेणं इत्यादि !** આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ પલ્યોપમની કહી છે. પાંચમી પૃથ્વીમાં કેટલાક નારકીઓની ચૌદ સાગરોપમની સ્થિતિ કહી છે. અસુરકુમારો દેવોમાં કેટલાક દેવોની ચૌદ પલ્યોપમની સ્થિતિ કહી છે. સૌધર્મ અને ઈશાન કલ્પોમાં કેટલાક દેવોની સ્થિતિ ચૌદ પલ્યોપમની કહી છે. લાન્તક કલ્પમાં કેટલાક દેવોની સ્થિતિ ચૌદ સાગરોપમની કહી છે મહાશુક્ર કલ્પમાં કેટલાક દેવોની જઘન્ય સ્થિતિ ચૌદ સાગરોપમની કહી છે. જે દેવો (૧) શ્રીકાન્ત (૨) શ્રી મહિત, (૩) શ્રી સૌમનસ, (૪) લાન્તક (૫) કાપિષ્ઠ (૬) મહેન્દ્ર (૭) મહેન્દ્રકાન્ત અને (૮) મહેન્દ્રોત્તરાવતંસક, એ આઠ વિમાનોમાં દેવની પર્યાયે ઉત્પન્ન થાય છે, તે દેવોની સ્થિતિ ચૌદ સાગરોપમની કહી છે. તે દેવો સાત મહિને બાહ્ય આભ્યન્તરિક શ્વાસોચ્છવાસ ગ્રહણ કરે છે. તે દેવોને ચૌદ હજાર વર્ષ પછી આહાર સંજ્ઞા ઉત્પન્ન થાય છે. તે દેવોમાંના કેટલાક દેવો ભવસિધ્ધિક હોય છે. તેઓ ચૌદ ભવ ગ્રહણ કર્યા પછી સિધ્ધપદ પામશે, બુધ્ધ થશે, કર્મમળથી સર્વથા મુકત થશે. તથા સમસ્ત દુઃખોનો સર્વથા નાશ કરશે ॥સૂ. ૩૫॥

હવે સૂત્રકાર પંદર સંખ્યાવાળા સમવાયનું વર્ણન કરે છે—**पन्नरस इत्यादि !**

ટીકાર્થ—પંદર પરમાધાર્મિક દેવો હોય છે. તે પરમાધાર્મિક દેવો સદા સંકિલષ્ટ પરિણામો વાળા હોય છે. તેઓ પહેલી નરકથી લઇને ત્રીજી નરક સુધીના નારકીઓને પરસ્પર લડાવ્યા કરે છે તે પંદરનાં નામ નીચે પ્રમાણે છે—(૧) અમ્બ (૨) અમ્બરીષ, (૩) શ્યામ, (૪) શબલ, (૫) રુદ્ર, (૬) ઉપરુદ્ર, (૮) કાળ (૮) મહાકાળ, (૯) અસિપત્ર, (૧૦) ધનુ,(૧૧) કુમ્ભ, (૧૨) બાલુ, (૧૩ વૈતરિણી, (૧૪) ખરસ્વર અને (૧૫) મહાઘોષ. તેમનામાં પહેલો જે **अम्ब** નામનો અસુર છે તે નારકીઓને આકાશમાં લઈ જઇને ત્યાંથી નીચે પછાડે છે. અને ગળું પકડીને તેમને ખાડામાં નાખી દે છે. નારકી જીવ જ્યારે ઉપરથી ઊંધે માથે નીચે પડવા માંડે છે ત્યારે તે તેને વચ્ચેથી જ પકડીને શૂલાદિ દ્વારા છેદી નાખે છે અને પૂર્વકૃત પાપોને યાદ કરાવીને તેને અનેક પ્રકારે કષ્ટ આપે છે. ।૧। બીજો જે '**अम्बरीष**' નામનો અસુર છે તે નારકીઓને મગદળ આદિ વડે મારે છે અને કરવત આદિથી તેમના ટુકડે ટુકડા કરીને તેને ભઠ્ઠીમાં પકાવે છે. આવી રીતે ટુકડે ટુકડા થવાને કારણ મૂર્ચ્છિત થયેલ નારકીઓની ચામડીના એક એક પુટને કેળનાં સ્તંભની જેમ ફાડી ફાડીને તથા ઉપાડી ઉપાડીને તે તેમને ઘણું જ કષ્ટ આપે છે (૨) ત્રીજો '**श्याम**' નામનો પરમાધાર્મિક અસુર છે તે ચાબુક વડે નારકીઓને ખૂબ મારે છે. તેમના હાથ, પગ આદિ અંગોને ખરાબ રીતે કાપી નાખે છે શૂળની અણિથી તેને વીંધી નાખે છે. તેને ઉપરથી વજ્ર શિલા ઉપર પટકે છે તથા તેમને દોરડાં આદિથી બાંધીને લાત આદિના પ્રહારથી વધારેમાં વધારે કષ્ટ

પહોંચાડે છે. તે અસુરનું શરીર કાળું હોય છે, તેથી તેને 'શ્યામ' કહે છે, (૩) ચોથો '**शबल**' નામનો પરમાધાર્મિક અસુર રંગે કાબરો હોય છે. તે મગદળ આદિથી નારકીઓનાં હાડકાંના ચૂરે ચૂરા કરી નાખે છે. તેમનાં આંતરડાં તથા ચરબી આદિ બહાર કાઢી લે છે. (૪) પાંચમો **रुद्र** નામનો પરમાધાર્મિક અસુર છે. જેવું તેનું નામ ભયંકર છે. તેવું જ ભયંકર તેનું કામ છે. તે નારકીઓને ચક્કર ચક્કર ઘુમાવીને આકાશમાં ઘણે જ દૂર દૂર ફેંકે છે. અને જ્યારે તેઓ નીચે પડતાં હોય છે ત્યારે તે તેમને શક્તિ, તલવાર, તોમર આદિ અણિદાર શસ્ત્રોપર ઝીલી લે છે, આ રીતે પડવાથી તેઓ તેમાં વીંધાઇ જાય છે. (૫) છઠ્ઠો જે ઉપરૌદ્ર નામનો પરમાધાર્મિક અસુર છે તે નારકીઓના હાથ, પગ, આદિ અંગોને ફાડી નાખે છે, (૬) સાતમો જે '**काल**' નામનો પરમાધાર્મિક અસુર છે તે નારકીઓને વિવિધ પ્રકારની કુંભિયો તથા કુંડોમાં પકાવે છે. તે અસુર રૂપે તથા રંગે કાળો હોય છે (૭). આઠમો '**महाकाल**' નામનો જે પરમાધાર્મિક અસુર છે તે પૂર્વજન્મમાં જે જીવોએ માંસ આદિનું ભક્ષણ કર્યું હોય તે નારકીઓને તેમના જ પૃષ્ઠાદિ ભાગોનુ માંસ કાપી કાપીને ખવરાવે છે. તે રંગે અતિશય કાળો હોવાથી તેનું નામ 'મહાકાલ' છે.(૮) નવમો '**असिपत्र**' નામનો પરમાધાર્મિક અસુર છે. તે એવો છે કે જે પોતાની વૈક્રિય શકિતથી તલવાર જેવાં પાન વાળાં વન બનાવે છે, અને તેની છાયાનું સેવન કરવાની ઇચ્છાથી તેની નીચે આવેલ નારકીઓનાં શરીરનાં વિકૃત વાતાન્દોલન પૂર્વક [પવનનું તોફાન ઉત્પન્ન કરીને] અસિપત્રોને નીચે પાડીને ટુકડે ટુકડા કરી નાખે છે (૯). દસમો '**धनु**' નામનો પરમાધાર્મિક અસુર ધનુષ્યમાંથી છોડેલાં અર્ધચંદ્રાકાર બાણોથી નારકીઓના હોઠ, કાન આદિ અવયવોનું છેદન કરે છે (૧૦) અગિયારમો '**कुम्भ**' જાતિનો પરમાધાર્મિક અસુર ઉષ્ટ્રાકારની કુંભિયોમાં નારકીઓને ખરાબ રીતે પકાવે છે તથા મારે છે (૧૧.) બારમો '**वालु**' નામનો પરમાધાર્મિક અસુર ભઠીમાં ગરમ કરેલ વજ્રની રેતીમા નારકીઓને, શેકતી વખતે ફડ ફડ કરતા ચણાની માફક સેકે છે

(૧૨) તેરમો **"વૈતરિણી"** નામનો પરમાધાર્મિક અસુર અત્યંત દુર્ગંધ યુકત પરુ તથા લોહીથી ભરેલી વૈતરિણી નામની નદી પોતાની વિક્રિયાથી રચીને નારકીઓને દુઃખી કરે છે તે નદી ઘણી ભયંકર હોય છે. તેમાં જે પાણી હોય છે તે ખારૂં હોય છે, તથા ઓગાળેલા તામ્રરસ જેવું ગરમ હોય છે. તેનો દેખાવ ધૃણાજનક હોય છે. [૧૩] ચૌદમો **"खरस्वर"** નામનો જે પરમાધાર્મિક અસુર છે. તે ચીસો પાડીને મોટેથી રડતાં નારકીઓને તીક્ષ્ણ વજ્ર કંટકોથી છવાયેલ શલ્મિલી આદિ ઊંચાં ઊંચા વૃક્ષો પર લટકાવીને ખેંચે છે, અને તેમનાં મસ્તકો પર કરવત મૂકીને તેમને ચીરે છે, અથવા કુહાડીઓ વડે તેમને કાપે છે (૧૪) પંદરમો **"महाघोष"** નામનો પરમાધાર્મિક અસુર, અતિશય પીડા થવાથી ભયભીત બનીને હરણાઓની જેમ આમ તેમ ભાગતા નારકીઓને, ઘોર ગર્જના કરીને પશુઓની જેમ નરકાવાસમાં રોકી રાખે છે. (૧૫).

નેમિનાથ અર્હંત પંદર ધનુષપ્રમાણ ઉંચા હતા. રાહુ બે પ્રકારના કહ્યા છે—(૧) પર્વરાહુ અને (૨) ધ્રુવરાહુ. પર્વરાહુ પૂનમ અને અમાવાસ્યાએ ચન્દ્ર અને સૂર્યને ઉપરકત કરે છે—ગ્રસિત કરે છે. ચન્દ્રથી ચાર આંગળ જે નીચે સંચરે છે. તે ધ્રુવરાહુ છે તે કૃષ્ણપક્ષના પડવેથી લઈને પ્રતિદિન ક્રમશઃ ચન્દ્રમાની એક એક કલાને આચ્છાદિત કરતો રહે છે. તેનું આ કાર્ય પંદર દિવસ સુધી ચાલ્યાં કરે છે. તે આ પ્રમાણે બને છે-પડવે તિથિએ પંદરમાંથી એક ભાગને, બીજની તિથિએ બીજા ભાગને, ત્રીજની તિથિએ ત્રીજાના ભાગને ચોથની તિથિએ ચોથા ભાગને પાંચમે પાંચમાં ભાગને, છઠ્ઠની છઠ્ઠાભાગને, સાતમે સાતમા ભાગને, આઠમે આઠમા ભાગને નોમની તિથિએ નવમા ભાગને, દસમે દસમાં ભાગને, અગિયારસે અગિયારમાં ભાગને બારસે બારમા ભાગને, તેરશે, તેરમા ભાગને, ચૌદશે ચૌદમા ભાગને અને અમાવાસ્યાએ પંદરમાં ભાગને ઢાંકી દે છે. એ જ રીતે શુકલપક્ષમાં તે આચ્છાદિત પંદર ભાગોમાંથી દરરોજ એક એક ભાગને પ્રગટ કરતો રહે છે. જેમકે અમાવાસ્યા પછી શુકલપક્ષની એકમે તે ચન્દ્રની પ્રથમ કલાને પ્રગટ કરે છે એ રીતે દરરોજ એક એક કલા પ્રગટ કરતાં પૂનમે પંદરમી કલા પ્રગટ કરે છે. નક્ષત્રો પંદક મુહૂર્ત સુધી સંયુકત કહેલાં છે, એટલે કે પંદર મુહૂર્ત સુધી છ નક્ષત્રોને ચન્દ્રની સાથે સંબંધ (યોગ) રહે છે. તે છ નક્ષત્રો નીચે પ્રમાણે છે.

શતભિષક્, ભરણી આર્દ્રા, આશ્લેષા, સ્વાતી અને જયેષ્ઠા. નક્ષત્રો મુહૂર્ત સુધી સંબંધ રાખનાર કહ્યાં છે. ચૈત્ર અને આસો માસમાં પન્દર મુહૂર્તનો દિવસ થાય છે.

એ જ પ્રમાણે તે બન્ને મહિનામાં પન્દર મુહૂર્તની રાત્રી થાય છે. એ વાત સ્થૂળ ન્યાયની અપેક્ષાએ કહેલ છે, કારણ કે મેષ સંક્રાન્તિને દિવસે અને તુલા સંક્રાન્તિને દિવસે એવું થાય છે. વિદ્યાનુવાદ પૂર્વની પન્દર વસ્તુઓ કહી છે. મનુષ્યના પન્દર પ્રકારના પ્રયોગ હોય છે જે આ પ્રમાણે છે—

મનના ચાર, વચનનાચાર અને કાયાના સાત, આ રીતે તે પંદર થાય છે.–(૧) સત્યમનોયોગ, (૨) અસત્ય મનોયોગ, (૩) ઉભય મનોયોગ, (૪) અનુભય મનોયોગ, (૫) સત્ય વચન પ્રયોગ, (૬) અસત્ય વચન પ્રયોગ, (૭) ઉભય વચન પ્રયોગ, (૮) અનુભય વચન પ્રયોગ, (૯) ઔદારિક શરીર કાય યોગ, (૧૦) ઔદારિક મિશ્રકાય યોગ, (૧૧) વૈક્રિય કાય યોગ, (૧૨) વૈક્રિય મિશ્ર કાય યોગ, (૧૩) આહારક શરીર કાયયોગ, (૧૪) આહારક મિશ્ર કાયયોગ, (૧૫) અને કાર્મણ શરીર કાય યોગ. આ પ્રમાણે પંદર પ્રકારના પ્રયોગ છે. આત્માના વ્યાપારનું નામ પ્રયોગ છે. અથવા જેના દ્વારા આત્મા વધારેમાં વધારે ક્રિયાઓમાં પ્રવૃત્ત કરાય છે, તેનું નામ પ્રયોગ છે. અથવા સાંપરાયિક કે ઈર્યાપથ આસ્રવની સાથે આત્મા જેના દ્વારા સંબંધિત કરાય તેનું નામ પ્રયોગ છે જીવ છે અને તે પ્રત્યેક દેહવ્યાપી છે. આ પ્રકારની વિચાર ધારાને સત્ય કહે છે. આવી વિચાર ધારામાં પ્રવૃત્ત મન 'સત્યમન' કહેવાય છે. અને આ સત્યમનનો જે પ્રયોગ છે તેને સત્યમનઃ પ્રયોગ કહે છે. સત્ય વિચાર ધારાથી ઉલટી વિચાર ધારાને 'મૃષા' કહે છે. જેમ કે—"જીવ નથી, જો તે હોય તો તે એકાન્ત રૂપે સત્ જ છે" આ પ્રકારની વિચારધારામાં લીન થયેલ મનને અસત્યમન કહેવાય આ અસત્યમનનો જે પ્રયોગ છે તેને મૃષામનઃ પ્રયોગ કહે છે. જે મનઃ પ્રયોગ સત્ય પણ હોય અને અસત્ય પણ હોય તેને ઉભયરૂપ-સત્યમૃષા રૂપ કહે છે. જેમ કે કોઈ વનમાં ધવ, ખદિર, ખાખરા આદિના વૃક્ષો થોડા હોય અને અશોકવૃક્ષ વધારે હોય તો તેની અધિકતાને લીધે એવો વિચાર કરવો કે "આ વન અશોકવન જ છે" એવા વિચારમાં પ્રવૃત્ત મનને ઉભયમન કહે છે. અને તેનો પ્રયોગ ઉભય મનઃ પ્રયોગ છે. જે મન પ્રયોગ સત્ય પણ ન હોય અને અસત્ય પણ ન હોય તે અનુ-

ભય મનઃ પ્રયોગ છે. જેમ કે—જીવ છે અને તે દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ નિત્ય અને પર્યાયાર્થિક નયની અપેક્ષાએ અનિત્ય છે" આવો વિચાર કરવો તે સત્ય છે. "જીવ નથી, અથવા એકાન્તતઃ તે નિત્ય છે," એવી માન્યતા રાખવી તે અસત્ય છે. તેથી વિપરીત "જે સત્ય ન હોય અને અસત્ય પણ ન હોય" એવું અસત્યામૃષા-મન છે. અને તે મનનો જે પ્રયોગ છે તેને અસત્યામૃષામનઃ પ્રયોગ કહે છે. જેમ કે એષણીય વસ્ત્ર પાત્ર આદિ લેવા જોઇએ, બાલ, ગ્લાન આદિનું વૈયાવૃત્ય કરવું જોઈએ" એજ રીતે સત્યવચન પ્રયોગ આદિ ચારનું સ્વરૂપ સમજવું.

ઔદારિક શરીર રૂપ કાયનો પ્રયોગ ઔદારિક શરીર કાય પ્રયોગ છે. તે પર્યાપ્ત મનુષ્ય અને તિર્યંચને થાય છે. ઔદારિક મિશ્રશરીર કાયનું તાત્પર્ય ઔદારિક શરીરની અપરિપૂર્ણતા છે. તે પોતાના ઉત્પત્તિ કાળે અસંપૂર્ણ હોય છે અને કાર્મણ શરીરથી મિશ્રિત રહ્યા કરે છે. તે અપર્યાપ્ત જીવોને—મનુષ્ય અને તિર્યંચોને થાય છે. વૈકુર્વિક શરીર કાય પ્રયોગ વૈક્રિય પર્યાપ્તથી પર્યાપ્ત થયેલ જીવોને હોય છે. વૈકૂર્વિક મિશ્રશરીર કાય પ્રયોગ અપર્યાપ્ત અવસ્થામાં દેવો અને નારકીઓને થાય છે. જ્યારે પંચેન્દ્રિય મનુષ્ય અથવા તિર્યંચ અથવા કોઇ વાયુકાયિક જીવ તે વૈક્રિય શરીરની રચના કરીને કૃતકાર્ય થતો તે વૈક્રિય શરીરને છોડવાની અભિલાષા વાળો બને છે અને ઔદારિક શરીરમાં પ્રવેશવાનો પ્રયત્ન કરે છે ત્યારે તે વૈક્રિય શરીરના બળથી ઔદારિક શરીર ગ્રહણ કરવાની પ્રવૃત્તિ કરે છે. આ પ્રવૃત્તિમાં વૈક્રિય શરીરની પ્રધાનતા હોવાથી તેને વૈક્રિય શરીર કાય પ્રયોગ કહ્યા છે. આહારક શરીર કાય પ્રયોગ—આહારક પર્યાપ્તથી પર્યાપ્ત થયેલ જીવને થાય છે. આહારક મિશ્રશરીર કાય પ્રયોગ ત્યારે થાય છે કે જ્યારે જીવ આહારક શરીરને છોડીને ઔદારિક શરીરમાં પ્રવેશ કરે છે કાર્મણ શરીરની રચના કાર્મણશરીર નામ કર્મના ઉદયથી થાય છે. આ શરીર સમસ્ત કર્મોની ઉત્પત્તિ માટે ભૂમિ સમાન છે. સંસારી આત્માઓનો ગત્યન્તર સંક્રમણ કરવામાં એજ અત્યંત સાધક છે, એવું કાર્મણ વર્ગણા સ્વરૂપ આ કાર્મણ શરીરરૂપ કાય છે, તેનો જે પ્રયોગ તેને કાર્મણ શરીરકાય પ્રયોગ કહે છે ।।સૂ૦ ૩૬।।

ટીકાર્થ–'**इमीसेणं**' **इत्यादि** ! આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ પંદર પલ્યોપમની કહી છે. પાંચમી પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ પંદર સાગરોપમની કહી છે. અસુર દેવોમાં કેટલાક દેવોની સ્થિતિ પંદર પલ્યોપમની કહી છે. સૌધર્મ અને ઇશાન, એ બન્ને કલ્પોમાં કેટલાક દેવોની સ્થિતિ પંદર પલ્યોપમની કહી છે. મહાશુક્ર કલ્પમાં કેટલાક દેવોની સ્થિતિ પંદર સાગરોપમની કહી છે જે દેવો (૧) નંદ, (૨) સુનંદ, (૩) નંદાવર્ત્ત, (૪) નંદપ્રભ, (૫) નંદકાન્ત, (૬) નંદવર્ણ, (૭) નંદલેશ્ય (૮) નંદધ્વજ, (૯) નંદશ્રૃંગ, (૧૦) નંદસૃષ્ટ, (૧૧) નંદકૂટ, (૧૨) નંદોત્તરાવતંસક એ બાર વિમાનોમાં દેવની પર્યાયે ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ પંદર સાગરોપમની છે. તે પંદર અર્ધમાસે–સાડા સાત મહિને બાહ્ય આભ્યન્તરિક શ્વાસોચ્છવાસ ગ્રહણ કરે છે. તે દેવોને પંદર હજાર વર્ષે આહાર સંજ્ઞા ઉત્પન્ન થાય છે. તે દેવોમાં કેટલાક દેવો ભવસિદ્ધિક હોય છે. તેઓ પંદર ભવ કર્યા પછી સિદ્ધપદ પામશે, બુદ્ધ થશે, સમસ્ત દુઃખોથી મુક્ત થશે, પરિનિર્વૃત્ત થશે, અને સમસ્ત દુઃખોનો અંત કરશે. ાસૂ. ૩૭ા



હવે સૂત્રકાર સોળ સંખ્યાના સમવાયો બતાવે છે. "**सोलसय**" **इत्यादि** !

ટીકાર્થ–ગાથા ષોડષ સોળ કહેલ છે. સૂત્રકૃતાંગનો જે પહેલો શ્રુતસ્કંધ છે તેના સોળ અધ્યયનોનું નામ '**गाथाषोडशक**' છે. તે સોળ આ પ્રમાણે છે—(૧) **समय** આ અધ્યયનમાં નાસ્તિક આદિના સિદ્ધાન્તોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, તેથી તે સિદ્ધાંતોનો પ્રતિપાદક હોવાથી તે અધ્યયનનું નામ '**समय**' કહેલ છે. (૨) '**वैतालीय**' આ અધ્યયન વૈતાલીય છંદોમાં લખાયેલ છે. તેથી તે અધ્યયનનું નામ '**वैतालीय**' અધ્યયન પડયું છે. (૩) **उपसर्गपरिज्ञा** આ અધ્યયનમાં ઉપસર્ગોની પ્રાપ્તિનું

અને તેમને સહન કરવાનું વર્ણન હોવાથી આ અધ્યયનનું નામ **उपसर्गपरिज्ञा** પડ્યું છે. (૪) **स्त्रीपरिज्ञा** આ અધ્યયનમાં એ બાબત પ્રગટ કરી છે કે સ્ત્રીની સાથે પરિચય કરવાથી મુનિ શીલથી સ્ખલિત થઇ જાય છે. અને શીલથી સ્ખલિત થવાને લીધે તે પોતાના પક્ષના તથા અન્ય પક્ષના સાધુએના તિરસ્કારને પાત્ર બને છે. તેની ભારે વિડમ્બના થાય છે. તે કર્મબંધનમા જકડાઇ જાય છે તે કારણે આ અધ્યયનનું નામ "**स्त्री परिज्ञा**" રાખ્યું છે. (૫) "**निरयविभक्ति**" આ અધ્યયનમાં નરકોનું સ્વરૂપ ભિન્ન ભિન્ન રૂપે બતાવ્યું છે તેથી આ અધ્યયનનું નામ '**निरय-विभक्ति**' પડયું છે. (૬) '**महावीर स्तुति** આ અધ્યયનમાં મહાવીર પ્રભુની સ્તુતિઓનું ગ્રન્થન કરવામાં આવ્યું છે, તેથી તેનું નામ '**महावीर स्तुति**' રાખ્યું છે. (૭) '**कुशीलपरिभाषित**' આ અધ્યયનમાં કુશીલ-અન્ન તીર્થિઓનું અને પાર્શ્વ-સ્થ આદિ સાધુઓનું પ્રતિપાદન કરાયું છે, તેથી તેનું નામ '**कुशीलपरिभाषित**' રાખ્યું છે. (૮) '**वीर्य**' આ અધ્યયનમાં તે તે ક્રિયાઓમાં આત્માને વિશેષરૂપે પ્રવૃત્ત કરવાને માટે પ્રેરિત કરવામાં આવેલ છે તે કારણે આ અધ્યયનનું નામ '**वीर्य**' પડયું છે, (૯) '**धर्म**' આ અધ્યયનમાં ધર્મના પ્રભાવનું વર્ણન કરવામાં આવ્યું છે. જીવોનું દુર્ગતિમાં જવાથી જે રક્ષણ કરે અને શુભસ્થાનમાં પહોંચાડે તેનું નામ ધર્મ છે આ કુશલ અનુષ્ઠાન રૂપ ધર્મનું પ્રતિપાદન કરાવનાર હોવાથી આ અધ્યયનનું નામ '**धर्म**' છે. (૧૦) '**समाधि**' જ્ઞાન, દર્શન, અને ચારિત્ર એ સ્વરૂપ ચિત્તની સ્વસ્થતાનું નામ '**समाधि**' છે. તે સમાધિનું પ્રતિપાદન કરનાર અધ્યયનનું નામ '**समाधि**' રાખ્યું છે, (૧૧) '**मार्ग**' આ અધ્યયનમાં એ વાત બતાવવામાં આવી છે કે કર્મો મલિન બનેલ આત્મા કયા પ્રકારે શુદ્ધ થઈ શકે છે. આ પ્રકારના માર્ગનુ

પ્રતિપાદક હોવાથી આ અધ્યયનનું નામ '**માર્ગ**' પડયું. આ માર્ગ ભગવાનનાં વચન સ્વરૂપ છે, તેથી તેનો પ્રવર્તક હોવાથી અને સ્વતઃ પ્રમાણભૂત હોવાથી તે સકલજનો દ્વારા ગ્રહણ કરાયેલ છે, તથા તેમાં બહુશ્રુત અશઠ સાધુઓના આચારોનું વર્ણન કરાયું છે, તેથી આ માર્ગ એ બન્નેનું સ્વરૂપ પ્રગટ કરે છે (૧૨) '**समवसरण** ધાતુઓના અનેક અર્થ હોય છે. તે અપેક્ષાએ અહીં શબ્દના અર્થનું નિરૂપણ કરવું તેનું નામ સમવસરણ છે. આ અધ્યયનમાં ૩૬૩ પ્રવાદિયોના મતનું વર્ણન–નિરૂપણ કરાયું છે. તેથી આ અધ્યયનનું નામ '**समवसरण**' છે. (૧૩) '**याथातथिक**' આ અધ્યયનમાં જે વસ્તુનું જે સ્વરૂપ છે, તેનું પ્રતિપાદન કરાયું છે. તેથી આ અધ્યયનનું નામ '**याथातथिक**' રાખ્યું છે (૧૪) '**ग्रन्थ**' આત્મા જેના દ્વારા બંધાય છે તેને 'ગ્રન્થ' કહે છે. દ્રવ્યગ્રન્થ અને ભાવગ્રન્થ આ રીતે ગ્રન્થના બે પ્રકાર કહેલ છે, આ બે પ્રકારના ગ્રન્થનુ પ્રતિપાદક જે અધ્યયન છે તેનું નામ '**ग्रन्थ**' છે. (૧૫) '**यमतीत**'—જે અધ્યયનનું પહેલું પદ '**यमतीत**' છે, તે અધ્યયનનું નામ '**यमतीत अध्ययन**' છે. (૧૬) '**गाथाषोडशक**' આ અધ્યયનમાં પૂર્વોકત પંદર અધ્યયનોમાં કહેલ અર્થનું વર્ણન થયું છે, તેથી આ અધ્યયનનું નામ **गाथाषोडशक** થયું છે. સોળ કષાયો કહેલ છે. કર્મરૂપી ક્ષેત્રને જે સુખ દુઃખરૂપ ફળને યોગ્ય બનાવે છે, તેનું નામ કષાય છે. તે સોળ કષાઓ આ પ્રમાણે છે—(૧) અનંતાનુંબંધી ક્રોધ, (૨) અનંતાનુબંધી માન, (૩) અનંતાનુબંધી માયા, (૪) અનંતાનું બંધી લોભ, (૫) અપ્રત્યાખ્યાન ક્રોધ. (૬) અપ્રત્યાખ્યાન માન, (૭) અપ્રત્યાખ્યાન માયા, (૮) અપ્રત્યાખ્યાન લોભ, (૯) પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, (૧૦) પ્રત્યાખાનાવરણ માન (૧૧)પ્રત્યાખ્યાનાવણમાયા (૧૨) પ્રત્યાખ્યાનાવરણ લોભ, (૧૩) સંજવલન ક્રોધ, (૧૪) સંજવલન માન (૧૫) સંજવલન માયા અને (૧૬) સંજવલન લોભ, જેનો અન્ત નથી એનું નામ અનન્ત સંસાર છે. અને તે સંસાર ચાર ગતિમાં જીવોને ભ્રમણ કરવારૂપ છે. આ સંસારને જે અવિચ્છિન્ન કરવાના સ્વભાવવાળો હોય તેને અનંતાનુંબંધી કષાય કહે છે. તેનું તાત્પર્ય એ છે કે જે કષાય જીવને માટે સંસારને અન્તરહિત કરી દે તે અનંતાનુંબંધી કષાય છે. સમ્યગ

દર્શન થતાં જીવનો સંસાર સાન્ત (અન્ત સહિતનો) થઇ જાય છે. અનંતાનુંબંધી કષાયના સદ્ભાવમાં સમ્યગ્ દર્શન ઉત્પન્ન થતું નથી, તેથી તેની હાજરીમાં જીવનો સંસાર અનંત રહે છે. અનંતાનુંબંધી કષાય ક્રોધ, માન માયા અને લોભના ભેદથી ચાર પ્રકારનો કહેવામાં આવ્યો છે. જેના ઉદયથી સહેજ પણ પ્રત્યાખ્યાન-ત્યાગ ભાવ ઉદિત ન થઈ શકે એવા કષાયને અપ્રત્યાખ્યાન કષાય કહે છે. તે પણ ક્રોધ, માન, માયા અને લોભના ભેદથી ચાર પ્રકારનો છે. તેનું તાત્પર્ય એ છે કે કષાયની હાજરીમાં દેશવિરતિનો અને સર્વવિરતિનો ઉદય થઇ શકતો નથી. જે કષાય સર્વ સાવદ્ય વિરતિરૂપ પ્રત્યાખ્યાનનું આવરણ કરનાર હોય છે, તેને પ્રત્યાખ્યાન કષાય કહે છે. તે પણ ક્રોધ, માન માયા અને લોભના ભેદથી ચાર પ્રકારનો છે. અલ્પતર કષાયનું નામ સંજવલન કષાય છે. તે પણ ક્રોધ, માન, માયા, અને લોભના ભેદથી ચાર પ્રકારનો છે. મંદર પર્વતના આ પ્રમાણે સોળ નામ છે—(૧) મંદર, (૨) મેરુ, (૩) મનોરમ, (૪) સુદર્શના, (૫) સ્વયંપ્રભ (૬) ગિરિરાજ, (૭) રત્નોચ્ચય, (૮) પ્રિયદર્શન, (૯) લોકમધ્ય, (૧૦) લોકનાભિ, (૧૧) અસ્ત, (૧૨) સૂર્યાવર્ત્ત (૧૩) સૂર્યાવરણ, (૧૪) ઉત્તર, (૧૫) દિશાદિ અને (૧૬) અવતંસક, તેની આડમાં આવવાથી સૂર્ય અસ્તપામ્યો એમ વહેવારમાં કહેવાય છે, તેથી મંદરનું 'અસ્ત' નામ પડયું છે. અથવા 'अत्थ' ની સંસ્કૃત છાયા 'अर्थ' થાય છે, તેનું તાત્પર્ય એવું છે કે—આ પર્વત દેવતાઓ આદિ દ્વારા ક્રીડા આદિ કરવાને માટે સ્વીકૃત કરાયો છે, તેથી તેનું નામ 'अर्थ' છે.

પુરુષશ્રેષ્ઠ અર્હંત પ્રભુ પાર્શ્વનાથ ભગવાનની ઉત્કૃષ્ટ રૂપે સોળ હજાર શ્રમણ સંપત્તિ હતી. આત્મપ્રવાદ પૂર્વની સોળ વસ્તુઓ કહી છે. ચમરેન્દ્ર અને બલીન્દ્રના પ્રાસાદની મધ્ય સ્થિતિ પીઠિકાની લંબાઈ અને પહોળાઈ સોળ હજાર યોજનની કહી છે. લવણસમુદ્ર ઉત્સેધની પરિવૃદ્ધિની અપેક્ષાએ સોળ હજાર યોજનનો કહ્યો છે. એટલે કે લવણસમુદ્રના મધ્યભાગની વેલાની (તરંગની) ઉંચાઇ સોળ હજાર યોજન પ્રમાણ કહી છે. ।।સૂ. ૩૮।।

ટીકાર્થ'-**इमीसेणं इत्यादि !** આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ સોળ પલ્યોપમની કહી છે. પાચમી પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ સોળ સાગરોપમની કહી છે અસુરકુમાર દેવોમાં કેટલાક દેવોની સોળ પલ્યોપમની સ્થિતિ કહી છે. સૌધર્મ અને ઇશાન, એ બે કલ્પોમા કેટલાક દેવોની સ્થિતિ સોળ પલ્યોપમની કહી છે. મહાશુક્ર કલ્પમાં કેટલાક દેવોની સ્થિતિ સોળ સાગરોપમની દર્શાવી છે. જે દેવો (૧) આવર્ત્ત,(૨) વ્યાવર્ત્ત, (૩) નન્દ્યાવર્ત્ત, (૪) મહાનદ્યાવર્ત્ત, (૫) અંકુશ (૬) અંકુશ પ્રલંબ, (૭)ભદ્ર, (૮) સુભદ્ર, (૯) મહાભદ્ર, (૧૦) સર્વતોભદ્ર, અને (૧૧) ભદ્રોત્તરાવતંસક, એ અગિયાર વિમનોમાં દેવની પર્યાયે ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ સોળ સાગરોપમની છે. તે દેવો સોળ અર્ધમાસ-આઠ મહિને બાહ્ય આભ્યન્તરિક શ્વાસોચ્છૂવાસ ગ્રહણ કરે છે. સોળ હજાર વર્ષ પુરા થાય ત્યારે તે દેવોને આહારસંજ્ઞા ઉત્પન્ન થાય તેમાં કેટલાક દેવો એવા હોય છે કે જે ભવસિદ્ધિક હોય છે. તેઓ સોળ ભવ કરીને સિદ્ધપદ પ્રાપ્ત કરશે બુદ્ધ થશે જન્મ મરણનાં દુઃખોથી છૂટી જશે, પરિનિર્વૃત થશે અને સમસ્ત પ્રકારનાં દુઃખોનો નાશ કરી નાખશે ।।સૂ. ૩૯।।

## સતરહવેં સમવાય મેં સતરહ અસંયમાદિ કા નિરૂપણ

હવે સૂત્રકાર સત્તર સંખ્યાવાળા સમવાયોનું વર્ણન કરે છે-**'सत्तरसविहे' इत्यादि ।**

અસંયમ સત્તર પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે છે—

ટીકાર્થ-જેના પ્રભાવથી આત્મા સાવદ્ય યોગથી વિરકત થઇ જાય છે, તેને સંયમ કહે છે. આથવા-જેના દ્વારા આત્મા પાપપુંજમાંથી છૂટીને પોતાના નિજસ્વરૂપમાં સ્થાપિત કરાય છે, તેને સંયમ કહે છે તેનાથી વિપરીત જે હોય છે તેને અસંયમ કહે છે. (૧) તે સત્તર પ્રકારના છે તે આ પ્રમાણે છે પૃથ્વીકાય અસંયમ, (૨) અપ્કાય અસંયમ, (૩) તેજસ્કાય અસંયમ, (૪) વાયુકાય અસંયમ, (૫) વનસ્પતિકાય અસંયમ (૬) દ્વીન્દ્રિય અસંયમ (૭) ત્રીદ્રિય અસંયમ, (૮) ચતુરિન્દ્રિય અસંયમ, (૯) પંચેન્દ્રિય અસંયમ, (૧૦) અજીવકાય અસંયમ, (૧૦) પ્રેક્ષા અસંયમ, (૧૨) ઉપેક્ષા અસંયમ, (૧૩) અપહૃત્ય અસંયમ

(૧૪) અપ્રમાર્જના અસંયમ, (૧૫) મનઃ અસંયમ, (૧૬) વચન અસંયમ અને (૧૭) કાય અસંયમ. તેમાં અજીવકાય અસંયમનું તાત્પર્ય આ પ્રમાણે છે—વસ્ત્ર પાત્ર, આદિને અયતનાથી ઉપાડવું કે મૂકવું, તથા બહુમૂલ્ય વસ્ત્ર પાત્રાદિકોને ગ્રહણ કરવા તે અજીવકાય અસંયમ કહેવાય છે. ભાંડ ઉપકરણ આદિની પ્રતિલેખના ન કરવી, અથવા અવિધિ પૂર્વક તેમની પ્રતિલેખના તેનું નામ 'પ્રેક્ષા આસંયમ' છે. વારંવાર સમજાવ્યા છતાં પણ વસ્ત્ર, પાત્ર આદિકોની પ્રતિલેખના ન કરવી, અથવા અસંયમ યોગોમાં પ્રવૃત્ત રહેવું, અને સયમ યોગોમાં પ્રવૃત્ત ન થવું, એને 'ઉપેક્ષા અસંયમ' કહે છે. અવિધિ પૂર્વક ઉચ્ચાર પ્રસ્રવણ (મળ, મૂત્ર) આદિની પરિષ્ઠાપના આદિ કરવું તે **'अपहृत्यअसंयम'** કહેવાય છે. પાત્રાદિકોની પ્રમાર્જના ન કરવી અથવા અવિધિપૂર્વક પ્રમાર્જના કરવી તેને **'अप्रमार्जना असंयम'** કહે છે મનને અકુશલાત્મક રાખવું તે **मनःअसंयम** છે, વચનને અકુશલાત્મક રાખવું તે 'વચન અસંયમ' છે, સત્તર પ્રકારના સંયમ કહ્યા છે, તે આ પ્રમાણે છે—(૧) પૃથ્વીકાય સંયમ, (૨) અપ્કાય સંયમ, (૩) તેજસ્કાય સંયમ, (૪) વાયુકાય સંયમ, (૫) વનસ્પતિકાય સંયમ, (૬) દ્વીન્દ્રિય સંયમ, (૭) તેઇન્દ્રિય સંયમ, (૮) ચતુરિન્દ્રિય સંયમ, (૯) પંચેન્દ્રિય સંયમ (૧૦) અજીવકાયસંયમ, (૧૧) પ્રેક્ષાસંયમ, (૧૨) ઉપેક્ષાસંયમ (૧૩) અપહૃત્ય સંયમ, (પરિષ્ઠાપના)(૧૪)પ્રમાર્જનાસંયમ, (૧૫)મનઃસંયમ,(૧૬) વચન સંયમ અને (૧૭) કાય સંયમ. માનુષોત્તરપર્વત સત્તરસો એકવીસ (૧૭૨૧) યોજન ઊંચો છે. સમસ્ત વેલંધર અનુવેલંધર જે ખાસ ભવનપતિ હોય છે, તેમના પર્વતાવાસોની ઊંચાઇ સત્તર સો એકવીસ (૧૭૨૧) યોજનની છે, લવણસમુદ્ર સત્તર હજાર યોજન મૂળથી લઈને દકમાલાની [પાણીના કોટની] અપેક્ષાએ ઊંચો બતાવ્યો છે. ।।સૂ.૪૦।।

ટીકાર્થ–'इमीसेणं' इत्यादि ! આ રત્નપ્રભા પૃથ્વીના બહુ સમરમણીય ભૂમિભાગથી સત્તર હજાર યોજન કરતાં સહેજ વધારે ઊંચે જતાં વિદ્યાચારણ અને જંઘાચારણ મુનિયોની રુચક આદિ દ્વીપોમાં જવા માટે તિરછી ગતિ શરૂ થાય છે. અસુરોના રાજા ચમર અસુરેન્દ્રનો તિગિચ્છકૂટ નામનો ઉત્પાત પર્વત સત્તર સો એકવીસ યોજન ઊંચો છે. બલિ નામના અસુરેન્દ્રનો રુચકેન્દ્ર નામનો ઉત્પાત પર્વત સત્તર સો એકવીસ (૧૭૨૧) યોજન ઊંચો છે. સત્તર પ્રકારનાં મરણ છે તે પ્રકારો આ પ્રમાણે છે—

(૧) आवीचि मरण—પ્રતિક્ષણ ભુજ્યમાન આયુર્દલિકોના વિઘટનરૂપ મરણને आवीचि मरण કહે છે. (૨) अवधि मरण–નાટક આદિ જન્મના હેતુભૂત જે આયુ કર્મના દલિકોનો અનુભવ કરીને જીવનું મરણ થાય છે, જો એ જ દલિકોનો ભવિષ્યમાં ફરીથી અનુભવ કરીને જો તે મરે છે. તો તે મરણને अवधि मरण મર્યાદા મરણ કહે છે. એટલે કે જે આયુકર્મના દલિકોને પહેલાં ભોગવીને જીવે છોડી દીધાં છે. એટલે કે તેનું મરણ થઇ ચૂકયું છે. તે આયુકર્મ દલિકોને જ્યાં સુધી તે ફરીથી ગ્રહણ કરી લેતો નથી ત્યાં સુધી તે મૃત જ છે કારણ કે આત્મપરિણામોની વિચિત્રતાને કારણે પૂર્વે ગ્રહણ કરીને છોડી દીધેલ તે આયુકર્મના દલિકોનું ફરી ગ્રહણ થવું સંભવિત થઈ શકે છે. (૩) आत्यंतिक मरण—નરક આદિ આયુષ્કરૂપે જે કર્મદલિકોનો અનુભવ કરીને જીવ મરી જાય છે- તે પર્યાયના કર્મદલિકોને છોડી દે છે, અને પછી ફરીથી તે કર્મદલિકોનો તે અનુભવ કરતો નથી; એટલે કે પૂર્વે પ્રાપ્ત કરેલ આયુકર્મના દલિકોને ફરીથી તે પ્રાપ્ત કરતો નથી અને મરી જાય છે. અગૃહીત આયુકર્મના દલિકોને જ ગ્રહણ કરીને તે પર્યાયથી છુટી જાય છે. તો તે અપેક્ષાએ તેનું મરણ आत्यंतिक मरण કહેવાય છે बलन्मरण–સંયમ યોગથી ચલિત થયેલ એટલે કે ભગ્નવ્રત પરિણતવાળા સાધુ વ્રતીજનોનું અથવા ભૂખથી યુકત હોવાને કારણે બકતા માણસોનું જે મરણ હોય છે તેને बलन्मरण કહે છે. (૫) वशार्त्त-मरण ઇન્દ્રિયોના વિષયોના આકર્ષણથી પીડિત વ્યકિતનું દીવાની જયોતિથી આકર્ષાવાથી પતંગિયાની જેમ જે મરણ થાય છે તે મરણને वशार्त्तमरण કહે છે. (૬) अन्तः शल्यमरण જેમ દ્રવ્યરૂપ તીર આદિ શલ્ય શરીરની અંદર ઘુસી જવાથી પ્રાણીઓનું મરણ થાય છે, તેમ અતિચાર રૂપ ભાવશલ્યના સદ્ભાવમાં (હાજરીમાં)

જે વ્રતધારીનું મરણ થાય છે, તેનું તે મરણ अन्तःशल्यमरण છે. (૭) तद्भवमरण તિર્યંચ અથવા મનુષ્યભવમાં રહેલ મનુષ્ય કે તિર્યંચ પ્રાણીનું એ જ ભવને યોગ્ય આયુકર્મનો બંધ કરીને આયુનો ક્ષય થવાને લીધે જે મરણ થાય છે તેને तद्भव-मरण કહે છે. તે પ્રકારનું મરણ મનુષ્ય અને તિર્યંચમાં જ થાય છે, દેવ નારકી-ઓમાં થતુ નથી. કારણ કે તેઓ મહીને તે ભવમાં ફરી ઉત્પન્ન થતા નથી. (૮) बालमरण-અવિરતિ યુકત જીવનું જે મરણ થાય છે. તેને બાલમરણ કહે છે. આ પ્રકારના મરણને સંસારપરિભ્રમણનું કારણ કહ્યું છે. (૯) पंडितमरण-સર્વવિરતિ યુકત જીવોના મરણને પંડિતમરણ કહે છે. આ મરણ સંસારના વિચ્છેદનું કારણ કહેવાય છે. (૧૦) बालपंडितमरण બાલપંડિત શબ્દનો અર્થ દેશવિરતિ છે. આ દેશવિરતિ યુકત જીવનું જે મરણ થાય છે તેને 'બાલપંડિતમરણ' કહે છે, આ મરણ ભવભ્રમણાનું નિવારક ગણાય છે. (૧૧) छद्मस्थमरण કેવળજ્ઞાનથી રહિત જીવોનું જે મરણ થાય છે તેને છદ્મસ્થમરણ કહે છે. केवलि मरण—કેવળજ્ઞાનથી યુકત જીવનું જે મરણ થાય છે તેને કેવલિમરણ કહે છે. (૧૩) वैहायसमरण-વૃક્ષની શાખાપર કે બીજી કોઈ ઉંચી જગ્યાએ પોતાના શરીરને બાંધીને-ફાંસો ખાઇને જીવનું જે મરણ થાય છે. તેને વૈહાયસમરણ કહે છે. (૧૪) गृद्धस्पृष्टमरण ગીધ આદિ માંસ લાલચુ જીવોના દ્વારા ભક્ષિત થવાને કારણે જે મરણ થાય છે. તેનું નામ ગૃદ્ધસ્પૃષ્ટ મરણ છે અથવા गिद्धपिट्टमरण પદની गृद्धपृष्ट मरण એવી પણ સંસ્કૃત છાયા થાય છે. તેનો ભાવાર્થ આ પ્રમાણે છે—જે મરણમાં ગીધો દ્વારા ભક્ષ્ય પીઠ, પેટ આદિ કારણ રૂપ હોય એવું મરણ. કોઈ મહાસત્વશાળી પ્રાણી હાથી, ઉંટ આદિ મહાકાય પ્રાણીઓના શરીરમાં પ્રવેશ કરે પોતાના માંસને ગીધ આદિકોને ખવરાવે તેનું જે મરણ થાય તેને ગૃદ્ધપૃષ્ઠ મરણ કહે છે. (૧૫) भक्तप्रत्याख्यानमरण જે મરણમાં આહારનો જીવે ત્યાં સુધી ત્યાગ કરવારૂપ હોય તે મરણને ભકતપ્રત્યાખ્યાન મરણ કહે છે. તે મરણ ચારે પ્રકારના કે ત્રણ પ્રકારના આહારના પ્રત્યાખ્યાનથી થાય છે. આ મરણમાં જીવ પોતાના શરીરની શુશ્રૂષા જાતે કરે છે અથવા બીજા પાસે કરાવી શકે છે. (૧૬) इंगिनी मरण જે અનશન ક્રિયાના, મર્યાદિત ક્ષેત્રમાં જ હલન ચલન આદિ ક્રિયા કરાય છે, તેનું નામ 'ઇંગિની' છે. આ ઇંગિનીથી જે મરણ થાય તેનું નામ इंगिनी मरण છે આ પ્રકારનું મરણ એ જ જીવને થાય છે કે જેણે ચારે પ્રકારના આહારનો પરિત્યાગ કર્યો હોય અને પોતાના શરીરની જે જાતે શુશ્રૂષા કરતો નથી અને બીજા પાસે શુશ્રૂષા કરાવતો નથી, તથા મર્યાદિત ક્ષેત્રમાં જ રહે છે. (૧૭) पादपोपगमन मरण—જે મરણમાં વૃક્ષની જેમ નિશ્ચલરૂપે અવસ્થાન રહે છે તે મરણનું નામ 'પાદપોગમન મરણ છે. જેમ વૃક્ષ કોઇ સ્થાન પર કોઇ કારણે

તૂટી પડે છે ત્યારે તે વૃક્ષ, તે સ્થાન સમ છે કે વિષમ છે તે બાબતનો વિચાર કરતું નથી, અને નિશ્ચલ રીતે પડ્યુ રહે છે, એ જ પ્રમાણે જે જીવ જે રીતે આ મરણુ સ્વીકાર કરે છે. તે બેઠાં બેઠાં મરણુનો સ્વીકાર કરતો હોય તો બેસી જ રહે છે જો એક પડખે સૂતા સૂતા તે મરણુનો સ્વીકાર કરતો હોય તો એક જ પડખે પડયો રહે છે—આમ તેમ હાલતો નથી. તેનું તાત્પર્ય એ છે કે જે સ્થાને તે જે રીતે પડયો રહેવાનું નકકી કરે તે જ સ્થાને તે જીવે ત્યાં સુધી પડયો રહે છે, આ પ્રમાણે પડયા રહીને નિષ્પ્રતિકર્મ શરીરવાળા, અને ચારે પ્રકારના આહારનો જેણે પરિત્યાગ કર્યો છે એવા મુનિનું મરણ પાદપોપગમન મરણ કહેવાય છે સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનવર્તી જીવ ઉપશમક અને ક્ષપકના ભેદથી બે પ્રકારનો હોય છે. તે બન્ને સૂક્ષ્મલોભકષાય રૂપ મળના વેદક હોય છે. ધ્યાન રૂપ અશ્વર્યથી યુકત હોય છે. આ રીતે આ દશામાં ગુણસ્થાનમાં રહેલ જીવ એક સો વીસ (૧૨૦) બંધ યોગ્ય પ્રકૃતિઓમાંથી સત્તર કર્મપ્રકૃતિયોનો બંધ બાંધે છે. (૧) આભિનિબોધિક જ્ઞાનાવરણ [૨] શ્રુત જ્ઞાનાવરણ, (૩) અવધિજ્ઞાનાવરણ, (૪) મનઃપર્યયજ્ઞાનાવરણ, (૫) કેવળજ્ઞાનાવરણ, (૬) ચક્ષુદર્શનાવરણ, (૭) અચક્ષુદર્શનાવરણ (૮) અવધિ દર્શનાવરણ (૯) કેવળદર્શનાવરણ, (૧૦) સાતાવેદનીય, (૧૧) યશઃકીર્તિનામ (૧૨) ઉચ્ચગોત્ર, (૧૩) દાનાન્તરાય, (૧૪) લાભાન્તરાય, (૧૫) ભોગાન્તરાય, (૧૬) (૧૭) વીર્યાન્તરાય, એ સત્તર પ્રકૃતિયોનો બંધ જ બાંધે છે. અન્ય પ્રકૃતિઓનો નહી. સંશયાદિ ભાવ રહિત થઇને જે અર્થાભિમુખ બોધ થાય તેનું નામ અભિ-નિબોધક જ્ઞાન છે. આ જ્ઞાન પાંચ ઇન્દ્રિયો અને મનને કારણે થાય છે. આ જ્ઞાનનુ આવારક જે કર્મ હોય છે તેનું નામ આભિનિબોધિક જ્ઞાનાવરણ છે ।।સૂ. ૪૧।।

## સતરહવેં સમવાય મેં નારકિયોં કે સ્થિત્યાદિ કા નિરૂપણ

ટીકાર્થ–इमोसेणं इत्यादि ! આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ સત્તર પલ્યોપમની છે. પાંચમી પૃથ્વીમાં કેટલાક નારકીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તર સાગરોપ ની કહી છે. છઠ્ઠી પૃથ્વીમાં કેટલાક નારકીઓની જઘન્ય સ્થિ ત સત્તર સાગરોપમની કહી

છે. અસુરકુમાર દેવોમાં કટલાક દેવોની સ્થિતિ સત્તર પલ્યોપમની કહી છે. સૌધર્મ અને ઇશાન, એ બે કલ્પોમાં કેટલાક દેવોની સ્થિતિ સત્તર પલ્યોપમની બતાવી છે. મહાશુક્ર કલ્પમાં દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તર સાગરોપમની કહી છે. સહસ્રાર કલ્પમાં દેવોની જઘન્ય સ્થિતિ સત્તર સાગરોપમની કહી છે. જે દેવો (૧) સામાન, (૨) સુસામાન, (૩) મહાસામાન, (૪) પદ્મ, (૫) મહાપદ્મ (૬) કુમુદ, (૭) મહાકુમુદ, (૮) નલિન (૯) મહાનલિન, (૧૦) પૌંડરીક, (૧૧) મહાપૌંડરિક (૧૨) શુકલ (૧૩) મહાશુકલ, [૧૪] સિંહ, (૧૫) સિંહકાન્ત, (૧૬) સિંહબીજ, અને (૧૭) ભાવિત, એ સત્તર વિમાનોમાં દેવની પર્યાયે ઉત્પન્ન થાય છે, તે દવોની ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તર સાગરોપમની કહી છે. તે દેવોને સત્તર અર્ધ માસ ૮।। માસ-બાદ બાહ્ય અભ્યન્તરિક શ્વાસોચ્છવાસ ગ્રહણ કરે છે. તે દેવોને સત્તર હજાર વર્ષો વ્યતીત થયા પછી આહાર સંજ્ઞા ઉત્પન્ન થાય છે. તે દેવોમાં કેટલાક દેવો એવા પણ હોય છે કે જે ભવસિદ્ધિક હોય છે. તેઓ સત્તર ભવ કર્યા પછી સિદ્ધ ગતિ પામશે, બુદ્ધ થશે, આ સંસારમાંથી મુકત થશે પરિનિર્વૃત્ત થશે. અને સમસ્ત દુઃખોનો નાશ કરી નાખશે. ।।સૂ. ૪૨।।

## અઠારહવે સમવાય અઠારહ પ્રકાર કે બ્રહ્મચર્યાદિ કા નિરૂપણ

હવે સૂત્રકાર અઢાર સંખ્યાવાળાં સમવાયો બતાવે છે 'अट्ठारस विहे' इत्यादि !

અઢાર પ્રકારનું બ્રહ્મચર્ય બતાવ્યું છે, જે આ પ્રમાણે છે—

ટીકાર્થ-ઔદારિક કામભોગોનું પોતે મનથી સેવન ન કરવું બીજા પાસે સેવન કરાવવાનો વિચાર ન કરવો, અને સેવન કરનાર વ્યકિતની મનમાં પ્રશંસા ન કરવી

ઔદારિક કામભોગોનું વચનો દ્વારા જાતે સેવન ન કરવું, બીજાને સેવન કરવાની પ્રેરણા ન આપવી, અને સેવન કરનાર વ્યક્તિની વાણીથી પ્રશંસા ન કરવી ઔદારિક કામભોગોનું શરીરથી જાતે સેવન ન કરવું સેવન કરવાને માટે બીજાને શરીરથી સંકેત આદિ ન કરવા, તથા સેવન કરનારની કાયાથી સરાહના ન કરવી. એ જ પ્રમાણે દિવ્ય-દેવસંબંધી એટલે કે વૈક્રિય શરીર સંબંધી કામભોગોનું જાતે મનથી સેવન ન કરવું, બીજા પાસે સેવન કરાવવાનો વિચાર ન કરવો, અને સેવન કરનારની અનુમોદના ન કરવી વચનથી દિવ્ય કામભોગોનું જાતે સેવન ન કરવું, બીજાને વચન દ્વારા તેનું સેવન કરવાને પ્રેરવા નહી, અને સેવન કરનારની વચન દ્વારા અનુંમોદના ન કરવી એ જ પ્રમાણે દિવ્ય કામભોગોનું કાયાથી જાતે સેવન ન કરવું બીજાને સેવન કરવાને માટે પ્રેરવા નહીં, અને સેવન કરનારની પોતાના શરીરથી ચપટી કે તાળી વગાડીને અનુમોદના ન કરવી. આ રીતે ઔદારિક અને દિવ્ય (વૈક્રિય) કામભોગોની અપેક્ષાએ મન, વચન અને કાય સંબંધી કરેલ, કરાવેલ અને અનુંમોદિત એ બધાની ગણતરી કરતાં કુલ અઢાર પ્રકાર થાય છે. અર્હંત પ્રભુ અરિષ્ટનેમિની ઉત્કૃષ્ટની અપેક્ષાએ અઢાર હજાર શ્રમણસંપત્તિ હતી. શ્રમણ ભગવાન મહાવીરે ક્ષુદ્રવયના અથવા શ્રુતથી ન્યૂન સાધુઓને માટે અને વ્યકત-વય પરિણત તથા શ્રુતપરિણત-સાધુઓને માટે હેયોપાદેય ભૂત અઢાર સ્થાન બતાવ્યાં છે, તે આ પ્રમાણે છે વ્રત છ, કાય છ, અકલ્પ, ગૃહિ ભાજન, પલ્યંક, નિષદ્યા સ્નાન અને શોભાવર્જન પાંચ મહાવ્રત અને રાત્રિભોજનનો ત્યાગ એ છ વ્રત છે. પૃથ્વી કાય આદિ છ પ્રકારના જીવોની રક્ષા કરવી તે છ કાય છે. એ બાર ઉપાદેય સ્થાનો બતાવ્યા છે. અકલ્પનીય-શય્યા, વસન-વસ્ત્ર, અશન-આહાર, અને પાત્ર આદિ ગૃહિભાજન થાળી વગેરે, પલ્યંક માંચી આદિ નિષદ્યા સ્ત્રીઓ આદિ સાથે બેસવાનું, સ્નાન શરીરના એક ભાગનું અથવા બધા ભાગોનું ક્ષાલન, તે બધા હેયસ્થાનો બતાવ્યાં છે. તથા અઢારમું શોભાવર્જન, તે ઉપાદેય કહ્યું છે. બીજા શ્રુતસ્કંધ સંબંધી પિંડૈષણા આદિ પાંચ ચુલાઓથી યુકત આચારાંગ સૂત્રના નવ બ્રહ્મચર્ય અધ્યયન સ્વરૂપ પ્રથમ શ્રુતસ્કંધમાં પદનું પ્રમાણ અઢાર હજાર પદોનું આદિનાથ પ્રભુની પુત્રી બ્રાહ્મી અથવા સંસ્કૃત આદિ ભેદ વિશિષ્ટ વાણીની અપેક્ષાએ તે ભગવાને જે લિપિ ચાલુ કરી તે લિપિનું નામ બ્રાહ્મીલિપિ પડયું, તે લિપિનું લેખ વિધાન અઢાર પ્રકારનું કહ્યું છે, તે પ્રકારો આ પ્રમાણે છે—(૧) બ્રાહ્મી, (૨) યાવનીલિપિ (ઉર્દૂ) (૩) દોષોરિકા, (૪) ખરોષ્ટ્રિકા, (૫) ખરશાવિકા, પહારાતિકા, (૭) ઉચ્ચત્તરિકા, (૮) અક્ષરપૃષ્ટિકા, (૯) ભોગવતિકા, (૧૦) વેણકિકા, (૧૧) નિહ્નવિકા, (૧૨) અંકલિપિ, (૧૩) ગણિતલિપિ (૧૪) ગંધર્વલિપિ, (ભુતલિપિ), (૧૫) આદર્શલિપિ, (૧૬) માહેશ્વરી લિપિ, (૧૭)

દામીલિપિ, અને (૧૮) બોલિન્દીલિપિ "पहराइआ" ને સ્થાને 'महारिइआ' એવો પાઠ પણ કોઇ કોઇ સ્થાને મળે છે, તો તેની છાયા 'महाराजिका' છે. 'अस्तिनास्ति' પ્રવાદ પૂર્વની અઢાર વસ્તુઓ કહેલી છે. ધૂમપ્રભા નામની પાંચમી પૃથ્વીનો વિસ્તાર એક લાખ અઢાર યોજનનો છે. પોષ અને અષાઢ મહિનામાં એક વખત વધારેમાં વધારે અઢાર મુહૂર્તનો દિવસ અને એક વાર વધારેમાં વધારે અઢાર મુહૂર્તની રાત્રિ થાય છે. એટલે કે અષાઢ માસમાં અઢાર મુહૂર્તનો દિવસ અને પોષ માસમાં અઢાર મુહૂર્તની રાત્રિ એક વાર થાય છે. ાસૂ. ૪૩ા

## અઠારહવે સમવાય મેં નારકિયોં કે સ્થિત્યાદિ કા નિરૂપણ

ટીકાર્થ–'इमीसेण' इत्यादि ! આ રત્નપ્રભા નામની પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ અઢાર પલ્યોપમની કહી છે. અસુરકુમાર દેવોમાં કેટલાક દેવોની સ્થિતિ અઢાર પલ્યોપમની કહી છે. સૌધર્મ અને ઇશાન કલ્પોમાં કેટલાક દેવોની સ્થિતિ અઢાર પલ્યોપમની કહી છે. સહસ્રાર કલ્પમાં દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ અઢાર સાગરોપમની કહી છે. આનત નામના નવમાં દેવલોકમાં કેટલાક દેવોની જઘન્ય સ્થિતિ અઢાર સાગરોપમની કહી છે જે દેવો (૧) કાલ (૨) સુકાલ, (૩) મહ કાલ, અંજન, (૫) રિષ્ટ, (૬) સાલ, (૭) સમાન, દ્રુમ, (૯) મહાદ્રુમ, (૧૦) વિશાલ, (૧૧)સુશાલ, (૧૨) પદ્મ ગુલ્મ. (૧૪) કુમુદ, (૧૫) કુમુદગુલ્મ, (૧૬) નલિન, [૧૭] નલિનગુલ્મ, (૧૮) પુંડરીક. અને (૨૦) સહસ્રારાવતંસક. એ વીસ વિમાનોમાં દેવની પર્યાયે ઉત્પન્ન થાય છે તે દેવોની અઢાર સાગરોપમની સ્થિતિ કહી છે. તે દેવો અઢાર અર્ધમાસ બાદ નવ મહિને–બાહ્ય આભ્યન્તરિક શ્વાસોચ્છવાસ ગ્રહણ કરે છે. તે દેવોને અઢાર હજાર વર્ષ વ્યતીત થયા પછી આહાર સંજ્ઞા ઉત્પન્ન થાય છે. તે દેવોમાં કેટલાક દેવો એવા પણ હોય છે કે જે ભવસિદ્ધિક હોય છે. તે દેવો અઢાર મનુષ્ય ભવ લીધા પછી સિદ્ધ અવસ્થા પ્રાપ્ત કરશે, બુદ્ધ થશે, મુક્ત થશે, પરિનિવૃત થશે, અને સમસ્ત દુઃખોનો અંત કરશે ા સૂ. ૪૪ા

હવે સૂત્રકાર ઓગણીસ સંખ્યાવાળાં સમવાયો બતાવે છે-एगुणवीसं इत्यादि !

ટીકાર્થ-જ્ઞાતા સૂત્રના ઓગણીસ અધ્યયનો બતાવ્યાં છે. તે આ પ્રમાણે છે-(૧) उत्क्षिप्तज्ञात अध्ययन—આ અધ્યયનમાં એ વાત બતાવી છે કે મેઘકુમારના જીવે હાથીના ભવમાં દાવાનળ લાગ્યો ત્યારે સસલાની રક્ષા માટે પોતાનો એક પગ ઉંચો ઉઠાવી રાખ્યો હતો. આ કથાથી-ઉદાહરણથી ઉપલક્ષિત હોવાને કારણે આ અધ્યયનનું નામ उत्क्षिप्तज्ञात પડયું છે. (૨) संघाट—આ અધ્યયનમાં ધન્ય શ્રેષ્ઠી, અને વિજય ચોર, એ બન્નેને એક બંધનમા બાંધવાની વાત કહેલ છે, તેથી આ જ્ઞાત ઉદાહરણથી ઉપલક્ષિત હોવાથી આ અધ્યયનનુ નામ संघाट રાખ્યું છે (૩) अड નામના અધ્યયનમાં મોરનાં ઇડાંનું કથન કરવામાં આવ્યું છે. તેથી મયૂરાડથી ઉપલક્ષિત હોવાને કારણે આ અધ્યયનનું નામ 'अंड' પડયું છે. (૪) 'कूर्म' નામના અધ્યયનમાં કાચબાના ઉદાહરણથી ગુપ્તિ અને અગુપ્તિના ગુણદોષનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, તેથી એ ઉદાહરણથી ઉપલક્ષિત હોવાથી તે અધ્યયનનું નામ कूर्मज्ञात છે (૫) शैलकज्ञात તે નામના અધ્યયનમાં શૈલકરાજર્ષિનું વર્ણન કરવામાં આવ્યું છે, તેથી તે અધ્યયનનું નામ शैलकज्ञात છે. (૬) 'तुम्बज्ञात्' —અધ્યયનમાં તુંબડીના ઉદાહરણથી વિષયનું પ્રતિપાદન કરાયું છે તેથી તેનું નામ 'तुम्बज्ञात', પડયું છે. रोहिणीज्ञात' અધ્યયનમાં ધન્ય સાર્થવાહની પુત્રવધૂ રોહિણીએ ધનની કેવી રીતે રક્ષા કરી તેનું વર્ણન છે. તેને સાચવવા માટે જે શાલિકણ આપવામાં આવ્યા હતા તેને કેવી રીતે મોટા પ્રમાણુમાં તેની વૃદ્ધિ કરી તેનું કથન આવે છે. આ કથાથી ઉપલક્ષિત હોવાથી આ અધ્યયનનું નામ रोहिणीज्ञात' છે. (૮) આઠમાં અધ્યયનમાં મલ્લિ તીર્થંકરનું ઉદાહરણ હોવાથી, તે અધ્યયનનું નામ 'मल्लिज्ञात' છે. તેમાં એ બતાવ્યું છે કે મલ્લિ, કુંભરાજની પુત્રી હતી તે ઓગણીસમા તીર્થંકર બની. (૯)'माकंदीज्ञात' નામના અધ્યયનમાં માકંદીદારનું વૃત્તાન્ત લખેલું છે. (૧૦) 'चान्द्रिकज्ञात' અધ્યયનમાં ચન્દ્રના ઉદાહરણથી વિષયનું પ્રતિપાદન કર્યું છે.[૧૧]'दावद्रवज्ञात'અધ્યયનમાં સમુદ્ર કિનારે થતાં દાવદ્રુમના ઉદાહરણથી વિષયનું પ્રતિપાદન કરેલ છે.[૧૨]उदकज्ञात અધ્યયનમાં પરિખાના જળના ઉદાહરણથી પુદ્ગલનું પ્રતિપાદનું કરાયું છે.(૧૩)मंडूकज्ञातમાં નન્દમણિકારના જીવ દેડકાના ચરિત્રનું વર્ણન કરાયું છે.[૧૪]'तेतलिज्ञात' અધ્યયનમાં કનકરથ રાજાના અમાત્ય તેતલિપુત્રનું વર્ણન કરાયું છે. (૧૫) 'नन्दिफलज्ञात' નામના અધ્ય-

યનમાં આપાત ભદ્ર અને પરિણામમાં દારુણ એવા નન્દિફલ નામનાં વૃક્ષોનું ઉદાહરણ દઇને વિષયનું પ્રતિપાદન કર્યું છે (૬) 'अवरकंकाज्ञात' મા ધતકી ખંડમાં આવેલી ભરતક્ષેત્રની રાજધાની અપરકંકામાં હરણ કરી લઈ જવાયેલ દ્રૌપદીને પાછી લાવવાને માટે કૃષ્ણવાસુદેવના ગમનરૂપ આશ્ચર્ય આદિનું વર્ણન કરાયું છે. (૧૭) 'आकीर्णज्ञात' માં કાલિંક દ્વીપમાં રહેલ અશ્વોનું ઉદાહરણ દઇને વિષયનું વર્ણન કરાયું છે. (૧૮) 'सुंसमाज्ञात' અધ્યયનમાં ધન્યશેઠની સુંસમા નામની કન્યાના ચરિત્રનું વર્ણન કરવામાં આવ્યું છે. (૧૯) 'पुंडरीकज्ञात, અધ્યયનમાં પુષ્કલાવતી વિજયની મધ્યમાં આવેલ પુંડરીકિણી નામની નગરીમાં રહેતા પુંડરીક નરેશના ચરિત્રનું વૃત્તાન્ત છે. જંબૂદ્વીપ નામના દ્વીપમાં બે સૂર્ય ૧૯૦૦ યોજન સુધી ઉંચે નીચે તપે છે. એટલે કે જંબૂદ્વીપમાં બે સૂર્ય છે. તે પોતાના સ્થાનથી ઉપરની તરફ સો યોજન સુધી તપે છે અને નીચેની બાજુ ૧૮૦૦ યોજન સુધી તપે છે.

કારણ કે અધઃપ્રદેશમાં–સમતલથી ૮૦૦ આઠસો યોજન ઉપર બન્ને સૂર્યો રહેલા છે. જંબૂદ્વીપના પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રની જગતી (કોટ) ના પ્રત્યાસન્ન દેશમાં નીચે રહેલ વિજયદ્વારના અન્તિમ દેશમાં જે ક્ષેત્ર છે તેનું નામ અધોલોક છે. આ અધેલોકથી સમતલ ભૂતલ સ્થાન એક હજાર(૧૦૦૦)યોજન ઉપર આવેલું છે. આ રીતે બે સૂર્ય ૧૮૦૦ અઢારસો યોજન નીચે તપે છે. અન્ય દ્વીપોના સૂર્ય તો ઉપર ૧૦૦ સો યોજન સુધી અને નીચે ૮૦૦ આઠસો યોજન સુધી તપે છે, કારણ કે ત્યાં ક્ષેત્ર સમ છે, શુક્ર નામનો મહાગ્રહ પશ્ચિમ દિશામાં ઉદય પામીને ઓગણીસ નક્ષત્રો સંચરણ કરીને પશ્ચિમ દિશામાં અસ્ત પામે છે. જંબૂદ્વીપની કલાઓ કે જે पंच छव्वीसे छच्चकलाविक्खंभं भरहवासं' ઈત્યાદિ જંબૂદ્વીપ સંબંધી ગણિતમાં કહી છે. તેઓ એક યોજનના ઓગણીસમાં ભાગની છે. ઓગણીસ તીર્થંકરોએ રાજ્યપદ ભોગવીને દીક્ષા લીધી હતી. બાકીના વાસુપૂજ્ય, મલ્લિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીર સ્વામી, એ પાંચ તીર્થંકરોએ રાજ્યપદ ભોગવ્યા વિના દીક્ષા લીધી હતી. તથા મલ્લિનાથ પ્રભુએ તથા નેમિનાથ પ્રભુએ તો પોતાના વિવાહ જ કર્યા ન હતા ।।સૂ.૪૪।।

## ઉન્નીસવે સમવાય મેં નારકિયોં કે સ્થિત્યાદિ કા નિરૂપણ

ટીકાર્થ–'इमीसेणं' इत्यादि ! આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ ઓગણીસ પલ્યોપમની કહી છે. છઠ્ઠી પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ ઓગણીસ સાગરોપમની કહી છે. અસુરકુમાર દેવોમાં કેટલાક દેવોની સ્થિતિ ઓગણીસ પલ્યોપમની કહી છે. સૌધર્મ, અને ઇશાન, એ બે કલ્પોમાં કેટલાક દેવોની સ્થિતિ ઓગણીસ પલ્યોપમની કહી છે. આનતકલ્પમાં કેટલાક દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ઓગણીસ સાગરોપમની કહી છે. પ્રાણુત નામના દશમાં કલ્પમાં કેટલાક દેવોની જઘન્ય સ્થિતિ ઓગણીસ સાગરોપમની કહી છે. જે દેવો (૧) આનત, (૨) પ્રાણુત (૨) નત, (૪) વિનત, (૫) ધન, (૫) સુષિર, (૭) ઇન્દ્ર, (૮) ઇદ્રકાન્ત, અને (૯) ઇન્દ્રોત્તરાવતંસક, એ નવ વિમા-નોમાં દેવની પર્યાયે ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ઓગણીસ સાગરોપની હોય છે. તે દેવો ઓગણીસ અર્ધમાસોમાં. સાડા નવ મહિને બ્રહ્ય આભ્યન્તરિક શ્વાસોચ્છવાસ ગ્રહણ કરે છે. તે દેવોને ઓગણીસ હજાર વર્ષ વ્યતીત થયા પછી આહારસંજ્ઞા ઉત્પન્ન થાય છે. તે દેવોમાં કેટલાક દેવો એવા હોય છે કે જે ૧૯ ભવ ગ્રહણ કર્યા પછી સિદ્ધિપદ પ્રાપ્ત કરશે, બુદ્ધ થશે, સંસારથી મુકત થશે, પરિ-નિવૃત્ત થશે, અને સમસ્ત દુઃખોના નાશ કરશે ॥સૂ, ૪૫॥

## બીસવે સમવાય મેં બીસ અસમાધિ સ્થાનાદિ કા નિરૂપણ

હવે સૂત્રકાર વીસ સંખ્યાવાળાં સમવાયો બતાવે છે—

**वीसं असमाहि ठाणा पण्णत्ता इत्यादि !**

ટીકાર્થ–અસમાધિનાં વીસ સ્થાનો કહ્યાં છે, તે આ પ્રમાણે છે–જે અત્યંત ઝડપથી ચાલે છે તે આ પ્રથમ અસમાધિ સ્થાનના દોષનો ભાગીદાર થાય છે૧. જે દિવસે અનેક જીવોથી છવાયેલા સ્થાનને પૂંજ્યા વિના ચાલે છે. તથા રાત્રે પણ જે પૂંજ્યા વિના ચાલે છે તે બીજા અસમાધિસ્થાનના દોષનો ભાગીદાર બને છે. સારી રીતે પુંજ્યા

વિના ચાલવું—પૂજવું એક જગ્યાએ અને ચાલવું બીજી જગ્યાએ તે ત્રીજો અસમાધિ દોષ ગણાય છે. શાસ્ત્રની મર્યાદા કરતાં વધારે આસન અને શય્યાનો ઉપભોગ કરવો તે અસમાધિનો ચોથો દોષ છે ગુરુ આદિ સાથે અવિનયથી બોલવું, તથા તેમનો પરાભવ કરવો તે અસમાધિનો પાંચમો દોષ છો જે સ્થવિરોનો ઘાત કરવાનો વિચાર કરે છે તે અસમાધિના છઠ્ઠા દોષનો ભાગીદાર બને છે. જે સમસ્ત પ્રાણીઓના ઘાત કરવાના વિચારમાં મગ્ન રહે છે, તે અસમાધિના સાતમા દોષનો ભાગીદાર બને છે. પ્રતિક્ષણ ક્રોધ કરનાર અસમાધિનો આઠમો દોષ કરે છે. જે પોતાની જાતને તથા બીજાને પ્રતિક્ષણ સંતોષ આપ્યા કરે છે તે અસમાધિના નવમા દોષનો ભાગીદાર બને છે. પીઠ પાછળ અન્યના દોષો પ્રગટ કરવામાં જે પ્રવૃત્ત રહે છે તે અસમાધિના દસમા દોષનો ભાગીદાર બને છે. વારંવાર જે નિશ્ચયકારી ભાષાનું ભાષણ કરે છે, તે અસમાધિના અગિયારમાં દોષનો કર્તા બને છે અનુત્પન્ન નવાં નવાં અધિકરણોનો જે ઉત્પાદક હોય છે-એટલે કે નવા નવા કલહના સાધનો જે એકત્ર કરતો હોય છે-તે અસમાધિના બારમા દોષનો ભાગીદાર બને છે. જે શમી ગયેલ કલહોને ફરીથી ઉશ્કેરે છે-પેદા કરે છે-તે અસમાધિના તેરમાં દોષનો ભાગીદાર બને છે. જે અકાળે સ્વાધ્યાય કરે છે તે અસમાધિના ચૌદમા દોષનો ભાગીદાર બને છે. જે સચિત્ત રજયુક્ત હાથ પગ રાખીને આસન પર બેસે છે તે અસમાધિનો પંદરમો દોષ કરે છે. પ્રહર રાત્રિ વ્યતીત થયા પછી જોરથી બોલનાર અથવા ગૃહસ્થ જેવી ભાષા બોલનાર અસમાધિના સોળમાં દોષનો કર્તા બને છે. ચતુર્વિધ સંઘને વેર વિખેર કરનાર અસમાધિના સત્તરમા દોષનો ભાગીદાર બને છે. જેનાં વચનો યુદ્ધ કરાવનાર હોય છે તે અસમાધિના અઢાર દોષને પાત્ર બને છે. સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી વારંવાર આહાર-પાન આદિ લાવીને ખાય છે, તે અસમાધિના ઓગણીસમા દોષને પાત્ર બને છે. જેને કલ્પે તેવા આહાર આદિ ગ્રહણ કરે છે તે અસમાધિના વીસમા દોષને પાત્ર બને છે. આ વિષયનું વિસ્તૃત વર્ણન વાંચવું હોય તો અમારા દ્વારા રચાયેલ દશાશ્રુતસ્કંધના પહેલા અધ્યયનની મુનિહર્ષિણી નામની ટીકા વાંચવી.

મુનિ સુવ્રત નામના તીર્થંકરનું શરીર ૨૦ વીસ ધનુષ પ્રમાણ ઊંચુ હતું. સમસ્ત ઘનોદધિ-સાતે ભૂમિયોની નીચે જે સાત ઘનોદધિ વલય છે તે-વિસ્તારમાં વીસ વીસ હજાર યોજનના છે. દેવરાજ પ્રાણત દેવેન્દ્રના સામાનિક દેવ વીસ હજાર છે. નપુંસક વેદનીય રૂપ મોહનીય કર્મનો સ્થિતિબંધ બંધ સમયથી લઈને વીસ સાગરોપમની કોટાકોટીનો છે. પ્રત્યાખ્યાન પૂર્વની વીસ વસ્તુઓ છે. ઉત્સર્પિણી અને અવસર્પિણી એ બન્ને ભેગા કરતાંકા ૨૦ વીસ સાગરોપમ કોટાકોટિનો છે. ।।સૂ. ૪૬।।

## બીસવે સમવાયમેં નારકિયોં કે સ્થિત્યાદિ કા નિરૂપણ

ટીકાર્થ—'इमीसेणं' इत्यादि ! આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ વીસ પલ્યોપમની કહી છે છઠ્ઠી પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ વીસ સાગરોપમની કહી છે. અસુરકુમાર દેવોમાં કેટલાક દેવોની સ્થિતિ વીસ પલ્યોપમની કહી છે. સૌધર્મ અને ઇશાન, એ બેકલ્પોમાં કેટલાક દેવોની સ્થિતિ વીસ પલ્યોપમની કહી છે. પ્રાણત કલ્પમાં દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ વીસ સાગરોપમની કહી છે. આરણકલ્પમાં દેવોની જઘન્ય સ્થિતિ વીસ સાગરોપમની કહી છે જે દેવો (૧) સાત,(૨) વિસાત,(૩) સુવિસાત, (૪) સિદ્ધાર્થ, (૫) ઉત્પલ, (૬) ભિત્તિલ (૭) તિગિંછ(૮) દિશા સૌવસ્તિક, (૯) પ્રલંબ, (૧૦) રૂચિર, (૧૧) પુષ્પ,[૧૨] સુપુષ્પ (૧૩) પુષ્પાવર્ત્ત (૧૪) પુષ્પપ્રભ, (૧૫) પુષ્પકાન્ત, (૧૬) પુષ્પવર્ણ(૧૭) પુષ્પલેશ્ય,(૧૮) પુષ્પધ્વજ, [૧૯] પુષ્પશ્રૃંગ, [૨૦] પુષ્પસિદ્ધ અને (૨૧) પુષ્પોત્તર વતંસક, એ એકવીસ વિમાનોમાં દેવની પર્યાયે ઉત્પન્ન થાય છે, તે દેવોની સ્થિતિ વીસ સાગરોપમની કહી છે. તે દેવો વીસ અર્ધ માસો—દસ માસ—બાદ બાહ્ય આભ્યન્તરિક શ્વાસોચ્છવાસ ગ્રહણ કરે છે. તે દેવોને ૨૦ હજાર વર્ષ વ્યતીત થયા પછી આહાર સંજ્ઞા ઉત્પન્ન થાય છે. તેમાં કેટલાક દેવો એવાં પણ હોય છે કે જે ભવસિદ્ધિક હોય છે. તેઓ વીસ ભવ કર્યા પછી સિદ્ધ પદ પામશે, બુદ્ધ થશે—જ્ઞાનાદિક ગુણોના ભોકતા થશે, સંસારથી મુકત થશે, પરિનિવૃત થશે, અને સમસ્ત દુઃખોનો અન્ત કરી નાખશે ાસૂ. ૪૭ા

## એકવીસવે સમવાયમેં એકવીસ શબલાદિ કા નિરૂપણ

હવે સૂત્રકાર એકવીસ સંખ્યાવાળાં સમવાયો પ્રગટ કરે છે—

'एक्कवीसं सबला पण्णत्ता' इत्यादि !

ટીકાર્થ—જે ક્રિયાઓને લીધે ચારિત્રમાં શબલતા મોટી નીર્બલતા આવે છે. તે ક્રિયા વિશેષોને શબલ કહે છે. તે શબલના ૨૧ એકવીસ પ્રકારો આ પ્રમાણે છે—પોતાના હાથ આદિથી વેદ વિકાર સેવન રૂપ કાર્ય કરવું તે પહેલું શબલ છે૧ મૈથુન સેવન કરવું તે બીજું શબલ છે૨. રાત્રે ભોજન કરવું તે ત્રીજું શબલ છે૩. આધાકર્મ દોષથી યુકત આહારનું સેવન કરવું તે ચોથું શબલ છે. ષડ્જીવનિકાયના ઉપમર્દન પૂર્વક જે આહાર સાધુને નિમિત્તે બનાવાય છે તેને આધાકર્મ કહે છે. રાજપિંડને પોતાના ઉપયોગમાં

લેવો તે પાંચમું શબલ છે. સેનાપતિ પુરોહિત, શ્રેષ્ઠી, અમાત્ય અને સાર્થવાહ એ પાંચ વ્યક્તિઓની સાથે રાજ્યનું પાલન કરનાર મૂર્ધાભિષકતને રાજા કહેવાય છે તેને નિમિત્તે જે ચાર પ્રકરનું ભોજન બનાવ્યું હોય તેને રાજપિંડ કહે છે તે રાજપિંડને પોતાના ઉપયોગમાં લેનાર સાધુને શબલ કહેલ છે. આ પાંચમો શબલ દોષ છે. (૧) ક્રીત, (૨) પ્રામિત્ય, (૩) આચ્છિન્ન (૪) અનિસૃષ્ટ અને (૫) આહૃત કરીને અપાવેલ આહાર ખાનાર સાધુને શબલ કહેલ છે, સાધુને માટે ખરીદ કરીને જે આહાર સાધુને વહોરાવવામાં આવે તે ક્રાત આહાર કહેવાય છે. સમયની મર્યાદામાં વખતે ઉધાર લાવીને અપાયેલ આહારને પ્રામિત્ય આહાર કહે છે. કોઈ નિર્બળ મનુષ્યના હાથમાંથી જબર્દસ્તીથી પડાવી લઇ અપાયેલા અહારને **'आच्छिन्न आहार'** કહે છે જે વસ્તુના અનેક માલિકો હોય તે વસ્તુને તેના માલિકોની આજ્ઞા વિના- તે બધાની સંમતિ મેળવ્યા વિના-દેવી તે **'अनिसृष्ट'** આહાર છે. સાધુની સનીપે આહાર લાવીને દેવો તે **'आहृत्य'** આહાર છે. તે છઠ્ઠો શબલ દેષ છે. વારંવાર કોઇ વસ્તુનો ત્યાગ કરીને તે વસ્તુ ખાનાર સાધુ શબલ ગણાય છે, કારણ કે આ પ્રકારની પ્રવૃત્તિથી તે પોતાના પ્રત્યાખ્યાનનો ભંગ કરે છે આ સાતમો શબલ દોષ છે. દીક્ષા લીધી તે દિવસથી છ મહિનાની અંદર જે સાધુ પોતાના ગચ્છમાંથી બીજાના ગચ્છમાં જાય તે શબલ ગણાય છે. આ આઠમો શબલ દોષ છે. એક માસ દરમિયાન જે ત્રણ વખત ઉદક લેપ લગાવે એટલે કે નદી આદિ પાર કરે, અન્ય માર્ગ ન હોવાથી જે સાધુ નદીને પાર કરે છે, તે સાધુ શબલ મનાય છે આ નવમો શબલ દોષ છે. એક માસ દરમિયાન જે સાધુ ત્રણ વાર માયાસ્થાને નું સેવન કરે છે, તે શબલ મનાય છે. આ દસમો શબલ દોષ છે જે ગૃહપતિ કે જે સધુને નિવસને માટે વસતિ–વસવાટ–આપે છે, તેને શય્યાતર કહે છે. તેને ત્યાંથી જે સાધુ આહાર પાણી લે છે તે સાધુ શબલ દોષને પાત્ર બને છે. આગિયારમો શબલ દોષ છે. બુદ્ધિપૂર્વક જીવહત્યા કરનાર સાધુ શબલત્વ દોષને પાત્ર થાય આ બારમો શબલ દોષ છે. બુદ્ધિપૂર્વક મૃષાવાદ ભાષણ કરનાર સાધુ શબલ દોષને પાત્ર બને છે। આ તેરમો શબલદોષ છે. ૧૩ દેવગુરૂ રાજા ગાથાપતિ એવં સાધાર્મિક જનદ્વારા નહીં અપાયેલ કોઇપણ વસ્તુ લેનાર સાધુ શબલદોષના ભાગીદાર થાય છે આ ચૌદમો શબલ દોષ છે. બુદ્ધિપૂર્વક સચિત્ત ભૂમિ પર બેસના ઉઠનાર તથા સ્વાધ્યાય કરનાર સાધુ શબલ દોષને પાત્ર બને છે. આ પંદરમો શબલ દોષ છે. એ

જ પ્રમાણે સસ્નિગ્ધ સચિત્ત ભીની જમીન પર અને સરજસ્ક-સચિત્ત ધૂળવાળી જમીન પર ઉઠનાર અને બેસનાર સાધુ શબલ દોષને પાત્ર બને છે. આ સોળમો શબલ દોષ છે. એ જ પ્રમાણે જાણી જોઇને સચિત્ત પાષાણ પર, સજીવ પીઠ ફલક આદિ પર, દ્વારની નીચે રહેલ સજીષ કાષ્ઠ પર. પૃથિવી ખંડ પર, ઘૂણવાળા કે બીજા જીવોથી યુકત કાષ્ઠ પર. અને અંડયુકત, પ્રાણિયુકત, બીજ યુકત હરિતકાય યુકત, ઝ કળ યુકત. સચિત્ત જળ યુકત, તથા કીડીઓ વાળા સ્થાનમાં, વર્ષાકાલિક જમીન પર કષ્ઠ આદિમાં ઉત્પન્ન થયેલ પંચવર્ણક નિગેદ વિશિષ્ટ અને પાણીવાળી માટી પર, અને કરોળીયાના જાળા વાળા સ્થાન પર નિવાસ કરનાર કે શય્યા કરનાર સાધુ શબલ દોષને પાત્ર બને છે, આ સત્તરમો શબલ દોષ છે. જાણી જોઇને જે સાધુ સચિત્ત મૂળ, સ્કંધ, છાલ, પલ્લવ, પાન પુષ્પ ફળ અને બીજનો તથા હરિતકાયનો ભોજનમાં ઉપયોગ કરે છે તે શબલ દોષને પાત્ર બને છે. આ અઢારમો શબલ દોષ છે. એક વર્ષ દરમિયાન દસ વાર ઉદક લેપ લગાવનાર-એટલે કે નદી આદિ ઉતરનાર સાધુ શબલ દોષને પાત્ર થાય છે. આ ઓગણીસમો શબલ દોષ છે. એ જ રીતે એક વર્ષ દરમિયાન દસ વાર માયા સ્થાનોનું સેવન કરનાર સાધુ શબલ દોષને પાત્ર બને છે. આ વીસમો શબલ દોષ છે એ જ રીતે જે સાધુ ઠંડા પાણીથી ધોયેલ હાથથી પાત્રથી, ચમચાથી, નાની વાટકી આદિથી મળેલા આહારને ખાદ્ય સ્વાદ્યરૂપ ભોજનને બુદ્ધિપૂર્વક લઇને પોતાના ઉપયોગમાં લે છે તે સાધુ પણ શબલ દોષને પાત્ર બ છે. આ એકવીસમો શબલ દોષ છે.

જે આઠમા ગુણસ્થાનવર્તી જીવની મોહનીય કર્મની સાત પ્રકૃતિયો અનંતા-નુબંધી ક્રોધ, માન, માયા, લોભ, અને મિથ્યાત્વ, સમ્યક્ મિથ્યાત્વ, અને સમ્યક્ પ્રકૃતિ-ક્ષપિત થઇ ચૂકી છે, તે જીવની મોહનીય કર્મની-ચારિત્રમોહનીય કર્મની ૨૧ એકવીસ પ્રકૃતિઓ સત્તાપર રહે છે. તે એકવીસ પ્રકૃતિયો નીચે પ્રમાણે છે અપ્રત્યાખ્યાન કષાય ક્રોધ૧, અપ્રત્યાખ્યાનકષાય માન૨, અપ્રત્યાખ્યાન કષાય માયા૩, અપ્રત્યાખ્યાન કષાય લોભ૪, પ્રત્યાખ્યાનાવરણ કષાય ક્રોધ૫, પ્રત્યાખ્યાનાવરણકષાય માન૬, પ્રત્યાખ્યાના વરણ માયા૭, પ્રત્યાખ્યન વરણ કષાય લોભ૮, સંજવલન કષાય ક્રોધ૯, સંજવલન કષાયમાન,૧૦ સંજવલન કષાય, માયા૧૧, સંજવલન કષાય લોભ૧૨, સ્ત્રી વેદ૧૩, પુંવેદ૧૪, નપુંસકવેદ૧૫,

હાસ્ય ૧૬, અરતિ ૧૭, રતિ ૧૮, ભય ૧૯, શોક ૨૦ અને જુગુપ્સા ૨૧, આ પ્રમાણે ૨૧ એકવીસ પ્રકૃતિયો થઇ. એક એક અવસર્પિણીના પાંચમા અને છઠ્ઠા આરાના કાળ ૨૧—૨ ૨ વર્ષ પ્રમાણ છે. તેમનું નામ આ પ્રમાણે છે—દુઃસમા, દુઃસમ દુઃસમા તથા એ જ પ્રમાણે એક એક ઉત્સર્પિણીના પ્રથમ અને બીજા આરાનો કાળ ૨૧—૨૧ એકવીસ એકવીસ હજાર વર્ષને કહ્યો છે. તેમના નામ આ પ્રમાણે છે—દુ સમા અને દુઃસમા દુઃસમા ॥સૂ. ૪૮॥

## ઇક્કીસવે સમવાય મેં નારકિયોં કે સ્થિત્યાદિ કા નિરૂપણ

ટીકાર્થ—**इमीसेणं इत्यादि!** આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ ૨૧ એકવીસ પલ્યોપમની કહી છે. છઠ્ઠી પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ ૨૧ એકવીસ સાગરોપમની કહી છે. અસુરકુમાર દેવોમાં પણ કેટલાક દેવોની સ્થિતિ ૨૧ એકવીસ પલ્યોપમની કહી છે. સૌધર્મ અને ઇશાન એ બે કલ્પોમાં કેટલાક દેવોની સ્થિતિ ૨૧એકવીસ પલ્યોપમની કહી છે. આરણ કલ્પમાં દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૧એકવીસ સાગરોપમની કહી છે. અચ્યુત કલ્પમાં દેવોની જઘન્ય સ્થિતિ ૨૧ એકવીસ સાગરોપમની કહી છે. જે દેવો(૧)શ્રી વત્સ, (૨) શ્રી દામકંડ, (૪) માલ્ય, (૪) કૃષ્ટ, (૫) ચાપોન્નત, અને(૬) અરણ્યાવતંસક, એ છ વિમાનોમાં દેવની પર્યાયે ઉત્પન્ન થાય છે, તેમની સ્થિતિ ૨૧ એકવીસ સાગરોપમની હોય છે. તે દેવો એકવીસ અર્ધમાસો (સાડા દસ માસ) બાદ બાહ્ય આભ્યાન્તરિક શ્વાસોચ્છવાસ ગ્રહણ કરે છે. તે દેવોને એકવીસ હજાર વર્ષ વ્યતીત થયા પછી આહાર સંજ્ઞા ઉત્પન્ન થાય છે. તેમાં કેટલાક દેવો એવા હોય છે કે જેઓ એકવીસ ભવ કરીને સિદ્ધપદ પ્રાપ્ત કરશે, આત્માના અનંત જ્ઞાનાદિક ગુણોના ભોક્તા બનશે, આ સંસારથી સર્વથા મુકત થશે. પરિનિર્વૃત થશે, અને સમસ્ત દુઃખોનો નાશ કરશે. ॥સૂ. ૪૯॥

હવે સૂત્રકાર ૨૨ બાવીસ સંખ્યાવાળા સમવાયો બતાવે છે—'बावीसं परीसहा पण्णत्ता इत्यादि !

ટીકાર્થ—બાવીસ પરીષહ કહ્યા છે, તે આ પ્રમાણે છે—(૧) દિગિંછાપરીષહ, (૨) પિપાસા પરીષહ, (૩) શીતપરીષહ, (૪) ઉષ્ણુ પરીષહ (૫) દંશમશક પરીષહ, (૬) અચેલ પરીષહ, (૭) અરતિ પરીષહ, (૮) સ્ત્રી પરીષહ, (૯) ચર્યાપરીષહ, (૧૦) નિષદ્યા પરીષહ, (૧૧) શય્યા પરીષહ (૧૨) આક્રોશ પરીષહ. (૧૩) વધ પરીષહ (૧૪) યાચના પરીષહ (૧૫) અલાભપરીષહ (૧૬) રોગ પરીષહ (૧૭) તૃણસ્પર્શ પરીષહ (૧૮) જલ્લ પરીષહ (૧૯) સત્કાર પુરસ્કાર પરીષહ (૨૦) પ્રજ્ઞા પરીષહ (૨૧) અજ્ઞાન પરીષહ (૨૨) અને દર્શન પરીષહ

અંગીકાર કરેલ ધર્મમાર્ગમાં દૃઢ રહેવાને તથા કર્મબંધનોની નિર્જરા માટે મોક્ષાભિલાષીઓને જે જે સ્થિતિ સમભાવથી સહન કરવા યોગ્ય છે. તને પરીષહ કહે છે.

(૧) ક્ષુધા (ભૂખ) થી ગમે તેવી વેદના થાય છતાં પણ અંગીકાર કરેલ મર્યાદાની વિરૂદ્ધ આહાર ન લેતાં સમભાવ પૂર્વક ક્ષુધાની વેદના સહન કરવી તેને ક્ષુધા પરીષહ કહે છે.

(૨) પિપાસા (તૃષા) ની ગમે તેવી વેદના થવા છતાં પણ અંગીકાર કરેલ મર્યાદાની વિરૂદ્ધ પાણી ન લેતાં સમભાવ પૂર્વક પિપાસાની વેદના સહન કરવી તે પિપાસા પરીષહ કહેવાય છે.

(૩) ઠંડીથી ગમે તેટલું કષ્ટ પહોંચે પણ તેના નિવારણ માટે કલ્પે નહીં તેવી વસ્તુઓનો ઉપયોગ ન કરતાં સમભાવ પૂર્વક તેનાથી થતી વેદનાને સહન કરવી તે શીત પરીષહ કહેવાય છે.

(૪) ગરમીથી ગમે તેટલું કષ્ટ પડે છતાં પણ તેના નિવારણને માટે અકલ્પ્ય સાધનો ઉપયોગમાં ન લેવી અને સમભાવ પૂર્વક તેનાથી થતી વેદના સહન કરવી તેને ઉષ્ણ પરીષહ કહે છે.

(૫) ડાંસ, મચ્છર આદિ જન્તુઓનો ઉપદ્રવ થતાં તેના નિવારણને માટે સાધનોનો ઉપયોગ ન કરવો અને તેમના વડે કરાતી વેદનાને સમભાવ પૂર્વક સહન કરવી તેને દંશમશક પરીષહ કહે છે. દંશમશક એ ચૌઇન્દ્રિય જીવ છે. ઉપલક્ષણથી જૂ, માંકડ. મકોડા માખી આદિ પણ ગ્રહણ થયેલ છે. (૬) અચૈલ એટલે વસ્ત્રનો અભાવ અથવા અલ્પવસ્ત્રતા. તેમાં જિનકલ્પિ સાધુઓને માટે વસ્ત્રાભાવ અચૈલનું વિધાન છે. પણ જે સ્થવિરકલ્પી સાધુ છે તેમની અપેક્ષાએ અલ્પમૂલ્ય વાળા. પ્રમાણોપેત એવાં જીર્ણ અપૂર્વ મલિન વસ્ત્રરૂપ અલ્પ-વસ્રતા પણ અચૈલ છે. આ અચૈલ પર હતે લજ્જા દીનતા તથા કોઇ આંકાંક્ષા વિના સહન કરવો તેને અચૈલ પરીષહ કહે છે. (૭) અંગીકાર કરેલ માર્ગમાં અનેક મુશ્કેલીઓને કારણે અરુચિ થવાનો પ્રસંગ આવે ત્યારે અરુચિ લાવ્યા વિના ધૈર્યથી અરતિને સહન કરવી તે 'અરતિપરીષહ' છે. (૮) સાધુને સ્ત્રી સંબંધી જે પરીષહ સહન કરવો પડે છે તેને 'સ્ત્રી પરીષહ' કહે છે. (૯) ગ્રામાદિકોમાં અનિયત (ખપ્ર-તિબન્ધ) વિહાર કરવામાં જે કષ્ટ પડે તેને 'ચર્યાપરીષહ કહે છે. (૧૦) પ્રયોજન વિના ગમન આદિ ન કરવું, અને એક જ સ્થાને બેસી રહેવું તે 'નિષદ્યા પરીષહ કહેવાય છે (૧૧) કઠણ કે પોચી, ઊંચી કે નીચી જેવી વસતિ અથવા શય્યા મળે તેમાં સમભાવ પૂર્વક શયન કરવુ તે શય્યા 'પરીષહ' છે. (૧૨) કોઇ પાસે આવીને કઠોર અથવા અપ્રિય વચન કહે, તો પણ તેને સત્કાર જ સમજવો તેનું નામ આક્રો-શપરીષહ છે. (૧૩) કોઇ લાકડી, મુઠી, આદિથી માર મારે તો પણ તેને સહન કરવો તે 'વધપરીષહ' કહેવાય છે. (૧૪) યાચનાને સહન કરવી તેને 'યાચનાપરીષહ' કહે છે. (૧૫) યાચના કરવા છતાં પણ ઇચ્છિત વસ્તુ ન મળે તો પ્રાપ્તિને બદલે

અપ્રાપ્તિને જ સાચુ તપ માનીને તેમાં સંતોષ માનવો, તે અલાભપરીષહ કહે છે. (૧૬) રોગ આદિ થતાં વ્યાકુળ ન થતાં તેને સમભાવ પૂર્વક સહન કરવો તે 'રોગ-પરીષહ છે. (૧૭) સંસ્તારકને અભાવે તૃણો ઉપર શયન કરવું, અને એ રીતે જે કષ્ટ સહન કરવું પડે છે તેને તૃણસ્પર્શ પરીષહ કહે છે શરીર ઉપર ભલે ગમે તેટલો મેલ લાગ્યો હોય તો પણ તેમાં દુઃખ ન માનવું અને મેલને કારણે ઉત્પન્ન થતાં પરીષહોને સારી રીતે સહન કરવા તેને 'जल्लपरीषह' કહે છે. (૧૯) ગમે તેટલો સત્કાર મળે છતાં પણ તેમાં ફૂલાવું નહીં અને ન મળે તો ખિન્ન ન થવું, તેને 'સત્કારપુરસ્કાર પરીષહ' કહે છે. એટલે કે બન્ને પ્રકારની પરિસ્થિતિમાં સમ-ભાવ રાખવો તેનું નામ 'સત્કાર પુરસ્કાર પરીષહ' છે. (૨૦) પ્રતિભાશાળી બુદ્ધિ હોવા છતાં પણ ગર્વ ન કરવો અને ન હોય તો દીનતા ન બતાવવી તેનું નામ 'પ્રજ્ઞાપરીષહ' છે. (૨૧) શ્રતનો અભ્યાસ કરવા છતાં પણ મત્યાદિ વિશિષ્ટ જ્ઞાનની પ્રાપ્તિ ન થતા દીનતા બતાવવી નહીં, તેનું નામ 'અજ્ઞાનપરીષહ છે. (૨૨) સૂક્ષ્મ અને અતીન્દ્રિય પદાર્થોનું દર્શન ન થતાં સ્વીકાર કરેલ ત્યાગ નિષ્ફળ લાગે ત્યારે વિવેકથી શ્રદ્ધા કાયમ રાખવી અને એવી સ્થિતિમાં પ્રસન્ન રહેવું તે દર્શનપરીષહ અહીં સૂત્રમાં જે દર્શન પરીષહ કહ્યો છે તેનું તાત્પર્ય આ પ્રમાણે છે-સંશય ઉત્પન્ન થતાં અથવા પરધર્મના આડંબરને જોઇને સમ્યગ્દર્શનને નિશ્ચલચિત્તથી ધારણ કરવું ચાલુ રાખવું-એટલે કે આલોક સંબંધી અને પરલોક સંબધી ફળની પ્રાપ્તિ ન થતાં, માનસિક વિકાર ન દેવો તેનું નામ 'દર્શનપરીષહ' છે. 'दृष्टिवाद' નામનું જે બાર અંગ છે તેના પરિકર્મ, સૂત્ર પૂર્વગત, પ્રથમાનુયોગ અને ચૂલિકા એ પાંચ પ્રસ્થાન છે. તેમાં જ બીજા પ્રસ્થાન રૂપ સૂત્ર છે, તેમાં દ્રવ્ય પર્યાય આદિ તત્તદર્થ (તે તે અર્થ)ની સૂચનાવાળા હોવાથી ૨૨ બાવીસ સૂત્ર જિનમતાશ્રિત સૂત્ર

પરંપરા પ્રમાણે છિન્નચ્છેદનયિક કહેવામાં આવ્યાં છે. જે નય સૂત્રને છિન્ન માને છે, તેમને છિન્નચ્છેદનય કહે છે. તે નયોની દૃષ્ટિએ એક સૂત્ર બીજા સૂત્રની સાથે સંબંધ રાખતુ નથી. જેમ કે "धम्मो मंगलमुक्किट्ठं" આ ગાથાનું વ્યાખ્યાન જ્યારે છિન્નચ્છેદનયો પ્રમાણે કરવામાં આવે ત્યારે એ વાત તેનાથી પ્રગટ થશે કે આ ગાથાનો સંબંધ કોઇ બીજી ગાથા સાથે નથી. પણ આ ગાથા સ્વતંત્ર છે એ જ રીતે એ સિવાયની અન્ય ગાથાઓ અથવા દ્વિતીય આદિ ગાથાઓ જ્યારે આ નયની અપેક્ષાએ વ્યાખ્યાન કરાય ત્યારે તેઓ પણ પોતાની વ્યાખ્યામાં પ્રથમ ગાથા સાથે સંબંધ રાખતી નથી તે વાત જાણવામાં આવશે એ જ વાત સમજવી. એટલે કે—જ્યારે સૂત્રો આ નયની અપેક્ષાએ વ્યાખ્યાન કરાય છે, ત્યારે પરસ્પરમાં નિરપેક્ષ (સંબંધ વિનાના) છે, એ જ વાત તેમને વિષે આ નયની અપેક્ષાએ સમજવી, તેથી આ નય જે સૂત્રોને લાગુ પડે તે સૂત્રોને છિન્નચ્છેદનયિક ગણવામાં આવે છે. પોતાના સિદ્ધાન્ત પ્રમાણે સૂત્રોનું વ્યાખ્યાન કરવાની જે પદ્ધતિ છે તેનું નામ સ્વસમય સૂત્ર પરિપાટી છે. જે રીતે ૨૨ બાવીસ સૂત્ર છિન્નચ્છેદ નયિક છે. એ જ રીતે આજીવિક પરિપાટી પ્રમાણે ૨૨ બાવીસ સૂત્ર અચ્છિન્નચ્છેદ નયિક છે અચ્છિન્નચ્છેદ નય એ પ્રગટ કરે છે કે એક સૂત્રનો બીજા સૂત્રો સાથે સંબંધ જે રીતે "धम्मो मंगलमुक्किट्ठं" આ ગાથાનું વ્યાખ્યાન જ્યારે આ નયની માન્યતા પ્રમાણે કરવામાં આવે ત્યારે તેમાં એ પ્રગટ કરવામાં આવશે કે આ ગાથા બીજી, ત્રીજી આદિ ગાથાની પણ અપેક્ષા રાખે છે. એજ પ્રમાણે બીજી, ત્રીજી આદિ ગાથાઓ પણ આ ગાથાની અપેક્ષા રાખે છે. સૂત્રોને પણ આ જ વાત લાગુ પડશે. અહીં આજીવક એટલે ગોશાલક સમજવાનું છે. કહેવાનું તાત્પર્ય એ છે કે ગોશાલકની માન્યતા અનુસાર સૂત્રો પરસ્પર ઇતર સૂત્રાર્થ સાપેક્ષ હોય છે એટલે કે અર્થ માટે એક બીજાની અપેક્ષા રાખે છે. ત્રૈરાશિક સૂત્રની માન્યતા અનુસાર ૨૨ બાવીસસૂત્ર દ્રવ્યાર્થિક, અને પર્યાયાર્થિક અને ઉભયાર્થિક નય વાળાં છે. ત્રરાશિક મતવાળા જીવ,અજીવ અને નોજીવ, એ રીતે ત્રણ રાશી માને છે. તેઓ રોહગુપ્તના મતને અનુસરે છે. ૨૨ બાવીસ સૂત્ર સ્વસિધ્ધાન્તાનુસાર ચાર નયો વાળાં છે. ચાર નય આ પ્રમાણે છે–સંગ્રહનય, વ્યવહાર નય, ઋજુસૂત્રનય અને શબ્દાદિનય, આ રીતે એ ચાર નય છે. નૈગમનયના સામાન્ય ગ્રાહી અને વિશેષગ્રાહીની અપેક્ષાએ બે ભેદ પડે છે. તે બન્નેમાંનો જે સામાન્ય ગ્રાહી નૈગમનય છે તેનો સંગ્રહનયમાં સમાવેશ થઇ જાય છે અને વિશેષગ્રાહી નૈગમનય નો વ્યવહાર નયમાં સમાવેશ થઈ જાય છે. તેથી અહી ચાર નયમાં નૈગમનયને સ્વતંત્ર રીતે ગ્રહણ કર્યો નથી. શબ્દ નયના શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એ ત્રણ ભેદ છે, તો તેમનો શબ્દ નયમાં સમાવેશ કરાયો છે. તેથી અહીં ૨૨ બાવીસ સૂત્ર ચાર નય

વાળાં બતાવ્યાં છે. પુદ્ગલનુ પરિણામ ૨૨ બાવીસ પ્રકારનું કહ્યું છે. તે આ પ્રમાણે છે–

[૧] કાલ કૃષ્ણવર્ણ પરિણામ, (૨) નીલવર્ણ પરિણામ, (૩) લોહિતવર્ણ પરિણામ, [૫] હારિદ્રવર્ણ પરિણામ (૫) શુકલવર્ણ પરિણામ, (૬) સુરભિગંધ પરિણામ (૭) દુરભિગંધ પરિણામ, (૮) તિકતરસ પરિણામ, (૯) કટુકરસ પરિણામ, (૧૦) અમ્લરસ પરિણામ, [૧૧] કષાય રસ પરિણામ, [૧૨] મધુરરસ પરિણામ, [૧૩] કર્કશસ્પર્શ પરિણામ, (૧૪) મૃદુક સ્પર્શ પરિણામ, (૧૫) ગુરુ સ્પર્શ પરિણામ, [૧૬] લઘુસ્પર્શ પરિણામ, (૧૭) શીત સ્પર્શ પરિણામ, (૧૮) ઉષ્ણ સ્પર્શ પરિણામ (૧૯) સ્નિગ્ધ સ્પર્શ પરિણામ, [૨૦] રુક્ષ સ્પર્શ પરિણામ, (૨૧) અગુરૂ લઘુ સ્પર્શ પરિણામ [૨૨] ગુરૂ લઘુ સ્પર્શ પરીણામ તેમાંનું ગુરૂ પરિણામ લોષ્ટમાં છે, કારણ કે તેનું ગમન નીચે થાય છે, અને લઘુ પરિણામ ધૂમાડામાં હોય છે કારણ કે તે ઉર્ધ્વગામી છે. ગુરૂલઘુ પરિણામ વાયુમાં હોય છે. કારણ કે તેનું તિર્યક–તિરકસ–ગમન થાય છે. અગુરુ લઘુ પરિણામ આકાશમાં છે કારણ કે તેનો સ્વભાવ જ એવો છે.

ભાવાર્થ:–સૂત્રકારે આ સૂત્ર દ્વારા ૨૨ બાવીસ સંખ્યાના સમવાયાંગો બતાવ્યાં છે. પરીષહ બાવીશ હોય છે. બારમું તે દૃષ્ટિવાદ અંગ છે તેના પાંચ ભેદોમાંનો સૂત્ર નામનો જે ભેદ છે તેનાં બાવીસ સૂત્ર સ્વસમય સૂત્રની પરિપાટી અનુસાર છિન્નચ્છેદ નયિક છે. બાવીશ સૂત્ર આજીવિક મતાનુસાર અચ્છિન્નચ્છેદ નયિક છે. ત્રૈરાશિક મતાનુસાર બાવીશ સૂત્ર નયત્રિક વાળાં છે. અને બાવીસ સૂત્ર ચાર નયોવાળાં છે. બાવીસ પ્રકારનું પૌદ્ગલિક પરિણામ છે. ॥સૂ. ૫૦॥

## બાઈસવે સમવાયમેં નારકિયોં કે સ્થિત્યાદિ કા નિરૂપણ

ટીકાર્થ–**इमीसेणं इत्यादि** ! આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ ૨૨ બાવીસ પલ્યોપમની કહી છે. છઠ્ઠી પૃથ્વીમાં નારકીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ બાવીસ સાગરોપમની કહી છે. નીચે સાતમી પૃથ્વીમાં કેટલાક નારકીઓની જઘન્ય સ્થિતિ બાવીસ સાગરોપમ કાળની કહી છે. અસુરકુમાર દેવોમાં કેટલાક દેવોની સ્થિતિ બાવીસ પલ્યોપમની છે. સૌધર્મ અને ઈશાન એ બે કલ્પોમાં કેટલાક દેવોની સ્થિતિ બાવીસ પલ્યોપમની કહી છે. અચ્યુત કલ્પમાં દેવોની સ્થિતિ બાવીસ સાગરોપમની

કહી છે. નીચે નીચેના ગ્રૈવેયકવાસી દેવોની જઘન્ય સ્થિતિ બાવીસ સાગરોપમની કહી છે જે દેવો (૧) મહિત, (૨) વિશ્રુત, (૩) વિમલ (૪) પ્રભાસ,(૫) વનમાલ અને (૬) અચ્યુતાવતંસક, એ છ વિમાનોમાં દેવની પર્યાયે ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૨ બાવીસ સાગરોપમની કહી છે તે દેવો બાવીસ અર્ધમાસ અગિયાર માસ બાહ્ય–બાહ્ય આભ્યન્તરિક શ્વાસોચ્છવાસ લે છે. તે દેવોને બાવીસ હજાર વર્ષો. વ્યતીત થયા પછી આહાર સંજ્ઞા ઉત્પન્ન થાય છે. તે દેવોમાં કેટલાક દેવો એવા હોય છે કે જે ભવસિદ્ધિક હોય છે તેઓ બાવીસ ભવ કર્યા પછી સિદ્ધ ગતિ પામશે, બુદ્ધ થશે, સંસારથી મુકત થશે, પરિનિર્વૃત થશે, અને સમસ્ત દુઃખોનો નાશ કરશે. ॥સૂ. ૫૧॥

## તેઈસવે સમવાયમેં સૂત્રકૃત્રાંગ કેઅધ્યયનાદિકા નિરૂપણ

હવે સૂત્રકાર ૨૩ તેવીસ સંખ્યાવાળાં સમવાયો બતાવે છે–तेवीसं सुयगडज्झयणा इत्यादि !

ટીકાર્થ–સૂત્રકૃતાંગના ૨૩ તેવીસ અધ્યયનો છે. તેમનાં નામ આ પ્રમાણે છે–પહેલા શ્રુતસ્કન્ધના સોળ અધ્યયન નીચે પ્રમાણે છે—(૧) સમય, (૨) વૈતાલિક, (૩) ઉપસર્ગ-પરિજ્ઞા. (૪) સ્ત્રી પરિજ્ઞા, (૪) નરકવિભકિત, (૬) મહાવીર સ્તુતિ, (૭) કુશીલ પરિભાષિત, (૮) વીર્ય, (૯) ધર્મ, (૧૦) સમાધિ, (૧૧) માર્ગ, (૧૨) સમવસરણ,(૧૩) યાથાતથ્ય, (૧૪) ગ્રન્થ, (૧૫) યમક અને (૧૬) ગાથા. બીજા શ્રુતસ્કંધના સાત અધ્યયન આ પ્રમાણે છે—(૧) પુંડરિક, ક્રિય સ્થાન (૩) આહારપરિજ્ઞા. (૪) અપ્રત્યાખ્યાન ક્રિયા, (૫) અનગાર શ્રુત, (૬) આર્દ્રીય, અને (૭) નાલંદીય. આ રીતે બન્ને શ્રુતસ્કંધના મળીને ૨૩ તેવીસ અધ્યયન છે. જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભારતવર્ષમાં અવસર્પિણી કાળમાં ૨૩ તેવીસ તીર્થંકર ભગવાનોને સૂર્યોદયને સમયે કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન થયાં હતાં. જંબૂદ્વીપ નામના દ્વીપમાં આ અવસર્પિણી કાળમાં ૨૩ તેવીસ તીર્થંકર પૂર્વભવના ૧૧ અગીયાર અંગના પાઠી હતા. તેમનાં નામ આ પ્રમાણે છે—(૧) અજિતનાથજી, (૨) સંભવનાથજી, ૩ અભિનંદનજી, (૪)સુમતિનાથજી એમ પાર્શ્વનાથજી અને વર્દ્ધમાન સ્વામી સુધીના તીર્થંકરો. ઋષભનાથ પ્રભુ કૌશલ દેશના હતા અને તેઓ ચૌદ પૂર્વના પાઠી હતા. જંબૂદ્વીપ નામના દ્વીપમાં આ અવસર્પિણી

કાળમાં તેવીસ તીર્થંકર પૂર્વભવમાં માંડલિક રાજા હતા. તેમના નામ આ પ્રમાણે છે- અજીત, સંભવ અભિનંદન એમ છેલ્લા તીર્થંકર મહાવીર સ્વામી સુધીના તીર્થંકરો ઋષભ અર્હંત પૂર્વભવના ચક્રવર્તી હતા. ।।સૂ ૫૨।।

## તેઈસવેં સમવાયમેં નારકિયોં કે સ્થિત્યાદિ કા નિરૂપણ

ટીકાર્થ—**इमीसेणं इत्यादि !** આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ ૨૩ તેવીસ પલ્યોપમની કહી છે. નીચે સાતમી પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ ૨૩ તેવીસ સાગરોપમની કહી છે. અસુરકુમાર દેવોમાં કેટલાક દવોની સ્થિતિ ૨૩ તેવીસ પલ્યોપમની કહી છે. સૌધર્મ અને ઇશાન કલ્પોમાં કેટલાક દવોની સ્થિતિ ૨૩ તેવીસ પલ્યોપમની કહી છે. અધસ્તન મધ્યમ નામના બીજા ગ્રૈવેયક વાસી દેવોની જઘન્ય સ્થિતિ ૨૩ તેવીસ સાગરોપમની છે. જે દેવો અધસ્તન અધસ્તન નામના ગ્રૈવેયક વિમાનમાં દેવની પર્યાયે ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૩ તેવીસ સાગરોપમની કહી છે, તે દેવો તેવીસ અર્ધમાસો-સાડા અગિયાર મહિના-બાદ બાહ્ય આભ્યન્તરિક. શ્વાસોચ્છવાસ ગ્રહણ કરે છે. તે દેવોને તેવીસ હજાર વર્ષ વ્યતીત થાય ત્યારે આહાર સંજ્ઞા ઉત્પન્ન થાય છે. તેઓમાંથી કેટલાક દેવો એવા હોય છે કે જે ભવસિદ્ધિક હોય છે. તેઓ તેવીસ ભવ કર્યા પછી સિદ્ધપદ પામશે,
આત્મિક જ્ઞાનાદિક ગુણોના જ્ઞાતા થશે, આ સંસારથી મુક્ત થશે, પરિનિવૃત થઇ જશે અને સમસ્ત દુઃખોના નાશ કરશે ।।સૂ, ૫૩।।

## ચોવ્વીસવે સમવાય મેં ચોઇસ તીર્થકરો કા નિરૂપણ

હવે સૂત્રકાર ચોવીસ સંખ્યાવાળાં સમવાયો બતાવે છે—**चउवीसं देवाहिदेवा'! इत्यादि !**

ટીકાર્થ-ચોવીસ દેવાધિદેવ તીર્થંકર પ્રભુ છે. ઇન્દ્ર આદિ દેવોમાં જેઓ વંદનીય હોવાથી શ્રેષ્ઠ મનાય છે તેમને દેવાધિદેવ કહે છે. તેમનાં નામો નીચે પ્રમાણે છે-

(૧) ઋષભ, (૨) અજિત, (૩) સંભવ, (૪) અભિનંદન, (૫) સુમતિ, (૬) પદ્મપ્રભ (૭) સુપાર્શ્વ, (૮) ચંદ્રપ્રભ, (૯) સુવિધિ, (૧૦) શીતલ, (૧૧) શ્રેયાંસ, (૧૨) વાસુપૂજ્ય, (૧૩) વિમલ. (૧૪) અનંત, (૧૫) ધર્મ, (૧૬) શાંતિ (૧૭) કુન્થુ, (૧૮) અર, (૧૯) મલ્લી, (૨૦) મુનિસુવ્રત, (૨૧) નમિ, (૨૨) નેમી, (૨૩) પાર્શ્વ અને (૨૪) વર્દ્ધમાન.

ક્ષુલ્લ હિમવંત અને શિખરી એ બે વર્ષધર પર્વતોની જીવાઓ-પ્રત્યંચાઓ જંબૂદ્વીપ રૂપ વૃતક્ષેત્રની મધ્યમાં વર્ષ અને વર્ષધરોની સમાન સીમાઓ–જે દોરી ચડાવેલા ધનુષ્યની પ્રત્યંચા જેવી છે–તેથી જીવા એવું જેનું નામ પડયું છે–તે લંબાઇમાં ૨૪૯૩૨ ચોવીસ હજાર નવસો બત્રીસ યોજન અને એક યોજન અને એક યોજનના આડત્રીસમાં ભાગથી સહેજ વધારે છે. એટલે કે બે પર્વતોની પ્રત્યેક જીવાનું તે પૂર્વોકત પ્રમાણ છે. ચમરેન્દ્ર આદિક દેવોથી અધિષ્ઠિત દેવસ્થાનો ૨૪ ચોવીસ કહ્યાં છે–એટલે કે ભવન પતિયોનાં દસ, વ્યન્તરોનાં આઠ, જયોતિષ્કોનાં પાંચ અને વૈમાનિક દેવોનું એક, એમ કુલ ૨૪ ચોવીસ સ્થાનો છે. કલ્પવાસી દેવોનાં સ્થાનની ઉપર બાજુ જેટલાં સ્થાનો છે. તેમાં ઈન્દ્રો જ રહે છે. કોઇ એવું રહેતું નથી કે જેની ઉપર બીજો કોઇ ઈન્દ્ર હોય એટલે કે ત્યાં સ્વામી સેવક જેવું હોતું નથી-બધા ઇન્દ્રો જ રહે છે. ત્યાં કોઇ પુરોહિત પણ નથી, કારણ કે તે સ્થાન સર્વદા ઉપદ્રવોથી રહિત હોય છે. ઉત્તરાયણગત સૂર્ય કર્કસંક્રાન્તિને દિવસે ૨૪ ચોવીસ અંગુલ પ્રમાણ પૌરુષી છાયા કરીને મંડલાન્તરમાં પ્રવેશ કરી જાય છે ગંગા અને સિંધુ, એ બે નદીઓનાં નિર્ગમ સ્થાનનો વિસ્તાર ૨૪ ચોવીસ કોશથી થોડો વધારે કહેલ છે. અહીં 'પ્રવાહ' શબ્દથી નિર્ગમ સ્થાન ગ્રહણ કરાયું છે. એ જ રીતે રકતા અને રકતવતી, એ બે નદીઓનાં નિર્ગમ સ્થાનનો વિસ્તાર પણ ૨૪ ચોવીસ કોશથી વધારે કહ્યા છે. ાસૂ. ૫૪ા

ટીકાર્થ—**इमीसेणं इत्यादि !** આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ ૨૪ ચોવીસ પલ્યોપમની કહી છે. નીચે સાતમી પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ ૨૪ ચોવીસ સાગરોપમની કહી છે. અસુરકુમાર દેવોમાં કેટલાક દેવોની સ્થિતિ ૨૪ ચોવીસ પલ્યોપમની કહી છે. સૌધર્મ અને ઇશાન કલ્પોમ કેટલાક દેવોની સ્થિતિ ૨૪ ચોવીસ પલ્યોપમની કહી છે અધસ્તન ઉપરિતન નામના ત્રીજા ગ્રૈવેયકવ સી દેવોની જઘન્ય સ્થિતિ ૨૪ ચોવીસ સાગરોપમની કહી છે જે દેવો અધસ્તન મધ્યમ ગ્રૈવેયક વિમાનમાં દેવની પર્યાયે ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ સાગરો-પમની કહી છે. તે દેવો ૨૪ ચોવીસ અર્ધ માસો બાદ બાહ્ય આભ્યન્તરિક શ્વાસોચ્છવાસ ગ્રહણ કરે છે. તે દેવોને ૨૪ ચોવીસ હજાર વર્ષ વ્યતીત થયા પછી આહાર સંજ્ઞા ઉત્પન્ન થાય છે. તેઓમાંના કેટલાક દેવો એવા પણ હોય છે કે જે ભવસિદ્ધિક હોય છે. તેઓ ૨૪ ચોવીસ ભવ કર્યા પછી સિદ્ધ પદ પામશે, જ્ઞાનાદિક ગુણોના ભોકતા થશે, આ સંસારથી છૂટી જશે, પરિનિર્વૃત થશે, અને સમસ્ત દુઃખોનો નાશ કરી નાખશે, ।।સૂ ૫૫।।

## પચ્ચીસવે સમવાયમેં પાંચ મહાવ્રત કી પચીસ ભાવના આદિ કા નિરૂપણ

હવે સૂત્રકાર ૨૫ પચીસ સંખ્યાવાળાં સમવાયો બતાવે છે. **“पुरिमपच्छिमगाणं” इत्यादि !**

ટીકાર્થ—પહેલાના અને પછીના તીર્થંકરોના સમયમાં પાંચ મહાવ્રતોની પચીસ ભાવનાઓ કહી છે. પ્રાણાતિપાતાદિ વિરમણ રૂપ પાંચ મહાવ્રતોના પાલનને માટે જેનો

વિચાર કરવામાં આવે છે અથવા જેનું ચિન્તવન કરવાથી આત્મા ગુણોથી યુકત બને છે અથવા મુમુક્ષુ (મોક્ષાભિલાષી) લોકો કર્મમળના પ્રક્ષાલનને માટે જેનો અભ્યાસ કરે છે, તેનું નામ ભાવનાઓ છે. પ્રત્યેક મહાવ્રતની એવી પાચ, પાંચ ભાવના હોવાથી કુલ પચીશ ભાવના બતાવી છે. તે આ પ્રમાણે છે—ઇર્યાસમિતિ, મનોગુપ્તિ, વચન ગુપ્તિ, પ્રકાશયુકત પાત્રમાં ભોજન કરવું અને વસ્ત્રાદિ ઉપકરણ રૂપ ભાંડ અને અમત્ર પાત્રો–ને ઉપાડવા તથા મૂકવામાં યતના રાખવી, એ પાંચ પ્રાણાતિપાત વિરમણ નામના પહેલા મહાવ્રતની ભાવનાઓ છે. આગળ પાછળનો વિચાર કરીને બોલવું, ક્રોધનો ત્યાગ કરવો, લોભનો ત્યાગ કરવો, ભયનો ત્યાગ કરવો અને હાસ્યનો ત્યાગ કરવો, એ પાંચ બીજા મહાવ્રતની ભાવનાઓ છે. અવગ્રહ સીમા જ્ઞાન—આટલી ભૂમિમા રહેલ તૃણકાષ્ઠાદિ લેવું સ્વયમેવ અવગ્રહ યાચન—પોતે જ આજ્ઞા લેવી સાધર્મિકની પાસેથી અવગ્રહ યાચન, અનુજ્ઞાપિત પાન ભોજન–સૂત્રવિધિ યુકત આહાર પાણી લાવીને તેનો ઉપભોગ કરવો, એટલે કે—આલોચના પૂર્વક ગુરૂને કહીને તથા અન્ય સાધુઓને નિમંત્રિત કરીને આહાર પાણી કરવા, એ પાંચ ત્રીજા મહાવ્રતની ભાવનાઓ છે.

(૧) સ્ત્રી, પશુ અને નપુંસક દ્વારા સેવિત શય્યા આદિનું વર્જન, (૨) રાગ પૂર્વક સ્ત્રી કથાનો ત્યાગ (૩) સ્ત્રીઓનાં મનોહર અંગોને રાગ પૂર્વક જોવાનો ત્યાગ (૪) પૂર્વે કરેલ રતિવિલાસના સ્મરણનો ત્યાગ (૫) અને પ્રણીત આહારનો પરિત્યાગ એ પાંચ ચોથા મહાવ્રતની ભાવનાઓ છે (૧) શ્રોત્રેન્દ્રિયના વિષયમાં રાગનો પરિત્યાગ કરવો, (૨) ચક્ષુ ઇન્દ્રિયના વિષયમાં રાગનો પરિત્યાગ કરવો,[૩]ઘ્રાણેન્દ્રિયના વિષયમાં રાગનો પરિત્યાગ કરવો. (૪) સ્પર્શેન્દ્રિયના વિષયમાં રાગનો પરિત્યાગ કરવો અને (૫) જીહ્વા ઈન્દ્રિયના વિષયમાં રાગનો પરિત્યાગ કરવો, એ પાંચ પાંચમાં મહાવ્રતની ભાવનાઓ છે. મલ્લીનાથ અર્હંત પચીશ ધનુષ પ્રમાણ ઊંચા હતા. સમસ્ત દીર્ઘવૈતાઢય પર્વત ૨૫ પચીસ યોજન ઊંચો છે. ૨૫–૨૫ પચીસ–પચીસ કોશ ભૂમિગત મૂળની અપેક્ષાએ કહેલ છે. બીજી ભૂમિમાં પચીસ લાખ નરકાવાસ કહેલ છે. ચૂલિકા

સહિત આચારાંગના ૨૫ પચીસ અધ્યયન કહ્યાં છે. તે આ પ્રમાણે છે—(૧) શસ્ત્ર-પરિજ્ઞા (૨) લોક વિજય, (૩) શીતોષ્ણીય, (૪) સમ્યકત્વ, (૫) આવન્તી-લોકસાર, (૬) ધૂત, (૭) વિમોહ, (૮) ઉપધાન શ્રુત,(૯)મહાપરિજ્ઞા, (૧૦) પિંડૈષણા,(૧૧)શય્યા (૧૨) ઇર્યા (૧૩) ભાષાધ્યયન,(૧૪)વસ્ત્રૈષણા,(૧૫) પાત્રૈષણા,(૧૬) અવગ્રહ પ્રતિમા (૧૭ થી ૨૩) સપ્તૈકક નામના સાત અધ્યયન (૨૪) ભાવના અને(૨૫) વિમુકિત.

મિથ્યાદૃષ્ટિ વિકલેન્દ્રિય, અપર્યાપ્તક, સંકિલષ્ટ પરિણામી જીવ નામકર્મની ૨૫ પચીસ ઉત્તર પ્રકૃતિયોનો બંધ બાંધે છે, તે પ્રકૃતિયો આ પ્રમાણે છે. (૧) તિર્યગ્ ગતિ નામ કર્મ, (૨) વિકલેન્દ્રિય જાતિ નામ કર્મ, (૩) ઔદારિક-શરીર નામકર્મ, (૪) તૈજસ શરીર નામ કર્મ, (૫) કાર્મણ શરીર નામ કર્મ, (૬) હુંડક સંસ્થાન નામ-કર્મ, (૭) ઔદારિક શરીરાંગોપાંગ નામકર્મ (૮) સેવાર્ત સંહનન નામકર્મ, (૯) વર્ણ નામકર્મ, (૧૦) ગંધ નામકર્મ, (૧૧) રસ-નામકર્મ, (૧૨) સ્પર્શ નામકર્મ (૧૩) તિર્યગાનુપૂર્વી નામકર્મ, (૧૪) અગુરુલઘુનામકર્મ, (૧૫) ઉપઘાતન મ-કર્મ, (૧૬) ત્રસ નામકર્મ, (૧૭) બાદર નામકર્મ,(૧૮) અપર્યાપ્તક નામકર્મ, (૧૯) પ્રત્યેકશરીરનામકર્મ, (૨૦) અસ્થિર નામકર્મ, (૨૧)અશુભ નામકર્મ, (૨૨) દુર્ભગ નામકર્મ, [૨૩] અનાદેય નામકર્મ, (૨૪) અયશઃ કીર્તિ નામકર્મ અને ૨૫ નિર્માણ નામકર્મ. ગંગા અને સિન્ધુ, એ બન્ને નદીઓ પદ્મ સરોવરમાંથી નીકળે છે. તેમનો પ્રવાહ પચ્ચીશ કોશ સુધી વિસ્તૃત છે. પૂર્વ દિશામાંથી ગંગા અને પશ્ચિમ દિશા-માંથી સિંધુ નદી નીકળે છે. એટલે કે ક્ષેત્રનો વિભાગ કરનારા જે છ પર્વતો છે તે પૂર્વથી પશ્ચિમ સુધી લાંબા છે. હિમવાન પર્વતના પૂર્વ ભાગમાંથી ગંગા નદી અને પશ્ચિમ ભાગમાથી સિંધુ નદી નીકળે છે. તે બન્ને નદીઓ પાંચ સો પાંચ સો યોજન એ પર્વત પર વહે છે. પછી દક્ષિણ દિશામાં વહીને એ બન્ને નદીઓના પ્રવાહ સો યોજનની ઊંચાઇ વાળા હિમવાન પર્વત ઉપરથી પ્રપાત (ધોધ) રૂપે હૃદ (સરોવર) માં પડે છે. તે પ્રવાહો ઘડાકાના જેવાં મુખવાળાં અને ૨૫ પચીસ કોશ સુધી વિસ્તૃત જીભવાળા મગરના મુખાકાર પ્રણાલથી પ્રવૃત્ત હોય છે અને જેનો આકાર મોતીના હાર જેવો છે. એ જ પ્રમાણે રકત અને રકતવતી એ બન્ને નદીઓના

વિષયમાં પણ સમજવું તે બન્ને નદીઓ શિખરી પર્વતના પૂર્વ પશ્ચિમ ભાગોમાંથી નીકળે છે. લોક બિન્દુસાર નામના પૂર્વના અધ્યયન કહ્યાં છે,

ભાવાર્થ—આ સૂત્રદ્વારા સૂત્રકારે પચીશ સંખ્યાવાળાં સમવાયાંગો બતાવ્યાં છે. પ્રત્યેક મહાવ્રતની પાંચ, પાંચ, ભાવનાઓ ગણતા પાંચ મહાવ્રતોની કુલ ૨૫ પચીસ ભાવનાઓ થાય છે. તેનું તાત્પર્ય ટૂંકાણમાં આ પ્રમાણે છે—કોઈને પણ કલેશ ન પહોંચે તે રીતે ધ્યાન રાખીને ચાલવું તેનું નામ 'ईर्यासमिति' છે. મનને અશુભ ધ્યાનથી બચાવીને શુભધ્યાનમાં પરોવવું તેનું નામ 'मनोगुप्ति' છે. નિર્દોષ આહાર પાણી લેવાં અને લીધા પછી પણ અવલોકન કરીને પ્રકાશયુક્ત પાત્રમાં આહાર પાણી કરવાં તેનું નામ **आलोकितपानभोजन** છે. વસ્તુને લેતી વખતે અને મૂકતી વખતે અવલોકન અથવા પ્રમાર્જન આદિ દ્વારા યતના પૂર્વક લેવી મૂકવી તેનું નામ **आदानभांडामत्रनिक्षेपणसमिति** છે, આ પાંચ ભાવનાઓ પહેલા મહાવ્રતની છે. બીજા સત્ય મહાવ્રતની ભાવનાઓનું તાત્પર્ય આ પ્રમાણે છે. (૧) વિચાર પૂર્વક બોલવું તેનું નામ **अनुवीचि भाषण** છે. ક્રોધ, લોભ, ભય, અને હાસ્યનો ત્યાગ કરવો તે ક્રોધ વિવેક, લોભ વિવેક, ભય વિવેક અને હાસ્ય વિવેક છે. ત્રીજા મહાવ્રતની ભાવનાઓનું તાત્પર્ય પોતાના ઉપયોગને માટે જરૂરી તૃણ કાષ્ઠ આદિ પદાર્થો તેના માલિકની આજ્ઞા લઈને લેવાં તે 'અવગ્રહાનુજ્ઞાપનતા' કહેવાય છે, વસ્તુના માલિક પાસેથી વસ્તુની યાચના કરતી વખતે જ અવગ્રહોનું પરિણામ પમાણ નકકી કરી લેવું કે હું આટલી જગ્યામાં જ રહેલ તૃણ કાષ્ઠ આદિ લઈશ, તે ભાવનાને '**अवग्रह सीमाज्ञान**' કહે છે. આવશ્યક વસ્તુની પોતે જ વસ્તુના માલિક પાસે યાચના કરવી બીજા પાસે ન કરાવવી તે ભાવનાને '**स्वयमेव अवग्रहयाचन**' કહે છે. પોતે દાતા પાસે યાચના ન કરતાં બીજા પાસે યાચના કરાવીને વસ્તુ લેવાથી અદત્તાદાન દોષ લાગે છે, તથા વિરોધ, કલેશ આદિ દોષોની પણ શકયતા રહે છે. પહેલાં કોઇ બીજા સાધુને માટે સાધર્મી પાસેથી વસ્ત્ર પાત્ર આદિ લીધાં હોય અને તે સાધનોને પોતાના ઉપયોગમાં લેવાનો પ્રસંગ આવી પડે તો તે સાધર્મીની પાસે જ તેની યાચના કરવી તેને સાધર્મીની પાસે અવગ્રહ યાચન કર્યું કહેવાય. વિધિ પૂર્વક આહાર પાણી આદિ લાવ્યા પછી ગુરુને બતાવીને તથા તેમની આજ્ઞા મેળવીને જ તેને પોતાના ઉપયોગમાં લેવા અને બીજા સાધુઓની સાથે બેસીને તેનો પરિભોગ કરવો તેને **अनुज्ञापितपानभोजन** કહે છે. આ પાંચ ભાવનાઓ અચૌર્ય મહાવ્રતની છે. ચોથા મહાવ્રતની ભાવનાઓનો અર્થ સૂત્રની ટીકામાં જ આપી દીધો છે.

એ જ પ્રમાણે પાંચમાં મહાવ્રતની પાંચ ભાવનાઓનો અર્થ પણ સૂત્રની ટીકાના અર્થમાં આપી દીધો છે. હવે નામકર્મની જે પચીશ ઉત્તર પ્રકૃતિયો છે કે જેને અપર્યાપ્ત અવસ્થાવાળા સંકિલષ્ટ પરિણામના ધારક વિકલેન્દ્રિય-મિથ્યાદષ્ટિ જીવ બાંધે છે, તેમનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે,--[૧] જીવને તિર્યંચગતિમાં ઉત્પન્ન કરાવનાર કર્મ તિર્યંગગતિ નામકર્મ છે.(૨)દ્વીન્દ્રિયથી ચૌઈન્દ્રિય સુધીના જીવોને વિકલેદ્રિય જીવો કહે છે. તેમાં જન્મ કરવનાર કર્મને વિકલેન્દ્રિય જાતિનામકર્મ કહે છે. (૩) ઔદારિક શરીર નામ કર્મના ઉદયથી ઔદારિક શરીરની રચના થાય છે. [૪] તૈજસ નામકર્મના ઉદયથી તૈજસ શરીરની રચના થાય છે.(૫)કાર્મણ શરીર નામકર્મના ઉદયથી કાર્મણશરીરની રચના થાય છે (૬) હુંડક સંસ્થાન નામકર્મના ઉદયથી શરીરનાં અવયવો અસંપૂર્ણ અને વિકૃત બને છે. [૭સાત થી ૮આઠ] જેમાં મર્કટબંધ, વેષ્ટન અને કીલકથી રહિત હાડકાં હોય છે તેને સેવાર્ત્ત સંહનન કહે છે. આ સંહનન સેવાર્ત્ત સંહનન નામકર્મના ઉદયથી પ્રાપ્ત થાય છે. (૯) જે કર્મના ઉદયથી શરીરનાં શુકલ આદિ વર્ણ ઉત્પન્ન થાય છે તે કર્મને વર્ણનામ કર્મ કહે છે. (૧૦) જે કર્મના ઉદયથી શરીરમાં ગંધનું નિર્માણ થાય છે તે કર્મને ગંધનામકર્મ કહે છે. (૧૧) એ જ રીતે રસના હેતુ ભૂત કર્મને રસનામકર્મ કહે છે, ૨(૧૨) સ્પર્શના હેતુભૂત કર્મને સ્પર્શ નામકર્મ કહે છે [૧૩) વિગ્રહ ગતિમાં જેના ઉદયથી તિર્યંચનો આકાર રહે તે કર્મોને તિર્યગૂગત્યાનુપૂર્વી કહે છે. (૧૪) જેના ઉદયથી શરીર ગુરુ અથવા લઘુ પરિણામ પ્રાપ્ત ન કરતાં અગુરુ લઘુરૂપે પરિણમે છે, તે કર્મને અગુરુ લઘુનામ કર્મ કહે છે. (૧૫) જે કર્મના ઉદયથી પોતાનું મૃત્યુ કરાવનાર રસોળી આદિ ઉપઘાત કારી અવયવોની પ્રાપ્તિ થાય તે કર્મને ઉપઘાત નામ કર્મ કહે છે. (૧૬) જે કર્મના ઉદયથી સ્વતંત્ર રીતે ગમન કરવાની શકિત પ્રાપ્ત થાય, તે કર્મને ત્રસ નામ કર્મ કહે છે (૧૭) જે કર્મના ઉદયથી જીવોને ચર્મચક્ષુ ગોચર બાદર શરીરની પ્રાપ્તિ થાય, તે કર્મને બાદર શરીર નામકર્મ કહે છે. (૧૮) જે કર્મના ઉદયથી જીવની પોતાની યોગ્ય પર્યાપ્તિયો પૂર્ણ ન થાય તે કર્મને અપર્યાપ્ત નામકર્મ કહે છે. (૧૯) જેના ઉદયથી જીવને ભિન્ન ભિન્ન શરીરની પ્રાપ્તિ થાય, તેકર્મને પ્રત્યેક શરીર નામ કર્મ કહે છે. [૨૦] જેના ઉદયથી જિહ્વા આદિ અસ્થિર અવયવ પ્રાપ્ત થાય છે તે કર્મને અસ્થિર નામ કર્મ કહે છે. [૨૧] જેના ઉદયથી નાભિની નીચેનાં અવયવો અપ્રશસ્ત હોય તે કર્મને અશુભ નામ કર્મ કહે છે. (૨૨) જેના ઉદયથી ઉપકાર કરવા છતાં પણ સૌને પ્રિય થવાય નહીં, તે કર્મને દુર્ભગ નામ કર્મ કહે છે. (૨૩) જેના ઉદયથી જગતમાં માનની પ્રાપ્તિ

ન થાય તે, કર્મને અનાદેય નામ કર્મ કહે છે. [૨૪] જેના ઉદયથી જીવને યશ કે કીર્તિ પ્રાપ્ત ન થાય, તે કર્મને અયશઃકીર્તિ નામકર્મ કહે છે. (૨૫) જેના ઉદયથી શરીરના અંગ ઉપાંગોની યોગ્ય સ્થાનમાં યોગ્ય વ્યવસ્થા ન હોય તે કર્મને નિર્માણ નામકર્મ કહે છે. મિથ્યાદૃષ્ટિ જ તિર્યગ્ગતિ આદિ રૂપ આ પચીશ પ્રકૃતિયોનો બંધ બાંધે છે, કારણ કે તેમના બંધનું કારણ મિથ્યાત્વ હોય છે. સમ્યગ્દૃષ્ટિ જીવ તેમનો બંધ બાંધતો નથી. એ વાતને દર્શાવવાને માટે જ સૂત્રમાં મિથ્યાદૃષ્ટિ પદ મૂકયું છે, વિકલેન્દ્રિય પર્યાપ્તક મિથ્યાદૃષ્ટિ જીવ આ પચીસ પ્રકૃતિયો સિવાય બીજી કર્મ પ્રકૃતિયોનો બંધ પણ બાંધે છે. પણ જે વિકલેન્દ્રિય અપર્યાપ્તક મિથ્યાદૃષ્ટિ જીવ હોય છે એ જ આ અપ્રશસ્ત પચીસ કર્મ પ્રકૃત્તિઓનો બંધ બાંધે છે. એ વાત સમજાવવાને માટે સૂત્રમાં અપર્યાપ્તક શબ્દનો ઉપયોગ કર્યો છે. મિથ્યાદૃષ્ટિ હોય પણ જો તે જીવ સંકિલષ્ટ પરિણામવાળો ન હોય તો તે તિર્યગ્ ગતિ આદિ રૂપ પચીશ પ્રકૃતિયોનો બંધ બંધાતો નથી. ફકત સંકિલષ્ટ પરિણામ વાળો મિથ્યાદૃષ્ટિ જીવ જ તેનો બંધ બાંધે છે. આ વાત સમજાવવાને માટે સંકિલષ્ટ પરિણામ વિશેષણનો ઉપયોગ થયો છે. તેનું તાત્પર્ય એ છે કે સંકિલષ્ટ પરિણામ વાળો વિકલેન્દ્રિય મિથ્યાદૃષ્ટિ જીવ અપર્યાપ્ત અવસ્થામાં પણ દ્વીન્દ્રિય આદિ અપર્યાપ્ત અવસ્થાને પાત્ર કર્મપ્રકૃતીયોનો બંધ બાંધે છે. બાકીનાં પદોનો ભાવાર્થ સ્પષ્ટ છે. ॥સૂ ૫૬॥

## પચ્ચીસવે સમવાયમેં નારકિયોં કે સ્થિત્યાદિ કા નિરૂપણ

ટીકાર્થ—इमीसेणं इत्यादि ! આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ ૨૫ પચીસ પલ્યોપમની કહી છે. સાતમી પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ ૨૫

પચીસ સાગરોપમની કહી છે અસુરકુમાર દેવોમાં કેટલાક દેવોની સ્થિતિ પચીશ પલ્યોપમની કહી છે. સૌધર્મ અને ઇશાન, એ બે કલ્પોમાં કેટલાક દેવોની સ્થિતિ પચીશ પલ્યોપની કહી છે. મધ્યમ અધસ્તન ગ્રૈવેયકવાસી દેવોની જઘન્ય સ્થિતિ પચીશ સાગરોપમની કહી છે. જે દેવો અધસ્તન ઉપરિમ ગ્રૈવેયક વિમાનોમાં દેવની પર્યાયે ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ પચીશ સાગરોપમની હોય છે. તે દેવો પચીશ અર્ધમાસો બાદ ૧૨ાા સાડાબાર મહિને બાહ્ય આભ્યન્તરિક શ્વાસોચ્છવાસ લે છે. તે દેવોમાં કેટલાક દેવો એવા પણ છે કે જે પચીશ ભવ ધારણ કર્યા પછી સિદ્ધ ગતિ પામશે, બુદ્ધ થશે, આ સંસારથી સર્વથા મુકત થશે, પરિનિર્વૃત બનશે અને સમસ્ત દુઃખોનો અન્ત કરી નાખશે. ાસૂ. ૫૭ા

## છબ્બીસવે સમવાયમેં દશાશ્રુતાદિ કે અધ્યયનાદિકા નિરૂપણ

હવે સૂત્રકાર ૨૬ છવ્વીશ સંખ્યાવાળાં સમવાયોનુ વર્ણન કરે છે—

ટીકાર્થ—'छव्वीसं' इत्यादि ! દશાશ્રુતસ્કંધ, બૃહત્કલ્પસૂત્ર અને વ્યવહારશ્રુતના ઉદ્દેશન કાલ—અધ્યયનોનું પ્રતિપાદન કરવાના સમય—છવ્વીશ બતાવ્યા છે. તે આ પ્રમાણે છે-દશાશ્રુતસ્કંધના ૧૦ દસ બૃહત્કલ્પના છ૬, અને વ્યવહાર સૂત્રના ૧૦ દસ કોઈ પણ ભવે સિદ્ધગતિ પ્રાપ્ત કરવાને અસમર્થ જીવોની મોહનીય કર્મની ૨૬ છવ્વીસ પ્રકૃતિયો સત્તામાં રહેલ બતાવી છે. મિથ્યાત્વ મોહનીય ૧એક, કષાય ૧૬, સોળ સ્રીવેદ પુરુષવેદ, નપુંસકવેદ, હાસ્ય, અરતિ, રતિ, ભય, શોક. અને જુગુપ્સા. એ રીત કુલ ૨૬ છવ્વીસ થાય છે. આ રત્નપ્રભા પૃથ્વીમા કેટલાક નારકીઓની સ્થિતિ ૨૬ છવ્વીસ પલ્યોપમની કહી છે. નીચે સાતમી પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ ૨૬ છવ્વીસ સાગરોપમની કહી છે. કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ ૨૬ છવ્વીસ

પલ્યોપમની કહી છે. સૌધર્મ અને ઇશાન, કલ્પોમાં કેટલાક દેવોની સ્થિતિ ૨૬ છવ્વીસ પલ્યોપમની કહી છે. મધ્યમ મધ્યમ ગ્રૈવેયક નિવાસી દેવોની જઘન્ય સ્થિતિ ૨૬ છવ્વીસ સાગરોપમની કહી છે દેવો મધ્યમ અધસ્તન ગ્રૈવેયકોમાં ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૬ છવ્વીસ સાગરોપમની કહી છે. તે દેવો છવ્વીસ અર્ધ માસો-તેર મહિના-બાદ બાહ્ય આભ્યન્તરિક શ્વાસોચ્છવાસ ગ્રહણ કરે છે. તે દેવોને ૨૬ છવ્વીસ હજાર વર્ષ વ્યતીત થયા બાદ આહાર સંજ્ઞા ઉત્પન્ન થાય છે. તેમાં કેટલાક દેવો એવા પણ હોય છે કે જે છવ્વીસ ભવ કર્યા પછી સિદ્ધ પદ પામશે, અનંત જ્ઞાનાદિક આત્મગુણોના ભોકતા થશે. આ સંસારથી સર્વથા મુકત થઈ જશે, પરિનિર્વૃત થશે, અને સમસ્ત પ્રકારનાં દુઃખોને નાશ કરશે.

ભાવાર્થ—સૂત્રકારે આ સૂત્ર દ્વારા ૨૬ છવ્વીસ સંખ્યાવાળાં સમવાયોનું કથન કર્યું છે. તેમાં તેમણે દશ શ્રુતસ્કંધના ૧૦ દસ બૃહત્ કલ્પના ૬છ. અને વ્યવહાર સૂત્રના ૧૦ દસ, એ રીતે કુલ ૨૬ છવ્વીસ ઉદ્દેશન કાળનું પ્રતિપાદન કર્યું છે. અભવ્ય જીવોને મોહનીય કર્મની ૨૬ છવ્વીસ પ્રકૃતિયો સત્તા પર વિદ્યમાન રહે છે. રત્નપ્રભા પૃથ્વીમાં ૨૬ છવ્વીસ પલ્યોપમની સાતમી પૃથ્વીમાં ૨૬ છવ્વીસ સાગરોપમની, અસુરકુમારમાં ૨૬ છવ્વીસ પલ્યોપમની. અને સૌધર્મ તથા ઇશાન નિવાસી દેવોની ૨૬ છવ્વીસ પલ્યોપમની જે સ્થિતિ બતાવી છે તે મધ્યમ સ્થિતિની અપેક્ષાએ બતાવી છે. એમ સમજવું. મધ્યમ અધસ્તન ગ્રૈવેયક નિવાસી દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૬ છવ્વીસ સાગરોપમની હોય છે, એ જ સ્થિતિ મધ્યમ મધ્યમ ગ્રૈવેયક નિવાસી દેવોમાં જઘન્ય થઇ જાય છે. એ જ વાતની સૂચનાર્થે આ ગ્રૈવેયક નિવાસી દેવોની જઘન્ય સ્થિતિ ૨૬ છવ્વીસ સાગરોપમની કહી છે. ॥સૂ.૫૮॥

## સત્તાઈસવે સમવાયમેં અનગાર કે ગુણોં આદિકા નિરૂપણ

હવે સૂત્રકાર સત્તાવીસ(૨૭)સંખ્યાવાળાં સમવાયોનું વર્ણન કરે છે—**सत्तावीसं इत्यादि**

ટીકાર્થ—સકળ સંયમી સાધુઓના મૂળગુણ ૨૭ સત્તાવીસ કહ્યા છે, જે આ પ્રમાણે છે—(૧)પ્રાણાતિપાતથી વિરકત થવું,(૨) મૃષાવાદથી વિરકત થવું,(૩) અદત્તાદાનથી વિરકત થવું, (૪) મૈથુનથી વિરકત થવું, (૫) પરિગ્રહથી વિરકત થવું, (૬) શ્રોત્રેન્દ્રિયનો નિગ્રહ કરવો, (૭) ચક્ષુ ઇન્દ્રિયનો નિગ્રહ કરવો (૮) ઘ્રાણેન્દ્રિયનો નિગ્રહ કરવો

(૯) જિહવા ઇન્દ્રિયનો નિગ્રહ કરવો, (૧૦) સ્પર્શેન્દ્રિયનો નિગ્રહ કરવો, (૧૧) ક્રોધનો ત્યાગ કરવો, (૧૨) માન કષાયનો ત્યાગ કરવો, (૧૩) માયાચારી કરવાનો ત્યાગ કરવો (૧૪) લોભનો ત્યાગ કરવો, (૧૫) અન્તરાત્માની શુદ્ધતા રૂપ ભાવ સત્ય (૧૬) પ્રતિલેખના ક્રિયાના ઉપયોગ પૂર્વક ના આચરણ રૂપ કરણ સત્ય, (૧૭) મન, વચન, અને કાય, એ ત્રણ યોગોની યથાર્થ પ્રવૃત્તિ રૂપ યોગ સત્ય, (૧૮) ઉદયાવલિમાં પ્રવિષ્ટ ક્રોધના નિરોધરૂપ ક્ષમાભાવ, (૧૯) શબ્દાદિક વિષયોમાં અનાસકિત રૂપ વિરાગતા (૨૦] મનઃસમાધારણતા, [૨૧] વચન સમાધારણતા, એટલે કે અકુશલ મન, વચન અને કાયનો નિરોધ કરવો. (૨૩) જ્ઞાનસંપન્નતા, (૨૪) દર્શન સંપન્નતા (૨૫) ચારિત્ર સંપન્નતા, (૨૬) શીત આદિ વેદનાઓને સારી રીતે સહન કરવી અને ઉપસર્ગ કરનાર મારા શત્રુ નથી પણ કલ્યાણ કારક મિત્ર છે, એ પ્રકારના ભાવના પૂર્વક મરતાં સુધી ઉપસર્ગો આદિ સહન કરવા.

જંબૂદ્વીપ નામના દ્વીપમાં અભિજિત નામના નક્ષત્ર સિવાયના બાકીનાં સત્તાવીસ નક્ષત્રો સાથે વ્યવહાર ચાલે છે. અભિજિત નક્ષત્રનો ઉત્તરાષઢા નક્ષત્રન ચતુર્થ પાદમાં સમાવેશ થતો હોવાથી તેની અલગ ગણતરી કરવામાં આવી નથી. આ વ્યવહાર ફકત જંબૂદ્વીપમાં જ ચાલે છે. ધાતકી ખંડ આદિમાં નહીં. પ્રત્યેક નક્ષત્ર માસ સત્તાવીસ રાતદિનને લઈને અહોરાત્રના (દિવસ રાતના) પરિમાણની અપેક્ષાએ કહેલ છે. જેટલા સમય સુધી ચન્દ્ર સત્તાવીશ નક્ષત્રોને ભોગવે છે તેટલા સમયને નક્ષત્રમાસ કહે છે. માસના પાંચ પ્રકારો નીચે પ્રમાણે છે—(૧) નક્ષત્રમાસ, (૨) (૨) ચન્દ્રમાસ, (૩) અધિકમાસ, (૪) ઋતુમાસ અને (૫) સૂર્યમાસ આ માપ અહોરાત્રની અપેક્ષાએ જ કહેલ છે, સર્વથા નહીં, કારણ કે પ્રત્યેક માસમાં અહોરાત્ર સંબંધી ૬૭ સડસઠ ભાગોના ૨૧ એકવીસ ભાગ વધે છે. તે ભાગો ૭ સાત કલાક. ૩૧ એકત્રીસ મિનિટ, અને ૧૯।। સાડીઓગણીસ સેકંડથી સહેજ વધારે થાય છે તેથી એક નક્ષત્રમાસ ૨૭ સત્તાવીસ અહોરાત્ર, ૭ સાત કલાક ૩૧ એકત્રીસ મિનિટ અને ૧૯।। સાડીઓગણીસ સેકંડથી સહેજ વધારે સમયનો થાય છે. એ જ પ્રમાણે ૩૨૭ અહોરાત્ર, ૧૮ અઢાર કલાક, ૧૫ પંદર મિનિટ અને ૫૪ ચોપન સેકંડથી થોડા વધારે સમયનું નક્ષત્ર વર્ષ થાય છે તેનો કોઠો નીચે પ્રમાણે છે.

| નામ | અહોરાત્ર | કલાક | મિનિટ | સેકંડ |
|---|---|---|---|---|
| એક અહોરાત્રના સડસઠ ભાગોમાંથી ૨૧/૬૭ એકવીસ ભાગોનો સમય | ૦ | ૭ | ૩૧ | ૧૯ાાથી થોડી વધારે |
| નક્ષત્ર માસ | ૨૭ | ૭ | ૩૧ | ૧૯ાાથી થોડી વધારે |
| નક્ષત્ર વર્ષ | ૩૨૭ | ૧૭ | ૧૫ | ૫૪થી થોડી વધારે |

૩૨૮ ત્રણસો અઠાવીસ અહોરાત્રમાંથી ૧/૪ અહોરાત્ર જેટલો સમય ઓછો કરી તેમ થોડો સમય ઉમેરતાં એક નક્ષત્ર વર્ષ થાય છે એટલે કે ૩૨૭ાા ત્રણસો પોણી અઠયાવીસ અહોરાત્ર કરતાં થોડા વધારે સમયનું નક્ષત્ર વર્ષ થાય છે

સૌધર્મ અને ઇશાન, એ બે કલ્પોમાં વિસ્તારની અપેક્ષાએ વિમાન પૃથ્વી (વિમાનવાસ) ૨૭૦૦ સત્યાવીસ સો યોજનની કહી છે. ક્ષાયોપશમિક સમ્યકત્વના બંધની કારણરૂપ જે શુદ્ધ દલિક રૂપ દર્શન મોહનીયની સમ્યકાવ પ્રકૃતિ છે, તેનાથી રહિત થયેલ જીવમાં ૨૮ અઠાવીસ પ્રકારના મોહનીય કર્મની(૨૭) સત્તાવીશ પ્રકૃતિયો સત્તા પર વિદ્યમાન રહે છે. શ્રાવણ સુદી સાતમે સૂર્ય સત્તાવીશ અંગુલ પ્રમાણ પૌરુષી છાયા કરીને દિવસને ઘટાડતો થકો રાત્રિની વૃદ્ધિ કરે છે. તેનું તાત્પર્ય આ પ્રમાણે છે– સ્થૂલન્યાયને આધારે અષાઢ સુદી પૂનમને દિવસે ૨૪ ચોવીસ અંગુલ પ્રમાણ છાયા હોય છે. પછી પ્રત્યેક સાત દિવસે એક અંગુલ પ્રમાણથી સહેજ વધારે પ્રમાણમાં છાયા વધતી જાય છે આ રીતે અષાઢી પૂનમથી શ્રાવણ સુધીના ૨૧ દિવસથી વધારે સમયમાં ૩ ત્રણ અંગુલ પ્રમાણ છાયા વધી જાય છે. તેથી ૨૪–૩–૨૭ અંગુલ પ્રમાણ છાયા શ્રાવણ સુદી સાતમે થાય છે, પણ જો આ બાબતની બરાબર ગણતરી કરીએ તો તે છાયામાં ૩ અંગુલ પ્રમાણ કરતાં થોડો વધુ વધારો થવો જોઇએ. તેથી પરમાર્થ દૃષ્ટિએ

અહીં અષાઢી પૂર્ણિમા શબ્દ 'કર્કસંક્રન્તિ' નો વાચક છે તે દિનથી લઇને ૨૧ એકવીસ દિવસ કરતાં થોડ વધુ સમય પછી પૌરુષી છાયા ૨૭ સત્તાવીસ અંગુલ પ્રમાણ હોય છે

ભાવાર્થ—આ સૂત્ર દ્વારા સૂત્રકારે ૨૭ ત્તાવીસ સંખ્યા વાળાં સમવાયાંગોનું કથન કર્યું છે. જેમાં તેમણે પ્રાણાતિપાત આદિ વિરમણ રૂપ સાધુના ૨૭ સત્તાવીસ મૂળગુણ દર્શાવ્યા છે અભિજિત્ નક્ષત્ર સિવાયના બાકીના ૨૭ સત્તાવીસ નક્ષત્રો આ જંબૂદ્વીપમાં વ્યવહાર ચાલે છે, ધાતકી ખંડ આદિ દ્વીપોમાં નહીં નક્ષત્ર માસમાં ચન્દ્રમા ૨૭ સત્તાવીસ નક્ષત્રોની સાથે રહે છે તેથી ૨૭ સત્તાવીસ નક્ષત્રોનો એક નક્ષત્ર માસ થાય છે સૌધર્મ અને ઇશાન કલ્પોમાં વિમાન પૃથ્વી સત્તાવીસ સો (૨૭૦૦) યોજનની છે. સમ્યકત્વરૂપ દેશઘાતિ કર્મની પ્રકૃતિથી રહિત મિથ્યાદૃષ્ટિ જીવના મોહનીય કર્મની ૨૭ સત્તાવીસ અંગુલ પ્રમાણ પૌરુષી છાયા કરે છે. ત્યાર બાદ પ્રકાશના હ્રાસથી દિવનો હ્રાસ કરતો થકો અંધકારની વૃદ્ધિથી રાત્રિની વૃદ્ધિ કરે છે. ।।સૂ.૫૭।।

## સત્તાઇસવે સમવાયમેં નારકિયોં કે સ્થિત્યાદિ કા નિરૂપણ

ટીકાર્થ—इमीसेणं इत्यादि ! આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ સત્તાવીસ ૨૭ પલ્યોપમની કહી છે નીચે સાતમી પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ સત્તાવીસ સાગરોપમની કહી છે. અસુરકુમાર દેવોમાં કેટલાક દેવોની સ્થિતિ ૨૭ સત્તાવીસ પલ્યો મની કહી છે સૌધર્મ અને ઇશાન, એ બન્ને કલ્પોમાં કેટલાક દેવોની સ્થિતિ ૨૭ સત્તાવીસ પલ્યોપમની કહી છે. મધ્યમ ઉપરિતન ગ્રૈવેયક નિવાસી દેવોની જઘન્ય સ્થિતિ ૨૭ સત્તાવીસ સાગરોપમની કહી છે. જે દેવો મધ્યમ મધ્યમ ગ્રૈવેયક વિમાનોમાં રહે છે, તેમની જઘન્ય સ્થિતિ ૨૭ સાગરોપમની કહી છે. તે દેવો સત્તાવીસ (૨૭)અર્ધમાસો-૧૩।। સાડાતેર માસ–બાદ બાહ્ય આભ્યન્તરિક શ્વાસોચ્છવાસ લે છે. તે દેવોને સત્તાવીસ હજાર વર્ષો વ્યતીત થયા પછી આહાર સંજ્ઞા ઉત્પન્ન થાયછે, તે દેવોમાં કેટલાક એવા દેવો હોય છે કે જે ૨૭ સત્તાવીસ ભવ કર્યા પછી ભવિષ્યમાં સિદ્ધપદ પામશે, આત્માના અનેક જ્ઞાનાદિક ગુણોના ભોકતા થશે, આ અપાર સંસારમાંથી સદાને માટે મુકત થશે. પરિનિર્વૃત થશે, અને સમસ્ત પ્રકારનાં દુઃખોનોનાશ કરશે. ।।સૂ.૫૮।।

હવે સૂત્રકાર ૨૮ અઠ્ઠાવીસ સંખ્યાવાળા સમવાયોનું કથન કરે છે–**अट्ठावीसइविहे इत्यादि !**

ટીકાર્થ–આચાર પ્રકલ્પ ૨૮ અઠ્ઠાવીસ પ્રકારના કહ્યા છે આચાર પ્રકલ્પના આ પ્રમાણે બે અર્થ થાય છે–જ્ઞાનાદિક આચારની વ્યવસ્થાને આચાર પ્રકલ્પ કહે છે. અથવા આત્મશુદ્ધિને માટે આચરેલ પ્રાયશ્ચિત્ત રૂપ આચારની પ્રરૂપણાને પણ આચાર કલ્પ કહે છે, આચાર પ્રકલ્પના ૨૮ અઠ્ઠાવીસ પ્રકાર નીચે પ્રમાણે છે–(૧)માસિકી આરોપણા,(૨)સપંચરાત્રમાસિકી આરોપણા,(૩)સદશરાત્ર માસિકી આરોપણા (૪)સપંચદશરાત્ર માસિકી આરોપણા,(૫)સવિંશતિ રાત્ર માસિકી આરોપણા,(૬)સંપંચવિંશતિરાત્ર માસિકી આરોપણા એ જ પ્રમાણે ૬ છ દ્વિ માસિકી આરોપણા ૨ એ જ પ્રમાણે ૬ સપંચવિંશતિ રાત્ર દ્વિમાસિકી આરોપણા એજ પ્રમાણે ૬ છ ત્રિમાસીકી આરોપણા ૧૮ ૬ ચતુર્માસિકી આરાપણા ૨૪, ઉપઘાતિકા આરોપણા ૨૫, અનુપઘાતિકા આરોપણા ૨૬, કૃત્સ્ના આરોપણા ૨૭ અને અકૃત્સ્ના આરોપણા ૨૮. આટલા આચાર પ્રકલ્પ છે અને તેટલા આચાર કરવા યોગ્ય છે. સાધુના આચારમાં દોષ લાગતાં જે પ્રાયશ્ચિત્ત તેમને અપાય છે તેનું નામ આરોપણા છે, માસ સંબંધી આરોપણાને માસિકી આરોપણા કહે છે. તે આરોપણા પાંચ, દશ, પંદર, વીસ અને પચીશ દિનથી લઇને છ માસ સુધીની હોય છે. અન્તિમ તીર્થંકરના શાસનમાં તેના કરતાં આગળ આરોપણાનો પ્રતિષેધ છે. કહ્યું પણ છે કે–

**संवच्छरं तु पढमे, मज्झिमगाणट्ठमासियं होइ !**
**छम्मास पच्छिमस्स उ, माणं भणियं तु उक्कोसं ॥१॥"**

વધારેમાં વધારે એક વર્ષની આરોપણા પહેલા તીર્થંકરના સમયમાં, આઠ માસની આરોપણા મધ્યમ તીર્થંકરોના શાસન કાળમાં, અને છ માસની આરોપણા છેલ્લા તીર્થંકરોના શાસન કાળમાં કહેલ છે (૧) સાધુના આચારોમાંથી કોઇ પણ

આચારમા સાધુથી દોષ થઈ જાય તો પચ રાત્રિ આદિનું પ્રયશ્ચિત્ત અપાય છે. આ પ્રકારનું પ્રયશ્ચિત જો કોઇ દોષિત સાધુને અપાયું હોય અને પછી પણ જો તેના વડે માસશુદ્ધિને પાત્ર દોષ વિશેષ થઇ જાય તો તેને ગુરૂ એક માસનું વધુ પ્રાયશ્ચિત્ત આપે છે. આ રીતે એક પ્રાયશ્ચિત્ત કર્યા પછી માસવહન યોગ્ય જે બીજું પ્રાયશ્ચિત્ત કરાય છે તેને "માસિકી આરોપણા કહે છે પહેલેથી પ્રાયશ્ચિત્ત ધારણ કરનાર મુનિ જો પંચરાત્ર શુદ્ધિયોગ્ય અને માસશુદ્ધિ યોગ્ય બે દોષોનું સેવન કરે છે. તે તેને પૂર્વે અપાયેલ પ્રાયશ્ચિત્તના સદ્દભાવમાં પંચરાત્ર સહિત માસિક પ્રાયશ્ચિત્ત અપાય છે તેને "સંપચરાત્ર માસકી આરોપણા" કહે છે. એ જ રીતે સદશરાત્ર માસિકી આરોપણા અને સપંચદશ રાત્ર માસિકી આરોપણાનું તાત્પર્ય સમજી લેવું સવિંશતિ ૰ત્ર માસિકી આરોપણા અને સપંચવીસ રાત્ર માસિકી આરોપણાનુ તાત્પર્ય પણ એ જ પ્રમાણે સમજી લેવું. એટલે કે પ્રાયશ્ચિત્ત ધારણ કરવા છતાં પણ જો તે પ્રાયશ્ચિત્ત વિશિષ્ટ ધુ દશરાત્ર શુદ્ધિયોગ્ય અને માસ શુદ્ધિ યોગ્ય બે દોષોનું આચરણ કરે ત્યારે તે મુનિને પૂર્વે અપાયેલ પ્રાયશ્ચિત્તના સદભાવમાં (હાજરીમા) દશ રાત્રિ સહિત માસિક પ્રાયશ્ચિત્ત અપાય છે. તેને સદશરાત્ર માસિક આરોપણ કહે છે. પૂર્વ પ્રાયશ્ચિત્તના સદ્દભાવમાં પંદર રાત્રી અને એક માસની શુદ્ધિને યોગ્ય બે દોષોનું સેવન કરવાથી મુનિજનને જે પંચદશ [૧૫] રાત્રિ સહિત માસિક પ્રાયશ્ચિત્ત અપાય છે તેને સપંચદશ રાત્ર માસિકી આરોપણા કહે છે. સવિંશતિ રાત્ર માસિકી આરોપણામાં ૨૦ રાત્રિ સહિત એક માસનું અને સપંચવીસ રાત્ર માસિકી આરોપણામાં ૨૫ રાત્રિ સહિત એક માસનું પ્રાયશ્ચિત્ત અપાય છે. આ રીતે તે માસિક આરોપણાના છ ભેદ છે. દ્વિમાસિકી, ત્રિમાસિકી, અને ચતુર્માસિકી આરોપણામાં પણ એ જ પ્રમાણે છ ભેદ સમજી લેવાના છે. દ્વિમાસિકી આરોપણામાં બે માસનું, ત્રિમાસિકી આરોપણામાં ત્રણ માસનું અને ચતુર્માસિકી આરોપણામાં ચાર માસનું પ્રાયશ્ચિત્ત આપવામાં આવે છે. આ રીતે ચાર માસની આરોપણા સુધીની ચારે આરોપણાના છ છ ભેદ ગણતાં કુલ ૨૪ ચોવીસ ભેદ સિદ્ધ થાય છે. તેમાં ઉપઘાતિકા આરોપણા, કૃત્સ્ના આરોપણા અને અકૃત્સ્ના આરોપણા, એ ચાર ભેદ ઉમેરતાં કુલ ૨૮

અઠાવીસ ભેદ થઇ જાય છે. પ્રાયશ્ચિત્તને ઘટાડવા માટે તેને અર્ધું કરી નાખવું તેનું નામ ઉપઘતિકા છે. તે આ પ્રમાણે થાય છે દોષ થઇ જત પ્રાયશ્ચિત્ત ધારણ કરનાર મુનિ વડે ફરીથી દોષ થઇ જાય અને જ્યારે તે પાંચ રાત્રિ શુદ્ધિ યોગ્ય અને માસ શુદ્ધિ યોગ્ય બે પ્રાયશ્ચિત્ત ધારણ કરવાને પાત્ર બને ત્યારે માસના અર્ધા ૧૫ પંદર દિવસ અને પાંચ દિવસના અર્ધા ૨॥ અઢિ દિવસ, આ રીતે કુલ ૧૭॥ સાડ સત્તર દિવસ પૂર્વદત્ત પ્રાયશ્ચિત્ત ઉમેરી દે ામાં આવે છે તેથી ૧ એક માસ અને પાંચ રાત્રિનું તે પ્ર યશ્ચિત્ત ૧૭॥ સાડાસત્તરદિવસનું થાય છે. તેનું બીજુ નામ લઘુ પ્રાયશ્ચિત્ત પણ છે, કારણ કે આ પ્રાયશ્ચિત્ત હળવું થાય છે. એ જ રીતે પાંચ પાંચની વૃદ્ધિ કરતાં ૨૫ પચીસ દિન સહિત પૂર્વના માસિક પ્રાયશ્ચિત્તોને ધ રણ કરનાર મુનિ જો ફરીથી પણ પચ્ચીશ રાત્રિ શુદ્ધિ યોગ્ય અને માસ શુદ્ધિ યોગ્ય બન્ને દોષો કરી બેસે તો એ સ્થિતિમાં માસથી અર્ધા ૧૫ પંદર દિવસ, અને પચ્ચીસ દિનથી અર્ધા ૧૨॥ સાડાબાર દિન, એ બન્ને મળીને કુલ ૨૭॥ સાડીસત્તાવીશ દિનનું લઘુ પ્રાયશ્ચિત્ત કરવું પડે છે. એ જ પ્રમાણે પૂર્વે પ્રાયશ્ચિત્ત અંગીકાર કરનાર મુનિ જો ફરીથી માસિક, દ્વિમાસિક બન્ને દોષોને પાત્ર બને તો એ ઉપઘાતિક પ્રાયશ્ચિત્ત અનુસાર તે ૧॥ દોઢ માસનું લઘુ પ્રાયશ્ચિત્ત ધારણ કરશે, કારણ કે ૧ એક માસથી અર્ધા ૧૫ પંદર દિવસ અને બે માસથી અર્ધા ૧એક માસ, એ બન્ને મળીને ૧॥ દોઢ માસનું તે દ્વિમાસિક લઘુ પ્રાયશ્ચિત્ત થાય છે. એ જ પ્રમાણેની વ્યવસ્થા છ માસ સુધીના પ્રાયશ્ચિત્તોમાં સમજી લેવાની છે. જે પ્રાયશ્ચિત્તમાં લઘુકરણ રૂપ ઉપઘાત થતો નથી તે પ્રાયશ્ચિત્ત દેવાની જે પ્રકારની વિધિ કહી છે તે પ્રમાણે જ પ્ર યશ્ચિત્ત દેવું જે દોષની શુદ્ધિ જેટલા પ્રમાણના પ્રાયશ્ચિત્તથા થતી હોય એટલા પ્રમાણમાં પૂરે પૂરૂ પ્રાયશ્ચિત્ત દેવું તેનું નામ અનુપઘ ત આરોપણા છે. તેનુ બ જું નામ ગુરૂ પ્રાયશ્ચિત્ત પણ છે. ઉપભોગ્ય પ્રાયશ્ચિત્તને અર્ધું કરીને આપવું તેનું નામ ઉપઘાત અને પૂરે પૂરૂં આપવું તેનું નામ અનુપઘાત છે. કહ્યું પણ છે—

अद्धेण छिन्नसेसं, पुव्वद्धेणं तु संजुयं काउं
देज्जाय लहुयदाण, गुरुदाणं तत्तियं चेवा ॥१॥

તેનું તાત્પર્ય એવું છે કે પૂર્વદત્ત પ્રાયશ્ચિત્તની સાથે પછીથી દેવામાં આવેલ પ્રાયશ્ચિત્તનો અર્ધો ભાગ કરીને ઉમેરવો, તેને ઉપઘાતિક આરોપણા કહે છે, અને જે પ્રાયશ્ચિત્ત જેટલા પ્રમાણમાં દોષાનુસાર ભોગવવા યે ગ્ય હોય તેટલું તેને પ્રાયશ્ચિત્ત આપવું. તેમાંથી ઓછું ન કરવું. તેને અનુપઘાતિક આરોપણા કહે છે.

જે સાધુ જેટલા અપરાધો કરે તે પ્રમાણે તેટલાં જ પ્રાયશ્ચિત્તો દેવા તેનું નામ **'कृत्स्ना आरोपणा'** છે. અનેક અપરાધે જેનાર્થ થઇ ગયા છે એવા સાધુના તે અપરાધોનું છ મહિનામાં જ સંપૂર્ણ પ્રાયશ્ચિત્ત કરાવી દેવું, તેનું નામ **अकृत्स्ना आरोपणा** છે. ભવસિદ્ધિક જીવોમાં કેટલક જીવોની મોહનીય કર્મની અઠ્ઠાવીસ ૨૮ પ્રકૃતિયો સત્તા પર રહે છે. તે આ પ્રમાણે છે—

સમ્યકત્વવેદનીય ૧, મિથ્યાત્વવેદનીય ૨, સમ્યકત્વમિથ્યાત્વવેદનીય ૩, સોળ કષાય, નવ નોકષાય. આ રીતે કુલ ૨૮ અઠાવીસ થાય છે.

આભિનિબોધિક જ્ઞાન ૨૮ અઠ્ઠાવીસ પ્રકારનું કહ્યું છે—

(૧) શ્રોત્રેન્દ્રિય અર્થાવગ્રહ, (૨) ચક્ષુઇન્દ્રિય અર્થાવગ્રહ, (૩) ઘ્રાણેન્દ્રિય અર્થાવગ્રહ, (૪) જિહવેન્દ્રિય અર્થાવગ્રહ, (૫) સ્પર્શેન્દ્રિય અર્થાવગ્રહ, (૬) નો ઇન્દ્રિય અર્થાવગ્રહ, (૭) શ્રોત્રદ્રિય વ્યંજનાવગ્રહ, (૮) ઘ્રાણેન્દ્રિય વ્યંજનાવગ્રહ, (૯) જિહવેન્દ્રિય વ્યંજનાગ્રહ, (૧૦) સ્પર્શનેન્દ્રિય વ્યંજનાવગ્રહ (૧૧) શ્રોત્રેન્દ્રિય જન્ય ઇહા, (૧૨) ચક્ષુઇન્દ્રિય જન્ય ઇહા, (૧૩) ઘ્રાણેન્દ્રિય જન્ય ઇહા, (૧૪) જિહ્વા ઇન્દ્રિય જન્ય ઇહા, (૧૫) સ્પર્શન ઇન્દ્રિય જન્ય ઇહા, (૧૬) નોઇન્દ્રિય જન્ય ઇહા, (૧૭) શ્રોત્રેન્દ્રિય જન્ય અવાય, (૧૮) ચક્ષુઇન્દ્રિય જન્ય અવાય, (૧૯) ઘ્રાણેન્દ્રિય અવાય, (૨૦) જિહવા ઇન્દ્રિય જન્ય અવાય, (૨૧) સ્પર્શન ઇન્દ્રિયજન્ય અવાય, (૨૨) નોઇન્દ્રિય જન્ય અવાય, (૨૩) શ્રોત્રેન્દ્રિય જન્ય ધારણા, (૨૪) ચક્ષુઇન્દ્રિય જન્ય ધારણા ૨૫, ઘ્રાણેન્દ્રિય જન્ય ધારણા(૨૬)જિહવા ઇન્દ્રિય જન્ય ધારણા,[૨૭]સ્પર્શન ઇન્દ્રિય જન્ય ધારણા અને (૨૮) નો ઇન્દ્રિય જન્ય ધારણા,

ઇશાન કલ્પમાં ૨૮ અઠ્ઠાવીશ લાખ વિમાન રૂપ આવાસ છે. દેવગતિનો બંધ બંધાતો જીવ નામકર્મની ૨૮ અઠયાવીસ પ્રકૃતિયોનો બંધ બાંધે છે. તે ૨૮ અઠ્ઠાવીશ પ્રકૃતિયો નીચે પ્રમાણે છે[૧]દેવગતિ નામકર્મ, (૨)પંચેન્દ્રિય જાતિ નામકર્મ,[૩] વૈકુર્વિક શરીર નામકર્મ(૪)તૈજસ શરીર નામકર્મ,(૫)કાર્મણ શરીર નામકર્મ,(૬)સમચતુરસ્ત્ર સંસ્થાન નામકર્મ,(૭) વૈકુર્વિક શરીર અંગોપાંગ નામકર્મ,(૮)વર્ણ નામકર્મ (૯) ગંધનામકર્મ (૧૦) રસનામકર્મ, (૧૧) સ્પર્શ નામકર્મ, (૧૨) દેવાનુપૂર્વીનામકર્મ, (૧૩) અગુરુ લઘુ નામકર્મ, (૧૪) ઉપઘાત નામકર્મ, (૧૫) પરાઘાત નામકર્મ, (૧૬) ઉચ્છવાસ નામકર્મ (૧૭) પ્રશસ્ત વિહાયો ગતિ નામકર્મ (૧૮) ત્રસ નામકર્મ (૧૯) બાદર નામકર્મ, (૨૦) પર્યાપ્ત નામકર્મ, (૨૧) પ્રત્યેક શરીર નામકર્મ, ૨૨ થી ૨૬ તથા સ્થિર અસ્થિરમાંથી, શુંભ અશુભમાંથી, સુભગ દુર્ભગમાંથી, સુસ્વર દુઃસ્વરમાંથી આદેય અનાદેયમાંથી કોઇ એક એક પ્રકૃતિર(૭)યશઃ કીર્તિ નામકર્મ. અને નિર્માણ નામકર્મ ૨૮ આ રીતે ૨૮ અઠ્ઠાવીસ નામકર્મની પ્રકૃતિયોનો બંધ બાધે છે. એજ પ્રમાણે નારકી જીવ પણ નરકગતિનો બંધ બાંધતો થકો નામકર્મની ૨૮ અઠ્ઠાવીસ

પ્રકૃતિયોનો બંધ બાંધે છે-પણ પૂર્વોક્ત ૨૮ અઠ્ઠાવીસ પ્રકૃતિયોમાં તથા આ ૨૮ અઠ્ઠાવીસ પ્રકૃતિયોમાં કેઈ કોઈ જગ્યાએ જે ભેદ છે તે આ પ્રમાણે છે—

પ્રશસ્ત વિહાયોગતિને સ્થાને અપ્રશસ્ત (વિહાયોગતિને), સમચતુરસ્ત્ર સંસ્થાના સ્થાને હુંડક સંસ્થાનનો. સ્થિર નામકર્મને સ્થાને અસ્થિર નામકર્મનો સુભગ નામકર્મને સ્થાને દુર્ભગ નામકર્મનો, શુભ નામકર્મને સ્થાને અશુભ નામકર્મનો સુસ્વર નામકર્મને સ્થાને દુઃસ્વર નામકર્મનો, આદેય નામકર્મને સ્થાને અનાદેય નામકર્મનો અને યશઃકીર્તિ નામકર્મને સ્થાને અયશઃકીર્તિ નામકર્મનો બંધ તે નારકી જીવો બાંધે છે. બાકીની ૨૦ વીસ પ્રકૃતિયો દેવગતિ અનુસાર છે.

ભાવાર્થ—સૂત્રકારે આ સૂત્ર દ્વારા ૨૮ અઠ્ઠાવીસ સંખ્યાવાળાં સમવાયોનું કથન કર્યું છે, જે આ પ્રમાણે છે-માસિકી (માસિક) આરોપણા આદિના ભેદથી આચાર પ્રકલ્પ ૨૮ અઠ્ઠાવીસ પ્રકારના છે. ભવસિદ્ધિક જીવોમાંના કેટલાક ભવસિદ્ધિક જીવોના મોહનીયકર્મની અઠ્ઠાવીસ પ્રકૃતિયો સત્તા પર રહે છે. આભિનિબોધિક જ્ઞાન ૨૮ અઠ્ઠાવીસ પ્રકારનું છે. તેમાં અર્થાવગ્રહજ્ઞાન ૨૪ ચોવીસ પ્રકારનું અને ચક્ષુ અને મનને અપ્રાપ્યકારી હોવાથી વ્યંજનાવગ્રહ ૪ ચાર પ્રકારનો હોય છે. ઈશાન કલ્પમાં ૨૮ અઠ્ઠાવીસ લાખ વિમાનાવાસ છે. જે જીવો દેવગતિનો બંધ બાંધે છે, તેમને દેવગતિ આદિ નામ કર્મની અઠ્ઠાવીસ પ્રકૃતિયોનો બંધ થાય છે. એ જ પ્રમાણે નરક ગતિનો બંધ બાંધનાર નારકી જીવ પણ ૨૮ અઠ્ઠાવીસ નામ કર્મની પ્રકૃતિયોનો બંધ બાંધે છે. પણ દેવગતિની ૨૮ અઠ્ઠાવીસ પ્રકૃતિયો અને નરકગતિની ૨૮ અઠ્ઠાવીસ પ્રકૃતિયો વચ્ચે જે ભેદ છે તે આ સૂત્રમાં દર્શાવવામાં આવેલ છે. ।।સૂ ૬૧।।

## અઠ્ઠાઈસવે સમવાયમેં નૈરયિકોં કી સ્થિતિકા નિરૂપણ

ટીકાર્થ—"इमीसे णं" इत्यादि । આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ ૨૮ અઠ્ઠાવીસ પલ્યોપમની કહી છે. સાતમી પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ ૨૮ અઠ્ઠાવીસ સાગરોપમની કહી છે. અસુરકુમાર દેવોમાં કેટલાક દેવોની સ્થિતિ ૨૮ અઠ્ઠાવીસ પલ્યોપમની કહી છે. સૌધર્મ અને ઇશાન, એ બે કલ્પોમાં કેટલાક દેવોની સ્થિતિ ૨૮ અઠ્ઠાવીસ પલ્યોપમની કહી છે. ઉપરિતન અધસ્તન ગ્રૈવેયક નિવાસી દેવોની જઘન્ય સ્થિતિ ૨૮ અઠ્ઠાવીસ સાગરોપમની કહી છે જે દેવો મધ્યમ ઉપરિતન ગ્રવેયક વિમાનોમાં દેવની પર્યાયે ઉત્પન્ન થાય છે તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૮ અઠ્ઠાવીસ સાગરોપમની કહી છે. તે દેવો ૨૮ અઠ્ઠાવીસ અર્ધમાસ ૧૪ ચૌદ માસ-બાદ બાહ્ય આભ્યન્તરિક શ્વાસોચ્છ્વાસ લે છે. તે દેવોને ૨૮ અઠ્ઠાવીસ હજાર વર્ષ વ્યતીત થાય ત્યારે આહારસંજ્ઞા ઉત્પન્ન થાય છે. તેમાં કેટલાક

દેવો એવા પણ હોય છે કે ભવસિદ્ધિક હોય છે. તેઓ અઠ્ઠાવીસ ભવ કર્યા પછી સિદ્ધપદ પામશે, જ્ઞાનાદિક અનંત ગુણોને ધારણ કરશે, સમસ્ત દુઃખોથી મુક્ત થશે, પરિનિર્વૃત થશે અને સમસ્ત દુઃખોનો અંત કરશે. ॥સૂ. ૬૧॥

## ઉન્તીસવે સમવાયમેં પાપશ્રુતકા નિરૂપણ

હવે સૂત્રકાર ૨૯ ઓગણત્રીસ સંખ્યાવાળા સમવાયોનું કથન કરે છે—"एगूणतीसइविहेणं" इत्यादि ।

ટીકાર્થ—પાપાશ્રુત પ્રસંગ એટલે કે પાપાશ્રુત ૨૯ ઓગણત્રીસ પ્રકારના કહેલ છે. તે પ્રકારો આ પ્રમાણે છે-(૧) ભૂકંપ આદિના ફળનું સૂચક નિમિત્તશાસ્ત્ર, (૨) उत्पात—અસ્થિ, લોહી આદિની વૃષ્ટિના ફળનું સૂચક નિમિત્ત શાસ્ત્ર, (૩) स्वप्न—સ્વપ્નનાં શુભ અને અશુભ ફળ કહેનાર નિમિત્તશાસ્ત્ર, (૪) अन्तरिक्ष—આકાશમાં ઉત્પન્ન થયેલ ગ્રહયુદ્ધ આદિનું ફળ દર્શાવનાર શાસ્ત્ર, (૫) अङ्ग—શિર, આંખ આદિ, ફરકવાથી મળતાં શુભાશુભ ફળનું પ્રતિપાદન કરનાર શાસ્ત્ર, (૬) स्वर—જીવ. અજીવ આદિના અવાજનું શુભાશુભ ફળ બતાવનાર શાસ્ત્ર, (૭) व्यंजन—શરીર પરના તલ, મષા આદિનું ફળ દર્શાવનાર શાસ્ત્ર, (૮) लक्षण—સ્ત્રી અને પુરુષના શરીર પરના ચિહ્નો કે જેનાથી શુભાશુભ ફળ જાણી શકાય છે, તે લક્ષણોનું પ્રતિપાદક શાસ્ત્ર, ચક્રવતી અને તીર્થંકરનાં ૧૦૦ એક હજાર આઠ લક્ષણો તેમા બતાવ્યા છે. બળદેવ અને વાસુદેવના ૧૦૮ એક સો આઠ લક્ષણો હોય છે અને જે બીજા ભાગ્યશાળી જીવો હોય છે તેમનાં ૩૨ બત્રીસ લક્ષણો બતાવ્યાં છે. આ રીતે તે આઠ પાપશ્રુત છે. પાપજનક શાસ્ત્રોને પાપશ્રુત કહે છે, કારણકે એવાં શાસ્ત્રોનું અધ્યયન કરવાથી ફક્ત પાપનો જ બંધ બંધાય છે. તે આઠના સૂત્ર, વૃત્તિ અને વાર્તિકના ભેદથી ત્રણ, ત્રણ પ્રકાર છે. તેથી ૮×૩=૨૪ ભેદ થઈ જાય છે. એ જ વાત આ પદો દ્વારા દર્શાવવામાં આવી છે આ પ્રમાણે પ્રત્યેક પાપશ્રુતના ત્રણ ત્રણ ભેદ હોવાથી તે શ્રુત ત્રણ, ત્રણ પ્રકારનાં છે. તથા વિકથાનુયોગ, વિદ્યાનુયોગ, મંત્રાનુયોગ, યોગાનુયોગ અને અન્યતીર્થિકપ્રવૃત્તાનુયોગ, એ પાંચ અનુયોગોને ઉપરના ૨૪માં ઉમેરતાં પાપશ્રુતના કુલ ૨૯ ઓગણત્રીસ પ્રકાર થાય છે. મૂળને 'સૂત્ર' કહે છે. વ્યાખ્યાને 'વૃત્તિ' કહે છે. વૃત્તિ ઉપર જે વિશેષ વ્યાખ્યા કરાય છે તેને 'વાર્તિક' કહે છે. અર્થ અને કામ, એ બન્નેના ઉપાયરૂપ માર્ગનું પ્રતિપાદન કરનાર કામન્દક વાત્સ્યાયન દ્વારા કથિત

જે સૂત્રો છે તેમને 'વિકથાનુયોગ' કહે છે. રોહિણી આદિ વિદ્યા સાધવા માટેનાં જે શાસ્ત્રો છે તેમને 'વિદ્યાનુયોગ' કહે છે, ભૂત, ભૈરવ આદિના મંત્રોનું કથન કરનારાં જે શાસ્ત્રો છે તેમને 'મંત્રાનુયોગ' કહે છે વશીકરણ આદી યોગો દર્શાવનાર જે શાસ્ત્રો છે તેમને યોગાનુયોગ' કહે છે. કપિલ આદી અન્ય તીર્થિકો દ્વારા પોતાના મત, આચાર, વિચાર આદિનું વર્ણન કરનાર જે શાસ્ત્રો છે તેમને 'અન્યતીર્થિક પ્રવત્તાનુયોગ' કહે છે. રાત્રિદિવસ પરિમાણની અપેક્ષાએ અષાઢ માસના ૨૯ ઓગણત્રીસ દીવસરાત કહેલ છે. એજ પ્રમાણે ભાદરવો, કાર્તિક. પોષ, ફાગણ અને વૈશાખ માસના પણ ૨૯ ઓગણત્રીસ દિવસો કહેલ છે પૂર્વોક્ત અષાઢ આદિ છ માસમા પ્રત્યેક માસના ૨૯ ઓગણત્રીસ રાત્રિ દિવસ હોય છે કારણ કે તે મહિનાઓના કૃષ્ણપક્ષમાં એક એક રાત્રિદિવસનો ક્ષય થાય છે. મુહૂર્ત પરિમાણની અપેક્ષાએ ચંદ્રદિન-તિથિ ૨૯ ઓગણત્રીસ મુહૂર્ત પરિમાણથી થોડી વધારે કહેલ છે. પ્રશસ્ત અધ્યવસાયથી યુક્ત સમ્યગ્દૃષ્ટી ભવ્યજીવ તીર્થંકર સહતિ નામકર્મની ૨૯ ઓગણત્રીસ પ્રકૃતીયોનો નીયમથી બંધ બાંધીને વમાનીક દેવોમાં ઉત્પન્ન થાય છે.

ભાવાર્થ—સૂત્રકારે આ સૂત્ર દ્વારા ૨૯ ઓગણત્રીસ સંખ્યાવાળા સમવાયોનું કથન કર્યું છે. તેમાં તેમણે ભૌમ આદિના ભેદથી પાપશ્રુતનું ૨૯ ઓગણત્રીસ પ્રકારનું સેવન બતાવ્યું છે. અષાઢ, શ્રાવણને છોડીને ભાદરવો, આસોને છોડીને કાર્તિક, માગશરને છોડીને પોષ મહાને છોડીને ફાગણ, અને ચૈત્રને છોડીને વૈશાખ, એ છ માસના સ્થૂલ ન્યાયની અપેક્ષાએ ૨૯ ઓગણત્રીસ રાતદિવસ કહેલ છે, કારણ કે તે મહીનાઓના પત્યેક માસના કૃષ્ણપક્ષમાં એક દિનરાત ઘટે છે. પ્રતિપદા આદિ જે ચન્દ્ર-દિન છે તેમને ૨૯ ઓગણત્રીસ મુહૂર્ત્તથી થોડા વધારે પ્રમાણના કહેલ છે. તો તેનું કારણ એવું છે કે ચન્દ્રમાસમાં ૨૯ ઓગણત્રીસ દિવસ હોય છે અને દિવસના ૬૨ ભાગોમાંથી ૩૨ બત્રીસ ભાગ હોય છે એટલે કે ચન્દ્ર માસમાં ૨૯ ૩૨/૬૨ દિવસોના ૩૦ ત્રીસ ગણા કરીને મુહૂર્ત બનાવીને તે ગુણાકારને ૩૦ થી ભાગવો જોઇએ. તથા દિવસના ૬૨ ભાગોમાંથી જે ૩૨ બત્રીસ ભાગ છે તેને પણ ૩૦ ત્રીસ વડે ભાગવા જોઇએ. આ પ્રમાણે કરવાથી ચન્દ્રદિન ૨૯ ઓગણત્રીસ મુહૂર્તથી થોડા વધારે સમયનો આવશે. પ્રશસ્ત અધ્યવસાયથી યુક્ત થયેલ જે સમ્યગ્દૃષ્ટિ ભવ્યજીવ હોય છે તે તીર્થંકર પ્રકૃતિ સહિત ૨૯ ઓગણત્રીસ નામકર્મની પ્રકૃતિયોનો બંધ નિયમથી જ બાંધે છે. ।।સૂ ૬૨।।

## ઉન્તીસવે સમવાયમેં નારકિયોં કે સ્થિત્યાદિ કા નિરૂપણ

ટીકાર્થ—"इमीसेणं" इत्यादि ! આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ ૨૯ ઓગણત્રીસ સાગરોપમની કહી છે. સાતમી પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ ૨૯ ઓગણત્રીસ સાગરોપમની કહી છે. સૌધર્મ અને ઈશાન, એ બે કલ્પોમાં કેટલાક દેવોની સ્થિતિ ૨૯ ઓગણત્રીસ પલ્યોપમની કહી છે. ઉપરિતન મધ્યમ ગ્રૈવેયકોના દેવોની જઘન્યસ્થિતિ ૨૯ ઓગણત્રીસ સાગરોપમની કહી છે. જે દેવો ઉપરિતન અધસ્તન ગ્રૈવેયક વિમાનોમાં દેવની પર્યાયે ઉત્પન્ન થાય છે. તેમની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૯ ઓગણત્રીસ સાગરોપમની હોય છે. તે દેવો ૨૯ ઓગણત્રીસ અર્ધામાસો બાદ બાહ્ય આભ્યન્તરિક શ્વાસોચ્છવાસ ગ્રહણ કરે છે. તે દેવોને ૨૯ ઓગણત્રીસ હજાર વર્ષો વ્યતીત થયા પછી આહાર સંજ્ઞા ઉત્પન્ન થાય છે. તેમાં કેટલાક જીવ એવા પ હોય છે કે જે ભવસિદ્ધિક હોય છે. તેઓ ૨૯ ઓગણત્રીસ ભવ કરીને નિયમથી જ સિદ્ધપદ પ્રાપ્ત કરશે, જ્ઞાનાદિક આત્માના ગુણોના ભોકતા બનશે. આ સંસારથી સર્વથા મુક્ત થશે, પરિનિર્વૃત થશે અને સમસ્ત દુઃખોનો અંત કરશે. ાસૂ.૬૩ા

## તીસવે સમવાયમેં મોહનીય સ્થાન કા નિરૂપણ

હવે સૂત્રકાર ૩૦ ત્રીસ સંખ્યાવાળાં સમવાયોનું કથન કરે છે—"तीसं मोहणीय पण्णत्ता" इत्यादि !

ટીકાર્થ–સામાન્ય રીતે આઠ પ્રકારનાં કર્મોના અને ખાસ કરીને મોહનીય કર્મનાં ત્રીસ પ્રકારનાં સ્થાન કહેલ છે. તે ત્રીસ પ્રકારો નીચે પ્રમાણે છે–સૂત્રકાર મોહનીય કર્મનું પહેલું સ્થાન બતાવતાં કહે છે કે–સત્ અને અસત્‌ના વિવેકથી રહિત બનીને જે કોઇ વ્યકિત જીવોને પાણીમાં ડુબાવીને મારી નાખે છે તે મહામોહ કર્મનો બંધ બાંધે છે. મહામોહનું સ્વરૂપ આ પ્રમાણે છે—"एगेगम्मि य णरगे गच्छइ जीवो अणेगसो जेण" જેને કારણે જીવ દરેક નરકમાં અનેકવાર જાય છે તે

કર્મનુ નામ મહામોહ છે એવું જિનેન્દ્ર દેવનું કથન છે. બીજું મોહનીય સ્થાન આ પ્રમાણે છે-મુખ, નાસિકા આદિ રૂપ રન્ધ્ર (છિદ્ર)ને પોતાના હાથથી બંધ કરી દઇને-ત્રસ જીવોને તેમાં પૂરી દઇને શ્વાસોચ્છવાસ રૂંધીને જે તેમને મારે છે તે મહામોહ કર્મનો બંધ બાધે છે. આ મોહનીયનું બીજું સ્થાન છે. ત્રીજું સ્થાન આ પ્રમાણે છે—જે મનુષ્ય અગ્નિ સળગાવીને તેની વચ્ચે જીવોને ઘેરીને રોકી રાખે છે અને પછી તેમને તે અગ્નિમાં સળગાવીને મારી નાખે છે, અથવા તેના ધુમાડાથી ગુંગળાવીને તેમને મારી નાખે છે તે મહામોહનીય કર્મ બાંધે છે. આ મોહનીયનું ત્રીજું સ્થાન છે. જે મૂઢ મનુષ્ય સંકિલષ્ટ ચિત્તવાળો થઇને કોઇ પ્રાણીના ઉત્તમ અંગરૂપે મસ્તકની ઉપર શસ્ત્ર આદિનો પ્રહાર કરે છે અને તેના મસ્તકને છેદાંને તેના ટુકડે ટુકડા કરી નાખે છે, તે મહામોહનીય કર્મ બાંધે છે. આ મોહનીયનું ચોથું સ્થાન છે. જે કોઇ મનુષ્ય ભીના ચામડા આદિરૂપ વેષ્ટન વડે કોઇ પ્રાણીના મસ્તકને લપેટીને તેને મારી નાખે છે, તે તીવ્ર અશુભ સાવદ્ય (પાપયુકત) કર્મ કરતો હોવાથી પોતાના મહામોહનીય કર્મની વૃદ્ધિ કરે છે. આ મહામોહનું પાંચમૂં સ્થાન છે. જે વ્યક્તિ મનોયોગપૂર્વક કોઇ પાગલ પુરુષને બિલ્વાદિક ફળથી અથવા દંડાથી મારીને હસે છે. રાજી થાય છે. તેની મજાક ઉડાવે છે. તે પોતાના મહામોહનીય કર્મને વધારે છે. આ મોહનીયનું છઠ્ઠું સ્થાન છે જે કપટી માણસ પોતાની માયાને (કપટને) માયાચારીથી છુપાવે છે. અને જૂઠું બોલીને સૂત્રાર્થને કપટથી સ્પષ્ટ બતાવતો નથી તે મહામોહનીય કર્મનો સંચય કરે છે. આ મોહનીયનું સાતમું સ્થાન છે. જે વ્યકિત પોતે કરેલ પાપકર્મનું "તમે આ નિંદનીય કૃત્ય કર્યું છે" એમ કહીને બીજી નિર્દોષ વ્યક્તિ પર આરોપણ કરે છે અને એ રીતે તેને કલંકિત કરે છે તે મહામોહનીય કર્મનો સંચય કરે છે. આ મોહનીયનું આઠમું સ્થાન છે કોઇ માણસ સભામાં જાણી જોઇને સત્ય અને અસત્ય બન્નેના મિશ્રણવાળી ભાષાનો ઉપયોગ કરે છે-સત્ય બોલતો નથી. તેની ભાવના એવી હોય છે કે આપસમાં કોઇ પણ રીતે સમજૂતી ન થાય. તેઓ બન્ને પરસ્પર લડ્યા જ કરે-તે પ્રકારની ભાવનાથી મિશ્રભાષાનો પ્રયોગ કરનાર મનુષ્ય મહામોહનીય કર્મનો બંધ બાંધે છે. આ મોહનીયનું નવમું સ્થાન છે. જે નીતિ-વેત્તા મંત્રી તેના પર વિશ્વાસ મૂકનાર તેના સ્વામી-રાજાની રાણીઓને શીલધર્મથી ભ્રષ્ટ કરે. એટલે કે તેમની રાણીઓને પોતાના પંજામાં ફસાવીને તથા તેના સામન્ત આદિને ફોડીને તે રાજાને રાજ્યનો અનધિકારી કહે છે તથા શાસન કરવાથી ઇચ્છા-થી રાજ્યાસને આવતા એવા તે રાજાને વિરોધી અવાજો દ્વારા તિરસ્કૃત કરે છે, અને તે રાજાના ભંડાર, રાષ્ટ્ર, સુહૃત, સૈન્ય આદિ રાજ્ય અંગો દ્વારા સંપાદિત

સમસ્ત સુખોનો નાશ કરે છે તે મંત્રી મોહનીય કર્મનો બંધ બાંધે છે. આ મોહનીય કર્મનું બંધ બાંધવાનું અને તેના સ્થિતિબંધનું દસમું સ્થાન છે. જે વ્યકિત બાળબ્રહ્મચારી ન હોવા છતાં પણ પોતાને બાળબ્રહ્મચારી કહે છે. અને સ્ત્રીઓ સાથે વિષયભોગોની વાસનામાં ફસાયેલ રહે છે, તે મોહનીય કર્મનો બંધ બાધે છે. અને તેની તીવ્ર સ્થિતિ બાંધનાર બને છે. આ મોહનીય કર્મનુ અગિયારમું સ્થ ન છે. જે વ્યકિત અબ્રહ્મચારી હોવા છતા પણ પોતાને બ્રહ્મચારી કહે છે તે જેમ ગાયોની વચ્ચે ગધેડું ભૂંકે છે તેમ સત્પુરુષોની વચ્ચે અપ્રિય, નિંદ્ય વચન બોલીને મોહનીય કર્મનો બંધ બાંધે છે. અને તેની તીવ્ર સ્થિતિ બાધે છે. સાવદ્યકારી (પાપયુકત) હોવાને કારણે અધઃપતનશીલ રહેવાથી તે મનુષ્ય પોતાના આત્માનો શત્રુ નિવડે છે અને સત્, અસત્‌ના વિવેકથી વિહીન હોવાને કારણે માયાયુકત સિદ્ધા ભાષણ કરે છે–તથા સ્ત્રીઓની સાથે વિષયભોગની લાલસાથી જકડાયેલ રહે છે. આ રીતે તે મહામોહનીય કર્મ બાંધે છે. આ મોહનીયનું ૧૨ બારમું સ્થાન છે. જેના આશ્રયે રહીને પોતાનો જીવન નિર્વાહ ચાલતો હોય, અને જેની કીર્તિ અને પ્રભાવથી તથા સદાચારને લીધે પોતાની આજીવિકા ચાલતી હોય એવા સ્વામીના ધનનું અપહરણ કરવાનો જે મનુષ્ય મનમાં વિચાર કરે છે-તે સ્વામીની જીવિકાનો નાશ કરે છે તે મનુષ્ય મહામોહનીય કર્મનો બંધ બાધે છે. આ મોહનીયનું ૧૩ તેરમું સ્થાન છે કોઇ અનધિકારી (અપાત્ર) મનષ્ય પોતાના અશ્વર્યશાળી માલિક દ્વારા અથવા નગરજનો દ્વારા કોઈ અધિકાર (હોદ્દા) પર નિયુકત થાય અને પછી તે નિર્ધનની પાસે અતુલ સંપત્તિ આવતા તે ઇર્ષાદ્વેષને અધીન થઇ કલુષિત ચિત્તથી જો ગામમાં ક્ષોભ ઉત્પન્ન કરે ગામનું સત્યાનાશ કરી નાખે– તો તે મનુષ્ય મહામોહનીય કર્મનો બાંધ બાંધે છે. આ મોહનીયનું ૧૪ ચૌદમું સ્થાન છે હવે સૂત્રકાર વિશ્વાઽઘાત જન્ય પંદરમું મોહનીય સ્થાન બતાવે છે–જેમ સર્પિણી પોતાના ઇંડાંનો નાશ કરે છે તેમ જે સ્ત્રી પોતાના પતિનો, મંત્રી રાજાનો, સેના સેનાપતિનો, શાસનકર્તાનો, કલાચાર્યનો, શિષ્યાદિ ધર્માચાર્યનો નાશ કરી નાખે તો તેમ મહામોહનીય કર્મનો બંધ બાંધે છે. આ ૧૫ પંદરમું મોહનીય સ્થાન છે જે વ્યકિત રાષ્ટ્રના નાયકને, ગામના નેતાને, બહુજ યશશાળી લક્ષ્મીદેવતાંકિત પટ્ટબંધવાળા શ્રેષ્ઠીને મારી નાખે છે, તે મહામોહનીય કર્મનો બધ બ.ધે છે. આ ૧૬ સોળમું મોહનીય સ્થાન છે. ઘણા લોકોના નેતાની આપત્તિ વિપત્તિમાંથી અથવા અજ્ઞાનરૂપી અંધકારમાંથી જીવોનું રક્ષણ કરનારની હત્યા કરવાનો વિચાર કરનાર વ્યકિત મહામોહનીય કર્મનો બંધ બાંધે છે. આ મોહનીયનું ૧૭ સત્તરમું સ્થાન છે. સંસારતાપથી પોતાના આત્માનો ઉદ્ધાર કરવાની

ભાવનાને અધીન થઇને ભગવતી દીક્ષા ધારણ કરવાને તૈયાર થયેલ અથવા સાવદ્યયોગોથી નિવૃત્ત થયેલ સંયતને શ્રુતચારિત્ર લક્ષણરૂપ ધર્મથી વિવિધ રીતે વિપરીત ઉપદેશ દઇને જે વ્યકતી ચલીત કરે છે-ધર્મ કરવાને તત્પર થયેલ ધર્માત્માને જે ધર્મથી પતિત કરે છે તે મહામોહનીય કર્મનો બંધ બાંધે છે. આ મોહનીયનું ૧૮ અઢારમું સ્થાન છે. ચાર ઘાતિયા કર્મોના ક્ષયથી ઉત્પન્ન થયેલ અનંત જ્ઞાન અને અનંત દર્શનશાળી અને ત્રણે લોકમાં વિખ્યાત એવા અર્હંત ભગવાનનો અવર્ણવાદ. કરનાર અજ્ઞાની માણસ મહામોહનીય કર્મનો બંધ બાંધે છે. આ મોહનીયનું ૧૯ ઓગણીસમું સ્થાન છે. જે અપકારી (કૃતધ્ન) દુષ્ટ માણસ ન્યાયોપેતસમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્ર સંપન્ન-મોક્ષ માર્ગની અવહેલના કરે છે તથા તે ન્યાયાકૂળ માર્ગની નિંદા કરે કરે છે અને એ નિંદા અને દ્વેષથી પોતાના તથા અન્યના આત્માને વાસિત (યુકત) કરે છે, તે વ્યકિત મહામોહનીય કર્મનો બંધ બાંધે છે. આ મોહનીયનું ૨૦ વીસમું સ્થાન છે. જે મનુષ્ય આચાર્ય અને ઉપાધ્યાય પાસેથી શ્રુત અને વિનય ધર્મને શીખીને એ જ આચાર્ય અને ઉપાધ્યાયની નિંદા કરે છે. તે મહામોહનીય કર્મનો બંધ બાંધે છે. આ મોહનીયનું ૨૧એકવીસમું સ્થાન છે. જે માણસ આચાર્ય અને ઉપાધ્યાય પ્રત્યે સારી રીતે વિનય દર્શાવતો નથી-તેમને સેવા શુશ્રૂષા આદિ વડે સંતોષ આપતો નથી-અને તેમનો સત્કાર કરતો નથી, પણ પોતાના સન્માનની જ અભિલાષા રાખે છે, તે વ્યક્તિ મહામોહનીયકર્મનો બંધ બાંધે છે આ મોહનીયનું ૨૨ બાવીસમું સ્થન છે. જે કોઈ મનુષ્ય બહુશ્રુત ન હોવા છતાં પણ "હું બહુશ્રુત છું" એ રીતે આત્મશ્લાઘા કરે છે તથા પોતે જ પ્રવચન પઠનશીલ છે એવી બીજાની આગળ જાહેરાત કરે છે તે મહામોહનીય કર્મનો બંધ બાંધે છે. તેનું તાત્પર્ય એ છે કે જે માણસ પોતાની ખોટી પ્રશંસા કરે છે તે મહામોહનીય કર્મનો બંધ બાંધે છે. આ મહામોહનીયનું ૨૩ તેવીસમું સ્થાન છે. પોતે તપસ્વી ન હોવા છતાં પણ જે "હું તપસ્વી છુ" એ રીતે પોતાની પ્રશંસા કરનાર વ્યક્તિ આ લોકમાં સૌથી અધિક ચોર ગણાય છે. એવી વ્યકિત મહામોહનીય કર્મનો બંધ બાંધે છે. આ મહામોહનીયનું ૨૪ચોવીસમું સ્થાન છે. જે વ્યકિત વ્યાધિથી યુકત સાધુનું વૈયાવૃત્ય કરવાને સમર્થ હોય છતાં વૈયાવૃત્ય કરે નહીં અને એમ કહે કે "હું જ્યારે વ્યધિગ્રસ્ત થઇશ ત્યારે તે મારૂં વૈયાવૃત્ય ભલે ન કરે" અથવા એ પ્રમાણે માનીને જે મૂર્ખ દયાભાવ અને માયાચાર કરવામાં વિશેષ નિપુણ હોય છે, અને પાપથી જેનું અંતઃ-કરણ સદા વ્યાકુળ રહે છે એવો મનુષ્ય પોતાની ફરજ શી છે એ સમજી શકતો નથી. તેથી તે મહામોહનીય કર્મનો બંધ બાંધે છે. આ મોહનીયનું ૨૫ પચીસમું સ્થાન છે જે મનુષ્ય સર્વજ્ઞના દ્વાદશાંગરૂપ ભેદને નિમિત્તે કલહ ઉત્પન્ન થાય તેવી કથાઓ વારવાર કહે છે તે મહામોહનીય કર્મનો બંધ બાંધે છે. આ મોહનીયનું ૨૬ છવીસમું

સ્થાન છે. જે માણસ અધાર્મિક યોગોનું-તંત્ર શાસ્ત્રાનુસાર પ્રાણી ઉપમર્દન આશ્રિત વશીવાણ આદિ પ્રયોગોનું-પોતાના સન્માન તથા સત્કારને માટે અને પ્રિય વ્યકિતને ખુશ કરવાને માટે-વારંવાર સેવન કરે છે તે મહામોહનીય કર્મનો બંધ બાંધે છે. આ મોહનીયનું ૨૭સત્તાવીસમું સ્થાન છે. જે મનુષ્ય મનુષ્યભવ સંબંધી અથવા પરલોક-દેવલોક- સંબંધી શબ્દ દિરૂપ ભોગોને ભોગવવા છતાં પણ તૃપ્ત થતો નથી, અને અસંતુષ્ટ રહીને જ તેમને ભોગવે છે તે મહામોહનીય કર્મનો બંધ બાંધે છે. એટલે કે કામભોગનો તીવ્ર અભિલાષી મનુષ્ય મહામોહનીય કર્મ બાંધે છે, આ મહામોહનીયનું ૨૮અઠ્ઠાવીસમું સ્થાન છે. જે કોઈ મનુષ્ય દેવોની ઋદ્ધિ, દ્યુતિ, યશ, વર્ણ, બળ અને વીર્યનો અવર્ણવાદ કરે છે તે મહામૂર્ખ મહામોહનીય કર્મનો બંધક થાય છે. આ મહામોહનીયનું ૨૯ ઓગણત્રીસમું સ્થાન છે. જ્ઞાનથી વિહીન એવો જે મૂઢ જિન ભગવાનની જેમ મારો પણ આદર સત્કાર થાય તે પ્રકારની વાસનાથી યુકત અંતઃકરણવાળો થાય છે, અને તે કારણે જે દેવોને યક્ષોને, તથા ગુહ્યકોને દેખી શકવા છતાં પણ પોતે તેમને દેખી શકે છે એમ કહે છે એટલે કે પોતાની જૂઠી કીર્તિ ફેલાવે છે- તે મહામોહનીય કર્મનો બંધ બાંધે છે. આ મોહનીયનું ત્રીસમું સ્થાન છે. ॥ સૂ. ૬૪॥

## તીસવે સમવાયમેં તીસ મુહૂર્ત કે નામ કા નિરૂપણ

ટીકાર્થ—"थेरेणं" इत्यादि ! સ્થવિર મંડિતપુત્ર કે જે છઠ્ઠા ગણધર હતાં તે ત્રીસ વર્ષ સુધી સાધુ પર્યાયનું પાલન કરીને સિદ્ધગતિ પામ્યાં, બુદ્ધ થયાં, સમસ્ત કર્મોનો આત્યંતિક ક્ષય કરીને સંસારથી મુકત થયાં, પરિનિવૃંત થયાં અને સમસ્ત દુઃખોથી રહિત થયા મુહૂર્ત્ત પ્રમાણની અપેક્ષાએ દરેક રાતદિવસ ત્રીસ મુહૂર્ત્તના મનાય છે. એ ત્રીસ મુહૂર્ત્તોના નામ આ પ્રમાણે છે— (૧) રૌદ્ર, (૨) સકત, (૩) મિત્ર. (૪) વાયુ, (૫) સુપીત, (૬) અભિચંદ્ર. (૭) માહેન્દ્ર, (૮) પ્રલમ્બ, (૯) બ્રહ્મ. (૧૦ સત્ય, (૧૧) આનંદ, (૧૨) વિજય, (૧૩) વિશ્વસેન, (૧૪) પ્રાજાપત્ય, (૧૫) ઉપશમ, (૧૬) ઈશાન, (૧૭) તુષ્ટ, (૧૮), ભાવિતાત્મા, (૧૯) વૈશ્રવણ, (૨૦) વરુણ, (૨૧) શતઋષભ, (૨૨) ગંધર્વ, (૨૩) અગ્નિવૈશાયન, (૨૪) આતપ (૨૫) આવર્ત (૨૬) ત્રસ્તપ (૨૭) ભૂમહ [૧૮] ઋષભ (૨૯) સર્વાર્થસિદ્ધ અને(૩૦)ઔરાક્ષસ. અરનાથ અર્હંત ૩૦ ત્રીસ ધનુષપ્રમાણ ઊંચા હતા. સહસ્રાર દેવેન્દ્ર દેવરાજના ૩૦ ત્રીસ હજાર સામાનિક દેવ છે. ૨૩ તેવીસમાં

અર્હંત પાર્શ્વનાથ પ્રભુ ૩૦ ત્રીસ વર્ષ સુધી ગૃહસ્થાશ્રમમાં રહીને અગારાવસ્થામાંથી અણગારાવસ્થાવાળા બન્યા હતા. શ્રમણ ભગવાન મહાવીર પણ ત્રીસ વર્ષ સુધી ગૃહસ્થાશ્રમમાં રહીને અગારાવસ્થામાંથી અણગારાવસ્થાવાળા બન્યા હતા. રત્નપ્રભા પૃથ્વીમાં ૩૦ ત્રીસ લાખ નરકાવાસ છે ।સૂ. ૬૫॥

ટીકાર્થ—"इमीसेणं" इत्यादि ! આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલક નારકીઓની સ્થિતિ ૩૦ ત્રીસ પલ્યોપમની કહી છે. નીચે સાતમી પૃથ્વીમાં કેટલાક નારકીઓની ત્રીસ સાગરોપમની સ્થિતિ કહી છે. અસુરકુમાર દેવોમાં કેટલાક દેવોની સ્થિતિ ૩૦ ત્રીસ પલ્યોપમના કહી છે. ઉપગ્નાં ભાગની ઉપરના ગ્રૈવેયકવાસી દેવે ની જઘન્ય સ્થિતિ ત્રીસ સાગરોપમની કહી છે. જે દેવો ઉપરના મધ્યમ ગ્રૈવેયક વિમ ને માં દેવની પર્યાયે ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ ત્રીસ સાગરોપમની કહી છે. તે દેવો ત્રીસ અર્ધમાસ–પંદરમાસ–બાદ બાહ્ય આભ્યન્તરિક શ્વાસોચ્છવાસ લે છે તે દેવોને ૩૦ ત્રીસ હજાર વર્ષ વ્યતીત થાય ત્યારે આહારસંજ્ઞા ઉત્પન્ન થાય છે. તેમાં કેટલાક દેવો એવા પણ હોય છે કે જે ભવસિદ્ધિક હોય છે. એવો નિયમ છે કે તેઓ ૩૦ ત્રીસ ભવ કરીને સિદ્ધગતિ પામશે. અનંત જ્ઞાનાદિક ગુણોના ભોકતા બનશે, આ સંસારથી સર્વથા મુકત થશે, પરિનિર્વૃત થશે અને સમસ્ત દુઃખોનો નાશ કરશે. ॥સૂ. ૬૬॥

## ઇકતીસવે સમવાયમેં સિદ્ધાદિકોં કે ગુણો કા નિરૂપણ

હવે સૂત્રકાર ૩૧ એકત્રીસ સંખ્યાવાળાં સમવાયોનું કથન કરે છે—

"एक्कतीसं सिद्धाइगुणा" इत्यादि। સિદ્ધત્વની પ્રાપ્તિના પૂર્વ સમયમાં જે ૩૧ એકત્રીસ ગુણો વિદ્યમાન હોય છે ત આ પ્રમાણે છે–(૧)મતિજ્ઞાનાવરણકર્મનો ક્ષય (૨)શ્રુતજ્ઞાનાવરણકર્મનો ક્ષય(૩)અવધિજ્ઞાનાવરણકર્મનો ક્ષય (૪)મનઃપર્યવજ્ઞાનાવરણકર્મનો ક્ષય,(૫) કેવળજ્ઞાનાવરણકર્મનો ક્ષય,(૬)ચક્ષુદર્શનાવરણકર્મનો ક્ષય (૭) અચક્ષુદર્શનાવરણકર્મનો ક્ષય,(૮)અવધિદર્શનાવરણકર્મનો ક્ષય,(૯) કેવળદર્શનાવરણકર્મનો ક્ષય,(૧૦)નિદ્રાદર્શનાવરણીયકર્મનો ક્ષય,(૧૧)નિદ્રાનિદ્રાદર્શન વરણીકર્મનો ક્ષય,(૧૨) પ્રચલાદર્શન વરણીકર્મનો ક્ષય (૧૩)પ્રચલાપ્રચલાદર્શનાવરણીકર્મનો ક્ષય,(૧૪)સ્ત્યાનર્દ્ધિ-કર્મનોક્ષય.(૧૫)સાતાવેદનીયકર્મનો ક્ષય,[૧૬] અસાતાવેદનીયકર્મનો ક્ષય,(૧૭)દર્શનમોહનીયકર્મનો ક્ષય (૧૮)ચારિત્રમોહનીયકર્મનો ક્ષય,(૧૯)નરકાયુકર્મનો ક્ષય,(૨૦)તિર્યંચાયુકર્મનો ક્ષય,(૨૧ મનુષ્યાયુકર્મનો ક્ષય,(૨૨)દેવાયુકર્મનો ક્ષય (૨૩)ઉચ્ચગોત્રનો ક્ષય, (૨૪) નીચગોત્રનો ક્ષય, [૨૫] શુભનામનો ક્ષય, [૨૬] અશુભનામનો ક્ષય, (૨૭) દાનાન્તરાયનો ક્ષય (૨૮) લાભાન્તરાયનો ક્ષય, (૨૯) ભોગાન્તરાયનો ક્ષય, (૩૦)

ઉપભોગાન્તરાયનો ક્ષય (૩૧) અને વીર્યાન્તરાયનો ક્ષય. સુમેરૂપર્વત લંબાઇ પહોળાઇની અપેક્ષાએ દશ હજાર યોજનપ્રમાણ જમીનમાં અદ્રશ્ય છે. તેથી સમતલ ભૂભાગમાં એકત્રીસ ૩૧ હજાર અને ૬૨૩ છસો તેવીસ યોજનથી સહેજ ઓછી તેની પરિધિ કહી છે. વિષ્કરભ કરતાં પરિધિ ત્રણ ત્રણથી સહેજ વધારે થાય છે. તેથી દશહજાર યોજનના વિષ્કંભવાળો હોવાથી ૩૧૬૨૩ એકત્રીસહજાર છસોતેવીસ યોજનથી સહેજ ઓછી તેની પરિધિ થાય છે. જ્યારે સૂર્ય સમુદ્રાન્તર્ગત મંડલોમાના અંતિમ મંડલને જયોતિષ્ક ચક્રના સંચરણ માર્ગને પ્રાપ્ત કરીને ગતિ કરે છે, ત્યારે તે ૩૧૮૩૧ એકત્રીસ હજાર આઠસો એકત્રીસ યોજન અને એક યોજનના ૬૦ સાઇઠ ભાગોમાંથી ૩૦ ત્રીસ ભાગ પ્રમાણ એટલે કે- **साठिया तीस भाग**૬૦/૩૦ યોજન પ્રમાણ દૂર હોવા છતાં પણ તેનો ઉદય થતાંજ તે ભરતક્ષેત્રવર્તી મનુષ્યોની નજરે પડે છે તેનું તાત્પર્ય આ પ્રમાણે છે-સૂર્યના મંડલ-સંચરણ માર્ગ-૧૮૪ એકસો ચોર્યાશી છે. તેમાં જમ્બૂદ્વીપની મધ્યમાં (૧૮૦) એકસો એંસી યોજનની અંદર (૬૫) પાંસઠ સૂર્યમંડલ છે લવણસમુદ્રની વચ્ચેના (૩૩૦) ત્રણસો ત્રીસ યોજનમાં (૧૧૯ એકસો ઓગણીમ સૂર્યમંડલ છે. આ સમુદ્રના સૂર્યમંડલેમા જે અંતિમ સૂર્યમંડલ છે, તેનો અયામ વિષ્કંભ-લંબાઇ પહોળાઈ-(૧૦૦૬૬૦) એકલાખ છસો સાઇઠ યોજનનો છે. આ મંડળની પરિધિ વૃત્તક્ષેત્રના ગણિતને હિસાબે (૩૧૮૩૧૫) ત્રણ લાખ અઢાર હજા ત્રણસો પંદર યોજનની છે આટલા પ્રમાણના ક્ષેત્રરૂપ મંડળને સૂર્ય બે રાત્રિ દિવસમાં પાર કરે છે, દિન રાતના સાઈઠ (૬૦) મુહૂર્ત થાય છે. પરિધિના પ્રમણનો ૬૦ મો ભાગ કરીએ અર્થાત્ સાઇઠથી ભાગીએ તો ૫૩૦૫/૧૫-૬૦ પાંચ હજાર ત્રણસો પાંચ અર્થાત **साठिया पंदर भाग** યોજન આવે છે. સૂર્ય એક મુહૂર્તમાં આટલાક્ષેત્રને પર કરે છે. જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડળમાં સમુદ્રાન્તર્ગત અંતિમ મંડલમાં જાય છે, ત્યારે દિવસ (૧૨) બાર મુહૂર્ત્તનો થાય છે આ બાર મુહૂર્તવાળા દિવસના અર્ધા એટલે કે-૬ છ મુહૂર્તને પૂર્વોકત ૫૩૦૫/૧૫-૬૦ પાંચહજાર ત્રણસો પાંચ અને **सांठिया पंदर भाग** વડે ગુણતાં જેટલી યોજન સંખ્યા આવે એજ સૂર્યની ૬ છ મુહૂર્તની ગતિનું પ્રમાણ છે. આ પ્રમાણજ ભરતક્ષેત્રવર્તી મનુષ્યની ચક્ષુ ઇન્દ્રિયની સ્પર્શ ગતિનું પ્રમાણ થાય છે. અને એજ પ્રમાણ ૩૧૮૩૧/૩૦-૬૦ એકત્રીસ હજાર આઠસો એકત્રીસ **साठिया तीसभाग** યોજન થાય છે. તેનું તાત્પર્ય એ છે કે-ભરતક્ષેત્રવર્તી મનુષ્ય એટલા યોજન દૂર રહેલા સૂર્યને જોઇ શકે છે. એથી સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત મનુષ્યની ચક્ષુઇન્દ્રિયનો એટલો વિષય છે. એમ બતાવ્યું છે. અભિવર્ધિતમાસ (અધિ-

માસ) રાત્રી દિવસના પ્રમાણની અપેક્ષાએ ૩૧ એકત્રીસ રાત દિવસથી સહેજ વધારે સમયનો હોય છે. તેનું તાત્પર્ય એ છે કે-અભિવર્ધિતસંવત્સર (વર્ષ) ૩૮૩/૪૪-૬૦ ત્રણસો ત્યાસી **साठिया चोआलीस भाग** દિવસનું થાય છે. તેના બારમા ભાગને અભિવર્ધિતમાસ કહે છે. જે વર્ષમાં અધિકમાસ આવે છે, તે વર્ષને અભિવર્ધિત સંવત્સર કહે છે. આ એક અભિવર્ધિત સંવત્સરમાં ૧૩ તેર ચંદ્ર માસ હોય છે. તેમાં ૩૧ એકત્રીસ દિવસ અને એક રાત્રિ દિવસના ૬૨ બાસઠ ભાગ પૈકી ૩૨ બત્રિસ ભાગ હોય છે. એટલે કે એક ચન્દ્ર માસના ૩૧ ૩૨-૬૨ **बासठिया बत्रीस भाग** દિન-રાત હોય છે. સૂર્યમાસ-જેટલા સમયમાં આદિત્ય રાશિનો ભોગ કરે છે (એટલે કે જે કોઈ એક રાશિમાં રહે છે) એટલા સમયને સૂર્યમાસ કહે છે. સૂર્યમાસ—કંઇક વિશેષ ઓછા ૩૧ એકત્રીસ દિનરાતનો હોય છે.

ભાવાર્થ—આ સૂત્રદ્વારા સૂત્રકારે ૩૧ એકત્રીસ સંખ્યાવાળા સમવાયોનું કથન કર્યું છે. તેમાં તેમણે સિદ્ધપદની પ્રાપ્તિ કર્યા પહેલાં એટલે કે કેવળજ્ઞાનની પ્રાપ્તિ વખતે આત્મામાં જે ૩૧ એકત્રીસ ગુણો હોય છે. તે બતાવ્યા છે. સુમેરૂપર્વતનો પરિક્ષેપ (પરિધિ) એકત્રીસ હજાર અને થોડાં ઓછાં છસો તેવીસ યોજનનો છે. સૂર્ય જ્યારે સર્વ બાહ્ય મંડળમાં આવીને ગતિ કરે છે. ત્યારે અહિંથી ૩૧૮૩૧/૩૦-૬૦ એકત્રીસ હજાર આઠસો એકત્રીસ યોજનના **साठिया त्रीसभाग** યોજન દૂર હોય છે. આ ભરતક્ષેત્રના મનુષ્ય તેને પોતાની ચક્ષુઇન્દ્રિયથી દેખી શકે છે. અભિવર્ધિતમાસ ૩૧ એકત્રીસ દિનરાતથી થોડા વધારે સમયનો હોય છે. એજ રીતે સૂર્યમાસ પણ ૩૧ એકત્રીસ દિનરાતથી કંઇક વિશેષ ઓછા કાળનો હોય છે. આ બધી બાબતોનું સ્પષ્ટીકરણ સૂત્રના અર્થમાં કહી દેવાયું છે ।।સૂ૦ ૬૭।।

## ઇકતીસવે સમવાયમેં નારકિયોં કે સ્થિત્યાદિ કા નિરૂપણ

ટીકાર્થ—**इमीसे णं इत्यादि ।** આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ ૩૧ એકત્રીસ સાગરોપમની કહી છે. નીચે સાતમી પૃથ્વીમાં કેટલાક નારકિયોની સ્થિતિ ૩૧ એકત્રીસ સાગરોપમની કહી છે અસુરકુમાર દેવોમાં કેટલાક દેવની સ્થિતિ ૩૧ એકત્રીસ પલ્યોપમની કહી છે સૌધર્મ અને ઇશાન એ બે કલ્પોમાં કેટલાક દેવોની ૩૧ એકત્રીસ પલ્યોપમની સ્થિતિ કહી છે. વિજય, વૈજયન્ત જયંત અને અપરાજીત, એ ચાર વિમાનોમાં રહેનાર દેવોની જઘન્ય સ્થિતિ ૩૧ એકત્રીસ સાગરોપમની છે જે દેવો

ઉપરિતન ઉપરિતન ગ્રૈવેયક વિમાનોમાં દેવની પર્યાયે ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૧ એકત્રીસ સાગરોપમની કહી છે તે દેવો ૩૧ એકત્રીસ અર્ધમાસ બાદ બાહ્ય આભ્યન્તરિક શ્વાસોચ્છ્વાસ ગ્રહણ કરે છે. તે દેવોને ૩૧ એકત્રીસહજાર વર્ષ વ્યતીત થયા પછી આહારસંજ્ઞા ઉત્પન્ન થાય છે. તેમાં કેટલાક જીવ એવા પણ હોય છે કે જે ભવસિદ્ધિક હોય છે. તેઓ ભવિષ્યમાં ૩૧ એકત્રીસ ભવ કરીને નિયમતઃ સિદ્ધગતિ પામશે, આત્માના અનંત જ્ઞાનાદિક ગુણોના ભોકતા થશે, આ સંસારથી મુકત થશે, પરિનિર્વૃત થશે. અને સમસ્વ દુઃખોનો અંત લાવશે. ॥સૂ. ૬૮॥

## બત્તીસવે સમવાય મેં યોગ સંગ્રહાદિકા નિરૂપણ

હવે સૂત્રકાર ૩૨ બત્રિસ સંખ્યાવાળાં સમવાયોનું કથન કરે છે—**"बत्तीसं जोग संगहा" इत्यादि**

ટીકાર્થ—બત્રીસ (૩૨) યોગસંગ્રહ કહ્યા છે. મન, વચન અને કાયની પ્રવૃત્તિને યોગ કહે છે. તે વ્યાપાર (પ્રવૃત્તિ) પ્રશસ્તરૂપે જ અહીં ગ્રહણ કરેલ છે એવા ગુરુશિષ્યગત પ્રશસ્તયોગનું અહીં વર્ણન કરાયું છે. યોગોના સંગ્રહને યોગસંગ્રહ કહે છે. આલોચના, નિરપલાપ આદિ ક્રિયાઓ પ્રશસ્તયોગના સંગ્રહની કારણરૂપ હોય છે, તેથી કાર્ય કારણમાં અભેદોપચારથી તે ક્રિયાઓને અહીં પ્રશસ્ત યોગસંગ્રહરૂપ કહેલ છે. પ્રશસ્તયોગ સંગ્રહના ૩૨ બત્રીસ પ્રકાર નીચે પ્રમાણે છે–

(૧) જેમ બાલક પોતાના અપરાધોને વડિલો પાસે સરલભાવે પ્રગટ કરે છે તેમ પોતાના અપરાધોને ગુરુમહારાજની સમક્ષ સરળભાવથી પ્રકાશિત કરવા તેનું નામ 'આલોચના' છે. (૨) ગૃહીત પ્રાયશ્ચિત્તનું અપ્રકાશન કરવું તેનું નામ 'નિરપલાપ' છે. (૩) પરીષહો અને ઉપસર્ગો આવી પડે ત્યારે ધર્મમાં દૃઢ રહેવું તેનું નામ 'આપત્તિઓમાં દૃઢ ધર્મતા' છે. (૪) પરાપેક્ષાથી રહિત થઇને તપસ્યા કરવી એટલે કે નિર્જરાને નિમિત્તે જ સમસ્ત ક્રિયાઓ કરવી તેનું નામ "અનિશ્રિતોપધાન" છે. (૫) 'ગ્રહણી' અને 'આસેવની'ના ભેદથી શિક્ષા બે પ્રકારની હોય છે. સૂત્રાર્થને ગ્રહણ કરવો તેનું નામ 'ગ્રહણી શિક્ષા' છે અને પ્રતિલેખના આદિ ક્રિયાઓ યોગ્ય સમયે કરવી તેનું નામ 'આસેવની શિક્ષા' છે (૬) શારીરિક સંસ્કાર ન કરવા તેનું નામ નિષ્પ્રતિકર્મતા' છે. (૭) ગુપ્ત રીતે તપસ્યા કરવી તેનું નામ

'અજ્ઞાનતા' છે. (૮) લોભનો પરિત્યાગ કરવો તે 'અલોભ' કહેવાય છે. (૯) પરીષહ અને ઉપસર્ગ સહન કરવા તેનું નામ તિતિક્ષા છે (૧૦) પરિણામોમાં સરળતા હોય તેનું આર્જવ' છે. (૧૧) અંતઃકરણને શુદ્ધ રાખવું તેનું નામ 'શુચિ'(૧૨) સમ્યગ્દર્શનની શુદ્ધિને સમ્યગ્દૃષ્ટિ કહે છે. (૧૩) ચિત્તની સ્વસ્થતાને 'સમાધિ કહે છે. (૧૪) માયા ન કરવી તેનું નામ 'આચારોપગત' છે. (૧૫) માન ન કરવું તેનું નામ 'વિનયોગત' છે. (૧૬) ધૈર્યપ્રધાન મતિનું હોવું એટલે કે દીનતાથી રહિત હોવું તેને 'ધૃતિમતિ કહે છે. (૧૭) સંસાર પ્રત્યે વૈરાગ્યભાવ થવો અથવા મોક્ષની અભિલાષા રાખવી તેનું નામ 'સંવેગ' છે. ૧૮)માયાશલ્યથી રહિત બનવું તેને 'પ્રણિધિ' કહે છે.(૧૯)સારાં અનુષ્ઠાનો કરવા તેનું નામ 'સુવિધિ' છે.(૨૦) આસ્રવનો નિરોધ કરવો તેને 'સંવર' કહે છે. (૨૧) પોતાના દોષોનો પરિત્યાગ કરવો તેનું નામ આત્મદોષોપસંહાર છે. (૨૨) સમસ્ત વિષયોથી નિવૃત્ત થવું તેને 'સર્વકામ વિરકતતા કહે છે. (૨૩-૨૪) મૂલગુણ સંબંધી અને ઉત્તરગુણ સંબંધી પ્રત્યાખ્યાનનું નામ 'પ્રત્યાખ્યાન' છે.(૨૫)દ્રવ્ય તથા ભાવની અપેક્ષાએ કાયોત્સર્ગ કરવો તેને 'વ્યુત્સર્ગ' કહે છે. (૨૬) પ્રમાદનો ત્યાગ કરવો તેને 'અપ્રમાદ' કહે છે (૨૭)પ્રતિસમય સામાચારી-અનુષ્ઠાન કરવું તેનું નામ 'લવાલવ' છે. (૨૮) મન, વચન અને કાયરૂપ યોગનું સંવરણ કરવું તેને 'ધ્યાનરૂપ સંવરણયોગ' કહે છે. (૨૯) મારણાન્તિક વેદનાનો ઉદય થવા છતાં નિશ્ચલ રહેવું તેને 'મારણાન્તિક ઉદય' કહે છે. (૩૦) સંગોનું-પરિગ્રહનું જ્ઞ પરિજ્ઞાથી સ્વરૂપ જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી તેમનો પરિત્યાગ કરવો તેને 'સંગપરિજ્ઞાત' કહે છે.(૩૧)દોષ લાગે તો તેનું પ્રાયશ્ચિત્ત કરવું તેનું નામ પ્રાયશ્ચિત્તકરણ' કહે છે. (૩૨)સમાધિમરણથી પ્રાણોનું વિસર્જન કરવું તેનું નામ 'મારણાન્તિક અરાધના' છે. આ પ્રમાણે ૩૨ યોગ સંગ્રહ છે. નીચે પ્રમાણે ૩૨ બત્રીસ દેવેન્દ્રો કહેલ છે. (૧) ચમર, (૨) બલિ, (૩) ધરણ, (૪) ભૂતાનંદ, (૫) વેણુદેવ, (૬) વેણુદાલી, (૭) હરિકાન્ત, (૮) હરિસ્સહ, (૯) અગ્નિશિખ, (૧૦) અગ્નિમાણવક, (૧૧) પૂર્ણ, (૧૨) વશિષ્ઠ, (૧૩) જલકાન્ત, (૧૪) જલપ્રભ, (૧૫) અમિતગતિ, (૧૬) અમિતવાહન, (૧૭) વેલમ્બ, (૧૮) પ્રભંજન, (૧૯) ઘોષ, (૨૦) મહાઘોષ, એ વીસ ભવનપતિ દેવોના ઇન્દ્રો છે. ચન્દ્ર અને સૂર્ય એ બે જયોતિષ્ક દેવોના ઇન્દ્રો છે. (૧) શક, (૨) ઇશાન, (૩) સનત્કુમાર, (૪) માહેન્દ્ર, (૫) બ્રહ્મા, (૬) લાન્તક, (૭) શુક્ર, (૮) સહસ્રાર, (૯) પ્રાણત, (૧૦) અચ્યુત, એ દશ વૈમાનિક દેવોના ઇન્દ્રો છે. પિશાચભૂત આદિ-

કોના ૧૬ ઇન્દ્રો તથા અપ્રજ્ઞપ્તિક પંચપ્રજ્ઞપ્તિક આદિકોના ૧૬ સોળ ઇન્દ્રો, આ પ્રમાણે વ્યન્તર દેવોના ૩૨ બત્રીસ ઇન્દ્રો છે. પણ તે ઇન્દ્રોની ગણતરી અહીં કરવામાં આવી નથી કારણકે તેઓ અલ્પઋદ્ધિવાળા છે. જો કે ચન્દ્ર અને સૂર્ય અસંખ્યાત છે, તો પણ જાતિ વિવક્ષાથી તે બધાનો એ બન્નેમાં સમાવેશ થઇ જાય છે. આ રીતે ૩૨ બત્રીસ ઇન્દ્રોની સંખ્યાનું પ્રતિપાદન થઇ જાય છે. કુન્થુ અર્હંત પ્રભુના (૩૨૩૨)બત્રીસ સો બત્રીસ કેવલી થયા છે. સૌધર્મ કલ્પમાં ૩૨ બત્રીસ લાખ વિમાન છે. રેવતી નક્ષત્ર ૩૨ બત્રીસ તારાઓવાળુ છે. નાટકના પણ ૩૨ બત્રીસ પ્રકારો બતાવ્યાં છે ।।સૂ.૬૮।।

## બત્તીસવે સમવાયમેં નૈરયિકોંકી સ્થિતિ કા નિરૂપણ

ટીકાર્થ—**'इमीसे णं' इत्यादि !** આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિથિ ૩૨ બત્રીસ પલ્યોપમની કહી છે. નીચે સાતમી પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ ૩૨ બત્રીસ સાગરોપમની કહી છે. અસુરકુમાર દેવોમાં કેટલાક દેવોની ૩૨ બત્રીસ પલ્યોપમની સ્થિતિ કહી છે. સૌધર્મ અને ઇશાન કલ્પોમાં કેટલાક દેવોની સ્થિતિ ૩૨ બત્રીસ પલ્યોપમની કહી છે. જો દેવો વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત, એ ચાર વિમાનોમાં દેવની પર્યાયે ઉત્પન્ન થાય છે તે દેવોમાંના કેટલાક દેવોની સ્થિતિ ૩૨ બત્રીસ સાગરોપમની કહી છે. તે દેવો ૩૨ બત્રીસ અર્ધ-માસ—૧૬ સોળ માસ—બાદ બાહ્ય આભ્યન્તરિક શ્વાસોચ્છ્વાસ ગ્રહણ કરે છે. તે દેવોને ૩૨ બત્રીસ હજાર વર્ષ વ્યતીત થાય ત્યારે આહાર સંજ્ઞા પેદા થાય છે. તે દેવોમાંના કેટલાક દેવો એવા પણ હોય છે કે જે બત્રીસ ભવ કર્યા પછી નિયમતઃ સિદ્ધગતિ પામશે, આત્માના અનંત જ્ઞાનાદિક ગુણોના ભોકતા થશે, આ સંસારથી મુકત થશે, પરિનિવૃત્ત થશે અને સમસ્ત દુઃખોનો નાશ કરી નાખશે. ।।સૂ.૬૯।।

હવે સૂત્રકાર તેત્રીસ સંખ્યાવાળાં સમવાયોનું કથન કરે છે "**तेत्तीसं आसायणाओ" इत्यादि !**

ટીકાર્થ-જેનાથી જ્ઞાન દિક ગુણોનો સંપૂર્ણ પણે નાશ થાય છે તેનું નામ '**આશાતના**' છે. અથવા સમ્યગ્દર્શન આદિની પ્રાપ્તિરૂપ લાભનું જે ખંડન થાય છે તેનું નામ 'અશાતેની' છે. આ વ્યાખ્યા પ્રમાણે અશાતના ચારિત્રના દોષરૂપ છે તે આશાતરૂપ ૩૩ તેત્રીસ દોષો નીચે પ્રમાણે કહેલ છે.

(૧) જો શિષ્ય રાત્નિક-આચાર્ય આદિ-ગુરુજન તથા વડીલોની આગળ ચાલે તો તેને આશાતના દોષ લાગે છે. (૨) જો શિષ્ય રાત્નિક ગુરુજન તથા વડીલોની સાથે ચાલે તો તેને આશાતના જન્ય દોષ લાગે છે. (૩) શિષ્ય જો આચાર્યઆદિ ગુરુજન તથા વડીલોની પાછળ સંઘટ્ટા કરતો-શરીર સાથ ઘસાઇને-ચાલે તો તેને ત્રીજો આશાતના જન્ય દોષ લાગે છે. (૪-૫-૬) શિષ્ય જો ગુરૂજન તથા વડીલોની આગળ ઉભો રહે, બરાબર નજીક ઉભો રહે, કે પાછળ શરીરને ઘસાઇને ઉભો રહે તો તેને ચોથો, પાંચમો અને. છઠ્ઠો આશાતના જન્ય દોષ લાગે છે (૭-૮-૯) એજ પ્રમાણે શિષ્ય ગુરુજના તથા વડીલોની આગળ બેસે, બરાબર પાસે બેસે, તથા શરીરને અડીને પાછળ બેસે તો તેને સાતમો, આઠમો અને અને નવમો આશાતના જન્ય દોષ લાગે છે. (૧૦) ગુરુની સાથે વિચારભૂમિ-સ્થંડિલભૂમિમાં ગયેલ શિષ્ય જો ગુરુની પહેલાં શૌચ કરે તો આશાતના થાય છે. (૧૧) આચાર્યની સાથે વિચાર-ભૂમિ-સ્થંડિલભૂમિ વિહારભૂમિ-સ્વાધ્યાયભૂમિમાં ગયેલ શિષ્ય ત્યાંથી પાછા આવ્યા પછી જો ગુરૂની પહેલા ઐર્યાપથિક પ્રતિક્રમણ કરે તો શિષ્યને અશાતના દોષ લાગે છે. (૧૨) કોઇ વ્યકિત ગુરૂની પાસે આવે તેની સાથે ગુરૂ વાત કરે તે પહેલાં જ જો શિષ્ય તેની સાથે વાર્તાલાપ કરે તો શિષ્યને આશાતના દોષ લાગે છે. (૧૩) રાત્રે અથવા વિકાળે ગુરૂ શિષ્યને પૂછે કે "કોણ કોણ સૂતાં છે અને કોણ કોણ

જાગે છે” ત્યારે જો શિષ્ય જાગતો હોવા છતાં પણ ગુરૂને જવાબ ન આપે તો શિષ્યને અશાતના દોષ લાગે છે. (૧૪) અશનાદિ ચાર પ્રકારના આહાર ગૃહસ્થને ઘેરથી લાવીને પહેલાં જો શિષ્ય લઘુમુનિની પાસે આલોચના કરે અને પછી ગુરુની પાસે આલોચના કરે તો શિષ્યને અશાતના દોષ લાગે છે. (૧૫) શિષ્ય અશનાદિ ચાર પ્રકારના આહાર લાવીને પહેલાં લઘુમુનિને બતાવે અને પછી ગુરૂને બતાવે તો શિષ્યને આશાતના દોષ લાગે છે. (૧૬) શિષ્ય અશનાદિ ચાર પ્રકારના આહાર લાવીને પહેલાં લઘુમુનિને અને પછી ગુરૂને આમંત્રિત કરે તો શિષ્યને આશાતના લાગે છે. (૧૭) ગુરૂની સાથે અશનાદિ લાવીને ગુરૂને પૂછ્યા વિના પોતાની ઈચ્છા પ્રમાણે અન્ય સાધુઓને અધિક આહાર આપે તો શિષ્યને આશાતના લાગે છે. (૧૮) ગુરૂની સાથે આહાર કરતો શિષ્ય જો પ્રશસ્ત-શરીરને સુખદાયી. **ऊसढं-ऊसढं** -ઉત્તમ ઉત્તમ એટલે કે તાજો તાજો, **रसियं रसियं**-સરસ, સરસ, **मणुन्नं मणुन्नं**-મનગમતો, **मणामं मणामं**-હૃદયને આનંદ દેનાર, **णिद्धं णिद्धं**-સ્નિગ્ધ-ઘીથી ભરપૂર ઘેવર આદિ, **लुक्खं लुक्खं**-રૂક્ષ-રૂક્ષ, પાપડ આદિ, જે જે પદાર્થ મનને ગમતા હોય તે જલ્દી જલ્દી અને વધારે પ્રમાણમાં ખાય તો તેને આશાતના દોષ લાગે છે (૧૯) ગુરૂ બોલાવે છતાં પણ શિષ્ય જવાબ ન આપે તો તેને આશાતના લાગે છે. (૨૦) ગુરૂ મહારાજના વચનનો તેમની પાસે ન જતાં પોતાને આસને બેઠાં બેઠાં ઉત્તર આપે તો શિષ્યને આશાતના લાગે છે. (૨૧) ગુરૂ બોલાવે ત્યારે ગુરૂની તદ્દન નજીક ન જતાં દૂરથી જ “શું કહો છો” એવો ઉત્તર આપે તો શિષ્યને આશાતના લાગે છે. (૨૨) જો શિષ્ય ગુરૂને ‘તુ’ કહીને બોલાવે અને ‘હે ભદન્ત’ ઈત્યાદિ કહીને ન બોલાવે તો શિષ્યને આશાતના લાગે છે. કહ્યું પણ છે કે—

**“हुं करोति यदा शिष्यस्त्वं वाऽऽचार्य प्रमादतः ।**
**इहा कीर्तिमवाप्नोति, कुयोर्निचाधिगच्छति**॥१॥ ઈતિ.

શિષ્ય પ્રમાદથી ગુરૂને તુંકારાથી બોલાવે તો આલોકમાં અકીર્તિ પ્રાપ્ત કરે છે અને પરલોકમાં કુયોનિમાં જન્મ લે છે. ॥૧॥

(૨૩) શિષ્ય ગુરૂ પ્રત્યે જરૂર કરતાં વધારે નિરર્થક અથવા કઠોર વચન બોલે તો શિષ્યને આશાતના લાગે. (૨૪) ગ્લાન (વૃદ્ધ, બિમાર) આદિ સાધુની વૈયાવચ્ચ કરવાની ગુરૂ પ્રેરણા કરે ત્યારે આપ જ કેમ કરતા નથી” એમ કહેનાર શિષ્યને આશાતના દોષ લાગે છે. (૨૫) ગુરૂ વ્યાખ્યાન આપતા હોય ત્યારે “આમ બોલવું જોઈએ આમ ન બોલવું જોઈએ” એ પ્રમાણે ગુરૂને કહેનાર શિષ્યને આશાતના લાગે છે. (૨૬) ગુરૂ વ્યાખ્યાન આપતા હોય ત્યારે “આપને યાદ આવતું નથી”

એમ કહે તો શિષ્યને આશાતના લાગે છે. (૨૭) ગુરૂના વ્યાખ્યાનથી જો શિષ્ય પ્રસન્ન ન થાય તો શિષ્યને આશાતના લાગે છે. [૨૮] ગુરૂના વ્યાખ્યાન કાળે જો શિષ્ય પરિષદને છિન્નભિન્ન કરે તો તેને આશાતના લાગે છે. (૨૯) ગુરૂના વ્યાખ્યાન સમયે "હવે ભિક્ષાનો સમય થઈ ગયો" ઇત્યાદિ કહીને વિક્ષેપ કરનાર શિષ્યને આશાતના લાગે છે. [૩૦] ગુરુના વ્યાખ્યાનમાં એકઠી થયેલ પરિષદ ઉઠવાના, ભિન્ન થવાના, વ્યવચ્છિન્ન થવાના અને વિખરાવાના પહેલાં સાંભળવાને માટે સભાજનો ઉત્સુક હોય તો પણ એજ ગુરૂજીએ કહેલ કથા બે અથવા ત્રણવાર કહે તો શિષ્યને આશાતના દોષ લાગે છે. (૩૧) ગુરૂની શય્યા અને સંસ્તારકનો પ્રમાદથી શિષ્યના પગ વડે સ્પર્શ થઈ જાય તો અને હાથ જોડીને ક્ષમાપના વિના જો શિષ્ય ચાલ્યો જાય તો તેને આશાતના લાગે છે. (૩૨) ગુરની શય્યા–સંસ્તારક ઉપર જો શિષ્ય ઉભો રહે બેસે કે શયન કરે તો તેને આશાતના દોષ લાગે છે. (૩૩) જો શિષ્ય ગુરૂથી ઉંચા આસને કે ગુરૂની બરાબરીના આસને ઉઠે, બેસે કે શયન કરે તો તેને આશાતના લાગે છે. "દશાશ્રુતસ્કંધમાં"આ આશાતના વીસ પ્રકારની કહી છે. અસુરેન્દ્ર ચમરરાજ

## તેંતીસવે સમવાયમેં સુર્યમંડલકા નિરૂપણ

ચમરની ચમરચંચા નામની રાજધાનીમાં પ્રત્યેક દ્વારના બાહ્યપ્રદેશમાં ૩૩–૩૩ તેત્રીસ તેત્રીસ ભૌમ–નગરના જેવા વિશિષ્ટ સ્થાન છે. મહાવિદેહ ક્ષેત્રનો વિસ્તાર ૩૩ તેત્રીસ હજાર યોજનથી થોડો વધારે કહેલ છે.

જે સમયે સૂર્ય સમસ્ત બાહ્ય મંડળમાંથી ત્રીજા મંડળને પ્રાપ્ત કરીને ભ્રમણ કરે છે. તે સમય તે અહીંના એટલે જંબૂદ્વીપના માણસોને કંઇક ઓછા ૩૩ તેત્રીસ હજાર યોજન અંતરેથી દેખાય છે. તેનું તાત્પર્ય આ પ્રમાણે છે.–સૂર્યનાં સમસ્ત મંડળ ૧૮૪ એકસો ચોરાશી છે. તેમાં પ્રત્યેક બે મંડળો વચ્ચે જે અંતર છે તે બે યોજન અને એક યોજનનાં ૬૧ એકસઠ ભાગોમાંથી ૪૮ અડતાલીસ ભાગ પ્રમાણ છે. એટલે કે બે યોજન અને **इगसठिया अडतालीस भाग** ૨ ૪૮/૬૧ પ્રમાણ

છે. તથા સર્વ બાહ્ય મંડળથી બીજા મંડળ સુધી જે અંતર છે તે બમણું હોય છે એટલે પાંચ યોજન અને **एकसठिया पांत्रीस भाग** ૫ ૩૫/૬૧ પ્રમાણ છે. તેથી એ વાત જાણી શકાય છે કે-સર્વ બાહ્યમંડળ પછી જે બીજું મંડળ છે, તે વિસ્તારમાં તેના કરતાં ઓછું છે. બાહ્યમંડળથી અંદર પ્રવેશ કરતાં પ્રત્યેક મંડળના વિષ્કંભમાં આટલું ઓછું અંતર સમજવું જોઇએ તેથી વૃત્તક્ષેત્ર–પરિધિ ગણિત ન્યાય પ્રમાણે સર્વ બાહ્યમંડળ કરતાં બીજા મંડળની પરિધી ૧૭ ૩૮/૬૧ સત્તર યોજન અને **इगसठिया आडतीस भाग** યોજન ન્યૂન છે. એજ પ્રમાણે ત્રીજા મંડળની પરિધી તેના કરતાં બમણી ઓછી છે. તે આ પ્રમાણે બને છે—સમસ્ત બાહ્યમંડળથી ત્રીજા બાહ્યમંડળનો વિસ્તાર અગીયાર યોજન અને-એક યોજનના **इक-सठिया नौ भाग** ૧૧ ૯/૬૧ ઓછો છે. તથા પરિધિ પાંત્રીસ યોજન અને યોજનના **इकसठिया पंदर भाग** ૩૫ ૧૫/૬૧ ઓછી છે. તેથી તે પરિધિ ૩ લાખ અઢાર હજાર બસો ઓગણયાસી પૂર્ણાંક છેંતાલીસ **इकसठिया भाग** ૩૧૮ ૭૯ ૪૬/૬૧ એટલે કે એક યોજનના એકસાઇઠ ભાગમાથી છેંતાલીસ ભાગ પ્રમાણ યોજનની છે. તાત્પર્ય એ છે કે સર્વાન્તિમમંડલની પરિધિ ૩૧૮૩૧૫ ત્રણલાખ અઠાર હજાર ત્રણસોને પંદર યોજનની થાય છે. તેમાંથી પાંત્રીસ અને પંદર **इकसठियाभाग** ૩૫ ૧૫/૬૧ એટલે કે એક યોજનના એક સાઇઠ ભાગમાંથી પદર ભાગ પ્રમાણ અલગ કહાડવામાં આવે તો આ ઉપરોક્ત પ્રમાણ ૩૧૮૨૭૯ ત્રણ લાખ અઢાર હજાર બસો ઓગણયાએંશી ૪૬/૬૧ થઈ જાય છે. તથા અંતિમ મંડલથી સૂર્ય જયારે અંદર પ્રવેશ કરે છે, ત્યારે પ્રત્યેક મંડળમાં મુહૂર્તના ૨/૬૧ બે **इकसठियाभाग** પ્રમાણદિનમાન વધે છે. તેથી જયારે સૂર્ય અંતિમ મંડળોમાંથી ત્રીજા મંડળમાં સંચરણ કરે છે ત્યારે દિનમાન ૧૨ ૪/૬૧ બાર મુહૂર્તના **इकसाठिया चारभाग** થાય છે. તેના એકસાઠિયાભાગ

૭૩૬ સાતસો છત્રીસ થાય છે ૭૩૬સાતસો છત્રીસનો અર્ધો ભાગ ૩૬૮ ત્રણસો અડસઠ થાય છે આ (૩૬૮) ત્રણસો અડસઠથી સ્થૂલ ગણિતની રીત પ્રમાણે પાત્રીસપૂર્ણાક અને **इकसठिया पंदरभाग** ૩૫ ૧૫/૬૧ એટલે કે એક યોજનના એકસાઇઠ ભાગમાંથી પંદર ભાગ પ્રમાણ કાઢેલા અંશવાળી ત્રીજા મંડળની પરિધિની સાથે અર્થાત્ ૩૧૮૨૭૯ ત્રણલાખ અઢારહજાર બસો ઓગણ્યાસીની સાથે ગુણતાં ૧૧,૭૧,૨૬,૬૭૨ અગીયાર કરોડ ઈકોતેરલાખ છવીસહજાર છસો બોંતેર થાય છે તેને ૬૦થી ગુણેલા એકસઠવડે ૩૬૬૦ ત્રણ હજાર છસો સાઈઠ ભાગતાં જે-ભાગાકાર (ભાજનફળ) આવે છે. તે ત્રીજા મંડળમાં ચક્ષુસ્પર્શનું પ્રમાણ ૩૨૦૧ ત્રણહજાર ને એક યોજનનું આવે છે. બાકી બચેલા ત્રણહજાર અને બાર (૩૦૧૨) અંશોને ૬૧ એકસઠવડે ભાગતાં એક યોજનના ૪૯/૬૦ **साठियाओगणपचास भाग** તથા એક યોજનના ૧/૬૦ **साठिया एक भागना** એટલે કે ૨૩ **इकसाठिया तेवीसभाग** થાય છે. આ તૃતીય મંડલમાં ચક્ષુસ્પર્શનું પ્રમાણ જમ્બૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં પ્રાપ્ત થાય છે. અહીં મૂળસુત્રમાં **तेत्तीसाए जोयणसहस्सेहिं किंचि विसेसुणेहिं** એવો પાઠ છે. અહીં જે ૩૩ તેત્રીસહજાર યોજનથી થોડા વિશેષ ઓછા કહેલ છે તે ૩૨ બત્રીસ હજારની ઉપર સહેજ વધારે એક યોજનને પણ ન્યૂનસહસ્ર યોજન થવાની વિવિક્ષાએ કહેલ છે. ૧૫ પંદરમાં મંડળમાં તો તેત્રીસ હજાર યોજન પ્રમાણ થઇ જાય છે કારણ કે મંડલમાં કંઇક અધિક ચોરાશી યોજન પ્રથમ મંડલમા નાખવામા આવેછે ાસૂ ૭૦ા

## તેંતીસવે સમવાયમેં નારકિયોં કી સ્થિતિ કા નિરૂપણ

**ટીકાર્થ–'इमिसे णं' इत्यादि ।** આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકિયોની સ્થિતિ ૩૩ તેત્રીસ પલ્યોપમની કહી છે. નીચે સાતમી પૃથ્વીમાં કાલ, મહાકાલ, રૌરવ, અને મહારૌરવ એ નરકાવાસોમાં નારકીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ તેત્રીસ સાગરોપમની કહી છે. અપ્રતિષ્ઠાન નરકાવાસમાં નારકીઓની જઘન્ય-અને ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ તેત્રીસ પલ્યોપમની કહી છે. અસુરકુમાર દેવોમાં કેટલાક દેવોની સ્થિતિ ૩૩ તેત્રીસ પલ્યોપમની કહી છે. સૌધર્મ એને ઇશાન એ બે કલ્પોમાં કેટ-લાક દેવોની સ્થિતિ ૩૩ તેત્રીસ પલ્યોપમની કહી છે. વિજય, વૈજયન્ત અને અપ-

રાજીત એ વિમાનવાસી દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ તેત્રીસ સાગરોપમની કહી છે. જે દેવો સર્વાર્થસિદ્ધ નામના વિમાનમાં દેવની પર્યાયે ઉત્પન્ન થાય છે. તે દેવોની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ તેત્રીસ સાગરોપમની કહી છે તે દેવો ૩૭ તેત્રીસ અર્ધમાસ બાદ બાહ્ય આભ્યંતરિક શ્વાસોચ્છવાસ ગ્રહણ કરે છે, તે દેવોને ૩૩ તેત્રીસ હજાર વર્ષ વ્યતીત થાય ત્યારે આહારસંજ્ઞા ઉત્પન્ન થાય છે. તે દેવોમાં કેટલાક જીવો એવા હોય છે કે જે ૩૩ તેત્રીસ ભવ કર્યા પછી સિદ્ધપદ પામશે. આત્માના અનંત જ્ઞાનાદિક ગુણોના ભોકતા થશે આ સંસારથી સર્વથા મુક્ત થશે, પરિનિર્વૃત્ત થશે, અને સમસ્ત દુઃખોનો નાશ કરશે. ॥સૂ. ૭૧॥

## ચોંતીસવે સમવાય મેં તીર્થંકરો કે અતિશય કા નિરૂપણ

હવે સૂત્રકાર ૩૪ ચોત્રીસ સંખ્યાવાળા સમવાયોનું કથન કરે છે—"**चोत्तीसं बुद्धाइ**" **इत्यादि।**

તીર્થંકરોના ૩૪ ચોત્રીસ અતિશય કહ્યા છે. અતિશય એટલે પ્રભાવ તે ૩૪ અતિશય નીચે પ્રમાણે છે—

(૧) વાળ, દાઢી, રોમ અને નખની વૃદ્ધિ થતી નથી, આ પહેલો અતિશય થયો (૨) રોગરહિત અને મળલેપ રહિત શરીર હોય છે, આ બીજો અતિશય છે. (૩) ગાયના દૂધ જેવું ધવલ માંસ અને શોણિત હોય છે, આ ત્રીજો અતિશય

છે. (૪) પદ્મ અને ઉત્પલની ગંધ જેવો શ્વાસોચ્છવાસ હોય છે, આ ચોથો અતિશય છે. (૫) છદ્મસ્થના ચર્મચક્ષુ વડે તેમનો આહાર અને નીહાર-મલમૂત્રનો પરિત્યાગ જોઇ શકાતો નથી, આ પાંચમો અતિશય છે. (૬) આકાશગત ધર્મચક્રનું હોવું તે છઠ્ઠો અતિશય છે (૭) આકાશગત ત્રણ છત્રનું હોવું, તે સાતમો અતિશય છે (૮) આકાશગત બે સુંદર સફેદ ચામરોનું હોવું તે આઠમો અતિશય છે. (૯) આકાશગત સ્ફટિક રત્નનું બનાવેલું પાદપીઠિકા સહિતનું સિંહાસન હોવું તે નવમો અતિશય છે. (૧૦) આકાશગત હજારો નાની નાની પતાકાઓવાળા ઇન્દ્રધ્વજનું પ્રભુની આગળ આગળ ચલવું, તે દશમો અતિશય છે. (૧૧) અર્હંત ભગવાન જ્યાં જ્યાં થોભે છે ત્યાં ત્યાં એ જ ક્ષણે સઘન પત્ર, પુષ્પ અને પલ્લવથી યુક્ત છત્ર, ધ્વજા, ઘંટડીઓ, પતાકાઓ વાળા અશોકવૃક્ષનું હોવુ, તે અગિયારમો અતિશય છે. (૧૨) મસ્તકની પાછળ દસે દિશાઓને પ્રકાશિત કરનાર તેજોમંડળનું હોવુ તે બારમો અતિશય છે (૧૩) બહુસમ-અત્યંત એક સરખા ભૂમિભાગનું બનવું-એટલે કે જ્યાં જ્યાં અર્હન્ત ભગવાન વિરાજે છે, અથવા બેસે છે, કે જાય છે ત્યાં ત્યાંનો ભૂમિભાગ ઊંચોનીચો નહીં રહેતા સમતલ અને રમણીય થઈ જાય છે. આ તેરમો અતિશય છે.(૧૪)અર્હંત ભગવાન જે માર્ગેથી વિચરે છે ત્યાંના કાંટા અધોમુખ થઇ જાય છે. આ ચૌદમો અતિશય છે. (૧૫) વિપરીત ઋતુઓનું પણ સુખસ્પર્શથી યુક્ત હોવું એટલે કે છ ઋતુઓનું પ્રગટ થવું, આ પંદરમો અતિશય છે (૧૬) શીતલ, સુખદ, અને સુગંધિત વાયુનું-સંવર્તક પવનનું-ચાલવું અને એક યોજન સુધીના ક્ષેત્રને દરેક તરફથી કચરા આદિથી રહિત કરી દેવું તે સોળમો અતિશય છે (૧૭) મેઘ દ્વારા અચિત્ત પાણીના નાના ફોરાં વરસાવીને એક યોજ સુધીની જમીનની રજ અને ધૂળને તદ્દન સાફ કરવી આ સત્તરમો અતિશય છે. પવનથી જે ઉડે છે તેને રજ કહે છે. તથા જે ભૂમિપર રહે છે તેને ધૂળ કહે છે.

(૧૮) જાનુત્સેધ પ્રમાણ અચિત્ત, પંચવર્ણના જલગતપુષ્પો-કમલોની-શોભા ધારણ કરનારાં તથા સ્થળગત પુષ્પોની શોભા ધારણ કરનારાં પુષ્પોની ઉર્ધ્વમુખ સ્થિતિમાં જમીન પર રચના થાય છે, તે અઢારમો અતિશય થયો. (૧૯) અમનોજ્ઞ-પ્રતિકૂલ-શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધનો અભાવ તે ઓગણીસમો અતિશય છે. (૨ )

મનોજ્ઞ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધનો પ્રાદુર્ભાવ થાય છે તે વીસમો અતિશય છે. (૨૧) ઉપદેશ આપતાં વખતે ભગવાનની એક યોજન ગામી મનોહરવાણી થાય છે. આ ૨૧ એકવીસમો અતિશય થયો.(૨૨)સુકોમલ એવી અર્ધમાગધી ભાષામાં ભગવાન દ્વારા ઉપદેશ અપાય છે, આ ૨૨ બાવીસમો અતિશય છે.(૨૩)પ્રભુ દ્વારા બોલાયેલ અર્ધમાગધી ભાષાનું આર્ય. અનાર્ય, દ્વિપદ, ચતુષ્પદ, મૃગ, પશુ, પક્ષી, સરીસૃપ (પેટે ચાલતાં સર્પો), એ બધાને માટે પોતપોતાની ભાષારૂપે હિત, શિવ અને સુખદ સ્વરૂપમાં પરિણમન થવું એટલે કે જે અર્ધમાગધી ભાષામાં પ્રભુનો ઉપદેશ થાય છે તે ભાષા આર્ય, અનાર્યજન, પશુ આદિ જીવો પોત પોતાની ભાષામાં સમજી જાય છે, અને તેની મદદથી તેઓ આત્મકલ્યાણના માર્ગે ચડે છે. દ્વિપદથી મનુષ્ય અને ચતુષ્પદથી ગાય આદિ જાનવરો ગ્રહણ કરેલ છે. છતાં પણ સૂત્રકારે મૃગ આદિ પદોનો જે અલગ પ્રયોગ કર્યો છે તે તેમના વિશેષ ભેદો દર્શાવવાને માટે છે. એ જ વાત આર્ય અને અનાર્ય પદો વિષે પણ સમજી લેવી. એટલે કે આર્ય અનાર્ય પદોથી જો કે દ્વિપદોનું ગ્રહણ થઈ જાય છે, છતાં પણ દ્વિપદથી જે તેમનું સ્વતંત્ર કથન કર્યું છે તે સામાન્ય કથન છે એમ સમજવું. 'સરીસૃપ' પદથી ઉરઃ પરિસર્પો અને ભુજપરિસર્પોનેગ્રહણ કરાયેલ છે. આ તેવીશમો અતિશય થયો (૨૪) પૂર્વબદ્ધ વૈરભાવવાળાં–શાશ્વત દુશ્મનાવટ ધરાવનારા જીવો દેવ અસુર, નાગ સુવર્ણ, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિં પુરુષ, ગરુડ, ગંધર્વ અને મહોરગો અર્હંત ભગવાનના ચરણ આગળ પ્રસન્ન અંતઃકરણ અને પ્રસન્ન મને ધર્મોપદેશનું શ્રવણ કરે છે. ભગવાનનો એ અતિશય (પ્રભાવ) છે કે કુદરતી રીતે જ પરસ્પર વૈરભાવ રાખતા જીવો પણ એક જ જગ્યાએ બેસીને તથા વૈરભાવનો ત્યાગ કરીને ભગવાનની વાણી સાંભળે છે. અહીં 'દેવ' પદ વૈમાનિક દેવો માટે વપરાયું છે. અસુરકુમાર અને નાગકુમાર, એ ભવનપતિના ભેદો છે. 'સુવર્ણ' પદથી સુંદર વર્ણવાળા જ્યોતિષીદેવો સમજવાના છે. યક્ષ, રાક્ષસ, કિંન્નર, કિંપુરૂષ, એ બધા વ્યન્તર દેવોના ભેદો છે. ગરૂડનું ચિહ્ન જેને છે એવા સુપર્ણકુમાર 'ગરૂડ' પદથી ગ્રહણ કરાયા છે. ગરૂડ ભવનપતિનો એક ભેદ છે. ગંધર્વ અને મહોરગ, એ વ્યન્તર જાતિના દેવો છે. આ ચોવીસમો અતિશય થયો. (૨૫) અન્યતીર્થિક પ્રવચનકારોનું આવતાં જ પ્રભુને વંદન કરવું, તે ૨૫ પચીસમો અતિશય છે.(૨૬)ભગવાનનો એ અતિશય છે કે તેમની સમક્ષ આવતાં જ અભિમાની લોકોનું અભિમાન ઓગળી જાય છે. અન્યતીર્થિક પ્રાવચનિકોનું અર્હંતને શરણે આવતાં જ નિરુત્તર થવું તે ૨૬ છવ્વીસમો અતિશય છે. (૨૭) જ્યાં જ્યાં અર્હંત ભગવાન વિહાર કરે છે. ત્યાં ત્યાં ચારે દિશાઓમાં પચીશ

પચીશ યોજનપ્રમાણ ક્ષેત્રમાં ધાન્યાદિને નુકશાન પહોંચાડનાર ઉંદર આદિ જીવોનો ઉપદ્રવ બંધ થઇ જાય છે, આ ૨૭ સત્યાવીસ મો અતિશય થયો.(૨૮)મરકી આદિ મહામારી થતી નથી તે ૨૮ અઠ્ઠાવીસમો અતિશય છે (૨૯)અને(૩૦) સ્વચક્રકૃત અને પરચક્રકૃત ઉપદ્રવ થતો નથી (૩૧-૩૨) અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિનું ન થવું અને પૂર્વોત્પન્ન ઔત્પાતિકો (ઉત્પાતો) અનિષ્ટ સૂચક રૂધિરવૃષ્ટિ આદિના કારણરૂપ અનર્થો અને રોગોનું શમી જવું, તે ૩૪ ચોત્રીસમો અતિશય છે. ભગવાન તીર્થંકરના ૩૪ચોત્રીસ અતિશયો ઉપર પ્રમાણે છે ।।સૂ. ૭૨।।

## ચોંતીસવે સમવાય મેં ચક્રવર્ત્યાદિ કા નિરૂપણ

ટીકાર્થ—"**जंबूद्दीवेणं दीवे**" इत्यादि। જંબૂદ્વીપ નામના દ્વીપમાં ચક્રવર્તી દ્વારા વિજેતવ્ય ૩૪ ચોત્રીસ ક્ષેત્રખંડોને 'વિજય' કહેલ છે. તે આ પ્રમાણે છે-૩૨ બત્રીસ મહાવિદેહમાં છે અને બે ભરતક્ષેત્ર અને ઐરાવત ક્ષેત્રમાં છે-એટલે કે એક ભરતક્ષેત્રમાં છે અને એક ઐરાવત ક્ષેત્રમા છે. જંબૂદ્વીપ નામના દ્વીપમાં ૩૪ ચોત્રીસ દીર્ઘવૈતાઢય-પર્વત વિશેષ છે. જંબુદ્વીપ નામના દ્વીપમાં ઉત્કૃષ્ટ પદમા ૩૪ ચોત્રીસ તીર્થંકર ઉત્પન્ન થાય છે. તેઓ એક જ સમયે ઉત્પન્ન થાય છે એમ માનવાનું નથી, કારણ કે એક સમયે ચાર જ તીર્થંકરો ઉત્પન્ન થવાની સંભવિતતા છે. તે આ પ્રમાણે છે-મેરૂપર્વતના શિખર પર પૂર્વ પશ્ચિમ દિશાઓમાં એક એક શિલાતલ છે. બે, બે તીર્થંકરોનો જ અભિષેક થઇ શકે છે. તેથી પૂર્વ મહાવિદેહમાં બે અને પશ્ચિમ મહાવિદેહમાં બે એ પ્રમાણે કુલ ચાર જ તીર્થંકરો એક સમયે ઉત્પન્ન થઇ શકે છે. દક્ષિણ અને ઉત્તર દિશામાં તે સમયે દિવસ હોય છે. તેથી ભરતક્ષેત્રમાં અને ઐરાવતક્ષેત્રમાં જિન ભગવાનનો જન્મ થતો નથી કારણ કે જિન ભગવાનનો જન્મ મધ્ય રાત્રે જ થાય છે. અસુરરાજ ચમર અસુરેન્દ્રના ચોત્રીસ[૩૪]લાખ ભવનાવાસ કહેલ છે. પહેલી, પાંચમી, છઠ્ઠી અને સાતમી ભૂમિમાં ૩૪ ચોત્રીસ લાખ નરકાવાસ કહેલ છે.

ભાવાર્થ—આ સૂત્રદ્વારા સૂત્રકારે જે ૩૪ ચોત્રીસ ચક્રવર્તી વિજય બતાવ્યાં છે. દેવકુરૂ અને ઉત્તરકુરૂના ભાગ જેટલું ક્ષેત્ર છોડીને મહાવિદેહનું જે પૂર્વ અને પશ્ચિમ ભાગનું ક્ષેત્ર રહે છે તે દરેક ભાગમાં સોળ સોળ વિભાગ છે. તે પ્રત્યેક વિભાગને વિજય કહે છે. આ રીતે સુમેરૂ પર્વતની પૂર્વ અને પશ્ચિમ બાજુએ મળીને કુલ ૩૨ બત્રીસ 'વિજય' થાય છે. તેમાં ભરતક્ષેત્રનું એક અને ઐરવત ક્ષેત્રનું એક ઉમેરાવાથી કુલ

૩૪ ચોત્રીસ ચક્રવર્તી વિજય થઈ જાય છે. એ જ પ્રમાણે દીર્ઘ વૈતાઢયોની બાબતમાં પણ સમજવું પહેલી ભૂમિના ૩૦ ત્રીસ લાખ નરકાવાસ. પાંચમી ભૂમિના ત્રણ ૩ લાખ નરકાવાસ, છઠ્ઠીના એક લાખમાં ઓછા નરકાવાસ અને સાતમીના પાંચ નરકાવાસ મળીને કુલ ૩૪ ચોત્રીસ લાખ નરકાવાસ થાય છે. બાકીના પદોનો ભાવાર્થ સ્પષ્ટ છે ।।સૂ.૭૩।।

## પૈંતીસવે સમવાયમેં સત્યવચન કે પ્રતિશય કા નિરૂપણ

હવે સૂત્રકાર ૩૫ પાંત્રીસ સંખ્યાવાળા સમવાયોનું કથન કરે છે—**'पणत्तीसं सच्चवयणाइसेसा'** इत्यादि ।

ટીકાર્થ—સત્ય વચનના ૩૫ પાંત્રીસ અતિશય કહ્યા છે. તેમના નામ અને તેમનું વિસ્તૃત વર્ણન અમે રચેલી આચારાંગસૂત્રની ચિન્તામણિ ટીકામાંથી જિજ્ઞાસુઓએ જાણી લેવું. કુંથુનાથ ભગવાનના શરીરની ઊંચાઇ પાંત્રીસ [૩૫] ધનુષ પ્રમાણ હતી. સૌધર્મ કલ્પમાં-સૌધર્માવતંસક, આદિ વિમાનોમાં-સુધર્માસભા ઉપપાતસભા, અભિષેકસભા, અલંકારસભા, અને વ્યવહાર સભા, એ પ્રકારની પાંચ સભાઓ છે. તેઓમાંની જે સુધર્માસભા છે તેના મધ્ય ભાગમાં મણિપીઠિકાની ઉપર માણવક નામનો ચૈત્યસ્તંભ છે તે સાઠ (૬૦) યોજન પ્રમાણ છે. તેની નીચે તથા ઉપરના ૧૨ા-૧૨ા યોજનને છોડીને બાકીના ૩૫ પાંત્રીસ યોજનમાં વજ્રના બનેલાં ગોળાકાર સંપુટપાત્ર વિશેષોમાં જિનેન્દ્રોના અસ્થિ પ્રજ્ઞપ્ત થયેલ છે. બીજી અને ચોથી, એ બે પૃથ્વીઓમાં પાંત્રીસ (૩૫) લાખ નરકાવાસ કહેલ છે. ।।સૂ. ૭૪।।

## છત્તીસવે સમવાયમેં ઉત્તરાધ્યયન કે અધ્યયન આદિ કે નામ કા નિરૂપણ

હવે સૂત્રકાર ૩૬ છત્રીસ સંખ્યાવાળા સમવાયોનું કથન કરે છે–**'छत्तीसं उत्तरज्झयणा'** इत्यादि ।

ટીકાર્થ–ઉત્તરાધ્યયન સૂત્રના છત્રીસ [૩૬] અધ્યયનો ભગવાને કહેલ છે.

તે આ પ્રમાણે છે (૧) વિનયશ્રુત, (૨) પરીષહ, (૩) ચાતુરંગીય (૪) અસંસ્કૃત, (૫) અકામમરણીય (૬) પુરુષવિદ્યા, (૭) ઉરભ્રીય, (૮) કાપિલીય, (૯) નમિપ્રવ્રજ્યા, (૧૦) દ્રુમપત્રક, (૧૧) હુશ્રુતપૂજા, (૧૨) હરિકેશીય, (૧૩) ચિત્ર સંભૂત, (૧૪) ઇષુકારીય, (૧૫) સભિક્ષુક, (૧૬) સમાધિસ્થાન, (૧૭) પાપ શ્રમણીય, (૧૮)સંયતીય, (૧૯ મૃગચારિકા, (૨૦) અનાથપ્રવ્રજ્યા, (૨૧) સમુદ્રપાલીય, (૨૨) રથનેમિય, (૨૩) ગૌતમકેશીય, (૨૪) સમિતિય, (૨૫) યજ્ઞીય, (૨૬) સામાચરી, (૨૭) ખલુકીય, (૨૮) મોક્ષમાર્ગગતિ, (૨૯) અપ્રમાદ, (૩૦) તપોમાર્ગ, (૩૧) ચરણવિધિ, (૩૨)પ્રમાદ સ્થાન, (૩૩) કર્મપ્રકૃતિ, (૩૪) લેશ્યાધ્યયન, (૩૫) અનગારમાર્ગ અને(૩૬)જીવાજીવ વિભક્તિ. અસુરાધિપતિ ચમર અસુરેન્દ્રની સભાની ઊંચાઇ ૩૬ છત્રીસ યોજનની છે. શ્રમણ ભગવાન મહાવીરની ૩૬ છત્રીસ હજાર આર્યિકાઓ હતી. ચૈત્ર અને આસો, આ બે માસમાં સૂર્ય એક વાર ૩૬ છત્રીસ અંગુલપ્રમાણ પૌરુષીછાયા કરે છે. ॥સૂ.૭૫॥

## સેંતીસવે સમવાયમેં સત્તરહવે તીર્થંકર કુંથુનાથ ભગવાન કે ગણ ઔર ગણધર આદિ કા નિરૂપણ

હવે સૂત્રકાર સાડત્રીસ (૩૭) સંખ્યાવાળાં સમવાયો બતાવે છે—'**कुंथुस्स णं अरहओ**' **इत्यादि ।**

ટીકાર્થ–કુંથુનાથ અર્હંત ભગવાનના સાડત્રીસ ગણ અને સાડત્રીસ ગણધર હતા. હૈમવત અને હૈરણ્યવત ક્ષેત્રની જીવાઓ વિસ્તારની અપેક્ષાએ ૩૭૬૭૪ (સાડત્રીસ હજાર છસો ચુંમોતેર) યોજન અને એક યોજનના ૧૯ ભાગોમાંથી ૧૬ ભાગથી સહેજ ઓછી છે એટલે કે લગભગ ૩૭૬૭૪ ૧૬/૧૯ યોજન છે. સમસ્ત વિજય, વૈજયંત જયંત અને અપરાજિત નામોની રાજધાનીઓના પ્રાકાર (કોટ) ૩૭–૩૭ સાડત્રીસ–સાડત્રીસ યોજન ઊંચા છે. ક્ષુદ્રિકા વિમાન પ્રવિભક્તિના–કાલિકશ્રુત વિશેષના–પ્રથમ વર્ગના ૩૭ સાડત્રીસ ઉદ્દેશનકાલ કહ્યા છે. કાર્તિક વદ સાતમને દિવસે સૂર્ય ૩૭ સાડત્રીસ અંગુલ પ્રમાણ પૌરૂષીછાયા કરીને ગતિ કરે છે ॥સૂત્ર. ૭૬॥

હવે સૂત્રકાર આડત્રીસ (૩૮) સંખ્યાવાળાં સમવાયોનું કથન કરે છે—

**'पासस्स णं अरहओ' इत्यादि**

ટીકાર્થ—પુરૂષશ્રેષ્ઠ પાર્શ્વનાથ અર્હંત પ્રભુની આડત્રીસ હજાર આર્યિકાઓ ઉત્તમ રીતે આર્યિકા સંપત્ હતી. હૈમવત અને હૈરણ્ય ક્ષેત્રોની જે જીવાઓ છે તેમના ધનુપૃષ્ઠ ૩૮૭૪૦ (આડત્રીસ હજાર સાતસો ચાળીશ) યોજન અને એક યોજનના ૧૯ ભાગમાંથી ૧૦ ભાગ પ્રમાણથી થોડું ઓછું વિસ્તારની અપેક્ષાએ કહેલ છે. હૈમવત બીજું ક્ષેત્ર છે અને હૈરણ્યવત છઠું ક્ષેત્ર છે. તે બન્ને ક્ષેત્ર જંબૂદ્વીપમાં છે. તેથી તે બન્ને ક્ષેત્રોથી યુક્ત જંબૂદ્વીપની દક્ષિણ અને ઉત્તર દિશાની પરિધિ કે જે ગોળાકાર છે, તે દોરી ચડાવેલ ધનુષના પૃષ્ઠ જેવી લાગે છે. તે કારણે તે બન્ને પરિધિખંડોનું નામ ધનુઃપૃષ્ઠ કહેલ છે. અહીં સુધી આકાશના પ્રદેશોની જે સરલ પંક્તિઓ છે તે જીવા–પ્રત્યંચા જેવી હોવાને કારણે તેને જીવા કહે છે ગિરિરાજ મેરૂપર્વતનો બીજો કાંડ ૩૮ આડત્રીસ હજાર ઊંચો છે. ક્ષુદ્રિકા વિમાન પ્રવિભક્તિના કાલિશ્રુત વિશેષના-બીજા વર્ગમાં આડત્રીસ (૩૮) ઉદ્દેશનકાલ કહેલ છે કાલિકાશ્રુત વિશેષ કે જે ક્ષુદ્રિકા વિમાંન પ્રવિભક્તિને ઓળખાય છે, અને જે અંગ બાહ્યશ્રુત રૂપ છે તેનો વિચ્છેદ થવાથી તે હાલ ઉપલબ્ધ નથી. સુમેરૂ પર્વતને 'અસ્ત' નામ આપવાનું કારણ એ છે કે સૂર્ય તેની પાછળ આવી જાય છે ત્યારે 'સૂર્ય અસ્ત પામ્યો' વ્યવહારમાં કહેવાય છે. ॥સૂ. ૭૭॥

હવે સૂત્રકાર ઓગણચાલીસ [૩૯] સંખ્યાવાળાં સમવાયોનું કથન કરે છે—
**'नमिस्स णं अरहओ' इत्यादि ।**

ટીકાર્થ—નમિનાથ અર્હંત પ્રભુના નિયત ક્ષેત્રને વિષય કરનારી અવધિજ્ઞાનીઓની સંખ્યા ઓગણચાલીસ સો (૩૯૦૦) હતી. ક્ષેત્રોની મર્યાદા [હદ] બતાવનાર હોવાથી જે કુલકલ્પ પર્વતો છે તેમને કુલપર્વત કહે છે. જે રીતે લોકમાં કુળ મર્યાદાકારી હોય છે એ જ રીતે ક્ષેત્રોની મર્યાદા કરનાર પર્વતો હોય છે. તે કુલપર્વતો સમય-ક્ષેત્ર–અઢી દ્વીપ માં ૩૯ ઓગણચાલીસ કહેલ છે. જે આ પ્રમાણે છે–ત્રીસ[૩૦] વર્ષધર-પર્વત,(૫) મંદરાચલ અને ચાર[૫]ઇષુચાર પર્વત. વર્ષધર પર્વતના ૩૦ ત્રીસ પ્રકાર છે—જંબૂદ્વીપમાં ૬, ધાતકી ખંડના પૂર્વદિશાર્ધમાં ૬ અને પશ્ચિમદિશાર્ધમાં ૬, આ રીતે ૧૨, તથા પુષ્કરાર્ધના પૂર્વ અને પશ્ચિમાર્ધમાં મળીને ૧૨. આ રીતે ૬–૧૨–૧૨ = ૩૦ થઇ જાય છે. પાંચ મંદરાચલ આ પ્રમાણે છે–જંબૂદ્વીપમાં એક, ધાતકી ખંડમાં ૨ અને પુષ્કરાર્ધમાં ૨ ચાર ઇષુકાર પર્વત આ પ્રમાણે છે–જે ધાતકી ખંડ અને પુષ્કરાર્ધની પૂર્વ પશ્ચિમ દિશાનાં વિભાજક છે વલયાકૃતિ ધાતકી-ખંડના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધ એવા બે ભાગ છે. પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધનું વિભા-જન એ બે દક્ષિણોત્તર વિસ્તૃત ઇષુકાર પર્વતોથી જ થાય છે. એ જ જાતના બે પર્વત પુષ્કરાર્ધમાં પણ છે. તેઓ બાણના જેવા હોવાથી ઇષ્વાકાર અથવા ઇષુકાર પર્વતો કહેવાય છે. આ રીતે તે બધા પર્વતો મળીને એકંદરે ૩૯ ઓગણચાલીસ કુલપર્વત થઇ જાય છે. બીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી અને સાતમી પૃથ્વીમાં મળીને એકંદરે ૩૯ ઓગણચાલીસ લાખ નરકાવાસ છે. તે આ પ્રમાણે છે—બીજી પૃથ્વીમાં ૨૫ પચીસ લાખ, ચોથી પૃથ્વીમાં દસ લાખ, પાંચમી પૃથ્વીમાં પાંચ લાખ, છઠ્ઠી પૃથ્વીમાં ૧ લાખમાં પાંચ ઓછાં, અને સાતમી પૃથ્વીમાં ફક્ત પાંચ જ્ઞાનાવરણીય, મોહનીય, ગોત્ર, અને આયુ, એ ચાર કર્મની એકંદરે ઉત્તર પ્રકૃતિઓ ૩૯ ઓગણચાલીસ છે. તે આ પ્રમાણે છે-જ્ઞાનાવરણીયકર્મની પાંચ, મોહનીયકર્મની ૨૮, ગોત્રની બે, અને આયુની ચાર ાસૂ. ૭૮ા

## ચાલીસવે સમવાય મેં અરિષ્ટનેમિ અર્હત કે સાધ્વિ આદિ કા નિરૂપણ

હવે સૂત્રકાર ચાલીસ (૪૦) સંખ્યાવાળાં સમવાયોનું કથન કરે છે-**"अरहओ णं अरिट्ठनेमिस्स" इत्यादि ।**

ટીકાર્થ—અર્હંત અરિષ્ટનેમિ પ્રભુની ચાલીસ હજાર આર્યિકાઓ હતી. સુમેરુ પર્વતની ચૂલિકાની ઊંચાઇ ચાલીશ (૪૦) યોજનની કહી છે. શાન્તિનાથ ભગવાન ૪૦ ચાલીસ ધનુષ પ્રમાણ ઊંચા હતા. નાગરાજ ભૂતાનંદ નાગકુમારના ચાલીશ લાખ ભવનાવાસ કહ્યા છે. ક્ષુદ્રિકાવિમાન પ્રવિભકિતના ત્રીસ વર્ગમા ૪૦ (ચાલીશ) ઉદ્દેશનકાલ બતાવ્યા છે. ફાગણ માસની પૂર્ણિમાને દિવસે સૂર્ય ૪૦ ચાલીસ અંગુલપ્રમાણ પૌરુષીછાયા કરતો ભ્રમણ કરે છે. કાર્તિક પૂર્ણિમાને દિવસે પણ એ જ પ્રમાણે બને છે. મહાશુક્રકલ્પમાં ચાલીશ (૪૦) હજાર વિમાનાવાસ છે. ।।સૂ. ૭૯।।

## ઇગતાલીસવે સમવાય મેં નમિનાથ અર્હત કે સાધ્વિકાયેં આદિ કા નિરૂપણ

હવે સૂત્રકાર એકતાલીશ (૪૧) સંખ્યાવાળાં સમવાયોનું કથન કરે છે—**'नमिस्स णं अरहओ' इत्यादि ।**

ટીકાર્થ—નમિનાથ ભગવાનની એકતાલીશ (૪૧) હજાર આર્યિકાઓ હતી. આ ચાર પૃથ્વીમાં એકતાલીશ (૪૧) લાખ નરકાવાસો કહેલ છે, તે આ પ્રમાણે છે–રત્નપ્રભા નામની પૃથ્વીમાં ૩૦ ત્રીસ લાખ. પંકપ્રભામાં ૧૦ દસ લાખ, તમઃપ્રભામાં એક લાખમાં પાંચ ઓછા, અને તમસ્તમામાં પાંચ નરકાવાસ છે. મહતી વિમાન પ્રવિભકિતના પ્રથમવર્ગમાં એકતાલીશ (૪૧) ઉદ્દેશનકાળ કહેલ છે. ।।સૂ.૮૦।।

હવે સૂત્રકાર બેંતાલીશ (૪૨) સંખ્યાવાળાં સમવાયોનું કથન કરે છે—
**'समणे भगवं महावीरे' इत्यादि।**

ટીકાર્થ—શ્રમણ ભગવાન મહાવીર ૪૨ બેંતાલીસ વર્ષથી થોડા વધારે સમય સુધી શ્રમણપર્યાય પાળીને સિદ્ધ થયાં, બુદ્ધ થયાં, પરિનિર્વૃત થયાં, સંસારથી મુકત થયાં અને શારીરિક અને માનસિક દુઃખોથી રહિત થયાં. ભગવાનની છદ્મસ્થાવસ્થા ૧૨ બાર વર્ષ અને ૬॥ સાડાછ માસ સુધી રહી હતી. કેવલિપર્યાય ૩૦ ત્રીસ વર્ષથી થોડો ઓછો સમય રહી. આ રીતે બેંતાલીશ (૪૨)વર્ષથી થોડો વધુ સમય સુધીની શ્રમણપર્યાયનું પાલન કર્યાનું ઘટાવી શકાય છે. જંબૂદ્વીપની અન્તિમ જગતી–કોટથી લઈને ગોસ્તૂભ નામના આવાસ પર્વતનો જે છેવટનો અંતભાગ છે તે વ્યવધાનની અપેક્ષાએ બેંતાલીશ (૪૨) હજાર યોજન દૂર કહેલ છે એ જ પ્રમાણે ચારે દિશાઓમાં પણ દકભાસ, શંખ, દકસીમા, એ ત્રણ પર્વતો પણ ૪૨–૪૨ (બેંતાલીશ, બેંતાલીશ) હજાર યોજન દૂર છે. ધાતકીખંડને ઘેરીને આવેલા કાલોદ નામના સમુદ્રમાં ૪૨ બેંતાલીશ ચન્દ્રમા ભૂતકાળમાં પ્રકાશતા હતા, વર્તમાનકાળમાં પ્રકાશે છે અને ભવિષ્યમાં પ્રકાશશે. એજ પ્રમાણે ત્યાં ૪૨ બેંતાલીશ સૂર્ય પ્રકાશતા હતા, પ્રકાશે છે અને ભવિષ્યમાં પણ પ્રકાશશે. સંમૂર્છિમ જન્મવાળા ભુજપરિસર્પોનું ઉત્કૃષ્ટ આયુષ્ય બેંતાલીશ (૪૨) હજાર વર્ષનું કહ્યું છે. બેંતાલીશ પ્રકારનાં નામકર્મ કહ્યાં છે, જે આ પ્રમાણે છે–જે કર્મના ઉદયથી આ નારક છે, આ તિર્યંચ છે. આ મનુષ્ય છે, આ દેવ છે, તે પ્રકારનો વ્યપદેશ થાય છે, તે ગતિ-નામકર્મ છે૧ જેના ઉદયથી જીવ એકેન્દ્રિય આદિ પર્યાયવાળો થાય છે, તે જાતિ-નામકર્મ છે૨. જેના ઉદયથી ઔદારિકાદિ શરીર જીવ ધારણ કરે છે તે શરીર નામકર્મ છે ૩. જેના ઉદયથી શરીરના અંગરૂપ સિર વગેરેની અને ઉપાંગરૂપ આંગ-

ળીઓ વગેરેની જુદી જુદી રચના થાય છે તે શરીરાંગોપાંગ નામકર્મ છે૪. પહેલાં ગ્રહણ કરેલ ઔદારિક આદિ પુદ્ગલોની સાથે નવીન ગ્રહણ કરેલ પુદ્ગલોનો જે સંબંધ કરાવે છે તેને શરીરબંધનનામકર્મ કહે છે. (૫) જેના ઉદયથી બદ્ધ પુદ્ગલ વિવિધ આકારોમાં વ્યવસ્થિત થાય છે તેને 'શરીરસંઘાત નામકર્મ કહે છે (૬) જેના ઉદયથી હાડકાંઓની તે પ્રમાણેની શકિતનો કારણરૂપ વિશિષ્ટ રચના થાય છે, તેને સંહનન નામકર્મ કહે છે. (૭) જેના ઉદયથી શરીરનો વિવિધ આકાર બને છે, તેને સંસ્થાન નામ કર્મ કહે છે. (૮) જેના ઉદયથી શરીરમાં પાંચ વર્ણ થાય છે તેને વર્ણનામ કર્મ કહે છે. (૯) જેના ઉદયથી શરીરમાં સુગંધ કે દુર્ગંધનો ઉદય થાય છે તેને ગંધનામકર્મ કહે છે.(૧૦) જેના ઉદયથી શરીરમાં પાંચ રસ ઉદિત થાય છે તે કર્મને રસનામકર્મ કહે છે. (૧૧) જેના ઉદયથી શરીરમાં આઠ પ્રકારના સ્પર્શ અનુભવાય છે તે કર્મને 'સ્પર્શનામકર્મ કહે છે. (૧૨) જેનાઉદયથી શરીર ગુરૂ કે લઘુ પરિણામ પ્રાપ્ત ન કરતાં અગુરૂ લઘુરૂપે પરિણમે છે તે કર્મને 'અગુરુલઘુનામકર્મ કહે :છે. (૧૩) જેના ઉદયથી પોતાના જ શરીરમાં પરિવર્ધમાન પ્રતિ જિહવા, ચોર દાંત આદિકો દ્વારા ઉપઘાત થાય છે તે કર્મને ઉપઘાત નામકર્મ કહે છે. (૧૪) જેના ઉદયથી જીવ અન્યને દર્શન કે વાણીથી નિષ્પ્રભ કરી નાખે તે કર્મને પરાઘાત નામકર્મ કહે છે. તેના ઉદયથી જીવમાં એવી સ્થિતિ ઉત્પન્ન થાય છે કે તેને કારણે તે બીજાને માટે દુષ્પ્રધર્ષ (અજેય) બની જાય છે. તથા મહાતેજસ્વી બનીને તે દર્શનમાત્રથી અથવા વાણીની ચતુરાઇથી મોટામાં મોટી સભાના શ્રાતાઓને ચકિત અને ક્ષુભિત કરી નાખે છે. અને ત્યાં વિરોધીની પ્રતિભાનું ખંડન કરી પોતાની પ્રતિષ્ઠા જમાવે છે. (૧૫) જેના ઉદયથી જીવ એક ભવમાંથી બીજા ભવમાં જાય છે તે કર્મને 'આનુપૂર્વી નામકર્મ કહે છે. (૧૬) જેના ઉદયથી જીવને શ્વાસ

અને નિઃશ્વાસની પ્રાપ્તિ થાય છે તેને ઉચ્છવાસ નામકર્મ કહે છે. (૧૭) જેના ઉદયથી કુદરતી રીતે અનુષ્ણ જીવ શરીર પણ સૂર્ય મંડલ ગત પૃથ્વીકાયિક જીવના શરીરની જેમ ઉષ્ણ પ્રકાશવાળા થાય છે તે કર્મને 'આતપનામકર્મ' કહે છે. (૧૮) જેના ઉદયથી ઉષ્ણત્વ રહિત જીવ શરીર પણ ચન્દ્ર મંડલરત્ન અને ઔષધિના જેવા શીત પ્રકાશ આપે છે તે કર્મને ઉદ્યોત નામકર્મ કહેલછે. (૧૯) જેના ઉદયથી જીવ શુભ અને અશુભ ગતિથી યુકત બને છે તે કર્મને વિહાયોગતિ નામકર્મ કહે છે. હંસાદિકના જેવી ચાલ-ગતિ હોવી તે શુભ વિહાયોગતિ છે અને ગદ્ધા, ઊંટ આદિના જેવી ચાલ હોવી તે અશુભવિહાયોગતિ કહેવાય છે. (૨૦) જે કર્મના ઉદયથી સ્વતન્ત્ર રીતે ગમન કરવાની શકિત પ્રાપ્ત થાય તે કર્મને 'ત્રસનામકર્મ' કહે છે, (૨૧) જેના ઉદયથી સ્વતન્ત્ર રીતે ગમન કરવાની શકિત પ્રાપ્ત ન થાય તે કર્મને સ્થાવરનામકર્મ કહે છે. (૨૨) જેના ઉદયથી ચર્મચક્ષુથી જોઇ ન શકાય તેવા સૂક્ષ્મ શરીરની પ્રાપ્તિ થાય તે કર્મને 'સૂક્ષ્મનામકર્મ કહે છે. (૨૩) જેના ઉદયથી ચર્મચક્ષુ વડે જોઇ શકાય તેવા શરીરની પ્રાપ્તિ થાય તે કર્મને 'બાદરનામકર્મ' કહે છે. (૨૪) જેના ઉદયથી સ્વયોગ્ય પર્યાપ્તિની પૂર્ણતા હોય તે કર્મને પર્યાપ્ત નામકર્મ કહે છે, (૨૫) જેના ઉદયથી જીવને સ્વયોગ પર્યાપ્તિની પૂર્ણતા ન હોય તે કર્મને અપર્યાપ્ત નામકર્મ કહે છે (૨૬) જે કર્મના ઉદયથી અનંત જીવોનું એક જ સાધારણ શરીર હોય તે કર્મને 'સાધારણ શરીર નામકર્મ' કહે છે. (૨૭) જેના ઉદયથી જીવને ભિન્ન ભિન્ન શરીરની પ્રાપ્તિ થાય તે કર્મને પ્રત્યેક શરીર નામકર્મ કહે છે. (૨૮) જેના ઉદયથી જીવને દાંત આદિ અવયવો સ્થિર રૂપે પ્રાપ્ત થાય તે કર્મને 'સ્થિર નામકર્મ કહે છે. (૨૯) જેના ઉદયથી અસ્થિર ભ્રૂ, જિભ આદિ પ્રાપ્ત થાય તે કર્મને અસ્થિર નામકર્મ કહે છે. (૩૦) જેના ઉદયથી શુભ શિર આદિની પ્રાપ્તિ થાય છે તે કર્મને શુભનામકર્મ' કહે છે. (૩૧) જેના ઉદયથી ચરણ આદિ અશુભ અવયવોની ઉત્પત્તિ થાય છે કર્મને 'અશુભનામકર્મ' કહે છે. (૩૨) જેના ઉદયથી જી ઉપકાર આદિ ન કરવા છતાં પણ સૌના મનને આનંદ આપે તે કર્મને 'સુભગ'

નામકર્મ કહે છે. (૩૩) જેનાં ઊદયમાં ઊપકાર આદિ કરવા છતાં પણ જીવ અન્યને ખુશ કરી શકતો નથી તે કર્મને 'દુર્ભગનામકર્મ કહે છે. (૩૪) જેના ઉદયથી જીવને શ્રોતાજનોને પ્રિય લાગે તેવા સ્વરની પ્રાપ્તિ થાય તે કર્મને 'સુસ્વર કર્મ કહે છે. (૩૫) અને જેના ઉદયથી શ્રોતાઓને પ્રિય લાગે તેવા સ્વરની પ્રાપ્તિ ન થાય તે કર્મને 'દુઃસ્વર નામકર્મ કહે છે. (૩૬) જેના ઉદયથી જીવને બહુ માન્ય વચનની પ્રાપ્તિ થાય તે કર્મને 'આદેયનામકર્મ'' કહે છે. (૩૭) જેના ઉદયથી બહુમાન્ય વચનની પ્રાપ્તિ ન થાય તે કર્મને અનાદેયનામકર્મ કહે છે.(૩૮) જેના ઉદયથી જીવને આખા સંસારમાં યશ અને કીર્તિ ફેલાય તે કર્મને યશઃકીર્તિ નામકર્મ કહે છે. (૩૯) જેના ઉદયથી જીવને યશ અને કીર્તિની પ્રાપ્તિ ન થાય તે કર્મને અયશકીર્તિનામકર્મ કહે છે. (૪૦) જે કર્મના ઉદયથી શરીરમાં બે હાથ, બે પગ, મસ્તક, પૃષ્ઠ, વક્ષઃસ્થલ અને પેટ, એ આઠ અંગોની તથા કેશ, શ્મશ્રુ નખ, કાન, નાસિકા અને આંગળીઓ આદિ ઉપાંગોની યોગ્ય સ્થાને રચના થાય તે કર્મને નિર્માણ નામકર્મ કહે છે, (૪૧)આ કર્મ સૂત્રધાર સુતારની જેમ શરીરના અંગ અને ઉપાંગોની યોગ્ય સ્થાને વ્યવસ્થિત રીતે રચના કરે છે. જેના ઉદથી આઠ મહાપ્રાતિહાર્ય આદિ ૩૪ચોત્રીસ અતિશય પ્રગટ થાય છે તે કર્મને તીર્થંકર નામકર્મ કહે છે. ૪૨ સુભગ દુર્ભગ અને આદેય પ્રકૃતિયોનું સ્વરૂપ દર્શાવવા માટે 'उक्तंच' કહીને જે ગાથાશો અહીં આપ્યા છે તેમનો અર્થ આ પ્રમાણે છે—"अणुवकए वि बहूण होइ पिओ तस्स सुभगनामुदओ''—કોઈના ઉપર ઉપકાર ન કરવા છતાં પણ જે અનેક લોકોને પ્રિય થાય તે તેના સુભગનામકર્મનો ઉદય છે એમ સમજવું "उवकारकारगो वि हु न रुच्चइ दुब्भगे उ जस्सुदये'' જેના દુર્ભગ નામકર્મનો ઉદય થાય છે તે વ્યકિત ઉપકાર કરે છતાં પણ બીજાને ગમતી નથી आदाज्जा सव्वलोग गिज्झवओ જેના આદેય નામકર્મનો ઉદય હોય છે તેના વચનો સમસ્ત લોકો દ્વારા ગ્રાહ્ય માન્ય બને છે.

લવણસમુદ્રની આભ્યન્તરિક વેલા-જળમાળા-લવણ સમુદ્રની ઉપર જતી અને અંદર ઘુસતી જળમાળાને ૪૨ બેતાલીસ હજાર નાગકુમાર દેવો ધારણ કરે છે. અંગબાહ્ય કાલિક શ્રુત વિશેષના બીજા વર્ગમાં ૪૨ બેંતાલીસ ઉદ્દેશનકાળ છે. તે વિમાન પ્રવિભકિત હાલમાં નષ્ટ થઇ હોવાથી ઉપલબ્ધ થતી નથી પ્રત્યેક અવસર્પિણીનો પાંચમો અને છઠ્ઠો આરો કાળની અપેક્ષાએ ૪૨-૪૨ બેંતાલીસ બેંતાલીસ હજાર વર્ષનો બતાવ્યો છે. ।।સૂ. ૮૧।।

## તેંતાલીસવે સમવાયમેં કર્મવિપાક કે અધ્યયનાદિ કા નિરૂપણ

હવે સૂત્રકાર તેંતાલીસ (૪૩) સંખ્યાવાળાં સમવાયોનું કથન કરે છે **तेयालीसं कम्मविवागज्झयणा पन्नत्ता" इत्यदि !**

ટીકાર્થ-પુણ્ય પાપ રૂપ કર્મના જે મન્દ તીવ્ર આદિરસ છે. તે રસની જે પ્રકર્ષાવસ્થા છે તે અવસ્થાનુ પ્રતિપાદન કરનારા તેંતાલીસ (૪૩) અધ્યયન કહ્યા છે અહીં 'વિપાક' શબ્દ રસની પ્રકર્ષાવસ્થા દર્શાવનાર છે હાલમાં તે અધ્યયનો ઉપલબ્ધ (પ્રાપ્ય) નથી. પણ વિપાકશ્રુત નામનું જે અગિયારમુ અંગ છે તેમાં પુણ્યપાપ રૂપ કર્મફળનું પ્રતિપાદન કરનારા વીસ અધ્યયનો જ ઉપલબ્ધ છે પહેલી, ચોથી અને પાંચમી. એ ત્રણ પૃથ્વીઓમાં નરકાવાસની સંખ્યા ૪૩ તેંતાલીસ લાખ છે. પહેલી પૃથ્વીના ૩૦ ત્રીસ લાખ નરકાવાસ, ચોથી પથ્વીના ૧૦દસ લાખ અને પાંચમી પૃથ્વીના ૩ ત્રણ લાખ મળીને કુલ ૪૩ તેંતાલીસ લાખ નરકાવાસ થાય છે. જંબૂદ્વીપ નામના દ્વીપની પૂર્વદિશામાં આવેલ જે તદ્દન અન્તિમ પ્રદેશ છે ત્યાંથી ગોસ્તૂભ અવાસ પર્વતનો જે પૌરસ્ત્ય ચરમાન્ત પ્રદેશ છે તે વ્યવધાનની અપેક્ષાએ ૪૩ તેંતાલીસ હજાર યોજન દૂર છે. એ જ રીતે ચારે દિશાઓમાં પણ દકભાસ, શંખ, અને દકસીમન, એ ત્રણ પર્વતોનો પૌરસ્ત્યસર્વાન્તિમ ભાગ-તદ્દન છેવાડાનો ભાગ એટલો જ દૂર છે મહાલિકા વિમાન પ્રવિભકિતના-અંગ બાહ્ય કાલિક શ્રત વિશેષના ત્રીજા વર્ગમાં તેંતાલીસ [૪૩] ઉદ્દેશનકાલ કહેલ છે. ।।સૂ. ૮૨।।

હવે સૂત્રકાર ૪૪ ચુંવાળીસ સંખ્યાવાળાં સમવાયોનુ કથન કરે જે. **चोयालीसं**

**अज्झयणा" इत्यादि !**

ટીકાર્થ–ચુંમાળીશ (૪૪)અધ્યયન ઋષિભાષિત છે. તે અધ્યયનો દેવલોકથી ચ્યવીને આવેલા ઋષિયો દ્વારા કથિત થયા છે એવું પ્રતિપાદિત થયેલ છે. વિમલનાથ અર્હંતના ચુંમાળીસ (૪૪) પુરૂષયુગ-શિષ્ય પ્રશિષ્ય આદિના ક્રમથી પ્રાપ્ત અનેક પુરૂષ ક્રમે ક્રમે સિદ્ધિગતિ પામ્યા છે, બુદ્ધ, મુકત, પરિનિર્વૃત અને સમસ્ત દુઃખોથી રહિત થયા છે. નાગકુમારના ધારણ નામના નાગેન્દ્રના ચુંમાળીશ (૪૪) લાખ ભવનાવાસ છે. મહાલિકા વિમાન પ્રવિભકિતના અંગબાહ્ય કાલિક શ્રુત વિશેષના ચોથા વર્ગમાં (૪૪) ચુંવાળીસ ઉદ્દેશનકાળ કહ્યા છે. ।।સૂ. ૮૩।।

## પૈતાલીસવે સમવાયમેં ક્ષેત્રાદિ કા નિરૂપણ

હવેસૂત્રકાર પિસ્તાલીસ (૪૫) સંખ્યાવાળાં સમવાયોનું કથન કરે છે—**'समयखेत्तेणं' इत्यादि !**

ટીકાર્થ–કાલોપલક્ષિત ક્ષેત્ર–એટલે કે મનુષ્ય ક્ષેત્ર-અઢી દ્વીપ–લંબાઇ અને પહોળાઇની અપેક્ષાએ પિસ્તાળીસ [૪૫] લાખ યોજનનો કહ્યો છે. પહેલી પૃથ્વીની વૃત્તાકાર વિશાલ નરક કે જે પ્રથમ પ્રસ્તારના મધ્ય ભાગમાં આવેલ છે. અને જે વિશાળ અને મુખ્ય હોવાથી નરકેન્દ્રના નામે ઓળખાય છે. તે લંબાઇ પહોળાઇની અપેક્ષાએ પિસ્તાળીશ(૪૫)લાખ યોજનની છે. એ જ પ્રમાણે સૌધર્મ અને ઇશાન કલ્પોના પ્રથમ પ્રસ્તરમાં ચાર વિમાનોના વચ્ચે રહેલું ઉર્ધ્વ વિમાન કે જે ગોળાકાર છે. તથા વિશાળ અને મુખ્ય હોવાથી જે વિમાનેન્દ્રને નામે ઓળખાય છે, તે પણ લંબાઇ પહોળાઇની અપેક્ષાએ ૪૫ લાખ યોજનનું છે. ઇષત્પ્રાગ્ભાર નામની સિદ્ધ શિલા પણ લંબાઇ અને પહોળાઇની અપેક્ષાએ ૪૫ લાખ યોજનની છે. ધર્મનાથ અર્હંત પ્રભુની ઉંચાઇ પિસ્તાલીસ (૪૫) ધનુષ પ્રમાણ હતી. સુમેરૂ પર્વતની ચારે દિશાઓથી જંબૂદ્વીપની જગતી (કોર) નું પિસ્તાલીસ પિસ્તાલીસ હજાર યોજનનું અંતર કહેલ છે. સમસ્ત અઢિદ્વીપના નક્ષત્રોએ પિસ્તાલીસ મુહૂર્ત્ત સુધી ચન્દ્ર સાથે યોગ

જોડયો હતો, વર્તમાન કાળમાં જોડે છે અને ભવિષ્યમાં પણ જોડશે. ઉત્તરોપપદવાળા ત્રણ નક્ષત્રો, એટલે કે ઉત્તરાફાલ્ગુની. ઉત્તરાષાઢી, ઉત્તરાભાદ્રપદા, એ ત્રણ નક્ષત્રો તથા પુનર્વસુ, રોહિણી અને વિશાખા એ ત્રણ નક્ષત્ર મળીને કુલ છ નક્ષત્રો પિસ્તાળીસ (૪૫) મુહૂર્ત સુધી ચન્દ્રની સાથે સંયોગ કરે છે. મહાલિકા વિમાન પ્રવિભકિત અંગબાહ્ય કાલિક શ્રુત વિશેષના પાંચમા વર્ગમાં ૪૫ ઉદ્દેશનકાળ કહેલ છે.ાસૂ ૮૪ા

## છિયાલીસવે સમવાયમેં દષ્ટિવાદ કે સ્વરૂપકા નિરૂપણ

હવે સૂત્રકાર છેંતાલીસ (૪૬) સંખ્યાવાળાં સમવાયો પ્રગટ કરે છે. **'दिट्ठिवायस्स णं' इत्यादि !**

ટીકાર્થ–દૃષ્ટિવાદ નામના બારમાં અંગનાં છેંતાળીસ(૪૬)માતૃકાપદ કહેલ છે. ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણ પદોને 'માતૃકા' કહે છે. પદ એટલે ભેદ બારમાં અંગના એવા માતૃકા ભેદ ૪૬ છેતાલીસ કહ્યા છે બ્રહ્મી લિપિના ૪૬ છેંતાલીસ માતૃકાક્ષર–મૂળાક્ષર કહ્યા છે. ऋ ॠ ऌ અને ॡ એ ચાર સિવાયના ૧૨ બાર અકારાદિ સ્વરાક્ષર. क કારથી म કાર સુધીના ૨૫ પચીસ વ્યંજનો, ય. ર, લ, શ, ષ, સ, હ અને ક્ષ એ નવ પ્રમાણે કુલ ૪૬ છેંતાલીસ મૂળાક્ષર થાય છે. પ્રભંજન નામનાં વાયુકુમારેન્દ્રના ૩૬ છત્રીસ લાખ ભવનાવાસ કહ્યા છે. ાસૂ. ૮૫ા

## સેંતાલીસવે સમવાયમેં પ્રવચન માતૃકા કે અક્ષરાદિ કા નિરૂપણ

હવે સૂત્રકાર સુડતાલીસ (૪૭) સંખ્યાવાળાં સમવાયોનું કથન કરે છે,— **-जयाणं सूरिए' इत्यादि !**

ટીકાર્થ—જ્યારે સૂર્ય સંપૂર્ણ આભ્યન્તર મંડળમાં થઇને ભ્રમણ કરે છે ત્યારે તે ૪૭૨૬૩ ૨૧/૬૦ યોજન દૂર રહેવા છતાં પણ જંબૂદ્વીપમાં રહેતા મનુષ્યોની ચક્ષુઇન્દ્રિયનો વિષય બને છે–નજરે પડે છે. તેનુ તાત્પર્ય આ પ્રમાણે છે. એક લાખ યોજન વિસ્તાર

વાળા જંબૂદ્વીપમાંથી ત્રણસો સાઠ (૩૬૦) યોજન વધે છે. તે સમસ્ત આભ્યન્તર સૂર્યમંડલના વિસ્તાર છે. તેના પરિધ ૩૧૫૦૮૯ યોજનનો છે. આટલા પરિધક્ષેત્રને સૂર્ય ૬૦ સાઇઠ મુહૂર્ત્તમાં ઓળંગે છે. તેથી તેને ૬૦ સાઈઠ વડે ભાગતાં એક મુહૂર્તમાં સૂર્યની ગતિ પાંચ હજાર બસો એકાવન (૫૨૫૧) યોજન અને એક યોજનના ૬૦ સાઇઠ ભાગોમાં ૨૯ ઓગણત્રીસ ભાગ જેટલી-એટલે કે ૫૨૫૧ ૨૯/૬૦ યોજન થાય છે. તથા જે સમયે સૂર્ય આભ્યન્તર મંડલમાં પરિભ્રમણ કરે છે તે સમયે ૧૮ અઢાર મુહૂર્ત્તનોદિવસ થાય છે. તેનાથી અર્ધા ૯ નવ મુહૂર્ત્ત બાકી રહે છે. એક મુહૂર્ત્તની ગતિ સાથે તે નવ મુહૂર્ત્તોનો ગુણાકાર કરતાં ૪૭૨૬૩ ૨૧/૬૦ યોજન આવે છે. એટલે દૂરથી પણ સૂર્ય અહીંના માણસોની નજરે પડે છે.

સ્થવિર અગ્નિભૂતિ ૪૭ સુડતાલીસ વર્ષ સુધી ગૃહસ્થાશ્રમમાં રહ્યા હતા. ત્યાર બાદ તેમણે મુંડિત થઇને સાધુ અવસ્થા ધારણ કરી હતી ।।સૂ. ૮૬।।

## અડતાલીસ વે સમવાય મેં ચક્રવર્તી કે નગરાદિ કા નિરૂપણ

હવે સૂત્રકાર અડતાલીસ (૪ ) સંખ્યાવાળાં સમવાયોનું કથન કરે છે—

**'एगमेगस्स रन्नो' इत्यादि !**

ટીકાર્થ—પ્રત્યેક ચક્રવર્તિના અડતાલીસ (૪૮)હજાર પત્તન હોય છે. જ્યાં અનેક દેશની ચીજો વેચાવા માટે એકત્ર થાય છે. તે સ્થાનને પત્તન કહે છે. અર્હંત ભગવાન ધર્મનાથનો સમૂહ-ગણસમૂહ અડતાલીસ(૪૮) હતો અને ગણધરો પણ૪૮ અડતાલીસ હતા. સૂર્યમંડલ વિષ્કંભની અપેક્ષાએ ૪૮ ૪૮/૬૧ યોજન પ્રમાણ છે. ।।સૂ. ૮૭।।

હવે સૂત્રકાર ઓગપચાસ (૪૯) સંખ્યાવાળાં સમવાયોનું કથન કરે છે--

**'सत्त सत्त भियाए णं' इत्यादि !**

ટીકાર્થ-૪૯ ઓગણપચાસ દિવસોમાં એકસો છન્નુ (૧૯૬) ભિક્ષાથી-એટલે કે ૪૯ ઓગણપચાસ દિવસમાં એકંદરે ૧૯૬ એકસોછન્નુ અન્નપાનની દત્તિયો ગ્રહણ કરીને સાતમી ભિક્ષુપ્રતિમાનુ સૂત્રમાં કહ્યા પ્રમાણે આરાધના થાય છે ૪૯ ઓગણપચાસ દિવસમાં સાત સપ્તાહ થાય છે. તેમાં પહેલા સપ્તાહનાં પહેલે દિવસે અન્ન અને પાનની ૧-૧ દત્તિયો ગ્રહણ કરાય છે. બીજે દિવસે અન્ન અને પાનની બે-બે દત્તિયો ગ્રહણ થાય છે. આ પ્રમાણે સાત દિવસ સુધી અન્ન પાનની એક એક દત્તિનો વધારો કરતા કરતાં સાતમે દિવસે અન્નની સાત દત્તિ અને પાનની (પ્રવાહીની) સાત દત્તિ ગ્રહણ કરાય છે. આ રીતે ૧, ૨, ૩, ૪, ૫, ૬ અને ૭ નો સરવાળો ૨૮ અઠયાવીસ થાય છે. આટલી પ્રથમ સપ્તાહની દત્તિઓ થાય છે, ૨૮ અઠયાવીસ દત્તિઓને ૭ સાત વડે ગુણતાં સાત સપ્તાહની એકંદરે ૧૯૬ એકસોછન્નુ દત્તિયો થાય છે. અથવા પ્રથમ સપ્તકમાં પ્રતિદિન અન્નપાનની એક એક દત્તિલેવાથી કુલ ૭ સાત દત્તિયો થાય છે. બીજા સપ્તાહમાં ૨-૨ દત્તિયો લેવાથી કુલ ૧૪ દત્તિયો થાય છે. એ પ્રમાણે સાતમાં સપ્તાહમાં પ્રતિદિન ૭-૭ દત્તિયો લેવાથી કુલ ૪૯ દત્તિયોથાય છે. આ રીતે પહેલા સપ્તાહની ૭ સાત બીજા સપ્તાહની ૧૪, ચૌદ ત્રીજા સપ્તાહની ૨૧, એકવીસ ચોથા સપ્તાહની ૨૮, અઠયાવીસ પાંચમાં સપ્તાહની ૩૫, પાંત્રીસ છઠ્ઠા સપ્તાહની ૪૨, બેંતાલીસ અને સાતમાં સપ્તાહનાં ૪૯ ઓગણપચાસ દત્તિયો મળીને ૪૯ દિવસની ૧૯૬ દત્તિયો થાય છે. દેવકુરૂ અને ઉત્તરકુરૂ એ બે ભોગ ભૂમિયોમાં ૪૯ દિવસમાં મનુષ્ય યૌવનસંપન્ન બની જાય છે. તે ઈન્દ્રિય જીવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૪૯ દિવસની કહી છે.

ભાવાર્થ-ભિક્ષુ પ્રતિમાઓ બાર હોય છે તેમાં જે સાતમી ભિક્ષુપ્રતિમા તેની આરાધના ૪૯ ઓગણપચાસ દિવસમાં થાય છે. તે દિવસોમાં અન્નપાનની કુલ ૧૯૬ એકસોછન્નુ દત્તિયો લેવાય છે. વિદેહ ક્ષેત્રમાં મેરુ અને નીલ પર્વતની વચ્ચેનો અર્ધચંદ્રકાર ભાગ કે જેની પૂર્વપશ્ચિમ સીમા ત્યાંના બે પર્વતોથી નકકી થાય છે, તે ઉત્તર કુરુને નામે ઓળખાય છે અને મેરૂ તથા નિષધ પર્વતની વચ્ચેનો એવો જ અર્ધચન્દ્રાકાર ભાગ દેવકુરુને નામે ઓળખાય છે ઉત્તરકુરૂ અને દેવકુરુ એ બન્ને ક્ષેત્રો વિદેહ ક્ષેત્રોના જ ભાગો છે, છતાં પણ તે ક્ષેત્રોમાં યુગલિકોની વસ્તી

હોવાથી તેમને ભિન્ન રૂપે ઓળખવામાં આવે છે. ત્યાં ઉત્પન્ન થયેલ મનુષ્ય ૪૯ ઓગણપચાસ દિવસોમાં જ તરૂણ બને છે તેઇન્દ્રિયજીવોની ભવસ્થિતિ ૪૯ ઓગણપચાસ રાતદિનની છે. ॥ સૂ. ૮૮॥

## પચાસવે સમવાય મેં બિસવે મુનિસુવ્રત નાથ કે સાધ્વિ આદિ કા નિરૂપણ

હવે સૂત્રકાર પચાસ (૫૦) સંખ્યાવાળાં સમવાયો દર્શાવે છે–**'मुणि सुव्वयस्स णं अरहओ'' इत्यादि !**

**ટીકાર્થ**–મુનિ સુવ્રત પ્રભુની પચાસ હજાર આર્યિકાઓ હતી. ચૌદમાં તીર્થંકર અનંતનાથ ભગવાનની ઉંચાઇ પચાસ ધનુષ પ્રમાણ હતી. પુરુષોતમ નામના વાસુદેવની ઉંચાઇ પચાસ ધનુષ પ્રમાણ હતી. સમસ્ત દીર્ઘ વૈતાઢય પર્વતોનો વિસ્તાર પચાસ પચાસ યોજનનો કહ્યો છે. લાન્તક કલ્પમાં પચાસ હજાર વિમાનાવાસ છે. સમસ્ત તમિસ્રગુફા ખડકપ્રપાત ગુફાઓની લંબાઇ ૫૦–૫૦ યોજનની કહી છે. સમસ્ત કાંચનપર્વત શિખરતલમાં લંબાઇની દૃષ્ટિએ પચાસ, પચાસ યોજનના કહેલ છે.

**ભાવાર્થ**—આ સૂત્રદ્વારા સૂત્રકારે પચાસ સંખ્યાવાળાં સમવાંયોનું કથન કર્યું છે. તેમાં મુનિસુવ્રત ભગવાન, અનંતનાથ ભગવાન, અને પુરુષોત્તમ નામના વાસુદેવનાં શરીરની ઉંચાઇ ૫૦–૫૦ ધનુષની દર્શાવી છે. જેટલા દીર્ઘવૈતાઢય પર્વતો છે તે બધાની ઊંચાઇ પચાસ યોજનની કહી છે. લાન્તક નામના છઠ્ઠા કલ્પમાં વિમાનોની સંખ્યા પચાસ હજારની છે. સમસ્ત તમિસ્રગુફાખંડક પ્રપાત ગુફાઓ ૫૦–૫૦ યોજનની લંબાઇવાળી છે. સમસ્ત કાંચન પર્તોનાં શિખરનાં તલ પચાસ પચાસ યોજનની લંબાઈવાળાં કહ્યા છે તે કાંચન પર્વતો ઉત્તર કુરુમાં આવેલા જે નિલહૃદાદિક પાંચ હૃદો (સરોવરો) છે તે પ્રત્યેકની પૂર્વ અને પશ્ચિમે ૧૦-૧૦ છે. આ રીતે પાંચે હ્રદના તે ૧૦૦ સો થાય છે. એ રીતે નિષધ અ દિ પાંચ મહાહદ્દોમાં પ્રત્યેક હ્રદની પૂર્વપશ્ચિમ દિશામાં પણ તેમની સંખ્યા ૧૦૦ સોની છે. જંબૂદ્વીપમાં આવેલાં તે બધાં કાંચનપર્વતો એકંદર ૨૦૦ બસો છે. તે એકસો યોજન ઉચાં છે. તેમનો વિસ્તાર તળેટીમાં ૧૦૦ સો યોજનનો છે. કાંચન પત્ર જેવાં કમળો ત્યાં થતાં હોવાથી તથા કાંચન નામના દેવનાં આધિપત્યમાં હોવાથી તે પર્વતો કંચન પર્વતોને નામે ઓળખાય છે. ॥સૂ. ૮૯॥

હવે સૂત્રકાર ૫૧ (એકાવન) સંખ્યાવાળાં સમવાયો દર્શાવે છે.—'**नवण्हं बंभचेराणं' इत्यादि !**

**ટીકાર્થ**—આચારાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના શસ્ત્રપરિજ્ઞા આદિ નવ અધ્યયનોના કુલ (એકાવન) ઉદ્દેશનકાળ કહેલ છે. અસુરોના રાજા ચમરઅસુરેન્દ્રની સુધર્મા સભા ૫૧૦૦ સ્થંભોવાળી છે. બલિ અસુરેન્દ્રની સભા પણ એવી જ છે. સુપ્રભ નામના ચોથા બળદેવ કે જે વર્તમાન અવસર્પિણીમાં થયા છે, તે પોતાનું એકાવન લાખ વર્ષનું આયુષ્ય ભોગવીને સિદ્ધ થયા, બુદ્ધ થયા, આ સંસારથી મુકત થયા, પરિનિર્વૃત થયા અને સમસ્ત દુઃખોથી રહિત થયા દર્શનાવરણ કર્મની નવ (૯] ઉત્તર પ્રકૃત્તિયો અને નામકર્મની બેંતાલીસ(૪૨)પ્રકૃતિયો, એ બન્ને મળીને એકાવન(૫૧) થાય છે. તેથી દર્શનાવરણ અને નામકર્મ એ બન્નેની એકાવન ઉત્તર પ્રકૃતિયો કહી છે.

**ભાવાર્થ**—આચારાંગ સૂત્રનો જે પહેલો શ્રુતસ્કંધ છે તેમાં શાસ્ત્રપરિજ્ઞા નામનું જે પહેલું અધ્યયન છે તેમાં સાત ઉદ્દેશ છે, તેથી તેના સાત જ ઉદ્દેશનકાળ છે. લોકવિજય નામના બીજા અધ્યયનમાં છ ઉદ્દેશ અને છ ઉદ્દેશનકાળ છે. શીતોષ્ણીય નામનાં ત્રીજા અધ્યયનમાં ચાર ઉદ્દેશ અને ચાર ઉદ્દેશનકાળ છે, સમ્યકત્વ નામના ચોથા અધ્યયનમાં ચાર ઉદ્દેશ અને ચાર ઉદ્દેશનકાળ છે. લોકસાર નામના પાંચમાં અધ્યયનમાં છ ઉદ્દેશ અને છ ઉદ્દેશનકાળ છે. ધૂત નામના છઠ્ઠા અધ્યયનમાં પાંચ ઉદ્દેશ અને પાંચ ઉદ્દેશનકાળ છે. વિચ્છેદ પામેલા મહાપરિજ્ઞા નામના સાતમાં અધ્યયનમાં સાત વિમોક્ષ નામના આઠમાં અધ્યયનમાં આઠ અને ઉપધાન શ્રુત નામના નવમાં અધ્યયનમાં ચાર, ઉદ્દેશ અને એટલા જ ઉદ્દેશનકાળ છે. આ રીતે ૭–૬–૪–૪–૬–૫ ૭ ૮–૪ મળીને એકંદરે ૫૧ (એકાવન) ઉદ્દેશ અને ૫૧૪ ઉદ્દેશનકાળ છે જયાં જેટલા ઉદ્દેશ છે એટલા જ ત્યાં શ્રુતોપચાર રૂપ ઉદ્દેશનકાળ છે. નિદ્રાદિક પાંચ તથા ચક્ષુદર્શનાવરણીય આદિ ૪, એ પ્રમાણે દર્શનાવરણીયની નવ પ્રકૃતિયો છે બેંતાળીસમાં સમવાયાંગમાં નામકર્મની બેંતાલીસ પ્રકૃતિયો કહેવામાં આવી છે. બાકીનાં પદોનો ભાવાર્થ સરળ છે ાસૂ. ૯૦ા

હવે સૂત્રકાર બાવન (૫૨) સંખ્યાવાળાં સમવાયોનું કથન કરે છે—**'मोहणिज्जस्स णं' इत्यादि !**

ટીકાર્થ—મોહનીયકર્મનાં બાવન નામ છે, જે આ પ્રમાણે છેઃ—(૧) ક્રોધ, (૨) કોપ, (૩) રોષ, (૪) દોષ, (૫) અક્ષમા, (૬) સંજવલન, (૭) કલહ (૮) ચાડિક્ય (૯) ભંડન, (૧૦) વિવાદ, (૧૧) માન, (૧૨) મદ, (૧૩) દર્પ, (૧૪) સ્તમ્ભ, (૧૫) આત્મોત્કર્ષ (૧૬) ગર્વ, (૧૭) પરપરિવાદ (૧૮) આક્રોશ (૧૯) અપકર્ષ, (૨૦) ઉન્નત, (૨૧) ઉન્નામ, (૨૨) માયા, (૨૩) ઉપધિ, (૨૪) નિષ્કૃતિ, (૨૫) વલય, (૨૬) ગ્રહણ, (૨૭) છાદન, (૨૮) કલ્ક, (૨૯) કુરૂક, (૩૦) દંભ, (૩૧) કૂટ, (૩૨) જિહ્વા, (૩૩) કિલ્વિષ, (૩૪) અનાચરણતા (૩૫) ગૂહનતા, (૩૬) વંચનતા, (૩૭) પરિકુંચનતા, (૩૮) સાતિયોગ, (૩૯) લોભ, (૪૦) ઇચ્છા, (૪૧) મૂર્ચ્છા, (૪૨) કાંક્ષા (૪૩) ગૃદ્ધિ. (૪૪) તૃષ્ણા, (૪૫) ભિધ્યા, (૪૬) અભિધ્યા, (૪૭) કામાશા, (૪૮) ભોગાશા. (૪૯) જીવિતાશા, (૫૦) મરણાશા, (૫૧) નંદી અને (૫૨) રાગ.

ગોસ્તૂપ નામનો અવાસ પર્વત, કે જે પૂર્વ દિશામાં લવણ સમુદ્રની મધ્યમાં છે અને લવણસમુદ્રની વેલા (જલ તરંગ) ને રોકનાર નાગકુમાર દેવનું નિવાસ સ્થાન છે, તે પૂર્વના તદ્દન આખરી ભાગથી વલયામુખ મહાપાતાલ કલશના પશ્ચિમ છેડાના ભાગ સુધી વ્યવધાનની (અંતરની) દૃષ્ટિએ (બાવન) ૫૨ હજાર યોજન દૂર

છે. એ જ રીતે દક્ષિણ દિશામાં આવેલ દગભાસ નામના પર્વત અને કેતુક નામના પાતાલકલશનું, પશ્ચિમ દિશામાં આવેલ શંખપર્વત અને યૂપક નામના પાતાલકલશનું, તથા ઉત્તર દિશામાં આવેલા દકસીમન પર્વત અને ઈશ્વર નામના પાતાલકલશનું વ્યવધાન-અંતર સમજવાનું છે. એટલે કે તે અંતર બાવન હજાર યોજનનું છે. તેનું તત્પર્ય આ પ્રમાણે છે-લવણસમુદ્રમાં પૂર્વાદિક ચાર દિશાઓમાં ક્રમશઃ પંચાણુ યોજન હજારને ઘેરીને એક એક હજાર યોજનના વિસ્તારવાળા ગોસ્તૂપ આદિ ચાર મહાપાતાલકલશ છે. પૂર્વદિશામાં વડવામૂખ છે દક્ષિણ દિશામાં કેતુક છે, પશ્ચિમ દિશામાં યૂપક અને ઉત્તરદિશામાં ઈશ્વિર નામનો મહાપાતાલકલશ છે. તથા જંબૂદ્વીપની જગતી(કોટ)થી૪૨-૪૨ હજાર યોજનને ઘેરીને એક એક હજાર યોજનના વિસ્તારવાળા ગોસ્તૂપ આદિ ૪ પર્વતો વેલન્ધર નાગરાજના નિવાસસ્થાન-રૂપ છે. ૯૫ હજાર યોજનમાંથી ૪૩ હજાર યોજન બાદ કરવાથી તે પર્વતો અને કલશો વચ્ચેનું અંતર૫૨-૫૨ હજાર યોજનનું આવી જાય છે. જ્ઞાનાવરણીય, નામકર્મ, અને અન્તરાયકર્મ એ ત્રણેની મળીને બાવન(૫૨)ઉત્તર પ્રકૃતિયો થાય છે. તે આ પ્રમાણે થાય છે-જ્ઞાનાવરણીય કર્મની પાંચ [૫) નામકર્મના ૪૨ (બેંતાલીસ અને અંતરાયકર્મની પાંચ (૫) મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણુ, અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યવજ્ઞાનાવરણુ અને કેવળજ્ઞાનાવરણુ એ પ્રત્યેક જ્ઞાનાવરણીય કર્મની પાંચપાંચ પ્રકૃતિયો છે દાનાન્તરાય, લાભાન્તરાય, ભોગન્તારાય ઉપભોગાન્તરાય અને વીર્યાન્તરાયએ પાંચ પ્રકૃતિયો અન્તરાયકર્મની છે બેંતાલીસ સંખ્યાવાળાં સમવાયમાં નામકર્મની ગતિ, જાતિ આદિ બેંતાલીસ (૪૨) પ્રકૃતિયો ગણાવી દેવામાં આવી છે. સૌધર્મ સનત્કુમાર અને માહેન્દ્ર એ ત્રણ કલ્પોમાં મળીને બાવન (૫૨) લાખ વિમાનાવાસ કહેલ છે.

ભાવાર્થ–સૂત્રકારે આ સૂત્ર દ્વારા બાવન સમવાયોનું કથન કર્યું છે. તેમાં તેમણે મોહનીય કર્મના જે ક્રોધ, આદિ બાવન નામ બતાવ્યાં છે તેમાં પહેલેથી વિવાદ સુધીનાં દસ નામ ક્રોધ કષાયનાં છે. 'માનથી' લઇને ઉન્નામ' સુધી ૧૧ નામ માન કષાયનાં છે 'માયા'થી લઇને સાતિયોગ સુધીના સત્તર (૧૭)નામ માયા કષાયનાં છે. અને લોભથી લઈને રાગ સુધીના ચૌદ (૧૪) નામ લોભકષાયના છે. આ રીતે મોહનીય કર્મના અવયવરૂપ ક્રોધાદિક કષાયોના બાવન (૫૨) નામ છે મોહનીય કર્મના નથી છતાં પણ સૂત્રકારે તેમને મોહનીય કર્મના નામો કહ્યાં છે તે અવયવમાં સમુદાય—અવયવીના ઉપચારથી કહેલ છે. બાકીનાં પદોનો ભાવાર્થ સરળ છે. ।।સૂ. ૯૧।।

## તિરપનવે સમવાયમેં દેવકુરૂ ઉત્તરકુરૂક્ષેત્રકે જીવા આદિ કા નિરૂપણ

હવે સૂત્રકાર તેપન (૫૩) સંખ્યાવાળાં સમવાયો બતાવે છે.–'**देवकुरु उत्तरकुरुयाओ इत्यादि !**

ટીકાર્થ—આયામ(લંબાઈ)ની અપેક્ષાએ દેવકુરુ અને ઉત્તરકુરૂ અને ક્ષેત્રની બન્ને જીવાઓ ૫૩–૫૩ (તેપન તેપન) હજાર યોજનથી થોડી વધારે કહી છે. મહાહિમવન અને રૂકમી પર્વતોની જીવાઓ આયામની અપેક્ષાએ ૫૩૯૩૧ ૬/૧૯ યોજનની કહેલ છે. શ્રમણ ભગવાન મહાવીરના તેપન (૫૩) અણગારો કેવલ એક જ વર્ષની દીક્ષા પર્યાય પાળીને વિજય વૈજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ, એ પાંચ વિમાનોમાં દેવની પર્યાયે ઉત્પન્ન થયેલ છે. તે વિમાનોમાં સદાકાળ અત્યંત ઉત્સવ રહે અને તે અત્યંત વિસ્તીર્ણ છે. સંમૂર્ચ્છિમ ઉરઃપરિસર્પોની ઉત્કૃષ્ટ સ્થિતિ તેપન (૫૩) હજાર વર્ષની કહી છે

ભાવાર્થ—શ્રમણ ભગવાન મહાવીરના તેપન અણગારો એક વર્ષની દીક્ષા પર્યાય પાળીને વિજય આદિ પાંચ અનુત્તર વિમાનોમાં દેવની પર્યાયે ઉત્પન્ન થયાં છે. એ પ્રમાણે સૂત્રકારે આ સૂત્રમાં કહ્યું છે પણ તે મુનિયોનાં નામો અપ્રસિદ્ધ છે. તથા પાંચ વિમાનોમાં કેટલા મુનિ કયાં કયાં ઉત્પન્ન થાય છે. તે પણ અપ્રસિદ્ધ છે. અનુત્તરોપપાતિક અંગમાં જે૧૩ તેર મુનિ બતાવ્યા છે તે તો ઘણી પર્યાયવાળા કહેલ છે. આ પાંચ તેમાંનાં મુનિયો નથી. બાકીનાં પદોનો ભાવાર્થ સરળ છે. ।।સૂ. ૯૨।।

## ચૌવન સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર ચોપન (૫૪) સંખ્યાવાળાં સમવાયો બતાવે છે.**'भरहेरवएसु णं' इत्यादि !**

ભરત અને ઐરવત, એ બે ક્ષેત્રોમાં એક એક ઉત્સર્પિણી અને અવસર્પિણીકાળમાં ચોપન ઉત્તમ પુરૂષો ઉત્પન્ન થયા છે. ઉત્પન્ન થાય છે તથા ભવિષ્યમાં પણ ઉત્પન્ન થશે. તે ચોપન ઉત્તમ પુરૂષો આ પ્રમાણે છે–

૨૪ ચોવીસ તીર્થંકર, ૧૨ બાર ચક્રવર્તિ ૯ નવ બળદેવ વાસુદેવ અર્હંત અરિષ્ટનેમિ ભગવાન ચોપન (૫૪) દિનરાત સુધી છદ્મસ્થ પર્યાય પાળીને જિન, કેવલી સર્વજ્ઞ, અને સર્વભાવ દર્શી થયા છે. શ્રમણ ભગવાન મહાવીરે પ્રશ્નો પૂછવામાં આવતાં એક દિવસમાં એક જ આસનેથી ચોપન પદાર્થોનું યુકિત યુકત પ્રવચન કર્યું હતું. તે હાલમાં વિચ્છિન્ન થયેલ હોવાથી ઉપલબ્ધ (મળી શકે તેમ) નથી અનંતનાથ અર્હંત ભગવાનના ચોપન (૫૪) ગણધર હતા. સૂ ૯૩।।

## પચપન સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર પંચાવન (૫૫) સંખ્યાવાળાં સમવાયોનું કથન કરે છે—**'मल्लीणं अरहा' इत्यादि !**

ટીકાર્થ–મલ્લીનાથ અર્હંત પ્રભુ પંચાવન હજાર વર્ષનું આયુષ્ય ભોગવીને સિદ્ધ થયા, બુદ્ધ થયા, સંસારથી મુકત થયા, પરિનિવૃત્ત થયા અને સમસ્ત દુઃખોનો અંત કરી નાખ્યો સુમેરુ પર્વતના પાશ્ચાત્ય ચરમાન્તથી–પશ્ચિમના છેડેથી વિજય-દ્વારનો પાશ્ચાત્ય ચરમાન્ત ભાગ પંચાવન હજાર યોજન દૂર છે. મેરૂના પાશ્ચાત્ય ચરમાન્ત પ્રદેશથી–પશ્ચિમના આખરી પ્રદેશથી જંબૂદ્વીપની પૂર્વમાં આવેલ વિજય-દ્વારનો પાછળનો અન્તિમ ભાગ પંચાવન હજાર યોજનને અંતરે છે. ઉપરોકત કથ-નનો હિસાબ આ રીતે ઘટાવી શકાય છે–જંબૂદ્વીપનો વિસ્તાર એક લાખ યોજનનો છે. તેનો જે પશ્ચિમ છેડાનો પ્રદેશ છે તે મેરૂના વિષ્કંભ–વિસ્તારના મધ્યભાગથી પચાસ હજાર યોજન દૂર છે, મેરૂનો વિષ્કંભ દસ હજાર યોજનનો છે. પચાસ હજાર

યોજનમાં તે દસ હજાર યોજનનો અર્ધો ભાગ--પાંચ હજાર યોજન આવી જાય છે. જો કે અહીં વિજય દ્વારનો પાશ્ચાત્ય ચરમાન્ત ભાગ પંચાવન હજાર યોજન દૂર કહેલ છે, તો પણ જગતીનો પૌરસ્ત્ય ચરમાન્ત (પૂર્વના છેડાનો) ભાગ જ અહી ગ્રહણ કરવાનો છે કારણ કે અહીં તેની જ સંભવના છે. કારણ કે મેરુના મધ્ય-ભાગથી જગતીનો ચરમાન્ત પ્રદેશ પચાસ હજાર યોજન દૂર છે. તથા જગતીના વિષ્કંભ સહિત જંબૂદ્વીપનો વિસ્તાર એક લાખ યોજનનો છે. તેને ઘેરીને જે લવણ સમુદ્ર આવેલો છે તેનો વિસ્તાર જગતીના વિષ્કંભ સહિત બે લાખ યોજનનો છે. જો દ્વીપ અને સમુદ્રના પ્રમાણથી જગતીનું પ્રમાણ વધારે થઇ જાય તો મનુષ્ય ક્ષેત્રની પરિધિનું જે પ્રમાણ કહ્યું છે. તે વધારે થઈ જશે. કારણ કે મનુષ્ય ક્ષેત્રની પરિધિનું પ્રમાણ જે પિસ્તાળીસ લાખ યોજન કહ્યું છે ક્ષેત્રની અપેક્ષાએ કહેલ છે. અથવા પંચાવન હજાર યોજનમાં થોડું ઓછું હોવા છતાં પણ તે પંચાવન હજાર યોજનનું જ દર્શાવવામાં આવે છે એ જ પ્રમાણે બાકીની ત્રણ દિશાઓમાં પણ વૈજયંત, જયંત, અને અપરાજિત, એ ત્રણ દ્વારોમાંનો પ્રત્યેક દ્વારનો તે તે દિશા-સંબંધી પાશ્ચાત્ય ચરમાન્ત ભાગ જગતીની અપેક્ષાએ, મેરૂના પાશ્ચાત્ય ચરમાન્ત ભાગથી પંચાવન પંચાવન હજાર યોજનને અંતરે છે, એમ સમજવું શ્રમણ ભગ. વાન મહાવીરે અંતિમ રાત્ર સમસ્ત આયુકાળની સમાપ્તિની રાત્રે એટલે કે રાત્રિના અન્તિમ ભાગમાં કાર્તિકની અમાવાસ્યાએ જ્યારે ચન્દ્ર સ્વાતિ નક્ષત્રમાં રહેલ હતો, નાગ કરણ હતું, ત્યારે પર્યંકાસને બેસીને કલ્યાણ પુણ્યના કાર્યને પ્રગટ કરનાર પંચાવન અધ્યયન અને પાપનું ફલ પ્રગટ કરનાર પંચાવન અધ્યયનોનું પ્રતિપાદન કરીને સિદ્ધ થયા, બુદ્ધ થયા, સંસારથી મુકત થયા, પરિ નિવૃત્ત થયા અને સમસ્ત દુઃખોનો અંત લાવી દીધો. પહેલી અને બીજી પૃથ્વીમાં નરકાવાસોની સંખ્યા પંચાવન લાખની છે. પહેલી પૃથ્વીમાં ૩૦ લાખ અને બીજી પૃથ્વીમાં ૨૫ લાખ નરકવાસ છે. દર્શનાવરણીય, નામ. અને આયુ, એ ત્રણ કર્મોની ઉત્તર પ્રકૃતિઓ, પંચાવન કહી છે નામકર્મની ગતિ આદિ ૪૨ બેંતાલીસ પ્રકૃતિયો દર્શનાવરણીયની 'ચક્ષુદર્શનાવરણ' આદિ ૯ નવ પ્રકૃતિયો અને આયુકર્મની મનુષ્યાયુ આદિ ૪ ચાર પ્રકૃતિયોનો સરવાળોકરતાં પંચાવન ઉત્તરપ્રકૃતિયો થાય છે.સૂ. ૯૪॥

## છપ્પન સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર છપ્પન (૫૬) સંખ્યાવાળાં સમવાયો દર્શાવે છે. 'जंबूद्दीवे णं दीवे' इत्यादि !

ટીકાર્થ-જંબૂદ્વીપ નામના દ્વીપમાં છપ્પન નક્ષત્રોનો ચન્દ્રમા સાથે યોગ થતો હતો. વર્તમાન કાળમાં થાય છે, અને ભવિષ્યમાં પણ તેઓ ચન્દ્રમા સાથે યોગ કરશે તેનું તાત્પર્ય આ પ્રમાણે છે-જંબૂદ્વીપમાં બે ચન્દ્રમા છે તે દરેકના ૨૮, ૨૮, અઠ્યાવીસ ૨ નક્ષત્રો છે. આ રીતે ૨૮-૨૮ મળીને છપ્પન થાય છે, વિમળનાથ ભગવાનના છપ્પન ગણ હતાં અને છપ્પન ગણધર હતા ।।સૂ. ૯૫।।

## સત્તાવન સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર સત્તાવન (૫૭) સંખ્યાવાળાં સમવાયો બતાવે છે—'तिण्हं 'गणिपिडगाणं इत्यादि !

ટીકાર્થ-આચાર ચલિકા સિવાયના ત્રણ ગણિપિટકોના સત્તાવન (૫૭) અધ્યયન કહ્યા છે. તે આ પ્રમાણે છે-આચારાંગ, સૂત્રકૃતાંગ, અને સ્થાનાંગ, એ ત્રણ ગણિ-પિટક છે. તેમાં આચારાંગના પહેલા શ્રુતસ્કંધમાં નવ અધ્યયન છે. તેમાં જે નિશી-થાધ્યયન છે તેનો વિષય જુદો હોવાથી તેની અહીં ગણતરી કરી નથી. બીજામાં સોળ અધ્યયન છે. તેમાંનો આચારચૂલિકા નામનું જે એક અધ્યયન છે તેની અહીં ગણતરી કરી નથી તેથી પંદર અધ્યયન જ સમજવાના છે સૂત્રકૃતાંગ નામના બીજા અંગનાં પહેલા શ્રુતસ્કંધના સોળ અને બીજા શ્રુતસ્કંધમાં સાત અધ્યયન છે. ત્રીજા સ્થાનાંગ સૂત્રમાં દસ અધ્યયન છે. ત્રણે ગણિપિટકોના સઘળા અધ્યયનોનો સરવાળો (૯-૧૫-૧૬-૭-૧૦) સત્તાવન થાય છે. નાગકુમાર દેવોનું નિવાસસ્થાન ગોસ્તૂપ નામનો આવાસ પર્વત છે, તેના પૂર્વના આખરી ભાગથી વડવામુખ નામના મહાપાતાલકલશનો તદ્દન મધ્યનો ભાગ સત્તાવન (૫૭) હજાર યોજન દૂર આવેલ છે. અહીં આ પ્રમાણે સમજવાનું છે-જંબૂદ્વીપની વેદિકા અને ગોસ્તૂપ પર્વત એ બન્ને વચ્ચેનું અંતર બેંતા-લીસ(૪૨)હજાર યોજનનું છે. ગોસ્તૂપ પર્વતનો વિષ્કંભ(વસ્તાર) એક હજાર યોજનનો છે. તેથી તે ૪૩ તેંતાળીસ હજાર યોજનને ૯૫ પંચાણું હજાર યોજનમાંથી બાદ કરતાં ગોસ્તૂપ અને વડવામુખ પાતાલકશનું અંતર બાવન હજાર યોજન થાય છે. વડવા-મુખ પાતાલકલશનો વિષ્કંભ દસ હજાર યોજનનો વિષ્કંભનો મધ્યભાગ કાઢવા માટે દસ હજાર યોજનનો અર્ધો ભાગ ગણતા પાંચ હજાર યોજન આવે છે તે પાંચ

હજાર યોજનનો બાવન હજાર યોજન સાથે સરવાળો કરતાં સત્તાવન હજાર યોજન થાય છે. એ જ પ્રમાણે દક્ષિણ દિશામાં આવેલા દકભાસ પર્વતથી કેતું નામના મહાપાતાલ કલશના મધ્ય ભાગનું, તથા પશ્ચિમ દિશામાં આવેલા શંખ પર્વતથી યૂપ નામના મહાપાતાલ કલશના મધ્યભાગનું, તથા ઉત્તર દિશામાં આવેલા દકસીમન નામના પર્વતથી ઇશ્વર નામના મહાપાતાલ કલશના મધ્યભાગનું અંતર પણ ૫૭-૫૭ સત્તાવન-સત્તાવન હજાર યોજન સમજવું મલ્લિનાથ અર્હંત ભગવાનના સત્તાવન (૫૭) હજાર મનઃપર્યવજ્ઞાની હતા મહાહિવંત અને રૂકમી વિસ્તારની દૃષ્ટિએ એ બે પર્વતોની જીવાઓના-પ્રત્યંચાઓના--ધનુપૃષ્ઠ વિસ્તારની દૃષ્ટિએ ૫૭૨૯૩૧૦/૧/૧૯ યોજનના કહેલ છે ાસૂ. ૯૬ા

## અઠાવન સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર અઠ્ઠાવન (૫૮) સંખ્યાવાળાં સમવાયા દર્શાવે છે. **'पढम दोच्च पंचमासु' इत्यादि।**

ટીકાર્થ-પહેલી, બીજી અને પાંચમી પથ્વીમાંએકંદરે અઠ્ઠાવન(૫૮) લાખ નરકાવાસ છે. તે આ પ્રમાણે થાય છે- પહેલી પથ્વીમાં ત્રીસ (૩૦) લાખ, બીજી પૃથ્વીમાં પચીસ (૨૫) લાખ અને પાંચમી પૃથ્વીમાં ત્રણ (૩) લાખ નરકાવાસો છે. તે બધાનો સરવાળો અઠ્ઠાવન (૫૮) લાખ થાય છે જ્ઞાનાવરણીય, વેદનીય, આયુ, નામ અને અંતરાય એ પાંચ કર્મપ્રકૃતિયોની અઠ્ઠાવન (૫૮) ઉત્તર પૃથ્વીમા ત્રણ (૩) લાખ નરકાવાસો છે. તે બધાનો સરવાળો અઠ્ઠાવન (૫૮) લાખ થાય છે. જ્ઞાનાવ. રણીય. વેદનીય, આયુ. નામ અને અંતરાય, એ પાંચ કર્મ પ્રકૃતિયોની અઠ્ઠાવન (૫૮) ઉત્તર પ્રકૃતિઓ કહી છે. જ્ઞાનાવરણીય કર્મની પાંચ, વેદનીયની સાતા અસાતા રૂપ બે આયુકર્મની ચાર, નામકર્મની બેંતાળીસ, અને અંતરાય કર્મની પાંચ તે બધી મળીને અઠ્ઠાવન (૫૮) ઉત્તર પ્રકૃતિઓ થાય છે. ગોસ્તૂપ નામના અવાસપર્વતના પશ્ચિમ છેડાના ભાગથી વલાયામુખ મહાપાતાલ કલશનો મધ્યભાગ અઠ્ઠાવન(૫૮)હજાર યોજ-નને અંતરે આવેલ છે. એ જ પ્રમાણે દકભાસ નામના આવાસ પર્વતના ઉત્તર દિશાના આખરી ભાગથી કેતુક નામના મહાપાતાલ કલશના મધ્યભાગનું અંતર

અઠ્ઠાવન હજાર યોજન છે, એ જ પ્રમાણે શંખ નામના આવાસપર્વતના પૂર્વના આખરી ભાગથી યૂપક નામના મહાપાતાલ કલશના મધ્યભાગનું અંતર પણ અઠ્ઠાવન યોજન છે. એ જ પ્રમાણે દકસીમન નામના આવાસપર્વતના દક્ષિણ છેડાના ભાગથી ઈશ્વર નામના મહાપાતાલકલશના મધ્યભાગનું અંતર અઠ્ઠાવન (૫૮) હજારયોજન છે. ાસૂ. ૯૭ા

## ઉનસઠ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર ઓગણસાઠ (૫૯) સંખ્યાવાળાં સમવાયોનું કથન કરે છે--

**'चंदस्स णं सवच्छरस्स' इत्यादि !**

ટીકાર્થ-સ્થાનાંગસૂત્ર આદિમાં અનેક પ્રકારનાં સંવત્સર કહ્યાં છે. તેમાં જે સંવત્સર (વર્ષ) ચન્દ્રગતિને અનુલક્ષીને ગણવામાં આવે છે તે સંવત્સરને ચાંદ્ર-સંવત્સર કહે છે. તે ચાંદ્ર સંવત્સરમાં બાર માસ તથા છ ઋતુઓ હોય છે. તે સંવ-ત્સરની પ્રત્યેક ઋતુ ઓગણસાઠ અહોરાત્ર (દિનરાત) ની કહેલ છે. તેનું તાત્પર્ય આ પ્રમાણે છે-એક ચાંદ્રમાસના ૨૯/૩૨/૬૦ અહોરાત્ર થાય છે. કૃષ્ણપક્ષની પ્રતિપદા (એકમ) થી શરૂકરીને પૂનમ સુધીમાં એક ચાંદ્રમાસ થાય છે. એ ચાંદ્રમાસોની એટલે કે ઓગણસાઠ(૫૯) દિનરાતની એક ઋતુ થાય છે. એક માસમાં ૨૯/૩૨/૬૦ દિનરાત થાય છે. એ રીતે એક ઋતુના૫૯/૪/૬૦દિનરાત્ર થાય. પણ અહીં ૪ ભાગોની ગણતરી નહી કરવાથી સૂત્રકારે ઓગણસાઠ દિનરાત કહેલ છે. સંભવનાથ ભગવાન ૫૯ ઓગણસાઇઠ લાખ પૂર્વ સુધી ગૃહસ્થાશ્રમમાં રહીને પ્રવ્રજિત-દીક્ષિત થયા હતા. આવશ્યક સૂત્રમાં જે એમ બતાવવામાં આવ્યું છે. કે સંભવનાથ ભગવાન ઓગણ. સાઠ લાખ અને ચાર પૂર્વ સુધી ગૃહસ્થાશ્રમમાં રહ્યા હતા તે શાસ્ત્રવિરૂદ્ધનું હોવાથી બરાબર નથી. મલ્લીનાથ અર્હંત પ્રભુના અવધિજ્ઞાનીઓની સંખ્યા ઓગણસાઠ સો (૫૯૦૦) ની હતી. ાસૂ. ૯૮ા

હવે સૂત્રકાર સાઠ(૬૦)સાઇઠ સંખ્યાવાળાં સમવાયો બતાવે છે-'एगमेगेणं मंडले इत्यादि !

ટીકાર્થ-એક સો ચોયાસી (૧૮૪) મંડળોમાંથી પ્રત્યેક મંડળ-સંચરણ ક્ષેત્રને સૂર્ય સાઠ સાઠ(૬૦-૬૦) મુહૂર્તો બાદ નિષ્પન્ન કરે છે. તેનો ભાવાર્થ આ પ્રમાણે છે.

જે દિવસે સૂર્ય જે સ્થાને ઉદય પામે છે તેનાથી બીજા સ્થાને તે બે દિનરાત બાદ ઉદય પામે છે. તેથી સાઠ-સાઠ મુહૂર્ત બાદ જ સૂર્ય પોતાના પ્રત્યેક સંચરણ ક્ષેત્રરૂપ મંડલનું નિર્માણ કરે છે. સાઠ (૬૦) હજાર નાગદેવતા લવણસમુદ્રના આગ્રોદકને ધારણ કરે છે. સોળ હજાર(૧૬૦૦૦) યોજન ઉંચી જે લવણસમુદ્રની વેલા (જલરાશિ) છે તેના ઉપર બે ગવ્યૂતિ-બે ગાઉ સુધી પાણીનો જે ઊતાર ચઢાવ થાય છે તેને અગ્રોદક કહે છે વિમળનાથ અર્હંતપ્રભુ સાઠ (૬૦) ધનુષ પ્રમાણ ઊંચા હતા. વૈરોચનેન્દ્રબલિના સામાનિક દેવો સાઠ (૬૦) હજાર છે, તે બાલ ઉત્તરાર્ધનો અધિપતિ છે, અને અસુરકુમાર જાતિનો રાજા છે. બ્રહ્મલોક નામના પાંચમા દેવલોકના ઈન્દ્ર બ્રહ્મ દેવરાજ દેવેન્દ્રના સાઠ હજાર (૬૦૦૦૦) સામાનિક દેવો છે. સૌધર્મ અને ઇશાન, એ બે કલ્પોમાં સાઠ (૬૦) લાખ વિમાનાવાસ કહેલ છે એટલે કે સૌધર્મ દેવલોકમાં બત્રીસ લાખ, અને ઈશાન દેવલોકમાં અઠ્ઠાવીસ (૨૮) લાખ વિમાનાવાસ છે.

ભાવાર્થ—આ સૂત્રદ્વારા સૂત્રકારે સાઠ (૬૦) સંખ્યાવાળાં સમવાયોનું કથન કર્યું છે. સૂર્ય પોતાના પ્રત્યેક સંચરણક્ષેત્ર-મંડળને સાઠ (૬૦) મુહૂર્ત્તમાં નિષ્પન્ન કરે છે. લવણસમુદ્રના અગ્રોદકને સાઠ હજાર નાગદેવતા ધારણ કરે છે. વિમળનાથ તીર્થંકરના શરીરની ઉંચાઇ સાઠ (૬૦) ધનુષ પ્રમાણ હતી. વૈરોચનેન્દ્ર બલિના તથા બ્રહ્મદેવેન્દ્રના સાઠ, સાઠ (૬૦, ૬૦) હજાર સામાનિક દેવો છે. સૌધર્મદેવલોકમાં બત્રીસ લાખ વિમાનાવાસ, અને ઈશાનદેવલોકમાં અઠ્ઠાવીસ(૨૮)લાખ વિમાનાવાસ મળીને તેબન્નેમાં એકંદરે સાઠલાખ (૬૦૦૦૦૦૦)વિમાનાવાસછે. ॥સૂ. ૯૯॥

હવે સૂત્રકાર એકસઠ (૬) સંખ્યાવાળાં સમવાયો પ્રગટ કરે છે–**'पंच संवच्छ-रियस्स णं' इत्यादि !**

ટીકાર્થ—ઋતુ માસથી ગણતરી કરી શકાય તેવા તથા પાંચ સંવત્સરોથી બનેલા એવા એક યુગના એકસઠ (૬૧) ઋતુમાસ થાય છે તેનો ભાવાર્થ આ પ્રમાણે છે–પાંચ સંવત્સરોનો એક યુગ થાય છે. તે પાંચ સંવત્સરો નીચે પ્રમાણે છે.(૧)ચન્દ્ર સવત્સર(૨)ચન્દ્રસંવત્સર(૩)અભિવર્દ્ધિતસંવત્સર(૪) ચન્દ્ર સંવત્સર અને(૫)અભિવર્દ્ધિત સંવત્સર ચન્દ્ર સંવત્સરમાં બાર ચંન્દ્રમાસ હોય છે. એક ચંદ્રમાસમાં ૨૯ ૩૨/૬૨ અહોરાત્ર–દિવસરાત્ર હોય છે. ચન્દ્રમાસ કૃષ્ણપક્ષની પ્રતિપદા (એકમ) થી શરૂ થઈ પૂનમે પૂરો થાય છે. એક ચંદ્રસંવત્સરમાં ૩૫૪ ૧૨/૬૨ દિનરાત હોય છે. તથા બાર અભિવર્દ્ધિત માસોનું એક અભિવર્દ્ધિત સંવત્સર થાય છે. એક અભિવર્દ્ધિત માસમાં ૩૧ ૧૨૧/૧૨૪ અહોરાત્ર–દિવસરાત હોય છે. તેના બાર ગણા કરવાથી ૩૮૩ ૪૪/૬૨ અહોરાત્ર થાય છે. એ રીતે અભિવર્દ્ધિત સંવત્સરના ૩૮૩ ૪૪/૬૨ દિનરાત થાય છે. એ પ્રમાણે ત્રણ ચંદ્રસંવત્સરો (ચાન્દ્ર વર્ષો) અને બે અભિવર્દ્ધિત સંવત્સરો (અધિક માસવાળાં વર્ષો) ના અહોરાત્રનો સરવાળો કરતાં ૧૮૩૦ એક-હજાર આઠસો ત્રીસ દિનરાત થાય છે. તેને ૧૮૩૦ એકહજાર આઠસો ત્રીસ ઋતુ-માસના ૩૦ દિનરાત વડે ભાગતાં એકસઠ (૬૧) રૂતુમાસ આવે છે. આ રીતે એક યુગમાં એકસઠ (૬૧) રૂતુ માસ હોય છે તે વાત સાબિત થઇ જાય છે. સુમેરુ પર્વતનો પહેલો કાંડ એકસઠ હજાર (૬૧૦૦૦) યોજન ઊંચો છે. નવાણું હજાર યોજન પ્રમાણવાળો સુમેરુ પર્વત બે ભાગમાં વહેંચાયેલો છે. તેમાંનો પહેલો ભાગ એકસઠ હજાર યોજનની ઊંચાઈનો છે અને બીજો ભાગ આડત્રીસ હજાર યોજન ઉંચો છે. આ વાત ૩૮ આડત્રીસ સંખ્યાવાળાં સમવાયોમાં દર્શાવવામાં આવી ગઇ છે. ક્ષેત્ર માસમાં તો મૂળની સાથે ૧ લાખ યોજન પ્રમાણવાળો સુમેરુ પર્વત ત્રણ ભાગોમાં વિભકત કરેલ છે. તેમાંનો જે પહેલો ભાગ છે તે એક હજાર યોજનનો છે અને જમીનની અંદર છે, બીજો ભાગ સાઠ હજાર યોજનનો છે અને ત્રીજો ભાગ છત્રીસ હજાર યોજનનો કહેલ છે. જેટલાં ચન્દ્ર મંડળો છે તે બધાં ચન્દ્રમંડળો એક યોજનના ૬૧ એકસઠ ભાગોમાંથી ૫૬ છપ્પન ભાગ પ્રમાણ છે. ત્યારબાદ અંશોનો અભાવ છે. તેથી ચન્દ્રમંડળની સમાંશતા કહેવામાં આવેલ છે. એ જ પ્રમાણે

સૂર્યમંડળોમાં પણ સમાંશતા છે સૂર્યનાં મંડળ એક યોજનના ૬૧ એકસઠ ભાગો-માંથી ૪૮ અડતાલીસ ભાગ પ્રમાણ છે. ત્યાર બાદ અંશોની સંભવિતતા નથી. તે કારણે સૂર્યમંડળોનાં સમાંશતા કહેવામાં આવેલ છે.

ભાવાર્થ—સૂત્રકારે આ સૂત્ર દ્વારા એકસઠ (૬૧) સંખ્યાવાળા સમવાયોનું વર્ણન કર્યું છે તેમાં એ વાત બતાવવામાં આવી છે કે પાંચ સંવત્સરોથી બનતા એક યુગમા એકસઠ (૬૧) ઋતુમાસ હોય છે તે યુગ ઋતુમાસથી જ ગણાય છે. સુમેરુ પર્વના બે કાંડોમાથી પહેલો કાંડ એકસઠ હજાર ઊંચો છે. સમસ્ત ચન્દ્ર-મંડળ ૫૬/૬૧ યોજન પ્રમાણ અને સૂર્યમંડળ ૪૮/૬૧ યોજન પ્રમાણ છે ।।સૂ. ૧૦૦।।

## બાસઠ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર બાંસઠ (૬૨) સંખ્યાવાળાં સમવાયોનું કથન કરે છે **'पंच संव-च्छरिएणं' इत्यादि ।**

ટીકાર્થ—પાંચ સંવત્સરો (વર્ષો) થી નિર્માણ થતાં એક યુગમાં ૬૨ બાસઠ પુનમ અને બાસઠ અમાવાસ્યાઓ હોય છે. એક યુગમાં ત્રણ ચંદ્રસંવત્સર અને બે અભિવર્દ્ધિત સંવત્સર હોય છે. ત્રણ ચાંદ્રવર્ષમાં ૩૬ પુનમો હોય છે. અને એક અભિવર્દ્ધિત વર્ષમાં ૧૩ તેર ચન્દ્રમાસ હોય છે. બે અભિવર્દ્ધિત વર્ષમાં ૨૬ છવ્વીસ ચંન્દ્રમાસ હોય છે. તેથી બે અભિવર્દ્ધિત વર્ષમાં ૨૬ પુનમો આવે છે તેથી એક એક યુગમાં ૩૬–૨૬ = ૬૨ પુનમો આવે છે અને એ જ રીતે ૬૨ અમાવાસ્યાઓ આવે છે. બારમાં તીર્થંકર વાસુપૂજ્ય ભગવાનના ૬૨ ગણ હતા અને ગણધર પણ ૬૨બાસઠ હતા. આવશ્યકમાં ભગવાન વાસુપૂજ્યના ૬૬ છાસઠ ગણ અને ૬૬ છાસઠ ગણ-ધર કહેલ છે. પણ તે કથન શાસ્ત્ર વિરૂદ્ધનું છે. શુકલપક્ષનો ચંન્દ્ર દરરોજ ૬૨ બાસઠ ભાગ સુધી વધતો રહે છે અને કૃષ્ણપક્ષમાં તે દરરોજ બાસઠ ભાગ સુધી ઘટતો રહે છે આ વિષયને લાગુ પડતી ગાથાઓ સૂર્યપ્રજ્ઞપ્તિમાં પણ કહેવામાં આવી છે, જે આ પ્રમાણે છે–**'कण्हं राहुविमाणं'** વગેરે તથા **सोलसभागे काऊण"** વગેરે એ ગાથાઓમાં જે વિષયનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે તે પ્રમાણે ચન્દ્રમંડળના નવ સો એકત્રીસ (૯૩૧) ભાગ કલ્પવામાં આવ્યા છે. તેમાંનો એક ભાગ તો તદ્દન નિરાવરણ જ રહે છે જે અમાવાસ્યાને દિને પણ નિરાવરણ જ રહે છે. બાકીનાં ૯૩૦ નવસો ત્રીસ ભાગોમાંથી બાસઠ. બાસઠ (૬૨–૬૨) ભાગ શુકલપક્ષના પ્રત્યેક દિન વધતા રહે છે. આ રીતે પંદરમે દિવસે સમસ્ત ભાગ નિરાવૃત થાય છે–ખુલ્લો થાય છે. કૃષ્ણપક્ષના પ્રત્યેક દિવસે બાસઠ બાસઠ (૬૨–૬૨) ભાગ ઘટતા જાય છે.

તેથી પંદરમે દિવસે નવસો ત્રીસે ભાગ તદન ઢંકાઈ જાય છે. તેથી પણ તેમાંનો એક ભાગ નિરાવૃત્ત-ખુલ્લો જ રહે છે. આ પ્રમાણેનો ઉપરોકત બન્ને ગાથાઓનો ('कण्हं राहु विमाणं') વગેરે ૪ ચાર ગાથાઓ તથા 'सोलसभागे काऊण' એ એક ગાથાનો અભિપ્રાય છે. પણ જીવાભિગમ સૂત્રમાં 'वासट्ठिं' આ ગાથા તથા 'पन्नरस य भागेण य' એ બે ગાથાઓ જ વ્યાખ્યાત કરવામાં આવી છે. 'वसिट्ठिं' ગાથાનો ભાવાર્થ આ પ્રમાણે છે—"શુકલપક્ષના પ્રત્યેક દિવસે ૬૨ બાસઠ ભાગવાળા દિવસના ૪ ભાગ કરતાં થોડો વધારે (૪/૬૨ થી થોડો વધારે) ચન્દ્રમા વધે છે અને કૃષ્ણપક્ષના પ્રત્યેક દિને એટલા જ પ્રમાણમાં ક્ષય પામે છે. આ પ્રમાણેની વૃદ્ધિ અને ક્ષય કેટલા સમયમાં થાય છે તે पन्नरसय भागेण य આ ગાથા દ્વારા દર્શાવવામાં આવ્યું છે. તે ગાથામાં એ વાત આવી છે કે ચન્દ્ર વિમાનના બાસઠ ભાગ કરો. તે બાસઠ ભાગને પંદર (૧૫) વડે ભાગો. ત્યારે ૪ ચાર ભાગથી થોડા વધારે ભાગ આવે છે. એટલે કે ૪ ૪/૧૫ ભાગ આવે છે આ પંદરમાં ભાગથી ચદ્ર વિમાનને આશ્રિત કરીને પંદર દિવસ સુધી રાહુનું વિમાન ગતિ કરે છે અને એ જ રીતે તે ત્યાંથી હટી પણ જાય છે. દૂર પણ થાય છે. સૌધર્મ અને ઇશાન, એ બે કલ્પોના પહેલા પ્રસ્તારમાં કે જેસૌથી નીચે છે, ઉત્તરોત્તર શ્રેણિની અપેક્ષાએ આદિની ચાર દિશાઓની ચાર શ્રેણીઓની પ્રત્યેક શ્રેણિમાં પ્રત્યેક દિશામાં બાસઠ, બાસઠ વિમાન છે. એટલે કે સૌધર્મ અને ઇશાન, એ બન્ને કલ્પોનાં પહેલાં પ્રસ્તારમાં વિમાનની ચાર શ્રેણિયો છે, તેમના મધ્યભાગમાં ઉડુ નામનું એક ગોળાકાર વિમાન છે. તે બધા વિમાનોમાં શ્રેષ્ઠ હોવાથી ઇન્દ્રક વિમાનને નામે ઓળખાય છે. તે વિમાનની પૂર્વ આદિ ચાર દિશાઓમાં બાસઠ, બાસઠ વિમાનો છે. વૈમાનિક દેવોના સમસ્ત વિમાન પ્રસ્તર પ્રસ્તર પરિમાણની દૃષ્ટિએ બાસઠ(૬૨) છે, જે આ પ્રમાણે છે—સૌધર્મ અને ઇશાન કલ્પમાં ૧૩, સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પમાં ૧૨, બ્રહ્મલોકમાં ૬, લાન્તક કલ્પમાં ૫, શુક્રકલ્પમાં ૪, સહસ્રાર કલ્પમાં ૪, આનત પ્રાણત, એ બે કલ્પોમાં ૪, આરણ અને અચ્યુત, એ બે કલ્પોમાં ૪, અધસ્તન, મધ્યમ અને ઉપરિતન, એ નવ ગ્રૈવેયકોમાં ૩૩-૩-૯ = અને અનુત્તર વિમાનોમાં ૧, એ પ્રમાણે બધાં મળીને બાસઠ (૬૨) પ્રસ્તર છે.

ભાવાર્થ—આ સૂત્રદ્વારા સૂત્રકારે બાસઠ (૬૨) સંખ્યાવાળાં સમવાયોનું કથન કર્યું છે. પાંચ સંવત્સરોવડે બનતા એક યુગમાં બાસઠ પૂર્ણિમાઓ અને બાસઠ

અમાસો હોય છે. જો કે સામાન્ય હિસાબથી સાઠ પૂર્ણિમા અને અમાસો થવી જોઈએ, પણ કયા પ્રકારની ગણતરીથી ૬૨-૬૨ બાસઠ-બાસઠ થાય છે તે સૂત્રકારે ટીકાના અર્થમાં સ્પષ્ટ રીતે સમજાવ્યું છે. વાસુપૂજ્ય પ્રભુના ૬૨ બાસઠ ગણ અને ૬૨ બાસઠ ગણધર હતાં. શુકલપક્ષનો ચન્દ્ર પ્રતિદિન ૬૨ બાસઠ ભાગ સુધી વધે છે કૃષ્ણપક્ષમાં તે ૬૨ બાસઠ ભાગ સુધી ક્ષય પામે છે. સૌધર્મ અને ઇશાન, એ બન્ને કલ્પના પ્રથમ પ્રસ્તારમાં જે ચાર વિમાન શ્રેણિયો છે, તેના મધ્યભાગમાં ઉડુ નામનું વિમાન છે. વિમાનની ચારે દિશામાં બાસઠ, બાસઠ વિમાનો છે. વૈમાનિક દેવોના સમસ્ત પ્રસ્તર બાસઠ છે. ાસૂ ૧૦૧ા

## તિરસઠ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર તેસઠ [૬૩) સંખ્યાવાળાં સમવાયો દર્શાવે છે **'उसभेणं अरहा इत्यादि ।**

ટીકાર્થ-કૌશલાધિપતિ ૠષભદેવ પ્રભુએ તેસઠ(૬૩)લાખ પૂર્વ સુધી રાજપદ ભોગવ્યું હતું. ત્યાર બાદ તેઓ દીક્ષિત થઇને અગારાવસ્થાથી અણગારાવસ્થા યુકત થયા હતા. હરિવર્ષ અને રમ્યકવર્ષના મનુષ્યો માતાપિતા દ્વારા પાલન કરાયા વિના-તેસઠ (૬૩) દિનરાતમાં જ યૌવનાવસ્થા પ્રાપ્ત કરે છે. નિષધ વર્ષધર પર્વત ઉપર તેસઠ (૬૩) સૂર્યમંડલ છે—એ જ પ્રમાણે નીલવંત પર્વત પર પણ તેસઠ (૬૩) સૂર્યમંડળ છે તેનું તાત્પર્ય નીચે પ્રમાણે છે—

મેરુની એક તરફ જે નિષધ છે તેના શિખર પર તેસઠ સૂર્યમંડળ છે. આ નિષધ પર્વત હરિવર્ષ અને વિદેહને જુદા પાડે છે. વિદેહક્ષેત્ર સઘળાં ક્ષેત્રોની વચ્ચે છે, તેથી મેરુ પર્વત પણ તે ક્ષેત્રની બરાબર મધ્યમાં રહેલ છે. વિદેહ અને રમ્યક-વર્ષને જુદા કરનાર નીલપર્વત છે. તે કારણે સૂત્રકારે અહીં નિષધ અને નીલ, એ બે પર્વતોનો ઉલ્લેખ કર્યો છે. હરિવર્ષ ક્ષેત્રની જે જીવા છે તેની કોટી પર બે

સૂર્યમંડળ છે. મેરુની બીજી તરફ નીલ પર્વત છે. તેની ચોટી (શિખર) પર તેસઠ (૬૩) સૂર્યમંડળ છે. રમ્યકક્ષેત્રની જીવાકોટી પર બે સૂર્યમંડળ છે. આ રીતે જંબૂદ્વીપના એક સો એંસી (૧૮૦) યોજન પ્રમાણ ક્ષેત્રને ઘેરીને પાંસઠ(૬૫)સૂર્યમંડલ અને લવણસમુદ્રના ત્રણસો ત્રીસ (૩૩૦) યોજન પ્રમાણ ભાગને ઘેરીને એક સો ઓગણીસ (૧૧૯) સૂર્યમંડળ છે. તે બન્નેનો સરવાળો (૬૫-૧૧૯) કરતાં એકસો ચોર્યાસી (૧૮૪) સૂર્યમંડળ થઈ જાય છે.ાાસૂ. ૧૦૨ાા

## ચૌસઠ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર ચોસઠ (૬૪) સંખ્યાવાળા સમવાયો બતાવે છે-**'अट्ठट्ठमियाणं' इत्यादि ।**

ટીકાર્થ-આઠ દિવસના અષ્ટકવાળી એટલે કે ચોસઠ દિવસોની ભિક્ષુપ્રતિમા ચોસઠ(૬૪) અહોરાત્રની આરાધનાથી અને બસો એંસી (૨૮૦) દત્તિરૂપ ભિક્ષાઓથી સૂત્રની વિધિ પ્રમાણે આરાધવામાં આવે છે. તેમા આ રીતે ભિક્ષા ગ્રહણ કરાય છે પહેલાં અષ્ટકમાં-પહેલા આઠ દિવસમાં દરરોજ એકએક દત્તિ અન્નની અને એક એક દત્તિ પાનની, બીજા અઠવાડિયામાં બે બે દત્તિ, ત્રીજા અઠવાડિયામાં ત્રણ ત્રણ દત્તિ, આ રીતે દરેક અઠવાડિયે એક એક દત્તિ વધારતાં વધારતાં આઠમે અઠવાડિયે દરરોજ આઠ આઠ દત્તિ ગ્રહણ કરાય છે. અથવા આઠે અઠવાડિયાના પહેલે દિવસે એક ભિક્ષા (અન્નપાનની એક એક દત્તિ), બીજે દિવસે બે ભિક્ષા, ત્રીજે દિવસે ત્રણ ભિક્ષા. એ પ્રમાણે એક એક ભિક્ષા (દત્તિ)ની વૃદ્ધિ કરતાં કરતાં આઠમે દિવસે આઠ ભિક્ષા ગ્રહણ કરાય છે. આ રીતે પ્રત્યેક અઠવાડિયાની છત્રીસ (૩૬) ભિક્ષા (દત્તિ) થાય છે. અને આઠ અઠવાડિયાની ૩૬-૮ = ૨૮૮ બસો અઠયાસી દત્તિયો થાય છે. એટલી

એ ભિક્ષાઓ દ્વારા તે ભિક્ષુપ્રતિમા યથાસૂત્ર, યથાકલ્પ, યથામાર્ગ, સ્પૃષ્ટ અને પળાતી થકી, શોધિત, તીર્ણ અને કીર્તિત થતી, તીર્થંકરની આજ્ઞાનુસાર યોગ્ય રીતે આરાધિત થાય છે. અહીં જે ''जाव'' શબ્દ આવ્યો છે તેથી 'अहाकप्पं, अहामग्गं, फासिया, पालिया, सोहिया, तीरिया, किट्टिया, सम्मं आणाए आराहिया त्ति'' પદો ગ્રહણ કરાયેલ છે. ચમરેન્દ્રના ચોસઠ હજાર આવાસ કહ્યા છે. અસુરકુમારોના ચોસઠ (૬૪) લાખ આવાસ-ભવન કહેલ છે. સમસ્ત દધિમુખ પર્વત પલ્યંકના આકારના છે, અને તેમનો વિષ્કંભ સર્વત્ર એક સરખો છે, તથા તેમના ઉત્સેધ ચોસઠ હજાર યોજનનો છે. જંબૂદ્વીપથી નંદીશ્વર નામનો જે આઠમો દ્વીપ છે. તેમાં તે દધિમુખ પર્વતો આવેલા છે. તે આ પ્રમાણે છે-ત્યાં ચારે દિશાઓમાં જે ચાર અંજનમુખ પર્વતો છે, તે પ્રત્યેકની ચાર ચાર વાવડીઓ છે. તેમની વચ્ચે એક એક દધિમુખ નામનો પર્વત છે. વિષ્કંભ એટલે પહોળાઇ તે બધા પર્વતો પહોળાઇમાં એક સરખા છે. પણ ઉત્સેધ-ઊંચાઇની બાબતમાં તેમની વચ્ચે તફાવત છે. એટલે તે બધાની ઊંચાઇ ચોસઠ હજાર યોજનની છે. સૌધર્મ, ઇશાન, અને બ્રહ્મલોક, એ ત્રણે કલ્પોમાં મળીને ચોસઠ લાખ વિમાનો છે. સૌધર્મ કલ્પમાં ૩૨ બત્રીસ લાખ, ઇશાનકલ્પમાં ૨૮ અઠ્યાવીસલાખ, અને બ્રહ્મલોક કલ્પમાં ૪ ચાર લાખ તે ત્રણેના વિમાનોનો સરવાળો (૩૨-૨૮-૪) = (૬૪) લાખ થાય છે. ચાર અન્તવાળી ભૂમિ પર પોતાનું શાસન ચલાવનાર ચક્રવર્તિ રાજાનો હાર ચોસઠ સેરવાળો હોય છે. તે હાર બહુ મૂલ્યવાન હોય છે, અને મોતી તથા મણિયોનો બનેલો હોય છે. ।।સૂ. ૧૦૩।।

## પૈંસઠ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર પાંસઠ (૬૫) સંખ્યાવાળાં સમવાયોનું કથન કરે છે—'जंबूद्दीवे णं' इत्यादि ।

ટીકાર્થ—જંબૂદ્વીપ નામના દ્વીપમાં પાંસઠ (૬૫) સૂર્યમંડળ કહ્યાં છે, ભગવાન મહાવીરના સાતમા ગણધર સ્થવિરપમૌર્યપુત્ર, પાંસઠ વર્ષ સુધી ગૃહસ્થાશ્રમ પાળીને દીક્ષિત થઈ અણગારાવસ્થા યુકત થયા હતા. સૌધર્મ લોકની મધ્યમાં આવેલ ત્યાંના ઇન્દ્રના નિવાસસ્થાનરૂપ સૌધર્માવતંસક વિમાન છે. તેની પ્રત્યેક દિશામાં પાંસઠ પાંસઠ નગરનાં આકારનાં સ્થાનો આવેલાં છે, એમ કહેલ છે. ।।સૂ. ૧૦૪।।

હવે સૂત્રકાર છાસઠની (૬૬) સંખ્યાવાળાં સમવાયો દર્શાવે છે–'**दाहिणड्ढे माणुस्स' इत्यादि ।**

ટીકાર્થ—દક્ષિણાર્ધ મનુષ્યક્ષેત્રમાં છાસઠ (૬૬) ચન્દ્રમા ભૂતકાળમાં ચમકતાં હતાં, વર્તમાનકાળમાં ચમકે છે અને ભવિષ્યમાં પણ ચમકશે. એ જ પ્રમાણે ત્યાં ભૂતકાળમાં છાસઠ સૂર્ય તપતા હતા, વર્તમાનમાં તપે છે અને ભવિષ્યમાં પણ તપશે ઉત્તરાર્ધ મનુષ્ય ક્ષેત્રમાં ૬૬છાસઠ ચંદ્રમા પ્રકાશતાં હતાં, વર્તમાન કાળમાં પ્રકાશે છે અને ભવિષ્યમાં પ્રકાશશે. એ જ પ્રમાણે ત્યાં છાસઠ સૂર્યો તપતા હતા. વર્તમાનકાળમાં તપે છે અને ભવિષ્યમાં પણ તપશે. શ્રેયાંસનાથ ભગવાનના છાસઠ (૬૬) ગણ હતા અને ગણધર પણ છાસઠ જ હતા. આભિનિબોધિક જ્ઞાનની ઉત્કૃષ્ટ સ્થિતિ છાંસઠ (૬૬) સાગરોપમની કહી છે.

ભાવાર્થ—મનુષ્યક્ષેત્રના બે વિભાગ છે–(૧)દક્ષિણાર્ધ મનુષ્યક્ષેત્ર, અને(૨)ઉત્તરાર્ધ મનુષ્યક્ષેત્ર. દક્ષિણાર્ધ મનુષ્યક્ષેત્રમાં છાસઠ સૂર્ય અને છાસઠ ચન્દ્રમા છે. એટલા જ સૂર્ય-ચન્દ્ર ઉત્તરાર્ધ મનુષ્યક્ષેત્રમાં પણ છે. કુલ ૧૩૨એકસો બત્રીસ સૂર્ય અને૧૩૨ એકસો બત્રીસ ચન્દ્રમા છે. તે આ પ્રમાણે છે—જંબૂદ્વીપમા બે સૂર્ય અને બે ચન્દ્રમા, લવણસમુદ્રમા ચાર સૂર્ય અને ચાર ચન્દ્રમા, ધાતકી ખંડમા બાર સૂર્ય અને બાર ચન્દ્રમા કાલોદધિ સમુદ્રમાં બેંતાલીસ સૂર્ય અને બેંતાલીસ ચન્દ્રમા, અને પુષ્કરાર્ધમા બોંતેર સૂર્ય અને બોતેર ચન્દ્રમા છે. તેમાંના છાસઠ ઉત્તરાર્ધમાં અને છાસઠ દક્ષિણાર્ધમાં છે જ્યારે ઉત્તરની પંક્તિ પૂર્વદિશામાં જાય છે ત્યારે દક્ષિણની પંક્તિ પશ્ચિમ દિશામાં જાય છે. અભિનિબોધિક જ્ઞાનની ઉત્કૃષ્ટ સ્થિતિ છાસઠ સાગરોપમની કહી છે તે આ પ્રમાણે સમજવાની છે–કોઇ મતિજ્ઞાની જીવ મરીને જ્યારે બે વાર વિજયાદિકમાં ઉત્પન્ન થાય છે ત્યારે તેમની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩–૩૩=૬૬ સાગરોપમની થઇ જાય છે. અથવા જો તે ત્રણ વખત બારમાં દેવલોકમાં જાય છે તો ૨૨–૨૨–૨૨=૬૬ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ થાય છે. વચ્ચે મનુષ્યભવની જે સ્થિતિ પ્રાપ્ત થાય છે તેની ગણતરી અહીં કરવામાં આવી નથી. બાકીના પદોનો ભાવાર્થ સરળ છે ।।સૂ. ૧૦૫।।

હવે સૂત્રકાર સડસઠની (૬૭) સંખ્યાવાળાં સમવાયો બતાવે છે—**"पंच संवच्छरियस्स णं" इत्यादि ।**

ટીકાર્થ—પાંચ સંવત્સરો (વર્ષો) નો જે એક યુગ થાય છે અને જેની નક્ષત્ર માસમાં ગણતરી કરાય છે, તે યુગના સડસઠ (૬૭) નક્ષત્રમાસ થાય છે હૈમવત અને ઐરણ્યવતના બહુ આયામની અપેક્ષાએ ૬૭૫૫ ૩/૧૯ યોજનના કહેલ છે. લઘુહિમવાન પર્વતની જીવાથી શરૂ કરીને હૈમવત ક્ષેત્રની જીવા સુધીના જે પૂર્વ અને પશ્ચિમથી લઇને લંબાયેલી પૂર્વ પશ્ચિમ દિશાની જે બે ક્ષેત્ર પંક્તિ છે. તે હૈમવત ક્ષેત્રના બે બાહુ છે. એ જ પ્રમાણે ઐરણ્ય ક્ષેત્રના બાહુ પણ સમજવા 'ઉકતં ચ' '(કહ્યું પણ છે)' એમ કહીને અહીં **'बाहा सत्तट्ठिसए पणपन्ने तिन्निय कलाओ'** આ અર્ધી ગાથા તેના પ્રમાણ તરીકે લખાઇ છે તેનો ભાવાર્થ એ પ્રમાણે જ છે અને એક યોજનના જે ઓગણીસ ભાગ કહ્યા છે તે જ અહીં 'કલા' છે તો એક યોજનના ૧૯ ઓગણીસ ભાગોમાં અહીં ત્રણ કલા પ્રમાણ ગ્રહણ કરવા જોઇએ એટલે કે પૂર્વોકત બાહુપ્રમાણ જ આ ગાથા દ્વારા કહેલ છે. બાહુનું પ્રમાણ આ રીતે પણ કાઢી શકાય છે હૈમવત ક્ષેત્રનો ધનુઃ પૃષ્ઠ **'चत्ताला सत्तसया अडतीसहस्स दशकलाय धणुं'** આ ગાથામાં કહેલ પ્રમાણાનુસાર ૩૮૭૪૦ ૧૦/૧૯ છે. તો તેમાંથી હિમવન પર્વતનો જે **'धणुपिट्ठ कलचउक्कं पणवीस सहस्स दुसयतीसहियं'** આ ગાથામાં ૨૫૨૩૦ ૪/૧૯ ધનુઃ પૃષ્ઠનું પ્રમાણ કહેલ છે તે બાદ કરવામાં આવે તો જે ૧૩૫૧૦ ૬/૧૯ ભાગ બાકી રહે છે તેનો અર્ધો ભાગ કરતાં ૬૭૫૫ ૩/૧૯ બાહુનું પ્રમાણ આવી જાય છે. સુમેરુ પર્વતનો પૂર્વનો આખરી ભાગ, ગૌતમ દ્વીપના આખરી ભાગથી સડસઠ(૬૭)હજાર યોજનને અંતરે છે. મેરુ પર્વતનો જે પૂર્વાન્ત ભાગ છે ત્યાંથી લઇને પશ્ચિમ દિશાની જગતી (કોટ) ના બહારના અન્તિમ પ્રદેશ સુધી પંચાવન હજાર યોજનપ્રમાણ જે જંબૂદ્વીપ છે, તેનાથી બાર હજાર યોજન આગળ જતાં લવણસમુદ્રની વચ્ચે ગૌતમદ્વીપ આવે છે. સમસ્ત નક્ષત્રોના સીમાવિષ્કંભને ૬૭ સડસઠ વડે ભાગતા સમાંશ કહેલ છે. તેનો ભાવાર્થ આ પ્રમાણે છે-અહોરાત્ર(દિવસ રાત)પરિમિત કાળથી જેટલા ક્ષેત્રનો નક્ષત્ર ભોગ કરે છે તેને ૬૭ સડસઠ વડે ભાગતાં જે સમાનાંશતા આવે છે, એ જ સમસ્ત નક્ષત્રાનો સમાન અંશરૂપ સીમા વિષ્કંભ છે. આ સીમા સડસડ

૬૭ થી ભાગતાં જ આવે છે. બીજી સંખ્યા વડે ભાગતાં આવતી નથી. કારણ કે એમ કરવામાં આવે તો સીમાંવિષ્કંભમાં વિષમાંશતા આવે છે તેનું કારણ આ પ્રમાણે છે—એક નક્ષત્ર અહોરાત્રમાં જેટલા ક્ષેત્રને ભોગવે છે તેટલા ક્ષેત્રના ૬૭ સડસઠ ભાગ કરવા તે ૬૭ સડસઠ ભાગમાંથી ૨૧ એકવીસ ભાગ લેવાતો અભિજિત્ નક્ષત્રનો સીમાવિષ્કંભ ૨૧/૬૧ થાય છે. એટલે કે ૨૧/૬૭ ભાગ પ્રમાણ ક્ષેત્રમાં અભિજિત નક્ષત્રનો ચન્દ્રમાની સાથે યોગ થાય છે એમ કહેવાય છે. તથા અહોરાત્રનું પ્રમાણ ૩૦ (૩૦) મુહૂર્તનું હોય છે. તે ત્રીસને ૨૧ વડે ગુણતા છસો ત્રીસ (૬૩૦) ભાગ થાય છે. હવે ૬૩૦ છસો ત્રીસ ભાગને ૬૭ સડસઠ વડે ભાગતાં ૯ ૨૭/૬૭ ભાગ આવે છે. એ જ અભિજિત્ નક્ષત્રની કાલસીમા સમજવી. એટલે કે સમય એટલા સુધી જ અભિજિત્ નક્ષત્રનો ચન્દ્રની સાથે યોગ રહે છે. એ જ વાત **"अभि इस्सचंदजोगे"** ઇત્યાદિ ગાથાઓ દ્વારા કહેવામાં આવી છે. આ પ્રકારે ક્ષેત્ર અને કાળની અપેક્ષાએ અભિજિત્ નક્ષત્રનો ચન્દ્રની સાથે યોગ થાય છે. તથા શતભિષગ્, ભરણી, આર્દ્રા અશ્લેષા, સ્વાતિ અને જ્યેષ્ઠા, એ નક્ષત્રોનું જે અહોરાત્રભોગ્યક્ષેત્ર છે તેના ૬૭ સડસઠ ભાગમાંથી ૩૩ાા ભાગ પ્રમાણ સુધીનો તે શતભિષક્ આદિ છ નક્ષત્રોનો સીમાવિષ્કંભ થાય છે. હવે ૩૩ાા ને અહોરાત્રના પરિમાણરૂપ ૩૦ ત્રીસ વડે ગુણતાં ૧૦૦૫ આવે છે. તેને ૬૭ સડસઠ વડે ભાગતાં ૧૫ ૦/૬૭ (પંદર) આવે છે, એ જ તેમની કાળસીમા છે. એ કાળસીમા આગળ બતાવી તે પ્રમાણે ૫ પંદર મુહૂર્તોની આવે છે. '**उक्तंच** (કહ્યું પણ છે)' એમ કહીને '**सतभिसया**' આદિ જે ગાથાઓ છે તે પણ આ વાતને પુષ્ટિ આપે છે. આ પ્રમાણેના શત ભિષક્ આદિ છ નક્ષત્રોનો ચન્દ્રમાની સાથે ૧૫ પંદર મુહૂર્તનો યોગ કાળ અને ક્ષેત્રની અપેક્ષાએ સમજવો, 'ઉત્તરા' પદ વાળાં ત્રણ નક્ષત્રો તથા પુનર્વસુ, રોહિણી અને વિશાખા, એ ત્રણ નક્ષત્રો મળીને કુલ છ નક્ષત્રોનું જે અહોરાત્ર ભોગ્ય ક્ષેત્ર છે તેના સડસઠ ભાગ કરવા, અને તેમાં ૬૭ સડસઠ અર્ધા એટલે કે ૩૩ાા ઉમેરવા આ રીતે સરવાળો ૧૦૦ાા આવે છે. તેટલો તે ૬ છ નક્ષત્રોનો સીમાવિષ્કંભ છે. હવે તે સંખ્યાને ૩૦ ત્રીસ વડે ગુણતાં ૩૦૧૫ ત્રણ હજાર પંદર આવે છે. તેને ૬૭ સડસઠ વડે ભાગતાં ૪૫ પિસતાલીસ આંવે છે. આ રીતે કાળસીમાં ૪૫ પિસ્તાલીશ મુહૂર્તની આવે છે. 'કહ્યું છે' એમ કહીને '**तिन्नेव उत्तराइं**' વગેરે જે ગાથાઓ અહીં

આપવામાં આવી છે તે ગાથાઓ એ જ વાતને ટેકો આપે છે એટલે કે તે છ નક્ષત્રોની કાળસીમાનું પ્રમાણ ૪૫ પિસ્તાલીશ મુહૂર્તનું છે. હવે બાકીના જે પંદર નક્ષત્રો છે તેમના અહોરાત્ર ભોગ્ય ક્ષેત્રને ૬૭ સડસઠ વડે ભાગીએ તો ભાગાકાર૬ ૭ સડસઠ જ આવે છે. એ રીતે બાકીના પંદર નક્ષત્રોનો સીમાવિષ્કંભ ૬૭ સડસઠ ભાગ પ્રમાણ છે. તે ૬૭ સડસઠ ને ત્રીસ વડે ગુણતાં ૨૦૧૦ બે હજાર દસ આવે છે. તેને ૬૭ સડસઠ વડે ભાગતા જે ૩૦ ત્રીસ જવાબ આવે છે એ જ તેમની કાળસીમા થાય છે. અહીં જે '**अवसेसा**' વગેરે ગાથાઓ આપી છે તે આ જ. ૩૦ મુહૂર્તરૂપ કાળ સીમાને બતાવવાને માટે કહેવામાં આવેલ છે. એ જ રીતે અભિજિત્ આદિ જે ૨૮ અઠયાવીસ નક્ષત્રો છે, તેમનું જે અહોરાત્ર ભોગ્ય ક્ષેત્ર છે તેના ૬૭ સડસઠ ભાગ કરતા ૧૮૩૦ ૦/૬૭ આવે છે. એ જ તેની ક્ષેત્રસીમાનો વિષ્કંભ છે. જંબૂદ્વીપમાં બે ચન્દ્રમા અને બે સૂર્યની અપેક્ષાએ નક્ષત્રો બમણાં-એટલે કે ૨૮-૨ = ૫૬ નક્ષત્રો છે. તે સૌનું જે અહોરાત્ર ભોગ્ય ક્ષેત્ર છે, તેના ૬૭ સડસઠ ભાગ પાડતા ૩૬૬૦ ૦/૬૭ આવે છે. તો તે ૫૬(છપ્પન)નક્ષત્રોની ક્ષેત્રસીમાનો વિષ્કંભ એટલો જ-૩૬૬૦ સમજવાનો છે

ભાવાર્થ—પાંચ સંવત્સરો દ્વારા નિર્વાણ થતાં એક યુગમાં સડસઠ (૬૭) નક્ષ-ત્રમાસ હોય છે. હૈમવત અને ઐરવત ક્ષેત્ર બન્ને બાહુ આયામની અપેક્ષાએ ભિન્ન ભિન્નરૂપે ૬૭૫૫ ૩/૧૯ યોજન છે. સુમેરુ પર્વતના પૌરસ્ત્ય ચરમાન્ત (પૂર્વના અન્તિમ ભાગ)થી ગૌતમદ્વીપનો અન્તિમ ભાગ સડસઠ હજાર (૬૭૦૦) યોજનને અંતરે છે. સઘળાં નક્ષત્રોનો સીમાવિષ્કંભ ૬૭ સડસઠ ભાગ વડે ભાજિત છે. ॥સૂ. ૧૦૬॥

હવે સૂત્રકાર અડસઠ (૬૮) સંખ્યાવાળાં સમવાયો બતાવે છે–'धाइयसंडे' इत्यादि ।

ટીકાર્થ—ધાતકી દ્વીપમાં અડસઠ (૬૮) ચક્રવર્તિ વિજય છે, અને ૬૮ અડસઠ જ રાજધાનીઓ છે. ઉત્કૃષ્ટની અપેક્ષાએ ૬૮ અડસઠ તીર્થંકરો ઉત્પન્ન થયા છે અને ભવિષ્યમાં પણ ઉત્પન્ન થશે. એ જ પ્રમાણે ત્રણે કાળમાં ચક્રવર્તિ, બળદેવ અને વાસુદેવની પણ ઉત્કૃષ્ટની અપેક્ષાએ ૬૮–૬૮ની સંખ્યામાં ઉત્પત્તી થાય છે. અર્ધા પુષ્કરવર દ્વીપમાં ધાતકીખંડની જેમ જ ૬૮ અડસઠ વિજય અને ૬૮ અડસઠ રાજધાનીઓ છે, તથા ત્યાં ચક્રવર્તિ, બળદેવ અને વાસુદેવ ૬૮–૬૮ જ છે. વિમલનાથ અર્હંત પ્રભુની શ્રમણ સંપત્તિ ઉત્કૃષ્ટની અપેક્ષાએ ૬૮૦૦૦ (અડસઠ હજાર) હતી.

ભાવાર્થ—આ સૂત્રદ્વારા સૂત્રકારે ૬૮ અડસઠ સંખ્યાવાળાં સમવાયાંગોનું કથન કર્યું છે. ધાતકી ખંડમાં ૬૮ અડસઠ ચક્રવર્તિ વિજય છે. અને તેમની રાજધાનીઓ પણ ૬૮ અડસઠ છે. ચોત્રીસમાં સમવાયમાં એ વાત બતાવી દેવામાં આવી છે કે ચક્રવર્તિઓ દ્વારા વિજેતવ્ય ચોત્રીસ ક્ષેત્રખંડ છે, જે ક્ષેત્રખંડો મહાવિદેહ ભરત ઐરવતમાં છે. જંબૂદ્વીપમાં મેરુ આદિ જેટલી સંખ્યામાં છે તેનાથી બમણી સંખ્યામા તેઓ ધાતકીખંડ નામના બીજા દ્વીપમાં છે. અને પુષ્કરાર્ધમાં બંધી રચના ધાતકીખંડ પ્રમાણે જ છે. તેથી મહાવિદેહક્ષેત્રના ૩૨ બત્રીસ ભરતક્ષેત્રનું ૧, અને ઐરવતક્ષેત્રનું ૧, એ પ્રમાણે ત્રણેમાં મળીને જે ૩૪ ચોત્રીસ વિજેતવ્યક્ષેત્રો છે. તે ધાતકીખંડમાં બમણાં થઇ જાય છે, એટલે કે ૬૮ અડસઠ થાય છે કારણ કે ત્યાં બે મેરુ, બે મહાવિદેહ, બે ભરતક્ષેત્ર અને બે ઐરવતક્ષેત્ર છે. આ રીતે ધાતકીખંડમાં ૬૮ અડસઠ ચક્રવર્તિવિજેતવ્ય ક્ષેત્રો છે, એ વાત સ્પષ્ટ થાય છે. તેમની રાજધાનીઓ પણ એટલી જ (૬૮) અડસઠ થાય છે. જંબૂદ્વીપમાં વધારેમાં વધારે

ચોત્રીસ (૩૪) ચોત્રીસ તીર્થંકરો થાય છે. ધાતકીખંડમાં એ પણ બમણા એટલે-કે-૬૮ અડસઠ થાય છે. ચક્રવર્તિ વાસુદેવ અને બળદેવ પણ એટલા જ થાય છે. આ સ્થાને એવી શંકા કરવી જોઈએ નહીં કે "સ્થાનાંગ આદિ આગમશાસ્ત્રોમાં એ પ્રમાણે કહેલ છે કે પ્રત્યેક મહાવિદેહક્ષેત્રમાં એકજ સમયે જઘન્યની અપેક્ષાએ (ઓછામાં ઓછા)ચાર અર્હંત ઉત્પન્ન થાય છે; પણ એવું કોઇ જગ્યાએ કહેલ નથી કે એક સમયે એક ક્ષેત્રમાં ચક્રવર્તિ વાસુદેવ અને બળદેવ, ૬૮-૬૮ઉત્પન્ન થાય છે, કારણકે એક ક્ષેત્રમાં એક સમયે એક જ ચક્રવર્તિ હશે, અથવા એક જ બળદેવ હશે, અથવા એક જ વાસુદેવ હશે," કારણકે ૬૮ અડસઠવિજયોની અપેક્ષાએ ચક્રવર્તિઓની બળદેવોની અને વાસુદેવોની સંખ્યા અહીં જે ૬૮ ની કહી છે તે સંમિલિત સંખ્યાની અપેક્ષાએ કહેલ છે. તેનું આ પ્રમાણે સ્પષ્ટીકરણ છે-એક મહાવિદેહના જે બત્રીશ (૩૨) વિજય છે, તેમાંના ૨૮ અઠયાવીશ વિજયોના ૨૮ અઠયાવીશ ચક્રવર્તિ ઉત્પન્ન થાય છે. ચારમાં ચાર વાસુદેવ અને બળદેવ ઉત્પન્ન થાય છે-અથવા ૨૮ અઠયાવીશ વિજયોમાં ૨૮ અઠયાવીસ વાસુદેવ, બળદેવ અને ચારમાં ચાર ચક્રવર્ત્તી એક જ સમયે ઉત્કૃષ્ટની અપેક્ષાએ ઉત્પન્ન થાય છે ભરત અને ઐરવતક્ષેત્રમાં એક એક ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે સઘળા મળીને ચોત્રીસ ચોત્રીસ ચક્રવર્ત્તી, બળદેવ અને વાસુદેવ ઉત્પન્ન થાય છે. એજ પ્રમાણે બે-બે (૨-૨) મહાવિદેહક્ષેત્રમાં અને બે બે ભરત અને ઐરવતક્ષેત્રમાં એકંદરે ચક્રવર્તી બળદેવ અને વાસુદેવ ૬૮-૬૮ અડસઠ અડસઠ થાય છે. અથવા સૂત્રમાં "એક સમયે" એવો કાળનિર્દેશ તો કરેલ નથી. તેથી ભિન્ન ભિન્ન સમયે ભિન્ન ભિન્ન વિજયોમાં ઉત્પન્ન થયેલ ચક્રવર્ત્તી આદિ ૬૮-૬૮ અડસઠ હોય છેએ કથનમાં કોઇપણ જાતની શંકાને સ્થાન નથી. બાકીનાં પદોનો ભાવાર્થ સરળ છે. ।।સૂ. ૧૦૭।।

હવે સૂત્રકાર ઓગણોતેર (૬૯) સંખ્યાવાળાં સમવાયો દર્શાવે છે—**'समयखित्तणं' इत्यादि ।**

ટીકાર્થ—સમયક્ષેત્ર અઢી દ્વીપમાં મેરુ સિવાયના ૬૯ અગણોતેર વર્ષક્ષેત્ર અને ૬૯ અગણોતેર વર્ષધર પર્વત કહેલ છે. હૈમવત આદિ વર્ષક્ષેત્ર છે અને તેમની સીમા દર્શાવનાર હિમવત આદિ પર્વતો વર્ષધર પર્વતો છે. તેઓ આ પ્રમાણે છે–૩૫ પાંત્રીસ વર્ષક્ષેત્ર, ૩૦ ત્રીસ વર્ષધર અને ૪ ચાર ઈષુકાર. તે બધાં આ રીતે આવેલાં છે—ઉત્તરકુરુની દક્ષિણ દિશામાં, દેવકુરુની ઉત્તર દિશામાં, પૂર્વ મહાવિદેહની પશ્ચિમ દિશામાં, પશ્ચિમ મહાવિદેહની પૂર્વ દિશામાં અને જંબૂદ્વીપના બહુ મધ્યભાગમાં એક મેરુ પર્વત છે. એ પ્રમાણે ધાતકી ખંડમાં બે મેરુ પર્વત છે. અર્ધપુષ્કરાર્દ્ધમાં બે મેરુ પર્વત છે. આ રીતે તે પાંચ મેરુ પર્વત છે આ પાંચ મેરુની અપેક્ષાએ પાંત્રીસ (૩૫) ક્ષેત્ર છે—તેમાં જંબૂદ્વીપના મેરુની અપેક્ષાએ એક હૈમવત ક્ષેત્ર, એક ઐરણ્યવત ક્ષેત્ર, એક હરિવર્ષક્ષેત્ર, એક રમ્યકક્ષેત્ર, એક દેવકુરૂ. એક ઉત્તરકુરૂ, અને એક મહાવિદેહ એ સાત ક્ષેત્ર છે. ધાતકીખંડમાં પૂર્વોકત સાત ક્ષેત્રો બમણાં છે–બે મેરૂની અપેક્ષાએ બે હૈમવત ક્ષેત્ર, બે ઐરણ્યક્ષેત્ર, બે હરિવર્ષક્ષેત્ર બે રમ્યકવર્ષક્ષેત્ર, બે દેવકુરૂક્ષેત્ર બે ઉત્તરકુરૂક્ષેત્ર, અને બે મહાવિદેહક્ષેત્ર, એ પ્રમાણે તે ચૌદ ૧૪ ક્ષેત્રો છે. પુષ્કરાર્ધદ્વીપમાં પણ એ જ પ્રમાણે ૧૪ ચૌદ ક્ષેત્ર છે. આ રીતે ૭-૧૪–૧૪ મળીને કુલ ૩૫ પાંત્રીસ ક્ષેત્ર થાય છે. હિમવાન્ મહાહિમવન, નિષધ, નીલ રુકમી, અને શિખરી એ છ પર્વત એક મેરૂની અપેક્ષાએ જંબૂદ્વીપમાં છે તો બે મેરૂની અપેક્ષાએ ધાતકીખંડમાં અને પુષ્કરાર્ધમાં તે પર્વતોની સંખ્યા બાર બારની છે, તો ૬–૧૨–૧૨ મળીને અઢીદ્વીપમાં પર્વતોની સંખ્યા ૩૦ ત્રીસ છે ધાતકીખંડના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધનું વિભાજનક કરનાર ઈષુકાર પર્વતો છે. જે દક્ષિણોત્તર વિસ્તૃત છે.

એ જ રીતે પુષ્કરાર્ધમાં પણ બે છે. તેથી ઇષુકાર પર્વત કુલ ૪ ચાર છે. આ રીતે ૩૫ પાંત્રીસ વર્ષ–૩૦ વર્ષધર–૪ ઈષુકારનો સરવાળો ઓગણોતેર (૬૯) થઇ જાય છે લવણસમુદ્રની પશ્ચિમ દિશામાં ૧૨ હજાર યોજનને ઘેરીને આવેલા તથા ૧૨ હજાર યોજન પ્રમાણના તથા સુસ્થિત નામના લવણસમુદ્રાધિપતિના ભવનથી સુશોભિત એવા ગૌતમ દ્વીપના પાશ્ચાત્યચરમાન્ત (પશ્ચિમના અન્તિમ) ભાગથી મંદર પર્વતનો પાશ્ચાત્ય ચરમાંત ભાગ ઓગણોતેર (૬૯) હજાર યોજન દૂર છે. મોહનીયકર્મ સિવાયના સાત કર્મોની ઉત્તર પ્રકૃતિયો ઓગણોતેર(૬૯)છે. તે આ પ્રમાણે છે—જ્ઞાનાવરણીયની ૫ પાંચ, દર્શનાવરણીયની ૯ નવ, વેદનીયકર્મની૪ ચાર નામકર્મની ૪૨ બેંતાલીસ, ગોત્રકર્મની ૨ બે, અને અન્તરાયકર્મની ૫ પાંચ.

ભાવાર્થ—સૂત્રકારે આ સૂત્રદ્વારા ઓગણોતેર (૬૯) સંખ્યાવાળાં સમવાયોનું કથન કર્યું છે, જે આ પ્રમાણે છે–જંબૂદ્વીપ, ધાતકીખંડ, અને પુષ્કરાર્ધરૂપ અઢી દ્વીપમાં ૩૫ પાંત્રીસ વર્ષક્ષેત્ર, ૩૦ ત્રીસ વર્ષધર પર્વત અને ૪ ચાર ઈષુકાર પર્વત કહેલ છે, તે જંબૂદ્વીપની અપેક્ષાએ ધાતકીખંડ અને પુષ્કરાર્ધમાં બમણાં છે, તે દૃષ્ટિએ કહેલ છે. જંબૂદ્વીપમાં ૧ મેરૂપર્વત, ૭ વર્ષક્ષેત્ર, ૬ વર્ષધર અને ૪ ઇષુકાર પર્વતો છે. ધાતકીખંડ તથા પુષ્કરાર્ધમાં તે બધા બમણાં છે, એ રીતે અઢીદ્વીપમાં વર્ષક્ષેત્રો અને વર્ષધરોની કુલ સંખ્યાં ૬૯ થાય છે. ગૌતમપર્વતનો પાશ્ચાત્યચરમાન્ત ભાગ સુમેરૂ પર્વતના પાશ્ચાત્ય ચરમાંત (પશ્ચિમનો અંતિમ) ભાગથી ૬૯૦૦૦ ઓગણસીતેર હજાર યોજન દૂર છે. મોહનીયકર્મ સિવાયનાં ૭ સાત કર્મોની ૬૯ ઓગસીતેર ઉત્તર પ્રકૃતિયો છે. ।।સૂ. ૧૦૮।।

## સત્તર સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર સિત્તેર (૭૦) સંખ્યાવાળાં સમવાયોનું કથન કરે છે **'समणे भगवं महावीरे'** इत्यादि ।

ટીકાર્થ—શ્રમણ ભગવાન મહાવીરે ચોમાસાના ૧ એક માસ અને ૨૦ વીસ દિવસ વ્યતીત થયા પછી પર્યુષણ કર્યાં અને બાકીના સિત્તેર દિવસ પૂરાં થતાં ચાતુર્માસ પૂર્ણ કર્યું. પુરુષશ્રેષ્ઠ પાર્શ્વનાથ અર્હંત પ્રભુએ બરાબર સિત્તેર (૭૦) વર્ષ સુધી શ્રમણાવસ્થાનું પાલન કરીને સિદ્ધપદ પ્રાપ્ત કર્યું, બુદ્ધ થયાં, સંસારથી મુકત થયાં અને સમસ્ત દુઃખોનો નાશ કર્યો. વાસુપૂજ્ય અર્હંત પ્રભુ ૭૦ સીત્તેર ધનુષ પ્રમાણ ઊંચા હતા. મોહનીયકર્મની કર્મસ્થિતિ અને કર્મનિષેકકાળ આબાધાકાળની ગણતરી ન કરીએ તો સીતેર (૭૦) કોડા કોડી સાગરોપમનો છે. તેનું સ્પષ્ટીકરણ

આ પ્રમાણે છે—આ સંસારમાં પહેલાં જીવ સામાન્યરૂપે કર્મપુદ્‌ગલોને ગ્રહણ કરે છે. ત્યારબાદ અધ્યવસાય વિશેષ પ્રમાણે તે સામાન્ય ગૃહિત કર્મપુદ્‌ગલોને અલગ અલગ જ્ઞાનાવરણીય આદિ ભેદરૂપે પરિણમે છે. ત્યારબાદ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, અને અન્તરાય, એ ચાર કર્મોના ત્રણ ત્રણ હજાર વર્ષના અબાધકાળને, નામગોત્રના બે બે હજાર વર્ષના અબાધાકાળને, અને મોહનીયના સાત હજાર વર્ષના અબાધકાળને છોડીને તે જ્ઞાનાવરણીય આદિ કર્મપ્રકૃતિયોને વિભકત કરીને અનાભોગિક વીર્યથી તેમના દલિકોને ઉદય યોગ્ય બનાવે છે. તે સમયે તેની સ્થિતિ બે પ્રકારની હોય છે-(૧) કર્મત્વાપાદન માત્રરૂપ, અને (૨) અનુભવરૂપ, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, અને અન્તરાય, એ ચાર કર્મોની કર્મત્વાપાદનમાત્રરૂપ જે ઉત્કૃષ્ટસ્થિતિ છે તે તેત્રીસ (૩૩) કોડાકોડી સાગરોપમની છે. મોહનીયકર્મની સિત્તેર (૭૦) કોડાકોડી સાગરોપમની છે, નામકર્મ અને ગોત્રકર્મની વીસ કોડાકોડી સાગરોપમની અને આયુકર્મની તેત્રીસ સાગરોપમની અને તથા જઘન્યસ્થિતિ વેદનીયકર્મની ૧૨ બાર મુહૂર્તની, નામકર્મ અને ગોત્રની ૮ આઠ મુહૂર્તની, જ્ઞાનાવરણીય, મોહનીય, આયુ, અને અન્તરાય, એ પાંચ કર્મોની જઘન્ય સ્થિતિ અન્તમુહૂર્તની છે. અનુભવરૂપ જે સ્થિતિ છે તે અબાકાળથી રહિત છે. તેનું તાત્પર્ય આ પ્રમાણે છે.—બંધાવલિકાથી લઇને જે જે કર્મનો જેટલો જેટલો અબાધાકાળ છે તેટલા કાળસુધી તે કર્મ ઉદયમાં આવતું નથી, ત્યાર પછીના સમયે પૂર્વે ભોગવવાને યોગ્ય રચિત જ્ઞાનાવરણાદિ કર્મોના દલિકોને ભોગવવાને માટે જીવ ઉદયમાં પ્રવેશ કરે છે. તે જીવ પહેલાં તે ઉદયમાં દાખલ થયેલ કર્મદલિકોને પ્રથમ સમયમાં વધારે પ્રમાણમાં ભોગવે છે ત્યારબાદ બીજા સમયમાં ન્યૂન પ્રમાણમાં ભોગવે છે, અને એ જ પ્રમાણે ત્રીજે સમયે વધુ ન્યૂન પ્રમાણમાં ભોગવે છે, એ રીતે જેટલી ઉત્કૃષ્ટ સ્થિતિવાળું કર્મદલિક હોય એટલું જ વધારે ન્યૂન કરીને જીવ તેને ભોગવે છે. 'કહ્યું છે' એમ કહીને અહીં '**मोत्तुण सगमबाहं**'ઇત્યાદિ જે ગાથાઓ લખી છે તે આ ભાવને જ પ્રગટ કરે છે.

ભાવાર્થ—શ્રમણ ભગવાન મહાવીરે વર્ષાકાળના અષાઢી પૂર્ણિમા પછી એક માસ અને વીસ દિવસ વ્યતીત થયા ત્યારે સંવત્સરી કરી અને ત્યાર બાદ સિત્તર દિવસ સુધી વર્ષાકાળમાં રહ્યા. પાર્શ્વનાથ ભગવાન બરાબર સિત્તેર વર્ષ સુધી શ્રમણપર્યાયનું પાલન કરીને મોક્ષે ગયા. વાસુપૂજ્ય પ્રભુ સિત્તેર ધનુષપ્રમાણ ઊંચા હતા. મોહનીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ અબાધકાળ સિવાય સિત્તેર (૭૦) કોડાકોડી સાગરોપમની છે, અને એટલી જ સ્થિતિવાળો તેનો અનુભવનરૂપ નિષેકકાળ છે।।સૂ. ૧૦૯।।

હવે સૂત્રકાર એકોતેર(૭૧) સંખ્યાવાળાં સમવાયો બતાવે છે–'**चउत्थस्स णं' इत्यादि !**

ટીકાર્થ—ચોથા ચાંન્દ્રસંવત્સરના હેમંતના ૭૧ એકોતેર દિવસરાત વ્યતીત થાય છે ત્યારે સૂર્ય સર્વબાહ્યમંડળમાં આવૃત્તિ કરે છે. તેનું તાત્પર્ય આ પ્રમાણે છે–એક યુગમાં પાંચ સંવત્સર હોય છે. તેમાં પહેલું અને બીજું સંવત્સર ચાન્દ્ર-સંવત્સર છે, ત્રીજું અભિવર્દ્ધિત સંવત્સર છે, તથા ચોથું ચાન્દ્રસંવત્સર છે. ચાન્દ્રસંવત્સરના બાર ચાંન્દ્ર માસ હોય છે. તેમાં પ્રત્યેક ચન્દ્રમાસ ૨૯ ૩૨/૬૨ અહોરાત્ર (દિનરાત)નો થાય છે. એક અભિવર્દ્ધિત સંવત્સરના ૧૩ ચન્દ્રમાસ હોય છે. ચન્દ્રસંવત્સર, ચન્દ્રસંવત્સર, અને અભિવર્દ્ધિત સંવત્સર, એ ત્રણ સંવત્સરના ૧૦૯૨ ૬/૬૨ અહોરાત્ર થાય છે. તથા એક આદિત્ય સંવત્સર–સૂર્યવર્ષમાં ત્રણસો છાસઠ (૬૩૬( દિનરાત હોય છે. અને ત્રણ આદિત્યસંવત્સરમાં એક હજાર અઠાણું દિનરાત હોય છે. ચાંદ્રયુગ અષાઢ માસની પૂર્ણિમાએ પૂરો થાય છે, અને આદિ-ત્યયુગ શ્રાવણ વદી એકમે શરૂ થાય છે. આ રીતે ત્રણ ૩ આદિત્યયુગ સંવત્સર કરતાં ત્રણ ચંદ્રયુગસંવત્સર ૫ ૫૬/૬૨ દિવસ જેટલો ઓછો હોય છે. ત્રણ આદિત્ય યુગ શ્રાવણ માસના કૃષ્ણપક્ષના ૬ ચન્દ્રદિવસો કરતાં થોડા વધુ સમયમાં પૂરા થાય છે. ત્યારબાદ શ્રાવણ વદી સાતમથી દક્ષિણાયન થાય છે, અને ચન્દ્રયુગના ચોથા સંવત્સરના એકસો આઠમાં (૧૦૮) દિવસે એટલે કે ચોથા મહિનાકાર્તકની પૂર્ણિમાને દિવસે સૂર્ય પોતાના ૧૧૨ એકસો બારમાં મડળમાં સંચરણ કરવા માંડે છે. ત્યારબાદ બાકીના ૭૧ એકોતેર મંડળોમાં હેમન્તઋતુના માગશર આદિ ચાર માસના એટલા જ દિવસોમાં સંચરણ કરે છે. પછી ૭૨ બોંતેરમે દિવસે મહા મહિનાની કૃષ્ણપક્ષની તેરશની તિથિએ સૂર્ય આવૃત્તિ કરે છે. એટલે કે દક્ષિણા-યનમાંથી ઉત્તરાયણમાં આવે છે. બીજી જગ્યાએ પાંચ યુગસંવત્સરોમાં ઉત્તરાયણ તિથિયો આ પ્રમાણે બતાવેલ છે–મહા વદી સાતમ, પડવે અને શુકલપક્ષની ચોથ તેરસ અને દસમની તિથિયો તથા શ્રાવણ માસમાં શુકલપક્ષની દસમ અને ચોથ, કૃષ્ણપક્ષની પડવે, તેરશ એ દક્ષિણાયનની તિથિયો બતાવેલ છે. વીર્યપ્રવાદ નામના ત્રીજા પૂર્વના ૭૧ એકોતેર પ્રાભૃત કહેલ છે. અજિતનાથ અહંત પ્રભુ ૭૧ એકોતેર લાખ પૂર્વ સુધી ગૃહસ્થાશ્રમમાં રહીને દીક્ષિત થયા હતા. અજિતનાથ ભગવાને

૧૮ અઢાર લાખ પૂર્વ કુમારાવસ્થામાં અને ૫૩ તેપન લાખ પૂર્વ રાજ્યાવસ્થામાં વ્યતીત કર્યાં હતાં. ત્યારબાદ તેમણે ભગવતી દીક્ષા લીધી હતી. એ જ પ્રમાણે અજિતનાથ ભગવાનના સમકાલીન, અને બીજા ચક્રવર્તિ એવા સગર ચક્રવર્તિએ પણ એકોતેર લાખ પૂર્વ સુધી ગૃહસ્થાશ્રમમાં રહ્યા પછી ભગવતી દીક્ષા ધારણ કરી હતી. ॥ સૂ. ૧૦૦ ॥

## બહત્તર સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર બોંતેર (૭૨) સંખ્યાવાળાં સમવાયોનું કથન કરે છે-'**बावत्तरी सुवन्नकुमारावाससयसहस्सा**' **इत्यादि** !

ટીકાર્થ-સુવર્ણકુમાર દેવોના બોંતેર (૭૨) લાખ આવાસ છે. જેમાંના ૩૮ અડત્રીસ લાખ દક્ષિણનિકાયમાં અને ૩૪ ચોત્રીસ લાખ ઉત્તર નિકાયમાં છે, લવણસમુદ્રની વેલા-શિખાને ૭૨ બોંતેર લાખ નાગકુમાર દેવો ધારણ કરે છે. તે ધાતકીખંડ દ્વીપની તરફ છે અને તેનો ઉત્સેધ-ઊંચાઈ સોળ હજાર યોજનની અને વિષ્કંભ દસ હજાર યોજનનો છે. શ્રમણ ભગવાન મહાવીરનું આયુષ્ય ૭૨ બોંતેર વર્ષનું હતું. તેમાંનાં ૩૦ ત્રીસ વર્ષ ગૃહસ્થાશ્રમમાં રહ્યા હતા. ૧૨ા સાડાબાર વર્ષ અને એક પખવાડિયા સુધી છદ્મસ્થ અવસ્થામાં, અને ૩૦ ત્રીસ વર્ષથી થોડા ઓછા સમય સુધી કેવલીની પર્યાયમાં રહ્યા હતા. ૭૨ બોંતેર વર્ષનું આયુષ્ય પૂરૂં કરીને તેઓએ સિદ્ધપદ પ્રાપ્ત કર્યું અને સમસ્ત દુઃખોથી તેઓ રહિત બન્યા. ભગવાન મહાવીરના નવમા ગણધર અચલભ્રાતાનું આયુષ્ય પણ બોંતેર વર્ષનું હતું. તેમાંના ૪૬ છેંતાલીસ વર્ષ તેમણે ગૃહસ્થાશ્રમમાં, ૧૨ બાર વર્ષ છદ્મસ્થાવસ્થામાં અને ૧૪ ચૌદ વર્ષ કેવલી પર્યાયમાં વ્યતીત કરીને ૭૨ બોંતેર વર્ષની ઉંમરે તેઓ સિદ્ધપદ પામ્યાં અને સમસ્ત દુઃખોથી મુક્ત થયાં. પુષ્કરાર્ધ દ્વીપમાં ૭૨ બોંતેર ચંદ્રમા છે-પહેલી પંક્તિમાં ૩૬ છત્રીસ અને બીજી પંક્તિમાં ૩૬ છત્રીસ. તે ૭૨ બોંતેર ચન્દ્રમા પહેલા ત્યાં પ્રકાશતા હતા, હાલમા પ્રકાશે છે અને ભવિષ્યમા પણ પ્રકાશશે એજ પ્રમાણે ત્યા ૭૨ બોંતેર સૂર્યો તપતા હતા, તપે છે અને ભવિષ્યમા પણ તપશે. પ્રત્યેક ચાતુરન્ત ચક્રવર્તિના બોંતેર, બોંતેર હજાર ઉત્તમ નગર હોય છે. વિજ્ઞાનરૂપ કલાઓ ૭૨ બોંતેર છે. તેમના નામ આ પ્રમાણે છે- અક્ષર વિન્યાસરૂપ લેખકલા-તે કલા બે પ્રકારની હોય છે-(૧) લિપિરૂપ અને (૨) વિષયરૂપ. લિપિરૂપ જે કલા છે તે ૧૮ અઢાર પ્રકારની હોય છે, તે વાતને અઢારમાં

સમવાયમાં પ્રકટ કરવામાં આવી ગયેલ છે. અથવા લાટાદિના ભેદથી લિપિ અનેક પ્રકારની પણ હોય છે. તથા પત્રમાં, વલ્કમાં, લાકડામાં, હાથીદાંતમાં, લોઢામાં. તાંબાના પતરામાં, ચાંદીનાં પતરામાં ખોદીને-કોતરીને અક્ષરોનું જે નિર્માણ કરાય છે અથવા કંરોસીયા આદિ વડે વસ્ત્રો પર જે અક્ષરો પાડવામાં આવે છે તેને લિપિ-રૂપ કલા કહે છે. વિષયરૂપ કલા પણ અનેક પ્રકારની હોય છે-જેમકે શેઠ નોકરનો, પિતા પુત્રનો, ગુરુ શિષ્યનો, પતિ પત્નીનો, શત્રુ અને મિત્ર આદિનો પરસ્પરમાં જે પત્ર-વ્યવહાર થાય છે. તેના વિષયભૂત વિષયો અનેક પ્રકારના હોય છે. તથા પ્રયોજનના ભેદની દૃષ્ટિએ પણ લેખના અનેક પ્રકારના વિષય હોય છે. તેથી અક્ષર વિન્યાસરૂપ કલાના બીજાભેદના-વિષયરૂપ કલાના અનેક પ્રકાર થાય છે. કારણ કે વિષય ભેદના પ્રમાણે જ ત્યાં અક્ષરોનો વિન્યાસ રહે છે. લિપિરૂપ કલામાં પણ અક્ષરોનો વિન્યાસ રહે છે પણ તે પ્રયોજન વિના લખાયેલ રહે છે જેમકે अ, आ, इ, ई, વગેરે અક્ષરોનો વિન્યાસ પણ "તમે કયાં જાવ છો" ઇત્યાદિ અભિપ્રાયથી જ્યારે અક્ષરોનો વિન્યાસ કરાય છે ત્યારે તે વિષયરૂપ લિપિકલા ગણાય છે. એ જ પ્રમાણે બીજા પણ વિષયોને સમજી લેવા. અક્ષરોના અતિકાર્કશ્ય, અતિસ્થૌલ્ય, વૈષમ્ય, પંક્તિવક્રતા, આદિ દોષો બતાવ્યા છે. તે દોષોથી રહિત લિપિનો વિન્યાસ કરવો તે સઘળાનો વિષયરૂપ લિપિમાં જ સમાવેશ થયેલ સમજવો. ગણતરી કરવી તેનું નામ ગણિત છે. સરવાળા, બાદબાકી જીગેરે ગણિતના જેટલા વિષયો છે તેનો સમાવેશ આ કલામાં થઇ જાય છે. આ પ્રકારની કલામાં લેપ્ય, શિલા, સુવર્ણ, મણિ અને વસ્ત્રોની ઉપર જે ચિત્રકલા કરવામાં આવે છે અને તેમાં રંગ આદિ પૂરીને જે સુંદરતા લવાય છે, તે બધા વિષયો આવી જાય છે. નાટયકલામાં અભિનયપૂર્વક કે વિનાઅભિનય જે નૃત્ય કરાય છે તેનો સમાવેશ થાય છે. ગીતકલામાં ગાવાની કલાનું જ્ઞાન વિજ્ઞાન આવી જાય છે. વાજિંત્રકલામાં વિવિધ પ્રકારના વાજાં અને વાજિંત્રો બજાવવાની ચતુરાઈનો સમાવેશ થાય છે. સ્વરગત કલામાં ગાયનના મૂળભૂત षड्ज, ऋषभ આદિ સ્વ-

રોનું ચાતુર્યયુકત જ્ઞાન ગાનારને થાય છે. મૃદંગ આદિ વાજિંત્રો બજાવવાની નિપુણતા જે કલા દ્વારા મળે છે તે કલાને પુષ્કરગત કલા કહે છે. જો કે વાજિંત્રકલામાં જ તેનો સમાવેશ થવો જોઇતો હતો, છતાં પણ તેને કલાનું સ્વતંત્ર અંગ માનવાનું કારણ એ છે કે મૃદંગવાદન સંગીતનું એક સર્વશ્રેષ્ઠ અંગ છે. ગીતાદિ–માનરૂપ તાળની સમાનતા જે કલા દ્વારા જાણી શકાય છે તે કલાનું નામ સમતાલકલા છે. ધુતકલાનો જાણકાર જુગાર રમવામાં હોંશિયાર હોય છે જુગારનો એક ભેદ જનવાદ છે. તેમાં નિપુણતા મેળવવી તેનું નામ જનવાદ કલા છે. પૌરપત્ય કલા દ્વારા નગરને સુરક્ષિત રાખવાની તરકીબો આવડે છે. અષ્ટાપદ નામનો એક જુગાર છે. તેમાં નિપુણ થવું તે કલાને અષ્ટાપદ કલા કહે છે. માટી અને પાણીની મદદથી અનેક પ્રકારની વસ્તુઓ બનાવવાની કળાને દકમૃત્તિકાકલા કહે છે. રસોઇ બનાવવામાં નિપુણતા અપાવનાર કળાને અન્નવિધિકલા કહે છે. પેય વસ્તુઓના ગુણદોષો જાણવાની ચતુરાઇ જે કળા દ્વારા મળે છે તે કળાને પાનવિધિકલા કહે છે. વસ્ત્ર વણવાની, ધોવાની અને રંગવાની કલાને વસ્ત્રવિધિ કલા કહે છે. શય્યા રચવાની તથા તેના પર શયન કરવાની પદ્ધતિ બનાવનાર કલાને શયનવિધિકલા કહે છે. આર્યાછંદમાં કાવ્ય રચવાની ચતુરાઇ આપનાર કલાને આર્યકલા કહે છે. ગૂઢ અર્થવાળાં કાવ્યોનું નિર્માણ કરવાની કળાનું નામ પ્રહેલિકાકલા છે મગધદેશ આદિની ભાષાઓનું જ્ઞાન થવું તે કળાને માગધિકકલા કહે છે. પ્રાકૃત ભાષામાં ગાથાઓ રચવાની યોગ્યતા આપનાર કલાને ગાથા કહે છે. શ્લોકો બનાવવાનું તથા તેના અર્થનું પરિજ્ઞાન થાય તે કલાને શ્લોકકલા કહે છે. સુગંધિદાર વસ્તુઓ બનાવવાની પદ્ધતિ જેના વડે શીખવા મળે છે તે કલાને ગંધયુકિતકલા કહે છે. મીણ બનાવવાની રીત બનાવનાર કલાને મધુસિકથકલા કહે છે. અલંકારોને યોગ્યસ્થાને ધારણ કરનારની ચતુરાઇ જે કલાથી આવે છે તે કલાને આભરણવિધિ કહે છે. 'તરુણી પ્રતિકર્મ'એ ૨૭ સત્યાવીશમી કલા છે. યુવતીઓનું સૌદર્ય વધારનાર નુસખા બતાવનાર કલાને સ્ત્રીલક્ષણકલા કહે છે. પુરુષોનાં લક્ષણોનું વિશિષ્ટ જ્ઞાન આપનાર કલાને પુરુષલક્ષણ કલા કહે છે. ઘોડાનાં સારાં નરસાં લક્ષણો બતાવનાર કલાને હયલક્ષણ કલા કહે છે. હાથીઓનાં સરિ નરસાં લક્ષણો બતાવનાર કલાને ગજલક્ષણ કલા કહે છે. ગાય સારી છે કે ખરાબ છે તે તેના શરીરના ચિહ્નો પરથી બતાવનાર કલાને ગોલક્ષણ કલા કહે છે. એજ પ્રમાણે કુકકુટ લક્ષણકલા, મોષલક્ષણકલા ચક્રલક્ષણકલા, છત્રલક્ષણકલા, દંડલક્ષણકલા, અને અસિલક્ષણકલા પણ સમજવી. મણિયોની પરીક્ષા કરવામાં નિપુણતા આપનાર કલાને, મણિલક્ષણકલા અને ચક્રવર્તિના ખાસ પ્રકારના કાકિણી રત્નની પરીક્ષા કરવાની કલાને કાકિણી લક્ષણ કલા કહે છે આ કલા દ્વારા કલાવિદ્ એ જાણી શકે છે કે આ રત્ન વિષાપહારક છે અને માન ઉન્માન

આદિ યોગોનું પ્રવર્તક છે કે નહીં, ચર્મના (ચામડાનાં) ગુણદોષ દર્શાવનાર કલાને ચર્મલક્ષણકલા કહે છે. ચન્દ્રગ્રહણનું જ્ઞાન આપનાર કલાને ચન્દ્રલક્ષણકલા, અને સૂર્યગ્રહણનું જ્ઞાન પ્રાપ્ત કરાવનાર કલાને સૂર્યલક્ષણકલા કહે છે. રાહુની ગતિનું જ્ઞાન પ્રાપ્ત કરાવનાર કલાને રાહુચરિતકલા કહે છે. ગ્રહોની ચાલનું જ્ઞાન આપનાર કલાને ગ્રહચરિત કલા કહે છે સૌભાગ્યની વદ્ધિ કરાવનાર સાધનોનું જ્ઞાન આપનાર કલાને સૌભાગ્યવૃદ્ધિ કલા કહે છે. દુર્ભાગ્યની વૃદ્ધિ કરાવનાર સાધ-નોનું જ્ઞાન આપનાર કલાને દૌર્ભાગ્યકલા કહે છે. રોહિણી, પ્રજ્ઞપ્તિ આદિ વિદ્યાઓનું જ્ઞાન આપનાર કલાને વિદ્યાગત કલા કહે છે. દેવાદિકોની આરાધના કરાવનાર મંત્રોનું જ્ઞાન આપનાર કલાને મંત્રગત કલા કહે છે. એકાન્તમાં કરાયેલ મંત્રણાનું રહસ્ય-જ્ઞાન પ્રાપ્ત કરાવનાર કલાને રહસ્યગત કલા કહે છે. પ્રત્યેક વસ્તુના સ્વભાવનું જ્ઞાન કરાવનાર કલાને સ્વભાવ કલા કહે છે. જ્યોતિષ્ક દેવોની ગતિનું જ્ઞાન કરાવનાર કલાને ચાર કલા કહે છે. ગ્રહોની વક્રચાલનું જ્ઞાન કરાવનાર કલાને પ્રતિચાર કલા કહે છે. સેનાને ગરુડ આદિના આકારમાં ગોઠવવાની નિપુણતા આપનાર કલાને વ્યૂહકલા કહે છે. પ્રતિપક્ષીના વ્યૂહને તોડવા માટે ચક્રકાર આદિ રીતે સેનાની ગોઠવણી કરવાની કલાને પ્રતિવ્યૂહ કલા કહે છે સેનાને થોભવાને માટેના સ્થાન વિશેષના પરિમાણનું જ્ઞાન આપનાર કલાનું નામ સ્કંધાવારમાન કલા છે. કેટલી ભૂમિમાં નગરનું નિર્માણ થઇ શકે, તે દર્શાવનાર કલાને 'નગરમાન કલા' કહે છે. ગૃહાદિના પ્રમાણનો ખ્યાલ આપનાર કલાને 'વસ્તુમાન કલા' કહે છે. સેનાને થોભાવવાનું જ્ઞાન મળે એવી કલાને 'સ્કંધાવાર નિવેશકલા' કહે છે. મકાન આદિ બનાવવાની વિધિનું જ્ઞાન આપનાર કલાને 'વાસ્તુનિવેશકલા' કહે છે. નગરની સ્થા-પના કરવાનું પરિજ્ઞાન આપનાર કલાને 'નગરનિવેશકલા' કહે છે. નગરમાન કલા અને નગરનિવેશ કલામાં એટલો જ તફાવત છે કે નગરમાન કલામાં નગર વસાવવા માટેની યોગ્ય ભૂમિનું જ્ઞાન પ્રાપ્ત થાય છે પણ નગરનિવેશકલામાં જે નગર વસા-

વવાનું હોય તે નગર કેવા આકારનું બનાવવું તેનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. એ જ પ્રમાણે વસ્તુમાન અને વાસ્તુવિશેષ વચ્ચેનો પણ તફાવત સમજવો. દેવાદિકની મદદથી નાગપાશ આદિ દિવ્ય અસ્ત્રોનું પરિજ્ઞાન આપનાર કલાનું નામ 'ઈષુશાસ્ત્રકલા' છે. તલવાર આદિ ચલાવવાનું જ્ઞાન જેનાથી પ્રાપ્ત થાય થાય છે તે કલાનું નામ 'ત્સરુકલા' 'ત્સરુ' શબ્દ તલવારની મૂઠનો વાચક છે. પણ અહીં તેનો જે 'તલવાર' અર્થ લેવાયો છે તે અવયવમાં અવયવીના ઉપચારથી લેવાયેલ છે. અશ્વશિક્ષાનું જ્ઞાન આપનાર કલાને 'અશ્વશિક્ષાકલા' કહે છે. હસ્તિ (હાથી) શિક્ષાનું જ્ઞાન આપનાર કલાને હસ્તિશિક્ષા' કલા કહે છે, ધનુષ ચલાવવાની કલાને 'ધનુર્વેદશિક્ષાકલા' કહે છે. હિરણ્યની ભસ્મ બનાવવાની કલાનું જ્ઞાન જે કલા આપે છે તે કલાને 'હિરણ્યપાક કલા' કહે છે. સુવર્ણની ભસ્મ બનાવવાનું જ્ઞાન આપનાર કલાને 'સુવર્ણપાકકલા' કહે છે. મણિની ભસ્મ બનાવવાની વિધિ બતાવનાર કલાને 'મણિપાકકલા' અને ધાતુઓની ભસ્મ બનાવવાની વિધિ બતાવનાર કલાને 'ધાતુપાકકલા' કહે છે બાહુઓ દ્વારા યુદ્ધ કરવાનું પરિજ્ઞાન થાય તે 'બાહુયુદ્ધકલા' દંડ દ્વારા યુદ્ધ કરવાનું પરિજ્ઞાન થાય તે 'દંડયુદ્ધ કલા,' મુષ્ટિદ્વારા યુદ્ધ કરવાની કલા તે 'મુષ્ટિયુદ્ધકલા,' અને અસ્થિદ્વારા યુદ્ધ કરવાનું પરિજ્ઞાન થાય તે કલાને અસ્થિયુદ્ધકલા કહે છે. સામાન્ય રીતે યુદ્ધ કરવાનું જ્ઞાન આપનાર કલાને યુદ્ધકલા અને વિશિષ્ટ પ્રકારે યુદ્ધ કરવાનું જ્ઞાન થાય તે કલાને 'નિયુદ્ધકલા' કહે છે. યુદ્ધાતિયુદ્ધ કરવાનું પરિજ્ઞાન આપનાર યુદ્ધાતિયુદ્ધ કલા છે સૂત્રાદી દ્વારા કેવી રીતે ક્રીડા કરાય છે, તે દર્શાવનાર કલાને 'સૂત્રાદિખેલકલા' કહે છે. નાલિકાદ્વારા કેવી રીતે ક્રીડા કરી શકાય તે દર્શાવનાર 'નાલિકાખેલ કલા' છે. વર્ત્ત (ચક્ર) દ્વારા કેવી રીતે ક્રીડા કરાય છે તેનું જ્ઞાન 'વર્ત્તખેલકલા' દ્વારા મળે છે. ચર્મદ્વારા કેવી રીતે ક્રીડા કરાય છે તેનું જ્ઞાન 'ચર્મખેલકલા' દ્વારા મળે છે. સો પાનને ઉપરા ઉપરી ગોઠવીને તેમાંથી કોઈ પણ વિવક્ષિત પત્રને છેદવાની હસ્ત નિપુણતા જે કલા દ્વારા પ્રાપ્ત થાય છે તે કલાને 'પત્રચ્છેદ્યકલા' કહે છે. જે કલામાં કટ--ચટાઇની જેમ ક્રમે ક્રમે છેદ્યવસ્તુનું પરિજ્ઞાન થાય છે તે કલાને 'કટચ્છેદ્યકલા' કહે છે. સજીવને નિર્જીવ જેવા કરી નાખ-

વાની કલાને 'સજીવનિર્જીવકરણકલા' કહે છે. પક્ષીઓની બોલી સમજવાનું જ્ઞાન આપનાર 'શકુનિરુતકલા' છે આ કલાઓનું વિશેષ સ્વરૂપ જાણવાની જિજ્ઞાસા રાખનારાઓએ મેં લખેલી જ્ઞાતાસૂત્રની ટીકા વાંચવી તેમાં તે કલાઓના સ્વરૂપ વિષે વધુ માહિતી આપેલ છે. સમૂચ્છિંમ જન્મવાળા ખેચર પંચેન્દ્રિય તિર્યંચજીવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૨ બોંતેર હજાર વર્ષ સુધીની કહેલ છે.

ભાવાર્થ–આ સૂત્રદ્વારા સૂત્રકારે બોંતેર(૭૨)સંખ્યાવાળા સમવાયાંગોનું કથન કર્યું છે. તેઓએ આ સૂત્રમાં બતાવ્યું છે કે સુપર્ણકુમારોના બોંતેર લાખ આવાસ છે. તેમાંનાં ૩૪ ચોત્રીસ લાખ આવાસ ઉત્તરના નિકાયમાં અને ૩૮ આડત્રીસ લાખ આવાસ દક્ષિ-ણના નિકાયમાં છે. દશ પ્રકારના ભવનપતિ હોય છે તેઓ જંબૂદ્વીપમાં આવેલા સુમેરુ પર્વતની નીચે તેના દક્ષિણ અને ઉત્તર ભાગમાં તિરકસ અનેક કોટાકોટી લક્ષ યોજન સુધી રહે છે. અસુરકુમાર ખાસ કરીને આવાસોમાં જ અને કયારેક ભવનોમાં પણ વસે છે, પણ નાગકુમાર આદિ બાકીના ભવનપતિ તો ભવનોમાં જ રહે છે. રત્નપ્રભા પૃથ્વીના ઉપર તથા નિચેના એક એક હજાર યોજન છોડીને બાકીના અઠયોતેર (૭૮) હજાર યોજન પ્રમાણ ભાગમાં બધી જગ્યાએ આવાસો છે. પણ ભવનો રત્ન પ્રભાની નીચે નેવું હજાર યોજન પ્રમાણ ભાગમાં જ હોય છે. આવાસ મોટા મંડપ જેવા હોય છે પણ ભવનો નગર જેવાં હોય છે. ભવન બહારથી ગોળાકાર, અંદરથી સમચોરસ અને તળીયેથી પુષ્કરકર્ણિકા જેવાં હોય છે અહીં સુપર્ણકુમારોનાં ભવ-નરૂપઆવાસોનું વર્ણન છે. તે કુલ બોંતેર લાખ છે. બોંતેર હજાર નાગકુમાર દેવો લવણસમુદ્રની ધાતકીખંડદ્વીપ તરફની ૧૬ સોળ હજાર યોજનના ઉત્સેધની અને દસ હજાર યોજન લાંબી બેલા(જલરાશિ) ધારણ કરે છે. ભગવાન મહાવીર ૭૨ બોંતેર વર્ષનું કુલ આયુષ્ય ભોગવીને મોક્ષે ગયા. સ્થવિર અચલભ્રાતાનું આયુષ્ય પણ ૭૨ બોંતેર વર્ષનું હતું. એટલું આયુષ્ય ભોગવીને તેઓ પણ સિદ્ધગતિ પામ્યાં. પુષ્કરાર્ધક્ષેત્રમાં ત્રણે કાળમાં ૭૨ બોંતેર ચન્દ્રમા અને ૭૨ બોંતેર સૂર્ય રહે છે. તેમાં વધઘટ થતી નથી, પ્રત્યેક ચક્ર-વર્તિની સત્તા નીચે ૭૨–૭૨ (બોંતેર, બોંતેર) હજાર ઉત્તમ નગર હોય છે. લેખ, ગણિત, રૂપ આદિના ભેદથી બોંતેર (૭૨) કલાઓ હોય છે. સંમૂચ્છિંમ જન્મવાળા જે પંચેન્દ્રિય પક્ષીઓ હોય છે તેમની ભવસ્થિતિ બોંતેર હજાર વર્ષની હોય છે ।સૂ. ૧૧૧।

## તિહોત્તર સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર તોંતેરે (૭૩) માં સમવાયોનું કથન કરે છે **'हरिवासरम्मय वासयाओ' इत्यादि ।**

**ટીકાર્થ**—હરિવર્ષની અને રમ્યકવર્ષની દરેક જીવા તોંતેર હજાર નવસો એક યોજન તથા એક યોજનનો ૧૭/૧૯ ભાગ તથા એક યોજનના ૧/૨ ભાગ પ્રમાણ લંબાઈની અપેક્ષાએ કહેલ છે. એ જ વાત **'एगुत्तराय'** વગેરે ગાથાઓ દ્વારા પ્રગટ કરવામાં આવી છે. વિજય નામના બીજા બળદેવનું આયુષ્ય ૭૩ તોંતેર લાખ વર્ષનું હતું તે આયુષ્ય પૂરૂં કરીને તે સિદ્ધપદ પામ્યા તથા સમસ્ત દુઃખોથી રહિત બન્યા ।।સૂ.૧૧૨।।

## ચૌહત્તર સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર ચુંમોતર (૭૪)નાં સમવાયોનું કથન કરે છે **'थेरेणं अग्गिभूइ' इत्यादि ।**

**ટીકાર્થ**-ભગવાન મહાવીરના બીજા ગણધર સ્થવિર અગ્નિભૂતિ ૭૪ ચુંમોતેર વર્ષનું આયુષ્ય ભોગવીને સિદ્ધપદ પામ્યા તથા સમસ્ત દુઃખોથી રહિત બન્યા. તેમાંનાં છેંતાળીસ (૪૬) વર્ષ તેમણે ગૃહસ્થાશ્રમમાં, બાર વર્ષ છદ્મસ્થ અવસ્થામાં અને ૧૬ સોળ વર્ષ કેવળી પર્યાયમાં વ્યતીત કર્યાં હતાં. સોળહજાર આઠસો બેંતાળીસ (૧૬૮૪૨) યોજન અને બે કલાના વિષ્કંભવાળા નિષધ નામના વર્ષધર પર્વતની ઉપર મધ્યભાગમાં તિગિચ્છ નામનું એક મહાહ્રદ (સરોવર) છે. તેનો વિષ્કંભ ૨૦૦૦ બે હજાર યોજનનો અને આયામ ૪૦૦૦ ચાર હજાર યોજનનો છે. તે મહાહ્રદમાંથી સીતોદા નામની મહાનદી નીકળે છે. તેનો પ્રવાહ નિષધપર્વતના વિષ્કંભનો ૧/૨ ભાગ કરીને તેમાંથી હ્રદનો ૧/૨ ભાગનો વિષ્કંભ બાદ કરતાં જે સાત હજાર ચારસો એકવીસ (૭૪૨૧) યોજન અને ૧ એક કલા બાકી રહે છે. તેટલો છે આવડા મોટા પ્રવાહ વાળી તે મહાનદી ઉત્તરદિશા તરફ વહીને વજ્રમય પ્રણાલિકા દ્વારા કે જે વજ્રમય

પ્રણાલિકારૂપ જિહવા આયામમાં ૪ ચાર યોજન અને વિષ્કંભમાં ૫૦ પચાસ યોજનની છે,શીતોદા પ્રપાત હ્રદમાં–એ નામના કુંડમાં પડે છે. તે કુંડનું તળીયું વજ્રનું બનેલું છે, તેનો આયામ અને વિષ્કંભ ૪૮૦ ચારસોએંસી યોજનનો છે, તેની ઊંડાઈ ૧૦ દશ યોજનની છે, અને તેનો મધ્યભાગ સીતોદાદેવીના ભવનથી અલંકૃત મસ્તકવાળા શીતોદા નામના દ્વીપથી વિભૂષિત થયેલ છે અને તે નિષધપર્વતની તલેટીમાં આવેલ છે. જે પ્રવાહરૂપ ધારા વડે તે નદી તે કુંડમાં પડે છે તે પ્રવાહરૂપ ધારા એવી લાગે છે કે જાણે કે તે ઘડાના મુખમાંથી નીકળીને તેમાં પડે છે. તે પ્રવાહરૂપ ધારાનો–પ્રપાતનો–આકાર મોતીની માળા જેવોછે. જ્યારે તે પ્રપાત તે કુંડમાં પડે છે ત્યારે ઘણો મોટો અવાજ થાય છે. એ જ પ્રમાણે સીતા નદી વિષે પણ સમજવું. એટલે કે સીતા નામની જે મહાનદી છે તે પણ નીલવર્ષધર પર્વથી ૭૪૦૦ સાતહજાર ચારસો યોજનથી સહેજ વધારે દક્ષિણ દિશામાં વહીને સીતાપ્રપાત નામના કુંડમાં પડે છે. ચોથી પૃથ્વી સિવાયની બાકીની ૬ છ પૃથ્વીઓમાં કુલ ૭૪ ચુંમોતેરલાખ નરકાવાસ છે. પહેલી પૃથ્વીમાં ૩૦ ત્રીસ લાખ, બીજીમાં ૨૫ પચ્ચીસ લાખ. ત્રીજીમાં પંદરલાખ, પાંચમીમાં ૩ ત્રણ લાખ, છઠ્ઠીમાં ૯૯૯૯૫, નવાણું હજાર નવસો પંચાણું અને સાતમીમાં પાંચ નરકાવાસ છે. ાસૂ. ૧૧૩ા

## પચહત્તર સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર ૭૫ પંચોતેરના સમવાયો બતાવે છે—**'सुविहिस्स णं पुप्फदंतस्स' इत्यादि ।**

ટીકાર્થ—સુવિધિ પુષ્પદંત ભગવાન, કે જે નવમાં તીર્થંકર છે, તેમના ૭૬૦૦ સાતહજાર પાંચસો કેવલી હતા. દસમાં તીર્થંકર શીતલનાથ ભગવાન ૭૫૦૦૦ પંચોતેરહજાર પૂર્વ સુધી ગૃહસ્થાવાસમાં રહીને–૨૫૦૦૦ પચીસહજાર વર્ષ સુધી કુમારાવસ્થમાં અને ૫૦૦૦૦ પચાસહજાર વર્ષ સુધી રાજ્યાવસ્થામાં વ્યતીત કરીને–દીક્ષા ગ્રહણ કરીને સિદ્ધગતિ પામ્યા અને સમસ્ત દુઃખોથી રહિત થયા. ૧૬ સોળમાં તીર્થંકર શાંતીનાથ ભગવાને ૭૫૦૦૦ પંચોતેર હજાર ગૃહસ્થાવાસમાં ગાળીને દીક્ષા ગ્રહણ કરીને અણગારાવસ્થા ધારણ કરી. તેઓએ ૨૫૦૦૦ પચીસહજાર વર્ષ કુમારાવસ્થામાં, ૨૫૦૦૦ પચીસહજાર વર્ષ માંડલિક રાજા તરીકે, અને ૨૫૦૦૦ પચીસ હજાર વર્ષ ચક્રવર્તિ નરેશ તરીકે વ્યતીત કર્યા હતાં ાસૂ. ૧૧૪ા

## છિયોત્તર સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર છોંતેર (૭૬) નાં સમવાયો બતાવે—'**छावत्तरिं विज्जुकुमारावाससयसहस्सा**' **इत्यादि ।**

ટીકાર્થ—વિદ્યુતકુમાર દેવોના છોંતેર (૭૬)લાખ આવાસ છે એ જ પ્રમાણે દ્વીપકુમાર, દિગ્કુમાર ઉદધિકુમાર, વિદ્યુત્કુમાર, સ્તનિતકુમાર, સ્તનિતકુમાર અને અગ્નિકુમાર એ કુમારોના દક્ષિણ અને ઉત્તરનિકાયના ભેદથી પ્રત્યેક નિકાયમાં ૭૬ છોંતેર લાખ, ૭૬ છોંતેર લાખ ભવન છે. ।।સૂ. ૧૧૫।।

## સતહત્તર સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર ૭૭ (સત્યોતેર) મા સમવાયનું કથન કરે છે—'**भरहेणं राया**' **इत्यादि ।**

ટીકાર્થ–ભરત ચક્રવર્તિ ૭૭ સત્યોતેર લાખ પૂર્વ સુધી કુમારાવસ્થામાં રહ્યા હતા ત્યાર બાદ તેમનો મહારાજપદે અભિષેક થયો. જ્યારે ઋષભ પ્રભુ ૬ છ લાખ પૂર્વનું આયુષ્ય વ્યતીત કરી ચુકયા હતા, ત્યારે ભરત ચક્રવર્તિનો જન્મ થયો હતો. દેવાદિકોને પૂજનીય એવાં ઋષભદેવ ભગવાન ૮૩ ત્યાસી લાખ પૂર્વની અવસ્થાએ દીક્ષિત થયા હતાં તેથી ૮૩ ત્યાસી લાખ પૂર્વમાંથી ૬ છ લાખ પૂર્વ બાદ કરતાં ૭૭ સત્યોતેર લાખ પૂર્વ વધે છે. એ જ ભરતનો કુમારાવસ્થા કાળ સમજવો. અંગવંશમાં ઉત્પન્ન થયેલા ૭૭ સત્યોતેર રાજાઓ મુંડિત થઈને દીક્ષિત થયા હતા. હાલમાં તેમનાં નામ અપ્રસિદ્ધ છે. બ્રહ્મલોક નામના પાંચમાં દેવલોકની નીચે આવેલી ૮ આઠ કૃષ્ણરાજિયોમાં (૧) સારસ્વત, (૨) આદિત્ય, (૩) વન્હિ. (૪) અરુણ, (૫) ગર્દતોય, (૬) તુષિત, (૭) અવ્યાબાધ અને (૮) મરુત્ એ આઠ લોકાન્તિક દેવનિકાય રહે છે તેમાંના ગર્દતોય અને તુષિત દેવનિકાયોના ૭૭ સીત્યોતેર હજાર અનુચર દેવો એકંદરે છે. કાળા રંગની જે પૌદ્ગલિક રેખાઓ હોય છે તેમને કૃષ્ણરાજી કહે છે. તે કૃષ્ણરાજીઓ આ પ્રમાણે છે—સનત્કુમાર અને માહેન્દ્ર દેવલોકની ઉપર તથા બ્રહ્મલોકની નીચે કલ્પારિષ્ટ નામના વિમાન પ્રસ્તટમાં પૂર્વદિશામાં કૃષ્ણરાજી અને મેઘરાજી નામની બે કૃષ્ણરાજિયો છે. તથા દક્ષિણદિશાઓમાં મઘા માઘવી નામની બે કૃષ્ણરાજિયો પશ્ચિમ દિશામાં વાતપરિઘા અને વાતપરિક્ષોભા નામની બે કૃષ્ણરાજીયો છે. ઉત્તર દિશામાં દેવપરિઘા અને દેવપરિક્ષોભા નામની બે કૃષ્ણરાજીયો છે એ રીતે ચારે દિશાની

મળીને આઠ કૃષ્ણરાજીયો છે. તેઓમાંની પૂર્વદિશાની જે કૃષ્ણરાજી છે તે દક્ષિણ-દિશાની બાહ્ય કૃષ્ણરાજીની અડોઅડ (સંસ્પૃષ્ટ) છે. દક્ષિણ દિશાની જે કૃષ્ણરાજી છે તે પશ્ચિમ દિશાની બાહ્યકૃષ્ણરાજી સાથે સંસ્પૃષ્ટ છે. પશ્ચિમ દિશાની અંદરની કૃષ્ણરાજી ઉત્તરદિશાની બાહ્ય કૃષ્ણરાજી સાથે સંસ્પૃષ્ટ છે. તથા ઉત્તર દિશાની અંદરની કૃષ્ણરાજી પૂર્વદિશાની બાહ્યકૃષ્ણરાજી સાથે સંસ્પૃષ્ટ છે. તે રાજીયો આયામની અપેક્ષાએ અસંખ્યાત યોજન-પ્રમાણ છે, તથા વિસ્તારની અપેક્ષાએ સંખ્યાત યોજન પ્રમાણ છે. તેમનો પરિધ અસંખ્યાત યોજનનો છે. એ કૃષ્ણરાજિયોમાંની પૂર્વ અને પશ્ચિમ દિશાની બહારની તરફ આવેલી બે કૃષ્ણરાજીયો ષટ્કોણના આકારની છે. ઉત્તર અને દક્ષિણ દિશાની જે બે બાહ્યકૃષ્ણરાજિયોછે તે ત્રિકોણાકારની છે. એ જ પ્રમાણે પૂર્વ અને પશ્ચિમ દિશાની જે બે આભ્યન્તરિક કૃષ્ણરાજીયો છે.તે ચતુષ્કોણના આકારની છે. અને ઉત્તર અને દક્ષિણ દિશાની જે બે આભ્યન્તરિક કૃષ્ણરાજીઓ છે તે પણ ચતુષ્કોણના આકારની છે. ભગવતી સૂત્રના છઠ્ઠા શતકના ૩૦૦ ત્રણસો પૂર્વમાં **"पुव्वावरा छलसा"** ઈત્યાદિ ગાથાઓ દ્વારા એ વાત જ દર્શાવવામાં આવી છે. લવપરિમાણની અપેક્ષાએ દરેક મુહૂર્ત ૭૭ સીત્યોતેર લવનું કહેલ છે. હૃષ્ટપૃષ્ટ પ્રાણીના એક શ્વાસોચ્છવાસને 'પ્રાણ' કહે છે. સાત પ્રાણનો એક 'સ્તોક' થાય છે. અને સાત સ્તોકનો એક લવ થાય છે, અને ૭૭ સીત્યોતેર લવનું એક મુહૂર્ત થાય છે.

ભાવાર્થ—ભરત ચક્રવર્તિ ૭૭ સીત્યોતેર લાખ પૂર્વ સુધી કુમારાવસ્થામાં રહ્યા હતા. (૮૪) ચોર્યાસી લાખ વર્ષનું એક પૂર્વાંગ થાય છે. અને ૮૪ ચોર્યાસી લાખ પૂર્વાંગનું એક પૂર્વ બને છે.) એટલા સમય પછી તેમનો મહારાજા તરીકે અભિષેક થયો હતો. અંગવંશના ૭૭ સીત્યોતેર હજાર રાજાઓએ ભગવતી દીક્ષા લીધી હતી. ગર્દતોય અને તુષિતદેવોનો ૭૭ સીત્યોતર હજારનો દેવપરિવાર છે. એક મુહૂર્તના ૭૭ સીત્યોતેર ભાગ પાડીએ તો તે દરેક ભાગને 'લવ' કહે છે. ાસૂ. ૧૧૬ા

હવે સૂત્રકાર અઠયોતેર (૭૮) માં સમવાયો બતાવે છે-**'सक्कस्स णं'** इत्यादि ।

ટીકાર્થ-દેવરાજ, દેવેન્દ્ર, શક્રના સંબંધી જે વૈશ્રમણ મહારાજ છે-તેઓ દક્ષિણદિશામાં જે સુવર્ણકુમારોનાં ૩૮ આડત્રીસ લાખ ભવન છે તથા દ્વીપકુમારોનાં જે ૪૦ ચાળીસ લાખ ભવન છે તે બધાની ઉપર અધિપત્ય, પુરોવર્તિત્વ, સ્વામિત્વ, ભર્તૃત્વ, મહારાજત્વ, તથા આજ્ઞેશ્વર સેનાપતિત્વ પોતાના અનુયાયીઓ પાસે કરાવે છે અને પોતે તેમની રક્ષા કરે છે. ભગવાન મહાવીરના આઠમા ગણધર સ્થવિર અકંપિત પોતનું ૭૮ અઠયોતેર વર્ષનું આયુષ્ય ભોગવીને સિદ્ધ, બુદ્ધ, અને સમસ્ત દુઃખોથી રહિત થયા હતા. ઉત્તરાયણમાંથી નિવૃત્ત થયેલ સૂર્ય-દક્ષિણાયનમાં પ્રવેશ કરવાને સન્મુખ થયેલ સૂર્ય-પહેલા મંડળથી (સર્વાભ્યન્તર મંડળથી નહીં) દક્ષિણાયન પહેલા મંડળની અપેક્ષાએ ૩૯ ઓગણચાળીસમાં મંડળમાં તથા સર્વાભ્યન્તર મંડળની અપેક્ષાએ ચાલીસમાં મંડળમાં દિવસરૂપ ક્ષેત્રના ૭૮ અઠયોતેર ભાગોને એટલે કે એક મુહૂર્તના ૬૧ એકસઠ ભાગોમાંથી ૧ ભાગ પ્રમાણ ૭૮ અઠયોતેર ભાગોને ક્ષપિત (ક્ષય) કરીને અને રાત્રિના એટલા જ ભાગોને વધારીને પરિભ્રમણ કરે છે. ચન્દ્રપ્રજ્ઞપ્તિમાં આ વિષયમાં આ પ્રમાણે કહેલ છે-જંબૂદ્વીપમાં જે સમયે બે સર્વાભ્યન્તર મંડળ પર પહોંચીને ભ્રમણ કરે છે ત્યારે તેમની વચ્ચે ૯૯૬૪૦ નવ્વાણુંહજાર છસો ચાલીસ યોજનનું અંતર રહે છે. સર્વાભ્યન્તર મંડળની બન્ને બાજુએ ૧૮૦ એકસો એંસી યોજન છોડીને જંબૂદ્વીપ છે. જંબૂદ્વીપના પ્રમાણમાંથી ૧૮૦ એકસો એંસી યોજનથી બમણા એટલે કે ૩૬૦ ત્રણસો સાઇઠ યોજન બાદ કરવાથી જે ૯૯૬૪૦ નવ્વાણુંહજાર છસો ચાલીસ યોજન વધે છે એ જ તે બન્ને વચ્ચેનું અંતર છે. જંબૂદ્વીપમાં તે અંતરેથી પરિભ્રમણ કરનાર તે બન્ને સૂર્યોનું દિવસમાન વધારેમાં

વધારે અઢાર (૧૮) મુહૂર્તનું અને રાત્રિમાન ઓછામાં ઓછું ૧૨ બાર મુહૂર્તનું હોય છે. ત્યારબાદ આભ્યન્તર મંડળની પછીના મંડળ પર આવીને ભ્રમણ કરે છે ત્યારે તે બન્નેનું અંતર ૯૯૬૪૦ ૩૫/૬૦ યોજન સુધીનું થાય છે. ત્યારે દિવસ ૧૮ અઢાર મુહૂર્ત પ્રમાણ કરતાં એક મુહૂર્તના ૬૧ ભાગોમાંથી બે ન્યૂન ભાગ જેટલો (૧૬ ૫૯/૬૧ મુહૂર્તના પ્રમાણ અને રાત્રિ ૧૨ ૨/૬૧ મુહૂર્ત પ્રમાણ થાય છે. આ રીતે દક્ષિણાયનથી નિવૃત્ત થયેલ એટલે કે ઉત્તરાયનમાં પ્રવેશ કરવાની સમીપ આવેલ સૂર્ય પહેલા મંડળથી ૩૯માં મંડળમાં, રાત્રિના ૭૮ ઇઠયોતેર (ભાગોને-એટલે કે મુહૂર્તના ૬૧ એકસઠ ભાગ કરીને તેઓમાંથી ૧ ભાગ પ્રમાણ ૭૮ ઇઠયો-તેર ભાગોને ક્ષપિત (ક્ષય) કરીને અને દિવસના એટલા જ ભાગોની વૃદ્ધિ કરીને ભ્રમણ કરે છે. તેમાં દિવસપ્રમાણ ૧૬ ૩૪/૬૧ મુહૂર્તનું અને રાત્રિપ્રમાણ ૧૩ ૧૭/૬૧ મુહૂર્તનું થાય છે. આ કથનથી તે વાત સમજાય છે કે દક્ષિણાયનમાં સૂર્ય દિન-માનને ઘટાડે છે અને રાત્રિમાનને વધારે છે. તથા ઉત્તરાયનમાં દિનમાનને વધારે છે અને રાત્રિમાનને ઘટાડે છે.

ભાવાર્થ—આ સૂત્રમાં સૂત્રકારે અઠયોતેર (૭૮)ની સંખ્યાવાળાં સમવાયોનું કથન કર્યું છે—સોમ, યમ, વરુણ અને વૈશ્રમણ, એ ચાર લોકપાલ છે તેમાંનો જે વૈશ્રમણ લોકપાલ છે તે સુવર્ણકુમાર અને દ્વીપકુમારોનાં ૭૮ અઠયોતેર લાખ ભવ-નોનો અધિપતિ છે. સ્થવિર અકંપિત ૭૮ અઠયોતેર વર્ષનું આયુષ્ય ભોગવીને સિદ્ધપદ પામ્યા છે. ઉત્તરાયનમાંથી નિવૃત્ત થયેલો સૂર્ય જ્યારે પહેલા મંડળમાંથી ૩૯માં મંડળમાં સંચરે છે ત્યારે તે દિવસના એક મુહૂર્તના ૬૧ એકસઠ ભાગમાંથી ૧ ભાગ પ્રમાણ અઠયોતેર ભાગોનો ક્ષય કરી નાંખે છે-એટલે કે ૧ ૧૭/૬૧ મુહૂર્ત ક્ષય કરે છે.-અને રાત્રિના એટલા જ ભાગોની વૃદ્ધિ કરે છે. દક્ષિણાયનથી નિવૃત્ત થયેલ સૂર્યની બાબતમાં પણ એ જ રીતે સમજી લેવું, ॥સૂ. ૧૧૭॥

## ઉન્નાસી સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર ઓગણ્યાએંસી (૭૯) ની સંખ્યાવાળા સમવાયોનું કથન કરે છે—
**'वलया मुहस्स णं' इत्यादि ।**

ટીકાર્થ—પૂર્વદિશાના વડવામુખ નામના પાતાલકલશના અન્તિમ ભાગથી રત્નપ્રભા પૃથ્વીના અધોવર્તી ચરમાન્ત ભાગનું અંતર ૭૯ ઓગણ્યાએંસીહજાર યોજનનું છે. તેનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે-રત્નપ્રભા પૃથ્વીની કુલ જાડાઇ એકલાખ એંસી-

હજાર ચોજનની છે. તેમાંથી એક હજાર ચોજનની સમુદ્રની ઊંડાઇ છે તથા ૧ એક લાખ ચોજનનોં પાતાલકલશ છે. આ રીતે ૧ એક લાખ ૮૦ એંસી હજાર ચોજનમાંથી ૧ એક લાખ ૧ એક હજાર ચોજન બાદ કરવાથી વડવામુખ પાતાલકલશના ચરમાન્ત ભાગથી રત્નપ્રભા પૃથ્વીના ચરમાન્ત ભાગનું અંતર ૭૯ ઓગણઓસીતેર હજાર ચોજન નીકળે છે. એ જ પ્રમાણે કેતુ, યૂપ અને ઈશ્વર નામના પાતાલકલશોના અધસ્તન અન્તિમ ભાગોથી રત્નપ્રભા પૃથ્વીના ચરમાન્તભાગનું અંતર પણ ૭૯ ઓગણ્યાએંસી હજાર ચોજન આવે છે. પાંચમી પૃથ્વીનાં બરાબર મધ્ય ભાગથી છઠ્ઠા નોદધિના નીચેના ચરમાન્ત ભાગનું અંતર ૭૯ અગણ્યાએંસી ચોજનનું છે. તેનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે-પાંચમી પૃથ્વીની ઊંડાઇ એક લાખ અઢારહજાર ચોજનની છે. ઘનોદધિ વાતવલયની ઊંડાઇ વીસ હજાર ચોજનની છે. આ રીતે પાંચમી પૃથ્વીનું અર્ધપ્રમાણ ૫૯ ઓગણસાઈઠ હજાર ચોજન અને ઘનોદધિ વાતવલયના વીસહજાર ચોજનનો સરવાળો કરતાં જ ૭૯ ઓગણ્યાએંસી હજાર ચોજનનો સરવાળો આવે છે તે પાંચમી પૃથ્વીના મધ્યભાગથી ઘનોદધિ વાતવલયના નીચેના અન્તિમ ભાગનું અંતર છે. જંબૂદ્વીપની જગતી (કોટ)નાં ચાર દ્વાર છે. તેમના નામ વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત છે. તે બધાં ચાર, ચાર ચોજન પહોળાં છે. તે દ્વારો ગવ્યૂતિ-કોશ-સુધીની પૃથુલ-વિસ્તૃત-દ્વારશાખાથી યુકત છે. તે દ્વારો પૂર્વ આદિ ચાર દિશાઓમાં છે. તે દ્વારોનું પરસ્પરનું અંતર ૭૯ ઓગણ્યાએંસી હજાર ચોજનથી વધારે છે. તે અંતરની સ્પષ્ટતા આ પ્રમાણે સમજવી- જંબૂદ્વીપની પરિધિનું પ્રમાણ ત્રણ લાખ સોળહજાર બસો સત્યાવીસ (૩૧૬૨૨૭) ચોજન, ત્રણ (૩) કોશ, એક સો અઠયાવીસ (૧૨૮) ધનુષ અને સાડાતેર (૧૩ા।) આંગળ છે. તે પરિધિ પ્રમાણમાંથી દ્વારો તથા દ્વારશાખાઓનું જે પૂર્વોકત ૧૮ અઢાર ચોજનનું વિષ્કંભ-પ્રમાણ છે તે બાદ કરવાથી જે પ્રમાણ બાકી રહે છે. તેના ચાર ભાગ પાડી નાખવાથી પ્રત્યેક દ્વારનું પરસ્પરનું અંતર નીકળે છે.

ભાવાર્થ—આ સૂત્રમાં ૭૯ ઓગણ્યાએંસી સંખ્યાવાળાં સમવાયોનું કથન કર્યું છે. તે આ પ્રમાણે છે-રત્નપ્રભા પૃથ્વીના ત્રણ કાંડ (ભાગ) છે-(૧) રત્નકાંડ, (૨) પંકબહુલકાંડ, અને(૩) જલબહુલકાંડ રત્નકાંડની જાડાઇ સોળ હજાર ચોજનની છે. પંકબહુલકાંડની જાડાઇ ૮૪ ચોર્યાસી હજાર ચોજનની છે, અને જલબહુલકાંડની મોટાઈ ૮૦ એંસી હજાર ચોજની છે. તે ત્રણેનો સરવાળો કરવાથી રત્નપ્રભા પૃથ્વીની જાડાઇ એકલાખ ૮૦ એંસી હજાર ચોજનની છે. તે ત્રણેનો સરવાળો કરવાથી રત્નપ્રભા પૃથ્વીની જાડાઇ એકલાખ એંસી હજાર ચોજન આવી જાય છે વડવામુખ આદિ ચાર પાતાલકલશો લવણસમુદ્રમાં છે. સમુદ્રનું અવગાહમાન એકહજાર ચોજનનું છે. અને પાતાલકલશનું અવગાહમાન એકલાખ ચોજનનું છે. ૧૮૦૦૦૦(એકલાખ એંસીંહજાર)

ચોજનમાંથી એકલાખ એકહજાર ચોજન બાદ કરવાથી જે ૭૯૦૦૦ યોજન રહે છે તે વડવામુખ પાતાલકલશની ચરમાન્ત પ્રદેશથી રત્નપ્રભા પૃથ્વીના ચરમાન્ત પ્રદેશનું અંતર છે. રત્નપ્રભા પૃથ્વીના ચરમાન્ત ભાગથી કેતુ યૂપ, અને ઈશ્વર નામના પ્રત્યેક પાતાલકલશના ચરમાન્ત ભાગનું અંતર પણ એટલું જ છે. પાંચમી જે ધૂમપ્રભા નામની પૃથ્વી છે તેના બરાબર મધ્ય ભાગથી છઠ્ઠા ઘનોદધિનો નીચેનો અન્તીમ ભાગ પણ એટલે જ અંતરે છે. જંબૂદ્વીપના એક દ્વારનું પરસ્પર વચ્ચેનું અંતર ૭૯ ઓગણ્યાએંસી હજાર યોજન કરતા થોડું વધારે છે ॥સૂ. ૧૧૮॥

## અસ્સી સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર એંસી (૮૦) સંખ્યાવાળાં સમવાયો બતાવે છે—'सेज्जंसे णं अरहा' इत्यादि ।

ટીકાર્થ—અગિયારમાં તીર્થંકર શ્રેયાંસનાથ ભગવાન એંસી (૮૦) ધનુષ પ્રમાણ ઊંચા હતા. તેમના સમકાલીન ત્રિપૃષ્ઠ વાસુદેવ પણ એંસી (૮૦) ધનુષ પ્રમાણ ઊંચા હતા. ત્રિપૃષ્ઠ વાસુદેવે એંસી ૮૦ લાખ વર્ષો સુધી મહારાજપદ ભોગવ્યું તેમનું આયુષ્ય ૮૪ ચોર્યાસી લાખ વર્ષનું હતું, તેમાંના ૪ ચાર લાખ વર્ષ તેમણે કુમારાવસ્થામાં વ્યતીત કર્યા હતાં. અચલ નામના પહેલા બળદેવની ઊંચાઇ પણ એંસી (૮૦) ધનુંષ પ્રમાણ હતી. રત્નપ્રભા પૃથ્વીના ત્રીજો જલબહુલકાંડ ૮૦ (એંસી) હજાર ચોજન જાડો (પહોળો) છે. દેવરાજ ઈશાન ઈન્દ્રના એંસી હજાર સામાનિક દેવો છે. જંબૂદ્વીપમાં ૧૮૦ એકસો એંસી ચોજન ભમીને સૂર્ય ઉત્તર દિશામાં પ્રવેશ કરીને સર્વાભ્યન્તર મંડળમાં ઉદય પામે છે ॥સૂ. ૧૧૯॥

## ઇક્કાસી સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર એકયાસી (૮૧) સંખ્યાવાળાં સમવાયો બતાવે છે–**'नव नव मियाणं भिक्खुपडिमा' इत्यादि ।**

**ટીકાર્થ**—નવ દિવસની એવી નવ નવ ભિક્ષુપ્રતિમાનું એકયાશી (૮૧) દિવસમાં એવી નવ નવ ૪૦૫ દત્તિયો દ્વારા સૂત્રાનુસાર આરાધન કરાય છે. કુંથુનાથ ભગવાન આઠ હજાર એક સો (૮૧૦૦) મનઃપર્યવજ્ઞાનને ધારણ કરનારા હતા. વિવાહ પ્રજ્ઞપ્તિમાં–ભગવતીમાં ૮૧૦૦ એકાસીસો મહાયુગ્મ છે. અહીં 'શત' શબ્દ 'આગમાંશ' દર્શક છે. તથા મહાયુગ્મ શબ્દ 'મહારાશિ' દર્શક છે. તેનું તાત્પર્ય એ છે કે ભગવતીસૂત્રમાં યુગ્માદિરૂપ જે રાશિવિશેષનો વિચાર કરાયો છે–તે વિચાર સ્વરૂપ એકયાશીસો (૮૧૦૦) આગમાંશ છે.

**ભાવાર્થ**—ભાવાર્થ સ્પષ્ટ છે. અહીં ૮૧ એકાસી દિવસમાં જે નવ નવમિકા ભિક્ષુપ્રતિમાનું ૪૦૫ ચારસોપાંચ દત્તિયો દ્વારા આરાધન બતાવ્યું છે. તેમાં દત્તિયોનો ક્રમ આ પ્રમાણે છે. પ્રત્યેક નવકના પહેલે દિવસે દરરોજ એક દત્તિ અન્નની અને એક દત્તિ પાનની લેવાય છે. આ રીતે પ્રત્યેક નવકના બીજા દિવસે (નવદિનમાં) બે દત્તિ અન્નની અને બે દત્તિ પાનની એમ પ્રત્યેક નવકમાં એક એક દત્તિની વૃદ્ધિ કરતાં નવમાં નવકમાં નવ દત્તિ અન્નની અને નવ દત્તિ પાનની લેવાય છે. આ રીતે દરેક નવકની ૪૫ પીસતાલીસ અન્નજળની દત્તિયો થાય છે. ૪૫ પીસ્તાલીસને ૯ નવ વડે ગુણતાં ૪૦૫ ચારસો પાંચ અન્નજળની દત્તિયો નવ નવકમાં ગ્રહણ કરાય છે.ાસૂ.૧૨૦ા

## બયાસી સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર બ્યાશી (૮૨) સંખ્યાવાળાં સમવાયોનું કથન કરે છે–**जंबुद्दीवेणं' इत्यादि ।**

**ટીકાર્થ**—જંબૂદ્વીપમાં સૂર્ય એકસો બ્યાશી (૧૮૨) મંડળોમાં બે વાર પ્રવેશ કરીને પરિભ્રમણ કરે છે. જંબૂદ્વીપમાંથી નીકળતી વખતે તથા જંબૂદ્વીપમાં પ્રવેશતી વખતે સૂર્ય બે પરિભ્રમણ કરે છે. તાત્પર્ય આ પ્રમાણે છે-સૂર્યના બધા મળીને ૧૮૪ એકસો ચોર્યાસી મંડળ છે. તેમાંના સર્વાભ્યન્તર અને સર્વબાહ્ય એ બે મંડળોમાં સૂર્ય એક વાર જ પ્રવેશ કરીને સંચરણ કરે છે. અને બાકીના એકસો બ્યાશી

(૧૮૨) મંડળોમા બે વાર પ્રવેશ કરીને સંચરણ કરે છે. જો કે જંબૂદ્વીપમાં પાસઠ (૬૫) સૂર્યમંડળ છે, છતાં પણ 'જંબૂદ્વીપ' પદથી તેના બાહ્ય મંડળોને પણ અહીં ગ્રહણ કરવામાં આવેલ છે. ઇન્દ્ર દ્વારા મોકલાયેલ હરિણૈગમેષી દેવ દ્વારા ૮૨ બ્યાસી અહોરાત્ર વ્યતીત થતા અને ૮૩ ત્યાસી મી અહોરાત્ર થતાં, આસો વદી તેરશને દિવસે દેવાનંદા બ્રાહ્મણીના ગર્ભમાંથી ત્રિશલા ક્ષત્રિયાણીના ગર્ભમાં શ્રમણ-ભગવાન મહાવીરને મૂકવામાં આવ્યા. બસો યોજનની ઉંચાઇના મહાહિમવાન નામના બીજા વર્ષધર પર્વતની ઉપરના અન્તિમ ભાગથી સૌગંધિક કાંડના નીચેના અન્તિમ ભાગનું અંતર બ્યાંશી સો (૮૨) યોજન છે. તે અંતરનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે– રત્નપ્રભા પૃથ્વીના ત્રણ કાંડ છે. (૧) ખરકાંડ (૨) પંકકાંડ અને (૩) અબ્બહુલકાંડ તેમાંનો જે ખરકાંડ છે તે રત્નકાંડ, વજ્રકાંડ, વૈડૂર્ય, લોહિતાક્ષ, મસારગલ્લ, હંસ-ગર્ભ, પુલક, સૌગંધિક, જ્યોતીરસ, અંજન, અંજનપુલક, રજત, જાતરૂપ અંક, સ્ફટિક અને રિષ્ટકાંડ, એ સોળ પ્રકારનાં રત્નોની પ્રચુરતાવાળો છે. દરેક કાંડ એક એક હજાર યોજનનો છે. સૌગંધિકકાંડ આઠમો કાંડ છે તે પહેલાં કાંડથી એંસી સો (૮૦૦૦) યોજન દૂર છે. તથા બીજા મહાહિમવાન પર્વતની ઉંચાઇ બસો (૨૦૦) યોજનની છે. આ રીતે મહાહિમવાન પર્વતના ઉપરના અન્તિમ ભાગથી સૌગંધિક કાંડનો નીચેનો અંતિમ ભાગ ૮૨૦૦ આઠહજાર બસો દૂર છે તે સિદ્ધ થાય છે. એ જ પ્રમાણે પાંચમાં વર્ષધર રુકમી પર્વતના અન્તિમ ભાગથી સૌગંધિક કાંડનો નીચેનો અન્તિમ ભાંગ ૮૨૦૦ આઠહજાર બસો યોજન દૂર છે ।।સૂ. ૧૨૧।।

## તિરાસી સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર ત્યાશી (૮૩) સંખ્યાવાળા સમવાયો બતાવે છે–**'समणे भगवं महावीरे' इत्यादि ।**

ટીકાર્થ–૮૩ત્યાસી અહોરાત્ર વ્યતીત થયા પછી ૮૩ત્યાશીમી અહોરાત્રે દેવાનંદા બ્રાહ્મણીના ગર્ભમાંથી હરિણૈગમેષી દેવ દ્વારા ભગવાન મહાવીરને ત્રિશલ દેવીના ગર્ભમાં મૂકવામાં આવ્યા. શીતળનાથ ભગવાનના ૮૩ ત્યાસી ગણ અને ૮૩ ત્યાસી ગણધર હતા. સ્થવિર મંડિતપુત્ર ૮૩ ત્યાસી વર્ષનું આયુષ્ય ભોગવી સિદ્ધ થયાં, બુદ્ધ થયાં સંસારથી

મુકત થયાં. પરિનિર્વૃત થયાં અને સમસ્ત દુઃખોથી રહિત થયા. કોશલ દેશમાં જન્મેલા, ઋષભદેવ ભગવાન ૮૩ ત્યાસી લાખ પૂર્વ સુધી ગૃહસ્થાવસમાં રહ્યા હતા. ત્યાર બાદ મુંડિત થઇને દીક્ષિત થયા. તેઓ ૨૦ વીસ લાખ પૂર્વ સુધી કુમારાવસ્થામાં, અને ૬૩ તેસઠ લાખ પૂર્વ સુધી રાજ્યાવસ્થામાં રહ્યા હતા. તેથી તેમનો ગૃહસ્થાવાસ ૮૩ ત્યાંસી લાખ પૂર્વનો કહેવામાં આવ્યો છે. ચાતુરન્ત ચક્રવર્તિ ૭૭ સત્યોતેર લાખ પૂર્વ સુધી કુમારાવસ્થામાં અને ૭ લાખ સુધી ચક્રવર્તિત્વમાં-એટલે કે ૮૩ ત્યાશી લાખ પૂર્વ સુધી ગૃહસ્થાવાસમાં રહીને જિન, કેવલી, સર્વજ્ઞ અને સર્વભાવદર્શી થયાં છે. ॥ સૂ. ૧૨૨ ॥

## ચૌરાસી સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર ચોર્યાસી (૮૪)નાં સમવાયો બતાવે છે-**'चउरासीइं निरयावास' इत्यादि ।**

ટીકાર્થ—પહેલી પૃથ્વીમાં ત્રીસ (૩૦) લાખ, બીજી પૃથ્વીમાં ૨૫ પચીસ લાખ, ત્રીજી પૃથ્વીમાં પંદર લાખ, ચોથી પૃથ્વીમાં દશ લાખ પાંચમી પૃથ્વીમાં ત્રણ લાખ છઠ્ઠી પૃથ્વીમાં ૯૯૯૯૫. નવાણું હજાર નવસો પંચાણું સાતમી પૃથ્વીમાં પાંચ, એ પ્રમાણે સાતે પૃથ્વીમાં મળીને ૮૪ ચોર્યાસી લાખ નરકાવાસ છે. કોશલ દેશમાં જન્મેલા ઋષભનાથ ભગવાન ચોર્યાસી (૮૪) લાખ પૂર્વનું આયુષ્ય ભોગવીને સિદ્ધ બુદ્ધ, સંસારથી મુકત પરિનિર્વૃત અને સમસ્ત દુઃખોથી રહિત થયા. એ જ પ્રમાણે ૮૪ ચોર્યાસી લાખ પૂર્વનું આયુષ્ય ભોગવીને ભરત બાહુબલી, બ્રાહ્મી, સુંદરી, એ બધા પણ સિદ્ધિગતિ પામ્યા છે. અગિયારમાં તીર્થંકર શ્રેયાંસ ભગવાન ચોર્યાસી (૮૪) લાખ વર્ષનું આયુષ્ય ભોગવીને સિદ્ધ, બુદ્ધ, સંસારથી મુકત અને સમસ્ત દુઃખોથી રહિત થયા છે, શ્રેયાંસ પ્રભુના સમયમાં થઇ ગયેલ ત્રિપૃષ્ઠ વાસુદેવ ૮૪ ચોર્યાસી લાખ વર્ષનું આયુષ્ય ભોગવીને સાતમી નરકમાં પાંચ નરકાવાસોની વચ્ચે આવેલા અપ્રતિષ્ઠાન નામના નરકાવાસમાં નારકી પર્યાયે ઉત્પન્ન થયેલ છે. દેવરાજ શક્ર દેવેન્દ્રના ૮૪૦૦૦ ચોર્યાસી હજાર સામાનિક દેવો છે જંબૂદ્વીપની મધ્યના મેરુપર્વતને છોડીને બાકીના ચાર મંદર પર્વતોમાંનો પ્રત્યેક મંદર પર્વત ૮૪-૮૪ હજાર યોજન ઉંચો છે. બધા અંજનગિરિ ૮૪-૮૪ હજાર યોજન ઉંચા છે. જંબૂદ્વીપ પછી આઠમા નંદીશ્વર નામના દ્વીપમાં તે અંજનગરિયો ચારે દિશાએ આવેલા છે. અને તે ચાર છે, હરિવર્ષ અને રમ્યકવર્ષ કે જે ઉત્તર દિશાનાં ભાગમાં આવેલ છે તેમની પ્રત્યેક પ્રત્યંચા ધનુઃપૃષ્ઠ-આરોપિત દોરી વાળા ધનુષના પૃષ્ઠ જેવો પરિધિખંડ-૮૪૦૧૬ ૪/૧૯ યોજ-

નના પરિક્ષેપવાળો છે. રત્નપ્રભા પૃથ્વીના જે બીજો પંકકાંડ નામનો વિભાગ છે તેના ઉપરના અન્તિમ ભાગથી નીચેનો અન્તિમ ભાગ ૮૪ ચોર્યાસી હજાર યોજન દૂર છે. નાગકુમાર દેવોનાં ૮૪ ચોર્યાસી લાખ આવાસ છે. તેમાના ૪૪ચુવાળીસ લાખ આવાસ દક્ષિણ દિશામાં અને ૪૦ચાળીસ લાખ આવાસ ઉત્તર દિશામાં છે. ચોર્યાસી હજાર(૮૪૦૦૦) પ્રકીર્ણક શાસ્ત્ર છે. તીર્થંકર પ્રભુએ જેમને પોતાને હાથે દીક્ષા આપી હોય એવા સામાન્ય સાધુઓ દ્વારા જે શાસ્ત્રો રચાય છે તેમને પ્રકીર્ણક શાસ્ત્ર કહે છે. જીવોની યોનિયો –ઉત્પત્તિસ્થાન ૮૪ ચોર્યાસીલાખ છે તે આ પ્રમાણે છે–પૃથ્વીકાય, તેજઃકાય, અપ્કાય અને વાયુકાય, એ પ્રત્યેકની સાત સાત લાખ યોનિયો. વનસ્પતિકાયમાં પ્રત્યેક વનસ્પતિની દસ લાખ અને સાધારણ વનસ્પતિની ચૌદ લાખ, બધા વિકલેન્દ્રિયોની બે બે લાખને હિસાબે છે (૬) લાખ, નારકીઓની ચાર (૪) લાખ, દેવોની ચાર (૪) લાખ, તિર્યંચોની ચાર (૪) લાખ, અને મનુષ્યોની ચૌદ (૧૪) લાખ તે બધાનો સરવાળો ચોર્યાસી (૮૪) લાખ થાય છે. જો કે જીવોની ઉત્પત્તિરૂપ યોનિયો અસં-ખ્યાત હોય છે, છતાં પણ સમાન વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વાળા તે તે સ્થાનોમાં એકત્વની દૃષ્ટિએ પ્રસ્તુત સંખ્યામાં કોઇ વિરોધ નડતો નથી. પૂર્વાંગથી લઇને શીર્ષ-પ્રહેલિકા સુધીના સ્વસ્થાંનો અને સ્થાનાન્તરોનો ગુણાકાર ચોર્યાસી લાખ, કહેલ છે તેનું તાત્પર્ય નીચે પ્રમાણે છે—૮૪ ચોર્યાસી લાખ વર્ષનું એક પૂર્વાંગ થાય છે. ૮૪ ચોર્યાસી લાખને ૮૪ ચોર્યાસી લાખ વડે ગુણતાં જે સંખ્યા આવે છે તે ૧ પૂર્વનું પરિમાણ આવે છે–એટલે કે ૮૪ ચોર્યાસી લાખ પૂર્વાંગનું એક પૂર્વ થાય છે. તેનાથી એ ફલિતાર્થ નીકળે છે. ૮૪ ચોર્યાસી લાખ પૂર્વથી ગુણતા એક ત્રુટિ-તાંગ થાય છે. ચોર્યાસી (૮૪) લાખ ત્રુટિતાંગથી ગુણતા એક ત્રુટિત થાય છે એજ રીતે **अउडांग, अउड,अववाङ्ग, अवव, हूहूकाङ्ग, हूहूक, उत्पलाङ्ग, उत्पल, पद्माङ्ग, पद्म, नलिलांग, नलिन अक्षिनिकुरांग, अक्षिनिकुर, अयुताङ्ग, अयुत, नयुताङ्ग, नयुत, प्रयुतांग, प्रयुत, चूलिकांग, चूलिका, शीर्षप्रहेलिकांग,** અને **शीर्ष-प्रहेलिका,** એ ૨૮ અઠયાવીસ સ્થાન પૂર્વ પૂર્વથી ગુણિત છે. તેમાંનું જે શીર્ષપ્રહેલિકા નામનું છેલ્લુ સ્થાન છે તેની સંખ્યાની એક સંખ્યા ૧૯૪ એકસો ચોરાણું છે પહેલા

તીર્થંકર શ્રી. આદિનાથ ભગવાનના ચોર્યાસી હજાર શ્રમણ હતા. બધાં વિમાનોની સંખ્યા ચોર્યાસી લાખ, સત્તાણુ હજાર તેવીસ (૮૪૯૭૦૨૩) છે તેનું સ્પષ્ટીકરણ નીચે પ્રમાણે છે—પહેલા દેવલોકથી લઈને પાંચમાં બ્રહ્મદેવલેક સુધી આ પ્રમાણે ચોર્યાસીલાખ વિમાનાવાસ છે. પહેલા સૌધર્મ કલ્પમાં ૩૨ બત્રીસ લાખ વિમાન, બીજા ઈશાનકલ્પમાં ૨૮ અઠયાવીસ લાખ, ત્રીજા સનત્કુમારમાં ૧૨ બાર લાખ, ચોથા માહેન્દ્ર કલ્પમાં ૮ આઠ લાખ, અને પાંચમાં માહેન્દ્ર કલ્પમાં ૪ ચાર લાખ. એ પાંચે દેવ-લોકના મળીને (૩૨-૨૮-૧૨-૮=૪) = ૮૪ લાખ વિમાનો થાય છે. ત્યાર બાદના લાન્તક કલ્પથી લઇને અનુત્તર વિમાનો સુધીના સમસ્ત વિમાનાવાસોની સંખ્યા સત્તાણુંહજાર ત્રેવીસ(૯૭૦૨૩)છે. જે આ પ્રમાણે છે–લાન્તક કલ્પમાં ૫૦૦૦૦ પચાસ હજાર સાતમા મહાશક્ર કલ્પમાં ૪૦૦૦૦ ચાલીશહજાર આઠમાં સહસ્રાર કલ્પમાં૬૦૦૦, છહજાર નવમાં અને દશમાં આનત પ્રાણત કલ્પમાં ૪૦૦-૪૦૦, ચારસો ૨ અને અગિયારમાં તથા બારમાં આરણ અચ્યુત કલ્પમાં ૩૦૦-૩૦૦ ત્રણસો ૨ ગ્રૈવેયકના ત્રણ ત્રિક છે. પહેલાઅધસ્તન ગ્રૈવેયકોમાં ૧૧૧ એકસો અગિયાર બીજા મધ્યમ ગ્રૈવેયકમાં ૧૦૭ એકસોસાત અને ત્રીજા ઉપરિતન ગ્રવેયકોમાં ૧૦૦ એકસો તથા વિજય, વૈજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ, એ પાંચ અનુત્તરોમાં વિમાનો છે તે બધાં વિમાનોનો સરવાળો સત્તાણુ હજાર ત્રેવીસ થાય છે. 'કહ્યું છે' એમ કહીને અહિં જે ગાથાઓ આવેલી છે તે આ બાબતને ટેકો આપે છે. એવું સર્વદર્શી સર્વજ્ઞ ભગવાને કહ્યું છે.ા સૂ. ૧૨૩ા

હવે સૂત્રકાર પંચાશી (૮૫) સંખ્યાવાળાં સમવાયોનું કથન કરે છે-**आयारस्स णं' इत्यादि !**

ટીકાર્થ—પૂર્વાપર વિરોધ રહિત હોવાને કારણે સર્વમાન્ય અને ચૂલિકાયુક્ત બીજા શ્રુતસ્કંધવાળા એવા આચારાંગ સૂત્રના પંચાશી (૮૫) ઉદ્દેશનકાળ કહેલ છે. આચારાંગ પહેલું અંગ છે. તેના બે શ્રુતસ્કંધ છે. પહેલો શ્રુતસ્કંધ નવ અધ્યયનો વાળો છે. બીજો શ્રુતસ્કંધ પાંચ ચૂલિકાવાળો છે. તે પાંચ ચૂલિકામાંની એક ચૂલિકા નિશીથ નામની છે. તેને અહીં ગ્રહણ કરેલ નથી, કારણકે તે ભિન્ન છે. બાકીની ચાર ચૂલિકાઓમાં પહેલી ચૂલિકામાં સાત અને બીજી ચૂલિકામાં સાત અધ્યયન છે. ત્રીજીમાં એક અને ચોથીમાં એક અધ્યયન છે. જે શ્રુતસ્કંધમાં જેટલા અધ્યયન અથવા ઉદ્દેશક હોય છે એટલા જ ઉદ્દેશનકાલ-ઉદ્દેશાવસર તેમાં હોય છે. પહેલાં શ્રુતસ્કંધમાં નવ અદયયનોમાં અનુક્રમે સાત, છ, ચાર, ચાર, છ, પાંચ, આઠ, ચાર અને સાત ઉદ્દેશનકાલ છે. બીજા શ્રુતસ્કંધની પહેલી ચૂલિકામાં સાત અધ્યયન છે. તેમાં પહેલા અધ્યયનમાં ૧૧ અગિયાર, બીજા અધ્યયનમાં ૩ ત્રણ, ત્રીજામાં ૩ત્રણ, ચોથા, પાંચમા, છઠ્ઠા. અને સાતમાં એ પ્રત્યેક અધ્યયનમાં બે બે, એ રીતે તે ચારેમાં મળીને આઠ (૮) ઉદ્દેશનકાળ છે. બીજી ચૂલિકામાં સાત અધ્યયન છે. અને તેમાં ઉદ્દેશનકાળ નથી. તે ફક્ત અધ્યયનો જ છે. ત્રીજી ચૂલિકામાં એક અધ્યયન છે.

ચોથી ચૂલિકામાં પણ એક જ અધ્યયન છે. આ રીતે તે બધાના ઉદ્દેશનકાળનો સરવાળો પંચાશી (૮૫) થઇ જાય છે. ધાતકીખંડમાં જંબૂદ્રીપની અપેક્ષાએ જે બે સુમેરુ પર્વત છે તેઓ બધા પર્વતોની અપેક્ષાએ ઊંચાઇમા પંચાશી હજાર (૮૫૦૦૦) યોજન થઇ જાય છે. તે બન્ને એક એક હજાર યોજન જમીનની અંદર છે અને ચોર્યાશી (૮૪) હજાર યોજન જમીનની સપાટીથી ઊંચા છે. ૧૩ તેરમાં રુચક દ્વીપમાં આવેલ રુચક નામનો માંડલિક પર્વત ઊંચાઇમાં પંચાશી (૮૫) હજાર યોજનનો છે. તે પર્વત પ્રાકાર (કિલ્લા) ના જેવો છે અને તે પર્વત રુચક દ્વીપના વિભાગ પાડે છે. તેનો નીચેનો એક હજાર યોજન ભાગ જમીનમાં અને અને બાકીનો ૮૪૦૦૦ ચોર્યાશી હજાર યોજન પ્રમાણ ભાગ જમીનની સપાટીથી ઊંચો છે. પાંચસો યોજન ઊંચી પહેલી મેખલા પર આવેલ નંદનવનના નીચેના અન્તિમ ભાગથી રત્નપ્રભા પૃથ્વીના પ્રથમ સૌગંધિકકાંડ કે જે સૌગંધિક રત્નમય છે, અને જે અરકાંડ પછી આઠમો કાંડ છે, તેના નીચેનો અન્તિમ ભાગ પંચાશી સો (૮૫૦૦) યોજન દૂર આવેલો છે. તેનું તાત્પર્ય આ પ્રમાણે છે-મેરુની મેખલા પાંચસો (૫૦૦) યોજનની છે. અને તેની નીચે આવેલો પ્રત્યેક કાંડ એક એક હજાર યોજનનો છે. આ રીતે પહેલા કાંડથી આઠમો કાંડ આઠ હજાર(૮૦૦૦)યોજન દૂર છે. તે બધા અંતરોનો સરવાળો ૮૫૦૦ (પંચાશી સો) યોજન થાય છે. ાસૂ.૧૨૪ા

## છિયાસી સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર છાશી (૮૬) નાં સમવાયો બતાવે છે—**'सुविहिस्स णं पुप्फदंत्तस्स' इत्यादि !**

**ટીકાર્થ**—સુવિધિનાથ ભગવાન કે જેમનું બીજું નામ પુષ્પદંત હતું, તેમના ૮૬ છાંસી ગણ અને ૮૬ છાંશી જ ગણધર હતા. સાતમા તીર્થંકર સુપાર્શ્વનાથના છાંશી સો (૮૬૦૦) વાદી હતા. શર્કરાપ્રભા નામની બીજી પૃથ્વીના બરાબર મધ્યભાગથી બીજા ઘનોદધિનો નીચેનો અન્તિમ ભાગ છાંશી હજાર (૮૬૦૦૦) યોજનને અંતરે છે. તે અંતરનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે—શર્કરા પૃથ્વીની જાડાઇ એક ૧ લાખ ૩૨ બત્રીસ હજાર યોજનની છે. તેનો અર્ધો ભાગ ૬૬૦૦૦ છાસઠ હજાર યોજન થાય છે. ઘનોદધિવાતવલય તેની નીચે વીસ હજાર યોજનની જાડાઇમાં છે. તેથી તે બન્ને અંતરનો સરવાળો કરવાથી ૮૬૦૦૦ છાસી હજાર યોજનનું અંતર આવી જાય છે. ાસૂ. ૧૨૫ા

હવે સૂત્રકાર સત્યાશી (૮૭) નાં સમવાયો બતાવે છે—**"मंदरस्स णं पव्वयस्स" इत्यादि !**

ટીકાર્થ—મંદર પર્વતના પૂર્વના આખરી ભાગથી ગોસ્તૂપ નામના આવાસ પર્વતનો પશ્ચિમ ચરમાંત પ્રદેશ સત્યાશી (૮૭) હજાર યોજન દૂર છે. તેનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે-મેરુનો જે પૂર્વ દિશાનો આખરી ભાગ છે તે ભાગથી જંબૂદ્વીપાન્તર્ગત જે ભાગ છે તે પીસ્તાળીસ હજાર યોજન દૂર છે, તથા લવણસમુદ્રમાં પૂર્વદિશામાં રહેલ જે ગોસ્તૂપ નામનો પર્વત છે, કે જેની ઉપર વેલંધર નામના નાગરાજ રહે છે, તે બેંતાલીસ હજાર યોજનમાં છે. ૪૫૦૦૦ પીસ્તાલીસ હજાર અને ૪૨ બેતાળીસ હજાર યોજનનો સરવાળો કરવાથી ૮૭૦૦૦ સત્યાશી હજાર યોજનનું અંતર આવી જાય છે. સુમેરુ પર્વતના દક્ષિણના આખરી ભાગથી દગભાસ નામના આવાસ પર્વતનો ઉત્તરનો આખરી ભાગ સત્યાશી હજાર (૮૭૦૮૦) યોજન દૂર છે. એ જ પ્રમાણે મંદર પર્વતના પશ્ચિમના આખરી ભાગથી શંખ નામના આવાસ પર્વતનો પૂર્વદિશાનો આખરી ભાગ સત્યાશી (૮૭) હજાર યોજન દૂર છે. એ જ પ્રમાણે સુમેરુ પર્વતના ઉત્તરના અન્તિમ પ્રદેશથી દકસીમન નામના આવાસ પર્વતનો દક્ષિણનો અન્તિમ ભાગ ૮૭૦૦૦ સત્યાશી હજાર યોજન દૂર છે. જ્ઞાનાવરણ અને અન્તરાય સિવાયની દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુ, નામ અને ગોત્ર, એ છ કર્મપ્રકૃતિયોની એકંદરે ૮૭ સત્યાશી હજાર ઉત્તરપ્રકૃતિયો છે તે આ પ્રમાણે છે—દર્શનાવરણની ૯, વેદનીયની ૨, મોહનીયની ૨૮, આયુની ૪, નામકર્મની ૪૨, અને ગોત્રકર્મનીર. મહાહિમવંતકૂટના ઉપરના અન્તિમ ભાગથી સોગંધિક કાંડના નીચેના અન્તિમ પ્રદેશનું અંતર ૮૭૦૦ સત્યાશી સો યોજન છે. મહાહિમવાનકૂટની ઊંચાઇ પાંચસો (૫૦૦) યોજનની છે. અને મહાહિમવાન વર્ષધરની ઉંચાઇ ૨૦૦ બસો યોજનની છે આ રીતે બન્ને મળીને ૭૦૦ સાતસો યોજન થયા. તથા રત્નપ્રભા પૃથ્વીના અવાન્તર કાંડોમાં પહેલા રત્નકાંડથી આઠમાં સૌગંધિકકાંડનું અંતર આઠ હજાર (૮૦૦૦) યોજન છે. તે ૮૦૦૦ આઠ હજાર અને ૭૦૦ સાતસોનો સરવાળો કરવાથી ૮૭૦૦ સત્યાશી સો યોજનનું અંતર આવે છે. એ જ પ્રમાણે પાંચમાં વર્ષધર પર્વતના રુકિમકૂટ નામના બીજા કૂટની ઉપરના અન્તિમ ભાગથી સૌગંધિક કાંડના નીચેના અન્તિમ ભાગનું અંતર ૮૭૦૦ સત્યાશી સો યોજન છે. ।।સૂ ૧૨૬।।

હવે સૂત્રકાર અઠયાશી (૮૮) નાં સમવાયો બતાવે છે—"**एगमेगस्स णं**" **इत्यादि !**

**ટીકાર્થ**—પ્રત્યેક ચન્દ્ર અને સૂર્યના પરિવારરૂપ અઠયાસી, અઠયાસી (૮૮-૮૮) મહાગ્રહ કહેલ છે. જોકે બીજી જગ્યાએ મહાગ્રહોને ચન્દ્રમાના જ પરિવારરૂપ કહેલ છે, પણ અહીં મહાગ્રહોને સૂર્યના પણ પરિવારરૂપ દર્શાવ્યા છે તે સૂર્ય ઇન્દ્ર છે, એ અપેક્ષાએ કહેલ છે. બારમાં દૃષ્ટિવાદ અંગના અઠયાશી (૮૮) સૂત્ર કહેલ છે. આ અંગના પરિકર્મ, સૂત્ર પૂર્વગત. પ્રથમાનુયોગ, અને ચૂલિકા એ પાંચ ભેદ છે આ અંગનો જે બીજો સૂત્ર નામનો ભેદ છે તેમાં ૮૮ અઠયાશી સૂત્ર કહેલ છે. તે ઋજુસૂત્ર, પરિણત, અપરિણત, ઈત્યાદિ પ્રકારે નન્દીની જેમ સમજવા મંદરપર્વતની પૂર્વ દિશાના અન્તિમ ભાગથી ગોસ્તૂપ આવાસ પર્વતનો પૂર્વનાં અન્તિમ પ્રદેશ અઠયાશી (૮૮) હજાર યોજન દૂર છે. મેરુ પર્વતની પૂર્વદિશાના અન્તિમ ભાગથી જંબૂદ્વીપનો અન્તિમ પ્રદેશ પીસ્તાળીશ હજાર યોજન પ્રમાણ છે. ત્યાંથી ગોસ્તૂપ પર્વત ૪૨૦૦૦ બેંતાળીશ હજાર યોજન દૂર છે. તથા તે પર્વત ૧૦૦૦ એક હજાર યોજનના વિષ્કંભવાળો છે. એ રીતે ૪૫૦૦૦, પીસ્તાળીસ ૪૨૦૦૦, બેંતાળીસ અને ૧૦૦૦ એક હજારનો સરવાળો ૮૮૦૦૦ અઠયાશી હજાર યોજન થાય છે. તેથી મેરુના પૂર્વાન્ત પ્રદેશથી ગોસ્તૂપનો પૂર્વાન્ત પ્રદેશ ૮૮૦૦૦ અઠયાશી હજાર યોજન દૂર છે. એજ પ્રમાણે ચારે દિશા વિષે સમજવું. તેનું તાત્પર્ય એ છે કે-મેરુ મેર્વતના દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશાના અન્તિમ ભાગોથી, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશાના દકભાસ, શંખ, અને દકસીમન પર્વતોના દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશાના ચરમાન્ત પ્રદેશો ૮૮-૮૮ અઠયાશી-અઠયાશી હજાર યોજનને અંતરે છે. સર્વાભ્યન્તર મંડળરૂપ ઉત્તરદિશાથી પહેલા છ માસ સુધી દક્ષિણચન્દ્ર કરતો સૂર્ય ૪૪ ચુમાલીસમાં મંડળ પર આવીને દિવસના ૧એક મુહૂર્તના ૮૮ અઠયાસી ભાગોમાંથી ૬૧માં ભાગ સુધી ક્ષય કરીને અને રાત્રિની વૃદ્ધિ કરીને ભ્રમણ કરે છે. એ જ પ્રમાણે છ માસ સુધી દક્ષિણાયન કરતો સૂર્ય ૪૪ ચુંવાલીસમાં મંડળ પર પહોંચીને રાત્રિરૂપ ક્ષેત્રના ૧એક મુહૂર્તના ૮૮અઠયાસી ભાગોમાંની ૬૧ એકસઠ ભાગ સુધી ક્ષય કરીને અને દિવસરૂપ ક્ષેત્રની વૃદ્ધિ કરીને ભ્રમણ કરે છે. તેનું તાત્પર્ય એ છે કે દક્ષિણાયનમાં સૂર્ય દિવસનું પ્રમાણ ઘટાડે છે અને રાત્રિમાન વધારે છે, પણ ઉત્તરાયનમાં દિનમાન વધારે છે અને રાત્રિમાન ઘટાડે છે ।સૂ.૧૨૭।

## નવાસી સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર નેવ્યાશી (૮૯)નાં સમવાયોનું કથન કરે છે—'उसभेणं अरहा इत्यादि ।

ટીકાર્થ—કોશલ દેશમાં જન્મેલા ઋષભદેવ આ અવસર્પિણીકાળના સુષમ-દુઃષમા નામના ત્રીજા આરાના પાછળના કાળના ૮૯ નેવ્યાસી પક્ષ એટલે કે ત્રણ વર્ષ ૮ાાસાડાઆઠ માસ બાકી રહ્યા ત્યારે કાળ પામીને સિદ્ધ, બુદ્ધ, સંસારથી મુકત, પરિનિર્વૃત અને સમસ્ત દુઃખોથી રહિત થયા. શ્રમણ ભગવાન મહાવીર આ અવ-સર્પિણી કાળના દુઃષમ સુષમા નામના ચોથા આરાના પાછળના કાળના ૮૯ નેવ્યાસી પક્ષ, એટલે કે ત્રણ વર્ષ ૮ાાસાડાઆઠ માસ બાકી રહ્યા ત્યારે કાળધર્મ પામીને સિદ્ધ, બુદ્ધ, સંસારથી મુકત, પરિનિર્વૃત અને સમસ્ત દુઃખોથી રહિત બન્યા. ચાતુરન્ત ચક્રવર્તિ હરિષેણ રાજા નેવ્યાશી સો (૮૯૦૦) વર્ષ સુધી મહારાજ પદે રહ્યા હતા. તેઓ દસમાં ચક્રવર્તિ હતા. તેમનું સમગ્ર આયુષ્ય દસ હજાર વર્ષનું હતું. આઠસો વર્ષથી થોડા ઓછા સમય સુધી તેઓ કુમારાવસ્થા અને માંડલિક પદમાં રહ્યા. ૮૯૦૦ નવ્યાસીસો વર્ષ સુધી ચક્રવર્તિપદે અને ત્રણસો વર્ષથી થોડા વધુ સમય સુધી સંયમી રહ્યા. ત્યાર બાદ તેઓ મોક્ષે સિધાવ્યા. ભગવાન શાંતિ-નાથની ઉત્કૃષ્ટરૂપે (વધારેમાં વધારે) નેવ્યાશી હજાર (૮૯૦૦૦) આર્યિકાઓ હતી ।સૂ. ૧૨૮।

## નવ્વે સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર નેવું (૯૦)નાં સમવાયો બતાવે છે-'सीयलेणं अरहा' इत्यादि।

ટીકાર્થ–દસમા તીર્થંકર શીતલનાથ ભગવાન ૯૦ નેવું ધનુષ પ્રમાણ ઉંચા હતા. અજિતનાથ ભગવાનના ૯૦ નેવું ગણ અને ૯૦ નેવું ગણધર હતા. શાંતિનાથ ભગવાનના પણ ૯૦ નેવું ગણધર હતા. સ્વયંભૂ નામના ત્રીજા વાસુદેવ ૯૦ નેવું વર્ષ સુધી ત્રણ ખંડને જીતવાને માટે લાગ્યા રહ્યા. સમસ્ત વૃત્તવૈતાઢય પર્વતોની ઉપરના શિખરતલથી સૌગંધિકકાંડના નીચેના અન્તિમ પ્રદેશનું અંતર નવહજાર (૯૦૦૦) યોજન છે. તેનું સ્પષ્ટી કરણ આ પ્રમાણે છે- વૃત્તવૈતાઢય પર્વતો એક હજાર યોજન ઉંચા છે. તેના મૂળપ્રદેશથી રત્નપ્રભા પૃથ્વીના સોળ કાંડમાંથી પહેલા ખરકાંડ પછીના આઠમાં સૌગંધિકકાંડનાં આખરી ભાગનું અંતર ૮૦૦૦ આઠહજાર યોજન

છે. આ રીતે વૃત્તવૈતાઢય પર્વતની ઉપરના શિખરતલથી સૌગંધિકકાંડનો નીચેનો ભાગ ૯૦૦૦ નવહજાર યોજન દૂર છે તે વાત સાબિત થાય છે. વૃત્તવૈતાઢ્ય પર્વત ૨૦ વીસ છે. તેમાં જે ચાર પંચક છે શબ્દાપાતિ, ગન્ધાપાતિ અને માલ્યવતૂના નામે પ્રસિદ્ધ છે તેમાંના જે પાંચ શબ્દાપાતિ વૃત્તવૈતાઢય પર્વતો છે, તે ભોગભૂમિના સ્થાન એવાં પાંચ હૈમવત ક્ષેત્રોમાં છે. જે પાંચ વિકટાપતિ વૃત્તવૈતાઢય પર્વતો છે, તે પાંચ ઐરણ્યવાત યુગલિક ક્ષેત્રોમાં છે. જે પાંચ ગન્ધાપાતિ વૃત્તવૈતાઢય પર્વતો તે પાંચ હરિવર્ષ ક્ષેત્રોમાં છે. અને જે પાંચ માલ્યવત્ વૃત્તવૈતાઢય પર્વતો છે, તે પાંચ રમ્યકવર્ષ ક્ષેત્રોમાં છે. આ બધાં ક્ષેત્ર યુગલિક ધર્મવાળાં છે. પાંચ હૈમવત આદિ ક્ષેત્ર આ પ્રમાણે છે-જંબૂદ્વીપમાં એક ધાતકીખંડમાં બે, અને પુષ્કરાર્ધમાં બે શબ્દાપાતિ નામના જે પાંચ વૃત્તવૈતાઢય પર્વતો છે. તે સ્વાતિ નામના દેવોથી યુકત છે. વિકટાપાતિ નામના પાંચ વૃત્તવૈતાઢય પર્વતો પ્રભાસ નામના દેવોથી યુકત છે. ગંધાપાતિ નામના પાંચ વૃત્તવૈતાઢય પર્વતો અરુણ દેવોથી યુકત છે. તથા માલ્યવત્ નામના પાંચ વૃત્તવૈતાઢય પર્વતો પદ્મ નામના દેવો વડે અધિષ્ઠિત છે. ।સૂ ૧૨૯।

## ઈકાણવે સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર એકાણુ (૯૧)નાં સમવાયો બતાવે છે-'एकाणउई' इत्यादि ।

**ટીકાર્થ**—નિઃસ્વાર્થભાવે આહાર, પાણી આદિ વડે અન્ય સાધુઓની સેવા કરવારૂપવૈયાવૃત્ય પ્રતિમાના વિષયભૂત ૯૧ એકા ખાસ અભિપ્રાય કહેલ છે-અહીંણુ વૈયાવૃત્ય શબ્દ વિનયનો પણ ઉપલક્ષક છે. તેથી અવાન્તર ભેદ સહિત વૈયાવૃત્યના ચૌદ (૧૪) ભેદ અને વિનયના ૭૭ સીત્યોતેર ભેદ. એ બન્ને મળીને વૈયાવૃત્યના ૯૧ એકાણુ ભેદ થાય છે. આમ તો વૈયાવૃત્ય દશ પ્રકારનું જ કહેલ છે. તે દશ પ્રકારો નીચે પ્રમાણે છે-આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, તપસ્વી, ગ્લાન, શૈક્ષ, સાધર્મિક, કુલ ગણ અને સંઘ એ દશનું વૈયાવૃત્ય કરવું. પ્રવ્રજના, ઉપસ્થાપના, વાચના, ધર્મ અને ઉદ્દેશન એ પાંચ-પ્રકારના આચાર્ય છે. તેથી તેમનું વૈયાવૃત્ય ૯ નવ પ્રકારનું અને પાંચ આચાર્યનું પાંચ પ્રકારનું વૈયાવૃત્ય, એમ એકંદરે ૧૪ ચૌદ પ્રકારનું વૈયાવૃત્ય

થાય છે. વિનયના ૭૭ સીત્યોતેર પ્રકાર નીચે પ્રમાણે છે-૭૦સીતેર પ્રકારનું દર્શનવિનય, અને ૭સાત પ્રકારનું લોકોપચારવિનય, તેનું તાત્પર્ય એ છે કે વિનયના મુખ્ય બે પ્રકાર છે. (૧) દર્શનવિનય, (૨) લોકોપચારવિનય તેમના અનુક્રમે ૭૦ સીતેર અને ૭સાત ભેદ છે. એ રીતે કુલ ૭૭સીત્યોતેર પ્રકાર થાય છે. દર્શન વિનયના ૭૦ સીત્તેર ભેદ આ પ્રમાણે છે-તેનાં મુખ્ય બે ભેદ છે-(૧) શુશ્રૂષાવિનય અને (૨) અનત્યાશાતના વિનય. તેમાં શુશ્રૂષા વિનયના ૧૦ દશ ભેદ છે-(૧)અભ્યુત્થાન(૨)આસનાભિગ્રહ, (૩) આસનપ્રદાન, (૪) સત્કાર, (૫) સન્માન (૬) કૃતિકર્મ,(૭)અંજલી પ્રગ્રહ. (૮) આવતા ગુરુની સામે ગમન, (૯) ગુરુ બેસી જાય ત્યારે તેમની સેવા કરવી અને (૧૦) ગુરુ જાય ત્યારે તેમને મૂકવા માટે જવું. ગુરુમહારાજ આવે ત્યારે આસનેથી ઉભા થવું તેનું નામ 'અભ્યુત્થાન' છે ગુરુમહારાજ જ્યાં જ્યાં જાય ત્યાં આસન લઇ જવું તેનું નામ 'આસનાભિગ્રહ' છે ગુરુમહારાજને બેસવા આસન દેવુ તેનુંનામ 'આસનપ્રદાન' છે, ગુરુમહારાજના ગુણગાન ગાવાં તે 'સત્કાર' છે. વસ્ત્ર, પાત્ર આદિના પ્રદાન દ્વારા ગુરુમહારાજનું 'સન્માન કરવું તે 'સન્માનવિનય' છે. તેમને વિધિપૂર્વક વંદના કરવી તે કૃતિકર્મ છે. તેમને હાથ જોડવા તે 'અંજલિપ્રગ્રહ' છે. તેઓ જતાં હોય ત્યારે તેમની પાછળ પાછળ ચાલવું, આવે ત્યારે તેમની સામે જવું, અને બેસે ત્યારે તેમની સેવા શુશ્રૂષા કરવી તે શુશ્રૂષા વિનયનો આઠમો, નવમો અને દસમો ભેદ છે. 'અનત્યાશાતના' એટલે અનુકૂળ વર્તન કરવું. તેના પીસ્તાળીસ ભેદ નીચે પ્રમાણે છે-(૧) 'અરહંત અનત્યાશાતના, (૨) અરહંત પ્રણીત ધર્મ અનત્યાશાતના, (૩) આચાર્ય અનત્યાશાતના,(૪)ઉપાધ્યાય અનત્યાશાતના,(૫)સ્થવિર અનત્યાશાતના(૬)કુલ અનયત્યાશાતના (૭)ગણ અનત્યાશાતના,(૮)સંઘ અનાત્યાશાતના, (૯) ક્રિયા અનત્યાશાતના, (૧૦) સંભોગ અનત્યાશાતના, (૧૧)આભિનિબોધિકજ્ઞાની અનત્યાશાતના, (૧૨) શ્રુતજ્ઞાની અનત્યાશાતના (૧૩) અવધિજ્ઞાની અનત્યાશાતના, (૧૪)મનઃપર્યવજ્ઞાની અનત્યાશાતના અને કેવળજ્ઞાની અનત્યાશાતના આ પ્રમાણે અનત્યાશાતના વિનયના પંદર ભેદ છે-તે દરેક ભેદના ભકિતવિનય, બહુમાન વિનય, અને વર્ણસંજવલના વિનય એ ત્રણ ત્રણ ભેદ પડે છે. આ રીતે અનત્યાશાતના વિનયના ૧૫×૩ =૪૫ (પીસ્તાળીશ) ભેદ થઇ જાય છે. (૧) અર્હંત ભગવાનને અનુકૂળ આચરણ કરવું તે અર્હંત અનત્યાશાતના છે. (૨) અર્હંત કથિન ધર્માનુસાર પ્રવૃત્તિ કરવી તે 'અર્હંત પ્રણીત અનત્યાશાતના' છે. મુખ્યત્વે પાંચ આચાર પાળવાનું જેનું કાર્ય હોય છે તેમને આચાર્ય કહે છે. (૩) તે આચાર્યને અનુકૂળ પોતાની પ્રવૃત્તિ રાખવી પ્રતિકૂળ નહી-તે 'આચાર્ય અનત્યાશાતના' કહેવાય છે. (૪) મુખ્યત્વે જેમનું કાર્ય શ્રુતાભ્યાસ કરવાનું હોય એવા ઉપાધ્યાય પરમેષ્ઠીને અનુકૂળ પ્રવૃત્તિ કરવી તેનુંનામ 'ઉપાધ્યાય અનત્યાશાતના' છે. (૫) સ્થવિર મુનિજનોને અનુ-

કૂળ પ્રવૃત્તિ કરવી તેનું નામ 'સ્થવિર અનત્યાશાતના' છે. (૬) એક જ ગુરુના શિષ્ય પરિવારને 'કુળ' કહે છે તે કુળને અનુકૂળ પ્રવૃત્તિ કરવી તેનું નામ 'કુલ અનત્યાશાતના' (૭) એક વાચનાચારમાં રહેલ મુનિયોના સમુદાયને ગણ કહે છે–અથવા પરસ્પર સાપેક્ષ (મેળ એકતા વાળા) અનેક કુળોના સમુદાયને ગણ કહે છે. તે ગણને અનુકૂળ વર્તન રાખવું તેનું નામ 'ગણ અનત્યાશાતના' છે (૮) ચતુર્વિધ સંઘને અનુકૂળ વર્તન રાખવું તે 'સંઘ અનત્યાશાતના' છે. (૯) જિનકલ્પિક વગેરે ક્રિયાધારી અભિગ્રહધારી જે સાધુઓ હોય તેમને અનુકૂળ આચરણ કરવું તે 'ક્રિયા અનત્યાશાતના' છે. (૧૦) સમશીલ હોવાના કારણે જે સાધુઓ વચ્ચે ઉપધિ આદિ લેવા દેવોનો વ્યવહાર ચાલતો હોય તેઓને સાંભોગિક–સાધર્મિક કહે છે. તેમને અનુકૂળ પ્રવૃત્તિ રાખવી તે 'સાંભોગિક અનત્યાશાતના' છે. (૧૧થી૧૫) મતિજ્ઞાન શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન ધારીઓને અનુકૂળ પ્રવૃત્તિ કરવી તે 'અભિજ્ઞાની આદિકોની અનત્યાશાતના' છે. બાહ્ય પ્રીતિને ભકિત કહે છે. અને આન્તરિક પ્રીતિને બહુમાન કહે છે. તીર્થંકર આદિ કોના ગુણોની સ્તુતિ કરવી તેનું નામ 'વર્ણસંજવલના' છે. આ રીતે સૂત્ર પ્રતિપાદિત પદ્ધતિ પ્રમાણે અનત્યાશાતના વિનયના ૪૫ પિસ્તાળીસ ભેદ સ્પષ્ટ થાય છે. પણ આ પ્રમાણે ગણવાથી દર્શનવિનયના ૭૦ સિત્તેર ભેદ થતાં નથી પણ ૫૫ (પંચાવન) ભેદ જ થાય છે તેથી ૭૦ સીત્તેર ભેદ પૂરા કરવાને માટે તીર્થંકર આદિ પંદર પદોને અનત્યાશાતના, ભકિત, બહુમાન, અને વર્ણસંજવલના, એ ચાર પદો વડે ગુણવાથી ૬૦ ભેદ ભેદ પડી જાય છે. લોકોપચાર વિનયના આ પ્રમાણે સાત ભેદ છે-(૧) અભ્યાસવર્તિત્વ, (૨)પરછંદાનુવર્તિત્વ,(૩)કાર્યહેતુ, (૪) કૃતપ્રતિકૃતિતા, (૫) આર્ત્તગવેષતા. (૬) દેશકાલજ્ઞતા અને (૭) સર્વાર્થ–અપ્રતિલોભતા. શ્રુત આદિના અભ્યાસને માટે આચાર્યની પાસે રહેવું તેને 'અભ્યાસવર્તિત્વ' કહે છે. આચાર્યના અભિપ્રાયનું આરાધન કરવું તેને 'પરછંદાનુવર્તિત્વ' કહે છે આચાર્ય પાસેથી મેં શ્રુતજ્ઞાન આદિ પ્રાપ્ત કરેલ છે. તેથી તેઓનો મારા ઉપર ભારે ઉપકાર છે. તેથી મારે તેમની સેવા કરવી જોઈએ' એવા વિચારથી આચાર્ય મહારાજની સેવા કરવી તેનું નામ કાર્યહેતુ વિનય' છે 'હું આચાર્યની સેવા કરીશ તો આચાર્ય મહારાજ પણ શ્રુતાદિ પ્રદાન દ્વારા મારા પર પ્રત્યુપકાર કરશે' આવા વિચારથી આચાર્ય મહારાજની અશનપાન આદિ દ્વારા સેવા કરવી તેનું નામ 'કૃતપ્રતિકૃતિતા' છે. રોગથી પીડાતા ગુરુજનોના રોગના નિવારણ માટે ઔષધઆદિની ગવેષણા કરવી તેને 'આર્ત્તગવેષણા' કહે છે. કયા દેશમાં ગુરુને કેવી વસ્તુ અનુકૂળ પડે છે અને કેવી વસ્તુ પ્રતિકૂળ પડે છે–એ જાણી લઈને તે તે વસ્તુઓ દ્વારા ગુરૂની સેવા કરવી તેનું નામ 'દેશ કાલજ્ઞતા' છે. પ્રત્યેક કાર્યમાં ગુરૂને અનુકૂળ બની રહેવું તેનું નામ 'સર્વાર્થ–અપ્ર-

તિલોભતા' છે આ રીતે અનત્યાશાતના વિનયના ૬૦ સાઈઠ ભેદ અને શુશ્રૂષા વિનયના ૧૦દસ ભેદ, મળીને દર્શન વિનયના ૭૦ સીત્તેર ભેદ થાય છે. તેમાં લોકોપચાર વિનયના ૭ સાત ભેદ અને વૈયાવૃત્ય-પ્રતિમાના વિષયભૂત અભિગ્રહવિશેષના ૯૧ એકાણું ભેદ થઈ જાય છે. કાલોદ સમુદ્રનો વિસ્તાર ૯૧ એકાણું લાખ યોજનથી થોડો વધારે છે. કુંથુનાથ ભગવાનના નિયતક્ષેત્રને વિષય કરનારા ૯૧૦૦ નવહજાર એકસૌ અવધિજ્ઞાની હતા. આયુકર્મ અને ગોત્રકર્મ સિવાયના બાકીનાં છ કર્મોની કુલ ૯૧ એકાણું ઉત્તર પ્રકૃતિયો છે. તે આ પ્રમાણે છે-જ્ઞાનાવરણની પાંચ (૫) દર્શનાવરણની ૯ નવ, વેદનીયની ૨ બે, મોહનીયની ૨૮ અઠયાવીશ, નામકર્મની ૪૨ બેંતાળીશ અને અન્તરાય-કર્મની ૫ પાંચ. ॥સૂ. ૧૩૦॥

## બાનવે સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર બાણું (૯૨)નાં સમવાયો કહે છે-'**बाणउई पडिमाओ' इत्यादि।**

ટીકાર્થ-બાણુ ૯૨ પ્રતિમાઓ-અભિગ્રહ વિશેષ કહેલ છે. સમાધિપ્રતિમા, ઉપધાન પ્રતિમા, વિવેકપ્રતિમા. પ્રતિસંલીનતા પ્રતિમા અને એક વિહારપ્રતિમા. એ પ્રમાણે પાંચ મુખ્ય પ્રતિમાઓ કહેલ છે. તેમાંની પહેલી સમાધિપ્રતિમાના બે પ્રકાર છે-(૧)શ્રુતસમાધિપ્રતિમા, અને(૨)ચારિત્રસમાધિ પ્રતિમા. શ્રુતસમાધિ પ્રતિમાના ૬૨ બાસઠ પ્રકાર છે-આચારાંગના પ્રથમ શ્રુતસ્કંધમાં પાંચ, બીજાશ્રુતસ્કંધમાં ૩૭ સાડત્રીસ, સ્થાનાંગમાં ૧૬સોળ, અને વ્યવહારમાં ૪ચાર, એ રીતે કુલ ૬૨ બાસઠ છે. જો કે આ શ્રુતસમાધિ પ્રતિમા ચારિત્ર સ્વભાવરૂપ છે, છતાં પણ તે વિશિષ્ટ શ્રુતજ્ઞાનવાળાને જ થાય છે. આ પ્રમાણે તેમાં શ્રુતની પ્રધાવતા હોવાથી તેને શ્રુતસમાધિ કહે છે. ચારિત્રસમાધિ પ્રતિમાના આ પ્રમાણે પાંચ પ્રકાર છે-સામાયિક, છેદોપસ્થાનીય, પરિહાર વિશુદ્ધિક, સૂક્ષ્મ સાંપરાય, અને યથાખ્યાત. ભિક્ષુ અને શ્રાવકના ભેદથી ઉપધાન પ્રતિમા બે પ્રકારની છે તેમાં ભિક્ષુ પ્રતિમા બાર પ્રકારની છે. તેમનુ વર્ણન '**मासाइ सत्तंता**' ઈત્યાદિ સૂત્રો દ્વારા આગળ આવી ગયું છે ઉપાસક પ્રતિમાઓ અગિયાર છે. તેમનું વર્ણન ૧૧અગિયારમાં સમવાયમાં થઇ ગયું છે. આ રીતે ૨૩ તેવીસ પ્રકારની ઉપધાન પ્રતિમા છે. વિવેક પ્રતિમાના ભેદો નથી. તે તો એક પ્રકારની જ છે. કારણ કે તેમાં વિવેચનીય બાહ્ય અને આભ્યન્તરિક પદાર્થ છે- જેમ કે આભ્યન્તરિક વિવેચનીય પદાર્થ ક્રોધાદિક છે. બાહ્ય વિવેચનીય પદાર્થ ગણ, શરીર, ઉપધિ, ભકતપાન આદિ છે-તેઓની વચ્ચે જો કે અનેકવિધતા છે તો પણ વિવેચનીયત્વની અપેક્ષાએ તે બધામાં એકત્વ જણાય છે. તેથી વિવેચનીય પદાર્થોમાં એકવિધતા હોવાથી વિવેક પ્રતિમામાં પણ એકવિધતાં છે. ચોથી જે પ્રતિસંલીનતા પ્રતિમા છે તેનો પણ એક

જ પ્રકાર છે. જો કે તેમાં પણ પંચવિધ ઇન્દ્રિયસ્વરૂપ અને યોગ, કષાય, અને વિવિક્ત શયનાસનના ભેદથી ત્રિવિધ નોઇન્દ્રિય સ્વભાવને પ્રતિસંલીનતાનો વિષય કહેલ છે- તે દૃષ્ટિએ તેમાં અનેકવિધતા લાગે છે. તો પણ અહીં તે અનેક વિધતાની વિવક્ષા કરવામાં આવેલ નથી, એકત્વની જ વિવક્ષા કરેલ છે. એક વિહાર પ્રતિમાના ભેદોનો ભિક્ષુપ્રતિમાની અંદર સમાવેશ થાય છે. તેથી વિહાર પ્રતિમાનો પણ એક જ પ્રકાર છે. આ પ્રમાણે એકંદરે ૯૨ બાણુ પ્રતિમાઓ છે. ભગવાન મહાવીરના પહેલા ગણધર, સ્થવિર ઇન્દ્રભૂતિ ૯૨ બાણુ વર્ષનું પોતાનું આયુષ્ય ભોગવીને સિદ્ધ બુદ્ધ આદિ થયા. તેઓ ૫૦ પચાસ વર્ષ ગૃહસ્થાવસ્થામાં ૩૦ ત્રીસ વર્ષ છદ્મસ્થાવસ્થામાં અને ૧૨ બાર વર્ષ કેવલિ પર્યાય રહ્યા હતા. મંદર પર્વતના બરાબર મધ્ય ભાગથી ગોસ્તૂપ નામના આવાસપર્વતનો પશ્ચિમ દિશાનો અન્તિમ પ્રદેશ બાણું (૯૨) હજાર યોજન દૂર છે. તેનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે-મેરૂના મધ્યભાગથી જંબૂની જગતી (કોટ) પચાસ હજાર યોજન દૂર છે. અને ત્યાંથી ગોસ્તૂપ આવાસ પર્વત ૪૨ બેંતાલીસ હજાર યોજન દૂર છે. એ જ પ્રમાણે જે બીજા ત્રણ આવાસ પર્વત છે તેનું મેરૂ પર્વતના મધ્ય ભાગથી અંતર સમજવું.

ભાવાર્થ—આ સૂત્રમાં જે ૯૨ બાણું પ્રતિમાઓ કહી છે તે આ પ્રમાણે છે- મુખ્ય પાંચ પ્રતિમાઓ છે, (૧) સમાધિપ્રતિમા, (૨) ઉપધાન પ્રતિમા, (૩) વિવેકપ્રતિમા, (૪) પ્રતિસંલીનતાપ્રતિમા અને (૫) એક વિહારપ્રતિમા. તેમાંની પહેલી પ્રતિમાના શ્રુત અને ચારિત્ર, એ બે ભેદ છે-તે બે ભેદોની અવાન્તર ભેદ પેટા પ્રકારો ૬૭ સડસઠ છે. ઉપધાન પ્રતિમાના ૨૩ ત્રેવીસ ભેદ છે. વિવેકપ્રતિમા અને પ્રતિસંલીનતાના ભેદ નથી. તથા એક વિહાર પ્રતિમાના જે ભેદ છે તે બધાનો ભિક્ષુપ્રતિમામાં સમાવેશ થઇ જાય છે. તેથી તે પ્રતિમાઓ ૯૨ બાણું છે. બાકીનાં પદોનો ભાવાર્થ સરળ છે. ॥સૂ. ૧૩૧॥

હવે સૂત્રકાર ૯૩ (ત્રાણું)નાં સમવાયો બતાવે છે–'चंदप्पहस्स णं इत्यादि ।

ટીકાર્થ—ચંદ્રપ્રભ ભગવાનના ૯૩ ત્રાણું ગણ–સાધુ સમુદાય અને ૯૩ ત્રાણું જ ગણધર હતા શાંતિનાથ ભગવાનના ૯૩૦૦ નવહજાર ત્રણસો ચતુર્દશ પૂર્વ–ચૌદપૂર્વ-નાં ધારક હતા. ત્રાણુંમાં મંડળમાં પહોંચેલ સૂર્ય જ્યારે સર્વ બાહ્યમંડળથી સર્વાભ્યન્તરમંડળની તરફ ગમન કરે છે અથવા ત્યાંથી પાછો ફરે છે ત્યારે અહોરાત્ર વિષમ થાય છે. તેનું તાત્પર્ય આ પ્રમાણે છે-જ્યારે રાત્રિ અને દિવસ ૧૫–૧૫ પંદર-પંદર મુહૂર્તના હોય ત્યારે તે 'સમ' કહેવાય છે. જ્યારે સૂર્ય સર્વાભ્યન્તર મંડળ પર હોય છે ત્યારે દિવસ ૧૮ અઢાર મુહૂર્તનો અને રાત્રી ૧૨ બાર મુહૂર્તની થાય છે. સર્વ બાહ્યમંડળમાં આવે ત્યારે દિવસ ૧૨ બાર મુહૂર્તનો અને રાત્રિ ૧૮ અઢાર મુહૂર્તની થાય છે તથા જ્યારે ૧૮૩ એકસો ત્યાસી મંડળમાં પહોંચે છે ત્યારે રાત્રિ દિવસના ૬૧ એકસઠ ભાગોમાંથી ૨ ભાગ પ્રમાણ સમય વધે છે કે ઘટે છે. એટલે કે જ્યારે દિવસ મોટો થાય છે ત્યારે રાત્રિ ટૂંકી થાય છે અને જ્યારે રાત્રિ મોટી થાય છે ત્યારે દિવસ ટૂંકો થાય છે. આ બાબતનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે-દરેક મંડળમાં ૨/૬૧ મુહૂર્તની વૃદ્ધિ થવાથી ૯૨ બાણુંમાં મંડળમાં ૩ મુહૂર્ત કરતાં ૪/૬૧ મુહૂર્ત વધી જાય છે. આ રીતે ૧૨ બાર મુહૂર્તોમાં તે ત્રણ મુહૂર્તો ઉમેરી દેવાથી ૧૫ પંદર મુહૂર્ત થઇ જાય છે. અને જ્યારે ત્રણ મુહૂર્ત ઓછા થાય છે ત્યારે ૧૮ અઢાર મુહૂર્તમાંથી ૩ ત્રણ મુહૂર્ત બાદ કરવાથી ૧૫ પંદર મુહૂર્ત વધે છે. આ રીતે બન્ને જગ્યાએ મુહૂર્તમાં ૧/૬ ભાગનો વધારો અથવા ઘટાડો થાય છે. તેથી સૂર્ય જ્યારે ૯૨ બાણુંમાં મંડળનાં મધ્યભાગમા આવે છે ત્યારે દિવસ અને રાત્રિ સરખા થાય છે. અને જ્યારે અન્તભાગમાં રહે છે ત્યારે વિષમ–નાના મોટાં–થાય છે. શરૂઆતથી લઈને ૯૩ ત્રાણુંમાં મંડના આરંભ સુધી ૯૨ બાણુંમું મંડળ રહે છે. ।।સૂ. ૧૩૨।।

## ચૌરાણવે સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર ચોરાણું (૯૪)નાં સમવાયો દર્શાવે છે-**'निसनीलवंतियाओ णं इत्यादि ।**

ટીકાર્થ—નિષધ અને નીલવંત, એ પ્રત્યેક પર્વતની જીવા૯૪૧૫૬ /૧૯ યોજનની લંબાઈવાળી છે. એટલે કે નિષધપર્વતની જીવા ૯૪૧૫૬ .૨/૧૯ યોજનની છે અને નીલ પર્વતની જીવા એવડી જ છે. અજિતનાથ ભગવાનના અવધિજ્ઞાની મુનિયો નવ હજાર ચાર સો (૯૪૦૦) હતા. ાસૂ. ૧૩૩ા

હવે સૂત્રકાર પંચાણું (૯૫)નાં સમવાયો બતાવે છે-**'सुपासस्स णं अरहो' इत्यादि ।**

## પંચાણવે સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

ટીકાર્થ—સુપાર્શ્વનાથ પ્રભુના ૯૫ પંચાણું ગણ અને ૯૫ પંચાણું જ ગણધર હતા. જંબૂદ્રીપના અન્તિમ પ્રદેશથી ચારે દિશાંઓમાં લવણસમુદ્રને ૯૫-૯૫ પંચાણું પંચાણું હજાર યોજન અવગ્રહિત ચાર મહાપાતાલકલશ છે. તેમનાં નામ નીચે પ્રમાણે છે-વલયમુખ, કેતુક, યૂપક અને ઇશ્વર. લવણસમુદ્રના બન્ને પડખે ૯૫-૯૫ પ્રદેશ ઉંડાઇ અને ઊંચાઈની અપેક્ષાએ કહેલ છે. તેનું તાત્પર્ય આ પ્રમાણે છે—લવણસમુદ્રની અંદર અન્તરાલથી દસ હજાર યોજન પ્રમાણ ક્ષેત્રની ઉંડાઇ સમતલ પૃથ્વીની અપેક્ષાએ એક હજાર યોજનની છે. ત્યાર બાદ ૯૫ પંચાણું પ્રદેશોથી આગળ જતાં ઉંડાઈ ઘટે છે-અને ઉંચાઈ આવે છે. વળી ત્યાંથી ૯૫ પંચાણું પ્રદેશ આગળ જતાં ઊંચાઇ ઘટી જાય છે અને ઉંડાઈ આવી જાય છે. કુંથુનાથ ભગવાનનું આયુષ્ય ૯૫ પંચાણું હજાર વર્ષનું હતું. તેમાંના ૨૩૭૫૦ તેવીસહજાર સાતસો પચાસ વર્ષ કુમારાવસ્થામાં, ૨૩૭૫૦ તેવીસહજાર સાતસો પચાસ માંડલીક પદમાં, અને ૨૩૭૫૦ તેવીસહજાર સાતસૌ પચાસ વર્ષ અનગાર પદમાં વ્યતીત કર્યા હતા. ત્યાર બાદ તેઓ મોક્ષ સિધાવ્યાં હતાં ભગવાન મહાવીરના સાતમા ગણધર, સ્થવિર મૌર્યપુત્રનું આયુષ્ય ૯૫ પંચાણું વર્ષનું હતું. તેમાંના ૬૫ પાંસઠ વર્ષ ગૃહસ્થાવસ્થામાં, ૧૪ ચૌદ વર્ષ છદ્મસ્થ અવસ્થામાં અને ૧૬ સોળ વર્ષ કેવલી પદમા વ્યતીત થયા હતા. પછી તેઓ મોક્ષે ગયા છે. ાસૂ. ૧૩૪ા

હવે સૂત્રકાર છન્નુંમું (૯૬) સમવાય બતાવે છે—**'एगमेगस्स णं' इत्यादि ।**

ટીકાર્થ—પ્રત્યેક ચાતુરન્ત ચક્રવર્તિના અધિકારમાં—અધિપતિત્વમાં ૯૬-૯૬ છન્નું-છન્નું ક્રોડ ગામ હોય છે. વાયુકુમાર દેવોના ૯૬ છન્નું લાખ ભવનાવાસ છે તેમાંના ૪૬છેંતાલીસ લાખ ઉત્તરદિશામાં અને ૫૦પચાસ લાખ દક્ષિણદિશામાં છે. વ્યાવહારિક દંડ ૯૬ છન્નું અંગુલ પ્રમાણ હોય છે. તે દંડ વડે જમીનને કોશ બે કોશ આદિ રૂપે માપવામાં આવે છે. એ જ પ્રમાણે ધનુષ, નાલિકા—કાળમાપક ઘટિકા, યુગ—બળદની કાંધ પર મૂકાતી ધૂંસરી અક્ષ—ચાર હાથનું માપવિશેષ, અને અને મુસળ, એ દરેક ૯૬—૯૬ છન્નું—છન્નું અંગુલપ્રમાણ હોય છે. એક હાથ બરાબર ૨૪ અંગૂલ થાય છે. તેથી ચાર હાથ બરાબર ૯૬ છન્નુ અંગૂલ થાય છે. તેથી એક વ્યારહારિક દંડ આદિ પદાર્થ ૯૬—૯૬ છન્નું—છન્નું અંગુલના હોય છે. આભ્યન્તર મંડલાશ્રિત આદિ મુહૂર્ત ૯૬ છન્નું અંગૂલોની છાયાવાળું હોય છે. તેનો ભાવાર્થ નીચે પ્રમાણે છે—જે દિવસે સૂર્ય સર્વાભ્યન્તર મંડળમાં સંચાર કરે છે તે દિવસે પહેલું મુહૂર્ત બાર અંગુલ પ્રમાણ શંકાનો આશ્રય કરીને ૯૬ છન્નું અંગુલ પ્રમાણ છાયાવાળું હોય છે. અને તે દિવસ ૧૮ અઢાર મુહૂર્ત પ્રમાણવાળો હોય છે. તેથી એક મુહૂર્ત દિવસના અઢારમાં ભાગનું હોય છે. છાયાગણિતરીતિ અનુસાર તે ૧૮ અઢાર ભાગનો ૧૨ અંગુલપ્રમાણ શંકુ સાથે ગુણાકાર કરવાથી ૨૧૬ બસો સોળ આવે છે. ૨૧૬ બસો સોળના અર્ધ ભાગ ૧૦૮ એકસોઆઠ થાય છે. અને તેમાંથી શુંકુનું પ્રમાણ ૧૨ બાદ કરવાથી ૯૬ છન્નું અંગુલ આવી જાય છે. આ રીતે એ બાબત સિદ્ધ થાય છે કે જ્યારે સૂર્ય સર્વાભ્યન્તર મંડળમાં સંચરે છે. ત્યારે-તે દિવસે—પહેલું મુહૂર્ત ૯૬ છન્નું અંગુલ પ્રમાણ છાયાવાળું હોય છે ।સૂ.૧૩૫।

## સતાનવે સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર સત્તાણું (૯૭)નાં સમવાયો બતાવે છે—**'मंदरस्स णं' इत्यादि ।**

ટીકાર્થ—સુમેરુ પર્વતના પશ્ચિમના અન્તિમ ભાગથી ગોસ્તૂપ આવાસ પર્વતનો પશ્ચિમનો અન્તિમ ભાગ સત્તાણું(૯૭)હજાર યોજન દૂર છે. તે આ રીતે બને

છે-મેરુના પશ્ચિમ અન્તિમ ભાગથી જંબૂદ્વીપનો અન્તિમ ભાગ પંચાવન(૫૫)હજાર યોજન દૂર છે. ત્યાંથી વેલંધર નાગરાજના નિવાસસ્થાનરૂપ ગોસ્તૂપ પર્વતનો અન્તિમ ભાગ બેંતાળીસ (૪૨) હજાર યોજન દૂર છે, તેથી મેરુના પશ્ચિમના અન્તિમ ભાગથી પૂર્વ દિશામાં રહેલ ગોસ્તૂપ પર્વતનો પશ્ચિમાન્ત પ્રદેશ ૯૭૦૦૦ (સત્તાણું હજાર) યોજન દૂર છે. તે સ્પષ્ટ થાય છે. ચારે દિશાઓ વિષે પણ એમ જ સમજવું એટલે કે મંદર પર્વતના ઉત્તરના અંન્તિમ ભાગથી, દક્ષિણ દિશામાં આવેલ દકભાસ આવાસ પર્વતનો ઉત્તરનો અન્તિમ પ્રદેશ, તથા મંદર પર્વતના પૂર્વના અન્તિમ પ્રદેશથી પશ્ચિમ દિશામાં આવેલ શંખ આવાસ પર્વતનો પૂર્વનો અન્તિમ પ્રદેશ, તથા મંદર પર્વતના દક્ષિણના અન્તિમ પ્રદેશથી ઉત્તરદિશામા રહેલા દકસીમન આવાસ પર્વતનો દક્ષિણનો અન્તિમ પ્રદેશ, તે પ્રત્યેક ૯૭—૯૭—૯૭ સત્તાણું—સત્તાણું—સત્તાણું હજાર યોજનને અંતરે છે. જ્ઞાનાવરણ આદિ આઠ કર્મોની મળીને કુલ ૯૭ સત્તાણું ઉત્તર પ્રકૃતિયો કહેલ છે. તે આ પ્રમાણે છે-જ્ઞાનાવરણની ૫, દર્શનાવરણની ૯, વેદનીયની ૨, મોહનીયની ૨૮, આયુકર્મની ૪૨, ગોત્રકર્મની ૨, અને અંતરાયકર્મની ૫.

દસમાં ચાતુરન્ત ચક્રવર્તિ હરિષેણ નરેશ ૯૭૦૦ નવ હજાર સાતસો વર્ષ કરતાં થોડો, ઓછો સમય ગૃહસ્થાવસ્થામાં વ્યતીત કરીને દીક્ષિત થયા હતા. તેમનું સમસ્ત આયુષ્ય દશ હજાર વર્ષનું હતું. તેમાંમાં ૯૭૦૦ સત્તાણુસો વર્ષ કરતાં થોડો ઓછો સમય ગૃહસ્થાવસ્થામાં તેમણે વ્યતીત કર્યો હતો. ત્યારબાદ ૩૦ ત્રણુસો વર્ષ કરતાં થોડા વધુ સમય માટે તેઓ શ્રમણાવસ્થામાં રહ્યા હતા. ॥સૂ. ૧૩૬॥

હવે સૂત્રકાર અઠ્ઠાણું (૯૮) નાં સમવાયો કહે છે—**'नंदणवणस्स णं' इत्यादि ।**

ટીકાર્થ—નંદનવનની ઉપરનો અન્તિમ ભાગ પંડકવનના નીચેના અન્તિમ ભાગથી અઠ્ઠાણું (૯૮) હજાર યોજનને અંતરે છે. તેનો ભાવાર્થ આ પ્રમાણે છે—ભદ્રશાલવનના બહુસમરમણીય ભુમિભાગથી પાંચસો યોજન ઉપરની બાજુએ મેરુ પર્વતની પહેલી મેખલા છે. તેમાં નંદનવન છે. તે નંદનવનમાં ૫૦૦ પાંચસો યોજન ઊંચા ૯નવ કૂટ છે–તે કૂટો દ્વારા નંદનવન પાંચસો યોજનની ઊંચાંઇ સુધી મેરૂ પર્વતને દરેક તરફથી ઘેરીને આવે છે. આ રીતે મેરૂના મૂળપ્રદેશથી નન્દનવનનો ઉપરનો અન્તિમ પ્રદેશ ૧૦૦૦ એકહજાર થઈ જાય છે. પંડકવન મેરૂની ટોચ પર આવેલું છે. મેરૂની ઊંચાઇ ૯૯ નવાણું હજાર યોજનની છે. તેમાંથી શરૂઆતના ૧૦૦૦ એકહુજાર યોજન બાદ કરવાથી સૂત્રોકત ૯૮૦૦૦ અઠાણુ હજાર યોજનનું અંતર આવી જાય છે. સુમેરુ પર્વતના પશ્ચિમના અન્તિમ ભાગથી ગોસ્તૂપ નામના આવાસ પર્વતનો પૂર્વનો અન્તિમ ભાગ ૯૮૦૦૦ અઠાણું હજાર યોજન દૂર છે. તેનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે—મેરૂના પશ્ચિમના અન્તિમ ભાગથી ગોસ્તૂપ પર્વતનો પશ્ચિમનો અન્તિમ ભાગ ૯૭૦૦૦ સત્તાણું હજાર યોજન દૂર આવેલો છે. તથા ગોસ્તૂપના વિષ્કંભ ૧૦૦૦ યોજન છે. તેથી મેરૂના પશ્ચિમના અન્તિમ ભાગથી ગોસ્તૂપનો પૂર્વનો અન્તિમ ભાગ ૯૮૦૦૦ અઠાણુ હજાર યોજન દૂર છે તે વાતનું સ્પષ્ટીકરણ થાય છે. એ જ પ્રમાણે બાકીની ત્રણ દિશાઓના દકભાસ, શંખ, અને દકસીમનનું અંતર પણ ૯૮૦૦૦–૯૮૦૦૦ અઠાણુંહજાર–અડાણુંહજાર યોજન સમજવું દક્ષિણ ભરતનો ધનુપૃષ્ઠ ૯૮૦૦૦ અઠાણુ હજાર યોજન કરતાં થોડો ઓછો લંબાઇની અપેક્ષાએ કહેલ છે. ઉત્તરદિશાનો સૂર્ય પહેલાં છ માસ સુધી દક્ષિણાયન કરતો કરતો જ્યારે સર્વાભ્યન્તર મંડળથી ૪૯ ઓગણપચાસમાં મંડળમાં પ્રવેશ કરે છે ત્યારે દિવસના ૬૧/૯૮ મુહૂર્તનો ક્ષય કરતો અને રાત્રિનો એટલો જ સમય

વધારતો ભ્રમણ કરે છે. તેનું તાત્પર્ય આ પ્રમાણે છે—દક્ષિણાયનમાં આવતો સૂર્ય ૪૯ ઓગણપચાસમાં મંડળમાં પ્રવેશ કરીને ૧॥ મુહૂર્ત પ્રમાણથી થોડા વધારે પ્રમાણમાં દિવસમાન ઘટાડે છે અને એટલા જ પ્રમાણમાં રાત્રિમાનની વૃદ્ધિ કરે છે. દક્ષિણદિશાનો સૂર્ય બીજા છ મહિનામાં જ્યારે ૪૯ ઓગણપચાસમાં મંડળમાં પ્રવેશ કરે છે ત્યારે રાત્રિના ૧એક મુહૂર્તના ૯૮ અઠાણું ભાગોમાંથી ૬૧ એકસઠ ભાગોનો ક્ષય કરીને દિવસના એટલા ભાગ પ્રમાણ કાળની વૃદ્ધિ કરે છે. (૧) રેવતી, (૨) અશ્વિની, (૩) ભરણી, (૪) કૃત્તિકા, (૫) રોહિણી, (૬) મૃગશિર્ષ, (૭) આર્દ્રા, (૮) પુનર્વસુ, (૯) પુષ્ય, (૧૦) અશ્લેષા. (૧૧) મઘા, (૧૨) પૂર્વાફાલ્ગુની (૧૩) ઉત્તરાફાલ્ગુની, (૧૪) હસ્ત, (૧૫) ચિત્રા, (૧૬) સ્વાતિ, (૧૭) વિશાખા, (૧૮) અનુરાધા, અને (૧૯) જયેષ્ઠા, એ નક્ષત્રોના કુલ ૯૮ અઠાણું તારાઓ છે. ॥સૂ. ૧૩૭.।

## નન્નાનવે સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

નવ્વાણું (૯૯) નાં સમવાયો આ પ્રમાંણે છે—**'मंदरे णं पव्वए' इत्यादि ।**

ટીકાર્થ–સુમેરુ પર્વતની ઉંચાઇ ૯૯૦૦૦ નવ્વાણું હજાર યોજનની છે. નંદનવનના પૂર્વના અન્તિમ ભાગથી પશ્ચિમનો અન્તિમ ભાગ ૯૯૦૦૦ નવ્વાણું હજાર યોજન દૂર છે. તેનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે–મેરૂ પર્વતનો વિષ્કંભ મૂળમાં ૧૦૦૦૦ દસ હજાર યોજનનો છે. મૂળથી ૫૦૦ પાંચસો યોજન પર નંદનવન છે. ત્યાં પર્વતનો બાહ્ય વિસ્તાર ૯૯૫૪ ૬/૧૧ યોજનનો છે. તથા નંદનવનની અંદર મેરૂનો વિસ્તાર ૮૯૫૪ ૬/૧૧ યોજનનો છે. અને નંદનવનનો વિસ્તાર ૫૦૦ પાંચસો યોજનનો છે. આ પ્રમાણે આભ્યન્તર પ્રમાણમાં–એટલે કે નંદનવનની અંદર રહેલ મેરૂના ૮૯૫૪ ૬/૧૧ યોજનના પ્રમાણમાં–નંદનવનનો ૫૦૦ યોજનનો પૂર્વવિષ્કંભ અને ૫૦૦ પાંચસો યોજનનો પશ્ચિમવિષ્કંભ ઉમેરવાથી શાસ્ત્રોકત

અન્તર આવી જાય છે. અહીં ૫૪/૬૧ યોજનની ગણતરી કરવામાં આવી નથી. તેથી સૂત્રકારે ૯૯ નવ્વાણું હજાર યોજન જ લખ્યાં છે. એ જ પ્રમાણે દક્ષિણના અન્તિમ ભાગથી ઉત્તરનો અન્તિમ ભાગ પણ ૯૯ નવ્વાણુ હજાર યોજન દૂર છે. ઉત્તરદિશાવર્તી પહેલા સૂર્યમંડળના આયામ અને વિષ્કંભનું પ્રમાણ ૯૯ નવ્વાણુ હજાર યોજનથી થોડું વધુ કહેલ છે. તે આ રીતે છે—જંબૂદ્વીપનું પ્રમાણ એક લાખ યોજનનું છે. તે પ્રમાણમાંથી ૩૬૦ ત્રણસો સાઇઠ બાદ કરવાથી ૯૯૬૪૦ નવાણું હજાર છસો ચાલીસ બાકી રહે છે. એટલું પહેલા સૂર્યમંડળના આયામ અને વિષ્કંભનું પ્રમાણ આવી જાય છે. આયામ અને વિષ્કંભની અપેક્ષાએ બીજા સૂર્યમંડળનું પ્રમાણ ૯૯ નવાણું હજાર યોજનથી થોડું વધારે કહેલ છે. આ બાબતનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે–દરેક મંડળ વચ્ચે બે, બે યોજનનું અંતર છે. સૂર્યવિમાનનો વિષ્કંભ ૪૮/૬૧ યોજન પ્રમાણ છે. અંતર અને વિષ્કંભના બમણા કરતા ૫ ૩૫/૬૧ યોજન આવે છે. પહેલા સૂર્યમંડળનાં પ્રમાણમા ૫ ૩૫/૬૧ યોજન ઉમેરતાં ૯૯૬૪૫ ૩૫/ ૬૧ યોજન આવે છે. એ જ બીજા સૂર્યમંડળના આયામ અને વિષ્કંભનું પ્રમાણ સમજવું. ત્રીજા સૂર્યમંડળનું પ્રમાણ પણ આયામ અને વિષ્કંભની અપેક્ષાએ ૯૯ નવ્વાણું હજાર યોજન કરતાં થોડું વધારે કહેલ છે. આગળ બતાવ્યા પ્રમાણે ગણતરી કરવાથી તે પ્રમાણ પણ ૯૯૬૫૧ ૯/૬૧ યોજન આવે છે. રત્નપ્રભા પૃથ્વીના દશમા અંજનકાંડના અધસ્તન ચરમાન્ત પ્રદેશથી–નીચેના અન્તિમ પ્રદેશથી–વ્યન્તર દેવોનાં ક્રીડાગૃહોનો ઉપરનો ભાગ નવ હજાર નવસો (૯૯૦૦) યોજનને અંતરે છે. તેનો ખુલાસો આ પ્રમાણે છે–રત્નપ્રભા પૃથ્વીના પહેલા કાંડના ઉપરના અન્તિમ ભાગથી અંજનકાંડ દસ હજાર (૧૦૦૦૦) યોજન દૂર છે. પહેલાં કાંડના પહેલાં સો યોજનમાં વ્યન્તર દેવોનાં નગર છે. તેથી દસ હજાર (૧૦૦૦) યોજનમાંથી ૧૦૦ યોજન બાદ કરવાથી ૯૯૦૦ નવ્વાણુંસો યોજનનું સૂત્રોક્ત અન્તર નીકળે ॥સૂ. ૧૩૮॥

## સૌ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર ૧૦૦ એકસોનાં સમવાયો બતાવે છે–'**दसदस मियाणं इत्यादि ।**

ટીકાર્થ—દશ દશકવાળી (દસ દિવસની) જે ભિક્ષુ પ્રતિમા છે તે ૧૦૦ એકસો દિનરાત દરમિયાન ૫૫૦ પાંચસોપચાસ ભિક્ષાઓ ગ્રહણ કરીને સૂત્રોક્ત વિધિ અનુસાર

આરાધિત કરાય છે. શતભિષક નક્ષત્ર ૧૦૦ એકસો તારાઓવાળું છે. પુષ્પદંત ભગવાન, જે સુવિધિ પ્રભુને નામે પણ ઓળખાય છે, તેમની ઉંચાઇ ૧૦૦ એકસો ધનુષ પ્રમાણ હતી પુરૂષ શ્રષ્ઠ પાર્શ્વનાથ ભગવાનનું પૂર્ણ આયુષ્ય ૧૦૦ એકસો વર્ષનું હતું. તેમણે ૩૦ ત્રીસ વર્ષ કુમારાવસ્થામાં, અને બાકીના ૭૦ સિત્તેર વર્ષ અનગારાવસ્થામાં વ્યતીત કર્યા હતાં. ત્યાર બાદ સમસ્ત કર્મોનો ક્ષય કરીને મોક્ષે પધાર્યા અને અનંત કાળને માટે સમસ્ત દુઃખોથી રહિત થઈ ગયાં સ્થવિર આર્ય સુધર્માનું પૂર્ણ આયુષ્ય સો વર્ષનું હતું. તેઓ ભગવાન મહાવીરના પાંચમા ગણધર હતા. તેમણે ૫૦ પચાસ વર્ષ ગૃહસ્થાવસ્થામાં, ૪૨ બેંતાલીસ વર્ષ છદ્મસ્થાવસ્થામાં અને આઠ વર્ષ કેવલિ પર્યાયમાં વ્યતીત કર્યા હતા, અને સમસ્ત કર્મોનો ક્ષય કરીને તેઓ પણ સિદ્ધ, બુદ્ધ, સમસ્ત કર્મોથી રહિત અને સમસ્ત દુઃખોથી મુકત બન્યા છે. સમસ્ત દીર્ઘ-વૈતાઢય પર્વતો ઉંચાઇની અપેક્ષાએ એક એક ગવ્યૂત ઉંચા છે-એટલે કે પ્રત્યેક વૈતાઢય પર્વતની ઉંચાઈ એક એક સો (૧૦૦-૧૦૦) કોશની છે. પાંચ ભરતક્ષેત્રો-માંના પાંચ ક્ષુલ્લહિમવાન પર્વત અને પાંચ ઐરવતક્ષેત્રોમાંના પાંચ શિખરી પર્વત એક એક સો (૧૦૦-૧૦૦) યોજન ઉંચા છે. (છ પ્રકારના વર્ષધર પર્વતોમાં ક્ષુલ્લ-હિમવાન અને શિખરી નામનાં બે પ્રકારના વર્ષધર પર્વતો છે.) તે દરેકના એક એક સો ૧૦૦-૧૦૦ ગવ્યૂત (કોશ) જેટલો મૂળભાગ જમીનની અંદર છે. એ જ પ્રમાણે સમસ્ત કાંચન પર્વતોમાંનો પ્રત્યેક કાંચનપર્વત એક એક સો (૧૦૦-૧૦૦) યોજન ઉંચો છે તથા તે દરેકનો એકસો ૧૦૦-૧૦૦ એકસો એક સો કોશ જેટલો ભાગ જમીનની અંદર છે, તથા જમીનની નીચે જેટલો મૂળગતભાગ છે તે પ્રત્યેક ભાગનો વિસ્તાર એક એક સો (૧૦૦-૧૦૦) યોજનનો છે. ।।સૂ. ૧૩૯।।

## એકસો પચાસ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર એક સો પચાસ (૧૫૦) નાં સમવાયો બતાવે છે—**'चंदप्पभेणं' अरहा इत्यादि ।**

ટીકાર્થ—ચંદ્રપ્રભ તીર્થંકરની ઊંચાઇ એકસો પચાસ (૧૫૦) ધનુષની હતી. આરણ નામના અગિયારમાં દેવલોકમાં એક સો પચાસ વિમાનાવાસ છે. અચ્યૂત નામના બારમાં દેવલોકમાં પણ ૧૫૦ એકસો પચાસ વિમાનાવાસ છે ।।સૂ. ૧૪૦।।

## દો સૌ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર બસો (૨૦૦)નાં સમવાયો દર્શાવે છે—**'सुपासेणं अरहा'** इत्यादि ।

ટીકાર્થ—સુપાર્શ્વનાથ ભગવાન બસો (૨૦ ) ધનુષપ્રમાણ ઊંચા હતા સમસ્ત ક્ષેત્રોમાં રહેલા સઘળા મહાહિમવાન વર્ષધર પર્વતો અને સમસ્ત રુકમી વર્ષધર પર્વતો ૨૦૦-૨૦૦ બસો-બસો યોજન ઊંચા છે. અને તેમનો ૨૦૦-૨૦૦ બસો-બસો કોશ જેટલો ભાગ જમીનની અંદર અદૃશ્ય છે. જંબૂદ્વીપમાં ૨૦૦ બસો કાંચનક પર્વત છે. ાસૂ. ૧૪૧ા

## અઢાઇ સૌ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર બસો પચાસ(૨૫૦)નાં સમવાયો દર્શાવે છે-**'पउमप्पमेणं अरहा'**इत्यादि ।

ટીકાર્થ—પદ્મપ્રભુ ભગવાન ૨૫૦ બસો પચાસ ધનુષ પ્રમાણ ઉંચા હતા. અસુરકુમાર દેવોના સર્વોત્તમ પ્રાસાદ ૨૫૦ બસો પચાસ યોજન ઉંચા છે. ાસૂ.૧૪૨ા

## તીન સૌ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર ૩૦૦ ત્રણસો ના સમવાયો બતાવે છે-**'सुमईणं'** इत्यादि ।

ટીકાર્થ—સુમતિનાથ ભગવાન ૩૦૦ ત્રણસો ધનુષપ્રમાણ ઊંચા હતા. અરિષ્ટ નેમિનાથ ભગવાન ૩૦૦ ત્રણસો વર્ષ સુધી કુમારાવસ્થામાં રહીને દીક્ષિત થયાં હતાં. વૈમાનિક દેવોનાં વિમાનો ૩૦૦-૩૦૦ ત્રણસો-ત્રણસો યોજન ઉંચા છે. શ્રમણ ભગવાન મહાવીરના ચૌદ પૂર્વધારી ૩૦૦ ત્રણસો હતાં. પાંચસો ધનુષપ્રમાણ ચરમ શરીરી મનુષ્યના આત્મપ્રદેશોની અવગાહના સિદ્ધગતિમાં-મોક્ષ પ્રાપ્ત થતાં-૩૦૦ ત્રણસો ધનુષથી થોડી વધારે રહે છે. તેનું તાત્પર્ય એ છે કે તેમાં સિદ્ધોની ઉત્કૃષ્ટ અવ- ગાહનાવાળો ચરમશરીરધારી મનુષ્ય શૈલેશીકરણના સમયમાં, શરીરનાં રંધ્રો (છિદ્રો) ને પૂરવાથી, દેહના ત્રીજા ભાગને છોડીને બાકીના ઘનપ્રદેશની ૩૦૦ ત્રણસો યોજ-

નથી થોડી વધારે અવગાહના વાળા થઇને સિદ્ધગતિ પ્રાપ્ત કરે છે, **तिन्नि सया तेत्तीसा'** આ ગાથા દ્વારા ઉત્કૃષ્ટ અવગાહનામાં જે અધિકતા છે તે સ્પષ્ટ કરવામાં આવેલ છે. એટલે કે ૩૩૩ ૩/૯ ત્રણસો તેત્રીસ ધનુષ અને ૩૨ અંગૂલ અવગાહના થાય છે. ।।સૂ. ૧૪૩।।

## સાઢે તીન સૌ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર ત્રણસો પચાસ (૩૫૦) નાં સમવાયો દર્શાવે છે—**पासस्स णं अरहओ' इत्यादि ।**

ટીકાર્થ–પુરુષ શ્રેષ્ઠ પાર્શ્વનાથના ચૌદ પૂર્વધારી ૩૫૦ ત્રણસો પચાસ મુનિયો હતા. અભિનંદન ભગવાન ૩૫૦ ધનુષપ્રમાણ ઊંચા હતા. ।।સૂ. ૧૪૪।।

## ચાર સૌ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર ચારસો (૪૦૦)નાં સમવાયો કહે છે–**'संभवेणं अरहा' इत्यादि।**

ટીકાર્થ—સંભવનાથ ભગવાન ચારસો–૪૦૦ ધનુષ ઉંચા હતા. અઢીદ્વીપમાંના સમસ્ત નિષધ વર્ષધર પર્વતો અને સમસ્ત નીલવંત વર્ષધર પર્વતો ૪૦૦–૪૦૦ ચારસો–ચારસો યોજન ઉંચા છે, અને તેમનો ૪૦૦–૪૦૦ ચારસો–ચારસો કોશ જેટલો મૂળભાગ જમીનની અંદર છે. નિષધ અને નીલવંત વર્ષધર પર્વતોની સમીપના સમસ્ત વક્ષસ્કાર પર્વતો ૪૦૦–૪૦૦ ચારસો–ચારસો યોજન ઉંચા છે, અને તેમનો ૪૦૦–૪૦૦ ચારસો–ચારસો કોશ જેટલો મૂળભાગ જમીનની અંદર છે. આણત અને પ્રાણત, એ બે કલ્પોમાં ચારસો (૪૦૦) વિમાન છે. શ્રમણ ભગવાન મહાવીરના એવા ૪૦૦ ચારસો વાદી હતા કે જેમને દેવ, મનુષ્ય, અને અસુરયુક્ત સભામાં અન્ય મત ધરાવનારા પરાજિત કરી શકતા નહીં ।।સૂ. ૧૪૫।।

## સાઢે ચાર સૌ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર ચારસો પચાસ (૪૫૦) નાં સમવાયો બતાવે છે-'**अजिए णं अरहा' इत्यादि ।**

ટીકાર્થ—અજિતનાથ ભગવાન ચારસો પચાસ (૪૫૦) ધનુષપ્રમાણ ઉંચા હતા. ચાતુરન્ત ચક્રવર્તિ સગર નરેશ (૪૫૦) ચારસો પચાસ ધનુષપ્રમાણુ ઉંચા હતા ॥સૂ ૧૪૬॥

## પાંચ સૌ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર પાંચસો ૫૦૦)નાં સમવાયો બતાવે છે-'**सव्वे वि णं इत्यादि ।**

ટીકાર્થ-સમસ્ત વક્ષસ્કાર પર્વત, જ્યાં સીતા અને સીતોદા એ બે મહા નદીઓ છે, ત્યાં તથા મંદર પર્વતની પાસે ઉંચાઇની અપેક્ષાએ ૫૦૦-૫૦૦ પાંચસો-પાંચસો યોજનના છે. અને ઉદ્વેધની અપેક્ષાએ પાંચસો પાંચસો કોશ પ્રમાણુ છે. એટલે કે ૫૦૦-૫૦૦ પાંચસો પાંચસો કોશ જેટલો તેમનો ભાગ જમીનની અંદર અદૃશ્ય છે. સમસ્ત વર્ષધર કૂટ ૫૦૦-૫૦૦ પાંચસો-પાંચસો યોજન ઉંચા જે અને મૂળમાં તેમનો વિષ્કંભ ૫૦૦-૫૦૦ પાંચસો-પાંચસો યોજનનો છે. કોશલ દેશમાં જન્મેલા ઋષભદેવ ભગવાન પાંચસો (૫૦૦) ધનુષ ઉંચા હતા. ચાતુરન્ત ચક્રવર્તિ ભરત નરેશ પાંચસો ધનુષ ઉંચા હતા. મેરુ પર્વતની પાસે સૌમનસ, ગંધમાદન, વિદ્યુત્પ્રભ, અને માલ્યવાન નામના જે વક્ષસ્કાર પર્વતો છે તે પાંચસો-પાંચસો ૫૦૦-૫૦૦ યોજન ઉંચા છે, અને તેમનો ૫૦૦-૫૦૦ પાંચસો-પાંચસો યોજન પ્રમાણ ભાગ જમીનની અંદર અદૃષ્ય છે. હરિ અને હરિસહ કૂટ સિવાયના સમસ્ત વક્ષસ્કાર પર્વતોના કૂટ ૫૦૦-૫૦૦ પાંચસો-પાંચસો યોજન ઉંચા છે, તથા અયામ અને વિષ્કંભની અપેક્ષાએ તે બધા મૂળભાગમાં ૫૦૦-૫૦૦ પાંચસો-પાંચસો યોજનના છે. વક્ષસ્કાર પર્વતોના બધા મળીને ૪૮૦ ચારસો એંસી કૂટ છે. તેમની સંખ્યા આ પ્રમાણે છે-વિદ્યુત્પ્રભના

૯, અને માલ્યવાન્ના ૯મળીને ૧૮ અઢાર કૂટ થાય છે. બાકીના બે પર્વતોના ૭ ૭=૧૪ થાય છે. તથા સોળ વક્ષસ્કારોના ૪-૪ ચાર ચાર હિસાબે ૬૪ ચોસઠ કૂટ થાય છે. તે બધાનો સરવાળો ૯૬ છન્નું થાય છે. આ રીતે એક ક્ષેત્રમાં ૯૬ છન્નું કૂટ છે. અઢીદ્વીપમાં મેરૂપર્વતવાળાં પાંચ મહાવિદેહ ક્ષેત્ર છે. ૯૬ છન્નુંને ૫ પાંચ વડે ગુણવાથી સમસ્ત વક્ષસ્કારોના કૂટોની સંખ્યા ચારસો ૪૮૦ એંસી આવી જાય . વલયકૂટ સિવાયના જેટલા નંદનકૂટ છે તે ૫૦૦-૫૦૦ પાંચસો-પાંચસો યોજન ઉંચા છે, અને મૂળ ભાગમાં આયામ અને વિષ્કંભની અપેક્ષાએ ૫૦૦-૫૦૦ પાંચસો-પાંચસો યોજનના છે. સૌધર્મ અને ઈશાન, એ બે કલ્પોમાં જે વિમાનો છે તે ૫૦૦-૫૦૦ પાંચસો-પાંચસો યોજન ઉંચાં છે. ।।સૂ. ૧૪૭।।

## છહસૌ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર છસો (૬૦૦)નાં સમવાયો બતાવે છે-**'सणंकुमारमाहिंदेसु' इत्यादि ।**

ટીકાર્થ—સનત્કુમાર અને માહેન્દ્ર એ બે કલ્પોમાં જે વિમાનો છે તે ૬૦૦ છસો યોજન ઉંચા છે. ક્ષુલ્લ હિમવાન પર્વતકૂટના ઉપરના અન્તિમ ભાગથી ક્ષુલ્લ હિમવાન્ વર્ષધર પર્વતનું જે સમધરણિતળ છે તે ૬૦૦ છસો યોજનને અંતરે છે. તે અંતરનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે-ક્ષુલ્લહિમવાન પર્વત ૧૦૦ એકસો યોજન ઉંચો છે. અને તેનું કૂટ ૫૦૦ યોજન ઉંચુ છે, તે બન્ને મળીને ૬૦૦ છસો યોજન અંતર આવી જાય છે. એ જ પ્રમાણે શિખરીકૂટના ઉપરના અન્તિમ ભાગથી શિખરી વર્ષધર પર્વતનો સમધરણિતલ ભાગ ૬૦૦ છસો યોજન દૂર છે ભગવાન પાર્શ્વનાથના વધારેમાં વધારે ૬૦૦ છસો વાદી એવાં હતાં કે જેમને દેવ, મનુષ્ય અને અસુર સહિતની સભામાં અન્ય વાદીઓ પરાજિત કરી શકતા નહીં. આ અવસર્પિણી કાળના કુલકરોમાંના અભિચન્દ્ર નામના ચોથા કુલકર ૬૦૦ છસો ધનુષ પ્રમાણ ઉંચા હતા. વાસુપૂજ્ય ભગવાને ૬૦૦ છસો પુરુષો સાથે દીક્ષા લઈને અગારાવસ્થા પૂરી કરીને અનગારાવસ્થા ધારણ કરી હતી. ।।સૂ. ૧૪૮।।

## સાત સૌ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સાતસો (૭૦૦) ના સમવાયો કહે છે.-**'बंभ लंतएसु कप्पेसु' इत्यादि।।**

ટીકાર્થ-બ્રહ્મલોક અને લાન્તક. એ બે કલ્પોમાં સાત સાત યોજન ઉંચા વિમાન છે. શ્રમણ ભગવાન મહાવીરના ૭૦૦ સાતસો કેવલી હતા. અને તેમના ૭૦૦ સાતસો મુનિરાજો વૈક્રિયલબ્ધિના ધારક હતા. અરિષ્ટ નેમિ ભગવાને ૭૦૦ સાતસો વર્ષથી ૫૪ દિવસ જેટલા ઓછા સમય સુધી કેવલિ પર્યાય પાળીને સિદ્ધ, બુદ્ધ આદિ-અવસ્થા પ્રાપ્ત કરી છે, અને એ રીતે તેઓ સમસ્ત દુઃખોથી રહિત બની ગયા છે. મહાહિમવંતકૂટના ઉપરના અન્તિમ ભાગથી મહાહિમવાન્ વર્ષધર પર્વતનો સમધરણિતલ ભાગ સાતસો (૭૦૦) યોજન દૂર છે. તે અંતરનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે—મહાહિમવાન પર્વત ૨૦૦ બસો યોજન ઉંચો છે. અને તેનું કૂટ પાચસો (૫૦૦) યોજન ઉંચું છે. આ રીતે તેના ઉપરના અન્તિમ ભાગથી પર્વતનો સમધરણિતલ ભાગ ૭૦૦ યોજન થાય છે એ જ પ્રમાણે રુકિમકૂટના ઉપરના અન્તિમ ભાગથી રુકિમ પર્વતનો સમધરણિતલ ભાગ ૭૦૦ સાતસો યોજન દૂર છે, કારણ કે ઉત્તરના પર્વતોની ઉંચાઇ વગેરે દક્ષિણના પર્વતોના જેવાં જ છે.।।સૂ. ૧૪૯ ।।

## આઠ સૌ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર આઠસો (૮૦૦)નાં સમવાયો બતાવે છે-**'महासुक्कसहस्सारेसु' इत्यादि ।**

ટીકાર્થ--મહાશુક્ર અને સહસ્રાર, એ બે કલ્પોમાં ૮૦૦ આઠસો યોજન ઉંચા વિમાન છે. આ રત્નપ્રભા પૃથ્વીના પહેલા કાંડમાં ૮૦૦ આઠસો યોજન સુધીના પ્રદેશમાં વ્યંતર દેવોના નગર છે. રત્નપ્રભા પૃથ્વીના પહેલા કાંડનું નામ 'ખરકાંડ' છે. તેના સોળ વિભાગ

છે. તેમાનો પહેલો વિભાગ રત્નકાંડ છે. તે ૧૦૦૦ એકહજાર યોજન પ્રમાણ છે. તેની ઉપર તથા નીચેના ૧૦૦-૧૦૦ એકસો એકસો યોજન સિવાયમા ૮૦૦ આઠસો યોજનના પ્રદેશમાં વ્યંતર જાતિના દેવોનાં નગર છે. શ્રમણ ભગવાન મહાવીરના તે દ્રવ્ય દેવોની સંખ્યા, એટલે કે અનુત્તર વિમાનોમાં ઉત્પન્ન થનારા સાધુઓની સંખ્યા વધારેમાં વધારે ૮૦૦ આઠસોની હતી. **"गइकल्लाणाणं"** આદિ પદ એજ દ્રવ્ય દેવોના વિશેષણ છે, જેમનો અર્થ આ પ્રમાણે છે—દેવગતિની પ્રાપ્તિ થાય એજ જેમને માટે કલ્યાણરૂપ છે. તેત્રીસ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રાપ્ત થવી એજ જ્યાં આનંદની વાત છે. અને ત્યાંથી ચ્યવીને જેમને નિર્વાણની પ્રાપ્તિ થાય છે. કહેવાનો ભાવાર્થ એ છે કે દ્રવ્યદેવ એ જીવોને કહે છે કે જે જીવો પોતાની વર્તમાન પર્યાય છોડીને ભવિષ્યમાં દેવ પર્યાયમાં ઉત્પન્ન થવાના હોય છે. હાલમાં તો તેઓ મનુષ્ય પર્યાયમાં જ રહેલ છે. પણ મૃત્યુ પછી તેમનો જન્મ દેવગતિમાં થવાનો હોય છે. પાંચ વિમાન વિજય,વૈજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થ સિદ્ધ એ પાંચ અનુત્તર વિમાનો છે. તેમાં ૩૩ તેત્રીસ સાગરોપમની ભવસ્થિતિ હોય છે. ત્યાંથી ચ્યવીને જીવને મોક્ષની પ્રાપ્તિ થાય છે. આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમરમણીય ભાગથી ૮૦૦ આઠસો યોજન દૂર રહીને સૂર્ય પરિભ્રમણ કરે છે. અરિષ્ટ નેમિ પ્રભુના વધારેમાં વધારે એવા ૮૦૦ મતવાદીઓ હતા કે જે દેવ, મનુષ્ય અને અસુરોથી યુકત સભામાં શાસ્ત્રાર્થ કરવામાં પ્રતિવાદીઓ દ્વારા કદી પણ પરાજિત કરી શકાતા નહી. ।।સૂ. ૧૫૦।।

## નવ સૌ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર નવસો (૯૦૦) ના સમવાયો બતાવે છે--

**'आणय पाणय' इत्यादि ।**

ટીકાર્થ--આનત, પ્રાણત, આરણ અને અચ્યુત, એ કલ્પોમાં નવસો નવસો (૯૦૦-૯૦૦) યોજન ઊંચાં વિમાન છે. નિષધકૂટના ઉપરના શિખરતળથી નિષધ વર્ષધર પર્વતનો જે સમધરણિતલ ભાગ છે તે ૯૦૦ યોજન દૂર છે. તે આ રીતે છે-નિષધ પર્વત ૪૦૦ યોજન ઉંચો છે અને તેના કૂટની ઉંચાઇ ૫૦૦ યોજનની છે. આ રીતે તેના ઉપરના કૂટથી તેના સમધરણિતલનું સૂત્રોકત ૯૦૦ યોજનનું

અંતર આવી જાય છે. એ જ રીતે નીલવંતકૂટના ઉપરના શિખરતળથી નીલવંત વર્ષધર પર્વતનો સમધરણિતળ ભાગ ૯૦૦ યોજન દૂર છે. વિમલવાહન નામના કુલકરના શરીરની ઉંચાઇ ૯૦૦ ધનુષ પ્રમાણ હતી. આ રત્નપ્રભા પૃથ્વીના બહુ સમ–રમણીય ભૂમિ ભાગથી ૯૦૦ નવસો યોજન ઉપર એટલે કે એટલું અંતર પસાર થયા બાદ સર્વોપરિસ્થિત–સૌથી પહેલાં તારા ભ્રમણ કરે છે. નિષધ વર્ષધર પર્વતના ઉપરના શિખરતળથી આ રત્નપ્રભા પૃથ્વીના પ્રથમ કાંડનો બરાબર મધ્ય ભાગ નવસો (૯૦૦) યોજન દૂર છે. એજ પ્રમાણે નીલવંત વર્ષધર પર્વતના ઉપરના શિખરતળથી આ રત્નપ્રભા પૃથ્વીના પહેલા કાંડનો બરાબર મધ્યભાગ નવસો (૯૦૦) યોજન દૂર છે. ।।સૂ. ૧૫૧।।

## એક હજાર સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર એક હજાર (૧૦૦૦)નાં સમવાા બતાવે છે—

**'सव्वेवि णं' इत्यादि ।**

ટીકાર્થ—જેટલા ગ્રૈવેયક વિમાનો છે તે બધા એક એક હજાર યોજન ઉંચા છે. સમસ્ત યમક પર્વત એક એક હજાર યોજન ઉંચા છે. ઉત્તર ક્ષેત્રમાં નીલવંત પર્વતની ઉત્તર દિશામાં શીતા મહાનદીના બન્ને તટ પર બે યમક પર્વત છે. એ જ પ્રમાણે અઢી દ્વીપમાં આવેલ પાંચ કુરુક્ષેત્રોમાં બે-બે (૨–૨) યમક પર્વતો હોવાથી તેમાં કુલ દસ પર્વત છે. તે પ્રત્યેકનો મૂળભાગ ૧૦૦૦-૧૦૦૦ કોશ પ્રમાણ જમીનમાં અદૃશ્ય છે. જેટલી તેમની ઉંચાઇ છે એટલો જ મૂળ પ્રદેશમાં તેમનો આયામ અને વિષ્કંભ છે. તે યમક પર્વતો સર્વત્ર સમાન છે અને પલ્યક (ગોળાકારની ટોપલીના જેવા આકારવાળા) આકારના છે. અનાજ ભરવાના એક પ્રકારના ઠામને પલ્યક કહે છે. જેને લાટ દેશમાં પાલખંબ કહે છે.

યમક પર્વતના જેવી જ ચિત્ર અને વિચિત્રકૂટની પણ ઉંચાઇ, ઉદ્વેધ (જમીનની અંદરનો ભાગ) અને આયામ વિષ્કંભ છે. એટલે કે પાંચ દેવકુરુમાં પાંચ ચિત્રકૂટ અને પાંચ વિચિત્રકુટ નામના પર્વત છે. તે દસે પર્વત એક એક હજાર યોજન ઉંચા છે. તે દરેકનો ૧૦૦૦–૧૦૦૦ એક એક હજાર યોજન પ્રમાણ મૂળભાગ જમીનની અંદર અદૃશ્ય છે. તથા તેમની જેટલી ઉંચાઇ છે એટલોજ મૂળભાગનો આયામ અને વિષ્કંભ છે. શબ્દાપાતિ આદિ જે ૨૦ વૃત્ત-વૈતાઢય પર્વત છે તેઓ એક એક હજાર યોજન ઉંચા છે. એક એક હજાર કોશ પ્રમાણ તેઓ જમીનની અંદર છે. મૂળભાગમાં તેમનો વિષ્કંભ ૧૦૦૦–૧૦૦૦ એક એક હજાર યોજનનો છે. તે બધા

વૃત્તવૈતાઢય પર્વતો સર્વત્ર એક સરખા છે. તેથી તેઓ પલ્યકાકારના છે. વક્ષસ્કાર કૂટો સિવાયના સમસ્ત હરિકૂટ અને હરિસહ કૂટ ૧૦૦૦-૧૦૦૦એક એક હજાર યોજન ઉંચા છે. તે બધાના મૂળભાગનો વિષ્કંભ ૧૦૦૦-૧૦૦૦એક એક હજાર યોજનનો છે. વિદ્યુત્પ્રભ નામના ગજદન્તાકાર વક્ષસ્કાર પર્વતોમાં હરિકૂટ આવેલ છે. માલ્યવાન્ વક્ષસ્કારમાં હરિસહકૂટ છે. અઢી દ્વીપના જે પાંચ મેરુ છે, તેમાં તે બન્ને કૂટ છે. તેથી પાંચ મેરુના પાંચ હરિકૂટ અને પાંચ હરિસહકૂટ છે. હરિ અને હરિસહકૂટ સિવાયના જે ૪૭૦ વક્ષસ્કાર પર્વતો છે તેમના જેટલા ઉંચા નથી. તેથી બાકીના વક્ષસ્કારકૂટ સિવાયના દસ હરિકૂટ અને દસ હરિસહકૂટ ૧૦૦૦-૧૦૦૦ એક એક હજાર યોજન ઉંચાઈવાળા અહીં બતાવ્યા છે. એ જ પ્રમાણે નંદનકૂટ સિવાયના બલકૂટોની બાબતમાં પણ સમજવું. તેનું તાત્પર્ય આ પ્રમાણે છે--પાંચ મેરુમાં પાંચ નંદનવન છે. પ્રત્યેક નંદનવનમાં નવ, નવ નંદનકૂટ છે. તેથી પાંચ નંદનવનોમાં મળીને એકંદરે પિસ્તાળીસ (૪૫) નંદનકૂટ છે. ઇશાન દિશામાં બલકૂટ નામનો કૂટ છે. તે બલકૂટ પાંચ છે. તે પાંચે બળકૂટ ૧૦૦૦-૧૦૦૦ એક એક હજાર યોજન ઉંચા છે, અને મૂળભાગમાં તેમનો વિષ્કંભ ૧૦૦૦-૧૦૦૦ એક એક હજાર યોજન છે પાંચ બલકૂટો સિવાયના પાંચ નંદન-વનમાં આવેલા જે ૪૫ પિસ્તાળીસ નંદનકૂટ છે તેઓમાંના ૪૦ ચાલીસ નંદનકૂટ પ્રત્યેક નંદનવનની પૂર્વ આદિ દિશાઓમાં અને વિદિશાઓમાં આવેલ છે. તે ચાલીસ નંદનકૂટ ૧૦૦૦-૧૦૦૦ એક એક હજાર યોજન ઉંચા નથી. તે કારણે સૂત્રકારે તે નંદનકૂટો સવા-યના પાંચબલકૂટોની ઉંચાઈ એક એક હજાર યોજન બતાવી છે. અર્હંત અરિષ્ટનેમિ ભગવાનનું પૂરું આયુષ્ય એકહજાર (૧૦૦૦) વર્ષનું હતું. તેમાંના ૩૦૦ ત્રણસો વર્ષ કુમારાવસ્થામાં અને બાકીના ૭૦ સિત્તેર વર્ષ અનગારાવસ્થામાં વ્યતીત થયાં હતાં. આ રીતે એક હજાર ૧૦૦૦ વર્ષનું આયુષ્ય ભોગવીને તેઓ સિદ્ધ, બુદ્ધ અને સમસ્ત દુઃખોથી રહિત બની ગયા. પાર્શ્વનાથ ભગવાનના કેવળજ્ઞાન ધારી સાધુઓ ૧૦૦૦ એકહજાર હતા. પાર્શ્વનાથ પ્રભુના એક હજાર અંતેવાસી-સાધુ-કાલધર્મ પામીને જન્મ, જરા, મરણ આદિના સમસ્ત દુઃખોથી રહિત થયા છે. પદ્મહૃદ અને પુંડરીક હૃદની લંબાઈ દસ દસ સો(૧૦૦૦-૧૦૦૦)યોજનની છે. પદ્મહૃદ પર શ્રી દેવી રહે છેઅને તે પ્રથમ વર્ષધર હિમવાન્ પર્વતના ઉપરના ભાગમાં આવેલું છે. પુંડરીકહૃદ પર લક્ષ્મીદેવી રહે છે અને તે શિખરી નામના વર્ષધર પર્વતના ઉપરના ભાગમાં આવેલું છે. ાસૂ. ૧૫૨ા

## ગ્યારહ સૌ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર અગિયારસો (૧૧૦૦) નાં સમવાયો બતાવે છે—**'अणुत्तरोववाइयाणं' इत्यादि ।**

ટીકાર્થ—અનુત્તર વિમાનોમાં ઉત્પન્ન થયેલ દેવોના વિમાનોની ઉંચાઇ અગિયાર સો (૧૧૦૦) યોજનની છે. પાર્શ્વનાથ અર્હંત ભગવાનના વૈક્રિય શકિત ધારી ૧૧૦૦ અગીયારસો સાધુ હતા ।।સૂ. ૧૫૩।।

## દો હજાર સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર બે હજાર (૨૦૦૦) નાં સમવાયો દર્શાવે છે--**'महापउममहापुंडरीयदहाणं' इत्यादि ।**

ટીકાર્થ—મહાપદ્મહ્રદ અને મહાપુંડરીક હ્રદની લંબાઇ ૨૦૦૦–૨૦૦૦ બે હજાર-બેહજાર યોજનની છે. મહાપદ્મ નામનું હ્રદ (સરોવર) મહાહિમવાન્ પર્વતની ઉપર આવેલું છે. તેમાં 'હ્રી' નામની દેવી રહે છે. મહાપુંડરીક નામનું હ્રદ રુકિમ વર્ષધર પર્વતની ઉપર આવેલું છે, અને તેમાં 'બુદ્ધિ' દેવીનો નિવાસ છે. ।।સૂ.૧૫૪।।

## તીન હજાર સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર ત્રણ હજાર (૩૦૦૦)નાં સમવાયો બતાવે છે. **'इमीसेणं' इत्यादि ।**

ટીકાર્થ--આ રત્નપ્રભા પૃથ્વીના વજ્રકાંડના ઉપરના અન્તિમ ભાગથી લોહિતાક્ષકાંડનો નીચેનો અન્તિમ ભાગ ત્રણ હજાર યોજન દૂર છે. તેનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે- એ વાત તો આગળ અનેક જગ્યાએ કહેવાઈ ગઈ છે કે રત્નપ્રભા પૃથ્વીનો ખરકાંડ નામનો પહેલો કાંડ સોળ ૧૬ ભાગોમાં વહેંચાયેલો છે. પહેલાં

કાંડનું નામ ખરકાંડ છે. બીજાનું નામ વજ્રકાંડ છે. ત્રીજાનું નામ વૈડૂર્યકાંડ છે અને ચોથાનું નામ લોહિતાક્ષ કાંડ છે. તેમાંનો પ્રત્યેક કાંડ ૧૦૦૦-૧૦૦૦ એક હજાર એકહજાર યોજન પ્રમાણ છે. આ રીતે બીજા વજ્રકાંડના ઉપરના અન્તિમ ભાગથી ચોથા લોહિતાક્ષ કાંડનો નીચેનો અન્તિમ ભાગ ૩૦૦૦ ત્રણ હજાર યોજન દૂર છે તે સ્પષ્ટ થાય છે. ॥સૂ. ૧૫૫॥

## ચાર હજાર સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર ચાર હજાર (૪૦૦૦)નાં સમવાયો બતાવે છે--'**तिगिच्छ केसरिदहाणं' इत्यादि ।**

ટીકાર્થ—નિષધ પર્વત પર આવેલું તિગિચ્છ નામનું હ્રદ ચાર હજાર(૪૦૦૦) યોજનના વિસ્તારવાળું છે, અને તેના પર ધૃતિ અને કીર્તિ દેવી વસે કેસરી નામનું નીલવંત પર્વત પર આવેલું હ્રદ ચાર હજાર યોજનના વિસ્તારવાળું છે અને તેમાં કીર્તિ દેવી રહે છે. ॥સૂ. ૧૫૬॥

## પાંચ હજાર સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર પાંચ હજાર (૫૦૦૦) નાં સમવાયો કહે છે--'**धरणितले मंदरस्स णं' इत्यादि ।**

ટીકાર્થ—સુમેરુ પર્વતના બહુ મધ્ય દેશ ભાગવાળા ધરણિ તળમાં સમભૂમિ-ભાગમાં ઉપર નીચે જે આઠ રુચક પ્રદેશ છે કે જેના વડે દિશાઓ અને વિદિશા-ઓના વિભાગ થાય છે, તે પ્રદેશોથી ચારે દિશાઓમાં સુમેરુ પર્વતનાં અન્તિમ ભાગ પાંચ પાંચ હજાર યોજન દૂર છે. મેરુનો વિષ્કંભ મૂળમાં દસ હજાર યોજન પ્રમાણ છે. તેના સમરમણીય મધ્ય ભાગમાં ગોસ્તનાકાર-ગાયનાં સ્તનનાં આકાર જેવાં ઉપર નીચે એટલેકે ચાર નીચે અને ચાર ઉપર, એ રીતે આઠ રુચક પ્રદેશ છે. તે રુચક પ્રદેશોથી ચારે દિશા-ઓમાં સુમેરુ પર્વતના અન્તિમ ભાગનું અંતર પાંચ પાંચ હજાર યોજન છે.॥સૂ. ૧૫૭॥

## છહ હજાર સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર છ હજાર (૬૦૦૦)નાં સમવાયો બતાવે છે—**'सहस्सारेणं' इत्यादि ।**

ટીકાર્થ—સહસ્રાર નામના કલ્પમાં છ હજાર (૬૦૦૦) વિમાનાવાસ છે.ાસૂ.૧૫૮ાા

## સાત હજાર સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર સાત હજાર (૭૦૦૦) નાં સમવાયો બતાવે છે. **'इमीसेणं रयणप्पभाए' इत्यादि ।**

ટીકાર્થ--આ રત્નપ્રભા પૃથ્વીના રત્નકાંડના ઉપરના અન્તિમ ભાગથી પુલક કાંડનો જે સાતમો વિભાગ છે. તેનો નીચેનો અન્તિમ ભાગ સાત હજાર (૭૦૦૦) યોજનને અંતરે છે. તેનું કારણ એ છે કે દરેક કાંડનો વિસ્તાર એક એક હજાર યોજનનો છે. તેથી પ્રથમ કાંડના ઉપરનાં અન્તિમ ભાગથી સાતમા કાંડનો નીચેનો અન્તિમ ભાગ સાત હજાર યોજનને અંતરે છે. ાસૂ. ૧૫૯ાા

## આઠ હજાર સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર આઠ હજાર (૮૦૦૦) નાં સમવાયો બતાવે છે. **'हरिवास रम्मयवासाणं' इत्यादि ।**

ટીકાર્થ–જંબૂદ્વીપમાં આવેલાં હરિવર્ષ અને રમ્યકવર્ષ ક્ષેત્ર આઠ આઠ હજાર કરતાં થોડાં વધુ વિસ્તારવાળાં છે. તે વિષયનું સ્પષ્ટીકરણ કરતી ગાથાનો અર્ધભાગ આ પ્રમાણે છે.

**'हरिवासे एगवीसा चुलसीइ सयाकला य एगाय''** હરિવર્ષ ક્ષેત્રનો વિસ્તાર આઠ હજાર ચારસો એકવીસ (૮૪૨૧) યોજન અને એક (૧) કલા પ્રમાણે છે. અને ઉત્તર દિશામાં આવેલ રમ્યકક્ષેત્રનો પણ એટલો જ વિસ્તાર છે.ાસૂ.૧૬૦ાા

## નવ હજાર સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર નવ હજાર (૯૦૦૦)નાં સમવાયો કહે છે— **'दाहिणभरहस्स' इत्यादि ।**

ટીકાર્થ-દક્ષિણાર્દ્ધ ભરતક્ષેત્રની જીવા-ધનુષની પ્રત્યંચાના જેવી હોવાથી સરલપંકિત પૂર્વથી પશ્ચિમ સુધી લાંબી છે અને એટલી બધી લાંબી છે કે તે પૂર્વ અને પશ્ચિમમાં લવણસમુદ્રને સ્પર્શે છે. તેથી તેની લંબાઈ નવ હજાર (૯૦૦૦) યોજનની છે. અજિતનાથ ભગવાનના અવધિજ્ઞાનધારી સાધુઓ નવ હજાર (૯૦૦૦) થી પણ વધારે હતા. ॥સૂ. ૧૬૧॥

## દશ હજાર સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર દસ હજાર (૧૦૦૦૦)નાં સમવાયો બતાવે છે— **'मंदरेणं पव्वये' इत्यादि ।**

ટીકાર્થ-મંદર પર્વતને ધરણિતળમાં-નીચે ભૂભાગમાં-દસ હજાર યોજનને વિસ્તાર છે. તેનું તાત્પર્ય એ છે કે મેરુ પર્વતને જે હજાર યોજન પ્રમાણ ભાગ જમીનની અંદર છે તેની લંબાઇ દસ હજાર યોજનની છે. ॥સૂ. ૧૬૨॥

## એક લાખ સંખ્યા વિશિષ્ટ ઔર દો લાખ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર એક લાખ (૧૦૦૦૦૦)નાં સમવાયો બતાવે છે- **जंबूदीवेणं दीवे' इत्यादि ।**

ટીકાર્થ—જંબૂદ્વીપનો વિસ્તાર એક લાખ યોજનનો છે. ॥સૂ. ૧૬૩॥

હવે સૂત્રકાર બે લાખનાં સમવાયો કહે છે.--**'लवणेणं समुद्दे' इत्यादि ।**

ટીકાર્થ -લવણસમુદ્ર ચક્રવાલ વિષ્કંભની અપેક્ષાએ-ગોળ ચૂડીના આકારની અપેક્ષાએ બે લાખ યોજનના વિસ્તારવાળો છે. જંબૂદ્વીપનો આકાર તો થાળીના જેવો ગોળ છે. અને બાકીના દ્વીપ સમુદ્રોની આકૃતિ ગોળ ચૂડીના જેવી છે. એ વાત ચક્રવાલ પદથી દર્શાવવામાં આવેલ છે. ॥સૂ. ૧૬૪॥

## તીન લાખ ઔર ચાર લાખ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

ત્રણ લાખનાં સમવાયે આ પ્રમાણે છે- **'पासस्स णं अरहओ' इत्यादि ।**

ટીકાર્થ--પાર્શ્વનાથ અર્હંત પ્રભુની શ્રાવિકાઓની સંખ્યા વધારેમાં વધારે ત્રણ લાખ સત્યાવીસ હજાર (૩૨૭૦૦૦) હતી. ાસૂ. ૧૬૫ાા

ચાર લાખનાં સમવાયો નીચે પ્રમાણે છે. **'धायइखंडेणं दीवे' इत्यादि ।**

ટીકાર્થ--ધાતકીખંડનો ચક્રવાલ વિષ્કંભ ચાર લાખ યોજનનો છે.

**ભાવાર્થ**--જંબૂદ્વીપનો પૂર્વપશ્ચિમ તથા ઉત્તરદક્ષિણ વિસ્તાર એક એક લાખ યોજનનો છે. જંબૂદ્વીપને ઘેરીને રહેલા લવણસમુદ્રનો વિસ્તાર જંબૂદ્વીપ કરતાં બમણો છે. ધાતકીખંડનો વિસ્તાર લવણસમુદ્રથી બમણો છે. વિષ્કંભનો આ પ્રમાણેનો ક્રમ અન્ત સુધી સમજવાનો છે. એટલે કે અંતિમદ્વીપ સ્વયંભૂરમણથી આખરી સમુદ્ર સ્વયંભૂરમણના વિષ્કંભ બમણો છે. તેથી ધાતકીખંડનો વિસ્તાર ચાર લાખ યોજનનો છે. તે સિદ્ધ થાય છે. ાસૂ.૧૬૬ાા

## પાંચ લાખ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

પાંચ લાખનાં સમવાયો આ પ્રમાણે છે--**'लवणस्स णं समुद्दस्स' इत्यादि ।**

ટીકાર્થ—લવણસમુદ્રના પૂર્વના અન્તિમ ભાગથી પશ્ચિમના અન્તિમ ભાગનું અંતર પાંચ લાખ યોજનનું અંતર અને લવણસમુદ્રના બન્ને છેડા વચ્ચેનું ચાર લાખ યોજનનું અંતર મળીને સૂત્રોકત પાંચ લાખ યોજનનું અંતર આવી જાય છે. ાા સૂ. ૧૬૭ ાા

## છહ ઔર સાત લાખ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

છ લાખનાં સમવાયો આ પ્રમાણે છે--"भरहेणं राया' इत्यादि ।

ટીકાર્થ—ચાતુરન્ત ચક્રવર્તિ ભરત નરેશે છ લાખ પૂર્વ સુધી રાજપદ ભોગવ્યું હતું. ત્યાર બાદ તેઓ દીક્ષા લઈને અગારાવસ્થાથી અનગારાવસ્થા પામ્યા અને સિદ્ધ ગતિમાં ગયા. ાસૂ. ૧૬૮ા

હવે સાત લાખનાં સમવાયો કહે છે--'जंबू दीवस्स णं' इत्यादि ।

ટીકાર્થ–જંબૂદ્વીપના પૌરસ્ત્ય(પૂર્વના)વેદિકાન્તથી ધાતકીખંડ ચક્રવાલનો જે પશ્ચિમનો અન્તિમ ભાગ છે તે સાત લાખ યોજનને અંતરે છે. તેનો ખુલાસો આ પ્રમાણે છે-જંબૂદ્વીપના એક લાખનો, લવણસમુદ્રના બે લાખનો, અને ધાતકીખંડના ચાર લાખનો સરવાળો સાત લાખ યોજન થાય છે. એ રીતે સૂત્રમાં દર્શાવેલ અંતર સિદ્ધ થાય છે. ાસૂ. ૧૬૯ા

## આઢ ઔર દશ લાખ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

આઠ લાખનાં સમવાયો આ પ્રમાણે છે.--"माहिंदेणंकप्पे" इत्यादि ।

ટીકાર્થ–માહેન્દ્ર નામના દેવલોકમાં આઠ લાખ વિમાનાવાસ છે. ાસૂ. ૧૭૦ા

દસ લાખનાં સમવાયો આ પ્રમાણે છે--"पुरिससीहेणं" इत्यादि ।

ટીકાર્થ--પુરુષસિંહ નામના પાંચમાં વાસુદેવનું પૂર્ણ આયુષ્ય દસ લાખ વર્ષનું હતું. એટલુ આયુષ્ય પૂરૂ કર્યા પછી તેઓ મરીને પાંચમી પૃથ્વીમા નારકીની યોનિમા ઉત્પન્ન થયા ાસૂ. ૧૭૧ા

## એક કરોડ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર એક કરોડનાં સમવાયો બતાવે છે--"समणे भगवं महावीरे" इत्यादि ।

ટીકાર્થ--શ્રમણ ભગવાન મહાવીરે તીર્થંકર ભવ ગ્રહણ કર્યા પહેલાં પશ્ચાનુપૂર્વીની અપેક્ષાએ પોટ્ટિલ રાજપુત્રના છઠ્ઠા ભવમાં એક કરોડ વર્ષ સુધી ચારિત્ર પર્યાયનું પાલન કર્યું હતું. ત્યારબાદ આયુષ્ય પૂરૂં કરીને મરીને તેઓ- સહસ્ત્ર ર કલ્પમાં સર્વાર્થસિદ્ધ બિમાનમાં દેવના પર્યાયે ઉત્પન્ન થયા હતા.

**ભાવાર્થ**—આ સૂત્રદ્વારા સૂત્રકારે એક કરોડનાં સમવાયો બતાવ્યાં છે. તેમાં તેમણે ભગવાન મહાવીરનો છઠ્ઠો ભવ બતાવ્યો છે. ભગવાન મહાવીર તીર્થંકર થયા તે પહેલાંનાં છઠ્ઠા ભવમાં પોટ્ટિલ નામના રાજકુમાર હતા. તે ભવમાં તેમણે એક કરોડ વર્ષ સુધી ભગવતી દીક્ષા પાલન કરી હતી. ત્યાંથી કાલધર્મ (મૃત્યુ) પામીને તેઓ આઠમાં દેવલોકમાં દેવની પર્યાયે ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવીને રથપુર નામના નગરમાં રાજકુળમાં તેઓ જન્મ પામ્યા. ત્યાં તેઓ વિમલ નામના રાજપુત્ર તરીકે ઓળખાતા, તે ભવમાં તેમણે જીવન પર્યન્ત દયાધર્મનું પાલન કર્યું અને ત્યાંથી મરીને છત્રા નામની નગરીમાં નન્દ નામના રાજપુત્ર તરીકે જન્મ લીધો. ત્યારે તેમણે યોગ્ય સમયે દીક્ષા લીધી અને માસ માસ ક્ષપણની સતત એક લાખ વર્ષ સુધી તપસ્યા કરી. ત્યાંથી આયુષ્ય સમાપ્ત કરીને તેઓ પ્રાણત નામના દસમ દેવલોકમાં પુષ્પોત્તરવર વિજય પુંડરીક નામના વિમાનમાં દેવ થયા. ત્યાંથી ભવ-સ્થિતિ પૂરી કરીને બ્રાહ્મણ કુંડ ગ્રામમાં ઋષભદત્ત બ્રાહ્મણની પત્ની દેવાનંદાની કુક્ષિમા બ સો દિવસ સુધી રહ્યા. ૮૩ માં દિવસે, શક્રની આજ્ઞાનુસાર કાર્ય કરવાને તત્પર બનેલ હરિણૈગમેષી દેવે તે ગર્ભનું સંહરણ કરીને તેને ક્ષત્રિયકુંડ ગ્રામના રાજા સિદ્ધાર્થની ધર્મપત્ની ત્રિશલા મહારાણીના ગર્ભમાં મૂકયો. તેમણે તીર્થંકર પ્રકૃતિનો બંધ બાંધ્યો હતો, તેથી તીર્થંકરરૂપે ત્રિશલા મહારાણીના ગર્ભમાં તેમનો જન્મ થયો, ।।સૂ. ૧૭૨।।

## સાગરોપમ કોટાકોટિ સંખ્યા વિશિષ્ટ સમવાય કા નિરૂપણ

હવે સૂત્રકાર સાગરોપમ કોટાકોટીનાં સમવાયો બતાવે છે—**"उसभ सिरिस्स भगवओ" इत्यादि ।**

ટીકાર્થ—આદિ તીર્થંકર ઋષભનાથ ભગવાન અને અન્તિમ તીર્થંકર શ્રી મહાવીર ભગવાન વચ્ચે સાગરોપમ કોટી કોટી સમયનું અંતર કહેલ છે, ।।સૂ. ૧૭૩।।

## દ્વાદશાંગ કે સ્વરૂપ કા નિરૂપણ

આ શાસ્ત્રમાં "સામાન્યરૂપે આત્મા એક છે, અનાત્મા એક છે." ત્યાંથી શરૂ કરીને સંખ્યા ક્રમની અપેક્ષાએ સાગરોપમ કોટી કોટી સુધીના સમવાયો કહેલ છે. તે બધા વિશેષરૂપે (વિસ્તારથી) દ્વાદશાંગમાં વિદ્યમાન છે. તેથી સૂત્રકાર હવે દ્વાદશાંગનું સ્વરૂપ બતાવે છે—**"दुवालसंगे" इत्यादि ।**

ટીકાર્થ—દ્વાદશાંગને ગણિપિટક કહેવાય છે. રત્નત્રયરૂપ ગુણ સમુદાયને 'ગણ' કહે છે. એ 'ગણ' જેમનામાં હોય છે તેમને ગણી કહે છે. એવા ગણી આચાર્ય હોય છે. રત્નમંજૂષા સમાન તેમનું જે પિટક છે. તેનું નામ ગણિપિટક છે. એવું ગણિપિટક દ્વાદશાંગ છે. તે પિટકના દ્વાદશ (બાર) અંગ આ પ્રમાણે છે—(૧) **(आयारे)** આચારાંગ, (૨) **(सूयगडे)** સૂત્રકૃતાંગ, (૩) **(ठाणे)** સ્થાનાંગ, (૪) **(समवाये)** સમવાયાંગ, (૫) **(विवाह पन्नत्ती)** ભગવતી સૂત્ર, (૬) **(णायाधम्म-कहाओ)** જ્ઞાતાધર્મ કથા, (૭) **(उवासगदसाओ)** ઉપાસક દશાંગ, (૮) **(अंतगडदसाओ)** અંતકૃત દશાંગ, (૯) **(अणुत्तरोववाइयदसाओ)** અનુત્તરોપપાતિક દશાંગ (૧૦) **(पण्हावागरणं)** પ્રશ્નવ્યાકરણ, (૧૧) **(विवागसूय)** વિપાકસૂયશ્રુત, અને (૧૨) **(दिट्ठिवाए)** દૃષ્ટિવાદ. ॥સૂ. ૧૭૪।

## દ્વાદશઅંગો મેં પ્રથમ અંગ આચારાંગ કે સ્વરૂપ કા નિરૂપણ

શબ્દાર્થ—**(आयारे णं)** આયારાંગમાં **(णं)** નિર્ણિત કરીને **(आयारे)** આચા - જ્ઞાનાચાર આદિ પાંચ આચાર, **(गोयर)** ગોચર—ભિક્ષા ગ્રહણ કરવાની વિધિ **(विणय)** વિનય-ગુરુની શુશ્રૂષા, **(वेणइय)** વૈનયિક—વિનયથી મળતું કર્મક્ષયાદિ રૂપ ફળ, **(ठाण)** સ્થાન-સ્થિતિ—કાયોત્સર્ગ, બેસવાનું અને સુવાનું **(गमण)** ગમન—

વિચાર ભૂમિ આદિમાં જવું તે, (चंकमण) चंक्रमण–રોગાદિકને કારણે યતનાપૂર્વક ફરવું, (पमाण) प्रमाण–આહાર પાણી, ઉપધિ આદિની મર્યાદા, (जोगजुंजण) योगयोजन–સ્વાધ્યાય, પ્રતિલેખના આદિ ક્રિયામાં મન, વચન કાયાના યોગોને લગાડવા, (भासा) भाषा–સત્યરૂપ, વ્યવહારરૂપ, (સમિતિ) સમિતિ-ઈર્યા સમિતિ આદિ પાંચ સમિતિ, (गुत्ती) गुप्ति–મનો ગુપ્તિ આદિ ત્રણ ગુપ્તિ, (सेज्जोवहि भत्तपाण–उग्गम–उप्पायण–एसणा–विसोहि सुद्धासुद्धग्गहणं) शय्योपधि भक्त-पानोद्गमोत्पादनैषणाविशोधिशुद्धाशुद्धग्रहणम् ) શય્યા–પથારી, (उवहि) ઉપધિ-વસ્ત્ર વગેરે (भत्त) ભક્ત–આહાર, (पाण) પાન-ચોખા વગેરેનું ધોવણ અથવા ગરમ પાણી એ બધાના (उग्गम) उद्गम–સોળ ઉદ્ગમના દોષો, (उप्पायण) उत्पादन–સોળ ઉત્પાદન દોષો, (एसणा) एषणा–દસ એષણાનાં દોષો એ બેંતાળીસ દોષોની (विसोहि) विशोधी–વિશુદ્ધિ કરીને શુદ્ધ ગ્રહણ કરવું, તથા (असुद्ध) અશુદ્ધ–નવદીક્ષિત બાલ તથા ગ્લાન આદિને માટે નિત્યપિંડ આદિનું ગ્રહણ કરવું, (वय) વ્રત-મહાવ્રત, (णियम) નિયમ–ખાસ પ્રકારના અભિગ્રહ, (तवोवहाण) તપોપધન–અનશન આદિ બાર પ્રકારના તપ, અંગોપાંગ આદિના અધ્યયનને માટે આયંબિલ આદિ કરવારૂપ ઉપધાન,(सुप्पसत्थं)सुप्रशस्तं-ઉપરોક્ત સઘળી બાબતોનું પ્રશસ્ત રીતે (आहिज्जइ) आख्यायते–આચારાંગસૂત્રમાં કથન કરવામાં આવ્યું છે (से समासओ पंचविहे पण्णत्ते) तत् समासतः पंचविधः प्रज्ञप्तः–તે આચાર સંક્ષિપ્તમાં જે પાંચ પ્રકારના કહેલ છે. (तंजहा) તે આ પ્રમાણે છે–(णाणायारे) જ્ઞાનાચાર, (दंसणायारे) દર્શનાચાર, (चरित्तायारे) ચારિત્રાચાર (तवायारे) તપ આચાર અને (वीरियायारे) વીર્યાચાર (आयारस्स णं परित्ता वायणा) आचारस्य खलु परीता वाचनाः—આચારાંગમાં સંખ્યાન વાચના છે. (संखेज्जा अणुयोगदारा) संख्याता अनुयोगदाराः–સંખ્યાત અનુયોગદ્વાર છે, (संखेज्जा पडिवत्तीओ) संख्याताः प्रतिपत्तयः–સંખ્યાત પ્રતિપત્તિયો છે, (संखेज्जा वेढा) संख्याताः वेष्टकाः–સંખ્યાત વેષ્ટક છે. (संखेज्जाः सिलोगा) संख्याताः श्लोकोः–સંખ્યાત શ્લોકો છે, (संखेज्जाओ निज्जुत्तीओ) संख्याताः

निर्युक्तयः—અને સંખ્યાત નિર્યુક્તિયો છે. (सेणं अंगट्टयाए) तत्खलु अङ्गार्थतया—તે આચારાંગ અંગની અપેક્ષાએ (पढमे अंगे) પહેલું અંગ છે. (दो सुयक्खंधा) द्वौ श्रुतस्कन्धौ—તેના બે શ્રુતસ્કન્ધ છે, (पणवीसं अज्झयणा) पञ्चविंशतिरध्ययनानि—પચીશ અધ્યયનો છે, (पंचासीइं उद्देसणकाला) पञ्चाशीतिं उद्देशनकालान्—પંચાશી ઉદ્દેશન કાળ છે, (पंचासीइ समुद्देसणकाला) पञ्चाशीतिं समुद्देशनकालान्—અને પંચાશી સમુદ્દેશનકાળ છે अट्टारस पदसहस्साइं पदग्गेणं ) अष्टादशपदसहस्त्राणि पदाग्रेण—આ અંગમા અઢાર હજાર પદ છે, (संखेज्जा अक्खरा) संख्यातानि अक्षराणि—સંખ્યાત અક્ષરો છે, (अणंता गमा) अनन्ताः गमाः—અનન્ત ગમ છે, (अणंता पज्जवा) अनन्ताः पर्यायाः—અનન્ત પર્યાયો છે. (परित्ता तसा) परीता त्रसाः—અસંખ્યાત ત્રસ છે, (अणंता थावरा) अनन्ताः स्थावरः—અનંત સ્થાવર છે, ઉપરોક્ત સઘળા (जिणपण्णत्ता भावा) જિનોકત જીવાદિ પદાર્થો, કે જે (सासयकडनिबद्धनिकाइया) शाश्वतकृत निबद्ध निकाचितानिः—દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ (सासय) શાશ્વત છે. પર્યાયાર્થિક નયની અપેક્ષાએ અનિત્ય છે, નિબદ્ધ—સૂત્રરૂપે ગ્રથિત છે, निकाचित નિર્યુકિત હેતુ અને ઉદાહરણથી યુકત છે તે સઘળા જીવાદિક પદાર્થોનું આ આચારાંગસૂત્રમાં (आघविज्जंति) आख्यायन्ते—સામાન્ય અને વિશેષરૂપે કથન કરાયું છે, (पण्णविज्जन्ति) प्रज्ञाप्यन्ते—વચન પર્યાયથી અથવા, નામાદિના ભેદથી કથન કરાયું છે. (परूविज्जंति) प्ररूप्यन्ते—સ્વરૂપ પ્રદર્શન સહિત વર્ણન કરાયું છે. (दंसिज्जंति) दर्श्यन्ते—ઉપમાન, ઉપમેય આદિ દ્વારા સમજાવવામાં આવેલ છે, (निदंसिज्जंति) निदर्श्यन्ते—અન્ય જીવોની દયાને માટે તથા ભવ્ય જીવોના કલ્યાણને નિમિતે વારંવાર નિશ્ચયપૂર્વક કહેવામાં આવેલ છે, (उवदंसिज्जंति) उपदर्श्यन्ते—ઉપનય

અને નિગમનથી અથવા સકળ નયોના અભિપ્રાય અનુસાર શિષ્ય જનોના મગજમાં નિઃસંદેહપણે તેમની સ્થાપના કરવામાં આવેલ છે, **(से एवं आया) स एवमात्मा**–જે જીવ આ આચારાંગનું ભાવપૂર્વક સારી રીતે અધ્યયન કરે છે, તે તેમાં દર્શાવેલ ક્રિયાઓનું સમ્યક્ અનુષ્ઠાન કરવાથી આત્મ સ્વરૂપ બની જાય છે. અને **(एवंणाया) एवं ज्ञाता**–તેનો અભ્યાસ કરીને સમસ્ત પદાર્થનો જાણકાર બને છે, **(एवंविण्णाया) (एवं विज्ञाता**–તેનું સારી રીતે અધ્યયન કરનાર વિવિધ વિષયનો જાણકાર થાય છે. એટલે કે સ્વસમય પર સમયનો જ્ઞાતા થાય છે. હવે ઉપરોક્ત કથનનો ઉપસંહાર કરતા સૂત્રકાર કહે છે— **(एवं चरणकरण परूवणा) एवं चरणकरण प्ररूपणा**–આ પ્રમાણે આ સૂત્રમાં ચરણ-વ્રત, શ્રમણ-ધર્મ, સંયમ આદિની **करण**–પિંડવિશુદ્ધિ, સમિતિ આદિની પ્રરૂપણા **(आघविज्जइ) आख्यायते**–સામાન્ય તથા વિશેષરૂપથી કરવામાં આવી છે. **(पण्णविज्जइ)प्रज्ञाप्यते**–વચનપર્યાયથી અથવા નામાદિના ભેદથી કરવામાં આવી છે, **(परूविज्जइ) प्ररूप्यते**–સ્વરૂપ પ્રદર્શન પૂર્વક કરવામાં આવી છે, **(दंसिज्जइ) दर्श्यते**–ઉપમાન ઉપમેય ભાવ આદિથી કરવામાં આવી છે, **(निदंसिज्जइ) निदर्श्यते**–અન્ય જીવોની દયાને માટે તથા ભવ્ય જીવોના કલ્યાણને માટે વારંવાર કરવામાં આવી છે, **(उवदंसिज्जइ) उपदर्श्यते**–ઉપનય અને નિગમન દ્વારા તથા સકળ નયના અભિપ્રાય અનુસાર શિષ્યોની બુદ્ધિમાં નિઃસંદેહ સ્થાપિત કરવામાં આવી છે આ પ્રમાણે આચારાંગનું સ્વરૂપ બતાવીને સૂત્રકાર શિષ્યને કહે છે—**(से तं आयारे)स एष आचारः**–હે જંબૂ ! તમે આચારાંગ સૂત્રનો જે ભાવ પૂછયો હતો તે ઉપરોક્ત જ્ઞાનાચાર આદિરૂપ સમજવો.

ટીકાર્થ—હવે સૂત્રકાર દ્વાદશ અંગોમાંના પહેલા આચારાંગ નામના અંગનું પ્રશ્નોત્તરપૂર્વક સ્વરૂપ દર્શાવે છે—**से किं तं आयारे''** इत्यादि।

ગણિપિટકરૂપ દ્વાદશ (બાર) અંગમાંનું પહેલું અંગ આચારાંગ છે, એ વાત આગળ કહેવામાં આવી ગઇ છે. શિષ્ય પૂછે છે કે 'તે આચારાંગ કેવું છે?' એજ પ્રશ્ન

આ પદ દ્વારા સૂત્રકારે પ્રગટ કર્યો છે. એટલે કે શિષ્ય પૂછે છે કે હે ભદન્ત ! આપે આચારાંગને દ્વાદશાંગશ્રુતરૂપ પુરુષનું પહેલું અંગ કહ્યું છે, તો તે આચારાંગનું સ્વરૂપ કેવું છે ? ઉત્તર–હે શિષ્ય ! નિર્ગ્રન્થ શ્રમણોના આચાર, ગોચર, વિનય, વૈનાયિક, સ્થન, ગમન, ચંક્રમણ, પ્રમાણ, યોગયોજન. ભાષા, સમિતિ, ગુપ્તિ, શય્યા, ઉપધિ ભકતપાનનું શુદ્ધાશુદ્ધ ગ્રહણ, નિયમ તપ અને ઉપધાન વગેરે સહિતનું આ આચારાંગ સુપ્રશસ્ત કહેલ છે. એટલે કે આચારાંગ દ્વારા શ્રમણ નિર્ગ્રન્થોના આચાર આદિથી લઈને ઉપધાન સુધીની ક્રિયાઓનું વર્ણન કરાયું છે અથવા આચારાંગદ્વારા પૂર્વોકત વસ્તુઓનું નિરૂપણ કરાયું છે. તે આચાર, ગોચર આદિ પદોનો અર્થ આ પ્રમાણે છે–આચારના પાંચ પ્રકાર છે– જ્ઞાનાચાર, દર્શનાચાર ચારિત્રાચાર, તપ આચાર અને વીર્યાચાર ભિક્ષા લેવાની વિધિને 'ગોચર' કહે છે. જેમ ગાય પરિચિત તેમજ અપરિચિત ક્ષેત્રમાં ઘાસ ચરવા જાય છે તેમ સાધુ પણ પરિચિત, અપરિચિત બન્ને સ્થાનોમાં ભિક્ષા વહોરવા જાય છે, એ જ વાતનો 'ગોચર' પદ દ્વારા નિર્દેશ કરાયો છે. જેના દ્વારા કર્મોનો ક્ષય કરાય છે તે ક્રિયાને વિનય કહે છે, એ પ્રમાણેની વિનય શબ્દની વ્યુત્પત્તિ છે. તે વિનય જ્ઞાનાદિરૂપ અથવા ગુરુજનની શુશ્રૂષારૂપ હોય છે. તે વિનયના પાલનથી કર્મક્ષયરૂપ જે ફળ પ્રાપ્ત થાય છે તને "વૈનયિક" કહે છે. 'સ્થાન' શબ્દનાં અર્થ 'સ્થિતિ' થાય છે. તે સ્થિતિના ત્રણ પ્રકાર છે – કાયોત્સર્ગ, ઉપવેશન, અને શયન વિચારભૂમિ આદિમાં જવાની ક્રિયાનું નામ ગમન છે. રોગાદિક કારણે અશકત બનેલ સાધુ વડે શક્તિની પ્રાપ્તિ માટે આમ તેમ થોડી થોડી લટાર મારવી તે ક્રિયાને "ચંક્રમણ" કહે છે આહાર પાણીનો ઉપયોગ કરવાની તથા ઉપધિ આદિની મર્યાદા બાંધવી તેનું નામ "પ્રમાણ" છે. સ્વાધ્યાય, પ્રત્યુપેક્ષણ આદિ સાધુના જે કર્તવ્યો છે. તેમાં આત્માને પ્રવૃત્ત કરવો તેનું નામ "યોગયોજન" છે. સત્યરૂપ અને વ્યવહારરૂપ ભાષાને 'ભાષા' કહે છે. ઇર્યાસમિતિ આદિ પાચ સમિતિયો છે. તેમાં પ્રત્યેક ક્રિયા યત્નાચાર પૂર્વક કરાય છે. મનોગુપ્તિ આદિ ત્રણ ગુપ્તિયો છે તથા શય્યા–વસતિ, ઉપધિ–વસ્ત્રાદિક, ભક્ત–આહાર, પાન–ચોખા, તલ આદિનું ધોવણ અથવા ગરમ પાણી, એ બધી વસ્તુઓ ઉદ્દ્ગમ, ઉત્પાદન, એષણાવિશુદ્ધિથી શુદ્ધ હોય તો લેવી, તથા નવદીક્ષિત બાલ, ગ્લાન આદિને માટે નિત્યપિંડ આદિ ગ્રહણ કરવા તે ક્રિયાને શય્યા, ઉપધિ, ભક્તપાનાનું શુદ્ધાશુદ્ધ ગ્રહણ કરે છે. પ્રાણાતિપાત આદિ સાવદ્ય-ક્રિયાઓ કરતા અટકવું તેનું નામ 'વ્રત' છે. અભિગ્રહ વિશેષને નિયમ કહે છે.

અનશન આદિ બાર પ્રકારનાં તપ છે. અંગ અને ઉપાંગ આદિના અધ્યયનને માટે આયંબિલ આદિ તપસ્યાઓ કરવી તેનું નામ "ઉપધાન" પાંચ પ્રકારના જે આચાર કહ્યા છે તે આ પ્રમાણે છે—જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપ આચાર, અને વીર્યાચાર જેનો વિષય શ્રુતજ્ઞાન છે તે આચારનુ નામ જ્ઞાનાચાર છે જિન વચનમાં રુચિ રાખવી તેનું નામ દર્શનાગાર છે. તેના આઠ પ્રકાર છે-કાલ, વિનય, બહુમાન, ઉષધાન, અનેહ્નવ, વ્યંજન, અર્થ અને તદુભય, અહીં વ્યંજન' એટલે 'પદ' સમજવાનું છે. તેનો ભાવાર્થ એ છે કે સૂત્રમાંના પદોનું ઉચ્ચારણ શુદ્ધતાથી કરવું તેને વ્યંજનાચાર કહે છે. સમ્યકત્વશાળી જીવોના જે નિઃશકિત, નિષ્કક્ષિત, નિર્વિચિકિત્સા, અમૂઢદૃષ્ટિ, ઉપબૃંહા, સ્થિરીકરણ, વાત્સલ્ય, અને પ્રભાવરૂપ આઠ પ્રકારના વ્યવહાર હોય છે તેને દર્શનાચાર કહે છે. સાધર્મિક જીવોની વૃદ્ધિ કરવી અને તેમનું પોષણ કરવું તેનું નામ '**उपबृंहा**' છે. ચારિત્રશાળી જીવોના સમિતિઓ, ગુપ્તિયો આદિનું પાલન કરવારૂપ વ્યવહારને ચારિત્રાચાર કહે છે. અનશન આદિ બાર પ્રકારનાં તપનું આચરણ કરવું, તેને તપ આચાર કહે છે. જ્ઞાન, દર્શન આદિની આરાધનામાં બાહ્ય અને અભ્યન્તિરિક શકિતને ન છુપાવવી તેનું નામ વીર્યાચાર છે. આચારાંગની વાચનાઓ-સૂત્ર અને અર્થનાં અધ્યયનરૂપ ક્રિયાઓ સંખ્યાત છે. અથવા અવસર્પિણી ઉત્સર્પિણી કાળને ગણતાં કાળત્રયની અપેક્ષાએ અનંત પણ હોઈ શકે છે. સૂત્રાર્થની વિધિનું નામ અનુયોગ છે. તે અનુયોગના ઉપક્રમ, નિક્ષેપ, અધિગમ અને નયરૂપ સંખ્યાત દ્વાર છે, તથા પરમત-સંમત પદાર્થો દર્શાવનાર અથવા સાધુજનોની પ્રતિમાઓ આદિના અભિગ્રહરૂપ પ્રતિપત્તિયો પણ સંખ્યાત છે. જ્ઞાનાદિક કોઈ એક વિષયના પ્રતિપાદક વગનરૂપ અથવા આર્યા, ઉપગીતિ આદિ છંદ વિશેષરૂપ વેષ્ટક સંખ્યાત છે. અનુષ્ટુપ આદિ શ્લોક પણ સંખ્યાત છે. સુત્રાભિમાન પદાર્થોનું પ્રતિપાદન કરનારી યુકિતયોને નિર્યુકિતયો કહે છે. એવી નિર્યુકિતયો પણ સંખ્યાત છે. આચારાંગ પ્રવચન પુરૂષના અંગરૂપે પહેલું અંગ છે. આચારાંગને જે પહેલું અંગ કહેલ છે તે અંગોની રચના કર્યા પછી તેના ક્રમસંનિવેશની અપેક્ષાએ કહેલ છે આમ તો રચનાની અપેક્ષાએ બારમું જે દૃષ્ટિવાદ નામનું અંગ છે એ જ પ્રથમ અંગ છે. કારણ કે સર્વપ્રવચનોની અપેક્ષાએ પહેલા તેને કહેલ છે. આ આચારાગના અધ્યયન સમૂહરૂપ બે શ્રુતસ્કંધ છે. બન્નેમાં મળીને પચીશ (૨૫) અધ્યયન છે. પહેલા શ્રુતસ્કંધમાં નવ અને બીજા શ્રુતસ્કંધમાં સોળ છે. તેમનાં નામ આ પ્રમાણે છે—(૧) શસ્ત્રપરિજ્ઞા, (૨) લોકવિજય, (૩) શીતોષ્ણીય, (૪) સમ્યકત્વ. (૫) આવન્તી, (૬) ધુત, (૭) વિમોહ, (૮) મહાપરિજ્ઞા. (૯) ઉપ-

ધાનશ્રુત, એ નવ પ્રથમ શ્રુતસ્કંધના અધ્યયનો છે. (૧) પિંડૈષણા, (૨) શય્યૈષણા, (૩) ઇર્યૈષણા, (૪) ભાષૈષણા, (૫) વસ્ત્રૈષણા, (૬) પાત્રૈષણા, (૭) અવગ્રહ-પ્રતિમા સપ્ત સપ્તૈકિકા—તેમાં (૧) સ્થાન સપ્તૈકક, (૨) નૈષેધિકી સપ્તૈકક, (૩) સ્થંડિલ સપ્તૈકક, (૪) શબ્દ સપ્તૈકક, (૫) રૂપ સપ્તૈકક, (૬) પરિક્રિયા સપ્તૈકક, અને (૭) અન્યોન્યક્રિયા સપ્તૈકક એ સાત અધ્યયન છે. એટલે ત્યાં સુધીના ચૌદ અધ્યયન થઇ જાય છે. (૧૫) ભાવના અને (૧૬) વિમુક્તિ. એ સોળ અધ્યયન દ્વિતીયશ્રુત સ્કંધમાં છે. આચારાંગમાં નિશીથ નામનો પણ એક અધ્યયન છે. આ રીતે ૨૬ છવ્વીસ અધ્યયનો કહેવા જોઇએ. પણ નિશીથ નામના અધ્યયનનો તેમાં સમાવેશ કર્યો નથી. તેથી ૨૫ પચીસ અધ્યયન જ ગ્રહેલ છે. સૂત્રાધ્યયન કાલરૂપ ૮૫(પંચાસી) ઉદ્દેશનકાલ છે, તે આ પ્રમાણે છે—શસ્ત્રપરિજ્ઞા નામના પહેલા અધ્યયનથી અવગ્રહ-પ્રતિમા નામના જે સોળ અધ્યયન છે. તેમના અનુક્રમે સાત, છ, ચાર, ચાર, છ, પાંચ, આઠ, સાત, ચાર, અગિયાર, ત્રણ, ત્રણ, બે, બે, બે બે ઉદ્દેશનકાલ છે. તેમનો સરવાળો ૭૬ છોતેર થાય છે. તથા સપ્તસપ્તૈકિકા નામના જે સાત અધ્યયન છે, તથા ભાવના અને વિમુક્તિ નામના પંદરમાં અને ૧૬માં અધ્યયન છે, તે પ્રત્યેક અધ્યયનનો એક એક ઉદ્દેશનકાલ છે. આ રીતે ૭૬–૯-૮૫ ઉદ્દેશનકાળ થાય છે.સમુદ્દેશનકાળ પણ ૮૫ પંચાસી જ છે. તે કાળ પણ સૂત્રાધ્યયન સમયરૂપ છે. આ અધ્યયન મા૧૮૦૦૦ અઢાર હજાર પદો છે. અર્થયુકત શબ્દ સ્વરૂપને 'પદ કહે છે. શંકા-"અહીં જે પદનું પ્રમાણ અઢાર હજારનું કહ્યું છે તે પ્રમાણ જો બન્ને શ્રુતસ્કંધના ૨૫ પચીસ અધ્યયનોનુ હોય તો **'नव बंभचेर मइओ अट्ठारस पद सहस्सिओ वेओ'** આ કથનની વિરૂદ્ધ લાગે છે." ઉત્તર—"બે શ્રુતસ્કંધ છે, પચીસ અધ્યયન છે, પંચાશી (૮૫) ઉદ્દેશનકાળ છે, અને પંચાશી (સમુદ્દેશનકાળ છે." એવું જે કહેવામાં આવેલ છે તે આચારાંગનુ પ્રમાણ છે. અને **"अट्ठारसपदसहस्साइं पदग्गेणं"** એવું જે કહેલ છે તે પ્રથમ શ્રુત સ્કંધના નવ બ્રહ્મચર્યાધ્યયનનું પ્રમાણ સમજવાનું છે. આ આચારાંગમાં વેષ્ટક વગેરે સંખ્યાત હોવાથી અક્ષરનું પ્રમાણ સંખ્યાત છે. **"अणंता गमा"** અનંત ગમ છે. 'ગમ' શબ્દનો 'અર્થ' થાય છે. પદાર્થબોધ, તે અનંત-અંત રહિત છે. તેમાં આ પ્રકારે અનંતતા છે—**"एगे आया"** ઈત્યાદિરૂપ એકજ સૂત્રથી તે, તે વિશિષ્ટ ધર્મ વડે અનંત ધર્માત્મક વસ્તુનો બોધ થાય છે. એટલે કે વસ્તુઓ અનંત ધર્મવાળી છે-પણ **"एगे आया"** ઇત્યાદિ સૂત્રથી તે વસ્તુમાં કોઇ દૃષ્ટિએ અન્ય ધર્મને ગૌણ કરીને એકત્વ ધર્મનો બોધ

થાય છે. કોઈ બીજા સૂત્રથી એ જ વસ્તુમા એકત્વની મુખ્યતાથી અનેકત્વનો બોધ થાય છે, કોઈ દૃષ્ટિબિન્દુથી ક્રમશઃ બન્નેની મુખ્યતા કરીને એકત્વ અને અનેકત્વ, એ બન્નેનો એક સાથે બોધ થાય છે, તે યુગપત્ (બન્ને) ધર્મોનું પ્રતિપાદન થઇ શકતું નથી. તેથી કોઇ અપેક્ષાએ (દૃષ્ટિએ) તે વસ્તુમાં અવકતવ્યતા આવી જાય છે. ઈત્યાદિ સપ્તભંગીરૂપથી વસ્તુમાં રહેલ ધર્મોનો બોધ થાય છે. તેથી અનંત ધર્મ-વાળી વસ્તુનો તે, તે વિશેષ ધર્મ વડે બોધ થવાથી અનંત સપ્તભંગિયો તે વસ્તુની સાથે સંકળાયેલી રહે છે. એજ અનંત ધર્મોવાળી વસ્તુની તે, તે ધર્મની અપેક્ષા એ પ્રતિપત્તિ થાય છે. એવી પ્રતિપત્તિયોની (બોધોની) કોઇ નિયત સંખ્યા નથી. તેથી 'ગમ' અનંત કહ્યા છે. અથવા-સામાન્ય યોગ્યતા અને સંકેતની અપેક્ષાએ અભિધાન અને અભિધેયને આધારે ગમ-વસ્તુનું જ્ઞાન થાય છે. વસ્તુઓમાં એવાં-જ્ઞાન, અભિધાન અને અભિધેયની અનંતતાને લીધે અનંત પણ હોઇ શકે છે- તેથી અભિધાન અને અભિધેયની અનંતતાને લીધે જ્ઞાન-ગમ પણ અનંત છે. પદાર્થના ધર્મને પર્યાય કહે છે. તે પદાર્થધર્મ અનંત છે. જે જીવો પોતાને રહેવાના સ્થાનની ગરમી આદિથી દુઃખી થવાને કારણે છાયા આદિના સેવનને માટે બીજે સ્થાને જાય છે તેમને 'ત્રસ' કહે છે. એવા ત્રસ જીવો દ્વીન્દ્રિયથી લઇને પંચેન્દ્રિય સુધીના જીવો છે. તે ત્રસ જીવો પણ અસંખ્યાત છે-અનંત નથી. સ્થાવર જીવો શીત, તાપ, આદિથી દુઃખી થવા છતાં પણ બીજી જગ્યાએ જવાને અસમર્થ હોય એવા પૃથ્વીકાય, જળકાય, તેજકાય, વાયુકાય અને વનસ્પતિકાલ એકેન્દ્રિય જીવો અનંત છે. કારણ કે વનસ્પતિકાય અનંત છે. તેથી તેમની અનંતતાને લીધે સ્થાવર જીવોમાં અનંતતા કહી છે. ઉપર દર્શાવેલ સઘળા જીવાદિક પદાર્થ દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ શાશ્વત-નિત્ય છે. પણ પર્યાયાર્થિકનયની અપેક્ષાએ પ્રતિસમય પરિણમન થતું હોવાથી અનિત્ય છે. સૂત્રમાં જ ગ્રથિત હોવાને કારણે નિબદ્ધ છે— આમ તેમ વિખરાયેલ નથી. નિર્યુક્તિ, હેતુ, ઉદાહરણ આદિથી એ જીવાદિક ભાવ સુપ્રતિષ્ઠિત કરાયેલ હોવાથી નિકાચિત છે. તેમનું મૂળ પ્રતિપાદન તીર્થંકરો દ્વારા થયેલ હોવાથી તેઓ તીર્થંકર પ્રણીત છે. તે વિશેષણોથી યુકત તે બધા જીવાદિક પદાર્થોનું આ આચારાંગમાં સામાન્યરૂપે તથા વિશેષરૂપે પ્રતિપાદન કરાયું છે, વચન પર્યાયથી અથવા નામ આદિના ભેદથી તેમની પ્રરૂપણા કરવામાં આવી છે. સ્વરૂપના કથન દ્વારા તેમની સારી રીતે વિવેચના થઈ છે. ભવ્ય જીવોના કલ્યાણને માટે તેમનું વારંવાર કથન કરાયું છે. ઉપનય અને નિગમનથી અથવા સકળ નયોના અભિપ્રાય અનુસાર શિષ્ય જનોની મતિમાં નિઃસંદેહપણે તેમની સ્થાપના કરવામાં

આવી છે. હવે સૂત્રકાર આ આચારાંગના અધ્યયનનું શું ફળ પ્રાપ્ત થાય છે તે બતાવે છે--જે વ્યકિત આ આચારાંગનું ભાવસહિત અધ્યયન કરે છે તે વ્યકિતને આત્માનું સ્વરૂપ બરાબર જાણવા મળે છે. એટલે કે—આચારાંગ પ્રતિપાદિત ક્રિયારૂપ પરિણામથી જયારે તે પરિણત થઇ જાય છે. ત્યારે તે આત્માસ્વરૂપ બની જાય છે. તેથી તેને આત્મા કેવો હોય છે તેનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. ક્રિયા આચરણ-ચારિત્ર જ જેનો સાર છે તેવું જ્ઞાન જ કલ્યાણકારી હોય છે, તે વિષય બતાવવાને માટે ક્રિયા પરિણામનું કથન કરીને હવે સૂત્રકાર જ્ઞાનના વિષયમાં કહે છે કે **"एवं णाया"** જે જીવ આ આચારાંગનું ભાવ સહિત અધ્યયન કરે છે તે સર્વ પદાર્થ સમૂહનો જાણકાર થઇ જાય છે તથા **"एवं विण्णाया"** અનેક વિધ જ્ઞાનવાળો થાય છે. તેનું તાત્પર્ય એ છે કે જે રીતે આચારાંગમાં પરસમય (પર સિદ્ધાંતો)ના નિરાકરણપૂર્વક સ્વસમય સ્થાપિત થયો છે. એજ પ્રમાણે તેનું અધ્યયન કરનાર પણ પર સમય અને સ્વસમયનો જ્ઞાતા થઈને પરસમયનું નિરાકરણ કરનાર અને સ્વસમયનો સ્થાપક થાય છે. આ રીતે તે એક વધારે વિશિષ્ટ વ્યકિત બની જાય છે. હવે સૂત્રકાર વકતવ્યનો ઉપસંહાર કરતાં કહે છે કે આચાર, ગોચર, વિનય આદિના કથનથી આ આચારાંગમાં ચરણ-વિવિધ વ્રત, શ્રમણ ધર્મ, સંયમ આદિની કરણ અનેકવિધ પિંડ-વિશુદ્ધિ, સમિતિ આદિની સામાન્ય રીતે તથા વિશેષરૂપે પ્રરૂપણા કરવામાં આવી છે. વચનરૂપ પર્યાયથી અથવા નામાદિ ભેદથી તેમનું કથન કરાયું છે. સ્વરૂપનું કથન કરીને તેમની સારી રીતે વિવેચના કરવામાં આવી છે. ઉપમાન, ઉપમેયભાવ આદિ દ્વારા તેમની સારી રીતે પુષ્ટિ કરવામાં આવી છે. ભવ્ય જીવોના કલ્યાણની ભાવનાથી તેમનું વારંવાર કથન કરાયું છે. તથા ઉપનય અને નિગમન એ બન્નેની દૃષ્ટિએ અથવા સકળ નયોના અભિપ્રાયની અપેક્ષાએ તેમની સ્થાપના શિષ્યોની મતિમાં એવી રીતે કરવામાં આવી છે કે તેમના મનમાં કોઇ પણ પ્રકારનો સંદેહ રહેવા પામે નહીં આ પ્રમાણે પોતાના શિષ્ય જંબૂસ્વામીને સૂત્રકાર સૂધર્મા સ્વામી કહે છે કે "હે જંબૂ! તમે મને જે આચારાંગનું સ્વરૂપ પૂછયું તે જ્ઞાનાચાર આદિરૂપ છે." આ પ્રમાણે આ વિષય સમજવો. ।।સૂ. ૧૭૪।।

આ પ્રમાણે આચારાંગનું સ્વરૂપ જાણીને બીજા સૂત્રકૃતાંગનું સ્વરૂપ જાણવાની ઇચ્છાથી જંબૂસ્વામી સુધર્મા સ્વીમેને પૂછે છે—

શબ્દાર્થ—પ્રશ્ન-से किं तं सूयगडे(अथ किं तत्सूत्रकृतम्-હે ભદન્ત ! સૂત્રકૃતાંગનું સ્વરૂપ કેવું છે ?

ઉત્તર—(सूयगडेणं ससमया सूइज्जंति) सूत्रकृते खलु स्वसमयाः सूच्यन्ते-સૂત્રકૃતાંગમાં સ્વસિદ્ધાંતની પ્રરૂપણા કરવામાં આવે છે, (परसमया सूइज्जंति) परसमयाः सूच्यन्ते-પરસિદ્ધાન્તની પ્રરૂપણા કરાય છે, (ससमय-परसमया सूइज्जंति) स्वसमयपरसमयाः सूच्यन्ते-સ્વસિદ્ધાન્ત અને પરસિદ્ધાંતની પ્રરૂપણા કરાય છે, (जीवा सूइज्जंति) जीवाः सूच्यन्ते-જીવોની પ્રરૂપણા કરાય છે, (अजीवा सूइज्जंति) अजीवाः सूच्यन्ते-અજીવોની પ્રરૂપણા કરાય છે, (जीवाजीवा सूइज्जंति) जीवाजीवा सूच्यन्ते-જીવ અને અજીવની પ્રરૂપણા કરાય છે, (लोगो सुइज्जंति) लोकः सूच्यन्ते-લોકની પ્રરૂપણા કરાય છે, (अलोगो सुइज्जंति) अलोकः सूच्यन्ते—અલોકની પ્રરૂપણા કરાય છે, (लोगालोगा सुइज्जंति) લોક અને અલોકની પ્રરૂપણા કરાય છે. (सुयगडेणं जीवाजीवपुण्णपावासवसंवरणिज्जरणबंधमोक्खावसाणापयत्था सुइज्जति) सुत्रकृते खलु जीवाजीवपुण्य-पापास्रव-संवरनिर्जरा-बन्ध-मोक्षा-वसानाः पदार्थाः सूच्यन्ते-સૂત્રકૃતાંગમાં જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર નિર્જરા, બંધ, અને મોક્ષ એ નવ પદાર્થોનું સૂચન-પ્રરૂપણા-કરવામાં આવે છે. તથા ( कुसमयमोहमोहमइमोहियाणं) कुसमयमोहमोहमतिमोहितानां—કુસમયો-કુત્સિત સિદ્ધાંતવાળાનો મોહ-પદાર્થોના અયથાર્થ બોધના શ્રવણને કારણે ઉત્પન્ન થયેલ મોહથી મોહિત મતિવાળા ( संदेहजायसहजबुद्धिपरिणामसंसइयाणं ) सन्देहजातसहज बुद्धि संशयवितायां-કુસમય (કુત્સિત સિદ્ધાંતવાળા)ના સંસર્ગથી અથવા સ્વાભાવિક રીતે વસ્તુતત્ત્વ પ્રત્યે સંશયયુકત મતિવાળા (समणाणं अचिरकाल पव्वइयाणं) (श्रमणानां अचिरकालप्रव्रजितानां-નવદીક્ષિત શ્રમણોના (पावकर मलिनमइगुणविसोहणत्थ) પાપકર મલિન મતિગુણને નિર્મળ કરવાને માટે

(असोयस्स किरियावाइयसयस्स चउरासीए अकिरियवाईणं सत्तट्ठीए अण्णाणियवाईणं बत्तीसाए वेणइय वाईणं) अशीत्य धिकस्य क्रियावादिकशतस्य–એક સો એંશી (૧૮૦) ક્રિયાવાદી, चतुरशीतेः अक्रियाबादिनां–ચોર્યાશી (૮૪) પ્રકારના અક્રિયાવાદી, सप्तषष्टे अज्ञानवादिनां–સડસઠ (૬૭) પ્રકારના અજ્ઞાનવાદીઓ, અને द्वात्रिंशतः वैनयिकवादिनां–બત્રીસ પ્રકારના વૈનયિકવાદી, એ (तिण्हं तेवट्ठीणं अण्णदिट्ठियसयाणं) त्रयणां त्रिषष्ट्यधिकानां अन्य दृष्टिकशतानां-ત્રણસો ત્રેસઠ (૩૬૩) પાંખડીઓના મતોનું આ સૂત્રકૃતાંગમાં (वूहं किच्चा) व्यूहंकृत्वा–ખંડન કરીને (ससमये ठाविज्जई) स्वसमयः स्थाप्यते–સ્વસિદ્ધાંત સ્થાપિત કરાય છે. તથા (णाणादिट्ठंत वयण निस्सारं सुट्ठु दरिसयंता) नाना दृष्टान्त वचन निःसारं सुष्ठुदर्शयन्तः–પરમતના ખંડનને માટે અને સ્વમતની સ્થાપના (પ્રતિપાદન)ને માટે અનેક પ્રકારનાં દૃષ્ટાંતવચનોની મદદથી અને હેતુવચનો દ્વારા પરમતની નિઃસારતા અને સ્વમતની અખંડનીયતાને સારી રીતે દર્શાવનાર (विविहवित्थराणुगमपरमसब्भावगुणविसिट्ठा) विविधविस्तारानुगमपरमसद्भावगुणविशिष्टाः—વિજ્ઞેય જીવાદિ પદાર્થોનું સુગમનાથી જ્ઞાન થાય" એ હેતુથી વિસ્તારપૂર્વક અનેક પ્રકારે વર્ણનયુકત તથા "આ પદનો આ પ્રમાણે અર્થ થાય છે." એ પ્રમાણે નિશ્ચયપૂર્વકના કથનયુકત, (मोक्ख पहोयारगा) मोक्ष पथावतारकौ–મોક્ષને પંથે અથવા સમ્યગદર્શન આદિમાં જીવોને પ્રવૃત્ત કરનાર उयारा) उदारौ–દોષરહિત અને ગુણસહિત (अण्णाणंतमंधयारदुग्गेसु दीवभूया अज्ञानतमोन्धकारदुर्गेषु दीपभूतौ–અતિશય અજ્ઞાનરૂપ અંધકારમય દુર્ગમ તત્ત્વમાર્ગમાં પ્રકાશક હોવાથી દીપકના સમાન, सिद्धिसुगइ गिहुत्तमस्स सोवाणा चेवः सिद्धिसुगति गृहोत्तमस्य सोपानानोव–સિદ્ધિ, સુગતિ–મોક્ષની પ્રાપ્તિ, અથવા સુદેવત્વ અને સુમાનુષત્વ પ્રાપ્તિરૂપ શ્રેષ્ઠ પ્રાસદિનાં પગથિયાં સમાન તથા (णिक्खोभणिप्पकंपा) निक्षोभनिष्प्रकम्पौ–પરમતવાદીઓ દ્વારા સદા અખંડનીય એવા સૂત્ર અને અર્થનું આ સૂત્રકૃતાંગમાં કથન કર્યું છે. (सूयगडस्सणं परित्तावायणा) सूत्रकृतस्य खलु परीताः वाचनाः–સૂત્રકૃતાંગમાં સંખ્યાત વાચનાઓ છે, (संखेज्जा अणुयोगदारा) संख्याताः अनुयोग द्वाराणि–સંખ્યાત અનુયોગ

દ્વાર છે, [संखेज्जाओ पडिवत्तीओ संख्याताः प्रतिपत्तयः–સંખ્યાત પ્રતિપત્તિઓ છે, (संखेज्जावेढा) संख्याताः वेष्टकाः–સંખ્યાત વેષ્ટકો છે, (संखेज्जा सिलोगा) संख्याताः श्लोकाः– સંખ્યાત શ્લોકો છે, (संखेज्जाओ निज्जुत्तीओ) संख्याता निर्युक्तयः સંખ્યાત નિર્યુકિતયો છે. (से णं अंगट्ठाए दोच्चे अंगे। तत्खलु अङ्गार्थतया द्वितीयं अगम्–તે અંગોની અપેક્ષાએ બીજુ અંગ છે. તેના (दो सुयक्खंधा) द्वौ श्रुतस्कन्धौ બે શ્રુતસ્કંધ છે, (तेवीसं अज्झयणा त्रयोविंशति रध्ययनानि–તેવીસ (૨૩) અધ્યયન છે (तेत्तीसं उद्देसणकाला) त्रयस्त्रिंशदुद्देशनकालाः તેત્રીસ (૩૩) ઉદ્દેશનકાળ છે. (तेत्तीसं समुद्देसणकाला) त्रयस्त्रिंशत्समुद्देशनकालाः–તેત્રીસ (૩૩) સમુદ્દેશનકાળ છે, (छत्तीसं पदसहस्साइं पयग्गेणं पण्णत्ताइं) षट्त्रिंशत्पदसहस्त्राणि पदाग्रेण प्रज्ञप्तानि–પદ પરિમાણની અપેક્ષાએ છત્રીસ (૩૬) હજાર પદ છે. (संखेज्जा अक्खरा) संख्यातानि अक्षराणि–સંખ્યાત અક્ષરો છે, (अणंता गमा) अनन्ता गमाः–અનંત ગમ છે, (अणंता-पज्जवा) अनन्ता पर्यायाः–અનન્ત પર્યાયો છે, (परित्ता तसा) परीताः त्रसाः–અસંખ્યાત ત્રસ છે (अणंता थावरा) अनन्ता स्थावराः–અનંત સ્થાવર છે. આ અંગમાં (सासयकड निबद्धणिकाइया जिणपण्णत्ता भावा आघविज्जति) शाश्वतकृतनिबद्धनिकाचिताः जिनप्रज्ञप्ताः भावा आख्यायन्ते–જિનોકત

ભાવ સામાન્ય તથા વિશેષરૂપે કહેવામાં આવેલ છે, (पण्णविज्जंति) प्रज्ञाप्यन्ते–પ્રજ્ઞપ્ત થયા છે, (परूविज्जंति)प्ररूप्यन्ते–પ્રરૂપિત થયા છે, (दंसिज्जंति)दर्श्यन्ते–દર્શાવવામાં આવ્યા છે, (निदंसिज्जंति निदर्श्यन्ते-નિર્દેશ કરાયો છે,(उवदसिज्जंति) उपदर्श्यन्ते–ઉપદર્શિત થયા છે. ઉપરોકત સઘળા પદોનો અર્થ આચારાંગના સ્વરૂપ નિરૂપણમાં અપાઈ ગયો છે. (से एवं आया एवं णाया एवं विण्णाया) स एवमात्मा, एवंज्ञाता एवं विज्ञाता–આ સૂત્રકૃતાંગનું અધ્યયન કરનાર તેમ કહેલ અચારોનું યોગ્ય રીતે પાલન કરીને આત્મસ્વરૂપ બની જાય છે, તે જ્ઞાતા અને વિજ્ઞાતા થઈ જાય છે. (एवं चरणकरणपरूवणा आघविज्जइ, पण्णविज्जइ, परूविज्जइ, दंसिज्जइ, निदंसिज्जइ, उवदंसिज्जइ से तं सूयगडे) एवं चरणकरणप्ररूपणा आख्यायते, प्रज्ञाप्यते. प्ररूप्यते, दर्श्यते, निदर्श्यते, उपदर्श्यते तदेतत् सूत्रकृतम्–આ પ્રમાણે આ અંગમાં ચરણપ્રરૂપણા અને કરણપ્રરૂપણા આખ્યાત થયેલ છે, પ્રજ્ઞપ્ત થયેલ છે, પ્રરૂપિત થયેલ છે, દર્શિત થયેલ છે, અને નિદર્શિત થયેલ છે. આ ક્રિયાપદોનો વિશિષ્ટ અર્થ આચારાંગની વ્યાખ્યામાં લખવામાં આવી ગયો છે. સૂત્રકૃતાંગનું આ પ્રમાણનું સ્વરૂપ સમજવાનું છે. ।।સૂ.૧૭૫।।

ટીકાર્થ—'से किं त सूयगडे' इत्यादि ।

પ્રશ્ન—હે ભદન્ત ! સૂત્રકૃતાંગનું કેવું સ્વરૂપ છે ? ઉત્તર–સૂત્રકૃતાંગમાં સ્વસિદ્ધાંત તથા પરસિદ્ધાંત, એ બન્ને સૂચિત કરાયા છે, ઉપયોગ લક્ષણવાળાં જીવો સૂચિત કરાયા છે. અજીવનું સ્વરૂપ જીવના સ્વરૂપથી તદન ભિન્ન સૂચિત કરાયું છે, જીવ અને અજીવ, એ બન્ને સૂચિત કરાયા છે, પાંચ અસ્તિકાયવાળો લોક સૂચિત કરાયો છે, અલોક સૂચિત કરાયો છે, લોક અને અલોક એ બન્ને સૂચિત કરાયા છે. સૂત્રકૃતાંગમાં જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ, એ નવ પદાર્થની પ્રરૂપણા કરવામાં આવી છે. તથા જે સાધુ અચિરકાલ પ્રવ્રજિત- નવદીક્ષિત છે, કુતીર્થિકોના અયથાર્થ બોધથી જનિત મોહ વડે જેમની મતિ મોહિત થઇ રહી છે, અને જેમને કુસમય (કુત્સિત સિદ્ધાંત)ના સંસર્ગને કારણે અથવા સ્વાભાવિક રીતે વસ્તુતત્વ પ્રત્યે સંશય પેદા થઈ ગયો છે. એવા શ્રમણજનોના પાપકર–અશુભકર્મના કારણરૂપ જે અનિર્મલ મતિગુણ છે તેને નિર્મળ કરવાને માટે, આ સૂત્રકૃતાંગમાં ૧૮૦ પ્રકારના ક્રિયાવાદીઓના મતનું, ૮૪ પ્રકારના અક્રિયાવાદીઓના મતનું, ૬૭ પ્રકારના અજ્ઞાનવાદીઓના મતનું, અને

૩૨ પ્રકારના વૈનયિકવાદીઓના મતનું આ પ્રકારે ૩૬૩ પાખંડીઓના સિદ્ધાંતેનું ખંડન કરીને સ્વસિદ્ધાંત સ્થાપિત કરવામાં આવેલ છે. આ પ્રમાણે આ સૂત્રકૃતાંગ દ્વારા પરમતનિરાકરણપૂર્વક જૈન સિદ્ધાંતનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. હવે સૂત્રકાર આ સૂત્રકૃતાગનાં સૂત્રોનું અને તેમના અર્થનું સ્વરૂપ કેવું છે. તે બતાવે છે—તેઓ કહે છે કે આ સૂત્રકૃતાંગમાં સૂત્ર અને અર્થ આ પ્રકારના છે—આ સઘળા પદો સૂત્રાર્થનાં વિશેષણો છે-તેનો અર્થ આ પ્રમાણે છે—આ સૂત્રકૃતાગના એ સુત્ર અને અર્થ એ બન્ને વિવિધ પ્રકારના દૃષ્ટાંતો અને હેતુ વચનો દ્વારા-જેમનો સ્યા-દ્વાદીલોકો પરમતનુ ખંડન કરવા માટે અને સ્વમનનું પ્રતિપાદન કરવાને માટે ઉપયોગ કરે છે-પરમતમાં નિઃસારતા બતાવાનાર છે. એટલે કે વિવિધ યુક્તિયો નો ઉપયોગ કરીને પરમતમાં અગ્રાહ્યત્વ બતાવીને સ્વમતમાં અખંડનીયતા પ્રદર્શિત કરે છે. તથા એ બન્ને (સૂત્ર અને અર્થ) વિવિધ વિસ્તારાનુગમ અને પરમસદ્ભાવ એ ગુણોથી યુકત છે, એટલે કે વિજ્ઞેય (જાણવા લાયક) જે જીવાદિક તત્વ છે તેમનો સરળ રીતે બોધ થઇ જાય તે માટે વિવિધ પ્રકાર અને વિસ્તારપૂર્વક તેમનું પ્રતિ-પાદન કરનાર છે. તથા આ વિષય આ પ્રમાણે જ છે અન્ય રીતે નથી'' એ પ્રકારે દૃઢતાપૂર્વક તેનું પ્રતિપાદન કરનાર છે. સૂત્રના એ બે ગુણો હોય છે, જે તેમનામાં મોજુદ છે. એવા ગુણયુકત સૂત્રાર્થો આ અંગમાં છે. તથા એ સૂત્રાર્થો-જે સમ્યગ-દર્શનાદિરૂપ છે. તે મોક્ષપથમાં પ્રવૃત્ત કરનારા છે, ઉદાર છે-સૂત્ર અને અર્થના જે દોષો હોય છે તેમનાથી તે રહિત છે, અને પોતપોતાના ગુણોથી યુકત છે. તથા અતિશય અજ્ઞાનરૂપ અંધકારને લીધે દુર્ગમ બનેલ તત્વ માર્ગના પ્રકાશક હોવાને કારણે તેઓ પ્રદીપ-દીપક સમાન છે. જે જીવ અતિશય અજ્ઞાનરૂપી અંધકારને કારણે તત્વમાર્ગમાં પ્રવેશ કરી શકતો નથી, તે જીવ જો આ અંગનાં સૂત્રો અને તેમના અર્થનું ભાવરહિત અને મનનપૂર્વક અધ્યયન અને ચિંતન કરે અને તેમાં કહ્યા પ્રમાણે પ્રવૃત્તિ કરે તો તેને અવશ્ય તત્વનું દર્શન થાય છે. તથા "**सिद्धि सुगइगिहुत्तमस्स**'' સિદ્ધિ-સિદ્ધપદની પ્રાપ્તિરૂપ સુગતિ-અથવા સિદ્ધિ અને સુગતિ-સુદેવત્વ અને સુમાનુષાવની પ્રાપ્તિરૂપ જે ઉત્તમ ભવન છે તેના પગથિયાં સમાન એ બન્ને છે. તથા એ સૂત્રો અને અર્થ એવાં નથી કે જેમનું વાદી કોઇ પણ રીતે ખંડન કરી શકે. તેથી તેઓ પોતપોતાના અભિપ્રાયમાં અવ્યભિચરિત (અફર) હોવાથી નિષ્પ્રકંપ છે. એવાં વિશેષણોથી યુકત સૂત્ર અને અર્થ આ અંગમાં છે, તથા આ સૂત્રકૃતાંગની વાચના 'પરીતા' સંખ્યાત છે, અનુયોગ દ્વાર સંખ્યાત છે, પ્રતિપતિયો સંખ્યાત છે, વેષ્ટક સંખ્યાત છે, શ્લોકો સંખ્યાત છે, અને નિર્યુકિતયો

પણ સંખ્યાત છે. આ પદોનો અર્થ આચારાંગ સૂત્રનું નિરૂપણ કરતી વખતે આપી દેવામાં આવ્યો છે. અંગોની અપેક્ષાએ આ અંગ બીજું છે. તેમાં બે શ્રુતસ્કંધ છે. પહેલા શ્રુતસ્કંધમાં ૧૬ અને બીજામાં ૭ અધ્યયન મળીને કુલ ૨૩ અધ્યયન છે. તેત્રીસ (૩૩) ઉદ્દેશનકાળ છે, જે આ પ્રમાણે છે—પહેલા શ્રુતસ્કંધના પહેલા અધ્યયનમાં ૪ ઉદ્દેશનકાળ, બીજામાં ૩, ત્રીજામાં ૪. ચોથામાં ૨, પાંચમાંમાં ૨ તથા બાકીના અગિયાર અધ્યયનમાંના પ્રત્યેક અધ્યયનમાં એક એક ઉદ્દેશનકાળ છે. બીજા શ્રુતસ્કંધના સાતે અધ્યયનોમાંના પ્રત્યેક અધ્યયનમાં એક એક ઉદ્દેશનકાળ છે. આ રીતે બન્ને શ્રુતસ્કંધોના અધ્યયનોના ઉદ્દેશનકાળનો સરવાળો ૩૩ થાય છે. સમુદ્દેશનકાળ પણ ૩૩ છે. આ અંગમાં છત્રીસ હજાર (૩૬૦૦૦) પદ છે, સંખ્યાત અક્ષર છે, અનંત ગમ છે, અનંત પર્યાય છે, અસંખ્યાત ત્રસ છે, અને અનંત સ્થાવર છે. ઉપરોકત સઘળા ભાવ જિનદેવ દ્વારા કથિત છે એ દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ શાશ્વત-નિત્ય છે, પર્યાયાર્થિક નયની અપેક્ષાએ કૃત-અનિત્ય છે સૂત્રમાં નિબદ્ધ છે અને નિકાચિત છે. તેમની પ્રરૂપણા આ અંગમાં સામાન્ય તથા વિશિષ્ટ રીતે કરવામાં આવી છે. બાકીના આ ક્રિયાપદોનો અર્થ આચારાંગનું નિરૂપણ કરતી વખતે આપી દેવામાં આવ્યો છે. જે વ્યકિત આ અંગનું અધ્યયન કરે છે તે સમસ્ત પદાર્થનો જ્ઞાતા અને વિજ્ઞાતા થઈ જાય છે. આ રીતે આ અંગમાં ચરણ પ્રરૂપણા અને કરણપ્રરૂપણા આખ્યાત થયેલ છે. પ્રજ્ઞપ્ત થયેલ છે, પ્રરૂપિત થયેલ છે, દર્શિત થયેલ છે. નિદર્શિત થયેલ છે અને ઉપદર્શિત છે. આ બધાં ક્રિયાપદોનો અર્થ આચારાંગનું નિરૂપણ કરતી વખતે આપી દીધો છે. આ સૂત્રકૃતાંગનું ઉપર પ્રમાણેનું સ્વરૂપ છે.

**भावार्थ**—"**सूत्रकृत**" પદમાં 'સૂત્ર' અને 'કૃત' એ બે શબ્દ છે. તેનો અર્થ આ પ્રમાણે છે-સૂત્રરૂપે જેની રચના થઈ છે તે સૂત્રકૃત કહેવાય છે. **सूचनात् सूत्रं**-જીવાદિક પદાર્થોનો જે બોધ કરાવનાર હોય છે તેને 'સૂત્ર' કહે છે. અથવા સર્વ દ્રવ્ય અને પર્યાયોના તથા દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નય આદિના વિષય-ભૂત પદાર્થોને જે બતાવે છે, તેને સૂત્ર કહે છે. અથવા સૂત્ર સુપ્ત વ્યકિતના જેવાં હોય છે-જેમ સુપ્ત વ્યકિતને પ્રતિબોધિત કરવામાં આવે તો તે પોતાના અભીષ્ટ કાર્યને પૂરૂં કરી લે છે. તે પ્રમાણે સૂત્રનો અર્થ જયારે સમજી જવાય છે ત્યારે તે અવશ્ય કલ્યાણકારી બની જાય છે. અથવા સૂત્ર તન્તુ તાંતણા જેવું હોય છે. જેમ તન્તુ બે, ત્રણ કે અનેક વસ્તુઓ એકત્ર કરીને બાંધી લે છે તેમ સૂત્ર પણ

અનેક અર્થોને પોતાની અંદર બાંધી રાખે છે-અનેક અર્થો બતાવે છે. અથવા 'સુકત'ને જ સૂત્ર કહે છે પૂર્વાપર વિરોધ રહિત સ્પષ્ટ રીતે કહેલ વચનને 'સૂકત' કહે છે. એ સૂકતમાં જેમ કોઇ બાધા (મુશ્કેલી) નડતી નથી તેમ સર્વજ્ઞ ભાષિત સૂત્ર કે જેમાં અનેક અર્થ ગર્ભિત રહેલા હોય છે. તેમાં પણ કોઇ પણ પ્રકારની બાધા નડતી નથી. સૂત્રકારોએ સૂત્રનું લક્ષણ **"अल्पाक्षरमसंदिग्धं"** ઇત્યાદિરૂપે બતાવેલ છે. સૂત્રના એ જે ગુણો છે તે આ સૂત્રોમાં મોજૂદ છે-તેથી એવાં લક્ષણોથી યુકત આ અંગનાં સૂત્રો છે. એટલે કે એવાં સૂત્રો વડે આ અંગની રચના થઇ છે. તે કારણે આ આગમનું નામ સૂત્રકૃત-સૂત્રકૃતાંગ રાખ્યું છે. સ્વસમયઃ એટલે વીતરાગ, સર્વજ્ઞ અને હિતોપદેશી પ્રભુદ્વારા પ્રદર્શિત માર્ગ એવો અર્થ અહીં ગ્રહણ કરાયો છે. તે સિવાયના જે બીજા માર્ગો છે તે બધાને 'પરસમય' કહેલ છે. આ આગમમાં સૂત્રકારે એ બન્ને સમયોનું વિવેચન કર્યું છે. ચેતના-ઉપયોગ. એ જેમનું લક્ષણ છે તેમને 'જીવ' કહે છે, અને તે લક્ષણથી જે વિહીન હોય છે તેમને 'અજીવ' કહે છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, અને પુદ્ગલાસ્તિકાય, તથા કાળ, એ બધા અજીવ છે. પ્રમાણથી જેની સત્તા હોય-એટલે કે જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને આકાશ, તે પાંચ અસ્તિકાયરૂપ દ્રવ્યોનો જેમા નિવાસ હોય-અથવા તે પાંચ અસ્તિકાય સ્વરૂપ જે હોય-તેનું નામ "લોક" છે. તે લોકથી ભિન્ન હોય તેને "અલોક" કહે છે-એટલે કે જેમાં ફકત આકાશ જ હોય તેને અલોક કહે છે. તે લોક અને અલોકનાં લક્ષણ **'धर्मादीनां-वृत्ति द्रव्याणां'** ઈત્યાદિ શ્લોકો દ્વારા પ્રગટ કરાયાં છે શુભ કર્મને પુણ્ય કહે છે. સાતાવેદનીય આદિ જે ૪૨ પ્રકૃતિયો છે તે પુણ્યપ્રકૃતિયો છે પ્રાણાતિપાત આદિ જે ૧૮ અઢાર પાપસ્થાનો છે તે 'પાપ' છે. જેમના દ્વારા આત્મામાં કર્મનો પ્રવેશ થાય છે તેમને આસ્રવો કહે છે. પ્રાણાતિપાત આદિ જે કર્મના આગમનનાં કારણો છે તે કારણોનો નિરોધ જેમના વડે થાય છે તે 'સંવર' કહેવાય છે. સંયમી જીવ અહિંસા, સત્ય આદિ દ્વારા એવાં કારણોનો નિરોધ કરે છે, તેથી અહિંસા, સત્ય આદિ સંવરરૂપ છે. કર્મપુદ્ગલોનું ઝરવું ક્ષય થવો, તેનું નામ "નિર્જરા" છે. કષાયયુકત થવાથી જીવ કર્મને યોગ્ય પુદ્ગલોને જે ગ્રહણ કરે છે. તેનું નામ "બંધ" છે સમ્યગદર્શન, સમ્યગજ્ઞાન, અને સમ્યકચારિત્રદ્વારા જીવ કર્મોનો જે આત્યંતિક ક્ષય કરે છે તેનું નામ "મોક્ષ" છે. આ અંગમાં આ સઘળા વિષયોનું પ્રતિપાદન કરવાનો સૂત્રકારનો કેવળ એટલો જ હેતુ છે કે જે સાધુ હજી નવદીક્ષિત છે, જિનકથિન સિદ્ધાંતનાં ઊંડા અભ્યાસથી જેમની બુદ્ધિ પરિપકવ થઈ નથી. કોમળ મતિવાળા છે, કુતીર્થિકો-

ના અયથાર્થ બોધના પ્રભાવથી શ્રોતાજનોની મનોગૂઢતા જોઈને જેમની મતિ વ્યામોહયુકત બની જાય છે, અથવા શુભફળની પ્રાપ્તિ ન થવાથી, અને કુતીર્થિકાના પોતાના સિદ્ધાંતો પ્રત્યેના હઠાગ્રહને કારણે જેમની મતિમાં વ્યામોહ ઉત્પન્ન થયો હોય છે, અને એજ કારણે વસ્તુતત્વ પ્રત્યે અનેક પ્રકારના સંદેહથી જેમનું ચિત્ત ચલાયમાન થાય છે, અથવા જેઓ સ્વાભાવિક રીતે જ વસ્તુતત્વ પ્રત્યે સંદેહશીલ બનેલ છે, એવા શ્રમણોની મતિ નિઃસંદેહ થઈને નિર્મળ થાય તે માટે આ અંગમાં ૩૬૩ ત્રણસો તેસઠ પાખંડમતોનું નિરાકરણ (ખંડન) કરવામાં આવ્યું છે. ૩૬૩ ત્રણસો તેસઠ પાખંડીઓ આ પ્રમાણે છે—ક્રિયાવાદીના ૧૮૦ એકસો એંસી ક્રિયાવાદીના ૮૪ ચોર્યાસી અજ્ઞાનવાદીના ૬૭ સડસઠ અને વૈનયિકવાદીના ૩૨ બત્રીસ મળીને કુલ ૩૬૩ ત્રણસો તેસઠ પાખંડીઓ છે. તેમાના ક્રિયાવાદીઓની માન્યતા એવી છે કે કર્તા વિના પુણ્યાનુબંધ અને પાપાનુબંધ આદિરૂપ ક્રિયા સંભવી શકતી નથી. **अतः क्रिया कर्तृसमवायिनी**—કર્તાની સાથે સમવાય સંબંધથી રહેનારી છે. તથા ક્રિયાવાદીઓ કાળ, નિયતિ, સ્વભાવ, ઈશ્વર અને આત્મા, એ પાંચને કર્તા માને છે. તેમાંના કોઇ કાળને તો માને છે. અને કોઇ કોઈ નિયતિ આદિને કર્તા માને છે. આ રીતે તેમના મુખ્ય પાંચ ભેદ થાય છે. તે બધા અસ્તિત્વવાદી છે. તેમના મત અનુસાર જીવ. અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, અને મોક્ષ એ નવ પદાર્થ છે, એ નવ પદાર્થોના સ્વ અને પરની અપેક્ષાએ તથા કાળ, સ્વભાવ, ઈશ્વર અને આત્માની અપેક્ષાએ નિત્ય અને અનિત્યરૂપવિકલ્પોની સાથે૨૦-૨૦ વીસ વીસ ભેદ થાય છે. જે આ પ્રમાણે છે-(૧) **अस्तिजीवः स्वतो नित्यः कालतः** જીવ છે, અને તે સ્વ અને તે કાળની અપેક્ષાએ નિત્ય છે (૨)**अस्तिजीवः स्वतोऽ नित्य कालतः**—જીવ છે. અને તે કાળની અપેક્ષાએ અનિત્ય છે. (૩)**अस्तिजीवः परतो नित्य कालतः**—જીવ છે અને તે પરની તથા કાળની અપેક્ષાએ નિત્ય છે.(૪) **अस्तिजीवः परतोऽ नित्यः कालतः**—જીવ છે અને પરની અને કાળની અપેક્ષાએ અનિત્ય છે. (૫) એ જ પ્રમાણે જીવ છે અને તે સ્વની અને નિયતિની અપેક્ષાએ નિત્ય છે. (૬) જીવ છે અને તે સ્વની અને નિયતિની અપેક્ષાએ અનિત્ય છે (૭) જીવ છે અને તે પરની

તથા નિયતિની અપેક્ષાએ નિત્ય છે (૮) જીવ છે અને તે પરની તથા નિયતિની અપેક્ષાએ અનિત્ય છે એ જ પ્રમાણે સ્વની અને પરની સાથે સ્વભાવ, ઇશ્વર, અને આત્માની અપેક્ષાએ જીવની નિત્યતા દર્શક બીજા બાર ભેદ પડે છે. આ રીતે એક જીવ પદાર્થની સાથે ૨૦ વીસ ક્રિયાઓનો સંબંધ બંધાય છે-એ જ પ્રમાણે બાકીના અજીવ આદિ આઠ પદો સાથે પણ ૨૦-૨૦ ક્રિયાઓનો સંબંધ મેળવી લેવો. આ પ્રમાણે ક્રિયાના ૯-૨૦=૧૮૦ ભેદ થઇ જાય છે. આ ક્રિયાઓને ક્રિયાવાદી માને છે તેથી તેમને ક્રિયાવાદી કહે છે. 'જીવ આદિ પદાર્થ નથી. ઇત્યાદિ અક્રિયારૂપ જેમની માન્યતા છે તેમને અક્રિયાવાદી કહે છે. તેમના મત અનુસાર પુણ્ય અને પાપને છોડીને-બાદ કરીને, જીવ, અજીવ આદિ સાત પદાર્થ છે. જેમ ક્રિયાવાદીઓ કાળ, નિયતિ આદિ પાંચને કર્તા માને છે તેમ તે પાંચેને અને વધારામાં यद्दच्छा ને પણ अकर्ता માને છે. આ પ્રમાણે તેમના મુખ્ય છ ભેદ પડે છે. તેમનામાં નિત્ય અને અનિત્યની દષ્ટિમાં જીવાદિક ૭સાત પદાર્થોની અક્રિયાનો વિચાર કરવામાં આવેતો નથી. પણ સ્વ અને પર તથા કાળ આદિની-અપેક્ષાએ જીવાદિક ૭સાત પદાર્થોની અક્રિયાનો વિચાર કરાયો છે. આ રીતે જીવાદિક સાત પદાર્થમાંના પ્રત્યેક પદાર્થનો કાળ, નિયતિ આદિ ૬માંના પ્રત્યેકની સાથે યોગ કરવાથી જોડવાથી ૧૨-૧૨ બાર-બાર પ્રકારના થાય જેમ કે-(૧) नास्ति जीवः स्वतः कालतः-જીવ સ્વની અપેક્ષાએ નથી અને કાળની અપેક્ષાએ પણ નથી (૨)नास्ति जीवः परतः कालतः-જીવ પરની અપેક્ષાએ નથી અને કાળની અપેક્ષાએ પણ નથી (૩)नास्ति जीवः स्वतो यद्दच्छातः-જીવ સ્વની અપેક્ષાએ નથી અને યદચ્છાની અપેક્ષાએ પણ નથી (૪) नास्ति जीवः परतः यद्दच्छातः-જીવ પરની અપેક્ષાએ નથી અને યદચ્છાની અપેક્ષાએ પણ નથી. એ જ પ્રમાણે સ્વ અને પરની સાથે કાળ, યદચ્છા આદિ ૬ની સાથે વિચાર કરતાં ૨-૨ બે-બે ભેદ પડવાથી એ કાળ આદિની અપેક્ષાએ જીવાદિ પ્રત્યેક પદાર્થના ૧૨-૧૨ ભેદ પડી જાય છે. તેથી અક્રિયાના ૭ ૧૨=૮૪ ચોર્યાસી ભેદ થાય છે. એ અક્રિયાઓને અક્રિયાવાદીઓ માને છે તેથી તેમને અક્રિયાવાદી કહે

છે. 'અજ્ઞાન જે શ્રેયસ્કર છે' એમ માનનારને અજ્ઞાનવાદીઓ કહે છે. તેમના મત પ્રમાણે ૬૭ સડસઠ પ્રકારનું અજ્ઞાન છે એ અજ્ઞાનવાદીઓની માન્યતા એવી છે કે જ્ઞાની કોઇ પણ નથી. જેમને જ્ઞાની માનવામાં આવે છે તેમની વચ્ચે પણ પરસ્પરમાં વિસંવાદ નજરે પડે છે. તેથી અજ્ઞાન જ હિતકારી છે. તેઓ જીવાદિક નવપદાર્થ ી સાથે **सद्** આદિને જોડીને પોતાનો મત આ પ્રમાણે દર્શાવે છે-(૧)**सन् जीवः को वेत्ति ?** જીવ સત્-મોજૂદ છે, એ વાતને કોણ જાણે છે,? '**किंवा तेन ज्ञातेन?**જો તે જાણી લેવામાં આવે તો તે જાણવાથી આપણને શો લાભ થાય છે? (૨)**असत् जीवः को वेत्ति? किंवा तेन ज्ञातेन?** જીવનું અસ્તિત્વ નથી તે કોણ જાણે છે? અથવા તે જાણી લેવામાં આવે તો શો લાભ? (૩)'**सद् सन् जीवः को वेत्ति? किं वा तेन ज्ञातेन?** જીવ સત્ અસત્ સ્વરૂપ છે, તે વાતને કોણ જાણે છે? અને જો તે જાણી લેવામાં આવે તો ફાયદો શો ? એજ પ્રમાણે(૪)**अवक्तव्यःजीवः को वेत्ति? किंवा तेन ज्ञातेन?** (૫)**सद्वक्तव्यो जीवः को वेत्ति किं वा तेन ज्ञातेन?** (૬) **असद्वक्तव्यो जीवः को वेत्ति, किं वा तेन ज्ञातेन?** (૭) **सदसद्वक्तव्यो जीवः को वेत्ती, किंवा तेन ज्ञातेन?'** આ બાકીના ભંગોની બાબતમાં પણ સમજવાનું છે જે રીતે આ સાત ભંગ અજ્ઞાન સંબંધી જીવના વિષયમાં પણ સમજવાનું છે, એ જ પ્રમાણે બાકીના અજીવાદિક પદાર્થોની બાબતમાં પણ સમજવું આ રીતે તે બધાં મળીને ૬૩ તેસઠ થાય છે. અને (૧) **सति भावोत्पत्तिः को वेत्ति? किं वा तया ज्ञातया'** (૨) **असति भावोत्पत्तिः को वेत्ति? किंवा तया ज्ञातया?** (૩)**सदसति भावोत्पत्तिः को वेत्ति ? किं वा तया ज्ञातया** (૪)**अवक्तव्या भावोत्पत्तिः को वेत्ति किं वा तया ज्ञातया?**આ ૪ (ચાર) ભંગોને તેમાં ઉમેરવાથી ૬૭ સડસઠ ભંગ થઇ જાય છે. આ સડસઠ ભંગ જ ૬૭ સડસઠ પ્રકારનાં અજ્ઞાન છે. '**सती भावोत्पत्तिः को वेत्ति किंवा तया ज्ञातया**' તેનો ભાવાર્થ આ પ્રમાણે છે-સત્ સ્વરૂપ પદાર્થની જ ઉત્પત્તિ થાય છે, એવું જે સાંખ્યમ-

તવાદીઓનું મનવું છે. તે બાબતમાં અજ્ઞાનવાદીઓનું એવું માનવું છે કે સત્ સ્વરૂપ પદાર્થની ઉત્પત્તિ થાય છે, એ વાત કોણ જાણે છે? અથવા તે વાત કોઈ જાણી લે તો તે જાણવાથી શો લાભ થાય છે? એ પ્રમાણે બૌદ્ધ આદિ જે એમ માને છે કે અસત્ પદાર્થની જ ઉત્પત્તિ થાય છે, તો તે બાબતમાં અજ્ઞાનવાદીઓનું કહેવું એવું છે કે તે વાતને કોણ જાણે છે? અને કોઈ કદાચ જાણે તો તેથી તેને શો લાભ થાય છે? સદસદ્ ભાવની ઉત્પત્તિ થાય છે-એ સ્યાદ્વાદીઓની માન્યતા છે તે વિષે પણ ઉપર પ્રમાણે જ તેમની માન્યતા છે. એ જ પ્રમાણે બાકીના ભંગ પર પણ તેમનો એ જ આક્ષેપ છે.

વૈનયિકવાદીઓની એવી માન્યતા છે કે કેવળ વિનયથી જ મોક્ષ સાધી શકાય છે. સુર, રાજા, યતિ, જ્ઞાનિ સ્થવિર, અધમ, માતા, અને પિતા એ આઠે પ્રત્યે મન, વચન, કાય અને દાન એ ચારેની અપેક્ષાએ વિનય કરવો જોઈએ. આ રીતે પ્રત્યેકની સાથે ચાર ચાર પ્રકારનો વિનય હોય છે. એ રીતે ૮-૪ = ૩૨ પ્રકારનો વિનય છે. તે વિનયને માનનારા વૈનયિકો છે. બાકીનાં પદોનો ભાવાર્થ સરળ છે. ાસૂ. ૧૭૫ા

## તીસરે અંગ સ્થાનાંગ કે સ્વરૂપ કા નિરૂપણ

હવે સૂત્રકાર ત્રીજાં જે સ્થાનાંગ નામનું અંગ છે તેનું સ્વરૂપ બતાવે છે—

શબ્દાર્થ—(से किं तं ठाणे) अथ किं तत् स्थानम्—સ્થાનાંગનું સ્વરૂપ કેવું છે? (ठाणेणं ससमया ठाविज्जंति) स्थाने खलु स्वसमयाः स्थाप्यन्ते—સ્થાનાંગમાં સ્વસમય (સ્વસિદ્ધાંત) ની સ્થાપના (નિરૂપણ) કરવામાં આવી છે, (परसमया ठाविज्जंति परसमयाः स्थाप्यन्ते) ससमय परसमया ठाविज्जंति स्वसमयपरसमया स्थाप्यन्ते—સ્વસમય અને પરસમયની સ્થાપના કરાય છે, जीवा ठाविज्जंति—जीवा स्थाप्यन्ते, જીવની સ્થાપના કરાય છે. (अजीवा ठाविज्जंति) अजीवः स्थाप्यन्ते—અજીવની સ્થાપના કરાય છે, (जीवाजीवा ठाविज्जंति) जीवाजीवाः स्थाप्यन्ते—જીવ અને અજીવ. એ બન્નેની સ્થાપના કરાય છે, (लोए ठाविज्जइ) लोकः स्थाप्यते—લોકની સ્થાપના કરાય છે, (अलोए ठाविज्जइ) अलोकःस्थाप्यते—અલોકની સ્થાપના કરાય છે. लोयालोया ठाविज्जंतिः लोकालोकौ स्थाप्येते—લોક અને અલોક એ બન્નેની સ્થાપના કરય છે, (ठणेणं दव्व-गुण-खेत्त-काल-पज्जवा-पयत्थाणं)स्थाने खलु

द्रव्य, गुण, क्षेत्र, काल पर्यवाः पदार्थानां–સ્થાનાંગમાં પદાર્થોના દ્રવ્ય, ગુણ, ક્ષેત્ર, કાળ અને પર્યાયની સ્થાપના કરાય છે. (सेला सलिला य समुद्दा सुर–भवण–विमाण–आगर–णईओ। णिहिओ–पुरिसज्जाया सराय गोत्ताय जोइ संचालाः शैलाः सलिलानि च समुद्राः सुरभवन–विमाना–कर नद्यः निधय) पुरुषजातानि स्वराश्च गोत्राणि च ज्योतिसंचालाः–હિમવાન્ આદિ પર્વતનું ગંગા આદિ મહાનદીઓનું, લવણ આદિ સમુદ્રોનું, સુર્યનું, અસુર આદિનાં ભવનનું ચન્દ્ર આદિકોનાં વિમાનોનું, સુવર્ણ આદિકોની ખાણોનું, સામાન્ય નદીઓનું, ચક્રવર્તિ આદિકોનાનૈસર્પ આદિ નિધિયોનું, પુરુષોના ભેદોનું, ષડ્જ આદિ સાત સ્વરનું, કાશ્યપ અદિ ગોત્રનું અને તારાગણોનાં સંચરણનું વર્ણન (પ્રરૂપણા) સ્થાનાંગસૂત્રમાં કરવામાં આવેલ છે. (एकविह वक्तव्व) એકવિધ વકતવ્યતા–એક પ્રકારની વકતવ્યતા, (दुविह जाव दसविह वत्तव्वयं) બેથી લઈને દસ સ્થાન સુધીની વકતવ્યતા કરવામાં આવે છે. (जीवा णं पोग्गलाणं च) जीवानां पुद्गलानां च–જીવોનીપુદગલો (लोगट्ठाईणंच लोकस्थायिनां च–અને લોકસ્થાયી ધર્માસ્તિકાયાદિક દ્રવ્યોની (परूवणा आघविज्जइ) प्ररूपणा आख्यायन्ते–પ્રરૂપણા કરવામાં આવી છે. (ठाणस्सणं परिता वायणा) स्थानस्य खलु परीता वाचनाः–સ્થાનાંગમાં સંખ્યાત વાચનાઓ છે, संखेज्जा अणुओगदाराः संख्येयानि अनुयोगद्वाराणि–સંખ્યાત અનુયોગ દ્વાર છે, (संखेज्जाओ पडिवत्तिओ) संख्येयाः प्रतिपत्तयः–સંખ્યાત પ્રતિપત્તિઓ છે, (संखेज्जा वेढा) संख्येयाः वेष्टकाः–સંખ્યાત વેષ્ટક છે, (संखेज्जा सिलोगा) संख्येयाः–श्लोकाः સંખ્યાત શ્લોક છે, (संखेज्जाओ निज्जुत्तीओ) संख्याता निर्युक्तयः–સંખ્યાત નિરયુંકિતઓ છે, અસે संखेज्जाओ संगहणीओ)

संख्येयाः संग्रहण्यः—સંખ્યાત સંગ્રહણિઓ છે, (से णं अंगट्ठाए तइए अंगे) ततः खलु अङ्गार्थतया तृतीयमङ्गम्—અંગોની અપેક્ષાએ તે ત્રીજુ અંગ છે. (एगे सुयक्खंधे) एकःश्रुतस्कन्धः-તેમાં એક શ્રુતસ્કંધ છે.(दस अज्झयणा)दश अध्ययनानि અને દસ અધ્યયનો છે, (एक्कवीस उद्देसणकाला) एकविंशतिरुद्देशनकालाः— એકવીસ ઉદ્દેશનકાલ છે, (एकवीसं समुद्देसणकाला) एकविंशतिः समुद्देशनकालाः— એકવીસ સમુદ્દેશનકાળ છે,(बावत्तरिं पदसहस्साइ पयग्गेणं पण्णत्ताइ)द्वासप्तिति पद सहस्राणि पदाग्रेण प्रज्ञप्तानि—તેમાં બોંતેર હજાર પદ છે, (संखेज्जा अक्खरा) संख्येयानि अक्षराणि—સંખ્યાત અક્ષરો છે, (अणंतागमा)अनन्ता गमाः અનંત ગમ છે,.(अणंता पज्जवा) अनन्ताः पर्यायाः—અનંતપર્યાય છે.(परित्तातसा) परीतास्त्रसाः—અસંખ્યાત ત્રસ છે, (अणंता थावरा) अनन्ताः—અનંત સ્થાવરો છે, (सासय—कड—णिबद्ध—णिकाइया जिणपण्णत्ता भावा अवविज्जंति पण्णविज्जंति परूविज्जंति, दंसिज्जंति, निदंसिज्जंति' उवदंसिज्जंति) शाश्वत—कृत—निबद्ध—निकाचिता जिनप्रज्ञप्ता भावा अख्यायन्ते. प्रज्ञाप्यन्ते, प्ररूप्यन्ते निदर्श्यन्ते, उपदर्श्यन्ते શાશ્વત, કૃત, નિબદ્ધ અરે નિકાચિત જિનકથિત ભાવો સામાન્ય અને વિશેષરૂપે કહેવાયા છે, પ્રજ્ઞપ્ત થયા છે, પ્રરૂપિત થયા છે, દર્શિત થયા છે. નિદર્શિત થયા છે, અને ઉપદર્શિત થયા છે. આ બધા પદોનો અર્થ આચારાંગનું નિરૂપણ કરતી વખતે આપી દીધો છે. (से एवं आया एवं णाया) एवं विण्णायाः स एवमात्मा,एवं ज्ञाता एवं विज्ञाता—આ સ્થાનાંગનું અધ્યયન કરનાર, તેમાં દર્શાવેલા આચારોનું યોગ્ય પ્રકારે પાલન કરીને આત્મસ્વરૂપ થઈ જાય છે. તે જ્ઞાતા થઈ જાય છે. एवं चरणकरणपरूवणा आघविज्जइ, पण्णविज्जइ, परूविज्जइ, दंसिज्जइ, उवदंसिज्जइ से तं ठाणे' આ પ્રમાણેના ચરણકરણની પ્રરૂપણા સ્થાનાંગમાં આખ્યાત થયેલ છે, પ્રજ્ઞપ્ત થયેલ છે, પ્રરૂપિત થયેલ છે, દર્શિત થયેલ છે. નિદર્શિત થયેલ છે, અને ઉપદર્શિત થયેલ છે.

ભાવાર્થ—હે ભદન્ત સ્થાનાંગનું કેવું સ્વરૂપ છે? ઉત્તર—પ્રતિપાદ્ય હોવાને કારણે જીવા·

દિક પદાર્થ જેમાં સ્થાપિત કરાયા છે–પ્રરૂપિત કરાયા છે–જીવારિક પદાર્થ જેમાં સ્થાપિત કરાયા છે પ્રરૂપિત કરાયા છે એવાં સ્થાનાંગ નામના ત્રીજા અંગમાં સ્વસમયોની સ્થાપના કરવામાં આવી છે, પરસમયોની સ્થાપના–પ્રરૂપણા કરવામાં આવી છે, સ્વસમય અને પરસમય; એ બન્નેની સ્થાપના કરવામાં આવેલ છે, જીવની અજીવની અને જીવ-અજીવ બન્નેની સ્થાપના કરવામાં આવી છે. લોકની અલોકની અનેક લોક-અલોક બન્નેની સ્થાપના કરવામાં આવી છે. સ્થાનાંગમાં જીવાદિક પદાર્થના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને પયર્વાય સ્થાપિત કરાયાં છે. અહીં દ્રવ્ય એટલે દ્રવ્યાર્થતા સમજવાની છે. દ્રવ્યાર્થતાની અપેક્ષાએ જીવાસ્તિકાય અનેક સ્વરૂપવાળું છે. સ્વભાવને 'ગુણ કહે છે જેમ કે જીવનો સ્વભાવ ઉપયોગ છે. જેટલા આકાશ પ્રદેશોમાં જીવ વ્યાપ્ત છે તે પ્રદેશોને ક્ષેત્ર કહે છે. જેમકે–એક જીવની અવગાહના આકાશના અસંખ્યાત પ્રદેશોમાં છે. કાળની અપેક્ષાએ જીવ અનાદિ અપર્યવસિત (અનંત છે. કાળકૃત અવસ્થાઓનું નામ પર્યવ છે. જેમકે-જીવની બાલત્વ આદિ અવસ્થાઓ તથા મનુષ્ય. નારકત્વ આદિ અવસ્થાઓ. એ જ પ્રમાણે આ અંગમાં હિમવાન્ આદિ પર્વતો, ગંગા આદિ મહાનદીઓ. લવણ આદિ સમુદ્રો, સૂર્ય અસુર આદિકોનાં ભવન, ચન્દ્ર આદિકોનાં વિમનો. સુવર્ણ આદિકોના ઉત્પત્તિ સ્થાનરૂપ ખાણો, મહી, કૌશિકી આદિ સામાન્ય નદીઓ, ચક્રવર્તિ આદિકોના નિધિયો, પુરુષોના ભેદ, ષડજ આદિ સાત સ્વર, કાશ્યપ આદિ ગોત્ર, તારાગણોનું, એ બધા વિષયોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. તથા એકવિધ વકતવ્યતાની, દ્વિવિધ વકતવ્યતાની, એ પ્રમાણે દસવિધ સુધીની વકતવ્યતાની સ્થાપના કરવામાં આવી છે તથા-જીવોની, પુદ્ગલોની, અને લોકસ્થાયી ધર્માસ્તિકાય આદિક દ્રવ્યોની પ્રરૂપણા–પ્રજ્ઞાપના કરવામા આવી છે. આ સ્થાનાંગની સંખ્યાંત વાચના છે, સંખ્યાત અનુયોગ દ્વાર છે. સંખ્યાત પ્રતિપત્તિયો છે. સંખ્યાત વેષ્ટકો છે. સંખ્યત શ્લોકો છે, સંખ્યાત નિર્યુક્તિયો છે, અને સંખ્યાત સંગ્રહણિયો છે. અંગની અપેક્ષાએ તે ત્રીજું અંગ છે. તેમાં એક શ્રુતસ્કંધ છે, દસ અધ્યયન છે, અને એકવીસ ઉદ્દેશનકાળ છે. બીજા, ત્રીજા, અને ચોથા અધ્યયનમાં ૪–૪, પાંચમામાં ૩, અને બાકીના દરેક અધ્યયનમાં મળીને ૬ ઉદ્દેશનકાળ છે અને સમુદ્દેશનકાળ પણ ૨૧ જ છે. તેમાં ૭૨૦૦૦ (બોતેર હજાર) પદો છે. આ અંગમાં સંખ્યાત અક્ષર છે, અનંત ગમ છે, અનંત પર્યાય છે, અસંખ્યાત ત્રસ છે, અને અનંત સ્થાવર છે. ઉપરોક્ત સમસ્ત ભાવ જિનેન્દ્ર ભગવાન દ્વારા કહેવામાં આવેલ છે. એ દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ શાશ્વત (નિત્ય) છે, પર્યાયાર્થિક નયની

અપેક્ષાએ કૃત-અનિત્ય છે, સૂત્રમાં તિબદ્ધ છે, અને નિર્યુક્તિયો, હેતુ, ઉદાહરણ આદિ દ્વારા તે જીવાદિક ભાવની પ્રરૂપણા કરવામાં આવેલ હોવાથી તેઓ નિકાચિત છે. આ અંગમાં સામાન્ય અને વિશેષરૂપે તેમની પ્રરૂપણા કરવામાં આવી છે. બાકીનાં **पण्णविज्जंति** આદિ ક્રિયાપદોની વ્યાખ્યા આચારાંગનું પ્રરૂપણ કરતી વખતે આપી દેવામાં આવેલ છે. જે જીવ આ અંગનું અધ્યયન કરે છે સમસ્ત પદાર્થ આદિનો જ્ઞાતા અને વિજ્ઞાતા થઈ જાય છે. આ રીતે આ અંગમાં ચરણપ્રરુપણા અને કરણ પ્રરુપણા આખ્યાત થયેલ છે, પ્રજ્ઞપ્ત થયેલ છે, પ્રરૂપિત થયેલ છે, દર્શિત થયેલ છે, નિદર્શિત થયેલ છે અને ઉપદર્શિત થયેલ છે. આ પદોનો અર્થ પણ આચ,રાંગનું નિરૂપણ કરતી વખતે આપી દેવામાં આવેલ છે. ત્રીજા સ્થાનાંગ નામના અંગનું આ પ્રકારનું સ્વરૂપ છે ાસૂ. ૧૭૬ાા

## ચતુર્થાંગ સમવાયાંગ કે સ્વરૂપ કા નિરૂપણ

હવે સૂત્રકાર ચોથા સમવાય નામના અંગનું કથન કરે છે.

શબ્દાર્થ-**(से किं तं समवाए) अथ कोऽसौ समवायः**-હે ભદન્ત! સમવાયાંગનું સ્વરૂપ કેવું છે? **(समवाएणं ससमया सुइज्जति) समवाये खलु स्वसमयाः सूच्यन्ते**-સમવાયાંગમાં સ્વસમય સૂચિત કરાય છે એટલે કે સ્વસિદ્ધાંતોની પ્રરૂપણા કરાય છે, **(परसमया सुइज्जंति) परसमयः सूच्यन्ते**-પરસમયોની પ્રરૂપણા કરાય છે. **[ससमयपरसमया सुइज्जति] स्वसमयपरसमयाः सूच्यन्ते**-સ્વસમય અને પરસમયની પ્રરૂપણા કરાય છે, **(जाव लोगालोगा सुइज्जंति) यावत् लोकालोका सूच्यन्ते**-લોક અને અલોક સુધીના ભાવોની પ્રરૂપણા કરવામાં આવી છે. **(समवाएणं) समवाये खलु**-સમવાયાંગમાં **(एगाइयाणं) एकादिकानाम्**-એક, બે, ત્રણ, ચારથી સો સુધીના, અને ત્યાર પછીના કરોડા કરોડ સુધીના **(एगट्ठाणं) एकार्थानाम्**-કેટલાક પદાર્થોની **(एगुत्तरियपरिवुड्ढी) एकोत्तरिक परिवृद्धिः**-અનુક્રમે એક એક સંખ્યાની વૃદ્ધિનું કથન કરાય છે, **(य) च** અને **(दुवालसंगस्स य गणिपिडगस्स) द्वादशाङ्गस्य गणिपिटकस्य**-દ્વાદશાંગરૂપ ગણિપિટકનું **(पल्लवग्गे) पर्यवाग्रः**-પર્યાયપરિમાણ **(समनुगाइज्जइ) समनुगीयते**-કહેવામાં આવે છે, **(ठाणगसयस्स) स्थानकशतस्य**-એકથી સો

સુધીના સ્થાનોમાં કરવામાં આવે છે, એટલે કે એક સમવાયમાં એક એક જે પદાર્થો હોય તેનું વર્ણન કરવામાં આવે છે બે સમવયમાં બે, બે પદાર્થોનું વર્ણન કરાય છે, એ પ્રમાણે એક એક સમવાયની વૃદ્ધિ કરતાં કરતાં સો સમવાયમાં સો સોની સંખ્યાવાળા પદાર્થોનું વર્ણન કરાય છે. એ પ્રમાણે જ પછીના બસો (૨૦૦૦ આદિ સમવાયો વિષે પણ સમજવાનું છે. (**बारसविहवित्थरस्स-द्वादशविधविस्तस्य**) આચારાંગ આદિ બાર ભેદોથી વિસ્તૃત (**भगवओ**) **भगवतः**-દેવાદિ વડે માનનીય તથા, (**जगजीयहियस्स**) **जगज्जीव-हितस्य**-છકાયના જીવરૂપ લેકનું હિતકરનારા (**सुयणाणस्स**)**श्रुतज्ञानस्य**-શ્રુતજ્ઞાનને (**समासेण**)**समासेन**-સંક્ષેપથી (**समायारे**) **समाचारः**-પ્રત્યેક સ્થાન અને પ્રત્યેક અંગમાં અનેક પ્રકારનો વ્યવહાર (**आहिज्जइ**) **आख्यायन्ते**-કરવામાં આવે છે. (**तत्थ य**) **तत्र च**-અને સમવાયાંગ સૂત્રમાં (**णाणाविहप्पगारा जीवाजीवा य**) **नानाविधप्रकाराःजीपाजीवाश्च**-વિવિધ પ્રકારના જીવ અને અજીવનું (**वणिया वित्थरेण**) **वणिता विस्तरेण**-વિસ્તાર પૂર્વક વર્ણન કરાયુ છે, (**अवरे वि य**) **अपरेऽपि च**-અને બીજા પણ (**बहुविहा विसेसा**) **बहुविधा विशेषाः**-અનેક પ્રકારના જીવ-અજીવાદિક ભાવોનું આ સમવાયાંગમાં વર્ણન થયુ છે. એ જ વાતને સૂત્રકાર સંક્ષિપ્તમાં કહે છે-'**नरगतिरिय**' **इत्यादि।** (**नरग तिरिय, मणुय सुरगणाणं**) **नारक तिर्यङ् मनुजसुरगणानाम्**-નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવોના (**आहारु-स्सास-लेस्सा-आवास-संख-आययप्पमाण-उववाय-चवण-उग्गहणो-वहि-वेयण-विहाण-उवओग-जोग-इंदिय-कसाया**)**आहारोच्छवास लेश्याऽऽवास सख्याऽऽयतप्रमाणोपपातच्यवनावगाहनावधिवेदनाविधानोपयोगयोगेन्द्रियकषायाः**—આહાર--ઓજ આદિ આહાર તથા અભોગિક અને અનાભોગિક આદિ અનેક પ્રકારના આહાર, તથા ઉચ્છવાસ નિઃશ્વાસ, લેશ્યા-કૃષ્ણ, નીલ આદિ છ લેશ્યા, નરકાવાસ આદિની સંખ્યા,

આવાસોની ઊંચાઈ, વિષ્કંભ (વિસ્તાર) અને પરિધિનું પ્રમાણ, ઉપપાત-એક સમયમાં જીવોની ઉત્પત્તિ, એક સમયમાં મરણ, તથા અવગાહના તથા ચારે ગતિ વાળાનું અવધિજ્ઞાન, વેદના સાતા અસાતારૂપ, વિધાન-નરકાદિના ભેદ, ઉપયોગ-બાર પ્રકારના ઉપયોગ, યોગ-પંદર પ્રકારના યોગ, ઇન્દ્રિય-શ્રોત્ર આદિ પાંચ પ્રકારની ઇન્દ્રિયો, કષાયો-ક્રોધાદિક ચાર કષાયો, એ બધાનું વર્ણન આ સમયાંગ સૂત્રમાં કરવામાં આવ્યુ છે, (विविहाय)विविधाश्च-અનેક પ્રકારની (जीव जोणी) जीव योनय-જીવયે નિયોનું વર્ણન આ અંગમાં કરાયું છે. (मंदराईणं महीधराणं) मंदरादिकानां महीधराणां-મંદર આદિક પર્વતોના (विक्खंभुस्सेहपरियप्पमाणं) विष्कम्भोत्सेधपरिरयप्रमाणं-વિષ્કંભ-વિસ્તાર, ઉત્સેધ, ઊંચાઇ અને परिरयपरिधिनु પ્રમાણ તથા,(विहिविसेसा य—विधिविशेषाश्च-ખાસ પ્રકારની વિધિયો તેમાં બતાવી છે, તથા(कुलगर-तित्थगर-गणहराणं) कुलकरतीर्थंकर गणधराणां-કુલકર-તીર્થંકર, ગણધરો અને (सम्मत्तभरहाहिवाणचक्कीणं च) સમસ્ત ભરતના સ્વામી ચક્રવર્ત્તિ નરેશોનું, (चक्कट्टर-हलहराण य) चक्रधर-हलधराणां च-વાસુદેવ અને બળદેવોનું વર્ણન આ અંગમાં કરાયું છે. તથા (वासाण च) वर्षाणां च-ભરત આદિ ક્ષેત્રોનો (निगमा य) निर्गमाश्च-નિર્ગમોનું-પ્રત્યેક આગળના કરતાં પાછળનાની અધિકતાનું (समवाए) સમવાયાંગસૂત્રમાં વર્ણન કરાયું છે. (ए ए अण्णे य एवमाई-एत्थ वित्थरेणं अत्था समाहिज्जंति) एते अन्ये च एवमादयाः अत्र विस्तरेण अर्था समाख्यायन्ते-પૂર્વોક્ત પદાર્થોનું અને એ પ્રકારના બીજા પદાર્થોનું આ સમવાયાંગસૂત્રમાં વિસ્તારથી વર્ણન કરાયું છે. (समवायस्स णं परित्ता वायणा) समवायस्य खलु परीता वाचना;-સમવાયાંગસૂત્રમાં સંખ્યાત વાચનાઓ છે, (से णं अंगट्ठयाए चउत्थे अंगे) स खलु अङ्गार्थतया चतुर्थमङ्गम्-અંગની અપેક્ષાએ તે ચોથું અંગ છે, (एगे अज्झयणे) एकमध्ययनम्-તેમાં એક અધ્યયન છે, તેમાં एगे सुयक्खंधेः एकः श्रुतस्कन्धः -એક શ્રતસ્કંધ છે, (एगे उद्देसणकाले)एक उद्देशनकालः-એક ઉદ્દેશનકાળ છે, (एगे लक्खेचउयाले) पदसहस्से पयग्गेणं पण्णत्तेः एकं लक्षं चतुश्चत्वारिंशत्पदसहस्रपदाग्रेण प्रज्ञप्तम्--પદ પરિમાણની અપેક્ષાએ આ અંગમાં એક લાખ ચુંમાળીસ હજાર (૧૪૪૦૦૦) પદ છે (संखेज्जा अक्खरा) संख्येयानि अक्षराणि-આ અંગમાં સંખ્યાત અક્ષરો છે, (जावचरणकरणपरूवणा आघ-

विज्जइ६) यावत् चरणकरणप्ररूपणा आख्यायन्ते६ ચરણકરણની પ્રરૂપણા આ અંગમાં આખ્યાત કરવામાં આવી છે, ત્યાં સુધીનાં પદોને ગ્રહણ કરવાનાં છે. से त्तं (समवाये) स एष समवायः–આ પ્રકારનું આ સમવાયાંગનું સ્વરૂપ છે.

ભાવાર્થ—'से किं तं समवाए' इत्थादि।

હે ભદન્ત! સમવાયનું કેવું સ્વરૂપ છે? ઉત્તર–અજીવ જીવ આદિ પદાર્થોનો જેમાં એક, બે આદિના વિભાગમાં સમાવેશ કરવામાં આવે તે અંગને સમવાય કહે છે, અથવા–આત્માદિક અનેક પ્રકારના પદાર્થ જ્યાં અભિધેયરૂપે મળ્યા હોય, તેને સમવાય કહે છે. આ સમવાયાંગસૂત્રમાં સ્વસમયની પ્રરૂપણા કરવામાં આવી છે, પરસમયની પ્રરૂપણા કરવામાં આવી છે, સ્વસમય અને પરસમય. એ બન્નેની પ્રરૂપણા કરવામાં આવી છે. લેક, અલોક અને લોકાલોકની પ્રરૂપણા કરવામાં આવી છે, જીવ, અજીવ અને જીવાજીવની પ્રરૂપણા કરવામાં આવી છે. કહેવાનું તાત્પર્ય એ છે કે આ અગમાં વિચાર કરવારુપ નિમિત્તને લઇને લોક, અલોક આદિ વિષયોનો સમાવેશ કરાયો છે સ્વસમયનો. પરસમવનો, લોકનો અલોકનો આદિ સમસ્ત નિર્દિષ્ટ વિષયોનો આ અંગમાં ઊંડાણથી બરાબર વિચાર કરવામાં આવ્યો છે. તેથી સઘળા વિષયોને આ અંગમાં સમાવેશ થયો છે. તથા સમવાયાંગમાં સમસ્ત પદાર્થોનું કથન કરવાનું અશકય હોવાથી કેટલાક જીવાદિક પદાર્થોનો–એક, બે, ત્રણ, ચાર આદિ સંખ્યાઓથી લઇને સો સુધી અને કોટાનકોટી સુધી વિચાર કરવામાં આવ્યો છે. આ વિચારણામાં ૧ એકથી લઇરે સો સુધી જે વિચારવૃદ્ધિ થઈ છે તે તો અનુક્રમ થતી ગઇ છે. આ પ્રમાણેની વૃદ્ધિને "એકોત્તરિક પરિવૃદ્ધિ" કહે છે. સો સંખયાની ઉપરના જે કોટીકોટી સુધીના પદાર્થોનો વિચાર કરાયો છે તે વિચારમાં જે વૃદ્ધિ થઈ છે તે 'અનેકોત્તરિક પરિવૃદ્ધિ" છે. તે ક્રમશ થઈ નથી. અક્રમિકરીતે કરવામાં અવી છે. તથા આ સમવાયાંગમાં ગણિપિટકરૂપ દ્વાદશાંગ (બાર અંગ) નું પર્યાયપરિણામ–અભિધેય આદિ તે તે ધર્મોની ગણના–અથવા તેમના અવયવોનું પરિમાણ (પ્રમાણ) કહેવામાં આવ્યું છે. તથા આ સમવાયાંગસૂત્રમાં આચારાંગ આદિ બાર ભેદોથી વિસ્તૃત અને જગતના સૂક્ષ્મૈકેન્દ્રિય જીવોને માટે હિતકારક એવા માનનીય પ્રવચનનો સમાવેશ કરાયો છે, એટલે કે દરેક સ્થાન અને દરેક અંગમાં અનેક પ્રકારના વાચકત્વરૂપ વ્યવહારનું કથન કરાયું છે. તથા આ સમવા-

યાંગમાં એકેન્દ્રિય આદિના ભેદથી તથા પર્યાપ્ત અને અપર્યાપ્ત આદિના ભેદથી અનેક પ્રકારના ભેદોવાળા જીવોનું અને પુદ્‌ગલ સ્તિકાય આદિ અનેક પ્રકારના ભેદોવાળા અજીવોનું વિસ્તારપૂર્વક વર્ણન કરાયું છે. એ જ પ્રમાણે બીજાં પણ અનેક પ્રકારના જીવાજીવાદિગત ધર્મવિશેષોનું તેમાં વર્ણન કરાયુ છે. એ જ વાતને સૂત્રકારે **'नरगतिरिय'** ઈત્યાદિ પદદ્વારા દર્શાવી છે–આ સમવાયાંગમાં નારકોના તિર્યંચોના, મનુષ્યોના અને દેવોના આહાર, ઉચ્છવાસ. લેશ્યા, આવાસ, સંખ્યા, આયતપ્રમાણ, ઉપપાત, ચ્યવન અવગાહના, અવધિજ્ઞાન, વેદના, વિધાન, ઉપયોગ, યોગ, ઈન્દ્રિય, અને કષાયનું વર્ણન કરાયું છે. અહીં આહારનું તાત્પર્ય ઓજ આદિ આહાર છે. તે અભોગિક અને અનાભોગિકરૂપ અનેક પ્રકારના હોય છે. અનુસમય આદિ કાળ-ભેદથી ઉચ્છવાસ અનેક પ્રકારના હોય છે. કૃષ્ણ, નીલ, આદિ અનેક પ્રકારની લેશ્યા હોય છે. નરકો આદિના આવાસોની સંખ્યા અનેક પ્રકારની છે. પહેલી પૃથ્વીમાં (નરકમાં) ત્રીસ લાખ, બીજી પૃથ્વીમાં પચીસ લાખ, ત્રીજીમાં પંદર લાપ ચોથીમાં દસલાખ, પાંચમીમાં ત્રણ લાખ, છઠ્ઠીમાં ૯૯૯૯૫, નવાણું હજાર નવસો પંચાણું અને સાતમીમાં પાંચ નરકાવાસ છે. એ રીતે કુલ ૮૪ ચોર્યાસી લાખ નરકાવાસ છે. તે નરકો આદિના આવાસોની દીર્ઘતા-લંબાઇના પ્રમાણને આયાતપ્રમાણ કહે છ. આ પદ ઉપલ-ક્ષક છે, તેથી તેના વડે નરકાદિ-આવાસોની લંબાઇ, પહોળાઈ, અને પરિધિનું પ્રમાણ પણ ગ્રહણ કરવું જોઇએ, ઉપપાત એટલે ઉત્પત્તિ, જેમકે એક સમયમાં અથવા આટલા સમય બાદ આટલા જીવોની ઉત્પત્તિ થાય છે. ચ્યવન એટલે મરણ તેમાં પણ એ જ વિચાર કરાયો છે કે એક સમયમાં અથવા આટલા સમયબાદ આટલા જીવોનું મરણ થાય છે. અંગુલના અસંખ્યાતમાં ભાગ આદિથી પરિમિત શરીરનું જે પ્રમાણ હોય છે તેને અવગાહના કહે છે. તે અવગાહનાના વર્ણનમાં એ વાત બતાવવામાં આવી છે કે જીવોનાં શરીરની ઓછામાં ઓછી અવગહના આટલી હોય છે, અને વધારેમાં વધારે શરીરની અવગાહના આટલી હોવ છે, અને મધ્યમ અવગાહના તાટલી હોય છે. એ જ પ્રમાણે તેમના અવધિજ્ઞાન બાબતમાં એ વાત બતાવવામાં આવી છે કે અવધિજ્ઞાનનું જઘન્ય (ઓછામાં ઓછું) અસંખ્યાતમાં ભાગપ્રમાણ છે તો ઉત્કૃષ્ટ (વધારેમાં વધારે) અને મધ્ય ક્ષેક્ષ કેટલા પ્રમાણનું છે. વેદનીના બે પ્રકાર છે (૧) સાતાવેદના, (૨), અસાતાવેદના, વિધાન એટલે ભેદ જેમ કે નારકી જીવોના સાત ભેદ છે. આત્માનું ચૈતન્યાનુવિધાયી જે પરિણામ છે તેને ઉપયોગ કહે છે. તે અભિનિબોધિક આદિના ભેદથી બાર પ્રકારનો છે, એટલે કે ૮

પ્રકારનો જ્ઞાનોપયોગ અને ૪ પ્રકારનો દર્શનોપયોગ હોય છે. યોગના પંદર પ્રકાર ૭-૪ પ્રકારના મનોયોગ, ૪ પ્રકારના વચનયોગ, અને સાત પ્રકારની કાયયોગ, આ રીતે પંદર પ્રકારના યોગ હોય છે. સ્પર્શેન્દ્રિય આદિ પાંચ ઇન્દ્રિયો હોય છે. કષાયના ક્રોધ આદિ ચાર પ્રકાર છે. તેનું તાત્પર્ય એ છે કે નારક, મનુષ્ય, અને દેવના આહાર આદીથી લઇને કષાય સુધીના સમસ્ત વિષયોનું વર્ણન આ અંગમાં કરવામાં આવ્યું છે તથા સચિત્ત, અચિત્ત સચિત્તાચિત્ત આદિ જે અનેક પ્રકારની જીવોની યોનિયો-ઉત્પત્તિસ્થાનો-હોય છે, તેમનું વર્ણન પણ આ અંગમાં કરવામાં આવ્યું છે. તથા મંદર આદિક પર્વતોના વિષ્કંભ-વિસ્તાર, ઉત્સેધ-ઊંચાઈ, અને પરિરય-પરિધિનું કેટ કેટલું પ્રમાણ છે તેનું વર્ણન પણ આ અંગમાં કરવામાં આવ્યું છે. જંબૂદ્વીપમાં આવેલો સુમેરુ, ધાતકીખંડમાં આવેલ સુમેરુ અને પુષ્કરાર્ધમાં આવેલ સુમેરુ આ રીતે ત્રણ પ્રકારના સુમેરુ છે. તેમાંના જંબૂદ્વીપમાંના સુમેરુની ઊંચાઇ એક લાખ યોજનની છે, બાકીના જે બે સુમેરુ છે તેઓ સમતલ ભૂમિથી ૮૪-૮૪ ચોર્યાસી-ચોર્યાસી હજાર યોજન ઊંચા છે, અને અવગાઢની અપેક્ષાએ(જમીનની અંદરના ૧૦૦૦-૧૦૦૦ એક એકહજાર ૨ યોજન ગણતાં ૮૫-૮૫ પંચ્યાસી-પંચ્યાસી હજાર યોજન ઊંચા છે. એજ પ્રમાણે ખાસ વિધિયોનું વર્ણન પણ તેમાં કરાયું છે. તથા કુલકરો, તીર્થંકરો, ગણધરો, સમસ્ત ભરત-૬ છ ખંડવાળાં ભરતક્ષેત્ર-ના અધિપતિ ચક્રવર્તિયો, વાસુદેવો, અને બળદેવોના ભેદ-વિશેષોનું વર્ણન પણ આ અંગમાં કરવામાં આવ્યું છે. તથા ભરત આદિ ક્ષેત્રોનો નિર્ગમ-આગલાક્ષેત્રની અપેક્ષાએ પછીનાં વિદેહ સુધીનાં ક્ષેત્રોનું આધિક્ય પણ આ અંગમાં વર્ણવવામાં આવેલ છે. ઉપરોકત પદાર્થો સિવાયના બીજાં પણ આ પ્રક રના ઘનવાતવલય, તનુવાતવલય, આદિ જે પદાર્થો છે તેમની વ્યાખ્યા પણ આ અંગમાં વિસ્તારથી કરવામાં આવી છે. આ સમવાયની વાચના સંખ્યાત છે. અહીં '**यावत्**' પદથી નીચે પ્રમાણેનાં પદો ગ્રહણ કરવામાં આવ્વાં છે-આ અગમાં સખ્યાત અનું યોગદ્વાર છે, સંખ્યાત પ્રતિપત્તિયો છે, સંખ્યાત વેષ્ટક છે. સખ્યાત શ્લોકો છે, સંખ્યાન નિર્યુક્તિયો છે. અને સંખ્યાત સંગ્રહણિયો છે. અંગોની અપેક્ષાએ બધાં અંગોમાનું આ ચોથું અંગ છે. તેમાં એક અધ્યયન છે, એક શ્રુતસ્કંધ છે. એક ઉદ્દેશનકાળ છે, અને એક સમુદ્દેશનકાળ છે. તેમાં પદોનું પ્રમાણ એકલાખ ચુંમાળીસ હજારનું છે. આ અંગમાં સંખયાત અક્ષરો છે. અહીં '**यावत्**' પદથી-'અનંત ગમ છે' અનંત પર્યવ છે, અસંખ્યાત ત્રસ છે, અને નંત સ્થાવર જીવો છે' વગેરે

બાબતો ગ્રહણ કરવામાં આવી છે. ઉપરોક્ત સમસ્ત ભાવ-પદાર્થ શાશ્વત-નિત્ય છે, કૃત-અનિત્ય પણ છે, નિબદ્ધ-સૂત્રમાં ગ્રથિત છે, નિકાચિત છે. આ બધા પદાર્થોની પ્રરૂપણા જિનેન્દ્રદેવ દ્વારા થયેલ છે. એ બધાનું વર્ણન સૂત્રકારે આ અંગમાં સામાન્ય તથા વિશેષરૂપે કરેલ છે, તેમની પ્રજ્ઞાપના કરી છે, તેમને દર્શિત કરેલ છે, નિદર્શિત કરેલ છે, ઉપદર્શિત કરેલ છે. આ પદોનુ તથા' એ જ (આ અંગનું અધ્યયન કરનાર) જ્ઞાતા અને વિજ્ઞાતા બને છે' આ પદોનું ગ્રહણ કરાયેલ છે. તેમનો અર્થ આચારાંગના સ્વરૂપનું નિરૂપણ કરતી વખતે આપી દેવામાં આવ્યો છે. તો ત્યાં તે અર્થ જોઇ જવો. આ રીતે આ સમવાયાંગસૂત્રમાં ચરણપ્રરૂપણાનું અને કરણ પ્રરૂપણાનું કથન કરાયું છે. અહીં આવતાંબાકીનાં યાપદોનો અર્થ આચરાંગનાં સ્વરૂપ-નિરૂપણમાં આપી દેવાયો છે. આ સમવાયનું આ પ્રકારનું સ્વરૂપ છે ।।સૂ. ૧૭૭।।

## પાંચવે અંગ વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ (ભગવતી) કે સ્વરૂપ કા નિરૂપણ

શબ્દાર્થ—(से किं तं वियाहे) अथ काऽ सा व्याख्या?—હે ભગવાન્ વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ એટલે કે ભગવતીસૂત્રનું કેવું સ્વરૂપ છે? (वियाहेणं)व्याख्यायां खलु—હે ગૌતમ ! વ્યાખ્યાપ્રજ્ઞપ્તિમાં (स्वसमया वियाहिज्जंति) स्वसमया व्याख्यायन्ते—સ્વસમયોનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે, (परसमया वियाहिज्जंति) परसमयाः व्याख्यायन्ते—પરસમયોનું સ્વરૂપ કહેલ છે, ( ससमयपरसमया—वियाहिज्जंति ) स्वसमयपरसमयाः व्यायन्ते—સ્વસમયો અને પરસમયો એ બન્નેનું સ્વરૂપ દર્શાવ્યુંછે, (जीवा वियाहिज्जंति)जीवाः व्याख्यायन्ते—જીવોનું સ્વરૂપ બતાવ્યું છે, (अजीवा वियाहिज्जंति) अजीवाःव्याख्यायन्ते-અજીવોનું સ્વરૂપ કહેવામાં આવ્યું તે. (जीवा जीवा वियाहिज्जंति)जीवा जीवाः व्याख्यायन्ते—જીવ અને અજીવ, એ બન્નેનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે, (लोगे वियाहिज्जइ) लोकः व्याख्यायन्ते—લોકનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે, (अलोगे वियाहिज्जइ) अलोकः व्याख्यायन्ते—અલોકનું સ્વરૂપ સમજાવ્યું છે, (लोगालोगे वियाहिज्जइ)लोका लोकं व्याख्यायन्ते—લોક અને અલોકનું સ્વરૂપ બતાવ્યું છે. ( वियाये णं नाणाविहसुरनरिंद रायरिसिविविह-संसइयपुच्छियाणं) व्याख्यायां खलु नानाविधसुरनरेन्द्र

**राजऋषि विविधसंशयितपृष्टानां**—જેમનાં મનમાં વિવિધ સંશયો ઉત્પન્ન થયા છે તેવા અનેક પ્રકારનાં દેવો, નરેન્દ્રો, અને રાજર્ષિયો દ્વારા પોતાના સંશયોના નિવારણને માટે પૂછાયેલા પ્રશ્નો તથા (**जिणे णं वित्थरे ण भासियाणं**) **जिनेन विस्तरेण भाषितानां**–જિનેશ્વર ભગવાન દ્વારા વિસ્તારપૂર્વક પ્રતિપાદન કરાયેલા ઉત્તરો, કે જે ( **दव्वगुणखेत्तकालपज्जवपदेसपरिणामजहत्थिय भावअणुगमनिक्खेवणयप्पमाणसुनिउणोवक्कमविविहप्पगारपयड पयासियाणं** ) **द्रव्य--गुणक्षेत्रकालपर्यवप्रदेशपरिणामयथास्तिकभावानुगमनिक्षेप नयप्रमाणसुनिपुणोपक्रमविविधप्रकारप्रकटप्रकाशितानाम्**--( **दव्व** ) **द्रव्य**–ધર્માસ્તિકાય આદિ દ્રવ્ય, ( **गुण** ) **गुण्त**--જ્ઞાનાદિક ગુણ, ( **खेत्त** ) **क्षेत्र**–આકાશદ્રવ્ય, (**काल**)–સમયાદિ રૂપકાળ, (**पज्जव**) **पर्याय**–સ્વ અને પરના ભેદથી ભિન્ન ધર્મ, અથવા પુરાણ આદિ નવકાળકૃત અવસ્થા, (**पदेश**) **प्रदेश** નિરંશ અવયવ (**परिणाम**) **परिणाम**–એક અવસ્થામાંથી બીજી અવસ્થાની પ્રાપ્તિ થવી તે, (**जहत्थिय भाव**) યથાસ્તિક ભાવ, (**अणुगम**) **अनुगम**–સંહિતા આદિ વ્યાખ્યાનના પ્રકાર અથવા ઉદ્દેશ, નિર્દેશ નિર્ગમ આદિદ્વાર, (**निक्खेव**) **निक्षेप**–નામાદિ, (**णय**)–**नय**–નિગમાદિ નય, (**प्पमाण**) **प्रमाण**–પ્રત્યક્ષ આદિ પ્રમાણ, (**सुनिउण उवक्कम**) **सुनिपुण–उपक्रम**–આનુપૂર્વી આદિ દ્વારા (**विविहप्पगार-**

पगडपयासियाणं ) विविधप्रकारपक्रटप्रकाशितानाम्—જેમને વિવિધતા પૂર્વક સ્પષ્ટ તથા પ્રકાશિત કરવામાં આવ્યા છે, તથા જે (लोगालोगपयासियाणं) लोकालोकप्रकाशितानाम्—લોક અને અલોકના પ્રકાશક છે. (संसार–समुदरुंद उत्तरणसमत्थाणं ) संसारसमुद्रविस्तीर्णोत्तारणसमर्थानाम्—તથા વિશાળ સંસારસાગરને પાર કરવાને સમર્થ છે, ( सुरवई—संपूजियाणं ) सुरपति समपूजितानां—ઇન્દ્રાદિક દ્વારા પ્રશંસિત છે, ( भवियजणवयहियया भिनंदियाणं ) भविकजनव्रजहृदयाभि––नन्दितानाम्––ભવ્ય જીવોના હૃદય દ્વારા અભિનન્દિત છે, (तमरय–विद्धंसणाणं) तमोरजो विध्वंसनानाम्–तम–અજ્ઞાન, (रज)–પાપ, એ બન્નેનો નાશ કરનાર છે, તથા ( सुदिट्ठदीवभूयईहा मइबुद्धिवद्धणाणं ) सुदृष्टदीप भूतेहामतिबुद्धिवर्द्धकानाम्—સારી રીતે નિર્ણિત હોવાથી દીપ સમાન એટલે કે સમસ્ત તત્વોના પ્રકાશક તથા ईहा–વિતર્ક, मति–નિશ્ચય, અને ઔત્પત્તિકી આદિ ચાર પ્રકારની બુદ્ધિમાં વધારો કરનાર છે, એવાં (छत्तिससहस्समणूणयाणं वागराणं) षट् त्रिंशत्सहस्रान्यूनकानां व्याकरणानाम्–છત્રીસ હજાર વ્યકરણોના (दंसणाओ) दर्शनाः–બોધક (सुयत्थ) सूत्राथाः–સૂત્રાર્થ કે જે (बहुविहप्पगारा) बहुविध प्रकाराः–અનેકવિધ ભેદવાળા છે, (सीसहियत्था य गुणमहत्था) शिष्यहितार्था गुणमहार्थाः–શિષ્યોને માટે હિતકારક અને ગુણદાયક છે,તેમનું આ અંગમાં (वियाहिज्जंति) व्याख्यायन्ते વ્યાખ્યાન વર્ણન કરાયું છે, (वियाहस्स णं परित्ता वायणा) व्याख्यायाः खलु परीता वाचनाः–ભગવતી સૂત્રમાં સંખ્યાત વાચનાઓ છે,(संखेज्जा अणुओग दारा) संख्यतानि अनुयोगद्वाराणि–સંખ્યાત અનુયોગ દ્વાર છે, (संखेज्जा वेढा)संख्याता वेष्टकाः–સંખ્યાત વેષ્ટક છે, (संखेज्जा सिलोगा) संख्याताः श्लोकाः–સંખ્યાત શ્લોકો છે, (संखेज्जाओ निज्जुत्तीओ) संख्याताः निर्यु-

क्तयः—संख्यात निर्युक्तिओ छे, (संखेज्जाओ संगहणीओ) संख्याताः संग्रहण्यः—संख्यात संग्रहणिओ छे, (संखेज्जाओ पडिवत्तीओ) संख्याताः प्रतिपत्तयः—अने संख्यात प्रतिपत्तिये छे, (से णं अंगट्ठयाए पंचमे अंगे) स खलु अङ्गार्थतया पञ्चमम् अङ्गम्—अंगोनी अपेक्षाए ते पांचमुं अंग छे. (एगे सुयक्खंधे) एकः श्रुतस्कन्धः—तेमां एक श्रुतस्कंध छे, (एगे साइरेगे अज्झयणसए) एकं सातिरेकमध्ययनशतम्—एकसो थी थोडा वधारे अध्ययन छे (दस उद्देसगसहस्साइं) दशउद्देशकसहस्राणि—आ अंगमां दस हजार उद्देशक छे अने (दस समुद्देसगसहस्साइं) दश समुद्देशक—सहस्राणि—दश हजार समुद्देशक छे. (छत्तीसं वागरणसहस्साइं) षट्त्रिंशत् व्याकरणसहस्राणि—छत्रीस हजार प्रश्नोत्तर ते, दो लक्खा अट्ठासीई पयसहस्साइं पयग्गेणं पण्णत्ताइं द्वे लक्षे अष्टाशीति पदसहस्राणि पदाग्रेण प्रज्ञप्तानि—तेमां बे लाख अठ्यासी हजार (२८८०००) नुं पद प्रमाण छे तेमां (संखेज्जाइं अक्खराइं संख्यातानि) अक्षराणि—संख्यात अक्षरो छे. [अणंता पज्जवा] अनन्ताः पर्यायाः—अनंत पर्यायो छे, [परित्ता तसा] परीताः त्रसाः—असंख्यात त्रस छे. (अणंता थावरा) अनन्ताः स्थावरा—अने अनन्त स्थावर छे. सासयकडनिबद्धणिकाइया जिणपण्णत्ता भावा (शाश्वतकृतनिबद्धनिकाचिताः जिनप्रज्ञप्ता भावाः—उपरोक्त समस्त भाव शाश्वत छे, कृत (अनित्य) छे, निबद्ध छे. अने निकाचित छे, ए प्रमाणे जिनेश्वर भगवाने कहेल ए बधा भावो आ अंगमां (आघविज्जंति आख्यायन्ते—कहेवामां आवेल छे. (पण्णविज्जंति) प्रज्ञाप्यन्ते—प्रज्ञापित कराया छे (परूविज्जंति) प्ररूप्यन्ते—प्ररूपित कराया छे. (दंसिज्जंति) दर्श्यन्ते—दर्शाववामां आव्या छे, (निदंसिज्जंति) निदर्श्यन्ते—निर्देश करायो छे, [उवदंसिज्जंति अने उपदर्श्यन्ते—उपदर्शित कराया छे, [से एवं आया] स एवमात्मा (से एवं णाया स एवं ज्ञाता, (से एवं विण्णाया) स एवं विज्ञाता, (एवं चरणकरणपरूवणा

आघविज्जइ६) एवं चरणकरणप्ररूपणाः आख्यायन्ते-(से तं वियाहे)सा एषा **व्याख्या**–આ બધાં પદોના અર્થ આચારાંગસૂત્રનું નિરૂપણ કરતી વખતે આપી દેવામાં આવ્યા છે. તો ત્યાંથી જોઇ લેવા. આ પ્રકારનું વ્યાખ્યાપ્રજ્ઞપ્તિનું સ્વરૂપ છે.।। સૂ ૧૭૮।।

ટીકાર્થ—**'से किं तं वियाहे' इत्यादि**–હે ભદન્ત વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ-ભગવતીસૂત્રનું સ્વરૂપ કેવું છે ? ઉત્તર-જે સૂત્રમાં અર્થ આપવામાં આવ્યા છે. એટલે કે જેમાં પદાર્થનું સ્વરૂપ વગેરે વિસ્તારપૂર્વક કહેવામાં આવ્યું છે, તે સૂત્રનું નામ વ્યાખ્યા-વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ છે. તે વ્યાખ્યાપ્રજ્ઞપ્તિમાં સ્વસમયનું (સ્વસિદ્ધાંતોનું)સ્વરૂપ સમજાવ્યું છે, પરસમયનું સ્વરૂપ સમજાવ્યું છે, અને સ્વસમય તથા પરસમય, બન્નેનું સ્વરૂપ સમજાવ્યું છે. એ જ પ્રમાણે જીવનું, અજીવનું, જીવાજીવનું, લોકનું, અલોકનું અને લોકાલોકનું સ્વરૂપ સમજાવ્યું છે. આ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિમાં -ભગવતીસૂત્રમાં-**'छत्तीस सहस्समणूणयाणं'** પૂરાં છત્રીસ હજાર **'वागरणाणं'** વ્યાકરણોના અન્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નોના ઉત્તરો આપ્યા છે-**'दंसणाओ'** બોધદાયક એવા **'सुयत्था' तार्थ**—વાચ્યાર્થ વિશેષ, અથવા, ભગવાનની પાસેથી ગણધરદ્વારા સાંભળેલ અર્થ, અથવા **શ્રુત**—સૂત્ર અને નિર્યુક્તિ આદિ રૂપ અર્થ કે જેમનો **'गुण महत्था'** ગુણ જ મહાન પ્રયોજન છે, એ અર્થોને **'बहुवियप्पगारा'** ભેદ પ્રભેદ સહિત **'सीसहियत्था'** શિષ્યોના હિતને માટે **'वियावहिज्जंति'** વિસ્તાર પૂર્વક પ્રતિપાદિત કરાયેલ છે. હવે સૂત્રકાર "કોણે ભગવાનને પ્રશ્નો પૂછયાં" એ વિષયને **'नाणाविह'** આદિ છઠ્ઠી વિભક્તિનાં પદો દ્વારા બતાવે છે. તેઓ કહે છે કે–વિવિધ દેવોએ, નરેન્દ્રોએ, અને રાજર્ષિયોએ અનેક પ્રકારના પોતાના સંશયોનું નિવારણ કરવાને માટે, ભગવાનને પ્રશ્નો પૂછયાં છે, અને તેમનું સમાધાન કરનાર ઉત્તરો **'जिणेणं वित्थरेण भासियाणं'** જિનેન્દ્ર ભગવાને વિસ્તારપૂર્વક આપ્યા છે. આ ઉત્તરમાં **'दव्वगुण आदि'** ધર્માસ્તિકાય આદિ દ્રવ્યો પર, જ્ઞાનાદિક ગુણો પર, ક્ષેત્રરૂપ આકાશદ્રવ્ય પર સમય આદિરૂપ કાળપર, સ્વ પર ભેદભિન્ન ધર્મોપર, અથવા કાળકૃત નવપુરાણ આદિ અવસ્થાઓ પર, નિરંશ અવયવરૂપ પ્રદેશો પર, એક અવસ્થામાંથી બીજી અવસ્થાએ પહોંચવારૂપ પરિણામો પર, આસ્તિકભાવનો અતિક્રમ ન કરવારૂપ યથાસ્થિકભાવ પર, સંહિતા આદિ વ્યાખ્યાનના પ્રકારરૂપ અથવા ઉદ્દેશ, નિર્દેશ નિર્ગમન આદિ દ્વારસમૂહરૂપ અનુગમ પર. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવરૂપ નિક્ષેપ પર, નૈગમ, સંગમ આદિના ભેદથી જ્ઞાત અથવા દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિકના ભેદથી. જ્ઞાનનય અને ક્રિયાનયના ભેદથી અથવા નિશ્ચયનય અને વ્યવહાર નયના ભેદથી બે નયો પર, સકળ આદેશ

પ્રમાણપર, અને સુનિશ્ચિત ગુણવાળા આનુપૂર્વી આદિરૂપ ઉપક્રમ પર સ્પષ્ટતાપૂર્વક પ્રકાશ ફેંકવામા આવ્યો છે-સમજણ પાડવામાં આવી છે ઉપરોક્ત બાબતોની આગળ 'विविहप्पकार' વિશેષણ લગાડવાનું છે. તેનું તાત્પર્ય એ છે કે-વિવિધ પ્રકારનાં દ્રવ્યો પર, વિવિધ પ્રકારના જ્ઞાનાદિક ગુણ આદિકો પર એ ઉત્તરોમાં સુસ્પષ્ટ પ્રકાશ ફેંકવામાં આવ્યો છે. દ્રવ્યાદિક એક પ્રકારના નથી પણ અનેક પ્રકારના છે. તેથી તે વાત સિદ્ધ થાય છે. આ પ્રશ્નોત્તરો દ્વારા 'लोगालोगपयासियाणं' લોક અને અલોકની સ્પષ્ટતા થઈ જાય છે. આ પ્રશ્નોત્તરોમાં એ સામર્થ્ય રહેલું છે કે તેમને હૃદયંગમ કરનાર જીવો વિસ્તીર્ણ સંસારસાગરને તરી જાય છે. એટલે કે તેમને હૃદયમાં ઉતારનાર જીવોને માટે તે પ્રશ્નોત્તરો સંસારસાગરને પાર કરવાની શકિત આપનાર છે. 'रूंद' આ દેશી શબ્દ છે અને તે વિશાળ અર્થ ધરાવે છે. આ પ્રશ્નોત્તરોની ઈન્દ્રાદિક દેવોએ પણ પ્રશંસા કરી છે. ભવ્ય જીવોએ અંતઃકરણથી તેના વખાણ કર્યા છે. જીવોના અજ્ઞાન અને પાપનો તે નાશ કરનારા છે સારી રીતે નિર્ણિત થયેલા હોવાથી તેઓ સકળતત્ત્વના પ્રકાશક હોવાથી દીપકસમાન છે. ईहा-વિતર્કરૂપબુદ્ધિ, मति--નિશ્ચયરૂપ બુદ્ધિ, અને ઔત્પતિકી આદિ ચાર પ્રકારની બુદ્ધિની તે પ્રશ્નોત્તરો સારી રીતે વૃદ્ધિ કરનારા છે. આ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ અંગની સંખ્યાત વાચનાઓ છે, સંખ્યાત અનુયોગ દ્વાર છે. સંખ્યાત વેષ્ટક છે સંખ્યાત શ્લો ૧ છે, સંખ્યાત નર્યુક્તિયો છે, અને સંખ્યાત પ્રતિપત્તિયો છે, અંગોની અપેક્ષાએ તે પાંચમું અંગ છે. તેમાં એક શ્રુતસ્કંધ અને એકસો કરતાં વધારે અધ્યયનો છે દસ હજાર ઉદ્દેશક છે અને દસ હજાર સમુદ્દેશક છે તેમ અન્યદ્વારા પૂછાયેલા તથા ભગવાન દ્વારા જેના ઉત્તરો અપાયા છે તેવાં છત્રીસ હજાર પ્રશ્નોત્તરૂપ વ્યાકરણો છે. તેમાં પદોનું પ્રમાણ બે લાખ અઠયાસી હજાર (૨૮૮૦૦૦) નું છે. તેમાં સંખ્યાત અક્ષરો છે, અનંત ગમ છે. અનંત પર્યાય છે, અસંખ્યાત ત્રસ છે અને અનંત સ્થાવર છે ઉપરોકત સમસ્ત ભાવ શાશ્વત (નિત્ય) છે, કૃત (અનિત્ય) છે નિબદ્ધ અને નિકાચિત છે, આ સ્વરૂપ જનેશ્વર ભગવાને કહેલ છે. એ બધા ભાવો આ અંગમાં કહેલ છે, પ્રજ્ઞાપિત કરાયા છે, પ્રરૂપિત કરાયા છે, દર્શિત કરાયા છે, નિદર્શિત કરાયા છે અને ઉપદર્શિત કરાયા છે. જે જીવ આ અંગનો અભ્યાસ કરે છે તેને આત્માનું સ્વરૂપ સમજાઇ જાય છે અને જ્ઞાતા અને વિજ્ઞાતાનું સ્વરૂપ કેવુ હોય છે તે પણ જાણવા મળે છે. ઉપર્યુકત પ્રકારે આ અંગમાં ચરણપ્રરૂપણા અને કરણપ્રરૂપણા કરવામાં આવી છે. બાકીના પદોનો અર્થ

આચારાંગનું સ્વરૂપ નિરૂપણ કરતી વખતે આપી દીધેલ છે. વ્યાખ્યા પ્રજ્ઞપ્તિનું આ પ્રકારનું સ્વરૂપ છે. ॥ સૂ. ૧૭૮ ॥

## છઠવે અંગ જ્ઞાતાધર્મકથાંગ કે સ્વરૂપ કા નિરૂપણ

હવે સૂત્રકાર છઠ્ઠા અંગનું સ્વરૂપ બતાવે છે—

શબ્દાર્થ—(**से किं तं णायाधम्मकहाओ ?**) **अथ का सा ज्ञाता धर्मकथा: ?** —હે ભદન્ત! જ્ઞાતાધર્મ કથાનું કેવું સ્વરૂપ છે? ઉત્તર—(**णाया धम्मकहासु ण**) **ज्ञाताधर्मकथासु खलु**—આ જ્ઞાતાધર્મકથા નામના અંગમાં (**णाणाणं णगराइं उज्जाणाइं चेइयाइं, वणसंडा, रायाणो, अम्मापियरो, समोसरणाइं, धम्मायरियः, धम्मकहाओ, इहलोइयपरलोइयइड्डिविसेसा, भोगपरिच्चया, पव्वज्जाओ, सुयपरिग्गहा, तवोवहाणाइं, परियाया, संलेहणाओ, भत्तपच्चक्खाणाइं, पाओवगमणाइं, देवलोगगमणाइं, सुकुलपच्चायायाइं, पुणबोहिलाभा, अंतकिरियाओ, य आघविज्जंति: ज्ञातानां नागराणि, उद्यानानि, चैत्यानि, वनषण्डाः, राजानः, अम्बापितरौ, समवसरणानि, धर्माचार्याः, धर्मकथाः, ऐहलौकिकपरलौकिक ऋद्धिविशेषाः, भोगपरित्यागाः, प्रव्रज्याः, श्रुतपरिग्रहाः, तपउपधानानि, पर्यायः, संलेखनाः, भक्तप्रत्याख्यानानि, पादपोपगमनानि, देवलोकगमनानि, सुकुलप्रत्यातानि, पुनर्बोधिलाभोः, अन्तक्रियाश्च आख्यायन्ते**—'**ज्ञात**' શબ્દનો અર્થ 'ઉદાહરણ' થાય છે. જે ધર્મકથા એ ઉદાહરણપ્રધાન છે, તેમને 'જ્ઞાતાધર્મકથા' કહે છે, એ જ્ઞાતા કથાઓમાં મેઘકુમાર આદિનાં નગરોનું, ઉદ્યાનોનું, ચૈત્યોનું વનષંડોનું રાજાઓનું, માતાપિતાનું, ધર્માચાર્યોનું ધર્મકથાઓનું, આલોક અને પરલોકની ઋદ્ધિયોનું ભોગ પરિત્યાગનું. પ્રવ્રજ્યાનુ શ્રુતપરિગ્રહનું, ઉગ્રતપસ્યાઓનું, પર્યાયોનું સંલેખનાનું, ભકતપ્રત્યાખ્યાનોનું, પાદપોપગમનોનું દેવલોકગમનોનું, ઉત્તમકુળોમાં જન્મ પ્રાપ્ત કરવાનું બોધની પુનઃપ્રાપ્તિનું અને અંતક્રિયાઓનું વર્ણન છે. (**जाव**) અહીં આ '**यावत्**' પદથી **पण्णविज्जंति, परूविज्जंति दंसिज्जंति, निदंसिज्जंति 'उवदंसिज्जंति'** એ ક્રિયાપદોને ગ્રહણ કરાયાંછે.

તેમનો અર્થ આચારાંગનું સ્વરૂપ નિરૂપણ કરતી વખતે આપી દેવાયો છે, તો ત્યાં તે અર્થ વાંચી લેવો તથા (**णायाधम्मकहासु णं**) **ज्ञाताधर्मकथासु खलु**–જ્ઞાતા ધર્મ કથામાં (**विणयकरणजिणसामिसासणवरे पव्वइयाणं**) **विनयकरणजिनस्वामिशासनवरे प्रव्रजितानां**–વિનયમૂલક વર્ધમાન પ્રભુના શ્રેષ્ઠ શાસનમાં પ્રવ્રજિત થયેલા **संजमपइण्णपालनधिइमइववसायदुब्बलाणं— संयमप्रतिज्ञापालनधृतिमतिव्यवसायदुर्बलानाम्**––૧૭ પ્રકારના સાવદ્ય વિરતિરૂપ સંયમના પાલન અર્થે ચિત્તસમાધિરૂપ ધૈર્યથી, સારા નરસાના વિવેકરૂપ બુદ્ધિથી, અને ધારણ કરેલા વ્રતોનું યોગ્ય રીતે પાલન કરવાના ઉત્સાહરૂપ વ્યવસાયથી દુર્બલ બનેલા સાધુઓનું વર્ણન કરાયું છે. **तवनियमतवोवहाणरणदुद्धरभरभग्गणिस्सहयणिसिट्ठाणं—तपोनियमतपउपधानरणदुर्धर भरभग्नक निःसहक निसृष्टानाम्**––(तव ) અનશનાદિ બાર પ્રકારનાં તપ, (**नियम**) વિશિષ્ટઅભિગ્રહરૂપ નિયમ, (**तवोवहाण**) તપઉધાન–ઉગ્ર પ્રકારનાં તપ, (**रण**)એ ત્રણે રૂપ રણસંગ્રામ, તથા એ ત્રણે રૂપ [**दुद्धर भर**] મહામુશ્કેલીએ વહન કરી શકાય તેવા ભાર, એ બન્નેથી હારી જઇને (**निःसहक**) તેમના પાલનને માટેની જે શકિત જોઈએ તે શકિતથી રહિત બનેલા-(**निसृष्ट**) સંયમનું પાલન કરવાને અસમર્થ બનેલા એવા સાધુઓનું વર્ણન આ અંગમાં કરાયું છે. તથા

( घोरपरीसहपराजियासहपारद्धरुद्धसिद्धालयमग्गनिग्गयाणं ) घोर परीषहपराजितासह प्रारब्धरुद्धसिद्धालयमार्गनिर्गतानाम्——क्षुधा पिपासा आदि असह्य परीषहोथी पराजित थवाथी तथा (असह) सामर्थ्यहीन थवाने कारणे तप संयमनी आराधना करता अटकी गयेला, अने तेने कारणे सम्यग्दर्शन, सम्यग्ज्ञान, अने सम्यक् चारित्रप मोक्षमार्गथी विमुख थयेला साधुओनुं वर्णन आ अंगमां करायुं छे. तथा ( विसय–सुहतुच्छआसावसदोसमुच्छियाणं ) विषयसुखतुच्छाशावशदोषमूर्च्छितानाम्——विषयसुखना तुच्छ आशाने ताबे थवाथी उत्पन्न थयेला दोषोथी मूर्च्छित थयेलाओनुं वर्णन आ अंगमां करायुं छे. विराहियचरितनाणदंसणजइगुणविविहप्पयार–निस्सार–सुन्नवाणं ) विराधित चारित्र–ज्ञान–दर्शन–यतिगुण–विविध––प्रकारनिःसार शून्यकानाम्–ज्ञान दर्शन अने चारित्रनी विराधना करवाथी अने ( जइगुणविविहप्पयार ) यतिना विविध प्रकारना मूलगुणो अने उत्तरगुणोनी विराधना करवाथी (निस्सार सुन्नयाणं) निःसार शून्यकानाम्–निःसार थवाने लीधे शून्य बनेलाओनुं वर्णन आ अंगमां कर्युं छे. तथा (संसार–अपार–दुक्ख-दुग्गई–भव–विविह–परंपरा-गपवंचा ) संसारपारदुःखदुर्गतिभवविविधपरम्पराप्रपञ्चा——संसारमां अनंत दुःखथी युक्त नारक, तिर्यंच, कुमनुष्य अने कुदेवमां जन्म लेवा रूप जे दुर्गतियो–भवो छे. तेमनी परंपरानुं वर्णन आ अंगमां करायुं छे. ( धीराण य जियपरीसहकसायसेण्णधिइधणियसंजमउच्छाहनिच्छियाणं ) धीराणां जितपरीषहकषाय सैन्यधृतिधनिकसंयमोत्साहनिश्चितानाम्——परिषह कषाय रूप सैन्यने जीतनारा तथा धैर्यरूप धनवाळां संयमनुं निरन्तर पालन करवाना दृढ निश्चयवाळा धीर पुरुषोनुं आ अंगमां वर्णन करायुं छे. (आराहिय नाणदंसण चरित्त–जोग–निस्सल्ल–सुद्ध–सिद्धालय–मग्गमभिमुहाणं ) आराधितज्ञान-दर्शनचारित्रयोग निःशल्यशुद्धसिद्धालयमार्गाभिमुखानाम्——ज्ञान, दर्शन अने चारित्ररूप योगोनी आराधना करनारा तथा (निस्सल्ल) माया आदि शल्य रहित, (सुद्ध)शुद्ध-अतिचार रहित,(सिद्धालयमग्ग)मोक्षमार्ग(अभिमुहाणं)संमुख (मोक्षमार्गे चालनारा) जीवोनुं वर्णन आ अंगमां कर्युं छे.(अणोवमाइं) अनुपमानि–अनुपम (सुरभवणविमाणसोक्खाइं) सुरभवनविमानसौख्यानि–देव जन्मना वैमानिक सुखनुं वर्णन आ अंगमां करायुं छे. तथा (ताणि दिव्वाणि महारियाणि) तीन् दिव्यान् महार्हाणि–देवलोकना अति प्रशस्त (भोगभोगाणि) भोग भोगान्–

અનેક માનવાંછિત ભોગોને (चिरंभुत्तूण) चिरं भुक्त्वा લાંબો સમય ભોગવીને (तओ) ततः–ત્યાંથી (कालक्कमचयाणं) कालक्रमच्युतानां–દેવલોકનું આયુષ્ય પૂરૂ કરીને-ચ્યવીને, (पुणो) पुनः–ફરીથી (लद्धसिद्धिमग्गाणं) लब्धसिद्धि-मार्गानाम्–મોક્ષમાર્ગને પ્રાપ્ત કરનારાનું તથા (जहा) કઇ રીતે તેમની अंत-किरिया) अन्तःक्रिया–મુકિત થાય છે તેનું વર્ણન આ અંગમાં કરાયું છે. તથા (चलियाण य) चलितानां च–મોક્ષમાર્ગથી ચલિત (सदेवमाणुस्सधीरकरण कारणानि) सदेवमनुष्यधीरकरणकारणानि––દેવો તથા મનુષ્યોને [धीर-करणे] સ્વમાર્ગ ગમનમાં દઢતા સંપાદન કરવાના કારણરૂપ (बोधण आणुसा-सणाणि) बोधनानुशासनानि–બોધન-સંયમની આરાધના કેવી રીતે કરવી જોઇએ અને કેવી રીતે સંયમના માર્ગેથી પતન થાય છે. તેની પ્રરૂપણા આ અંગમાં કરવામાં આવી છે. તથા (गुणदोसदरिसणाणि) गुणदोषदर्शनानि–સંયમની આરાધનામાં ગુણ છે અને તેની વિરાધનામાં દોષ છે, એ પ્રકારના (दरिसणाणि) दर्शनानि–દર્શક વાકયોનું કથન આ અંગમાં કરાયું છે. (लोग मुणिणो) लोक मुनयः–લોકમુનિ–શુકપરિવ્રાજક આદિ સન્યાસી (दिट्ठंते) दृष्टान्तां–ઉદાહરણોને તથા [पच्चयेय] प्रत्ययाश्च–બોધદાયક વાકયોને (सोऊण)શ્રુત્વા સાંભળીને (जह) य था–જે રીતે (जरमरणनासकरे) जरामरणनाशनकरे–જરા મરણનો નાશ

કરનાર (सासणम्मि)शासने—જિન શાસનમાં (ट्ठिया) स्थिता—આવ્યા એટલે કે જિનશાસનમાં દાખલ થયા, તેનું વર્ણન આ અંગમાં કર્યું છે. તથા (आराहिय संजमा य (आराधित संयमाश्च—સંયમનું પાલન કરનાર (सुरलोग परिनियत्ता) सुरलोकप्रतिनिवृत्ताः—દેવલોકમાંથી ચ્યવીને આવેલા (जह) यथा—કેવી રીતે (सासयं सिवं सव्वदुक्खमोक्खं)शाश्वतं शिवं सर्वदुःखमोक्षं—શાશ્વત (નિત્ય), શિવ (કલ્યાણકારી) સમસ્ત દુઃખોથી રહિત મોક્ષને(उवेंति)उपयन्ति—પ્રાપ્ત કરે છે, તેનું વર્ણન આ અંગમાં કરાયું છે. [ए ए अण्णे य एवमाई] एते अन्ये च एवमादिका—પૂર્વોક્ત એ બધા વિષયોનું તથા એજ પ્રકારના અન્ય વિષયોનું પણ (अत्था वित्थरेण य) अत्र विस्तारेण च—આ અંગમાં વિસ્તારપૂર્વક વર્ણન કરાયું છે (णाया धम्मकहासु णं] ज्ञाताधर्मकथासु खलु—જ્ઞાતાધર્મ કથામાં (परित्ता वायणा) परीता वाचनाः—સંખ્યાત વાચનાઓ છે, (संखेज्जा अणुओगदारा) संख्याता अनुयोगद्वाराणि—સંખ્યાત અનુયોગદ્વાર છે, (जाव संखेज्जाओ पडिवत्तीओ)यावत् संख्याताः प्रतिपत्तयः—સંખ્યાત પ્રતિપત્તિયો છે ત્યાં સુધીના પદો સમજવાનાં છે એટલે "સંખ્યાત વેષ્ટકો છે, સંખ્યાત શ્લોકો છે. સંખ્યાત નિર્યુક્તિયો છે, અને સંખ્યાત સંગ્રહણિયો છે." આ પદોનો સંગ્રહ સમજવાનો

છે (**से णं अगट्ठयाए छट्ठे अंगे**) **सा खलु अगार्थतया षष्ठो अंगः**–અંગની અપેક્ષાએ આ જ્ઞાતાધર્મકથાંગસૂત્ર છઠ્ઠું અંગ છે. (**दो सुक्खंधा**)**द्वौ श्रुतस्कन्धौ**–તેમાં બે શ્રુતસ્કંધ છે, (**एगूणवीसं अज्झयणा**) **एकोनविंशतिरध्ययनानि**–પહેલા શ્રુતસ્કંધમાં ઓગણીસ અધ્યયન છે. (**ते समासओ दुविहा पण्णत्ता**) **तानि समासतो द्विविधानि प्रज्ञप्तानि**—તે અધ્યયનો સંક્ષિપ્તમાં બે પ્રકારના છે, (**तं जहा**) **तद्यथा**—તે પ્રકારો આ પ્રમાણે છે–(**चरिया य कप्पियाय**) **चरितानि कल्पितानि**–તેમાં ચરિત્ર આદિરૂપ મેઘકુમાર આદિના સત્ય ઉદાહરણો છે, **कल्पित**–ભવ્યજીવોને બોધ આપવાને માટે તુંબડા આદિના ઉદાહરણરૂપ કલ્પિત ઉદાહરણો પણ છે. (**दस धम्मकहाणं वग्गा**)–**दश धर्मकथानां वर्गा**–ધર્મકથાના દસ વર્ગ છે. (**तत्थणं**) **तत्र खलु**–તેમાં (**एगमेगाए धम्मकहाए**) **एकैकस्यां धर्मकथायां**–પ્રત્યેક ધર્મકથામાં (**पंच पंच अक्खाइयासयाइं**)**पञ्च पञ्च आख्यायिकाशतानि**-પાંચસો પાંચસો આખ્યાયિકાઓ છે. (**एगमेगाए अक्खाइयाए**) **एकैकस्यामाख्यायिकायाम्**–પ્રત્યેક આખ્યાયિકામાં (**पंच पंच उवक्खाइयासयाइं**) **पञ्च पञ्च उपाख्यायिका शतानि**–પાંચસો, પાંચસો ઉપાખ્યાયિકાઓ છે. (**एगमेगाए उवक्खाइयाए**)**एकैकस्यां उपाख्यायिकानाम्**–પ્રત્યેક ઉપાખ્યા-

યિકામાં (पंच पंच अक्खाइय उवक्खाइयसयाइं) पञ्च पञ्च अख्यायिको-पाख्यायिकाशतानि–પાંચસો, પાંચસો આખ્યયિકા ઉપાખ્યાયિકા છે. (एवमेव) अनेन प्रकारेण–આ રીતે (सपुव्वावरेणं) सपूर्वापरेण–પૂર્વાપરની સંયોજના કરતા अद्धुट्ठाओ कहानककोडीओ भवंतीति मक्खाओ) अर्धचतुर्था कथानक कोटयः भवन्तीत्याख्यातं–ત્રણ કરોડ પંચસલાખ આખ્યાયિકાઓ છે એમ ભગવાને કહેલ છે. (एगूणवीसं उद्देसणकाला) एकोनत्रिंशदुद्देशनकालाः—પહેલા શ્રુતસ્કંધમાં ઓગણીસ ઉદ્દેશનકાળ છે. (एगूणवीसं समुद्देसणकाला) एकोनविंशत्समुद्देशनकालाः—ઓગણીસ સમુદ્દેશનકાળ છે. (संखेज्जाइं पंच लक्खाछावत्तरिं पयसयसहस्साइं) संख्येयानि पञ्चलक्षाणि षट्सप्तति पदशत सहस्राणि पदाग्रेण प्रज्ञप्तानि–પાંચ લાખ છોંતેર હજાર (૫૭૬૦૦૦) પદ છે. (संखेज्जा अक्खरा) संख्येयान्यक्षराणि–સંખ્યાત અક્ષરો છે. (जाव चरणकरण-परूवणा आघविज्जइ) यावत् चरणकरणप्ररूपणा आख्यायते–ચરણકરણ સુધીના પદોનો સમાવેશ કરાયો છે. અહીં ‘यावत्’ શબ્દથી અનંત ગમ છે, અનંત પર્યાયો છે. સંખ્યાત ત્રસ છે. અનંત સ્થાવર છે, તથા शाश्वतः कृताः निबद्धाः निकाचिताः जिनप्रज्ञप्ताभावा आख्यायन्ते, प्रज्ञाप्यन्ते, परूप्यन्ते, निदर्श्यन्ते, उपदर्श्यन्ते, स एव आत्मा, एवं ज्ञाता, एवं विज्ञाता भवति’ આ પદોનો સમાવેશ કરાયો છે. તેમનો અર્થ આચારાંગનું સ્વરૂપનિરૂપણ કરતી વખતે આપી દીધો છે. તો ત્યાં જોઇ લેવો. (से तं णायाधम्मकहाओ) एतास्ता ज्ञाताधर्मकथाः–જ્ઞાતાધર્મકથાંગનું આ પ્રકારનું સ્વરૂપ છે. ।।સૂ. ૧૭૯।।

ટીકાર્થ—‘से किं तं णायाधम्मकहाओ ?’ इत्यादि ।

હે ભદન્ત ! જ્ઞાતાધર્મકથાનું કેવું સ્વરૂપ છે ? જ્ઞાતાધર્મકથાંગસૂત્ર નામના પ્રવચનના છઠ્ઠા અંગમા બે શ્રુતસ્કંધ છે, પહેલા શ્રુતસ્કંધમાં ઉદાહરણો છે અને બીજામાં ધર્મકથાઓ છે. અથવા–‘જ્ઞાત’ શબ્દનો અર્થ ઉદાહરણ થાય છે. તેથી ઉદાહરણપ્રધાન જે ધર્મકથાઓ છે તેમનું નામ ‘‘જ્ઞાતાધર્મકથા’’ છે. પ્રથમ વક્તવ્યમાં ઉદાહરણપ્રધાન ધર્મકથાઓનું નામ જ્ઞાતાધર્મકથા છે અને બીજા વક્તવ્યમાં જ્ઞાતા અને ધર્મકથા, એ બન્નેનું સંમિલિત નામ જ્ઞાતાધર્મકથા છે. ‘જ્ઞાતૃધર્મકથા’ એવા પદનો ઉપયોગ ન કરતાં ‘જ્ઞાતાધર્મકથા’ પદનો જે ઉપયોગ કરાયો છે તે ‘आ’ નો આગમ હોવાથી કરાયેલ છે, અને આ આગમનું કારણ ‘आर्षता’ છે.

આ જ્ઞાતાધર્મકથામાં ઉદાહરણો દ્વારા (૧) મેઘકુમાર આદિનાં નગરોનું, (૨) ઉદ્યાનોનું—જ્યાં લોકો વસ્ત્ર તથા આભૂષણો પહેરીને આસન તથા ખાવાની ચીજો લઈને ક્રીડા કરવાને માટે જાય છે એવાં સ્થાનોનું, (૩) ચૈત્યોનું–છ ઋતુઓનાં પુષ્પ અને ફળોથી ભરપૂર વનોનું, (૪) વનષંડોનું–એક જ જાતનાં અથવા વિવિધ જાતનાં વૃક્ષોવાળાં ઉપવનોનું, (૫) રાજાઓનું, (૬) માતાપિતાનું, (૭)સમવસરણોનું, (૮) ધર્માચાર્યોનું, (૯) ધર્મકથાઓનું, (૧૦) આલોક અને પરલોકની ઋદ્ધિયોનું, (૧૧) ભોગપરિત્યાગનું, (૧૨) પ્રવ્રજ્યાનું, (૧૩) શ્રુતપરિગ્રહનું–શ્રુતાધ્યયનનું, (૧૪) ઉત્કૃષ્ટ તપસ્યાઓના આચરણનું, (૧૫) પર્યાયોનું-નવીન પ્રવ્રજ્યા પ્રદાન આદિરૂપ અથવા પૂર્વાવસ્થાનો ત્યાગ કરીને બીજી અવસ્થા ધારણ કરવા રૂપ પર્યાયનું, (૧૬) શરીર અને કષાય આદિનું શોષણ કરનાર સંલેખનાનું, (૧૭) ભક્તપ્રત્યાખ્યાન—મરણ થિશેષનું, (૧૮) પાદપોપગમન–કપાયેલ અથવા નીચે પડેલ વૃક્ષની શાખાની જેમ નિશ્ચલ બનીને ચારે પ્રકારના આહારના પરિત્યાગપૂર્વક મરણ પ્રાપ્ત થાય ત્યાં સુધીના સંથારાનું. (૧૯) દેવલોકમાં ઉત્પન્ન થવાનું, (૨૦) ત્યાંથી ચ્યવીને ઉત્તમ કુળોમાં જન્મ લેવાનું, (૨૧) બોધની પુનઃપ્રાપ્તિ થવાનું અને (૨૨) સમસ્ત કર્મક્ષયરૂપ અંતક્રિયાઓનું, એ બાવીસ સ્થાનોનું વર્ણન છે. અહીં 'यावत्' પદથી 'पण्णविज्जंति, परूविज्जंति, दंसिज्जंति, निदंसिज्जंति, उवदंसिज्जंति' એ પદોનો સમાવેશ થયેલ છે. તે ક્રિયાપદોનો અર્થ આચારાંગનું સ્વરૂપ નિરૂપણ કરતી વખતે આપી દીધો છે, તો ત્યાંથી વાંચી લેવો, તથા જ્ઞાતાધર્મકથામા એ વિષયનું સવિસ્તર નિરૂપણ કરાયું છે કે–જેઓ વિનયપ્રકાશક વર્ધમાન પ્રભુના શાસનમાં દીક્ષિત તો થઈ ગયાં છે પણ ૧૭ સત્તર પ્રકારના સાવદ્યવિરતિરૂપ સંયમના પાલનમાં હેતુભૂત ચિત્તસમાધિરૂપ ધૈર્યથી, સારૂં નરસુ સમજવાના વિવેકરૂપ બુદ્ધિથી, અને ધારણ કરેલાં વ્રતોના પરિપાલન કરવાના ઉત્સાહરૂપ વ્યવસાયથી દુર્બલ–કાયર બનેલા છે, (એટલે કે તેમના પાલનમાં દૃઢ રહી શકતા નથી) તથા અનશનાદિરૂપ બાર પ્રકારનાં તપ, અભિગ્રહ વિશેષરૂપ નિયમ અને ઉગ્ર, ઉગ્ર તપસ્યારૂપ તપ ઉપધાન, એ ત્રણે કાયરોને માટે ક્ષોભકારક હોવાથી તેમને રણસંગ્રામ જેવાં તથા લોઢાના બોજા સમાન મહા મુશ્કેલીથી વહન કરી શકાય તેવા–દુર્વહભારરૂપ લાગે છે, અને તેથી જ તેમનું પાલન કરવાને જે લોકો પોતાની જાતને અસમર્થ માને છે, અને તે નિર્બળતાને કારણે જેમની મનોવૃત્તિ સંયમની આરાધના કરવાને અસ-

મર્થ બની ગઈ છે, એ વિષયનું આ અંગમાં વર્ણન આવે છે. તથા ક્ષુધા, પિપાસા આદિ અસહ્ય કષ્ટોથી જેઓ પરાજિત થઇ ગયા છે-શકિતરહિત બની ગયા છે, અને તે કારણે જેમણે ધારણ કરેલ સંયમઆરાધનાના કાર્યનો પરિત્યાગ કર્યો છે, અને જેઓ સિદ્ધાલય—મોક્ષના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ માર્ગથી વિમુખ થઇ ગયા છે, તેમનું વર્ણન આ અંગમાં કરાયું છે, તથા જેઓ નિઃસાર વિષયસુખો ભોગવવાની આશાને અધીન થવાને કારણે ઉત્પન્ન થયેલ દોષોથી મૂર્છિત થઈ ગયા છે, તથા જેમણે સમ્યક્ચરિત્ર, જ્ઞાન અને દર્શનની વિરાધના કરી છે, અને વિવિધ પ્રકારના મૂળ તથા ઉત્તરગુણોથી જે રહિત બની ગયા છે, અને એ કારણે જેઓ ક્ષાન્ત્યાદિના અભાવે તે યતિગુણોથી બિલકુલ રહિત બની ગયા છે. તેમનું વર્ણન આ અંગમાં કરવામાં આવ્યું છે તથા એવા જીવોને આ ચાર ગતિવાળા સંસારમાં અનંત દુઃખયુકત દુર્ગતિ જન્મોની-નારક, તિર્યંચ કુમનુષ્ય, અને કુદેવોમાં ઉત્પન્ન થવાની-વિવિધ પ્રકારની પરંપરાનો વિસ્તાર થાય છે. તેનું તાત્પર્ય એ છે કે—જે જીવો દીક્ષા લઈને સંયમની વિરાધના કરે છે તેમને અનંતકાળ સુધી ભવભ્રમણ કરવું પડે છે. આ વિષયનું આ અંગમાં વર્ણન થયું છે, તથા જેઓ સંયમમાર્ગેથી ચલાયમાન થતા નથી એવા મહાશકિતશાળી પુરુષોનું વર્ણન આ અંગમાં થયું છે. એ મહાશકિતશાળી પુરુષો પોતાના માર્ગમાં આવતા પરીષહો અને કષાયોની સેનાઓ પર વિજય મેળવે છે, અભીષ્ટના સાધક હોવાને લીધે જેઓ ધૈર્યને જ પોતાનું સર્વોત્તમ ધન માને છે, સંયમનું નિરંતર પાલન કરવાને માટે જેઓ દૃઢનિશ્ચયી છે, તથા જે સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ યોગનું સારી રીતે સેવન કરી ચુકયા છે, માયા, નિદાન અને મિથ્યા, એ ત્રણ શલ્યોથી તથા અતીચારોથી રહિત મોક્ષમાર્ગની તરફ આગળ વધવાને જે કટિબદ્ધ થયેલ છે, એવા જીવોને દેવોની ગતીમાં વિમાન સંબંધી જે અનુપમ સુખ મળે છે, તેનું આ અંગમાં વર્ણન કર્યું છે. કહેવાનું તાત્પર્ય એ છે કે સંયમની આરાધના કરનાર જીવ વૈમાનિક દેવોમાં જન્મ લે છે. ત્યાંના એ પ્રસિદ્ધ દિવ્ય અત્યુતમ ભોગોને-પ્રચુરતર મનવાંછિત શબ્દાદિક વિષયોને-લાંબા કાળ સુધી ભોગવીને ત્યાંનું આયુષ્ય પૂરૂં થતાં ત્યાંથી ચ્યવીને જયારે તેઓ મનુષ્યભવ પામે છે ત્યારે મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવાને પ્રવૃત્ત થાય છે અને આખરે તેઓને મોક્ષલાભ મળે છે,

એ વિષયનું પણ આ અંગમાં કથન થયું છે, તથા જે સાધુઓ સંયમના માર્ગથી ચલિત થઈ રહ્યા છે, તે સાધુઓને તેમના માર્ગમાં દૃઢ કરનારા બોધદાયક અને અનુશાસન વાકયો કે જે વાકયો મનુષ્યને તો શું પણ દેવોને પણ દૃઢતા આપવાને સમર્થ છે, તથા સંયમની આરાધનામાં લાભ અને વિરાધનામાં દોષ દર્શાવનારા વાકયો પણ આ અંગમાં આવેલાં છે. સંયમની આરાધના કેવી રીતે કરવી જોઈએ તે બતાવનારાં વાકયોને બોધન વાકયો કહે છે 'તમે સંયમની આરાધનામાંથી ચલિત કેમ થઈ રહ્યા છો ? શું તમારે માટે તે યોગ્ય છે ?' આ પ્રકારના પ્રતાડના (ઠપકા) રૂપ જે વાકયો છે તેમને અનુશાસન વાકય કહે છે. શુકપરિવ્રાજક આદિ લોકમુનિયો દૃષ્ટાંતો તથા બોધજનક વાકયો સાંભળીને જરા, અને મરણનો નાશ કરનાર જિનશાસનમાં કેવી રીતે દૃઢ થયા અથવા કેવી રીતે દૃઢ થઇ શકે તે બધી બાબતનું આ અંગમાં કથન કરાયું છે. તથા જિનપ્રવચન અનુસાર જેમણે સંયમની આરાધના કરી છે એવા જીવો મરીને દેવલોકમાં ઉત્પન્ન થાય છે, આયુને અંતે ત્યાંથી ચ્યવીને તેઓ મનુષ્ય યોનિમાં જન્મ પામે છે, અને તેઓ કેવીરીતે જન્મ, જરા, મરણ આદિથી રહિત, શાશ્વત, શિવ–મોક્ષને પ્રાપ્ત કરે છે, તે વિષયનું વર્ણન આ અંગમાં કરવામાં આવ્યું છે. પૂર્વોકત બધા વિષયોનું તથા એ જ પ્રકારના અન્ય વિષયોનું પણ આ અંગમાં વિસ્તારપૂર્વક પ્રતિપાદન થયું છે. આ જ્ઞાતાધર્મકથામાં સંખ્યાત વાચનાઓ છે, સંખ્યાત અનુયોગદ્વાર છે, ત્યાંથી સંખ્યાત પ્રતિપત્તિયો છે' ત્યાં સુધીનાં પદોનો સમાવેશ થયેલો છે. અહીં 'यावत्' શબ્દથી સંખ્યાતવેષ્ટક છે, સંખ્યાત શ્લોકો છે, સંખ્યાત નિર્યુકિતયો છે, અને સંખ્યાત સંગ્રહણિયો છે.' તે પદોનો સમાવેશ થયો છે. અંગની અપેક્ષાએ આ જ્ઞાતા ધર્મકથા છઠું અંગ છે તેમાં બે શ્રુતસ્કંધ છે. પહેલા શ્રુતસ્કંધમાં ૧૯ અધ્યયન છે. તે અધ્યયનોના સંક્ષિપ્તમાં બે પ્રકાર છે- ૧) ચરિત-સત્યઉદારણરૂપ અને (૨) કલ્પિત–ભવ્યજનોને બોધ આપવાને માટે તુંબડી આદિના ઉદાહરણરૂપ પહેલા શ્રુતસ્કંધમાં જે ૧૯ ઓગણીસ અધ્યયન છે તે જ્ઞાતાઅધ્યયન છે. એ જ્ઞાતાઅધ્યયનમાંના જે પહેલા દસ અધ્યયન છે તે જ્ઞાતાઉદાહરણરૂપ જ છે. તેમાં આખ્યાયિકા આદિનો સમાવેશ થયો નથી. બાકીના નવ અધ્યયનોમાંના પ્રત્યેક અધ્યયનમાં પાંચસો ચાલીસ ૫૪૦–૫૪૦ પાંચસો ચાલીસ આખ્યાયિકાઓ છે. તેમાંની પ્રત્યેક આખ્યાયિકામાં પાંચસો, પાંચસો ઉપાખ્યાયિકાઓ છે. તે પ્રત્યેક ઉપાખ્યાયિકામાં

પણ પાંચસો, પાંચસો આખ્યાયિકા ઉપાખ્યાયિકાઓ છે. આ રીતે તેમની કુલ સંખ્યા એક અબજ, એકવીસ કરોડ, પચાસ લાખની (૧૨૧૫૦૦૦૦૦૦) ની છે. એજ વાત **'एगवीसं कोडिसयं'** ઈત્યાદિ ગાથાઓ દ્વારા દર્શાવવામાં આવી છે આ પ્રમાણે નવ અધ્યયનોનો વિસ્તાર કહેવાથી આ સૂત્રના વિસ્તારનું વર્ણન પૂરૂં થાય છે. જો કે જ્ઞાતાત્મક (ઉદાહરણોથી યુકત) આ નવ અધ્યયનોની ઉપરોકત મૂળ પ્રમાણની આખ્યાયિકાઓ હાલમાં ઉપલબ્ધ નથી–અપ્રાપ્ય છે. છતા પણ વૃદ્ધપરંપરાથી તે અમે લખી છે (દર્શાવી છે) તથા બીજા શ્રુતસ્કંધમાં અહિંસાદિરૂપ ધર્મકથાના જે દસ વર્ગ છે, તેમાં એક એક ધર્મકથામાં પાંચસો, પાંચસો (૫૦૦-૫૦૦) આખ્યાયિકાઓ છે. પ્રત્યેક આખ્યાયિકામાં પાંચસો ૫૦૦–૫૦૦ પાંચસો ઉપાખ્યાયિકાઓ છે, પ્રત્યેક ઉપાખ્યાયિકામાં પાંચસો ૫૦૦-૫૦૦ પાંચસો આખ્યાયિકા ઉપાખ્યાયિકાઓ છે. આ પ્રમાણે તે બધાનો સરવાળો કરવાથી ત્રણ કરોડ પચાસ લાખ(૩૫૦૦૦૦૦૦) આખ્યાયિકાઓ થાય છે, એ પ્રમાણે ભગવાન મહાવીરે ભાંખેલ છે.

શંકા—ધર્મકથાઓમાં એ આખ્યાયિકા, ઉપાખ્યાયિકા, અને આખ્યાયિકા ઉપાખ્યાયિકા, એ ત્રણેની સંખ્યા **सपादशतकोटिपरिमित**–એક અબજ, પચીસ કરોડ (૧૨૫૦૦૦૦૦૦૦) થાય છે, તો અહીં સૂત્રકારે તેમની સંખ્યા ત્રણ કરોડ પચાસ લાખ (૩૫૦૦૦૦૦૦) કેમ કહી છે ?

ઉત્તરઃ—નવ જ્ઞાતોની આખ્યાયિકા આદિની સંખ્યા ૧ અબજ, ૨૫ કરોડ, (૧૨૫૦૦૦૦૦૦) કહી છે. એવી જ આખ્યાયિકા આદિ દશ ધર્મકથાઓમાં પણ છે. તથા દસ ધર્મકથામાં કહેવામાં આવેલ આખ્યાયિકા આદિકોની સંખ્યામાંથી નવ-જ્ઞાતોક્ત આખ્યાયિકા આદિકોની સંખ્યાને બાદ કરવાથી જે અપુનરુક્ત આખ્યાયિકા આદિ બાકી રહે છે તેમની સંખ્યા ત્રણ કરોડ પચાસ લાખ (૩૫૦૦૦૦૦૦) ની છે. આ પુનરુકિત સિવાયની આખ્યાયિકા આદિની સંખ્યાની દૃષ્ટિએ જ ભગવાને **'एवमेव सपुव्वावरेणं अद्धुट्ठाओ अक्खाइया कोडीओ भवंतीति मक्खाओ'** આ પ્રમાણેનો પાઠ કહેલ છે. તેથી તેમાં કોઇ દોષને અવકાશ રહેતો નથી એ જ વાત **'पणवीसं कोडिसयं'** ઇત્યાદિ એ ગાથાઓમાં બતાવવમાં આવેલ છે.

તેમનું કોષ્ટક નીચે પ્રમાણે છે—

| | |
|---|---|
| ધર્મકથાસ્થિત આખ્યાયિકા આદિકોની સંખ્યા | એક અબજ પચીસ કરોડ (૧૨૫૦૦૦૦૦૦૦) |
| નવજ્ઞાતોકત આખ્યાયિકા આદિકોની સંખ્યા | એક અબજ એકવીસ કરોડ પચાસ લાખ (૧૨૧૫૦૦૦૦૦૦) |
| ઉપલબ્ધ આખ્યાયિકા આદિકોની સંખ્યા | સાડા ત્રણ કરોડ ૩૫૦૦૦૦૦૦ |

આ રીતે જ્ઞાતો અને ધર્મકથાઓની એકત્ર આખ્યાયિકા આદિકોની સંખ્યા બે અબજ છેંતાળીસ કરોડ પચાસ લાખ [૨૪૬૫૦૦૦૦૦૦] થાય છે. આ સંખ્યા માંથી એક અબજ એકવીસ કરોડ પચાસ લાખ (૧૨૧૫૦૦૦૦) પુનરુકત આખ્યાયિકા આદિકોનું પ્રમાણ બાદ કરવાથી અપુનરુકત આખ્યાયિકા આદિકોનું પ્રમાણ એક અબજ પચીસ કરોડ (૧૨૫ ૦૦૦૦૦૦) રહે છે. આ અંગમાં ૨૯ ઉદ્દેશનકાળ છે—પહેલા શ્રુતસ્કંધના ૧૯ ઓગણીસ અને બીજા શ્રુતસ્કંધના ૧૦ દસ એ પ્રમાણે કુલ ૨૯ ઓગણત્રીસ ઉદ્દેશનકાળ છે અને એટલા જ સમુદ્દેશનકાળ છે તેમાં પદોનું પ્રમાણ પાંચ લાખ છોંતેર હજાર (૫૭૬૦૦૦) નું છે. તેમાં સંખ્યાત અક્ષર છે. यावत् પદથી ''अनंता गमाः, अनंता पर्यवाः, परीताः त्रसाः, अनन्ताः स्थावराः, शाश्वताः, कृताः, निबद्धाः निकाचिताः जिनप्रज्ञप्ताभावा आख्यायन्ते, प्रज्ञाप्यन्ते, प्ररूप्यन्ते, दर्श्यन्ते, निदर्श्यन्ते, उपदर्श्यन्ते, स एवं आत्मा भवति, एवं ज्ञाताभवति, एवं विज्ञाता भवति'' આ અનુકત (અકથિત) પદોનો સંગ્રહ સમજી લેવાનો છે. તે બધાનો અર્થ આચારાંગનું સ્વરૂપનિરૂપણ કરતી વખતે આપી દેવામાં આવ્યા છે. આ પ્રમાણે આ સૂત્રમાં ચરણકરણની પ્રરૂપણા કહેવામાં આવી છે. અહીં બાકીનાં ક્રિયાપદોને પણ ગ્રહણ કરી લેવાનાં છે, અને તેમનાં અર્થ પણ આચારાંગનું સ્વરૂપ નિરૂપણ કરતી વખતે આપી દીધા છે. તો ત્યાંથી જોઈ લેવા. જ્ઞાતાધર્મકથાંગનું આ પ્રકારનું સ્વરૂપ છે. ાાસૂ. ૧૭૯ાા

હવે સૂત્રકાર 'ઉપાસકદશાંગ' નામના સાતમાં અંગનું સ્વરૂપ બતાવે છે—

ટીકાર્થ—(**से किं तं उवासकदसाओ ?) अथ का सा उपासकदशाः?**— હે ભદન્ત ! ઉપાસકદશાંગનું સ્વરૂપ કેવું છે ? ઉત્તર--(**उवासगदसासु णं)उपासकदशासु खलु**—શ્રાવકને ઉપાસક કહે છે. તેમની ઉપાસકત્વબોધક અવસ્થાઓનું વર્ણન આ અંગમાં કરાયું છે. (**उवासयाणं णगराइं)उपासकानाम् नगराणि**— ઉપાસકોનાં નગરોનું, (**उज्जाणाइं) उद्यानानि**—ઉદ્યાનોનું, (**चेइयाइं) चैत्यानि**— ચૈત્યોનું. (**वणसंडा) वनषण्डानि**—વનખંડોનું, [**रायाणो] राजानः**—રાજાઓનું (**अम्मापियरो) अम्बापितरौ**—માતાપિતાનું, [**समोसरणाइं] समवसरणानि**— સમવસરણોનું, [**धम्मायरिया] धर्माचार्याः**—ધર્માચાર્યોનું, [**धम्मकहाओ] धर्मकथाः**-—ધર્મકથાઓનું, (**इहलोइय परलोइय इड्डिविसेसा) एहलौकिक पारलौकिक ऋद्धिविशेषाः**—અને આલોક અને પરલોકની ખાસ ઋદ્ધિયોનું આ અંગમાં વર્ણન આવે છે. (**उवासयाणं) उपासकानां**—ઉપાસકોના (**सीलव्वयवेरमणगुणपच्चक्खाणपोसहोववासपडिवज्जणयाओ ) शीलव्रतविरमणगुणप्रत्याख्यानपौषधोपवासप्रतिपादनताः**—શીલ—સામાયિક, દેશાવકાશિક-(**दशवा पोषध**), અતિથિસંવિભાગવ્રત, વિરમણ—મિથ્યાત્વ આદિમાંથી નિવૃત્તિ, ગુણ—ત્રણ ગુણવ્રત, પ્રત્યાખ્યાનપર્વના દિવસોમાં ત્યાગ કરવા પાત્ર વસ્તુઓનો ત્યાગ, પોષધોપવાસ —આઠમ ચૌદશ આદિ પર્વદિવસોમાં આહાર શરીરસત્કાર આદિનો ત્યાગ કરવો તેને પોષધોપવાસ કહે છે. એ બધી બાબતોનું આ અંગમાં વર્ણન છે ( **सुयपरिग्गहा) श्रुतपरिग्रहाः**—શ્રુતાધ્યયનનું, (**तवोवहाणा) तपोपधनानि**—ઉગ્ર તપની આરાધનાનું, (**पडिमाओ) प्रतिमाः**—અગિયાર પ્રતિમાઓનું અથવા કાયોત્સર્ગનું, (**उवसग्गा) उपसर्गाः**—દેવાદિ કૃત ઉપસર્ગોનું, (**संलेहणाओ) संलेखनायाः**—સંલેખનાનું, (**भत्तपच्चक्खाणाइं) भक्तप्रत्याख्यानानि**—ભક્તપ્રત્યાખ્યાનનું, (**पाओवगमणाइं) पादपोपगमनानि**—પાદપોપગમન આદિ સંથારાઓનું, (**देवलोकगमणाइं)देवलोकगमनानि**—દેવલોકમાં ઉત્પન્ન થવાનું, [**सुकुलपच्चायाया) सुकुलप्रत्यायातानि**— ત્યાંથી ચ્યવીને ઉત્તમકુળમાં જન્મ પામવાનું, (**पुणोबहिलाभा) पुनर्बोधिलाभः**— પુનઃબોધિલાભનું, (**अंतकिरियाओ) अन्तक्रियाश्च**—અને મોક્ષપ્રાપ્તિનું, આ અંગમાં (**आघविज्जंति) आख्यायन्ते**—નિરૂપણ કરાયું છે, (**उवासगदसासु णं) उपासकद-**

शासु खलु—આ ઉપાસકદશામાં (उवासयाणं) उपासकानां—શ્રાવકોના (रिद्धिविसेसा) ऋद्धिविशेषाः—હાથી, ઘોડા આદિરૂપ તથા હિરણ્ય સુવર્ણ આદિ ઋદ્ધિ વિશેષોનું, (परिसा) परीषद्—માતપિતા આદિ આભ્યન્તર સભાનું તથા દાસ, દાસી, મિત્ર આદિ બાહ્ય પરિષદોનું, (वित्थरधम्मसवणाणि) विस्तरधर्मश्रवणानि—ભગવાન મહાવીરની સમીપે વિસ્તારપૂર્વક શ્રુતચારિત્રરૂપ ધર્મના શ્રવણનું, (बोहिलाभा) बोधिलाभाः—જિનધર્મની પ્રાપ્તિરૂપ બોધિલાભનું, (अभिगमा) अभिगमाः—સદ્ અસદ્ વિવેકરૂપ અભિગમનું, (सम्मत्तविसुद्धया) सम्यक्त्वविशुद्धता—સમ્યકત્વની વિશુદ્ધતાનું, (थिरत्तं) स्थिरत्वं—સ્થિરતાનું, (मूलगुणउत्तरगुणाइयारा) मूलगुणोत्तरगुणातिचाराः—શ્રાવકના મૂળગુણ અને ઉત્તરગુણોના અતિચારોનું, (ठिईविसेसां य) स्थितिविशेषाश्च—શ્રાવક પર્યાયરૂપ સ્થિતિવિશેષનું, (बहुविसेसा)बहुविशेषाः—બીજી પણ અનેક બાબતોનું, (पडिमाभिग्गहग्गहणा पालणा) प्रतिमाभिग्रहग्रहणपालनानि--સમ્યગદર્શન આદિ પ્રતિમાઓ તથા અભિગ્રહ લેવાનું અને તેના પાલનનું, (उवसग्गाहियासणा) उपसर्गादि सहनानि—દેવાદિ કૃત ઉપસર્ગો સહન કરવાનું, (णिरूवसग्गाय) निरुपसर्गाश्च—અને ઉપસર્ગના અભાવનું વર્ણન થયું છે. તથા (तवा य विचित्ता)तपांसि विचित्राणि—અનશનાદિ

વિચિત્ર તપ, (सीलव्वयगुणवेरमणपच्चक्खाणपोसहोववासा)--शीलव्रतगुण वेरमणप्रत्याख्यान पोषधोपवासाः-શીલ તથા વ્રત, ગુણવ્રત, મિથ્યાત્વ આદિથી વિરકિત, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસ, એ બધાનું કથન કરાયું છે (अपच्छिममारणंतियाय संलेहणा झोसणाहिं) अपश्चिममारणन्तिकात्मसंलेखना जोषणाभिः-તપથી અને રાગાદિકોને જીતવાથી શરીર અને જીવને કૃશ કરનાર એવી अपश्चिम-સર્વોત્કૃષ્ટ મરણને માટે ધારણ કરવામાં આવેલી સંલેખનાના સેવનથી [अप्पाणं जह य भावइत्ता]आत्मानं यथा च भावयित्वा-આત્માને ભાવિત કરીને જે શ્રાવક અનેક ભકતોનું અનશન દ્વારા છેદન કરી નાખે છે (कप्पवरविमाणुत्तमेसु उववण्णा) कल्पवरविमानोत्तमेषु उत्पन्नाः-ઉત્તમ કલ્પોનાં શ્રેષ્ઠ વિમાનોમાં ઉત્પન્ન થઇને (सुरवरविमाणपुंडरीएसु) सुरवरविमानपुंडरिकेषु-તે દેવવિમાનરૂપી ઉત્તમ પુંડરીકોમાં-મનને માટે આનંદદાયક એવાં કમળ જેવાં શ્રેઠવિમાનોમાં (अणोवमाइं सोक्खाइं जह अणुभवंति) अनुपमानि सौख्यानि यथा अनुभवन्ति-કેવાં કેવાં અનુપમ સુખોને ભોગવે છે. અને (कमेण भुत्तूण-उत्तमाइ) क्रमेण भुक्त्वा उत्तमानि-તે ઉત્તમ સુખોનો ક્રમશઃ ઉપભોગ કર્યા પછી (तओ) ततः-ત્યાંથી (आउक्खएण) आयुक्षयेण-આયુષ્ય સમાપ્ત થતાં

(चुया समाणा) च्युताः सन्त;-ચ્યવીને (जह) यथा-કેવી રીતે (जिणमयंमि) जिनमते-જૈનશાસનમાં સ્થિત થાય છે,(बोहिं लद्धूण य संजमुत्तमं)बोधिंलब्धाश्च संयमोत्तमाम्-સંયમથી પ્રશસ્ત બોધિને પ્રાપ્ત કરીને કેવી રીતે(तमरयोघविप्पमुक्का) तमरजोघविप्रमुक्ताः--તમ-અજ્ઞાન અને રજ-પાપોત્પાદક કર્મ. એ બન્નેના સમૂહથી રહિત બનીને (सव्वदुक्खमोक्खं) सर्वदुःखमोक्षम्-સમસ્ત દુઃખોથી રહિત, (अक्खयं) अक्षयं-ક્ષય રહિત મોક્ષને (उवेंति) उपयन्ति-પ્રાપ્ત કરે છે, એ બધી બાબતોની પ્રરૂપણા આ અંગમાં કરવામાં આવી છે. (एए अन्नेय एवमाई अत्था वित्थरेण य) एते अन्ये च एवमादय अर्थाः विस्तरेण च--આ સૂત્રમા ઉપરોકત વિષયોનું તથા એજ પ્રકારના અન્ય વિષયોનું પણ વિસ્તારપૂર્વક પ્રતિપાદન કર્યું છે. (उवासयदसासु णं)उपासकदशासु खलु-આ ઉપાસકદશા સૂત્રમાં (परिता वायणा) परीताः वाचनाः-સંખ્યાત વાચનાઓ છે, (संखेज्जा अणुओगदारा) संख्येयानि अनुयोगद्वाराणि-સંખ્યાત અનુયોગ દ્વાર છે, (जाव संखेज्जाओ संगहणीओ) यावत् संख्याताः संग्रहण्यः-ત્યાંથી લઈ ને સંખ્યાત સંગ્રહણિઓ છે ત્યા સુધીના પદો એટલે કે "સંખ્યાત વેષ્ટકો છે, સંખ્યાત શ્લોકો છે, સંખ્યાત પ્રતિપત્તિયો છે," આ પદોનો સમાવેશ'यावत्' પદથી કરાયો છે

(से णं अगट्ठयाए सत्तमे अंगे) ताः खलु अङ्गार्थतया सप्तममङ्गम्-- અંગની અપેક્ષાએ તે સાતમું અંગ છે. (एगे सुयक्खधे) एकःश्रुतस्कन्धः- તેમાં એક શ્રુતસ્કંધ છે. (दस अज्झयणाइं) दस अध्ययनानि—દસ અધ્યયન છે, (दस उद्देसणकाला) दस उद्देशनकालाः-દસ ઉદ્દેશનકાળ છે, (दस समुद्देसणकाला) दस समुद्देशनकालाः-દસ સમુદ્દેશનકાળ છે, (संखेज्जाइं पयसहस्साइं पयग्गेणं पण्णत्ताइं) संख्येयानि पद सहस्राणि पदाग्रेण प्रज्ञप्तानि-તેમાં પદોનું પ્રમાણુ સંખ્યાત-અગિયાર લાખ બાવન હજારનું છે, (संखेज्जाइं अक्खराइं) संख्येयानि अक्षराणि—સંખ્યાત અક્ષરો છે, (जाव चरणकरणपरूवणा आघविज्जइ) यावत् चरणकरणप्ररूपणाः आख्यायन्तेः-અહીં 'यावत्' શબ્દથી અનંત ગમો છે, અનંત પર્યાયો છે, સંખ્યાત ત્રસ છે, અનંત સ્થાવર છે, शाश्वत कृतनिबद्धनिकाचिताः जिनप्रज्ञप्ता भावा आख्यायन्ते, प्रज्ञाप्यन्ते, प्ररूप्यन्ते, दर्श्यन्ते, निदर्श्यन्ते, उपदर्श्यन्ते, स एवं आत्मा भवति, एवं ज्ञाता भवति, एवं विज्ञाता भवति" આ અકથિત પદોનો સમાવેશ થયેલ સમજવાનો છે. તેમના અર્થ આચારાંગનું સ્વરૂપ નિરૂપણ કરતી વખતે આપી દેવામાં આવ્યા છે. આ રીતે આ સૂત્રમાં ચરણ અને કરણની પ્રરૂપણા કરવામાં આવી છે. (से तं उवासगदसाओ) एतास्ताः उपासकदशाः-ઉપાસકદશાંગ સૂત્રનું આ પ્રકારનું સ્વરૂપ છે. ॥ સૂ ૧૮૦ ॥

ટીકાર્થ—'से किं तं उवासकदसाओ' इत्यादि ।

હે ભદન્ત ! ઉપાસકદશાંગનું સ્વરૂપ કેવું છે ? ઉત્તર—ઉપાસક શ્રાવકને કહે છે. આ સૂત્રના દસ અધ્યયન છે. એ અધ્યયનોમાં તેમની ઉપાસકત્વબોધક દશાઓ અવસ્થાઓનું વર્ણન કરવામા આવ્યું છે. તેથી તેનું નામ 'ઉપાસકદશા' પડયું છે. આ ઉપાસકદશાસૂત્રમાં શ્રાવકોનાં નગરોનું, ઉદ્યાનોનું, ચૈત્યોનું, વનખંડોનું, રાજાઓનું, માતાપિતાંનુ, સમવસરણોનું, ધર્મકથાઓનું, આલોક અને પરલોકની વિશિષ્ટ ઋદ્ધિયોનું તથા તે ઉપાસકોનાં અણુવ્રતોનું શીલવ્રતોનું, ગુણવ્રતોનું, નમસ્કાર સહિત પ્રત્યાખ્યાનોનું, પોષધોપવાસોનું (પોષ એટલે કે પુષ્ટિને ધારણ કરનાર આહાર, શરીર સત્કાર આદિનો ત્યાગ, તેને પોષધ કહે છે, તેની સાથેનો જે

અહોરાત્રિનો ઉપવાસ તેને પૌષધોપવાસ કહે છે), ધર્મશાસ્ત્રોનાં અધ્યયનોનું, ઉગ્ર તપસ્યાઓનું, ૧૧ પ્રતિમાઓનું એટલે કે અભિગ્રહવિશેષોનું અથવા કાયોત્સર્ગનું, દેવાદિકૃત ઉપસર્ગોનું, સંલેખનાનું, ભકતપ્રત્યાખ્યાનનું, પાદપોપગમન આદિ સંથારાઓનું, દેવલોકમાં ઉત્પન્ન થવાનું, ત્યાંથી ચ્યવીને ઉત્તમકુળોમાં જન્મ લેવાનું, પુનઃ બોધિલાભનું અને અન્તક્રિયા મોક્ષ પ્રાપ્ત કરવાનું વર્ણન આ અંગમાં કર્યું છે. તથા આ ઉપાસકદશાંગમાં શ્રાવકોના ગજ, ઘોડા, ગાય, આદિરૂપ હિરણ્ય, સુવર્ણ, મણિ અને માણેક આદિરૂપ વિશિષ્ટ ઋદ્ધિયોનું, માતા, પિતા, પુત્ર આદિરૂપ અભ્યન્તર પરિષદ અને દાસ, દાસી, મિત્ર આદિરૂપ બાહ્ય પરિષદનું, ભગવાન મહાવીરની સમીપે વિસ્તારપૂર્વક શ્રુતચારિત્રરૂપધર્મ શ્રવણનું, જનધર્મની પ્રાપ્તિરૂપ બોધિલાભનું, સારૂં નરસું સજવાના વિવેકરૂપ અભિગમનનું, સમ્યકત્વની વિશુદ્ધતાનું, સ્થિરતાનું, મૂલગુણ–ઉત્તરગુણોના અતિચારનું, શ્રાવકપર્યાયરૂપ સ્થિતિવિશેષનું, અને સમ્યગદર્શન આદિ પ્રતિમાઓનું–(અભિગ્રહ વિશેષનું), પ્રત્યાખ્યાન લેવા અને પાળવાનું, દેવાદિકૃત ઉપસર્ગોને સહન કરવાનું, અને ઉપસર્ગના અભાવનું વર્ણન આ અંગમાં કરાયું છે. તથા વિચિત્ર તપસ્યાઓ, શીલવ્રત, ગુણવ્રત, મિથ્યાત્વ આદિ વિરકિત, પ્રત્યાખ્યાન અને પોષધોપવાસ, એ બધા વિષયોનું તેમાં નિરૂપણ કર્યું છે. તથા તપથી અને રાગાદિકોને જીતવાથી શરીર અને જીવને કૃશ કરવારૂપ સર્વોત્કૃષ્ટ પ્રકારની મરણને માટે ધારણ કરેલી સંલેખનાના સેવનથી આત્માને –પોતાની જાતને ભાવિત કરીને જે શ્રાવકો કર્મોનું અનશન દ્વારા છેદન કરીને ઉત્તમ કલ્પોમાંનાં શ્રેષ્ઠ વિમાનોમાં ઉત્પન્ન થઇને તે સુરવિમાનરૂપી ઉત્તમ પુંડરીકોમાં મનને આનંદદાયક એવાં કમળ સમાન તે શ્રેષ્ઠ વિમાનોમાં–કેવાં કેવાં અનુપમ સુખ ભોગવે છે. અને ક્રમશઃ તે સુખોનો ઉપભોગ કરીને ત્યાંનું આયુષ્ય સમાપ્ત થતાં ત્યાંથી ચ્યવીને કેવી રીતે જનશાસનમાં આવે છે અને સંયમથી પ્રશસ્ત બોધિને પ્રાપ્ત કરીને કેવી રીતે **તમ**–અજ્ઞાન અને **રજ**–પાપોત્પાદક કર્મ, એ બન્નેનો

ક્ષય કરીને જ્યાં સમસ્ત દુઃખોથી મુકત થવાય છે એવા અક્ષયસ્થાન-મોક્ષને પ્રાપ્ત કરે છે, એ બધા વિષયોનું આ અંગમાં કથન થયું છે. આ પ્રમાણે આ સૂત્રમાં પૂર્વોક્ત વિષયોનું અને એ જ પ્રકારના અન્ય વિષયોનું પણ વિસ્તારથી પ્રતિપાદન કર્યું છે. આ ઉપાસકદશાસૂત્રમાં સંખ્યાત વાચનાઓ છે, સંખ્યાત અનુયોગ દ્વાર છે, **यावत्** સંખ્યાત સંગ્રહણિયો છે. અંગની અપેક્ષાએ તે સાતમું અંગ છે. તેમાં એક શ્રુતસ્કંધ છે, દસ અધ્યયન છે, દસ ઉદ્દેશનકાળ છે અને દસ સમુદ્દેશનકાળ છે. તેનાં પદોનું પ્રમાણ અગિયાર લાખ બાવન હજાર (૧૧૫૨૦૦૦) નું છે. તથા સંખ્યાત અક્ષર આદિ છે. આ રીતે આ અંગમાં ચરણ અને કરણની પ્રરૂપણા થઈ છે. ઉપાસકદશાસૂત્રનું આ પ્રકારનું સ્વરૂપ છે. ।।સૂ. ૧૮૦।।

## આઠવે અંગ અન્તકૃતદશાંગ કે સ્વરૂપ કા નિરૂપણ

હવે સૂત્રકાર આઠમાં અંતકૃતદશા નામના સૂત્રનું સ્વરૂપ બતાવે છે—

શબ્દાર્થ—(**से किं तं अंगगडदसाओ ?, अथ का सा अन्तकृतदशाः?**–હે ભદન્ત ! અંતકૃતદશાસૂત્રનું સ્વરૂપ કેવું છે ? ઉત્તર--(**अंतगडदसासु णं**) **अन्तकृतदशासु खलु**–અંતકૃતદશામાં (**अंतगडाणं**) **अन्तकृतानां**–અન્તકૃત મુનિયોનાં (**णगराइ**) **नगराणि**–નગરોનું, (**उज्झाणाइं**)**उद्यानानि**–ઉદ્યાનોનું, (**चेइयाइं**) **चैत्यानि**–ચૈત્યોનું, (**वणसंडा**) **वनषण्डा**–વનખંડોનું, (**रायाणो**) **राजानः**–રાજાઓનું, (**अम्मापियरो**) **अम्बापितरौ**–માતા, પિતાનું, (**समोसरणाइं**) **समवसरणानि**--સમવસરણોનું, (**धम्मायरिया**) **धर्माचार्याः**--ધર્માચાર્યોનું, (**धम्मकहा**) **धर्मकथाः**–ધર્મકથાઓનું, (**इहलोइयपरलोइयइड्ढिविसेसा**) **ऐहलौकिकपारलौकिकऋद्धिविशेषाः**--આલોક અને પરલોકની વિશિષ્ટ ઋદ્ધિયોનું, (**भोगपरिच्चाया**) **भोगपरित्यागाः**–ભોગના પરિત્યાગનું,(**पव्वज्जाओ**) **प्रव्रज्याः**–દીક્ષાઓનું,(**सुयपरिग्गहा**) **श्रुतपरिग्रहाः**–શ્રુતાધ્યયનોનું, (**तवोवहाणाइं**) **तपोपधानानि**–વિશિષ્ટ તપસ્યાઓનું, (**बहुविहाओ पडिमाओ**) **बहुविधाःप्रतिमाः**–માસિકી આદિના ભેદથી બાર પ્રકારની ભિક્ષુપ્રતિમાઓનું, વર્ણન કર્યું છે. તથા (**खमा**) **क्षमाः**--ક્ષમા, (**अज्जवं**) **आर्जवं**–આર્જવ મૃદુતા, (**मद्दवं**) **मार्दवं**–માર્દવ-મૃદુતા, (**सच्चसहियं सोअं च**) **सत्यसहितं शौचं च**–અન્યના દ્રવ્યનું

અપહરણ કરવાથી ઉત્પન્ન થયેલ મલિનતાથી રહિત થવું,(**सत्तरसविहोयसंजमो**) **सप्तदशविधश्च संयमः**–પૃથ્વીકાય આદિ સત્તર પ્રકારનો સંયમ,(**उत्तमं च बंभं**) **उत्तमं च ब्रह्म**-મૈથુન વિરતિ આદિરૂપ ઉત્કૃષ્ટ બ્રહ્મચર્ય, (**अकिंचणता**) અકિંચનતા, (**तवो**) તપ, (**चियाओ**) **त्यागः**–આગમોક્ત વિધિ અનુસાર મુનિયોને આહાર પાણી લાવીને દેવાં, (**समिइगुत्तीओचेय**) **समिति गुप्तयश्चैव**–પાંચ સમિતિયો અને ત્રણ ગુપ્તિયો, (**अप्पमायजोगो**) **अप्रमादयोगः**–અપ્રમ દયોગો, (**सज्झाय-ज्झाणाण य उत्तमाणं दोण्हंपि**) **स्वाध्यायध्यानयोश्च उत्तमोर्द्वयोरपि**––ઉત્તમ સ્વાધ્યાય અને ધ્યાન, એ બન્નેના (**लक्खणाइं**) **लक्षणाणि**–લક્ષણો એ બધા વિષયોનું કથન આ અંગમાં કરાયું છે. તથા (**संजमुत्तमं पत्ताणं**) **संयमोत्तमं प्राप्तानां**–સર્વવિરતિ આદિરૂપ ઉત્તમ સંયમને પ્રાપ્ત કરનારા, [**जियपरीसहाणं**] **जितपरीषहाणाम्**–પરીષહોને જીતનારા, (**मुणिहिं**) **मुनीनां**–મુનિયોને (**चउविह-कम्मक्खयम्मि**) **चतुर्विधकर्मक्षयैः**–ઘાતિયાકર્મનો ક્ષય થતાં (**जहकेवलस्स लंभो**) **यथा केवलस्य लाभः**–કેવી રીતે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે (**जत्तिओ य परियाओ**) **यावान् पर्यायः**–કેટલાં વર્ષ સુધી દીક્ષાપર્યાય પાળી (**जहपालिओ**) **यथा पालितः**–જે રીતે તેમણે તેનું પાલન કર્યું, (**जो जहिंपाओवगओ**) **यः यत्र पादपोपगमश्च**–તથા જે મુનિ જ્યાં પાદપોપગમન સંથારાને ધારણ કરીને

(**जत्तियाणि भत्ताणि छेइत्ता) यावन्ति भक्तानि छेदयित्वा**–તથા જે મુનિ જેટલાં ભકતો (કર્મો) નું અનશન દ્વારા છેદન કરીને (**तमरयोघविप्पमुक्को) तमोरजओघविप्रमुक्तः**–અજ્ઞાન અને મલિનાત્મક કર્મસમૂહથી રહિત બનીને (**अंतगडो) अन्तकृतः**–અન્તકૃત–કર્મોનો અંત કરનાર થયા છે અને (**मोक्खसुहमणुत्तरंचपत्तो) मोक्षसुखमनुत्तरं च प्राप्तः**–સર્વોત્કૃષ્ટ મોક્ષસુખને પામ્યા છે, એવા સઘળા મુનિયો અને મહાસતિયોનું વર્ણન આ અંગમાં કર્યું છે. (**एए अन्ने य एवमाई अत्थावित्थरेणं परूविज्जंति) एते अन्ये च एवमादयः अर्थाः विस्तरेण प्ररूप्यन्ते**–આ રીતે આ સૂત્રમાં પૂર્વોકત વિષયોનું તથા એ પ્રકારના અન્ય વિષયોનું પણ વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. (**अंतगडदसासु णं) अन्तकृतदशासु खलु**–અંતકૃતદશાસૂત્રમાં (**परित्ता वायणा) परीता वाचनाः**–સંખ્યાત વાચનાઓ છે, (**संखेज्जाअणुओगदारा) संख्येयानि अनुयोगद्वाराणि**—સંખ્યાત અનુયોગ દ્વાર છે, (**जाव संखेज्जाओ संग्रहणीओ) यावत् संख्याताः संग्रहण्यः**–ત્યાંથી લઇને સંખ્યાત સંગ્રહણિયો છે, ત્યાં સુધીના પદો ગ્રહણ કરાયાં છે અહીં **'यावत्'** શબ્દથી "સંખ્યાત પ્રતિપત્તિયો છે, સંખ્યાત વેષ્ટકો છે, સંખ્યાત શ્લોકો છે અને સંખ્યાત નિર્યુક્તિયો" એ પદોનો સંગ્રહ સમજવાનો છે (**से णं अंगट्ठयाए**

**अट्ठमे अंगे) सा खलु अंगार्थया अष्टममङ्गम्**–અંગની અપેક્ષાએ આ 'અંતકૃતદશા' આઠમું અંગ છે. **(एगे सुयक्खंधे) एकः श्रुतस्कन्धः**–તેમાં એક શ્રુતસ્કંધ છે, **(दस अज्झयणा) दश अध्ययनानि**–પ્રથમ વર્ગની અપેક્ષાએ દસ અધ્યયન છે, **[अट्ठवग्गा] अष्टवर्गाः**–આઠ વર્ગ છે, **[दसउद्देसणकाला] दशउद्देशनकालाः**–દસ ઉદ્દેશનકાળ છે, **(दससमुद्देसणकाला) दश समुद्देशनकाला**–દસ સમુદ્દેશનકાળ છે, આ કથન પણ પહેલા વર્ગની અપેક્ષાએ કરવામાં આવ્યું છે. **(संखेज्जाइं पयसहस्साइं पयग्गेणं पण्णत्ता) संख्येयानि पदसहस्राणि पदाग्रेण प्रज्ञप्तानि**–તેમાં પદોનું પ્રમાણ તેવીસ લાખ ચાલીસ હજારનું છે. **(संखेज्जा अक्खरा) संख्येयानि अक्षराणि**–સંખ્યાત અક્ષરો છે. **(जाव एवं चरणकरणपरूवणा) यावत् एवं चरणकरण प्ररूपणाः**–અહીં **'यावत्'** શબ્દથી 'અનંત ગમ છે, અનંત પર્યાયો છે, સંખ્યાત ત્રસ છે, અનંત સ્થાવરો છે, એ બધા પદાર્થો જિનભગવાન દ્વારા કથિત છે. એ બધાં શાશ્વત–નિત્ય, કૃત–અનિત્ય, નિબદ્ધ અને નિકાચિત છે, આ અંગમાં તેમનું કથન થયું છે, પ્રજ્ઞાપિત થયા છે, પ્રરૂપિત થયા છે, દર્શિત થયા છે, નિદર્શિત થયા છે, અને ઉપદર્શિત થયા છે, આ બધાં ક્રિયાપદોના અર્થ આચારાંગનું સ્વરૂપનિરૂપણ કરતી વખતે આપી દીધા છે. જે માણસ આ અંગનું સારી રીતે અધ્યયન કરે છે તે આત્માના સ્વરૂપને સમજી શકે છે, તે જ્ઞાતા અને વિજ્ઞાતા બની જાય છે. આ પ્રમાણે આ અંગમાં અંતકૃતમુનિયોના ચરણકરણની પ્રરૂપણા કરવામાં આવી છે. આ પ્રમાણેનું અંતકૃતદશાંગનું સ્વરૂપ છે. ।।સૂ.૧૮૧।।

ટીકાર્થ–હે ભદન્ત ! અંત કૃતદશાસૂત્રનું સ્વરૂપ કેવું છે?ઉત્તર–अन्त–કર્મોનો અથવા તેમના ફળ સ્વરૂપ સંસારનો જેમણે અંત સમયે નાશ કર્યો છે, તેમને અંતકૃત કહે છે. તેમની અવસ્થાનું પ્રતિપાદન કરતા વર્ગો (અધ્યયનો) જેમાં છે તે સૂત્રને અંતકૃતદશા સૂત્ર કહે છે. અથવા અન્તકૃતેની વકતવ્યતા વાત-થી પ્રતિબદ્ધ જે દસ અધ્યયનરૂપ દશાઓ–ગ્રન્થ પદ્ધતિઓ છે, તે અંતકૃત દશાઓ છે. પહેલા વર્ગના દસ અધ્યયનોને અનુંલક્ષીને આ વ્યુત્પત્તિ કરી છે. એ અન્તકૃત દશાઓમાં એટલે કે અંતકૃતદશા નામના આ આઠમા અંગમાં અન્તકૃત મુનિયોનાં નગરોનું, ઉદ્યાનોનું

વિષયનો ઉપસંહાર કરતાં કહે છે કે-આ પ્રમાણે આ સૂત્રમાં ઉપરોક્ત બધા વિષયોનું અને એવા જ અન્ય વિષયોનું વિસ્તારથી વર્ણન કરાયું છે. આ અંતકૃતદશા સૂત્રમાં સંખ્યાત વાચનાઓ છે, સંખ્યાત અનુયોગ દ્વાર છે, સંખ્યાત વેષ્ટકો છે, સંખ્યાત શ્લોકો છે. સંખ્યાત-નિર્યુક્તિયો છે, સંખ્યાત સંગ્રહણિયો છે અને સંખ્યાત પ્રતિપત્તિયો છે. અંગની અપેક્ષાએ તે આઠમું અંગ છે તેમાં એક શ્રુતસ્કંધ છે, પ્રથમ વર્ગની અપેક્ષાએ દસ અધ્યયન છે, આઠવર્ગ છે. દસ ઉદ્દેશનકાળ છે, દસ સમુદ્દેશનકાળ છે, આ કથન પ્રથમ વર્ગને અનુલક્ષીને કરવામાં આવ્યું છે. તેમાં પદોનું પ્રમાણ તેવીસ લાખ ચાલીસ હજાર (૨૩૪૦૦૦૦)નું છે. તેમાં સંખ્યાત અક્ષરો કોઈ એક વસ્તુમાં ચિત્તને એકાગ્ર કરવું તેનું નામ 'ધ્યાન' છે' સર્વવિરતિ આદિરૂપ ઉત્તમ સંયમયુક્ત, અને પરીષહોને જીતનાર મુનિયોને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અન્તરાય, એ ચાર ઘાતિયાકર્મોનો ક્ષય થતા કેવી રીતે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું, તથા તેમણે કેટલાં વર્ષ સુધી દીક્ષા પર્યાયનું પાલન કર્યું, તથા જે મુનિયો જ્યાં પાદપોપગત-પાદપોપગમન સંથારો કરીને તથા જેટલા ભકતોનું (કર્મોનું) અનશન દ્વારા છેદન કરીને અજ્ઞાન તથા મલિનાત્મક કર્મસમૂહથી રહિત થઇને અન્તકૃત કેવલી થયાં છે.' તે બધા વિષયોનું તથા અન્તકૃત કેવલીઓનું આ અંગમાં વર્ણન છે. તે સધળા અન્તકૃત મુનિજન સર્વોત્કૃષ્ટ મોક્ષસુખને પામ્યાં છે. હવે સૂત્રકાર ચૈત્યોનું, વનખંડોનું, રાજાનુ, માતાપિતાનું, સમવસરણનું, ધર્માચર્યોનું ધર્મકથાઓનું, આલોક અને પરલોકની વિશિષ્ટ ઋદ્ધિયોનું ભોગપરિત્યાગનું, પ્રવ્રજ્યાનું, શ્રુતાધ્યયનનું, વિશિષ્ઠ તપનું, માસિકી આદિના ભેદથી અનેક પ્રકારની પ્રતિમાઓનું એટલે કે બાર પ્રકારની ભિક્ષુપ્રતિમાઓનું વર્ણન કરાયું છે. તથા ક્ષમા, આર્જવ-ઋજુતા, માર્દવ-મૃદુતા, સત્ય સહિતશૌચ-બીજાના દ્રવ્યનું અપહરણ-કરવાથી ઉદ્‌ભૂત મલિનતાથી રહિત થવું, પૃથ્વીકાય આદિ ૧૭ પ્રકારના સંયમ, મૈથુન પરિત્યાગરૂપ ઉત્કૃષ્ટ બ્રહ્મચર્ય, અકિંચનતા, તપ, ત્યાગ-આગમોકત વિધિ પ્રમાણે આહારપાણી લાવીને મુનિયોને દેવા, પાંચ સમિતિયો, ત્રણ ગુપ્તિયો, તથા અપ્રમાદયોગ, ઉત્તમ સ્વાધ્યાય અને ધ્યાનનાં લક્ષણ, એ બધા વિષયોનું કથન કર્યું છે. અન્તર્મુહૂર્ત સુધી

છે, અનંતગમ છે, અનંત પર્યાયો છે; અસંખ્યાત ત્રસ છે, અનંત સ્થાવર જીવો છે. એબધા પદાર્થોનું કથન જિનેશ્વર ભગવાન દ્વારા કરાયું છે. અને તેબધા શાશ્વત–નિત્ય; કૃત–અનિત્ય નિબદ્ધ અને નિકાચિતછે; આ અંગમા તે આખ્યાત થયા છે; પ્રજ્ઞાપિત કરાયાં છે, પ્રરૂપિત કરાયાં છે, દર્શિત થયા છે, નિદર્શિત થયા છે, અને ઉપદર્શિત થયા છે, આ બધાં ક્રિયાપદોના અર્થ આચારાંગનું સ્વરૂપ નિરૂપણ કરતી વખતે આપી દીધાં છે. જે જીવ આ અંગનું સારી રીતે અધ્યયન કરે છે તે આત્માના સ્વરૂપને જાણી શકે છે અને તે સમસ્ત પદાર્થોનો જ્ઞાતા તથા વિજ્ઞાતા થઈ જાય છે. આ રીતે આ અંગમાં અન્તકૃત મુનિયોના ચરણ અને કરણની પ્રરૂપણા કરવામાં આવી છે. અંતકૃતદશાંગસૂત્રનું આવું સ્વરૂપ છે ।।સૂ.૧૮૧।।

## નવવે અંગ અનુત્તરોપપાતિકદશાંગ કે સ્વરૂપ કા નિરૂપણ

હવે સૂત્રકાર નવમાં અંગનું સ્વરૂપ બતાવે છે—

શબ્દાર્થ–(**से किं तं अणुत्तरोववाइय दसाओ?**)**कथ कास्ता अनुत्तरोपपातिक दशाः?**–હે ભદન્ત! અનુત્તરોપપાતિક દશાનું કેવું સ્વરૂપ છે? ઉત્તર–**अणुत्तरोववाइय दसासु णं**) **अनुत्तरोपपातिकदशासु खलु**–અનુત્તરોપપાતિકદશા સૂત્રમાં અનુત્તરોપપાતિક મુનિયોનાં (**नगराइं**) **नगराणि**–નગરો, (**उज्झाणाइं**) **उद्यानानि**–ઉદ્યાનો, (**चेइयाइं**) **चैत्यानि**–ચૈત્યો, (**वणसंडाइं**) **वनषण्डाः**–વનખંડો, (**रायाणो**) **राजानः**–રાજાઓ, (**अम्मापियरो**) **अम्बापितरौ**–માતાપિતા, (**समोसरणाइं**) **समवसाणानि**–સમવસણો, (**धम्मायरिया**) **धर्माचार्याः**–ધર્માચાર્યો, (**धम्मकहाओ**) **धर्मकथा**–ધર્મકથાઓ, (**इहलोगपरलोगइड्डिविसेसा**) **इहलोक परलोकऋद्धिविशेषाः**–આલોક અને પરલોકની વિશિષ્ટ ઋદ્ધિયો, **भोगपरिच्चया** (**भोग परित्यागाः**–ભોગ પરિત્યાગ, (**पवज्जाओ**) **प्रव्रज्याः**–પ્રવ્રજ્યા, **सुयपरिग्गहा**] **श्रुतपरिग्रहाः**–શ્રુતાધ્યયન, (**तवोवहाणाइं**) **तपोपधानानि**–તપઉપધાન ઉગ્રતપસ્યા. (**परियाया**) **पर्यायाः**-પર્યાયો–(**प्रव्रज्या**) દીક્ષા, (**पडिमाओ**) **प्रतिमाः**–પ્રતિમાઓ, (**संलेहणाओ**) **संलेखनाः**–સંલેખનાઓ, [**भत्तपाणपच्चक्खाणाइं**]**भक्तपान प्रत्या**

ख्यानानि-આહારપાણીના, પ્રત્યાખ્યાન, (पाओवगमणाइं)पादपोपगमनानि-પાદપોગમન, સંથારા, (अणुत्तरोववाओ) अनुत्तरोपपातः-અનુત્તર વિમાનોમાં જન્મ (सुकुलपच्चायाया) सुकुलप्रत्यायातानि-ત્યાંથી ચ્યવીને ઉત્તમ કુળોમાં જન્મ, (पुणो बोहिलाभा) पुनर्बोधिलाभाः-ફરીથી બોધિલાભ જિનશાસનની પ્રાપ્તિ, (अंतकिरियाओ) अन्तक्रियाश्च મોક્ષની પ્રાપ્તિ, એ બધા વિષયોનું વર્ણન કર્યું છે. (अणुत्तरोववाइयदसासु णं) अणुत्तरोपपातिकदशासु खलु-આ અનુત્તરોપપાતિક દશાંગ સૂત્રમાં (पामंगल्लजगहियाणि) परमाङ्गल्यजगद्धितानी-તીર્થંકરોના સર્વોત્કૃષ્ટ મંગળકારી તથા જગતને માટે હિતકારી (तित्थकरसमोसरणाइं) તીર્થંકર समवसरणानि-સમવસરણોનું (बहुविसेसा) बहुविशेषाः-તેમના ૩૪ ચોત્રીસ જિનાતિશેષોનું--અતિશયોનું (देहं विमलसुगंधं) देहो विमलसुगन्धः--ભગવાનનું શરીર નિર્મળ અને સુગન્ધિત હોય છે, (जिणातिसेसा य) जिनातिशेषाश्च--એવાં ચોત્રીસ અતિશયોનું, (जिणसीसाणं चेव) जिनशिष्याणां चैव-જિનદેવના શિષ્યોનું, (समणगणपवरगंधहत्थीणं) श्रमण गणप्रवरगन्धहस्तिनां-શ્રમણોના સમૂહના શ્રેષ્ઠ હાથીના સમાન, (थिरजसाणं) स्थिरयशसां-અવિચળ કીર્તિવાળા અને સ્થિર સંયમવાળા (परीसहसेणरिउबल

पमद्दणाणं ) परीषहसैन्यरिपुबलप्रमर्दनानाम्—-પરીષહ સૈન્યરૂપી અરિદળનો નાશકરનારા,-સર્વ પ્રકારના પરીષહોને જીતનારા, (तवदित्त चरितणाणसम्मत्तसार विविहप्पगारवित्थरपसत्थगुणसंजुयाणं ) तपोदीप्तचारित्रज्ञानसम्यक्त्व सारविविधप्रकारविस्तरप्रशस्तगुणसंयुतानाम्—-તથા તપથી દેદીપ્યમાની ચારિત્ર, જ્ઞાન અને સમ્યકત્વથી શ્રેષ્ઠ અનેક પ્રકારના વિસ્તૃત અને પ્રશંસનીય ઉત્તમ ક્ષમાદિ સદ્ગુણોવાળા, (अनगारमहरिसीणं) अनगारमहर्षीणाम्-તથા અણુગાર મહર્ષી, (अणगारगुणाणं) अनगारगुणानाम्-અણગારના ગુણોવાળા, (उत्तम-वरतवविसिट्ठणाणजोगजुत्ताणं ) उत्तमवरतपोविशिष्टज्ञानयोगयुक्तानाम्-તથા શ્રેષ્ઠ તપસ્યા કરનારી, વિશિષ્ટજ્ઞાન અને વિશિષ્ટ મન વચન કાયના વ્યાપાર રૂપ યોગથી યુકત એવા જિનશિષ્ય ગણધરોનું પણ (वण्णओ) वर्णकः-વર્ણન આ અંગમાં કર્યું છે. (जह य) यथा च-જે પ્રકારનું (जगहियं) जगद्धितं-જગતનું હિતકારક हितकारक (भगवओ) भगवतो-જિન ભગવાનનું શાસન છે, એનું પણ આ અંગમાં વર્ણન કરવામાં આવ્યું છે. (जारिसा इड्ढिविसेसा) यादृशा ऋद्धि विशेषाः-તથા અનુત્તરોપપાતિક દેવોની વિશિષ્ટ ઋદ્ધિયો કેવી છે, તે પણ તેમાં બતાવ્યું છે. (देवासुरमाणुसाणं) देवासुरमानुषाणां-તથા દેવ, અસુર, અને

મનુષ્યોની (परिसाणं) परिषदाम् परिषद (जिणसमीपं) जिनसमीपे–કેવી રીતે ભગવાનની પાસે જતી હતી (पाउब्भावाय) प्रादुर्भावाश्व–એ વાતનું સ્પષ્ટી કરણ પણ તેમાં કર્યું છે. (जहय) यथा च–કેવી રીતે તેઓ (जिणवरं उवासंति) जिनवरं उपासते–ભગવાનની ભક્તિ સેવા કરે છે (लोगगुरु) लोकगुरुः–ત્રિલોકના ગુરુ જિનેશ્વર ભગવાન (अमरनरासुरगणाणं जहय परिकहेइ धम्मं) अमरनरासुरगणानां यथा च परिकथयति धर्मम्–અમર-વૈમાનિક દેવો, નર-ચક્રવર્તિ આદિ રાજાઓ અસુર-ભવનપતિ આદિ, ઉપલક્ષણથી વ્યંતર અને જ્યોતિષી દેવો, એ બધાની સમક્ષ કેવી રીતે ધર્મોપદેશ આપે ને, (सोऊण य तस्स भासियं) श्रुत्वा च तस्य भाषितं–જિનેન્દ્ર ભગવાનનું પ્રવચન સાંભળીને (अवसेसकम्म विसयविरत्ता) अवशेषकर्मविषयविरक्ता–જેમના કર્મોનો ક્ષય થાયો છે એવાં-જેમની ભવસ્થિતિ સમાપ્ત થઇ છે એવા ભવીજનો વિષયોથી વિરકત થઇને (जहा धम्ममुराल) यथा धर्ममुदारं–કેવી રીતે ઉદાર ધર્મને, (बहुविहप्पगार) बहुविध प्रकार–અનેકપ્રકારનાં (तवं सयमं चा वि) तपः संयमश्चापि–તપ અને સંયમ (अब्भुवेंति) अभ्युपयंति—પ્રાપ્ત કરે છે, એ બધાનું આ અંગમાં વર્ણન છે. (जह बहूणि वासाणि)यथा बहुनि वर्षाणि–ઘણાં વર્ષો સુધી(अणुचरित्ता)अनु

चर्य–શ્રુતચારિત્ર ધર્મનું સેવન કરીને ( आराहियणाणदंसणचरित्तजोगा ) आराधितज्ञानदर्शनचारित्रयोगाः––જ્ઞાન, દર્શન, ચારિત્રનું મન, વચન અને કાયાથી આરાધન કરનારા, (जिणवयणमणुगयमहिया) जिनवचनमनुगतमहिता–જિનાગમ પ્રમાણે ઉપદેશ દેનારા, (जिणवराणं) जिनवरानां–જિનવરોનું (हिययेण) हृदयेन–અંતઃકરણથી (अणुणेत्ता) अनुनीय–ધ્યાન ધરીને (जेय ये च–જ્યાં (जहिं) यत्र–જેટલા (जत्तियाणि) यावन्ति–જેટલા(भत्ताणि)भक्तानि–ભકતોનું-કર્મોનું (छेयइत्ता) छेदयित्वा–અનશન દ્વારા છેદન કરીને, (उत्तमज्झाणजोगजुत्तो ) उत्तमध्यानयोगयुक्ता—ઉત્કૃષ્ટ જ્ઞાનયોગમાં લીન થઈને કાળ ધર્મ પામીને(मुनिवरोत्तमा) मुनिवरोत्तमाः–પરમ શ્રેષ્ઠ મુનિજન (जह) જે રીતે (अणुत्तरेसु) अनुत्तरेषु–અનુત્તર વિમાનોમાં (उववन्ना) उत्पन्नाः–ઉત્પન્ન થયાં છે. (तत्थ)तत्र–તથા તેઓ એકઅનુત્તર વિમાનોમાં (जह) કેવાં (अणुत्तरं) अनुत्तरं–અનુપમ (विसयसोक्खं]विषयसौख्यं દેવલોકનાં સુખોને (पावंति) प्राप्नुवन्ति–પ્રાપ્ત કરે છે, તે બધા વિષયોનું આ અંગમાં વર્ણન કર્યું છે. (तओ य चुया) ततश्च च्युताः–તેઓ તે અનુત્તર વિમાનોમાંથી ચ્યવીને (कमेण) क्रमेण–ક્રમશઃ (संजया) संयता–સંયત થઈને ( जहा य अंतकिरियं काहिंति ) यथा

च अन्तक्रियं—કેવી રીતે મોક્ષમાં જશે, તે વિષયનું આ અંગમાં પ્રતિપાદન કર્યું છે. ( ए ए अण्णेय एवमाई अत्था वित्थरेण ) एते अन्ये च एवमादय अर्थाः विस्तरेण—પૂર્વોક્ત બધા વિષયોનું અને એ પ્રકારની અન્ય વિષયોનું પણ વિસ્તારથી આ અંગમાં કથન કર્યું છે. (अणुत्तरोववाइयदसासु णं ) अनुत्तरोपपातिकदशासु खलु—આ અનુત્તરોપપાતિક દશાંગમાં (परित्ता वायणा) परीताः वाचनाः સંખ્યાત વાચનાઓ છે, (संखेज्जा अणुओगदारा) संख्येयानि अनुयोगद्वाराणि સંખ્યાત અનુયોગ દ્વાર છે, (संखेज्जाओ जाव संगहणीओ) यावत् संख्येया संग्रहण्यः—यावत् પદથી સંખ્યાત સંગ્રહણીઓ છે, ત્યાં સુધીનાં પદોનો સમાવેશ થયેલો સમજવાનો છે. (से णं अंगट्ठयाए नवमे अंगे) ताः खलु अङ्गार्थतया नवममङ्गम्—અંગોની અપેક્ષાતે નવમું અંગ છે. (एगे सुयक्खंधे) एकः श्रुतस्कन्धः—તેમાં એક શ્રુતસ્કંધ છે, (दस अज्झयणा) दश अध्ययनानि—દસ અધ્યયનો છે, (तिन्निवग्गा) त्रयो वर्गाः—ત્રણ વર્ગ છે. (दसउद्देसनकाला) दशउद्देशनकालाः—દસ ઉદ્દેશનકાળ છે. (दससमुद्देसणकाला) दशसमुद्देशनकालाः—દસ સમુદ્દેશનકાળ છે. (संखेज्जाइं पयसहस्साइं पयग्गेणं पण्णत्ता) संख्येयानि पदसहस्राणि पदा-

ग्रण प्रज्ञप्तानि–તેમાં પદોનું પ્રમાણ છેંતાળીસ લાખ એંશી હજારનું છે. (संखेज्जाइं अक्खराणि) संख्येयानि अक्षराणि–તેમાં સંખ્યાત અક્ષરો છે. (जाव चरणकरणपरूवणा आघविज्जइ) यावत चरणकरणप्ररूपणाः आख्यायन्ते– ત્યાંથી લઈને ચરણકરણની પ્રરૂપણા સુધીના વિષયની પ્રરૂપણા આ અંગમાં કરી છે. ( से तं अणुत्तरोववाइयदसाओ ) एतास्ता अनुत्तरोपपातिकदशाः— અનુત્તરોપપાતિકદશાંગનું આવું સ્વરૂપ છે. ।।સૂ. ૧૮૨।।

ટીકાર્થ—'से किं तं अणुत्तरोववाइयदसाओ ? इत्यादि ।

હે ભદન્ત! અનુત્તરોપપાતિકદશા સૂત્રનું સ્વરૂપ કેવું છે? ઉત્તર—જેના કરતાં શ્રેષ્ઠ બીજો કોઈ પણ જન્મ ન હોય એવા જન્મને અનુત્તર ઉપપાત કહે છે જેઓ અનુત્તરોપપાત પામે છે તેમને અનુત્તરોપપાતિક કહે છે. તે અનુત્તરોપપાતિકોની અવસ્થાઓનું વર્ણન કરનારાં અધ્યયનો જે સૂત્રમાં છે, તે સૂત્રનું નામ 'અનુત્તરોપપાતિકદશાસૂત્ર' છે. આ સૂત્રમાં અનુત્તરોપપાતિક મુનિયોનાં નગરો, ઉદ્યાનો, ચૈત્યો, વનખંડો, રાજા, માતાપિતા, સમવસરણ, ધર્માચાર્યો, ધર્મકથાઓ, આલોક અને પરલોકની વિશિષ્ટ ઋદ્ધિયો, ભોગપરિત્યાગ, પ્રવ્રજ્યા, શ્રુતાધ્યયન, તપઉપધાન, પર્યાયો. પ્રતિમાઓ–અભિગ્રહવિશેષ, સંલેખના, ભકતપ્રત્યાખ્યાન, પાદપોપગમન સંથારા, અનુત્તરવિમાનોમાં જન્મ, ત્યાંથી ચ્યવીને ઉત્તમકુળોમાં જન્મ, પુનઃબોધિલાભ, અને મોક્ષની પ્રાપ્તિ, એ બધા વિષયોનું વર્ણન કર્યું છે. આ અનુત્તરોપપાતિકદશાંગસૂત્રમાં તીર્થંકરોના સર્વોત્કૃષ્ટ મંગળકારી તથા જગતને માટે હિતકારી સમવસરણોનું અને તેમના ૩૪ ચોત્રીસ જિનાતિશેષોનું, અતિશયોનું વર્ણન કર્યું છે. તથા અન્ય મતવાદીઓને પરાજિત કરવામાં ગન્ધહસ્તિ સમાન હોવાથી શ્રમણગણની અંદર શ્રેષ્ઠ મનાતા તથા સ્થિર કીર્તિ અને સંયમવાળા એટલે કે અવિચળ કીર્તિ અને સ્થિર સંયમવાળા, તથાપરીષહોના સૈન્યરૂપ અરિદળ પર વિજય મેળવનારા, તથા તપ વડે દેદીપ્યમાન થતાં, ચારિત્ર, જ્ઞાન, અને સમ્યકત્વથી શોભતા, અનેક પ્રકારના વિસ્તૃત અને પ્રશંસનીય ઉત્તમ ક્ષમાદિ સદ્ગુણોવાળા, તથા અણગારમહર્ષી, અણગારના ગુણોથી યુકત, તથા ઘણા ઊંચા કુળમાં જન્મેલા, તથા શ્રેષ્ઠ તપસ્યા, વિશિષ્ટજ્ઞાન, અને વિશિષ્ટ મન વચન કાયના

વ્યાપારરૂપ યોગથી યુકત એવાં 'जिणसीसाणं' જિનશિષ્યોનું—ગણધરોનું વર્ણન પણ આ અંગમાં કર્યું છે. તથા ભગવાનનું શાસન કેવી રીતે જગતને માટે હિતકારક છે, તે બાબત પણ સુંદર રીતે તેમાં કહેવામાં આવી છે. તથા અનુત્તરોપપાતિક દેવોની વિશિષ્ટ ઋદ્ધિયો કેવી છે, તેનું પણ તેમાં વર્ણન કર્યું છે. તથા દેવ. અસુર અને મનુષ્યની પરિષદા કેવી રીતે ભગવાનની પાસે જતી હતી તેનું પણ તેમાં વર્ણન થયું છે તથા તે પરિષદા કેવી રીતે ભગવાનની સેવા ભકિત કરતી હતી, અને પ્રભુએ કેવી રીતે અમરવૈમાનિકદેવો, નર-ચક્રવર્તિ આદિ મનુષ્યો અને અસુર-ભવનપતિદેવો, ઉપલક્ષણથી વ્યંતર અને જયોતિષીદેવો, એ બધાની સમક્ષ શ્રુતચારિત્રરૂપ ધર્મનો ઉપદેશ દીધો હતો, અને તે ઉપદેશ સાંભળીને ક્ષીણપ્રાયકર્મવાળા મનુષ્યોએ વિરકત થઈને કેવી રીતે પ્રભુની સમીપે તે ઉદારધર્મને ધારણ કર્યો હતો, તથા કેવી રીતે અનેક વર્ષ સુધી અનેક પ્રકારના તપ અને સંયમનું પાલન કરીને આરાધિત જ્ઞાન, દર્શન, ચારિત્રયુકત થઈને તેમણે જિનાનુગામી બનીને જિનેન્દ્ર દ્વારા કહેવામા આવેલાં વચનોને હૃદયપૂર્વક અનુમોદન આપીને અનશન દ્વારા કેટલાં કર્મોનો ક્ષય કરીને અને સમાધિને પ્રાપ્ત કરીને ઉત્કૃષ્ટ ધ્યાનયોગમાં લીન થઈને પરમશ્રેષ્ઠ મુનિયો કેવી રીતે અનુત્તરવિમાનોમાં ઉત્પન્ન થયા છે અને ત્યાં તેમણે કેવા પ્રકારના સર્વોત્કૃષ્ટ વિષયસુખ પ્રાપ્ત કર્યા છે, એ બધા વિષયોનું આ અંગમાં કથન કર્યું છે. તથા તે અનુત્તરવિમાનોમાંથી ચ્યવીને તેઓ કેવી રીતે ક્રમશઃ અન્તક્રિયાઓ કરશે-એટલે કે મોક્ષમાં જશે, તે વિષયનું પ્રતિપાદન આ અંગમાં કર્યું છે, પૂર્વોકત સઘળા વિષયોનું તથા એ પ્રકારના અન્ય વિષયોનું પણ આ અંગમાં વિસ્તારથી વર્ણન કર્યું છે. આ અનુત્તરોપપાતિક સૂત્રમાં સંખ્યાત વાચનાઓ છે. સંખ્યાત અનુયોગદ્વાર છે,...આ રીતે સંખ્યાત સંગ્રહણિયો છે, ત્યાં સુધીનાં પદો ગ્રહણ થયાં છે. અંગોના ક્રમ પ્રમાણે તે નવમું અંગ છે. તેમાં એક શ્રુતસ્કંધ, દસ ઉદ્દેશનકાળ અને દસ સમુદ્દેશનકાળ છે. તેમાં પદોનું પ્રમાણ છેંતાળીસ લાખ એંસી હજાર [૪૬૮૦૦૦૦] નું છે. તેમાં સંખ્યાત અક્ષરો છે, અનંતગમ આદિ છે. આ રીતે તેમાં સાધુઓના ચરણકરણની પ્રરૂપણા કરવામાં આવી છે. ।।સૂ. ૧૮૨।।

હવે સૂત્રકાર પ્રશ્નવ્યાકરણ નામના દસમા અંગનું સ્વરૂપ બતાવે છે—

શબ્દાર્થ—(**से किं तं पण्हावागरणाइं**) **अथ कानि तानि प्रश्नव्याकरणानि**—હે ભદન્ત ! પ્રશ્નવ્યાકરણનું સ્વરૂપ કેવું છે ? ઉત્તર-(**पण्हावागरणेसु णं**) **प्रश्नव्याकरणेषु खलु**—પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં (**अट्ठुत्तरं पसिणसयं**) **अष्टोत्तरं प्रश्नशतम्**—એક સો આઠ પ્રશ્નો, (**अट्ठुत्तरं अपसिणसयं**) **अष्टोत्तरमप्रश्नशतम्**—એક સો આઠ અપ્રશ્નો, (**अट्ठुत्तरं पसिणापसिणसयं**) **अष्टोत्तरं प्रश्नाप्रश्नशतम्**—અને એકસો આઠ પ્રશ્નાપ્રશ્નોનું કથન થયું છે, તથા (**विज्जाइसया**) **विद्यातिशयाः**— સ્તંભન, વશીકરણ, વિદ્વેષણ, ઉચ્ચાટન આદિ પ્રકારના જે વિદ્યાતિશય છે તેમનું, (**नागसुवन्नेहिं**) **नागसुपर्णैः**— નાગકુમાર, સુપર્ણકુમાર તથા યક્ષ આદિની (**सद्धिं**) **सार्द्धं**— સાથે જે (**दिव्वाः**) **दिव्याः**—વાસ્તવિક (**संवाया**) **संवादाः**—સંવાદો થયા છે કે થાય છે તેનું (**आघविज्जंति**) **आख्यायन्ते**—આ અંગમાં વર્ણન થયું છે. (**पण्हाबागरणेसु णं**) **प्रश्नव्याकरणेषु खलु**—પ્રશ્નવ્યાકરણસૂત્રમાં (**ससमयपरसमयपण्णवयपत्ते अबुद्धविविहत्थभासाभासियाणं**) **स्वसमय परसमयप्रज्ञापकप्रत्येकबुद्धविविधार्थभाषाभाषितानाम्**—સ્વસિદ્ધાંત અને પર-સિદ્ધાંતના પ્રજ્ઞાપક પ્રત્યેક બુદ્ધ વિવિધ અર્થવાળી ભાષાઓ દ્વારા જે પ્રશ્નોનું

પ્રતિપાદન કર્યું છે તે પ્રશ્નોનું તથા (**अइसयगुणउवसमणाणप्पगारआयरिय भासियाणं**) **अतिशयगुणोपशमनाना-प्रकाराचार्यभाषितानाम्**-આમર્શ ઔષધી આદિ લબ્ધિરૂપ અતિશયોવાળા, જ્ઞાનાદિક ગુણોથી યુકત, અને રાગા દિકોથી વિરકત એવી અનેક પ્રકારની યોગ્યતાવાળા આચાર્યોએ જે પ્રશ્નોનું કથન કર્યું છે તેમનું (**वीरमहेसीहिं**) **वीरमहर्षिभिः**-તથા વીર ભગવાનના વચન-સિદ્ધાંતમા-શાસનમા થઈ ગયેલા મહર્ષિઓએ (**वित्थरेण**) **विस्तरेण**-વિસ્તારથી (**विविहवित्थरभासियाणं**) **विविधविस्तरभाषितानाम्**--જે પ્રશ્નોને વિવિધ વિસ્તાર પૂર્વક સમજાવ્યા છે તેમનું, તથા (**जगहियाणं**) **जगद्धितानाम्**-જગતના ઉપકારક (**अद्दागंगुट्ठबाहुअसिमणिखोमआइच्चइयाणं**) **आदर्शाङ्गुष्ठबाहसिमणिक्षौमादित्यादिकानाम्**--આદર્શ-દર્પણ, અંગુષ્ઠ. બાહુ, તલવાર, મરકત આદિ મણિ, અતસી અથવા કપાસમાંથી બનાવેલાં વસ્ત્રો, સૂર્ય, કુડય-ભિત્તિ, શંખ અને ઘંટ આદિ સાથે સંબંધિત પ્રશ્નોનું-(**विविह-महापासिण-विज्जामणपसिण-विज्जादेव य पयोगपहाण-गुणप्प-गासियाणं**) **विविधमहाप्रश्नविद्या - मनःप्रश्नविद्यादैवतप्रयोगप्रधानगुणप्रकाशितानाम्**--પૂછેલા પ્રશ્નોના ઉત્તર દેનારી જે વિદ્યા છે તેને મહાપ્રશ્નવિદ્યા કહે છે. મનમાં ઉત્પન્ન

થયેલા પ્રશ્નોના ઉત્તર દેનારી વિદ્યાને મનઃ પ્રશ્નવિદ્યા કહે છે. તે બન્ને પ્રકારની વિદ્યાઓમાં દેવો સહાયક થાય છે. ( **सब्भूयदुगुणप्पभावनरगणमइ-विम्हय-कराणं** ) **सद्भूतद्विगुणप्रभावनरगणमतिविस्मयकराणाम्**——સાધકની સાથે તે દેવતાઓને વિવિધ હેતુથી સંવાદ થાય છે. આ મુખ્ય ગુણ જે પ્રશ્નોમાં પ્રકાશિત થાય છે એવા પ્રશ્નોનું. તથા લબ્ધિ વિશેષથી પ્રાપ્ત પોતાના અતિશયોના પ્રભાવથી જે પ્રશ્નો માણસને આશ્ચર્ય ચકિત કરી નાખે છે એવા પ્રશ્નોનું-( **अइसयमईयकालसमयदमसमतित्थकरुत्तमस्स** ) **अतिशयातीतकाल-समयदमशम तीर्थकरोत्तमस्य**-તથા જે પ્રશ્નો અનંતકાળ પૂર્વે શમદમશાળી ઉત્તમ-અને અન્ય શાસ્ત્રોની અપેક્ષાએ સર્વોત્કૃષ્ટ-જિન ભગવાનની સત્તા સ્થાપવામાં કારણભૂત છે. એટલે કે જિન ભગવાન થયા ન હોય તો જે પ્રશ્નોની ઉત્પત્તિ જ શકય ન હતી, **(ठिइकरणकारणाणं) स्थिति करणकारणानाम्**-આ રીતે અન્યથાનુપપત્તિથી અતીત કાળમાં પણ જિન ભગવાનની સત્તાનું જે પ્રતિપાદન કરે છે એવા પ્રશ્નોનું, **(दुरहिगमदुरवगाहस्स) दुरधिगमदुरवगाहस्य**-તથા સૂક્ષ્મ અર્થવાળું હોવાથી મહા મુશ્કેલીથી સમજાય એવું અને **दुरवगाह**-સૂત્ર બહુલ હોવાથી ઘણીજ મુશ્કે·

લીથી અધ્યયન કરી શકાય તેવું જે પ્રવચન તત્વ છે, (सव्व–सव्वन्नुसम्मयस्स) सर्वसर्वज्ञसंमतस्य–જે સમસ્ત સર્વજ્ઞો વડે માન્ય થયેલ છે ( अबुहजणविबोहणकरस्स ) अबुधजनविबोधकरस्य–અને જે અબુધ લોકોને બોધદાતા બનેલ છે, ( पच्चक्खयपच्चयकराणं ) प्रत्यक्षकप्रत्ययकराणां–તેનો પ્રત્યક્ષ બોધ આપનારા (पण्हाणं) प्रश्नोना–પ્રશ્ન વિદ્યાઓના ( जिणवरप्पणीया ) जिनवरप्रणीताः– જે અનેક પ્રકારના ગુણ છે અને જે ગુણોને લીધે તેઓ શુભ અને અશુભનું સૂચન આદિ કરવા રૂપ ગંભીર અર્થથી ભરેલા છે (विविहगुणमहत्था) विविधगुणमहार्थाः– તે વિવિધ ગુણયુકત અર્થો જીનવર પ્રણીત છે,–કલ્પિત નથી, એવા વિવિધગુણમહાર્થનું (आघविज्जंति) आख्यायन्ते આ અંગમાં કથન થયું છે ( पण्हावागरणेसु णं) प्रश्नव्याकरणेषु खलु આ પ્રશ્નવ્યાકરણ અંગમાં (परिता वायणा) परीता. वाचनाः–સંખ્યાત વાચનાઓ છે. (संखेज्जा अणुओगदारा) संख्येयानि अनुयोगद्वाराणि–સંખ્યાત અનુયોગદ્વાર છે, (जाव संखेज्जाओ संगहणीओ) यावत् संख्येयाः संग्रहण्यः–એ પ્રમાણે સંખ્યાત સંગ્રહણીઓ છે ત્યાં સુધીના પદો ગ્રહણ થયા છે. (से णं अंगट्ठयाए दसमे अंगे) सा खलु अंगार्थतया दशमं अङ्गम्– અંગોની અપેક્ષાએ તે દશમું અંગ છે. (एगे सुयक्खंधे) एकः श्रुतस्कन्धः–તેમાં એક શ્રુતસ્કંધ છે, (पणयालीसं उद्देसणकाला) पञ्च चत्वारिंशत् उद्देशनकालाः–

પિસ્તાલીશ ઉદ્દેશનકાળ છે. અને (पणयालीसं समुद्देसणकाला) સમુદ્દેશનકાળ પણ પિસ્તાળીસ છે, (संखेज्जाणि पयसयसहस्साणि) संख्येयानि पदशतसहस्राणि–તેમાં બાણું લાખ સોળ હજાર પદ છે, (संखेज्जा अक्खरा) संख्येयानि अक्षराणि–સંખ્યાત અક્ષરો છે, (अणंतागमा) अनंता गमाः અનંતગમ છે, (जाव अणंता पज्जवा) यावत्‌अनन्ता पर्यायाः–અનંત પર્યાય વગેરે છે. (एवं चरणकरण-परूवणा आघविज्जइ) एवं चरणकरणप्ररूपणाः–आख्यायन्ते–આ પ્રકારે આ અંગમાં ચરણ અને કરણની પ્રરૂપણા કરવામાં આવી છે. (से तं पण्हावागरणाइं) तानि एतानि प्रश्नव्याकरणानि–પ્રશ્નવ્યાકરણ સૂત્રનું આવું સ્વરૂપ છે. ॥સૂ. ૧૮૨॥

**टीकार्थ––'से किं तं पण्हावागरणाइं इत्यादि ।**

ગણિપિટિક રૂપ દશમાં અંગનું સ્વરૂપ જાણવાની ઈચ્છાથી સુધર્માસ્વામી જંબૂસ્વામીને પૂછે છે કે " હે ભદન્ત ! પ્રશ્નવ્યાકરણનું સ્વરૂપ કેવું છે ? ઉત્તમ–જિજ્ઞાસાના વિષયભૂત પદાર્થો અહીં પ્રશ્ન શબ્દના વાચ્યાર્થ છે અને તેમના જવાબરૂપ શબ્દો વ્યાકરણ શબ્દના વાચ્યાર્થ છે. એ બન્નેના સંબંધથી આ અંગનું નામ પ્રશ્નવ્યાકરણ પડયું છે. અથવા પ્રશ્ન અને વ્યાકરણ, એ બન્ને જે અંગમાં છે તે અંગને પ્રશ્નવ્યાકરણ કહે છે. આ પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં ૧૦૮ પ્રશ્નો ૧૦૮ અપ્રશ્નો અને ૧૦૮ પ્રશ્નાપ્રશ્નો છે. અંગુષ્ઠ, બાહુ વગેરના પ્રશ્નભાવની સાથે સંબંધ રાખતી જે મંત્રવિદ્યાઓ છે તેમને પ્રશ્ન કહે છે. જે વિદ્યાઓ મંત્રવિધિ અનુસાર જપવામાં આવે તો વગર પૂછયે જ શુભાશુભનું કથન કરે છે, તેમને અપ્રશ્ન કહે છે. તથા વિદ્યાઓ અંગુષ્ઠ આદિના પ્રશ્નો અને અપ્રશ્નો, એ બન્નેની સાથે સંબંધિત શુભાશુભનું કથન કરે છે, તેમને પ્રશ્નાપ્રશ્ન કહે છે. એ ત્રણે પ્રકારની ૩૨૪ વિદ્યાઓ છે, અને તેમનું કથન આ અંગમાં કર્યું છે. તથા સ્તંભન, વશીકરણ, વિદ્વેષણ, ઉચ્ચાટન, આદિરૂપ વિદ્યાતિશયોનું, તથા સાધકોની નાગકુમાર, સુપર્ણકુમાર, તથા યક્ષ આદિની સાથે જે વાસ્તવિક વાતચીત થાય છે કે થઇ છે તે બધા વિષયોનું

કથન આ અંગમાં કર્યું છે. હવે સૂત્રકાર એ જ વિષયનું સ્પષ્ટીકરણ કરે છે–સ્વ-સિદ્ધાંત અને પરસિદ્ધાંતના પ્રજ્ઞાપક જે પ્રત્યેક બુદ્ધ છે, તે પ્રત્યેકબુદ્ધોએ વિવિધ અર્થવાળી ભાષાઓ દ્વારા જે પ્રશ્નોનું પ્રતિપાદન કર્યું છે તે પ્રશ્નોના, તથા આમર્શ ઔષધી આદિ લબ્ધિરૂપ અતિશયોવાળા. જ્ઞાનાદિક ગુણોવાળા, અને રાગાદિકના ઉપ-શમવાળા. અને એ પ્રકારની અનેક યોગ્યતાવાળા આચાર્યોએ જે પ્રશ્નોનું કથન કર્યું છે તે પ્રશ્નોના, તથા વીરભગવાનનાં-વચન–સિદ્ધાંતને માનનારા મહર્ષિઓએ જે વિસ્તારથી કથન કર્યું છે તે પ્રશ્નોના. તથા જગતના ઉપકારક આદર્શ–દર્પણ, અંગુષ્ઠ. બાહુ, અસિ–તલવાર, મરકત આદિ મણિ, અતસી અથવા કપાસમાંથી બનાવેલાં વસ્ત્રો, આદિત્ય-સૂર્ય, કુડય-ભિત્તિ, શંખ અને ઘંટ આદિ સાથે સંબંધ રાખતા પ્રશ્નો, તથા પૂછાયેલા પ્રશ્નોના જવાબ દેવાની જે વિદ્યાઓ છે તેમને મહાપ્રશ્ન વિદ્યાઓ કહે છે. મનમાં ઉદ્ભવેલા પ્રશ્નોના જવાબ દેનારી વિદ્યાઓને મનઃ પ્રશ્નવિદ્યાઓ કહે છે. એ બન્ને પ્રકારની વિદ્યાઓમાં દેવતાઓ સહાયક થાય છે. સાધક (વિદ્યા-ધારક) ની સાથે વિવિધ અર્થ–પ્રયોજનની દૃષ્ટિએ પરસ્પરમાં સંવાદ થાય છે. આ મુખ્ય ગુણ જે પ્રશ્નોમાં પ્રગટ થાય છે એવા પ્રશ્નોના, તથા વિશિષ્ટ લબ્ધિથી ઉત્પન્ન થયેલ અતિશય પ્રભાવથી જે પ્રશ્નો મનુષ્યોને આશ્ચર્ય ચકિત કરી નાખે છે એવા પ્રશ્નોના, તથા જે પ્રશ્નો અનંતપૂર્વ કાલવર્તી સમયમા શમદમશાળી, ઉત્તમ-અન્ય શાસ્ત્રોની અપેક્ષાએ–સર્વોત્કૃષ્ટ–જિનેશ્વર ભગવાનની સત્તા સ્થાપવામાં કારણભૂત છે-એટલે કે જિનેશ્વર ભગવાન થયા ન હોત તો જે પ્રશ્નોની ઉત્પત્તિ જ સંભવિત ન હતી. આ રીતે અન્યથાનુપપત્તિથી અતીતકાળમા જે પ્રશ્નો ભગવાનની સત્તાનું પ્રતિપાદન કરે છે એવા પ્રશ્નોનાં. તથા દુરધિગમ-સૂક્ષ્મ અર્થવાળું હોવાથી ઘણી મુશ્કેલીથી સમજી શકાય તેવું અને દુરવગાહ–સૂત્રબહુલ હોવાથી અતિશય મુશ્કેલીથી જેનું અધ્યયન કરી શકાય છે એવું, સમસ્ત સર્વજ્ઞો દ્વારા માન્ય અને અબુધ લોકોને બોધ દાતા જે પ્રવચન તત્વ છે તેના પ્રત્યક્ષ પ્રબોધક એવા પ્રશ્નોના–પ્રશ્નવિદ્યા-ઓના જે અનેક પ્રકારના ગુણ છે અને જે ગુણોને લીધે તેઓ શુભ અને અશુભ

સૂચન આદિ કરવારૂપ ગંભીર અર્થથી ભરપૂર છે અને જે વિવિધગુણ મહાર્થ જિનવર પ્રણીત છે–કલ્પિત નથી. એવા વિવિધ ગુણમહાર્થનું આ અંગમાં કથન થયું છે. આ પ્રશ્નવ્યાકરણ અંગમાં સંખ્યાત વાચનાઓ છે, સંખ્યાત અનુયોગ દ્વાર છે, એ રીતે 'સંખ્યાત સંગ્રહણીઓ છે' ત્યાં સુધીના પદો ગ્રહણ થયાં છે. અંગોની અપેક્ષાએ તે દસમું અંગ છે. તેમાં એક શ્રુતસ્કંધ છે, મહાપ્રશ્નવિદ્યા અને મનઃપ્રશ્નવિદ્યા આદિનું પ્રતિપાદન કરનાર પ્રશ્નોનું વિવેચન કરવાના હેતુથી તેમાં પિસ્તાળીસ ઉદ્દેશનકાળ છે, અને સમુદ્દેશનકાળ પણ પિસ્તાળીસ છે. હાલમાં દસ અધ્યયન ઉપલબ્ધ હોવાથી દસ જ ઉદ્દેશનકાળ ઉપલબ્ધ છે, બાકીના છિન્નભિન્ન થઈ ગયાં છે, તેમાં સખ્યાત હજાર–એટલે કે અનુત્તરોપપાતિક સૂત્ર કરતાં બમણાં–૯૨૧૬૦૦૦ બાણુલાખ સોલહજાર પદો છે. તેમાં સંખ્યાત અક્ષર, અનંતગમ, અનંત પર્યાય આદિ છે. એ અનુકત પદો અને તેમના અર્થ આચારંગિનું સ્વરૂપ નિરૂપણ કરતી વખતે આપી દીધાં છે આ રીતે આ અંગમાં ચરણ અને કરણની પ્રરૂપણા થઈ છે. પ્રશ્નવ્યાકરણનું આવું સ્વરૂપ છે. ।।સૂ. ૧૮૨।।

## ગ્યારહવે અંગ વિપાકશ્રુત કા નિરૂપણ

હવે સૂત્રકાર વિપકશ્રુત નામના અગિયારમા અંગનું સ્વરૂપ દર્શાવે છે—

ટીકાર્થ—(**से किं तं विवागसुयं**) **अथ किं तत् विपाकश्रुतम् ?**–વિપાકશ્રુતનું કેવું સ્વરૂપ છે? (**विवागसुएणं**) **विपाकश्रुते खलु**–આ વિપાકશ્રુતમાં (**सुकडदुक्कडाणं कम्माणं**)**सुकृतदुष्कृतानाम् कर्मणां**-સુકૃત–પુણ્યરૂપ, અને દુષ્કૃત–પાપરૂપ કર્મોના (**फलविवागे**)**फलविपाकः**–વિપાકરૂપ ફળ(**आघविज्जइ**)**आख्यायन्ते**–કહેવામાં આવેલ છે, (**से समासओ दुविहे पण्णत्ते**) **स समासतः द्विविधः प्रज्ञप्तः**–તે વિપાકરૂપ ફળ સંક્ષિપ્તમાં બે પ્રકારનું બતાવ્યું છે. (**दुहविवागे चेव**

सुहविवागे चेव ) दुःखविपाकश्चैवसुखविपाक श्चैव--(૧) દુખવિપાક અને (૨) સુખવિપાક (तत्थ णं) तत्र खलु-તેમાં (दसदुहविवागाणि) दशदुःखविपाकाः-દુઃખવિપાકનાં દસ અધ્યયન છે અને (दस सुहविवागाणि) दश सुखविपाकाः-દસ અધ્યયન સુખવિપાકનાં છે. (से किं तं दुहविवागाणि) अथ के ते दुःखविपाकाः ? હે ભદન્ત ! તે દુઃખવિપાકનું સ્વરૂપ કેવું છે ? ઉત્તર–(दुहविवागेसु णं) दुःखविपाकेषु खलु-દુઃખવિપાકમ (दुहविवागाणं णगराइं) दुःखविपाकानाम् नगराणि-દુઃખવિપાક ભોગવનારાઓના નગરોનું (चेइयाइं) चैत्यानि-વ્યન્તરાયતનોનું, (वणसंडाइं) वनषण्डाः—વનખંડોનું, (रायाणो) राजानः-રાજાઓનું, (अम्मापियरो) अम्बापितरः-માતાપિતાઓનું, (समोसरणाइं) समवसरणानि-સમવસરણોનું, (धम्मायरिया) धर्माचार्याः-ધર્માચાર્યોનું, (धम्मकहाओ) धर्मकथाः-ધર્મકથાઓનું, (नगरगमणाइं) नगरगमनानि-ગૌતમસ્વામીનું ભિક્ષાને માટે નગરમાં ગમનનું, (संसारपबंधे) संसारप्रबन्धः-સંસારના વિસ્તારનું, (दुहपरंपराओ य) दुःखपरम्पराश्च-અને દુઃખોની પરંપરાઓ અથવા (संसारपबंधे दुहपरंपराओ य) संसारप्रबन्धे दुःखपरंपराश्च-ભવોપગ્રાહી કર્મોનો બંધ બંધતા ભોગવવાની દુઃખપરંપરાઓનું (आघविज्जंति) आख्यायन्ते-કથન કરાયું છે. (से तं दुहविवागाणि) ते एते दुःखविपाकाः-દુઃખવિપાકનું

એ પ્રમાણેનું સ્વરૂપ છે. (से किं तं सुहविवागाइं) अथ के ते सुखविपाकाः- સુખવિપાકનું કેવું સ્વરૂપ છે? ઉત્તર-(सुहविवागेसु णं) सुखविपाकेषु खलु- સુખ વિપાકમાં-એટલે કે સુખવિપાકનાં અધ્યયનોમાં (सुहविवागाणं नगराइ) सुखविपाकानां नगराणि-સુખવિપાક (સુખફળ) ભોગવનારાઓનાં નગરોનું, (उज्झाणाइं) उद्यानानि-ઉદ્યાનોનું, (चेइयाइं) चैत्यानि-ચૈત્યોનું, (वणसंडाइं) वनषण्डाः-વનખંડોનું, (रायाणो) राजानः-રાજાઓનું, (अम्मापियरो) अम्बा-पितरः-માતાપિતાનું, (समोसरणाइं) समवसरणानि-સમવસરણનું, (धम्मायरिया) धर्माचार्याः-ધર્માચાર્યોનું, (धम्मकहाओ) धर्मकथाः-ધર્મકથાઓનું, (इहलोइ-यपरलोइयइड्ढिविसेसा) ऐहलौकिकपारलौकिकऋद्धिसिशेषाः-આલોક અને પરલોકની વિશિષ્ટ ઋદ્ધિયોનું, (भोगपरिच्चाया) भोगपरित्यागाः-ભોગોના પરિ-ત્યાગનું, (पव्वज्जाओ) प्रव्रज्याः-પ્રવજ્યાઓ (દીક્ષાઓ) નું, (सुयपरिग्गहा) श्रुतपरिग्रहाः-શ્રુતાધ્યયનનું, (तवोवहाणाइं) तपोपधानानि-વિશિષ્ટ તપસ્યાઓનું, (परियाया) पर्यायाः-પર્યાયોનું, (पडिमाओ) प्रतिमाः-પ્રતિમાઓનું, (संलेहणाओ) संलेखनाः-સંલેખનાનું, (भत्तपच्चक्खाणाइं) भक्तप्रत्याख्यानानि-ભક્તપ્રત્યા-ખ્યાનોનું, (पाओवगमणाइं) पादपोपगमनानि-પાદપોપગમન સંથારાનું, (देवलो-गगमणाइं) देवलोकगमनानि-દેવલોકમાં ઉત્પત્તિનું, (सुकुलपच्चायाया) सुकुल-

**प्रत्यायातानि**–દેવલોકમાંથી ચ્યવીને સારા કુળમાં જન્મપ્રાપ્તિનું, **(पुनबोहिलाभा) पुनर्बोधिलाभः**–ફરીથી બોધિની (જિનશાસનની) પ્રાપ્તિનું, અને **(अंतकिरियाओ) अन्तक्रियाः**–અન્તક્રિયાનું–મોક્ષપ્રાપ્તિનું **(आघविज्जति) आख्यायन्ते**–વર્ણન કર્યું છે હવે સૂત્રકાર એ જ વાતને વિસ્તારથી સમજાવે છે–**(दुहविवागेसु णं) दुःखविपाकेषु खलु**-દુઃખવિપાકનાં અધ્યયનોમાં **(पाणाइवाय)प्राणातिपात**–પ્રાણિહિંસા, **(अलियवरण) अलीकवचन**–અસત્ય ભાષણ, **(चोरिक्करण) चौरिक्यकरण**––ચોરી કરવાની ક્રિયા, **(परदारमेहुण) परदारमैथुन**––અને પરસ્ત્રીસેવન,**(ससंगयाए) ससंगतया**–આ પાપકર્મોમાં આસકિત રાખવાથી **(महतिव्वकसायइंदियप्पमाय पावप्पओ य) महातीव्रकषायेन्द्रियप्रमादपापप्रयोगाश्च**––તથા મહાતીવ્ર કષાયોથી ઇંન્દ્રિયોના વિષયોમાં આસકિતથી, પ્રાણાતિપાત આદિમાં મન, વચન અને કાયાને લગાડવાથી, **(असुहज्झवसाणसंचियाणं) अशुभाध्यवसानैः संचितानां**–અશુભ પરિણામોથી ઉપાર્જિત **(पावाणं कम्माणं) पापकानां कर्मणां**–પાપકર્મોનો **(पावअणुभागफलविवाग) पापानुभागफलविपाकाः**––પાપ નુભાગ ફળવિપાક જે અશુભ રસવાળો ફળોદય થાય છે તેનું આ અંગમાં વર્ણન કર્યું છે. તથા ( **निरयगइ–तिरिक्खजोणि–बहुविहवसणसयपरंपरापवद्धाणं** ) **निरयगति**

**तिर्यग्योनिबहुविधव्यसनशतपरम्पराप्रबद्धानाम्**— નરકગતિ અને તિર્યંચ-યોનિમાં અનેક પ્રકારના દુ:ખોની સેંકડો પરંપરાથી જકડાયેલ જીવોને (**मणुयत्ते वि आगयाणं जहा पावकम्मसेसेण पावगा होंति फलविवागा**) **मनुजत्वेऽपि आगतानां यथा पापकर्मशेषेण पापकाः भवन्ति फलविपाकाः**–મનુષ્યભવમાં આવવા છતાં પણ બાકી રહેલાં પાપકર્મોના ઉદયથી કેવાં કેવાં અશુભ રસવાળાં કર્મોનો ઉદય થાય છે તે વિષયનું આ સૂત્રમાં વર્ણન કર્યું છે. હવે સૂત્રકાર પાપ-કર્મોના ફળરૂપ વિપાક કયા કયા પ્રકારે થાય છે એ વાતને '**वहवसण**' ઈત્યાદિ પદો દ્વારા સમજાવે છે–(**वहवसण–विणास-नासाकन्नुट्ठंगुट्ठकरचरणनहच्छेयण जिब्भच्छेयण–अंजणकडग्गिदाह–गयचलणमलण–उल्लंबण–सूललया लउलट्ठि भंजण–तउसीसगतत्ततेलकलकल— अहिसिंचणकुंभिपागकंपणथिर—बंधणवेह वज्झकत्तणपइभयकरपलीवणाइदारुणाणि**) **वधवृषणविनाशनासाकर्णौष्ठाङ्गुष्ठ करचरणनखच्छेदनजिह्वाच्छेदनांजनकटाग्निदाह–गजचलनमलनफालनोल्लम्बनं शूललतालकुटयष्टिभञ्जनत्रपुसीकतप्ततैलकलकलाभिषिञ्चन–-कुंभिपागकम्पन स्थिरबन्धनवेधवध्यकर्तन प्रतिभयकरकरप्रदीपनदारुणानि**—-(**वह**) **वधः** તલવાર આદિ વડે છેદન, (**वसणविणास**) **वृषणविनाशः**–અંડકોશોનો વિનાશ

(नासाकन्नुट्ठंगुट्ठकरचरणनहच्छेयण) नासा कर्णौष्ठाङ्गुष्ठकरचरणनखच्छेदनम्- નાક, કાન, હોઠ, આંગળીઓ, હાથ, પગ અને નખોનું છેદન, તથા (जिब्भच्छेयण) जिह्वाच्छेदनम्-જીભનું છેદન, (अंजण) अञ्जनं-તપાવેલાં લોઢાના સળિયાઓ દ્વારા આંખો ફોડવાનું, (कडग्गिदाह) कटाग्निदाह-વાંસ આદિનાં લાકડાં ખડકીને અન્ય હત્યારાઓ દ્વારા જીવતા બાળી નાખવાનું, (गयचलणमलण) गजचलनमलनम्- હાથીના પગતળે ચગદીને શરીરનાં અંગઉપાંગોના ચૂરેચૂરા કરી નાખવાનું (फालण) फालनं-શરીરને ફાડી-ચીરી નાખવાનું, (उल्लंबण) उल्लम्बनं-વૃક્ષની શાખાઓ પર બાંધીને ઊંધે માથે લટકાવવાનું, (सूल) शूलः-શૂળ (ત્રશૂળ) થી (लया) लताः-લતાથી-ચાબુકથી, (लउड) लकुटाः-વાંસ આદિની નાની નાની લાકડીઓથી, (लट्ठि) यष्टिः-મોટા અને ઘણા મજબૂત દંડાઓ વડે બુરી રીતે ફટકારવાનું, (भंजण) भञ्जनम्-લાઠીથી શિર ફોડી નાખવાનું, (तउसीसगतत्ततेल कलकलअहिसिंचण ) त्रपुसीसकतप्ततैलकलकलाभिसिञ्चनम्--ઓગાળેલા ગરમ તાંબા અને સીસાનો રસ અને ગરમાગરમ તેલનો શરીર પર છંટકાવ કરવાનું, (कुंभिपाग) कुंभिपाक-કુંભીમાં રંધાવાનું, (कंपण) कम्पन-ઠંડીના વખતે શરીર

પર બરફ જેવા ઠંડા પાણીનું સિંચન કરીને શરીરમાં ધ્રુજારી ઉત્પન્ન કરાવવાનું, (थिरबंधण) स्थिर बंधन–દોરડાં અથવા સાંકળો વડે શરીરને દઢ રીતે જકડી દેવાનું, (वे ) वेध–ભાલા આદિ અણીદાર શસ્ત્રોથી શરીરને વીંધવાનું, (वज्झकत्तण) वध्यकर्तन–પાપીના શરીર પરની ચામડી ઉતારવાનું, (पइभयकरकरपल्लीव ।इ) प्रतिभयकरकरप्रदीपनं––બીજાને ભય પમાડવાને માટે પાપી લોકોના હાથને વસ્ત્રોથી લપેટીને તેના પર તેલનું સિંચન કરીને તેને સળગાવવાનું, (दारुणाणि) दारुणानि–ઇત્યાદિ પ્રકારનાં અસહ્ય અને (अणोवमाणि दुक्खाणि) अनुपमानि दुःखानि–અનુપમ દારૂણ દુઃખોનું વર્ણન આ સૂત્રમાં કર્યું છે. (बहुविविह परंपराणुबद्धा ) बहुविविधपरंपरानुबद्धाः ઘણા પ્રકારના દુઃખપરંપરાથી અનુબદ્ધ (पापकम्मवल्लीए न मुच्चंति) पापकर्मवल्याः न मुच्यन्ते–પાપી જીવો જ્યાં સુધી અશુભકર્મોનું પૂરેપૂરૂં ફળ ભોગવી લેતાં નથી ત્યાં સુધી તેમાંથી છૂટી શકતાં નથી, તેઓ કેવી રીતે તેમાંથી છૂટી શકે છે તે સૂત્રકાર હવે બતાવે છે-(धिइध- णियबद्धकच्छेण तवेण) धृत्यतिबद्धकच्छेन–અહિંસક ચિત્તવૃત્તિરૂપ ધૈર્યથી જેઓ કટિબદ્ધ થયા છે તેવાં જીવો તપસ્યા દ્વારા (सोहणं तस्स वावि हुज्जा) शोधनं तस्य वापि भवन्ति–નિકાચિત કર્મ સિવાયના પાપકર્મનું પણ શોધન કરી શકે

છે હવે સૂત્રકાર પુણ્યપ્રકૃતિયોનો જે સુખરૂપ વિપાક (ફળ) પ્રાપ્ત થાય છે તે પ્રગટ કરે છે-(एत्तो य) **इतश्च**–દુઃખવિપાકના અધ્યયનો પછીના(**सुहविवागेसु णं**) **सुखविपाकेषु खलु**–સુખવિપાક નામના બીજા શ્રુતસ્કંધમાં (**सीलसंजमणियमगुणतवोवहाणेसु**) **शीलसंयमनियमगुणतपोपधानेषु**–શીલ--ચિત્તસમાધિ અથવા બ્રહ્મચર્ય, **संयम**–સાવદ્ય-વિરતિરૂપ સત્તર પ્રકારના સંયમ, અભિગ્રહવિશેષ-રૂપ નિયમ, **गुण**–મૂળગુણ અને ઉત્તરગુણ અને ઉગ્ર તપસ્યાનું આરાધન, એ ગુણોથી યુકત (**सुविहिएसु साहूसु**) **सुविहितेषु साधुषु**–તપ, સંયમના આરાધક મુનિયોને (**अणुकंपासयप्पओगतिकालमइविसुद्धभत्तपाणाइं**) **अनुकम्पाशयप्रयोगत्रिकालमतिविशुद्धभक्तपानानि**--દયાયુકત ચિત્તના પ્રયોગથી તથા ત્રિકાળમતિથી એટલે કે ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળમાં સુપાત્ર આદિને દાન દેવાની ઈચ્છાથી વિશુદ્ધ આહારપાણી કે જે (**पाओगसुद्धाइं**) પ્રયોગથી શુદ્ધ-નિર્દોષ છે, (**हियसुहनीसेसतिव्वपरिणामनिच्छियमई**) **हितसुखनिःश्रेयस तीव्रपरिणामनिश्चितमतयः**–અને જે હિત, સુખ અને નિશ્રેયસના પ્રકૃષ્ટ પરિણા-મવાળી નિશ્ચિત મતિથી યુકત ભવ્યજનો, (**पययमनसा**) **प्रयतमनसा**–ત્રિકાલિક-વિશુદ્ધ ભાવયુકત મનથી (**पयच्छिऊणं**) **प्रदाय**–આપીને (**जहय**) **यथा** જે રીતે

(**निवत्तेंति बोहिलाहं**) **बोधिलाभं निर्वर्त्तयन्ति**–બોધિલાભને પ્રાપ્ત કરે છે, તે વિષયનું કથન કરાયું છે. (**जह य**) **यथा च**–અને તેઓ કેવી રીતે (**परित्ती-करेंति**) **परीतकुर्वन्ति**–સંસારને અલ્પ કરે છે–એટલે કે કેવી રીતે આ સંસાર સાગરને જલદી પાર કરે છે–તેનું વર્ણન કર્યું છે. (**संसारसागरमिणं**) **संसार-सागरमिमं**–આ સંસાર કેવો છે? (**नरनरयतिरियसुरगमणविउलपरियट्ट अरइभयविसायसोगमिच्छित्तसेलसंकडं**) **नरनरकतिर्यक् सुरगमनविपुल-परिवर्तारतिभयविषादशोकमिथ्यात्वशैलसंकटं**––નર, નરક, તિર્યંચ અને દેવગતિમાં જીવોનું જે પરિભ્રમણ થયા કરે છે એ જ આ સંસારરૂપ સાગરમાં વિશાળ જળજન્તુઓનું પરિભ્રમણ છે. સમુદ્રમાં મોટા મોટા પર્વતો પાણીની સપાટી નીચે ડૂબેલા હોય છે, તેમને લીધે તે ઘણો વિકટ બનાવ છે. એ જ પ્રમાણે સંસારમાં અરતિ, ભય, વિષાદ, શોક અને મિથ્યાત્વ ભરેલા છે, તેથી તેઓ જ પર્વત જેવાં હોવાથી આ સંસાર પણ વિકટ બનેલો છે. (**अन्नाणतमंधयारं**) **अज्ञानतमोन्धकारं**–જેવી રીતે સમુદ્ર ગાઢ અંધકારથી છવાયેલો રહે છે, એ જ પ્રમાણે આ સંસાર પણ અજ્ઞાનરૂપ ગાઢ અંધકારથી છવાયેલો છે. (**चिक्खिल्लसु-दुत्तारं**) **कर्दमसुदुस्तारं**–કર્દમને કારણે સમુદ્ર દુસ્તર હોય છે. એ જ પ્રમાણે આ સંસાર પણ વિષયની, ધનની અને સ્વજનોની આશાતૃષ્ણારૂપી કર્દમથી દુસ્તર

બનેલો છે. (जरामरणजोणि संखुभियचक्कवालं) जरामरणयोनिसंक्षुभितचक्रवालं- જરા, મરણ અને ૮૪ ચોર્યાસી લાખ યોનિયો જ આ સંસાર સાગરમાં ચંચળ આવર્ત્ત (વમળો) છે. (सोलसक्कसायसावयपयंडचंडं) षोडशकषायश्वापदप्रकाण्डचण्डम्-ક્રોધ, માન આદિ સોળ કષાયો જ આ સંસાર સાગરમાં અતિશય ભયંકર મગર ગ્રાહ આદિ સમાન છે. (अणाइयं) अनादिकं--આદિ રહિત (अणवदग्गं) अनवदग्रं-અને અનંત એવા સંસારસાગરને અલ્પ કરનારા ભવ્યજીવોનું વર્ણન આ અંગમાં છે. (जह य सुरगणेसु आउगंणिबंधत्ति) यथा च सुरगणेषु आयुष्कं निबध्नाति-તેઓ કેવી રીતે દેવયોનિમાં વૈમાનિક દેવોના આયુષ્યનો બંધ બાંધે છે, અને (जह य) यथा च-કેવી રીતે (अणोवमाइं) अनुपमानि-ઉત્કૃષ્ટ (सुरगणविमाणसोक्खाणि अणुभवंति) सुरगणविमानसौख्यानि अनुभवंति- સુરગણ વિમાનોનું સુખ ભોગવે છે, અને (तओ य) ततश्च-ત્યાંથી સુરગણ વિમાનોનું સુખ ભોગવ્યા પછી (इहेव) આ તિર્યગ્ લોકમાં જે રીતે (नरलोगजागयाणं) नरलोकमागतानां-મનુષ્યભવમાં જન્મ લઇને જે રીતે (आउवपुवण्णरूवमाइकुलजम्मआरोग्गाबुद्धिमेहाविसेसा) आयुर्वपुर्वर्णरूपजातिकुलजन्मारोग्यबुद्धिमेधाविशेषाः-આયુષ્ય, શરીર, વર્ણ, શારીરિક સૌંદર્ય, ઉત્તમ જાતિ, ઉત્તમકુળ ઉત્તમજન્મ, આરોગ્ય, ઔત્પત્તિકી આદિ બુદ્ધિ, અપૂર્વશ્રુતગ્રહણ કરવાની શકિતરૂપ

મેધા, એ બધી બાબતમાં અન્ય લોકો કરતાં વિશિષ્ટતા પ્રાપ્ત કરે છે, એ બધી વાતનું આ અંગમાં કથન થયું છે. ( **मित्तजणसयणधणधण्णविभवसमिद्धिसार समुदयविसेसा** ) **मित्रजनस्वजनधनधान्यविभवसमृद्धिसारसमुदयविशेषाः**–તથા તેમના મિત્રો, પિતા, કાકા આદિ સ્વજન, ધનધાન્યરૂપ વૈભવ, અન્તઃપુર કોશ, કોષ્ઠાગાર બલ–સૈન્ય, વાહન આદિ પ્રકારની સમૃદ્ધિ એ બધુ વિશિષ્ટ પ્રકારનું હોય છે. તેમની પાસે વિવિધ મણિ, રત્ન આદિના ઢગલે ઢગલા હોય છે. (**बहुविह कामभोगब्भवाण–बहुविधकामभोगोद्भवानां**–તથા અનેક પ્રકારના કામભોગોથી પ્રાપ્ત થતા વિશિષ્ટ પ્રકારનાં (**सोक्खाणं**) **सौख्यानाम्**–સુખો તેમને પ્રાપ્ત થયા કરે છે. (**सुहविवागोत्तमेसु**) **सुखविपाकोत्तमेषु**–ઉત્કૃષ્ટ સુખવિપાક દર્શાવનાર અધ્યયનોમાં આ સમસ્ત વિષય સ્પષ્ટ કરાયેલ છે. (**भगवया**) ભગવાન(**जिणेणं**) **जिनेन**–જિનેન્દ્ર પ્રભુએ (**भासिया**) **भाषिता**–આ વિપાક કહેલ છે,(**अणुवरयपरंपराणुबद्धा**) **अनुपरतपरम्परानुबद्धाः**–અવિચ્છિન્ન (અખંડ) પરંપરાથી અનુબદ્ધ થયેલ (**असुभाणं सुभाणं चेव–(कम्माणं) अशुभानां शुभानां चैव कर्मणाम्**–અશુભ અને શુભ કર્મોના (**बहुविहाविवागा**) **बहुविधाः विपाकाः**–વિવિધ પ્રકારના વિપાક–શુભાશુભ કર્મનાં ફળ કે જે (**संवेगकारणत्था**) **संवेकारणार्थाः**–સંવેગના કારણરૂપ છે તેમનું (**विवागसुयंमि**) **विपाकश्रुते**–આ વિપાકશ્રુતમાં

आघविज्जंति) आख्यायन्ते–કથન કર્યું છે. પહેલા શ્રુતસ્કંધમાં અશુભકર્મોનો અને બીજા શ્રુતસ્કંધમાં શુભ કર્મોનો વિપાક સૂત્રકારે બતાવ્યો છે. (अन्ने वि एवमाइया बहुविहावित्थरेणं अत्थपरूवणा आघविज्जंति) अन्येऽपि एवमादिकाबहुविधा विस्तरेण अर्थप्ररूपणा आख्यायन्ते–આ પ્રકારના બીજા પણ અનેક વિવિધ પ્રકારના વિષયોનું આ વિપાકસૂત્રમાં વિસ્તારપૂર્વક કથન કર્યું છે. (विवागसुयस्स णं परित्ता वायणा) विपाकश्रुतस्य खलु परीताः वाचनाः–આ વિપાકશ્રુતની સંખ્યાત વાચનાઓ છે, (संखेज्जा अणुओगदारा) संख्येयानि अनुयोगद्वाराणि–સંખ્યાત અનુયોગદ્વાર છે, (जाव संखेज्जाओ संगहणीओ) यावत् संख्येयाः संग्रहण्यः–એ રીતે 'સંખ્યાત સંગ્રહણીઓ છે' ત્યાં સુધીના પદો સમજી લેવા. (से णं अंगट्ठयाए एकारसमे अंगे) स खलु अङ्गार्थतया एकादशमङ्गम्–અંગોની અપેક્ષાએ તે અગિયારમું અંગ છે. (वीसं अज्झयणा) विंशतिरध्ययनानि–તેમાં વીસ અધ્યયનો છે, (वीसं उद्देसणकाला) विंशतिरुद्देशनकालाः–વીસ ઉદ્દેશનકાળ છે, અને (वीसं समुद्देसणकाला) વીસ સમુદ્દેશનકાળ છે (संखेज्जाइं पयसयसहस्साइं पयग्गेणं पण्णत्ताइ) संख्येयानि पदशतसहस्राणि पदाग्रेण प्रज्ञप्तानि–તેમાં સંખ્યાત હજાર–એક કરોડ ચોર્યાસી લાખ બત્રીસ હજાર

પદ છે, તથા (संखेज्जाइं अक्खराइं) संख्येयानि अक्षराणि-સંખ્યાત અક્ષરો છે, (अणंता गमा) अनन्ता गमाः-અનંત ગમ છે, (अणंता पज्जवा जाव) अनन्ता पर्यवा यावत्-અનંત પર્યાયો વગેરે છે (एवं चरणकरणपरूवणा आघविज्जइ)एवं चरणकरणप्ररूपणा: आख्यायते-એ રીતે આ અંગમાં ચરણ અને કરણની પ્રરૂપણા થઈ છે (से त्तं विवागसुए)तदेतत् विपाकश्रुतम्-એ જ વિપાકશ્રુતનું સ્વરૂપ છે ।।સૂ.૧૮૩।।

ટીકાર્થ—"से किं तं विवागसुयं ?" इत्यादि ।

અગિયારમાં અંગનું સ્વરૂપ જાણવાની ઇચ્છાથી શિષ્ય પૂછે છે, "હે ભદન્ત! વિપાકશ્રુતનું કેવું સ્વરૂપ છે? ઉત્તર-શુભ અને અશુભકર્મોનો જે વિપાક (ફળ) હોય છે તેનું નામ 'વિપાક' છે. તે વિપાકનું આ અંગમાં પ્રતિપાદન થયું છે તેથી તેનું નામ 'વિપાકશ્રુત' પડયું છે. આ વિપાકસૂત્રમાં શુભ-પુણ્યરૂપ અને અશુભ-પાપરૂપ કર્મોના વિપાકરૂપ ફળ દર્શાવેલ છે. તે વિપાકરૂપ ફળના મુખ્ય બે પ્રકાર છે-(૧) દુઃખવિપાક અને (૨) સુખવિપાક તેમાં દુઃખવિપાકનું પ્રતિપાદન કરનારા દસ અધ્યયનો છે અને સુખવિપાકનું પ્રતિપાદન કરનારા પણ દસ અધ્યયનો છે. હવે દુઃખવિપાકનું સ્વરૂપ જાણવાને માટે શિષ્ય પૂછે છે "હે ભદન્ત! તે દુઃખવિપાકનું સ્વરૂપ કેવું છે?" ઉત્તર-દુઃખવિપાકવાળાં અધ્યયનોમાં દુઃખવિપાક ભોગવનારાઓનાં નગરોનું, ઉદ્યાનોનું, ચૈત્યોનું, વનખંડોનું, રાજાઓનું, માતાપિતાનું, સમવસરણોનું, ધર્માચાર્યોનું, ધર્મકથાઓનું, ભગવાન ગૌતમનું ગોચરીને માટે નગરમાં પ્રવેશ કરવાનું, અને સંસાર પ્રબંધનું એટલે કે સંસારના પ્રકૃષ્ટ બંધમાં ભોગવવી પડતી દુઃખપરંપરાઓનું વર્ણન કર્યું છે. સુખવિપાકનું કેવું સ્વરૂપ છે? ઉત્તર-સુખવિપાકવાળાં અધ્યયનોમાં સુખવિપાક ભોગવનારાં નગરોનું, ઉદ્યાનોનું, ચૈત્યોનું, વનખંડોનું, રાજાઓનું, માતાપિતાનું, સમવસરણોનું, ધર્માચાર્યોનું, ધર્મકથાઓનું, આલોક અને પરલોકની વિશિષ્ટઋદ્ધિયોનું, ભોગપરિત્યાગનું, દીક્ષાનું, શ્રુતાધ્યયનનું, વિશિષ્ટ તપસ્યાઓનું, પર્યાયોનું, પ્રતિમાઓનું, સંલ્લેખનાનું. ભકતપ્રત્યાખ્યાનનું, પાદપોપગમનસંથારાનું, દેવલોકમાં ઉત્પત્તિનું, ત્યાંથી ચ્યવીને ઉત્તમ કુળમાં જન્મ લેવાનું, ફરીથી બોધિલાભનું અને અન્તક્રિયાનું-મોક્ષ પ્રાપ્તિનું વર્ણન કર્યું છે. હવે સૂત્રકાર એ જ વાતને વિસ્તારપૂર્વક સમજાવે છે-દુઃખવિપાકમાં એ વાત બતાવવામાં આવી છે કે પ્રાણાતિપાત-પ્રાણહિંસા, અસત્ય વચન, ચોરી, પરસ્ત્રીગમન,

વગેરે પાપકર્મોમાં આસકત થવાથી, તથા લાંબા કાળ સુધી આત્મામાં રહેલા અતિશય તીવ્ર ક્રોધ, માન, માયા. લોભ, આદિ કષાયોથી તથા ઈન્દ્રિયોની પ્રમત્ત દશાથી વિષયવિલાસમાં લીન રહેવાથી, તથા પ્રાણાતિપાત આદિ પાપોમાં મન, વચન, અને કાયાની પ્રવૃત્તિથી, અશુભ આત્મપરિણામથી ઉપાર્જિત પાપકર્મોનો પાપાનુભાગ ફલવિપાક—ફલોદય અશુભ રસવાળો હોય છે. તથા નરકગતિ અને તિર્યંચગતિમાં અનેક પ્રકારના દુઃખોની પરંપરાથી જકડાયેલા જીવોને મનુષ્યભવ મળ્યા પછી પણ બાકીનાં પાપકર્મોના ઉદયથી કેવો કેવો અશુભરસવાળો કર્મોદય થાય છે તે બતાવ્યું છે. હવે સૂત્રકાર પાપકર્મોના ફલરૂપ વિપાક કેવો હોય છે તે વાત **"वहवसण"** આદિ પદો દ્વારા બતાવે છે-ખડગ આદિ દ્વારા છેદન, અંડકોશોનો વિનાશ, નાક, કાન, હોઠ, આંગળાં, હાથ, પગ અને નખનું છેદન, જિભ કાપી નાખવાનું, તપાવેલા સળિયા દ્વારા આંખ ફોડવાનું, વાંસ આદિનાં લાકડાથી ઢાંકી દઇને અન્ય હત્યારાઓ દ્વારા જીવતા સળગાવી નાંખવાનું, હાથીના પગ તળે કચરીને અંગ ઉપાંગના ચૂરેચૂરે કરાવવાનું, શરીરને વિદારવાનું, વૃક્ષોની શાખાઓ પર લટકાવવાનું શૂલ-એક પ્રકારના શસ્ત્ર-થી તથા લતા-ચાબુક-થી, વાંસ આદિની પાતળી સોટીઓ દ્વારા તથા ઘણા મજબૂત દંડાઓ દ્વારા બૂરી રીતે માર ખાવાનું, ઓગાળેલા તાંબા અને સીસાનો રસ તથા ઉકાળેલા ગરમાગરમ તેલને શરીર પર છાંટવાનું, કુંભીપાક નામના પાત્રમાં રંધાવાનું, ઠંડીના વખતે શરીર પર બરફ જેવાં ઠંડા પાણીના સિંચનનુ, દોરડાં અથવા સાકળ વડે શરીરને જકડીને બાંધી દેવાનું, ભાલા આદિ શસ્ત્રો વડે શરીરને વીંધવાનું, પાપીના શરીરની જીવતા ચામડી ઉખાડવાનું, **'पइभयकरकरपल्लीवण'** અને બીજાંને ભય પમાડવાને માટે પાપીજનોના હાથ વસ્ત્રાથી લપેટીને તેના પર ઘાસ્તેલ છાંટીને તેમને બાળવાનું, વગેરે પ્રકારના અસહ્ય અને અનુપમ દુઃખો ભોગવવારૂપ ફલ-વિપાક આ અંગમાં વર્ણવ્યો છે. પ્રચુર અને અનેકવિધ એવી દુઃખ પરંપરાથી જકડાયેલો જીવ પાપરૂપ કર્મવલ્લીમાંથી છૂટી શકતો નથી, એટલે કે અનેક પ્રકારની અને અતિશય દુઃખશ્રેણિનો અનુભવ કરવા છતા પણ તે પાપી જીવ તે અશુભકર્મોનું પૂરેપૂરું ફળ ભોગવ્યા પહેલાં તેમાંથી છુટકારો મેળવી શકતો નથી. સૂત્રકારે એ જ વાત **'अवेयइत्ता हु णत्थि मोक्खो'** આ પદો દ્વારા દર્શાવી છે. એટલે કે જયાં સુધી જીવ કર્મનું પૂરેપૂરું ફળ ભોગવી લેતો નથી ત્યાં સુધી તે જીવનો કર્મોમાંથી છુટકારો થતો નથી. વચ્ચે જ કર્મના ફળથી મુકત થવાનો જો કોઇ પણ ઉપાય હોય તો તે ફકત તપ જ છે-સૂત્રકારે એ જ વિષયને આ સૂત્રાંશ દ્વારા પ્રગટ કર્યો છે—તેઓ કહે છે કે અહિંસક ચિત્તવૃત્તિરૂપ ધૈર્યથી કટિબદ્ધ થયેલ વ્યકિત તપસ્યા દ્વારા નિકાચિત કર્મ સિવાયના

પાપકર્મોનુ શોધન કરી શકે છે. એટલે કે ઘોર તપથી કઠીનમાં કઠીન પાપકર્મોનું તેમનું ફળ ભોગવ્યા વિના વિનાશ થઈ જાય છે. હવે સૂત્રકાર પુણ્યપ્રકૃતિયોનો જે સુખરૂપ વિપાક હોય છે તે બતાવે છે—તેઓ કહે છે કે '**एत्तो**' દુઃખવિપાક નામના શ્રુતસ્કંધ પછી સુખવિપાક નામનો જે બીજો શ્રુતસ્કંધ છે તેમાં એ વાત બતાવવામાં આવી છે કે—ચિત્તસમાધિરૂપ અથવા બ્રહ્મચર્યરૂપ શીલથી યુકત, સાવદ્યવિરતિરૂપ ૧૭ સત્તર પ્રકારના સંયમનું આરાધન કરનારા, અભિગ્રહ વિશેષરૂપ નિયમોના ધારક, મૂલગુણ અને ઉત્તરગુણોથી યુકત, ઘોર તપસ્વી, સુવિહિત-શાસ્ત્રોકત વિધિ પ્રમાણે ક્રિયાસુધક રત્નત્રયધારી મુનિયોને માટે-જે ભવ્યજન દયાયુકત ચિત્ત-વૃત્તિથી, તથા ત્રણે કાળે સુપાત્રને દાન દેવોની વૃત્તિથી વિશુદ્ધ એવા આહારપાણી -કે જે પ્રયોગ શુદ્ધ છે એટલે કે દાતાના દાનની દૃષ્ટિએ સકલાશંષાદોષથી રહિત છે અને ગ્રહણ કરનાર પાત્ર દ્વારા લેવાની દૃષ્ટિએ ઉદ્ગમ આદિ દોષથી રહિત છે, પરિચિત્ત સમાધિજનક હોવાથી હિતરૂપ, આનંદદાયક હોવાથી સુખરૂપ અને પરં-પરાથી મોક્ષ કલ્યાણજનક હોવાથી નિઃશ્રેયસરૂપ એવા તીવ્ર-પ્રકૃષ્ટ પરિણામથી યુકત થયેલ નિશ્ચિત મતિથી શોભિત થઇને ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાલિક વિશુદ્ધ ભાવથી યુકત મન સહિત અર્પણ કરીને જે રીતે બોધિલાભ પ્રાપ્ત કરે છે, તે વિષયનું કથન કર્યું છે એટલે કે ઉપરોકત ગુણવાળા મુનિજનોને શુદ્ધભાવે દોષ રહિત આહારપાણી વહોરાવીને બોધિલાભ પ્રાપ્ત કરનારા ભવ્યજનોનું તેમાં વર્ણન કર્યું છે. તથા આ અનાદિ અનંત સંસારસાગરને કેવી રીતે અલ્પ કરે છે તે તેમાં કહ્યું છે. આ સંસારસાગર કેવો છે તે બાબત સૂત્રકારે આ દ્વિતીયાન્ત પદો દ્વારા સ્પષ્ટ કરી છે-સાગરમાં જળજંતુઓનો સંચાર થાય છે. ત્યારે જીવોનું મનુષ્ય, તિર્યંચ, દેવ અને નરકગતિમાં જે પરિભ્રમણ થતું રહે છે એજ આ સંસારરૂપી સાગરમાં જલ-જન્તુંઓના પરિભ્રમણ જેવું છે. સમુદ્રમાં મોટા મોટા પર્વતો ડૂબેલા હોવાથી તે વિકટ-દુસ્તર લાગે છે. એજ પ્રમાણે સંસાર અરતિ, ભય, વિશાદ, શોક અને મિથ્યાત્વથી ભરેલો છે. એજ પર્વતો જેવાં છે અને તેમના વડે આ સંસાર પણ વિકટ બન્યો છે સમુદ્ર ગાઢ અંધકારથી છવાયેલો રહે છે એ જ પ્રમાણે સંસાર પણ અજ્ઞાનરૂપી ગાઢ અંધકારથી વ્યાપ્ત છે. કાદવને કારણે સમુદ્ર દુસ્તર બને છે, એ જ પ્રમાણે આ સંસાર પણ વિષયની, ધનની, અને સ્વજનોની આશા-તૃષ્ણારૂપી કાદવથી યુકત હોવાને લીધે દુસ્તર બને છે. આ સંસારસાગરમાં જરા, મરણ અને ૮૪ ચોર્યાસી લાખ યોનિયો જ આવર્ત્ત(વમળો) છે. ક્રોધ, માન આદિ ૧૬ કષાયો જ

આ સંસાર સાગરમાં મગર, ગ્રાહ આદિના જેવા છે. વળી તે અંગમાં એ પણ બતાવ્યું છે કે તે ભવ્યજીવો કેવી રીતે દેવાયુ-વૈમાનિક દેવોના આયુષ્યનો બંધ બાંધે છે, ત્યાં સુરગણ વિમાનોમાં કેવાં કેવાં અનુપમ સુખો ભોગવે છે, અને કાલાન્તરે ત્યાંથી ચ્યવીને આ તિર્યગ્લોકમાં મનુષ્ય ભવ પામીને કેવા પ્રકારનું આયુષ્ય, શરીર. વર્ણ રૂપ-શારીરિક સૌંદર્ય, ઉત્તમજાતિ, ઉત્તમકુળ, ઉત્તમજન્મ, આરોગ્ય, ઔત્પત્યાદિક બુદ્ધિ, અપૂર્વ શ્રુતગ્રહણ કરવાની શક્તિરૂપ, મેધાએ બધી બાબતોમાં અન્ય લોકો કરતા તેઓ વિશિષ્ટતા પ્રાપ્ત કરે છે. તથા તેમના મિત્રો, પિતા, કાકા આદિ સ્વજનો, ધન ધાન્યરૂપ વૈભવ, પુર, અન્તઃપુર, કોશ, કોઠાર, બલ-સૈન્ય વાહન આદિરૂપ સમૃદ્ધિ એ બધું વિશિષ્ટ પ્રકારનું હોય છે. વિવિધ મણિ, રત્ન આદિના તો ઢગલે ઢગલા તેમની પાસે હોય છે તથા અનેક પ્રકારના કામ ભોગો સાથે સંબંધ રાખતાં વિશિષ્ટ પ્રકારનાં સુખ તેમને મળે છે. ઉપરોક્ત બધા વિષયોનું વર્ણન ઉત્કૃષ્ટ સુખવિપાક દર્શાવનારાં અધ્યયનોમાં કર્યું છે. આ રીતે ભગવાન જિનેન્દ્ર દેવે અવિચ્છિન્ન પરંપરાથી અનુબદ્ધ થયેલ શુભ અને અશુભ કર્મોનો વિવિધ વિપાક કે જે સંવેગના કારણરૂપ છે, તેનું આ વિપાકશ્રુતમાં કથન કર્યું છે. પહેલા શ્રુતસ્કંધમાં અશુભ કર્મોનો અને બીજા શ્રુતસ્કંધમાં શુભ કર્મોનો વિપાક સૂત્રકારે બતાવ્યો છે. આ પ્રકારના વિવિધ પ્રકારના બીજા વિષયોનું પણ આ વિપાકસૂત્રમાં વિસ્તારથી કથન કર્યું છે. આ વિપાકશ્રુતમાં સંખ્યાત વાચનાઓ છે, સંખ્યાત અનુયોગ દ્વાર છે અને સંગ્રહણીઓ વગેરે પણ સંખ્યાત છે, અંગોની અપેક્ષાએ વિપાકસૂત્ર અગિયારમું અંગ છે, તેમાં વીસ અધ્યયન, વીસ ઉદ્દેશનકાળ અને વીસ સમુદ્દેશનકાળ છે. તેમા સંખ્યાત હજાર-૧૮૪૩૨૦૦૦ એક કરોડ ચોરાસી લાખ બત્રીસ હજાર પદો છે. તેમાં સંખ્યાત અક્ષર છે, અનંત ગમ છે અને અનંત પર્યાયો વગેરે છે. આ રીતેઆ અંગમાં ચરણ અને કરણની પ્રરૂપણા કરી છે. વિપાકશ્રુતનું આવું સ્વરૂપ છે ।સૂ.૧૮૩।

## આચારાંગાદિ ગ્યારહ અંગો કે પદસંખ્યા દર્શક કોષ્ટક

### એ અંગોની પદસંખ્યાનો કોઠો

| | | | |
|---|---|---|---|
| (૧) | આચારાંગમાં | ૧૮૦૦૦ અરાઢ હજાર | પદ |
| (૨) | સૂત્રકૃતાંગમાં | ૩૬૦૦૦ છત્રીસ હજાર ,, | ,, |
| (૩) | સ્થાનાંગમાં | ૭૨૦૦૦ બે તેર હજાર ,, | ,, |
| (૪) | સમવાયાંગમાં | ૧૪૪૦૦૦ એક લાખ ચુંમાળીસ હજાર | ,, |
| (૫) | ભગવતીસૂત્રમાં | ૨૮૮૦૦૦ બે લાખ અઠયાસી હજાર | ,, |
| (૬) | જ્ઞાતાધર્મકથાંગમાં | ૫૭૬૦૦૦ પાંચ લાખ છોંતેર હજાર | ,, |
| (૭) | ઉપાસક દશાંગમાં | ૧૧૫૨૦૦૦ અગીયાર લાખ બાવન હજાર | ,, |
| (૮) | અન્તકૃત દશાંગમાં | ૨૩૦૪૦૦૦ તેવીસ લાખ ચાર હજાર | ,, |
| (૯) | અનુત્તરોપપાતિકદશાંગમાં | ૪૬૦૮૦૦૦ છેંતાલીસ લાખ આઠ હજાર | ,, |
| (૧૦) | પ્રશ્ન વ્યાકરણમાં | ૯૨૧૬૦૦૦ બાણુ લાખ સોળ હજાર | ,, |
| (૧૧) | વિપાક શ્રુતાંગમાં | ૧૮૪૩૨૦૦૦ એક કરોડ ચોરાસી લાખ બત્રીસ હજાર | ,, |

૩૬૮૪૬૦૦૦ ત્રણ કરોડ અડસઠ લાખ
છેંતાળીસ હજાર કુલ પદો.

હવે સૂત્રકાર પ્રવચનપુરુષનું દૃષ્ટિવાદ નામનું જે બારમું અંગ છે તેનું વર્ણન કરે છે-

શબ્દાર્થ—(**से किं तं दिट्ठिवाए**)**अथ कोऽसौ दृष्टिवादः**—હે ભદન્ત! દૃષ્ટિવાદનું સ્વરૂપ કેવું છે? (**दिट्ठिवाए णं**)**दृष्टिवादे खलु**—હે શિષ્ય! દૃષ્ટિવાદમાં સમસ્ત મતોનું અથવા સમસ્ત નયરૂપ દૃષ્ટિયોનું જેમાં કથન કર્યું છે એવા બારમાં અંગમાં (**सव्वभावपरूवणा आघविज्जइ**) **सर्वभावप्ररूपणा आख्यायते**--જીવાદિક સમસ્ત પદાર્થોની અથવા ધર્માસ્તિકાય આદિની પ્રરૂપણા કરવામાં આવી છે. (**से समासओ पंचविहे पण्णत्ते**) **स समासतः पञ्चविधः प्रज्ञप्तः**—તે દૃષ્ટિવાદ સંક્ષિપ્તમાં પાંચ પ્રકારનો કહેલ છે. (**तं जहा**) **तद्यथा**—તે પાંચ પ્રકાર નીચે પ્રમાણે છે-(**परिकम्मं सुत्ताइं पुव्वगयं अणुओगो चूलिया**) (१) **परिकर्म**, (२) **सूत्राणि**, (३)**पूर्वगत**, (४) **अनुयोगः**, (५) **चूलिकाः** (**से किं तं परिकम्मे**) **अथ किं तत् परिकर्म**—હે ભદન્ત! દૃષ્ટિવાદના પરિકર્મ નામના પહેલા ભેદનું સ્વરૂપ કેવું છે? (**परिकम्मे सत्तविहे पण्णत्ते**) **परिकर्म सप्तविधं प्रज्ञप्तम्**—સૂત્ર દિને ગ્રહણ કરવાની યોગ્યતા પ્રાપ્ત કરવી તેનું નામ પરિકર્મ છે. તે પરિકર્મના હેતુરૂપ હોવાથી શાસ્ત્રનું નામ પણ પરિકર્મ થઇ ગયું છે. તે પરિકર્મના સાત પ્રકાર છે (**तं जहा**) **तद्यथा**—તે સાત પ્રકાર આ પ્રમાણે છે-(**सिद्धसेणिया परिकम्मे**) (१) **सिद्ध** શ્રેણિનું પરિકર્મ (**मणुस्स सेणिया परिकम्मे**) (२) મનુષ્ય શ્રેણિનું પરિકર્મ, (**पुट्ठसेणिया परिकम्मे**) પૃષ્ઠશ્રેણિનું પરિકર્મ (**ओगाहणसेणियापरिकम्मे**) અવગાહન શ્રેણિનું પરિકર્મ **उवसपज्जसेणिया परिकम्मे** ) ઉપસંપદ્ય શ્રેણિનું પરિકર્મ, (**विप्पजहसेणिया परिकम्मे** વિપ્રજહશ્રેણિનું પરિકર્મ અને ( **चुआचुअसेणिया परिकम्मे** ) (७) ચ્યુતા ચ્યુત શ્રેણિનું પરિકર્મ, (**से किं तं सिद्धसेणियापरिकम्मे**) **अथ किं तत् सिद्धश्रेणिका परिकर्म?**—હે ભદન્ત! સિદ્ધશ્રેણિના પરિકર્મનું સ્વરૂપ કેવું છે? હે શિષ્ય! (**सिद्धसेणिया परिकम्मे चोद्दसविहे पण्णत्ते** ) **सिद्धश्रेणिका परिकर्म चतुर्दशविधं प्रज्ञप्तम्**—સિદ્ધ શ્રેણિકા પરિકર્મ ચૌદ પ્રકારનું છે. (**तंजहा**) **तद्यथा**—તે પ્રકારો આ પ્રમાણે છે—(**माउयापयाणि**) **मातृकापदानि**—[१] માતૃકાપદ, (२) **एगट्ठियपयाणि—एकार्थिकपदानिः**—એકાર્થિક પદો, [३] (**पाओट्ठपयाणि**) **पादोष्ठ पदानि**—પાદોષ્ઠ પદ, (४) (**आगासपयाणि**) **आकाश-**

पदानि–આકાશ પદ, (૫) (केउभूयं) केतुभूतं–કેતુભૂત, (૬) (रासिबद्धं) राशिबद्धं–રાશિબદ્ધ, (૭) (एगगुणं) एकगुणं–એકગુણ, (૮) (दुगुणं) द्विगुणं–દ્વિગુણ, (૯) (तिगुणं) त्रिगुणं–ત્રિગુણ, (૧૦) (केउभूयं) केतुभूत–કેતુભૂત, (૧૧) (पडिग्गहो) प्रतिग्रहः–પ્રતિગ્રહ, (૧૨) (संसारपडिग्गहो) संसारप्रतिग्रहः–સંસાર પ્રતિગ્રહ, (૧૩) (नंदावत्तं) नन्दावर्त्त–નંદાવર્ત્ત, અને (૧૪) (सिद्धबद्धं) सिद्धबद्धं–સિદ્ધબદ્ધ, (सेतं सिद्धसेणियापरिकम्मे) तदेतत् सिद्धश्रेणिका परिकर्म–એ ચૌદ સિદ્ધશ્રેણિકા પરિકર્મના પ્રકાર છે. (से किं तं मणुस्ससेणिया–परिकम्मे ?) अथ किं तत् मनुष्यश्रेणिका परिकर्म–હે ભદન્ત ! મનુષ્ય શ્રેણિકા પરિકર્મનું કેવું સ્વરૂપ છે ? ઉત્તર–(मणुस्ससेणिया परिकम्मे–चौद्दस विहे पण्णत्ते) मनुष्यश्रेणिका परिकर्म चतुर्दशविधं प्रज्ञप्तं–મનુષ્યશ્રેણિકા પરિકર્મના ચૌદ પ્રકાર છે. (तंजहा) तद्यथा–તે પ્રકારો આ પ્રમાણે છે–(ताइं चेव माउआपयाणि जावनंदावत्तं) તે માતૃકપદથી લઈને નંદાવર્ત્ત સુધી ૧૩ તેર પ્રકાર છે. તથા (मणुस्सबद्धं) मनुष्यबद्धं મનુષ્યબદ્ધ નામનો તેનો ચૌદમો પ્રકાર છે. (से तं मणुस्ससेणियापरिकम्मे) तदेतत् मनुष्यश्रेणिकापरिकर्म–આ રીતે મનુષ્યશ્રેણિકા પતિકર્મના એ ૧૪ ચૌદ પ્રકાર છે. (अवसेसाइं परिकम्माइं पुट्ठाइयाइं एक्कारसविहाइं पण्णत्ताइं) अवशेषाणि

**परिकर्माणि पृष्टादिकानि एकादशविधानि प्रज्ञप्तानि**—બાકીના (૧) પૃષ્ટશ્રેણિકા પરિકર્મ, (૨) અવગાહનાશ્રણિકા પરિકર્મ, (૩) ઉપસદ્યશ્રેણિકા પરિકર્મ (૪) વિપ્રજહચ્છ્રેણિકા પરિકર્મ, અને (૫) ચ્યુતાચ્યુતાશ્રેણિકા પરિકર્મ, એ પાંચેના 'માતૃકાપદ'થી લઇને 'પ્રતિગ્રહ' સુધીના અગિયાર અગિયાર ભેદ છે. (**इच्चेयाइंसत्तपरिकम्माइं**) **इत्येतानि सप्तपरिकर्माणि**—આ પ્રમાણે સિદ્ધશ્રેણિકાથી લઈને ચ્યુતાચ્યુત સુધીના સાત પરિકર્મ છે. તેમાંના (**छ ससामइयाइ**) **षट्स्वसामयिकानि**—છ પરિકર્મ જૈનસિદ્ધાતને માન્ય છે, (**सत्त आजीवियाइं**) **सप्त आजीविकानि**—સાત પરિકર્મ આજીવિકોને માન્ય છે, (**छ चउक्कनइयाइं**) **षट्चतुष्कनयिकानि**—છ પરિકર્મ ચાર નયવાળાં છે, જે જૈનસિદ્ધાંતને માન્ય છે, (**सत्त तेरासियाइं**) **सप्त त्रैराशिकानि**—સાત પરિકર્મ ત્રૈરાશિકોને માન્ય છે. (**एवामेव**) **एवमेव**—આ પ્રકારે (**सपुव्वावरेणं सत्तपरिकम्माइं तेईसी भवंतीतिमक्खाइं**) પૂર્વાપરની સંકલનાથી તે સાત પરિકર્મ ત્રૈરાશિક થઇ જાય છે. (**से तं परिकम्माइं**) **तान्येतानि परिकर्माणि**—આ રીતે પરિકર્મનું વર્ણન પૂરું થયું.

હવે દૃષ્ટિવાદના ભેદ વિષે શિષ્ય પૂછે છે—હે ભદન્ત! (**से किं तं सुत्ताइं**) **अथ कानि तानि सूत्राणि**—સૂત્ર નામના બીજા ભેદનું સ્વરૂપ કેવું છે? ઉત્તર—

(सुत्ताइं) सूत्राणि–સઘળાં દ્રવ્યોની, સમસ્ત પર્યાયોની, અને સમસ્ત નયોની સૂચના કરનાર હોવાથી તેમને સૂત્ર કહે છે તે સૂત્ર (अट्ठासीई भवंतीतिमक्खाइयायं) अष्टाशीतिः भवन्ति इति आख्यातानि-૮૮ અઠાસી પ્રકારનાં કહેલ છે. (तं जहा) तद्यथा–તે પ્રકારો આ પ્રમાણે છે-(૧) (उज्जुगं) ઋજુક, (૨) (परिणयापरिणयं) પરિણતાપરિણત, (૩) (बहुभंगियं) બહુભંગિક, (૪) (विपच्चइयं) વિપ્રત્યયિક, (૫) (अणंतरं) અનંતર, (૬) (परंपरसमाणं) પરમ્પરસમાન, (૭) (संजूहं) સંયૂથ, (૮) (संभिन्नं) સંભિન્ન, (૯) (अहाच्चयं) યથાત્યાગ અથવા (अहव्वायं) યથાવાદ, (૧૦) (सोवत्थियं) સૌવસ્તિક, (૧૧) (घंटं) ઘંટ, (૧૨) (नंदावत्तं) નંદ્યાવર્ત, (૧૩) (बहुलं) બહુલ, (૧૪) (पुट्ठापुट्ठं) પૃષ્ઠાપૃષ્ટ, (૧૫) (वियावत्तं) વ્યાવર્ત, (૧૬) (एवंभूयं) એવંભૂત (૧૭) (दुआवत्तं) દ્વિકાવર્ત્ત, (૧૮) (वत्तमाणुप्पयं) વર્ત્તમાનોત્પાદ, [૧૯] (समभिरूढं) સમભિરૂઢ, (सव्वओभद्दं) સર્વતોભદ્ર, (૨૧) (पणामं) પ્રમાણ, [૨૨] (दुपडिग्गहं) દુષ્પતિગ્રહ (इच्चयाइं बावीसं सुत्ताइं) એ ૨૨ બાવીસ સૂત્રો (ससमयसुत्तपरिवाडीए) स्वसमयसूत्रपरिपाट्याः–સ્વસમય સૂત્ર પરિપાટીથી એટલે કે જિનસિદ્ધાંતાનુસાર (छिन्नछेयणइयाइं) છિન્નચ્છેદનયિક છે, (इच्चेयाइं बावीसं सुत्ताइं) એ જ બાવીસ સૂત્રો (आजीवियसुत्तपरिवाडीए)

आजीविकसूत्रपरिपाटया–આજીવિકસૂત્ર પરિપાટી અનુસાર (अच्छिण्णछेयणइयाइं) अच्छिन्नच्छेदनयिकानि–અચ્છિન્નચ્છેદનયિક છે, (इच्चेयाइं बावीसं सुताइं) इत्येतानि द्वाविंशतिः सूत्राणि–તથા એ બાવીસ સૂત્ર (तेरासियसुत्तपरिवाडीए) त्रैराशिकसूत्रपरिपाटया–ત્રૈરાશિકસૂત્ર પરિપાટી અનુસાર (तिकणइयाइं) त्रिकनयिकानि–ત્રિકનયિક છે (इच्चेयाइं बावीसं सुत्ताइं) इत्येतानि द्वाविंशतिः सूत्राणि–તથા તે બાવીસ સૂત્ર (ससमयसुत्तपरिवाडीए) स्वसमयसूत्रपरिपाटया–જિનસિદ્ધાન્ત પરિપાટી અનુસાર (चउक्कणइयाइं) चतुष्कनयिकानि–સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર અને શબ્દ એ ચાર નયોવાળાં છે. (एवामेव) एवमेव–ઉપરોકત પ્રકારે (सपुव्वावरेणं) सपूर्वापरेण–પૂર્વાપરને ભેગા કરવાથી (अट्ठासीइसुत्ताइं भवंतीतिमक्खायाइं) अष्टाशीतिः सूत्राणि भवन्ति इति आख्यातानि–૮૮ અઠયાસી ભેદ થઇ જાય છે. એમ કહેલ છે. (से त्तं सुत्ताइं) तान्येतानि सूत्राणि–સૂત્રનું ઉપરોકત પ્રકારનું સ્વરૂપ છે. (से किं तं पुव्वगयं) अथ किं तत् पूर्वगतं?–હવે દૃષ્ટિવાદનો ત્રીજો પૂર્વગત નામનો જે ભેદ છે તેનું સ્વરૂપ જાણવાને માટે શિષ્ય પૂછે છે–હે ભદન્ત! પૂર્વગતનું સ્વરૂપ કેવું છે? ઉત્તર-(पुव्वगयं चउद्दसविहं पण्णत्तं)पूर्वगतं चतुर्दशविधं प्रज्ञप्तम्–પૂર્વગતના ચૌદ પ્રકાર છે એટલે કે દૃષ્ટિવાદના ત્રીજા ભેદના ૧૪ પૂર્વ છે.

(तं जहा) तद्यथा–તે આ પ્રમાણે છે–(उप्पायपुव्वं) ઉત્પાદપૂર્વ–તેમાં સમસ્ત દ્રવ્યો અને પર્યાયોની ઉત્પાદ ભાવની અપેક્ષાએ પ્રરૂપણા કરવામાં આવી છે. (अग्गेणीयं) अग्रेणीयं–તેમાં સમસ્ત દ્રવ્યો, પર્યાયો અને જીવવિશેષોનાં પરિમાણનું વર્ણન કર્યું છે. (वीरियं) वीर्य–તેમાં કર્મરહિત તથા કર્મસહિત જીવોની અને અજીવોની શક્તિનું વર્ણન છે. (अत्थिणत्थिप्पवायं) अस्तिनास्ति प्रवादं–તેમાં જે જે વસ્તુ લોકમાં જે રીતે વિદ્યમાન છે અથવા જે પ્રકારે અવિદ્યમાન છે, તેનું કથન થયું છે. (नाणप्पवायं) ज्ञानप्रवादं–તેમાં મતિજ્ઞાન આદિ પાંચ જ્ઞાનોની પ્રરૂપણા કરી છે. (सच्चप्पवायं) सत्यप्रवादं–તેમાં સત્ય-સંયમ અથવા સત્યવચનનું તેમના ભેદ તના પ્રતિપક્ષી સહિત વર્ણન કર્યું છે. (आयप्पवायं) आत्मप्रवादं–તેમાં નયસિદ્ધાંતની અપેક્ષાએ આત્માનું અનેક પ્રકારથી વર્ણન કર્યું છે. (कम्मप्पवायं) कर्मप्रवादं–તેમાં જ્ઞાનાવરણીય આદિ આઠ પ્રકારનાં કર્મોનું, પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ, અને પ્રદેશબંધ એ ચાર ભેદો અને તેમના બીજા ભેદપ્રભેદોની અપેક્ષાએ વર્ણન કર્યું છે. (पच्चक्खाणप्पवायं) प्रत्याख्यानप्रवादं–તેમાં સમસ્ત પ્રત્યાખ્યાનોનું સ્વરૂપ વર્ણવ્યું છે. (विज्जाणुप्पवायं) विद्यानुप्रवादं–તેમાં વિદ્યાઓના અનેક અતિશયોનું વર્ણન કર્યું છે. (अवंझपुव्वं) अबन्ध्यपूर्व–તેમાં એ

વિષય સમજાવ્યો છે કે જ્ઞાન, તપ અને સંયમયોગ, એ શુભફળવાળા છે પણ અપ્રશસ્ત પ્રમાદ આદિ અશુભ ફળવાળાં છે, **(पाणाउपुव्वं) प्राणायुपूर्वं**–તેમાં આયુ અને પ્રાણોનું ભેદપૂર્વક વર્ણન કર્યું છે. **(किरियाविसालं) क्रियाविशालं**–તેમાં કાયિકી આદિક્રિયાએનું, સંયમક્રિયાઓનું, અને છંદક્રિયાઓનું વિસ્તૃત વર્ણન છે, **(लोगबिंदुसारं) लोकबिन्दुसारं**–અક્ષરના બિન્દુની જેમ તે આ લોકમાં અથવા શ્રુતલોકમાં સર્વોત્તમ છે તથા સમસ્ત અક્ષરોના સન્નિપાત સંબંધથી તે યુક્ત છે. **(उप्पायपुव्वस्स णं दस वत्थू पण्णत्ता) उत्पादपूर्वस्य खलु दशवस्तूनि प्रज्ञप्तानि**–ઉત્પાદપૂર્વમાં દસ વસ્તુઓ છે. **(चत्तारि चूलियावत्थूपण्णत्ता) चत्वारिचूलिकावस्तूनि प्रज्ञप्तानि** તથા ચાર ચૂલિકા વસ્તુઓ છે **(अग्गेणियस्स णं पुवस्स चोद्दसवत्थू–पण्णत्ता) अग्रेणीयस्य खलु पूर्वस्य चतुर्दश वस्तूनि प्रज्ञप्तानि**-અગ્રેણીયપૂર્વની ચૌદ વસ્તુઓ છે, અને **(बारसचूलिया वत्थूपण्णत्ता) द्वादश चूलिका वस्तूनि प्रज्ञप्तानि**–બાર ચૂલિકાઓ વસ્તુઓ છે. **(वीरिपप्पवायस्स णं पुव्वस्स अट्ठवत्थूपण्णत्ता) वीर्य-प्रवादस्य खलु पूर्वस्य अष्टवस्तूनि प्रज्ञप्तानि**—વીર્યપ્રવાદપૂર્વની આઠ વસ્તુઓ છે, અને **(अट्ठचूलिया वत्थूपण्णत्ता) अष्टचूलिकावस्तूनिप्रज्ञप्तानि**-આઠ જ ચૂલિકા વસ્તુ છે. **(अत्थिणत्थिप्पवायस्स णं पुव्वस्स अट्ठारस्सवत्थू पण्णत्ता)** અસ્તિ-

નાસ્તિ પ્રવાદ પૂર્વની અઢાર વસ્તુઓ છે. (दस चूलिया वत्थू पण्णत्ता) दश चूलिका वस्तूनि प्रज्ञप्तानि–અને દસ ચૂલિકા વસ્તુઓ છે. (नाणप्पवायस्स णं पुव्वस्स बारसवत्थू पण्णत्ता) ज्ञानप्रवादस्य खलु पूर्वस्य द्वादशवस्तूनि–प्रज्ञप्तानि–જ્ઞાનપ્રવાદ પૂર્વની બાર વસ્તુઓ છે. (सच्चप्पवायस्स णं पुव्वस्स दो वत्थू पण्णत्ता) सत्यप्रवादस्य खलु पूर्वस्य द्वे वस्तूनि प्रज्ञप्ते–સત્યપ્રવાદ પૂર્વની બે વસ્તુઓ છે. (आयप्पवायस्स णं पुव्वस्स सोलसवत्थूपण्णत्ता) आत्मप्रवादस्य खलु पूर्वस्य षोडशवस्तूनि प्रज्ञप्तानि–આત્મપ્રવાદપૂર્વની સોળ વસ્તુઓ છે. (कम्मप्पवायस्स णं पुव्वस्स तीसं वत्थू पण्णत्ता) कर्मप्रवादस्य खलु पूर्वस्य त्रिंशत् वस्तूनि प्रज्ञप्तानि–કર્મપ્રવાદ પૂર્વની ત્રીસ વસ્તુઓ છે, (पच्चक्खाणस्स णं पुव्वस्स वीसं वत्थू पण्णत्ता) प्रत्याख्यानस्य खलु पूर्वस्य विंशति वस्तूनि प्रज्ञप्तानि–प्रत्य ખ્યાનપ્રવાદ પૂર્વની વીસ વસ્તુઓ છે. (अबंझस्स णं पुव्वस बारस वत्थू पण्णत्ता) अबन्ध्यस्य खलु पूर्वस्य द्वादश वस्तूनि प्रज्ञप्तानि–અબંધ્ય પ્રવાદ પૂર્વની બાર વસ્તુઓ છે. (पाणाउस्स णं पुव्वस्स तेरस वत्थू पण्णत्ता) प्राणायुषः खलु पूर्वस्य त्रयोदश वस्तूनि प्रज्ञप्तानि–પ્રાણાયુપ્રવાદ પૂર્વની તેર વસ્તુઓ છે. (किरिया विसालस्स णं पुव्वस्स तीसं वत्थू पण्णत्ता) क्रियावि-

शालस्य खलु पूर्वस्य त्रिंशत् वस्तूनि प्रज्ञप्तानी-ક્રિયાવિશાળ પૂર્વની ૩૦ વસ્તુઓ છે. (लोगविंदुसारस्स पुव्वस्स पणवीसं वत्थू पण्णत्ता) लोकविन्दुसारस्य खलु पूर्वस्य पञ्चविंशतिर्वस्तूनि प्रज्ञप्तानि-લોકબિન્દુસાર પૂર્વની પચીસ વસ્તુઓ છે. (से तं पुव्वगयं) तदेतत् पूर्वगतं-પૂર્વગતનું તે પ્રકારનું સ્વરૂપ છે.

(से किं तं अणुओगे)अथ कोऽसौ अनुयोगः? હે ભદન્ત! અનુયોગનું સ્વરૂપ કેવું છે? (ઉત્તર-अणुओगे दुविहे पण्णत्ते) अनुयोगो द्विविधः प्रज्ञप्तः- સૂત્રનો પોતના વાચ્યાર્થની સાથે જે સંબંધ હોય છે તેને અનુયોગ કહે છે. તેના બે પ્રકાર છે. (तं जहा) तद्यथा-તે આ પ્રમાણે છે-(मूलपढमाणुओगे य गंडियाणुओगे य) मूलप्रथमानुयोगश्च गण्डिकानुयोगश्च મૂલ પ્રથમાનુયોગ અને ગંડિકાનુયોગ. (से किं तं मूलपढमाणुओगे?) अथ कोऽसौ मूलप्रथमानुयोगः- તે મૂલપ્રથમાનુ યોગ કેવો છે? ઉત્તર-(एत्थणं) अत्र खलु-આ મૂલપ્રથમાનુયોગમાં (अरहंताणं भगवंताणं) अर्हतां भगवताम्-અર્હંત ભગવાનોના(पुव्वभवा)પૂર્વજન્મો, (देवलोकगमाणाणि)देवलोकगमनानि દેવલોકગમન, (आउं) आयुः આયુષ્ય,(चवणाणि) च्यवनानि દેવલોકમાંથી ચ્યવન, (जम्माणाणि)जन्मानि જન્મ, (अभिसेया)

અભિષેક,(रायवरसिरीओ)શ્રેષ્ઠ રાજલક્ષ્મા, (सीयाओ) શિબિકાઓ, (पव्वज्जाओ) પ્રવજ્ય ઓ, (तवाय) તપસ્યાઓ, (भत्ताइं)भक्तानि ભક્તો, (केवल णाणुप्पाया य) केवलज्ञानोत्पादाश्च–કેવળજ્ઞાનની ઉત્પત્તિ, (तित्थपवत्तणाणि य) तीर्थप्रवर्तनानि च–તીર્થ પ્રવર્તન, (संघयणं) संहननं–સંહનન, (संठाणं) संस्थानं–સંસ્થાન, (उच्चत्तं) ઉચ્ચત્વ, (आउं) આયુ, (वन्नविभागो)वर्णविभागो–વર્ણવિભાગ, (सीसा) शिष्याः–શિષ્યો, (गणा) गणाः–ગણો, (गणहराय) गणधराश्च–ગણધરો,(अज्जा) आर्याः–સાધ્વીઓ, (पवत्तणीओ) प्रवर्तिन्य–પ્રવર્તિની, (संघस्स चउव्विहस्स जं वावि परिमाणं) संघस्य चतुर्विधस्य यद् वाऽपि परिमाणम्–ચતુર્વિધ સંઘનુ પરિમાણુ, ( जिणमणपज्जवओहिनाणसम्मत्तसुयनाणिणो य ) जिनमनःपर्यवावधिज्ञानसमस्तश्रुतज्ञानिनश्च–– જિન કેવળજ્ઞાનિ મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, સમસ્તશ્રુતના પાઠી, (वाई) वादिनः–વાદિઓ, (अणुत्तर गईय) अनुत्तरगतयश्च–અનુત્તર વિમાનોમાં ગમન, (जत्तिया सिद्धा पाओवगया य) यावन्तः सिद्धाः पादपोपगताश्च–પાદપોપગમન સંથારો ધારણ કરીને જેટલા સિદ્ધ થયા છે તેમનું, (जे जे हिं) ये यत्र–તથા જ્યાં જ્યાં (जत्तियाइं भत्ताइं छेयइत्ता) यावन्ति भक्तानि छेदयित्वा–જેટલા કર્મોનું (ભકતોનું) અનશનદ્વારા

છેદન કરીને (अंतगडा) अन्तकृतः–કર્મોનો અંત કરનારા (मुणिवरुत्तमा) मुनिवरोत्तमा--જેટલા મુનિવરોત્તમો, (तमरओघविप्पमुक्का) तमरजओघविप्रमुक्ताः–અજ્ઞાનરૂપી કર્મરજથી રહિત બનીને (सिद्धिपहमणुत्तरं च पत्ता) सिद्धिपथं अनुत्तरं च प्राप्ता–અનુત્તર–પુનરાગમન રહિત–મુકિતમાર્ગને પામ્યા છે, તે બધાનું તેમાં વર્ણન કર્યું છે (एए अण्णे य एवमाइया भावा मूलपढमाणुओगे कहिया आघविज्जंति) તથા આ વિષયો સિવાયના બીજા જે વિષયો આ વિષયો જેવા છે તેમનું આ મૂલપ્રથમાનુયોગમાં સામાન્ય રીતે તથા વિશેષ પ્રકારે વર્ણન કરવામાં આવ્યું છે, (पण्णविज्जति) પ્રજ્ઞાપના થઇ છે,(परूविज्जंति) પ્રરૂપણા થઈ છે, (दंसिज्जंति) ઉપમાન ઉપમેય ભાવાદિ દ્વારા સ્પષ્ટીકરણ કર્યું છે, (निदंसिज्जंति) ભવ્યજનોના કલ્યાણને માટે તથા અન્યજનો પ્રત્યેની અનુકંપાથી વારંવાર તેમનું કથન થયું છે, (उवदंसिज्जंति) ઉપનય નિગમનોની મદદથી અથવા સમસ્ત નયોના અભિપ્રાયથી નિઃશંકપણે–કોઈપણ પ્રકારના સંદેહને સ્થાન ન રહે તેવી રીતે–શિષ્યોને સમજાવવામાં આવેલ છે, (से त्तं मूलपढमाणुओगो) स एषः मूलप्रथमानुयोगः મૂલપ્રથમાનુયોગનું ઉપરોકત પ્રકારનું સ્વરૂપ છે.

(से किं तं गंडियाणुओगे) अथ कोऽसौ गण्डिकानुयोगः–હે ભદન્ત ! ગંડિકાનુયોગનું કેવું સ્વરૂપ છે ? એક વિષય લઈને કથન કરવું તેનું નામ ગંડિકાનુયોગ છે. ઉત્તર—(गंडियाणुओगे अणेगविहे पण्णत्ते) गंडिकानुयोगः अनेकविधः प्रज्ञप्तः–ગંડિકાનુયોગ અનેક પ્રકારનો કહ્યો છે. (तं जहा) तद्यथा–તે આ પ્રમાણે છે. (कुलगर गंडियाओं) कुलगरगण्डिकाः– (૧) કુલકરગંડિકા–તેમાં વિમલવાહન આદિ કુલકરોના પૂર્વજન્મ આદિનું કથન કર્યું છે. (तित्थगर गंडियाओ) तीर्थंकर गण्डिकाः–તેમાં તીર્થંકરોના પૂર્વજન્મ આદિનું કથનકર્યું છે. (गणहरगंडियाओ) ગણધરગંડિકાઓ તેમાં ગણધરોના પૂર્વજન્મ આદિનું કથન કર્યું છે. (चक्कहरगंडियाओ) ચક્રધર ગંડિકાઓ–તેમાં ચક્રવર્તિઓના પૂર્વજન્મ આદિનું વર્ણન કર્યું છે. (दसारगंडियाओ) દશાર્હગંડિકાઓ–તેમાં સમુદ્રવિજયથી લઈને વાસુદેવો પૂર્વજન્મ આદિનું કથન થયું છે, (बलदेवगंडियाओ) બળદેવગંડિકાઓ–તેમાં બળદેવના પૂર્વજન્મનું વર્ણન કર્યું છે. (वासुदेवगंडियाओ) વસુદેવગંડિકાઓ–તેમાં વાસુદેવ મહારાજના પૂર્વજન્મનું વર્ણન છે. (हरिवंसगंडियाओ) હરિવંશગંડિકાઓ–તેમાં હરિવંશનું વર્ણન છે. (तवोकम्मगंडियाओ) तपःकर्मगंडिकाः–તેમાં તપકર્મનું વર્ણન છે. (चित्तंतरगंडियाओ) चित्रान्तरगण्डिकाः–તેમાં અનેક અર્થનું વર્ણન છે. (उस्सप्पिणीगंडियाओ) उत्सर्पिणीगण्डिका;–

તેમાં ઉત્સર્પિણીનું વર્ણન છે. (ओसप्पिणीगंडियाओ) अवसर्पिणीगंडिकाः- તેમાં અવસર્પિણીનું વર્ણન છે. (अमरनरतिरियनिरियगइगमणविविहपरियट्टणाणुओगे) अमरनरतिर्यङ्निरयगतिगमनविविधपर्यटनानुयोगः- થા અમર, નર, તિર્યંચ અને નારકી એ ચાર ગતિયોમાં જે ગમન થાય છે, તે ગમનોમાં જે વિવિધ પર્યટન-પરિભ્રમણ થાય છે તેનું વર્ણન કર્યું છે. (एवमाइयाओ गंडियाओ आघविज्जंति) एवमादिकाः गण्डिकाः आख्यायन्ते-આ રીતે ગંડિકાનુયોગના ઉપરોકત પ્રકારની ગંડિકાઓનું તથા તે પ્રકારની અન્ય ગંડિકાઓનું પણ સામાન્ય તથા વિશેષ રીતે વર્ણન કર્યું છે, (पण्णविज्जंति, परूविज्जंति, दंसिज्जंति, निदंसिज्जंति, उवदंसिज्जंति) प्रज्ञाप्यन्ते, प्ररूप्यन्ते, दर्श्यन्ते, निदर्श्यन्ते. उपदर्श्यन्ते, તે ક્રિયાપદોનાં અર્થ આગળ બતાવ્યા પ્રમાણે સમજવા (से त्तं गंडियाणुओगे) स एष गण्डिकानुयोगः-ગંડિકાનુયોગનું આવું સ્વરૂપ છે.

હવે દૃષ્ટિવાદના પાંચમા ભેદ ચૂલિકા વિષે શિષ્ય પૂછે છે-(से किं तं चूलियाओ) अथ कास्ता चूलिकाः ?-હે ભદન્ત! ચૂલિકાનું સ્વરૂપ કેવું છે? ઉત્તર (जण्णं) यत् खलु (आइल्लाणं चउण्हं पुव्वाणं चूलियाओ) आदिमानां चतुर्णां पूर्वाणां चूलिकाः-ઉત્પાદપૂર્વથી લઇને અસ્તિનાસ્તિ પ્રવાદપૂર્વ સુધીના ચાર પૂર્વોની એટલે કે ઉત્પાદપૂર્વ, અગ્રેયણીયપૂર્વ, વીર્યપ્રવાદપૂર્વ અને અસ્તિનાસ્તિપ્રવાદપૂર્વની

ચૂલિકાઓ છે. (सेसाइं पुव्वाइं अचूलियाइं) शेषाणि पूर्वाणि अचूलिकानि- બાકીનાં પૂર્વો ચૂલિકા વિનાનાં છે. (से त्तं चूलियाओ) ता एताश्चूलिकाः- ચૂલિકાનું એ પ્રકારનું સ્વરૂપ છે. (दिट्ठिवायस्स णं परित्ता वायणा) दृष्टिवादस्य खलु परीताः वाचनाः-દૃષ્ટિવાદ અંગની સંખ્યાત વાચનાઓ છે, (संखेज्जा अणुओगदारा) संख्येयानि अनुयोगद्वाराणि-સંખ્યાત અનુયોગ દ્વાર છે, संखेज्जाओ पडिवत्तीओ) संख्येयाः प्रतिपत्तयः-સંખ્યાત પ્રતિપત્તિયો છે, (संखेज्जाओ निज्जुत्तीओ) संख्येयाः निर्युक्तयः-સંખ્યાત નિર્યુક્તિયો છે, (संखेज्जा सिलोगा) संख्येयाः श्लोकाः-સંખ્યાત શ્લોકો છે, અને (संखेज्जाओ संगहणीओ) संख्येयाः संग्रहण्यः-સંખ્યાત સંગ્રહણિયો છે. (से णं अंगट्ठयाए बारसमे अंगे) स खलु अङ्गार्थतया द्वादशमङ्गम्-અંગોની અપેક્ષાએ તે બારમું અંગ છે, તેમાં (एगे सुयक्खंधे) एकश्रुतस्कन्धः-એક શ્રુતસ્કંધ છે, (चउदस- पुव्वाइं) चतुर्दशपूर्वाणि-ચૌદ પૂર્વ છે. (संखेज्जावत्थू) संख्येयानि वस्तूनि- સંખ્યાત વસ્તુઓ છે, (संखेज्जा चूलवत्थू) संख्येयानि चूलवस्तूनि-સંખ્યાત ચૂલવસ્તુઓ છે, (संखेज्जा पाहुडा) संख्येयानि प्राभृतानि-સંખ્યાત પ્રાભૃત છે, (ગ્રન્થાંશ વિશેષોને 'પ્રાભૃત' કહે છે.) (संखेज्जा पाहुडपाहुडा) संख्येयानि प्राभृत-

**प्राभृतानि**–સંખ્યાત પ્રાભૃતપ્રાભૃત છે, (ગ્રન્થાંશ વિશેષોના જે અંશવિશેષ હોય છે તેમને પ્રાભૃતપ્રભૃત કહે છે) **(संखेज्जाओ पाहुडीयाओ) संख्येयाःप्राभृतिकाः**–સંખ્યાત પ્રાભૃતિકાઓ છે, **(संखेज्जाओ पाहुडपाहुडियाओ) संख्येयाःप्राभृतप्राभृतिकाः**-અને સંખ્યાત પ્રાભૃતપ્રાભૃતિકાઓ છે. **(संखेज्जाइं पयसयसहस्साइं पयग्गेणं पण्णत्ताइं) संख्येयानि पदशतसहस्राणि पदाग्रेण प्रज्ञप्तानि**–તેમાં સંખ્યાત હજાર પદ છે. **(संखेज्जा अक्खरा) संख्येयान्यक्षराणि**–સંખ્યાત અક્ષરો છે, **(अणंता गमा)** અનંત ગમ છે, **(अणंता पज्जवा)** અનંત પર્યાયો છે, **(परिता तसा)** અસંખ્યાત ત્રસ છે, **(अणंता थावरा)** અને અનંત થાવર છે. **(सासया कडा निबद्धा णिकाइया जिणपण्णत्ता भावा आघविज्जंति)शाश्वताः कृताः निबद्धाः निकाचिता जिनप्रज्ञप्ता भावा आख्यायन्ते**–ઉપર દર્શાવેલા સમસ્ત જિનપ્રજ્ઞપ્ત ભાવ દ્રવ્યાર્થતાની અપેક્ષાએ નિત્ય છે, પર્યાયાર્થતાની અપેક્ષાએ અનિત્ય છે, સૂત્રમાં જ ગ્રથિત હોવાને કારણ નિબદ્ધ છે, નિર્યુક્તિ, સંગ્રહણી, હેતુ અને ઉદાહરણો દ્વારા તેમની પ્રતિષ્ઠા કરવામાં આવી હોવાથી તે નિકાચિત છે. આ બધા જિનપ્રજ્ઞપ્ત ભાવોનું આ અંગમાં સામાન્ય અને વિશેષરૂપે કથન કરાયું છે. **(पण्णविज्जंति) प्रज्ञाप्यन्ते**–પ્રરૂપણા કરી છે, **(परूविज्जंति) प्ररूप्यन्ते** પ્રરૂપિત થયા છે, **(दंसिज्जंति) दर्श्यन्ते**–દર્શિત કરાયા છે **(निदंसिज्जति) निदर्श्यन्ते**–નિદર્શિત કરાયા છે, **(उवदंसिज्जंति) उपदर्श्यन्ते**–ઉપદર્શિત કરાયા છે, **(स एवं आया) स एवं आत्मा (एवं णाया) एवं ज्ञाता, (एवं विण्णाया) एवं विज्ञाता (एवं चरणकरणपरूवणा आघविज्जइ) एवं चरणकरणप्ररूपणा आख्यायन्ते**–આ બધાં પદોના અર્થ આચારાંગસૂત્રનું નિરૂપણ કરતી વખતે આપી દીધા છે. તો ત્યાથી જોઈ લેવા. **(से त्तं दिट्ठिवाए) स एष दृष्टिवादः**–દૃષ્ટિવાદનું એવું સ્વરૂપ છે. **(से त्तं दुवालसंगे गणिपिडगे) स एष द्वादशाङ्गो गणिपिटकः**–આ પ્રમાણે આચારાંગથી લઈને દૃષ્ટિવાદ સુધીના ગણિપિટકરૂપ બાર અંગથી યુક્ત આ પ્રવચનરૂપ પુરુષ છે તેમ સમજવું ॥સૂ.૧૮૪॥

*ટીકાર્થ*—**"से किं तं दिट्ठियाए" इत्यादि**

હે ભદન્ત ! દૃષ્ટિવાદનું સ્વરૂપ કેવું છે ? ઉત્તર—દૃષ્ટિવાદમાં–સમસ્ત મતોનું અથવા સમસ્ત નયરૂપ દૃષ્ટિયોનું જેમાં કથન છે એવા બારમાં અંગમાં જીવાદિક

સમસ્ત પદાર્થોનું અથવા ધર્માસ્તિકાય આદિનું વર્ણન કર્યું છે. તે દૃષ્ટિવાદ સંક્ષિપ્તમાં પાંચ પ્રકારનો કહેલ છે. તે પાંચ પ્રકારો આ પ્રમાણે છે—(૧) પરિકર્મ, (૨) સૂત્ર, (૩) પૂર્વગત, (૪) અનુયોગ અને (૫) ચૂલિકા એ બધાં વિચ્છિન્ન થઈ ગયાં છે. છતાં જેટલાં ઉપલબ્ધ (પ્રાપ્ય) છે તેમનું વિવેચન કરવામાં આવ્યું છે. હવે સૂત્રકાર પરિકર્મનું કેવું સ્વરૂપ છે તે પ્રશ્નનો જવાબ આપતાં શિષ્યને કહે છે–પરિકર્મના સાત પ્રકાર છે. સૂત્રાદિને ગ્રહણ કરવાની લાયકાત મેળવવી તેનું નામ પરિકર્મ છે. એ પરિકર્મના હેતુરૂપ હોવાથી શાસ્ત્રનું નામ પણ પરિકર્મ પડયું છે. તેના સાત પ્રકાર છે--(૧) સિદ્ધશ્રેણિકા પરિકર્મ, (૨) મનુષ્યશ્રેણિકા પરિકર્મ, (૩) પૃષ્ટશ્રેણિકા પરિકર્મ, (૪) અવગાહનશ્રેણિકા પરિકર્મ, (૫) ઉપસંપદ્યશ્રેણિકા પરિકર્મ, (૬) વિપ્રજહશ્રેણિકા પરિકર્મ, (૭) ચ્યુતાચ્યુતશ્રેણિકા, પરિકર્મ. હે ભગવાન્ સિદ્ધશ્રેણિકાપરિકર્મનું સ્વરૂપ કેવું છે? ઉત્તર–સિદ્ધશ્રેણિકા પરિકર્મના ચૌદ પ્રકારો નીચે પ્રમાણે છે–(૧) માતૃકાપદ, (૨) એકર્થિકપદ (૩) પાદોષ્ઠપદ (૪)આકાશપદ(૫)કેતૂભૂત(૬)રાશિબદ્ધ, (૭)એકગુણ,(૮) દ્વિગુણ, (૯) ત્રિગુણ, (૧૦) કેતુભૂત, (૧૧) પ્રતિગ્રહ, (૧૨) સંસારપ્રતિગ્રહ, (૧૩) નંદાવર્ત્ત, અને (૧૪) સિદ્ધબદ્ધ મનુષ્યશ્રેણિકા પરિકર્મનું કેવું સ્વરૂપ છે? ઉત્તર–મનુષ્યશ્રેણિકા પરિકર્મના ૧૪ ચૌદ પ્રકાર છે. તે પ્રકારો આ પ્રમાણે છે—ઉપરોકત માતૃકાપદથી નંદાવર્ત્ત સુધીના તેર પ્રકારો, અને (૧૪) મનુષ્યબદ્ધ. આ રીતે મનુષ્યશ્રેણિકા પરિકર્મના ચૌદ ભેદ છે. પૃષ્ટશ્રેણિકાપરિકર્મથી લઈને ચ્યુતાચ્યુતશ્રેણિકાપરિકર્મ સુધીનાં પાંચ પરિકર્મના માતૃકાપદથી લઈને પ્રતિગ્રહ સુધીના અગિયાર અગિયાર ભેદ છે. આ રીતે ગણિત પરિકર્મની જેમ સૂત્રાદિકોને ગ્રહણ કરવાની યોગ્યતા પ્રાપ્ત કરવાને સમર્થ એવાં પરિકર્મના સિદ્ધશ્રેણિક આદિ સાત પ્રકાર છે. તેમાંના શરૂઆતનાં છ પરિકર્મ સ્વસામયિક–જિનસિદ્ધાંતસંમત છે. તથા ચ્યુતાચ્યુતશ્રેણિકા સુધીનાં સાત પરિકર્મ ગોશાલક દ્વારા પ્રવર્તિત આજીવિકમતને માનનારા પાખંડિયોને માન્ય છે. તથા ૬ છ પરિકર્મ સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર અને શબ્દરૂપ ચાર નય યુકત હોવાને કારણે સ્વસામયિક–સ્વસિદ્ધાંત સંમત છે. તેનું તાત્પર્ય આ પ્રમાણે છે–

નૈગમનયના બે ભેદ છે-(૧) સાંગ્રહિક (૨) અસાંગ્રહિક. તેમાંનો જે સાંગ્રહિક નૈગમનય છે તેનો સમાવેશ સંગ્રહનયમાં થાય છે અને અસાંગ્રહિક નૈગમનયનો સમાવેશ વ્યવહારનયમાં થાય છે. શબ્દ, સમભિરૂઢ, અને એવંભૂત એ ત્રણ નય શબ્દપ્રધાન હોવાથી એક શબ્દનયરૂપ જ છે. આ રીતે સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર અને શબ્દ, એ ચાર નયોથી યુકત ૬ છ પરિકર્મ નય ચારધારા પ્રમાણે સ્વસામયિક છે. સાત પરિકર્મ ત્રૈરાશિકમત સંમત છે. આજીવિકોને જ ત્રૈરાશિક કહે છે કારણ કે તેઓ બધાં પ્રત્યેક પદાર્થને ત્રણ રૂપમાં માને છે. તેમના મત પ્રમાણે જીવ, અજીવ, જીવાજીવ; લોક, અલોક, લોકાલોક; સત, અસત્, સદસત્; એ પ્રમાણે ત્રિવિધરૂપે પદાર્થવ્યવસ્થા છે. તથા તેઓ ત્રણ પ્રકારના નયને માને છે— ૧) દ્રવ્યાર્થિકનય, પર્યાયાર્થિકનય, અને ઉભયર્થિકનય. આ પ્રમાણે પૂર્વાપરને જોડી દેવાથી તે સાતે પરિકર્મ ૮૩ ત્યાસી પ્રકારનાં છે. એટલે કે સિદ્ધશ્રેણિકા પરિકર્મના ૧૪ ચૌદ પ્રકાર, મનુષ્યશ્રેણિકા પરિકર્મના ૧૪ પ્રકાર, અને બાકીના પાંચે પરિકર્મના પંચાવન પ્રકારનો સરવાળો ૮૩ ત્યાસી થાય છે.

હવે દૃષ્ટિવાદનાબીજા ભેદનું સ્વરૂપ જાણવાને માટે શિષ્ય પૂછે છે-હે ભદન્ત ! સૂત્ર નામના દૃષ્ટિવાદના બીજા ભેદનું કેવું સ્વરૂપ છે ? ઉત્તર-સમસ્ત દ્રવ્યોની, તેમની પર્યાયોની, અને નયોની સૂચના કરનારા હોવાથી સૂત્ર ૮૮ અઠયાસી પ્રકારનાં છે. તે પ્રકારો આ પ્રમાણે છે—(૧) ઋજુક, (૨) પરિણતાપરિણત, (૩) બહુલંગિક, (૪) વિપ્રત્યયિક, (૫) અનંતર, (૬) પરમ્પરસમાન, (૭) સંયૂથ, ૮) સંભિન્ન, (૯) યથાત્યાગ-યથાવાદ, (૧૦) સૌવસ્તિક, (૧૧) ઘંટ, (૧૨) નંદાવર્ત્ત, (૧૩) બહુલ, (૧૪) પૃષ્ટપૃષ્ટ, (૧૫) વ્યાવર્ત્ત, (૧૬) એવંભૂત, (૧૭) દ્વિકાવર્ત્ત, (૧૮) વર્તમાનોત્પાદ, (૧૯) સમભિરૂઢ, (૨૦) સર્વતોભદ્ર, (૨૧) પ્રણામ અને (૨૨) દુષ્પ્રતિગ્રહ, આ બાવીસ સૂત્રો સ્વસમયસૂત્રપરિપાટી પ્રમાણે એટલે કે જિનસિદ્ધાંત અનુસાર છિન્નચ્છેદનયિક છે. અને એ જ બાવીસ સૂત્રો આજીવિકસૂત્રપરિપટી અનુસાર અચ્છિન્નચ્છેદનયિક છે. જે નય પ્રમાણે સૂત્રને દ્વિતીય આદિ શ્લોકોની અપેક્ષા રહિત માનવામાં આવે છે તે નયને છિન્નચ્છેદનય કહે છે. તે નયથી યુકત જે સૂત્ર હોય છે તેમને છિન્નચ્છેદનયિકસૂત્ર કહે છે. જેમ કે **"धम्मोमंगलमुक्किट्ठं"** ઇત્યાદિ સૂત્રો છિન્નચ્છેદનયિકા છે. સૂત્રાર્થની અપેક્ષાએ આ પ્રત્યેક શ્લોક બીજા શ્લોકની અપેક્ષા રાખતો નથી. જે શ્લોક સૂત્રાર્થની અપેક્ષાએ દ્વિતીય આદિ શ્લોકની અપેક્ષા રાખે છે તે અચ્છિન્નચ્છેદનયિક કહેવાય છે. આ અચ્છિન્નચ્છેદનયની અપેક્ષાએ **'धम्मो मंगल मुक्किट्ठं'** આ પહેલો શ્લોક બીજા આદિ શ્લોકની અને દ્વિતીયાદિ શ્લોક પહેલા શ્લોકની અપેક્ષા રાખે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે ઋજુકાદિક બાવીસ સૂત્રો

જૈન સિદ્ધાંત પ્રમાણે પરસ્પર નિરપેક્ષ છે, પણ એ જ બાવીસ સૂત્રો આજીવિક પરિપાટી પ્રમાણે પરસ્પર સાપેક્ષ છે. એ જ બાવીસ સૂત્રો ત્રૈરાશિકસૂત્ર પરિપાટી અનુસાર ત્રિ નયિક છે. એટલે કે ત્રૈરાશિકો નયના આ ત્રણ ભેદ માને છે-દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક, ઉભયાર્થિક. તેથી ત્રૈરાશિક મતવાદીઓમી એવી માન્યતા છે કે ઋજુક દિ બાવીસ સૂત્રો એ ત્રણ નયવાળાં છે. તથા જિન સિદ્ધાન્ત સૂત્ર પરિપાટી પ્રમાણે તે બાવીસ સૂત્રો સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર અને શબ્દ, એ ચાર નયોથી યુકત છે, એવી સ્યાદ્વાદીઓની માન્યતા છે. આ પ્રમાણે જુદી જુદી માન્યતાઓ અને છિન્ન અચ્છિન્ન નય યુકતતા પ્રમાણે તે ૨૨ સૂત્રોને ૪ વડે ગુણવાથી ૮૮ ભેદ થઈ જાય છે. સૂત્રનું આ પ્રમાણેનું સ્વરૂપ છે.

હવે દૃષ્ટિવાદના ત્રીજા ભેદ પૂર્વગતનું સ્વરૂપ જાણવાને માટે શિષ્ય પૂછે છે— હે ભદંત! પૂર્વગતનું સ્વરૂપ કેવું છે? ઉત્તરઃ પૂર્વગતના ૧૪ ભેદ છે તે આ પ્રમાણે છે-(૧)**उत्पाद पूर्व**—તેમાં સમસ્ત દ્રવ્યો અને પર્યાયની ઉત્પાદભાવની દૃષ્ટિએ પ્રરૂપણા કરવામાં આવી છે. (૨) **अग्रेणीयपूर्व**—તેમાં સમસ્ત દ્રવ્યો, પર્યાયો અને જીવવિ-શેષોનું પરિણામ વર્ણવ્યું છે. તેમાં ૯૬ લાખ પદ છે. (૩) **वीर्यप्रवादपूर्व**—તેમાં કર્મરહિત અને કર્મસહિત જીવોની તથા અજીવોની શકિતનું વર્ણન કર્યું છે. તેમાં ૭૦ લાખ પદ છે. (૪) **अस्तिनास्तिपूर्व**—તેમાં જે જે વસ્તુઓ લોકમાં જે પ્રકારે વિદ્યમાન છે અથવા જે પ્રકારે નાસ્તિરૂપ [અવિદ્યમાન] છે તેનું કથન કર્યું છે. અથવા સ્યાદ્વાદ સિદ્ધાત અનુસાર 'જે વસ્તુઓ અસ્તિરૂપ (વિદ્યમાન) છે એ જ વસ્તુઓ નાસ્તિરૂપ પણ છે' એવું શા માટે છે તે વિષય સમજાવ્યો છે તેમાં ૬૦ લાખ પદ છે **ज्ञानप्रवादपूर्व**—તેમાં મતિજ્ઞાન આદિ પાંચ જ્ઞાનોની પ્રરૂપણા કરી છે તેમાં પદોનું પ્રમાણ એક કરોડમાં એક ઓછું છે. (૬)**सत्यप्रवादपूर्व**—તેમાં સત્ય-સંયમ અથવા સત્યવચનનું તેમના ભેદો તથા પ્રતિપક્ષી સહિત વર્ણન કર્યું છે. તેમાં એક કરોડ અને છ પદો છે. (૭) **आत्मप्रवादपूर्व**—તેમાં નયસિદ્ધાંતને અનુલક્ષીને અનેક પ્રકારે આત્માનું વર્ણન કર્યું છે. તેમાં છવીસકરોડ પદ છે. (૮) **कर्मप्रवादपूर्व**—તેમાં જ્ઞાનાવરણીય આદિ આઠ પ્રકારનાં કર્મોનું પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ, અને પ્રદેશબંધ, એ ચાર બંધોને તથા તેમના બીજા ઉત્તરોત્તર ભેદપ્રભેદોને અનુલક્ષીને વર્ણન કર્યું તેમાં એક કરોડ એંસી હજાર પદ છે. **प्रत्याख्यानप्रवादपूर्व**—તેમાં સમસ્ત પ્રત્યા-

ખ્યાનોના સ્વરૂપનું વર્ણન કર્યું છે. તેમાં ૮૪૦૦૦૦૦(૮૪ લાખ) પદ છે. (૧૦) **विद्यानुप्रवादपूर्व**–તેમાં વિદ્યાઓના અનેક અતિશયોનું વર્ણન કર્યું છે. તેમાં એક કરોડ દસ લાખ પદ છે. (૧૧) **अवन्ध्यपूर्व**–તેમાં જ્ઞાન, તપ અને સંયમયોગ શુભ ફળદાયી હોય છે. અને અપ્રશસ્ત પ્રમાદ આદિ અશુભફળદાયી હોય છે, એ વિષય સમજાવ્યો છે. (૧૨) **प्राणायुपूर्व**–તેમાં આયુ અને પ્રાણોનું તેમના ભેદો સહિત વર્ણન કર્યું છે. તથા બીજાં પ્રાણો પણ તેમાં બતાવ્યા છે. તેમાં એક કરોડ અને છપ્પન લાખ પદો છે. (૧૩) **क्रियाविशालपूर्व**–તેમાં કાયિકી આદિ ક્રિયાઓનું સંયમ ક્રિયાઓનું, અને છંદક્રિયાઓનું વિસ્તૃત વર્ણન કર્યું છે. તેમાં ૯ કરોડ પદ છે. (૧૪) **लोकबिन्दुसार**–અક્ષરનાં બિન્દુની જેમ તે આલોકમાં અથવા શ્રુતલોકમાં સર્વોત્તમ છે. સમસ્ત અક્ષરોના સન્નિપાતિ સંબંધથી તે પ્રતિષ્ઠત યુકત છે તેમાં ૧૨ કરોડ ૫૦ લાખ પદ છે. ઉત્પાદ પૂર્વની દસ વસ્તુઓ ચોક્કસ વર્ણનથી પ્રતિબદ્ધ દસ અધ્યયનરૂપ છે, તથા ચાર ચૂલિકાવસ્તુઓ છે. ચૂલિકા વસ્તુઓ એવી ગ્રન્થપદ્ધતિ છે કે જેમાં દૃષ્ટિવાદ, પરિકર્મ, સૂત્ર, પૂર્વગત અને અધ્યયનમાં નહીં કહેવાયેલા વિષયોનો સંગ્રહ કરાયો છે. તેમાં આવતી જે વસ્તુઓ છે તેમને ચૂલિકાવસ્તુઓ કહે છે. અગ્રેણીય પૂર્વની ચૌદ વસ્તુઓ છે. અને બાર ચૂલિકાવસ્તુઓ છે–વીર્યપ્રવાદ પૂર્વની આઠ વસ્તુઓ છે અને આઠ જ ચૂલિકાવસ્તુઓ છે.—અસ્તિનાસ્તિ પ્રવાદપૂર્વની ૧૮ વસ્તુઓ છે. અને દસ ચૂલિકાવસ્તુ છે. જ્ઞાનપ્રવાદપૂર્વની ૧૨ વસ્તુઓ છે. સત્યપ્રવાદપૂર્વની બે વસ્તુંઓ છે. આત્મપ્રવાદપૂર્વમી ૧૬ વસ્તુઓ છે. કર્મપ્રવાદપૂર્વની ૩૦ વસ્તુઓ છે. પ્રત્યાખ્યાનપૂર્વની ૨૦ વસ્તુઓ છે. વિદ્યાનુપ્રવાદપૂર્વની ૧૫ વસ્તુઓ છે. અબંધ્યપ્રવાદપૂર્વની ૧૨ વસ્તુઓ છે. પ્રાણાયુ પ્રવાદપૂર્વની ૧૩ વસ્તુઓ છે. ક્રિયાવિશાલ પૂર્વની ૩૦ વસ્તુઓ છે. લોકબિન્દુસાર પૂર્વની ૨૫ વસ્તુઓ છે. આ વિષયને સૂત્રકારે **"दस चोद्दस"** ઇત્યાદિ ત્રણ ગાથાઓ દ્વારા સંક્ષિપ્તમાં બતાવેલ છે. પૂર્વગતનું આ પ્રકારનું સ્વરૂપ છે.

હવે દૃષ્ટિવાદના અનુયોગ નામના ચોથા ભેદનું સ્વરૂપ સમજવાને માટે શિષ્ય પૂછે છે-હેભદન્ત! અનુંયોગનું સ્વરૂપ કેવું છે? ઉત્તર-સૂત્રનો પોતાના વાચ્યાર્થની સાથે જે સંબંધ હોય છે તેનું નામ અનુયોગ છે. તે અનુયોગના નીચે પ્રમાણે બે પ્રકાર છે-(૧)મૂલપ્રથમાનુંયોગ અને(૨)ગંડિકાનયોગ. તે મૂલપ્રથમાનુંયોગનું કેવું સ્વરૂપ છે? ઉત્તર-મૂલપ્રથમાનુયોગમાં અર્હંત ભગવાનોના પૂર્વજન્મો, દેવલોકગમન, આયુ-ચ્યવન. જન્મ, અભિષેક, રાજવરલક્ષ્મી, શિબિકાઓ, પ્રવ્રજ્યાઓ તપસ્યાઓ, ભકત, કેવળજ્ઞાનની પ્રાપ્તિ, તીર્થપ્રવર્તન સંહનન, સંસ્થાન, ઉચ્ચત્વ, આયુ, વર્ણવિભાગ, શિષ્યો, ગણ, ગણધરો, આર્ય, પ્રવર્ત્તિની, ચતુર્વિધ સંઘનું પ્રમાણ, જિન-કેવળજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, સમસ્તશ્રુતના પાઠી, વાદી, અનુત્તર વિમાનેમાં ગમન, પાદપોપગમન સથારા ધારણ કરીને સિદ્ધગતિ પામેલા સિદ્ધો, તથા કર્મોનું અનશન દ્વારા છેદન કરીને જેટલા મુનિવરોએ કર્મરજથી રહિત થઈને અનુત્તર-પુનરાગમન રહિત-મુક્તિમાર્ગને પ્રાપ્ત કર્યો છે તે બધા વિષયોનું વર્ણન કર્યું છે. તથા તે વિષયો સિવાયનાં પણ તેમના જેવા બીજા જે જે વિષયો છે. તેમનું પણ આ મૂલપ્રથ-માનુયોગમાં સામાન્ય તથા વિશેષ પ્રકારે વર્ણન થયું છે, પ્રજ્ઞાપિત થયા છે, પ્રરૂપિત થયા છે, ઉપમાન ઉપમેય ભાવાદિ દ્વારા સ્પષ્ટીકરણ કરાયું છે, ભવ્યજીવોના કલ્યા-ણને માટે અથવા અન્ય જીવોની અનુકંપાથી તેમનું વારંવાર કથન કરાયું છે, ઉપનય નિગમનોથી અથવા સમસ્ત નયોના પ્રમાણથી નિઃશંકપણે-સંદેહને સ્થાન ન રહે તે રીતે-શિષ્યોને તે સમજાવવામાં આવેલ છે. આ મૂલપ્રથમાનુયોગનું આ પ્રકારનું સ્વરૂપ છે. હે ભદંત! ગંડિકાનુયોગનું કેવું સ્વરૂપ છે?

ગંડિકાનુયોગ અનેક પ્રકારનો છે, એક જ વિષયને અનુલક્ષીને જેમાં વિચાર-ધારા ચાલે છે એટલે કે એકવકતવ્યતાવાળા અર્થાધિકારથી યુકત જે વાકયપદ્ધતિયો છે તેમને ગંડિકા કહે છે. તે ગંડિકાએ અનેક પ્રકારની હોય છે. તે ગંડિકાઓના અર્થની જે કથનવિધિ છે તેનું નામ ગંડિકાનુયોગ છે. આં ગંડિકાનુયોગ પણ વિવિધ પ્રકારના હોય છે. જેમ કે (१) **कुलकरगंडिका**-તેમા વિમલવાહન આદિ કુલકરોના પૂર્વજન્મ આદિનું વર્ણન કર્યું છે. (२) **तीर्थंकरगंडिका**-તેમાં તીર્થંકરોના પૂર્વ-જન્મ આદિનું, (३) **गणधरगंडिका**-તેમાં ગણધરોના પૂર્વજન્મ આદિનું, (४) **चक्रधरगंडिका**-તેમાં ચક્રવર્તિયોના પૂર્વજન્મ આદિનું, (५) **दशार्हगंडिका**-તેમાં સમુદ્રવિજયથી લઈને વાસુદેવોના પૂર્વજન્મ આદિનું વર્ણન કરવામાં આવ્યું છે. એ જ પ્રમાણે બીજી ગંડિકાઓમાં પણ તે તે પ્રકારનાં વર્ણન કર્યાં છે. જેમ કે બલદેવગંડિકા, વાસુદેવગંડિકા, હરિવંશગંડિકા તપઃકર્મગંડિકા, ચિત્રાન્તર ગંડિકા, ઉત્સર્પિણી ગંડિકા, અવસર્પિણી ગંડિકા, તથા અમર (દેવો) નર, તિર્યંચ, નારકી, એ ચાર ગતિયોમાં જે ગમન થાય છે અને એ ગમનોમાં જે વિવિધ પર્યટન (પરિ-

ભ્રમણ થાય છે તેમનું કથન પણ તે પ્રકારની ગંડિકાઓમાં કરવામાં આવ્યું છે. ઉપરોકત ગંડિકાઓ તથા તેમના જેવી બીજી ગંડિકાઓનું કથન પણ ગંડિકાનુંયોગમાં સામાન્ય તથા વિશેષરૂપે થયું છે, **'परूविज्जंति, दंसिज्जंति, निदंसिज्जं,ति, उवसिज्जंति,** આ પદોના અર્થ આગળ સ્પષ્ટ કરવામાં આવ્યા છે. ગંડિકાનુયોગનું આ પ્રકારનું સ્વરૂપ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે જે નામની જે ગંડિકા હોય છે તેમાં તે વિષયનું પુરેપુરૂં વર્ણન કર્યું હોય છે. ચિત્રાન્તર ગંડિકામાં ઋષભનાથ અને અજિતનાથના વચગાળાના કાળમાં તેમના વંશજ જે નૃપો થયા છે તેમની શિવગતિ પ્રાપ્તિનું તથા અનુત્તર વિમાનોમાં ઉત્પત્તિનું કથન કર્યું છે. ગંડિકાનુંયોગ આ પ્રકારનો છે.

હવે દૃષ્ટિવાદના પાંચમાં ચૂલિકા નામના ભેદ વિષે શિષ્ય પૂછે છે–કે હે ભદંત ! ચૂલિકાનું કેવું સ્વરૂપ છે?

ઉત્તર–ઉત્પાદપૂર્વથી લઈને અસ્તિનાસ્તિ પ્રવાદપૂર્વ સુધીના ચાર પૂર્વને ચૂલિકાઓ છે. બાકીનાં પૂર્વોની ચૂલિકાઓ નથી. ચૂલિકાનું એ પ્રકારનું સ્વરૂપ છે. દૃષ્ટિવાદની સંખ્યાત વાચનાઓ છે, સંખ્યાત અનુયોગ દ્વાર છે, સંખ્યાતપ્રતિપત્તિયો છે, સંખ્યાત નિર્યુક્તિયો છે, સંખ્યાત શ્લોકો છે, અને સંખ્યાત સંગ્રહણિયો છે. અંગોની અપેક્ષાએ તે બારમું અંગ છે. તેમાં એક શ્રુતસ્કંધ છે, ચૌદ પૂર્વ છે, સંખ્યાત વસ્તુઓ છે, સંયખત ચૂલિકાવસ્તુઓ છે, સંખ્યાત પ્રાભૂતિકાઓ છે, અને સંખ્યાત પ્રાભૃતપ્રાભૃતિકાઓ છે. ગ્રંથાંશવિશેષનું નામ પ્રાભૃત છે. ગ્રન્થાંશ વિશેષોના જે અંશ વિશેષો હોય છે તેમને પ્રાભૃતપ્રાભૃત કહે છે. તેમાં સંખ્યાત હજાર પદો છે, સંખ્યાત અક્ષરો છે, અનંત ગમ છે, અનંત પર્યાયો છે, અસંખ્યાત ત્રસ છે, અને અનંત સ્થાવર છે. ઉપરોકત સમસ્ત જિનપ્રજ્ઞપ્ત ભાવો દ્રવ્યાર્થતાની અપેક્ષાએ નિત્ય છે, અને પર્યાયાર્થતાની અપેક્ષાએ અનિત્ય છે. સૂત્રમાં ગ્રંથિત હોવાને કારણે નિબદ્ધ છે, નિર્યુક્તિયો, સગ્રહણીઓ, હેતુ અને ઉદાહરણો દ્વારા તેમનું નિરૂપણ કરાયું છે. તેથી તે ભાવો નિકાચિત છે આ બધા જિનપ્રજ્ઞપ્ત ભાવોનું આ સૂત્રમાં સામાન્ય તથા વિશેષરૂપે કથન થયું છે, પ્રરૂપણા થઈ છે, ઉપમાન ઉપમેય ભાવાદિ દ્વારા તેમની પુષ્ટિ કરી છે. અન્યજીવો પ્રત્યેની અનુકંપાથી અને ભવ્યજીવોના કલ્યાણની કામનાથી તેમનું વારંવાર કથન કર્યું છે ઉપનય અને નિગમન એ બન્નેના અથવા સમસ્ત નયેના અભિપ્રાય અનુસાર શિષ્યોના મગજમાં તે એવી રીતે ઉતારવામાં આવ્યા છે કે તેમના મનમાં કોઈ પણ પ્રકારનો સંદેહ રહે નહીં. જે આ દૃષ્ટિવાદ અંગનું ભાવપૂર્વક અધ્યયન કરે છે તે આ અંગમાં કથિત ક્રિયારૂપ પરિણામથી પરણમિત થવાને કારણે આત્મસ્વરૂપ થઈ જાય છે. "ક્રિયારૂપ સાર વાળું જ્ઞાન જ શ્રેયસ્કર હોય

છે" એ વાતને પ્રગટ કરવાને માટે ક્રિયાપરિણામનો ઉલ્લેખ કરીને હવે જ્ઞાનની અપેક્ષાએ સૂત્રકાર કહે છે કે જે આ અંગનું સારી રીતે અધ્યયન કરે છે તે સમસ્ત પદાર્થોનો જ્ઞાતા બની જાય છે. અને એ રીતે વિવિધ પ્રકારનાં જ્ઞાનોથી તેની શોભા વધે છે. આ પ્રમાણે આ સૂત્રમાં સાધુઓનાં ચરણ અને કરણની પ્રરૂપણા કરી છે. દૃષ્ટિવાદનું આ પ્રકારનું સ્વરૂપ છે. આ રીતે આચારાંગથી લઇને દૃષ્ટિવાદ અંગ સુધીના બાર અંગોથી યુકત ગણિપિટકરૂપ દ્વાદશાંગથી યુકત આ પ્રવચનરૂપ પુરુષ છે ।સૂ. ૧૮૪।

## બારહવે અંગ કી વિરાધના સે ઔર આરાધના સે ક્યા ફલ હોતા હૈ ઉનકા નિરૂપણ

જે પુરુષ આ ગણિપિટકરૂપ દ્વાદશાંગની આરાધના કરે છે, તથા જે તેની વિરાધના કરે છે તેમને ત્રણે કાળમાં-ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં કેવું ફળ પ્રાપ્ત થાય છે, એ બાબત હવે સૂત્રકાર બતાવે છે—

શબ્દાર્થ—(इच्चेइयं दुवालसंगं गणिपिडगं) इत्येतं द्वादशांगं गणिपिटकं- આ દ્વાદશાંગરૂપ ગણિપિટકની (आणाए) अज्ञया—અજ્ઞાની (विराहित्ता) विराध्य—વિરાધના કરવાથી ( अणंता जीवा अतीत काले)—अनंताः जीवाः अतीतकाले—ભૂતકાળમાં અનંત જીવોએ (चाउरंतसंसारकंतारं ) चातुरन्तसंसारकान्तारं—ચારગતિવાળી સંસાર રૂપી અટવીમાં (अणुपरियट्टिंसु) अन्वपर्यटन्—પરિભ્રમણ કર્યુ છે, (इच्चेइयं दुवालसगं गणिपिडगं) इत्येतम् द्वादशांग गणिपिटकं- આ દ્વાદશાંગરૂપ ગણિપિટકની (आणाए विराहित्ता) आज्ञया विराध्य—આજ્ઞાની વિરાધના કરીને (पडुप्पण्णे काले) प्रत्युत्पन्नकाले—વર્તમાન કાળમાં (परित्ता जीवा) परीताः जीवाः—સંખ્યાત જીવો (चाउरंतसंसारकंतारं) चातुरन्तसंसार-कान्तारं—ચાર ગતિરૂપ સંસારરૂપી અટવીમાં (अणुपरियट्टंति) अनुपर्यटन्ति—પરિભ્રમણ કરે છે. (इच्चेइयं दुवालसंगं गणिपिडगं) इत्येतं द्वादशांगं गणिपिटकं—આ દ્વાદશાંગરૂપ ગણિપિટકની (आणाए विराहिय) आज्ञया विराध्य—આજ્ઞાની વિરાધના કરીને (अणागए काले)अनागते काले—ભવિષ્યકાળમાં (अणंता जीवा) अनन्ता जीवाः અનન્ત જી चाउरंतसंसारकंतारं) चातुरन्तसंसारकांतारं—

ચારગતિરૂપ સંસારકાનનમાં (अणुपरियट्टिस्संति) अनुपर्यटिष्यन्ति–પરિભ્રમણ કરશે, (इच्चेइयं दुवालसंगं गणिपिडगं) इत्येतं द्वादशांगं गणिपिटकं––આ દ્વાદશાંગરૂપ ગણિપિટકની (आणाए आराहित्ता) आज्ञया आराध्य–આજ્ઞાની આરાધના કરીને (अतीते काले) ભૂતકાળમાં (अणंता जीवा) अनंता जीवाः અનન્ત જીવો ( चाउरंतसंसारकंतारं ) चातुरन्तसंसारकान्तारं–ચારગતિરૂપ સંસાર અટવીને (वीइवइंसु) व्यत्यव्रजन्–પાર કરી ગયા છે (एवं पडुप्पण्णेऽवि, एवं अणागएऽवि) एवं प्रत्युत्पन्नेऽपि, एवं अनागतेऽपि–અને જે મનુષ્યો વર્તમાનકાળમાં આ દ્વાદશાંગરૂપ ગણિપિટકની આરાધના કરે છે અને ભવિષ્યમાં આરાધના કરશે તેઓ ચારગતિરૂપ આ સંસાર અટવીને પાર કરી રહ્યાં છે અને પાર કરશે. (दुवालसंगे णं गणिपिडगे) द्वादशांगः खलु गणिपिटक–દ્વાદશાંગરૂપ ગણિપિટક (ण कयावि णत्थि) न कदापि नास्ति–પહેલાં કદી પણ ન હતું એવી વાત નથી, (ण कयावि णासी) न कदापि नासीत्–પહેલાં કયારેય ન હતું એવી વાત નથી એટલે કે તે પહેલાં પણ હતું, (ण कयावि ण भविस्सइ)न कदापि न भविष्यति–ભવિષ્યકાળમાં તેનું અસ્તિત્વ નહીં હોય એમ પણ નથી એટલે કે ભવિષ્યમાં પણ અવશ્ય રહેશે જ. એજ અર્થને ફરી સૂત્રકાર કહે છે-(भुविं च) अभूच्च–આ ગણિપિટક પહેલાં પણ હતું, (भइय) अस्ति च–

વર્તમાનકાળમાં પણ છે, અને (भविस्सइ य) भविष्यति च–ભવિષ્યકાળમાં પણ રહેશે, તેથી આ ગણિપિટક (अयले) अचलः–અચળ છે–ત્રણે કાળમાં તેનું અસ્તિત્વ રહેવાનું છે, (धुवे) ध्रुवः–મેરુ પર્વત આદિની જેમ તે ધ્રુવ છે. (णिईए) नियतः–જીવદ્રવ્યની જેમ તે નિશ્ચિત છે, (सासए) शाश्वतः–સમય આવલિકા આદિમાં કાળવચનની જેમ તે શાશ્વત છે, (अक्खए) अक्षयः–ગંગા સિંધુ નદીના પ્રવાહમાં પાણી જવા છતાં પદ્મહ્રદ જેમ અક્ષય રહે છે તેમ તે પણ અક્ષય છે. (अव्वए) अव्ययः–માનુષોત્તર પર્વતની બહારના સમુદ્રની જેમ તે અવ્યય છે. (अवट्ठिए) अवस्थितः–જેમ પોતાની મર્યાદામાં જંબૂદ્વીપ આદિ અવસ્થિત છે તેમ તે પણ પોતાની મર્યાદામાં અવસ્થિત રહેલ છે. (णिच्चे) नित्यः–આકાશની જેમ તે નિત્ય છે. (से जहाणामए) तद् यथा नामकम्-જેમ (पंच अत्थिकाया) पञ्चास्तिकायाः–ધર્માસ્તિકાય આદિ પાંચ અસ્તિકાયો (ण कयावि ण आसी) न कदापि नासीत्–કદી ન હતાં એવી વાત નથી, પણ હંમેશાં હતાં જ (ण कयाइ णत्थि) न कदापि न सन्ति–તેમનું અસ્તિત્વ નથી એવી વાત પણ નથી એટલે કે તે નિત્ય છે, (ण कयाइ ण भविस्संति) न कदापि न भविष्यन्ति–ભવિષ્યકાળમાં તે નહીં હોય એ વાત પણ માની શકાય તેમ નથી. એટલે કે ભવિષ્યમાં પણ હશે જ. (भूविं च, भवंति य, भविस्संति य) अभूवन्, भवन्तिच, भविष्यन्ति

च्च–પાંચે અસ્તિકાય ભૂતકાળમાં હતા, વર્તમાનમાં છે અને ભવિષ્યકાળમાં હશે જ. (अयला) अचलाः–તેઓ અચલ છે (धुवा) ध्रुवाः–ધ્રુવ છે, (णिइया) नियताः–નિયત છે, (सासया) शाश्वताः–શાશ્વત છે, (अक्खया, अव्वया, अवट्ठिया, णिच्चा) अक्षयाः, अव्ययाः, अवस्थिताः, नित्याः–અક્ષય, નાશરહિત, અવસ્થિત અને નિત્ય છે (एवामेव) एवमेव–એ જ પ્રમાણે (दुवालसंगे गणिपिडगे) द्वादशांगो गणिपिटकः–આ દ્વાદશાંગરૂપ ગણિપિટક (ण कयाइ ण आसि) न कदापि नासीत्–કદી ન હતું એમ માની શકાય તેમ નથી, (ण कयाइ णत्थि) न कदापि नास्ति–ક્યારેય તેનું અસ્તિત્વ નથી એવી વાત પણ માન્ય નથી, (ण कयाइ ण भविस्सइ)न कदापि न भविष्यति–કદી રહેશે નહીં એ વાત પણ માન્ય નથી. એટલે કે ત્રણે કાળમાં તેનું અસ્તિત્વ રહેશે જ. (अचले, धुवे, जाव अवट्ठिए णिच्चे) अचलः, ध्रुवः, यावत् अवस्थितः, नित्यः–અચલ, ધ્રુવ, નિયત, શાશ્વત, અક્ષય, અવ્યય, અવસ્થિત અને નિત્ય છે. (एत्थ णं दुवालसंगे गणिपिडगे) अत्र खलु द्वादशांगे गणिपिटके–આ ગણિપિટકરૂપ બાર અંગમાં (अणंता भावा) अनन्ता भावा–અનંત જીવાદિક પદાર્થ, (अणंताऽभावा) अनन्ताः अभावाः–અનંત અભાવરૂપ પદાર્થો, (अणंताहेऊ) अनन्ता हेतवः–અનંત હેતુ, (अणंता अहेऊ) अनन्ता अहेतवः અનંત અહેતુ. (अणंता कारणा)

**अनन्तानि कारणानि**—અનંત કારણો ,(**अणंता अकारणा**) **अनन्तानि अकारणानि**—અનંત અકારણો (**अणंता जीवा, अणंता अजीवा**)**अनन्ताः जीवाः, अनन्ताः अजीवाः**—અનંત જીવો, અનંત અજીવો, (**अणंता भवसिद्धिया, अणंता अभवसिद्धिया**) **अनन्ता भवसिद्धिकाः, अनन्ता अभवसिद्धिकाः**—અનંત ભવસિદ્ધિકો, અનંત અભવસિદ્ધિકો, (**अणंता सिद्धा, अणंता असिद्धा**) **अनन्ताः सिद्धाः, अनन्ता असिद्धाश्च**—અનંત સિદ્ધો અને અનંત અસિદ્ધોનું (**आघविज्जंति**) **आख्यायन्ते**—સામાન્ય રીતે પ્રતિપાદન કર્યું છે. (**पण्णविज्जंति**) **प्रज्ञाप्यन्ते**—વિશેષરૂપે પ્રજ્ઞાપન કરાયું છે, (**परूविज्जंति**) **प्ररूप्यन्ते**—પ્રરૂપણ થયું છે, (**दंसिज्जंति**) **दर्श्यन्ते**—ઉપમાન ઉપમેય ભાવ આદિથી કથન થયું છે, (**निदंसिज्जंति**) **निदर्श्यन्ते**—અન્ય જીવોની દયાથી અથવા ભવ્યજનોના કલ્યાણની ભાવનાથી ફરી ફરીને તેમનો ઉલ્લેખ થયો છે, (**उवदंसिज्जंति**) **उपदर्श्यन्ते**—ઉપનય અને નિગમન, એ બન્ને નયો અથવા સમસ્ત નયોના અભિપ્રાય અનુસાર તેમને શિષ્યોની બુદ્ધિમાં એવી રીતે ઉતારવામાં આવ્યા છે કે જેથી તેમના મનમાં કોઇ પણ જાતના સંશયનો અવકાશ જ રહે નહીં. (**एवं दुवालसंगं गणिपिडगं**) **एवं द्वादशाङ्गं गणिपिटकं**-આ ગણિપિટકરૂપ દ્વાદશાંગનું આ પ્રકારનું સ્વરૂપ છે.।સૂ૧૮૫।

ટીકાર્થ—(इच्चेइयं दुवालसंगं) इत्यादि—

ભૂતકાળમાં, આ ગણિપિટકરૂપ દ્વાદશાંગની આજ્ઞાની વિરાધના કરવાથી એટલે કે તેની આજ્ઞાવિરૂદ્ધ વર્તન કરવાથી–અનેક જીવોને નરક આદિ ચાર ગતિ વાળા સંસારરૂપી વનમાં ભમવું પડયું છે. તેનું તાત્પર્ય એ છે કે ગણિપિટકરૂપ દ્વાદશાંગની વિરાધના કરવાથી–પાઠાદિરૂપ સૂત્રાજ્ઞાની વિરૂદ્ધ વર્તન કરવાથી ભૂતકાળમાં અનંત જીવોએ જમાલીની જેમ નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિથી અતિ ગહન બનેલી આ ભવાટવીમાં વારંવાર પરિભ્રમણ કર્યું છે. તથા આ ગણિપિટકરૂપ દ્વાદશાંગના અભિનિવેશને કારણે જુદી જ રીતે પ્રરૂપણા કરવા રૂપ અર્થાજ્ઞા દ્વારા વિરાધના કરીને ગોષ્ઠામાહિલ, ઢંઢી અને તેરાપંથી આદિની જેમ જીવોએ આ ચારગતિવાળા સંસાર કાનનમાં પરિભ્રમણ કર્યું છે. તથા સૂત્ર અને અર્થ, બન્નેની અન્યથાપાઠાદિરૂપ સૂત્રજ્ઞા દ્વારા તથા અન્યથા પ્રરૂપણારૂપ અર્થાજ્ઞા દ્વારા વિરાધના કરીને અનંત જીવેને આ ચારગતિવાળા સંસારકાનનમાં ઘૂમવું પડયું છે. તેનું તાત્પર્ય એ છે કે જે જીવોએ ભૂતકાળમાં આ દ્વાદશાંગના અભિનિવેશ આદિને વશ થઇને પોતાની કલ્પના અનુસાર જુદી જ રીતે અર્થ કર્યો હતે, તથા અર્થથી અન્યથા (જુદા જ પ્રકારની પ્રરૂપણા કરી હતી, તથા સૂત્ર અને અર્થ બન્નેની અન્યથા પ્રરૂપણા કરી હતી તેમણે આ અનંત સંસારમાં પરિભ્રમણ કર્યું છે. તથા વર્તમાનકાળમાં તેરાંપથી, ઢંઢી આદિ લોકોની જેમ આ ગણિપિટકરૂપ દ્વાદશાંગના, સૂત્ર, અર્થ અને સૂત્રાર્થ એ ત્રિવિધ આજ્ઞાથી વિરૂદ્ધ આચરણ કરીને–તેમની વિરાધના કરીને કેટલાક લોકો આ ચારગતિવાળા સંસાર કાનનમાં ઘૂમી રહ્યા છે. એટલે કે જે જીવો વર્તમાનકાળમાં આ ગણિપિટકરૂપ દ્વાદશાંગની સૂત્રાજ્ઞાથી, અને અર્થાજ્ઞાથી વિપરીત માન્યતા ધરાવે છે તેઓ તેરાંપંથી આદિની જેમ આ અનંત સંસારમાં ભ્રમણ કરે છે. તથા આ ગણિપિટકરૂપ દ્વાદશાંગની ભવિષ્યમાં વિરાધના કરીને અનંત જીવો ચારગતિવાળા સંસારરૂપ ગહનવનમાં પરિભ્રમણ કરશે. આ રીતે વિરાધનાથી પ્રાપ્ય ત્રૈકાલિકફળ બતાવી હવે સૂત્રકાર આરાધનાથી પ્રાપ્ત થતું ત્રૈકાલિકફળ બતાવે છે–જેમણે આ ગણિપિટકરૂપ દ્વાદશાંગની સૂત્ર, અર્થ અને-સૂત્રાર્થ દ્વારા પ્રતિપાદિત આજ્ઞાનું પાલન કર્યું છે તેઓ આ ચારગતિવાળા સંસાર રૂપી વનનો પાર પામી ગયાં છે. એજ પ્રમાણે લોકો આ ગણિપિટકરૂપ દ્વાદશાંગની ત્રિવિધ આજ્ઞાનું સારી રીતે પાલન કરી રહ્યાં છે તેઓ આ સંસારરૂપી વનનો પાર પામી રહ્યાં છે, અને ભવિષ્યમાં જેઓ તેની આજ્ઞાનું પાલન કરશે તેઓ આ સંસારકાનનનો પાર પામશે. આ ગણિપિટકરૂપ દ્વાદશાગનું અસ્તિત્વ ભૂતકાળમાં હતું વર્તમાનમાં છે અને ભવિષ્યમાં રહેશે–તેનું અસ્તિત્વ ત્રણે કાળમાં રહેવાનું

જ છે-પહેલાં તે હતું, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં હશે જ, કારણ તે અચલ છે તેથી ત્રણે કાળમાં તેનું અસ્તિત્વ રહે તે સ્વાભાવિક છે. તે સ્થિર હોવાથી મેરુ પર્વત આદિની જેમ ધ્રુવ છે. જીવદ્રવ્યની જેમ નિશ્ચિત હોવાથી તે નિયત છે. સમય આવલિકા આદિમાં કાલવચનની જેમ તે શાશ્વત છે. જેવી રીતે પદ્મહ્રદમ થી ગંગા સિંધુ આદિમાં પાણી જતું હોવા છતાં પણ તે અક્ષય છે તેવી રીતે દ્વાદશાંગ પણ અક્ષય છે. માનુષોત્તર પર્વતની બહારના સમુદ્રની જેમ તે વ્યયરહિત (અવ્યય) છે. જેમ પોતાના પ્રમાણમાં જંબૂદ્વીપ અવસ્થિત છે તેમ તે પણ પોતાની મર્યાદામાં અવસ્થિત છે-એ જ સ્થિતિમાં છે, તે આકાશની જેમ નિત્ય છે. જેમ ધર્માસ્તિકાય આદિ પાંચ દ્રવ્યો ભૂતકાળમાં હતાં, વર્તમાનમા છે અને ભવિષ્યમાં રહેશે-ત્રણે કાળમાં તેમનું અસ્તિત્વ રહેવા બાબત શંકાને કોઈ સ્થાન નથી-તેઓ અચલ, ધ્રુવ, નિયત, શાશ્વત, અક્ષય. અવ્યય, અવસ્થિત અને નિત્ય છે, તેવી જ રીતે આ દ્વદશાંગરૂપ ગણિપિટક પણ ભૂતકાળમાં હતું, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં રહેશે. તેથી તે પણ ધર્માસ્તિકાયની જેમ અચલ, ધ્રુવ, નિયત, શાશ્વત, અક્ષય, અવ્યય, અવસ્થિત અને નિત્ય છે. આ દ્વાદશાંગરૂપ ગણિપિટકમાં અનંત જીવાદિક પદાર્થો, અનંત અભાવરૂપ પદાર્થો, અનંત હેતુ, અનંત અહેતુ, અનંત કારણ, અનંત અકારણ, અનંત જીવ, અનંત અજીવ, અનંત ભવસિદ્ધિકો, અનંત અભવસિદ્ધિકો, અનંત સિદ્ધ, અનંત અસિદ્ધ, વગેરેનું સામાન્ય રીતે પ્રતિપાદન કરાયું છે, વિશેષ પ્રકારે પ્રજ્ઞાપન થયું છે, પ્રરૂપણ થયું છે, ઉપમાન ઉપમેય ભાવ આદિથી તેમનું કથન કરાયું છે. અન્ય જીવો પ્રત્યેની કરુણાથી તથા ભવ્યજનોના કલ્યાણને માટે વારંવાર તેમનો ઉલ્લેખ કરાયો છે ઉપનય અને નિગમન એ બન્નેના અથવા સમસ્ત નયોના અભિપ્રાય અનુસાર શિષ્યજનોને એવી રીતે સમજાવવામાં આવ્યા છે કે તેમના મનમાં કોઇપણ જાતનો સંદેહ રહેવા પામે નહીં આ ગણિપિટકરૂપ દ્વાદશાંગનું આવું સ્વરૂપ છે.

ભાવાર્થ—જે જે જીવોએ આ ગણિપિટકરૂપ દ્વાદશાંગની આજ્ઞાની કોઈ પણ પ્રકારે વિરાધના કરી છે તે જીવોને આ ચારગતિવાળા સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે. જે જે જીવોએ આ ગણિપિટકરૂપ દ્વાદશાંગની આજ્ઞાનું પાલન કર્યું છે તે જીવો આ ચારગતિવાળા સંસારને પાર કરી ગયાં છે, જેઓ તેની આજ્ઞાનું પાલન કરી રહ્યાં છે તેઓ આ સંસારનો પાર પામશે જેઓ તેની આજ્ઞાનું પાલન કરતાં નથી તેઓ સંસારનો પાર પામતા નથી, જેઓ પાલન નહીં કરે તેઓ આ સંસારને પાર કરી શકશે નહીં. પાંચ અસ્તિકાયોની જેમ આ ગણિપિટકરૂપ દ્વાદશાંગ અચલ, ધ્રુવ, નિયત, શાશ્વત, અક્ષય. અવ્યય, અવસ્થિત અને નિત્ય છે. **'ण कयाइ णत्थि'** ઇત્યાદિ પ્રકારે સૂત્રકારે કથન કરીને **'भुविं च भवइय, भविस्सइय'** ઇત્યાદિ પ્રકારે ફરીથી જે કથન કર્યું છે. તેમાં કથન શૈલીના એક પ્રકારનુ પ્રદર્શન થયું છે. પહેલા પ્રકારમા નિષેધાત્મક દૃષ્ટિએ અને બીજા પ્રકારમાં વિધાનાત્મક દૃષ્ટિએ તેનું પ્રતિપાદન થયું છે. જીવ અને પુદ્ગલ અનંત છે, તેથી ભાવોને અનંત બતાવ્યા છે. અભાવ સર્વથા નિરૂપાખ્યરૂપ (અસત્તારૂપ) નથી પણ તે ભાવરૂપ છે–જો વાત આ પ્રમાણે છે તો તેની મદદથી એ વાત સમજી શકાય છે કે અન્યભાવરૂપે અન્યભાવની અસત્તા હોવાને કારણે જે ભાવ છે એ જ અભાવ છે, આ રીતે તે અભાવ પણ ભાવની જેમ અનંત છે. જિજ્ઞાસાના વિષયરૂપ બનેલ પદાર્થોના વિશિષ્ટ ધર્મોને સમજાવનાર–અથવા તેમનો બોધ કરાવનાર–નિશ્ચય કરાવનાર–'હેતુ' હોય છે પ્રત્યેક પદાર્થમાં અનંત ધર્મ હોય છે. તે ધર્મોને જાણવાને માટે અનંત પ્રકારની જિજ્ઞાસા થાય છે. અને તે જિજ્ઞાસાઓને શાંત કરનાર હેતુ પણ અનંત હોય છે. આ રીતે એક પદાર્થમાં અનંત ધર્મ હોય છે. તેને વિષેની જિજ્ઞાસાઓ પણ અનંત હોય છે. તેથી અનંત પદાર્થોના અનંત ધર્મો વિષેની અનંત જિજ્ઞાસાઓને શમાવવાને માટે હેતુ પણ અનંત હોય છે. અહેતુ પણ અનંત છે. ઘટ (ઘડો) પટ (પડદો) આદિ પદાર્થો બનાવનાર માટી, સૂતરના તાર આદિ અનંત નિમિત્તો–કારણો હોય છે. અકારણ પણ અનંત હોય છે. જેમ કે માટીનો પિંડ ઘડાના નિર્માણનું કારણ (નિમિત્ત) છે પણ પડદાના નિર્માણનું કારણ નથી, જે પડદાનું કારણ છે તે ઘડાનું કારણ નથી. આ રીતે અકારણ પણ અનંત છે. ॥સૂ.૧૮૫॥

દ્વાદશાંગના સ્વરૂપના કથનની અંદર બે રાશિના કથનનો સમાવેશ થતો હોવાથી હવે સૂત્રકાર બે રાશિનું વર્ણન કરે છે—

શબ્દાર્થ—(दुवे रासीपण्णत्ता) द्वौ राशी प्रज्ञप्तौ-રાશીઓ બે છે, (तं जहा) तद्यथा—તે આ પ્રમાણે છે. (जीव रासी अजीव रासीय) जीवराशी अजीवराशिश्च—(૧) જીવ રાશિ, (૨) અજીવરાશિ. (अजीवरासी दुविहा पन्नत्ता)—अजीवराशिः द्विविधः प्रज्ञप्तः—અજીવરાશિ બે પ્રકારની છે. (तं जहा) तद्यथा—તે બે પ્રકારો આ પ્રમાણે છે. (रूवीअजीबरासी अरूवीअजीवरासी—रूपी अजीवराशिः अरूपी अजीवराशिश्च) (૧) રૂપી અજીવરાશિ (૨) અરૂપી અજીવરાશિ. (से किं तं अरूवीअजीवरासी—अथ कोऽसौ अरूप्यजीवराशिः) અરૂપી અજીવ રાશિનું સ્વરૂપ કેવું છે? (अरूवी अजीवरासी दसविहा पन्नत्ता—अरूप्यजीवराशिः दशविधः प्रज्ञप्तः) અરૂપી અજીવરાશિ દસ પ્રકારની છે. (तं जहा) तद्यथा—તે પ્રકારો આ પ્રમાણે છે—(धम्मत्थिकाए जाव अद्धासमए—धर्मास्तिकायो यावत् अद्धासमयः) તેના ધર્માસ્તિકાયથી લઇને અદ્ધાસમય સુધીના દસ ભેદ થાય છે. (रूवो अजीवरासी अणेगविहा पण्णत्ता—रूपी अजीवराशिरनेकविधः प्रज्ञप्तः) રૂપી અજીવરાશિ અનેક પ્રકારની છે (जाव—यावत्) જેમકે સ્કન્ધ, દેશ, પ્રદેશ અને પરમાણુ (से किं तं अणुत्तरोववाइया—अथ के ते अनुत्तरोपपातिकाः) અનુત્તરોપપાતિકનું કેવું સ્વરૂપ છે? ઉત્તર-(अणुत्तरोववाइया पंचविहा पण्णत्ता—अनुत्तरोपपातिकाः पञ्चविधाः प्रज्ञप्ताः) અનુત્તરોપપતિક પાંચ પ્રકારનું છે, (तं जहा) तद्यथा—તે આ પ્રમાણે છે. (विजय, वेजयंत, जयंत अपराजित, सव्वट्ठसिद्धिया—विजयवैजयंतजयन्तापराजितसर्वार्थसिद्धिकाः—વિજય, વૈજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધક, એ પાંચ અનુત્તરોપપતિક છે. (से त्त पंचिंदियसंसारसमावण्णजीवरासी—स एष पञ्चेन्द्रियसंसारसमापन्न जीवराशिः—આ પ્રકારની આ બધી પાંચ ઈન્દ્રિયોવાળી સંસારી જીવરાશિ છે. ( दुविहा णेरइयापण्णत्ता—द्विविधा नैरयिकाः प्रज्ञप्ताः—)નારકી જીવો બે પ્રકારના હોય છે, (तं जहा—तद्यथा) તે આ પ્રમાણે છે—(पज्जत्ता य

**अपज्जत्ताय–पर्याप्ताश्च अपर्याप्ताश्च)**–પર્યાપ્ત અને અપર્યાપ્ત. **(एवं दंडओ भाणियव्वो जाववेमाणियत्ति–एवं दण्डको भणितव्यो यावत् वैमानिक इति)** નારકી, ભવનપતિ, પૃથિવી, અપ, તેજ, વાયુ, વનસ્પતિ, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય, મનુષ્ય, વ્યન્તર, જ્યોતિષિક, વૈમાનિક, સુધીના ચોવીસ દંડક છે. હવે નારકાદિકોના સ્થાનનું નિરૂપણ કરવામાં આવે છે—

**(इमीसेणं रयणप्पभाए पुढवीए–अस्याः खलु रत्नप्रभायाः पृथिव्याः)**–આ રત્નપ્રભા પૃથ્વીના **(केवइयं खेत्तं ओगहेत्ता–कियत्क्षेत्रं अवगाह्य)** કેટલા પ્રમાણના ક્ષેત્રને અવગાહિત કરીને **(केवइया णिरयावासा पण्णत्ता–कियन्तो नरकावासाः प्रज्ञप्ताः?)** કેટલાં નરકાવાસો કહેલાં છે? ઉત્તર–**(गोयमा–गौतम !)** હે ગૌતમ ! **(इमीसेणं रयणप्पभाए पुढवीए–अस्याः खलु रत्नप्रभायाः पृथिव्याः)** આ રત્નપ્રભા પૃથ્વીનો **(आसी उत्तर–जोयणसयसहस्सबाहल्लाए–अशीत्युत्तर योजनशतसहस्रबाहल्यायाः )**–જે એક લાખ એંસી હજાર યોજનનો વિસ્તાર કહેલ છે તેના **(उवरिं एगं जोयणसहस्सं ओगाहेत्ता–उपरि एकं योजनसहस्रं अवगाह्य)** ઉપરના ભાગનો એક હજાર યોજન જેટલો ભાગ છોડીને તથા **हेट्ठाचेगं जोयणसहस्सं वज्जेज्जा–अधश्चैकं योजनसहस्रं वर्जयित्वा)** નીચેના એક હજાર યોજન પ્રમાણ ભાગ છોડીને **(मज्झे)** મધ્યના **(अट्ठसत्तरिजोयण**

सयसहस्सं-अष्टसप्ततियोजनशतसह ) એક લાખ અઠયોતેર હજાર યોજન પ્રમાણ ભાગ જેટલી (एत्थणं-अत्र खलु) આ (रयणप्पभाए पुढवीए-रत्नप्रभायाः पृथिव्याः) રત્નપ્રભા પૃથ્વીમાં (णेरइयाणं तीसं निरयावाससयसहस्सा-नैरयिकाणां त्रिंशत् नरकावासशतसहस्राणि)ત્રીસ લાખ નરકાવાસ છે (भवंतीति मक्खाया भवन्तीत्याख्यातानि) એમ જિનેન્દ્રદેવે ભાંખ્યું છે. (ते णं निरयावासा अंतोवट्टा-ते खलु नरकावासा अन्तर्वृत्ता) તે નરકાવાસો અંદરથી ગોળાકારનાં છે. (बाहिं चउरंसा-बहिश्चतुरस्रा) બહારથી ચતુષ્કોણ આકારનાં છે. (जाव-यावत्) તેના તળિયાનો ભાગ વજ્રની છરી જેવો છે તેમા હંમેશ અંધકાર જ ભરેલો રહે છે. તે ગ્રહો, ચંદ્ર, સૂર્ય અને નક્ષત્રોના પ્રકાશથી રહિત છે (असुभा णिरया-अशुभाः नरकाः) નરકના જીવો અશુભ હોય છે. (णिरएसु असुभाओ वेयणाओ-नरकेषु अशुभाः वेदनाः) નરકમાં અશુભ વેદના અનુભવવી પડે છે. (एवं सत्त वि भाणियव्वो-एवं सप्ताऽपि भणितव्यं)-રત્નપ્રભા પૃથ્વીથી લઈને તમસ્તમઃપ્રભા પૃથ્વી સુધી સાતે નરકોમાં એ જ પ્રકારની સ્થિતિ છે, (जं-यत्) વિસ્તારનું પ્રમાણ (जासु-यस्यां) જે નરકમાં (जुज्जइ-युज्यते) જે ઘટાવી શકાય તે ઘટાવવાનું છે,

"असीइ बत्तीसं अट्ठावीसं तहेववीसं च ।
अट्ठारससोलसगअट्ठुत्तरमेव बाहल्लं"॥१॥

छाया-अशीति द्वात्रिंशदष्टाविंशतिस्तथैव विंशतिश्च
अष्टादशषोडशाष्टोत्तमेव बाहल्यम् ॥१॥

જેમકે પહેલી પૃથ્વીની ઉંચાઈ એક લાખ એંસી હજાર યોજનની છે, એ જ પ્રમાણે બીજી પૃથ્વીની ઉંચાઇ એક લાખ બત્રીસ હજાર યોજનની છે, ત્રીજીની એક લાખ અઠયાવીસ હજાર, ચોથીની એક લાખ વીસ હજાર, પાંચમીની એક લાખ અઢાર હજાર, છઠ્ઠીની એક લાખ સોળ હજાર અને સાતમીની ઉંચાઈ એક લાખ આઠ હજાર યોજનની છે.

"तीसा य पण्णवीसा पन्नरसदसेव सयसहस्साइं।
तिण्णेग पंचूणं पंचेव अणुत्तरा नरगा" ॥२॥

छाया—त्रिंशच्च पञ्चविंशतिः पञ्चदशदशैव शतसहस्राणि ।
त्रीण्येकं पञ्चोनं पञ्चैवानुत्तरा नरकाः ॥२॥

પહેલી પૃથ્વીમાં ત્રીસ લાખ, બીજી પૃથ્વીમાં પચીશ લાખ, ત્રીજી પૃથ્વીમ પંદર લાખ, ચોથી પૃથ્વીમાં દસ લાખ, પાંચમ પૃથ્વીમાં ત્રણ લાખ, છઠ્ઠી પૃથ્વીમાં એક લાખમાં પાંચ ઓછાં, અને સાતમી પૃથ્વીમાં પાંચ નરકાવાસ છે. આ રીતે

નરકાવાસોની કુલ સંખ્યા ચોર્યાસી (૮૪) લાખ છે.

"चउसट्ठी असुराणं चउरासीइ च होइ नागाणं।
बावत्तरि सुवन्नाणं वाउकुमाराणं छण्णउई ॥३॥
दीवदिशा उदहीण विज्जुकुमारिंद थणियमग्गीणं ।
छण्हं पि जुवलयाणं बावत्तरिमो य सयसस्सा ॥४॥

છાયા चतुष्पष्टिरसुराणां चतुरशीतिश्च भवति नागानाम्।
द्विसप्ततिः सुपर्णानां वायुकुमाराणां षण्णवतिः ॥३॥
द्वीपदिशोदधीनां विद्युत्कुमारेन्द्र स्तनिताग्नीनाम्।
षण्णामपि युगलकानां द्विसप्ततिश्च शतसहस्राणि ॥४॥

અસુરકુમારોના ચોસઠ (૬૪) લાખ, નાગકુમારોના ચોર્યાસી (૮૪) લાખ, સુપર્ણ કુમારોના બોંતેર (૭૨) લાખ, વાયુકુમારોના છન્નું (૯૬) લાખ, તથા દ્વીપકુમાર, દિક્કુમાર, વિદ્યુત્કુમાર, સ્તનિતકુમાર અને અગ્નિકુમાર એ છ યુગલોમાના પ્રત્યેક કુમારના બોંતેર-બોંતેર લાખ ભવનો છે. તે બધા ભવનોની કુલ સંખ્યા સાત કરોડ બોંતેર લાખ છે.

बत्तीसट्ठावीसा बारस अट्ठ चउरो य सयसहस्सा।
पण्णा चत्तालीसा छच्च सहस्सा सहस्सारे ॥५॥

आणयपाणयकप्पे चत्तारि सयाऽऽरणच्चुए तिन्नि ।
सत्तविमाणसयाइं चउसु वि एएसु कप्पेसु ॥६॥
एक्कारसुत्तरं हेट्ठिमेसि सत्तुत्तरं च मज्झिमए ।
सयमेगं उवरिमए पंचेव अणुत्तरविमाणा ॥७॥

छाया—द्वात्रिंशदष्टाविंशतिर्द्वादशाष्टचत्वारि च शतसहस्राणि ।
पञ्चाशच्चत्वारिंशत्षट् च सहस्राणि सहस्रारे ॥५॥
आनतप्राणतकल्पे चत्वारिशतान्यारणाच्युते त्रीणि ।
सप्तविमानशतानि चतुर्ष्वप्येतेषु कल्पेषु ॥६॥
एकादशोत्तरमधस्तनेषु स त्तरं च मध्यमे ।
शतमेकमुपरितने पञ्चैवानुत्तरविमानानि ॥७॥ इति

સૂત્રકાર આ ગાથાઓ દ્વારા એ વાત બતાવે છે કે કયાં કયાં કેટલાં કેટલાં વિમાનો છે-સુધર્મ નામના પહેલા દેવલોકમાં બત્રીસ (૩૨) લાખ વિમાન છે, ઈશાન નામના બીજા દેવલોકમાં ૨૮ લાખ, ત્રીજા સનત્કુમાર દેવલોકમાં ૧૨ લાખ ચોથા માહેન્દ્રદેવલોકમાં ૮ આઠ લાખ, પાંચમાં બ્રહ્મલોકમાં ૪ લાખ, છઠ્ઠા લાન્તક દેવલોકમાં ૫૦ હજાર, સાતમાં મહાશુક્ર દેવલોકમાં ૪૦ હજાર, આઠમાં સહસ્રાર દેવલોકમાં ૬ હજાર, નવમા અને દસમાં આણત પ્રાણત દેવલોકમાં ૪૦૦ વિમાનો છે. અગિયારમાં આરણ અને બારમાં અચ્યુત દેવલોકમાં ૩૦૦ત્રણસો વિમાનો છે. નવ ગ્રૈવેયકોમાંના, અધઃસ્તન ગ્રૈવેયકોમાં ૧૧૧ વિનાનો છે, ત્રણ મધ્યમ ગ્રૈવેયકોમાં ૧૦૭ વિનાનો છે અને ત્રણ ઉપરિતન ગ્રૈવેયકોમાં ૧૦૦ વિમાનો છે. તથા અનુત્તર વિમાને માં ૫ ચ જ વિમાનો છે. એ વિમાનોની કુલ સંખ્યા ચોર્યાસી લાખ સત્તાણું હજાર તેવીસ (૮૪૯૭૦૨૩) છે.

હવે સૂત્રાર સ્પષ્ટીકરણ કરવાને માટે ફરીથી તેનું કથન કરે છે—

(दोच्चाए णं पुढवीए, तच्चाए णं पुढवीए, चउत्थीए पुढवीए, पंचमीए पुढवीए, छट्ठीए पुढवीए, सत्तमीए पुढवीए गाहाहिं भाणियव्वा—द्वितीयस्यां पृथिव्यां, तृतीयस्यां पृथिव्यां चतुर्थ्यां पृथिव्यां पञ्चम्यां पृथिव्यां, षष्ठ्यां पृथिव्यां, सप्तम्यां पृथिव्यां गाथाभिर्भणितव्याः ) પહેલી પૃથ્વીમાં, બીજી પૃથ્વીમાં, ત્રીજી પૃથ્વીમાં, ચોથી પૃથ્વીમાં પાંચમી પૃથ્વીમાં, છઠ્ઠી પૃથ્વીમાં, અને સાતમી પૃથ્વીમાં જેટલા જેટલા નરકાવાસો છે તે "तीसा य पणवीसा" ગાથા દ્વારા પહેલાં બતાવી દેવામાં આવેલ છે. તો તેમની સંખ્યા એ ગાથામાં દર્શાવ્યા પ્રમાણે સમજવાની છે. (सत्तमाए पुढवीए पुच्छा-सप्तम्यां पृथिव्यां पृच्छा) સાતમી પૃથ્વીને વિષે ગૌતમે જે પ્રશ્ન પૂછયો, તેના જવાબમાં મહાવીર

સ્વામી કહે છે કે—(गोयमा!—) હે ગૌતમ ! (सत्तमाए पुढवीए अट्ठुत्तरजोयणसयसहस्सबाहल्लाए—सप्तम्याः पृथिव्यां अष्टोत्तरयोजनशतसहस्रबाहल्यायाः) સાતમી પૃથ્વીના વિસ્તાર જે એક લાખ આઠ હજાર યોજનનો કહ્યો છે તેમાં (उवरि अद्धतेवन्नं जोयणसहस्साइं ओगाहेत्ता—उपरि अर्द्धत्रिपञ्चाशद् योजनसहस्राणि अवगाह्य) ઉપરના પર।। (સાડાબાવન) હજાર યોજનને છોડીને તથા (हेट्ठा वि अद्धतेवन्नं जोयणसहस्साइं वज्जिता—अधस्तादपि अर्द्धपञ्चाशद्योजनसहस्राणि वर्जयित्वा) નીચેના સાડાબાવન હજાર (૫૨૫૦૦) યોજન છોડીને (मज्झे तिसु जोयणसहस्सेसु—मध्ये त्रिषु योजनसहस्रेषु) વચ્ચેના બાકીનાં ત્રણ હજાર યોજન પ્રમાણ ક્ષેત્રમાં एत्थणं सत्तमाए पुढवीए—अत्र खलु सप्तम्यां पृथिव्यां)—આ સાતમી પૃથ્વીમાં (नेरइयाणं—नैरयिकाणां) નારકીઓના (पंच अणुत्तरा—पञ्च अनुत्तराः) પાંચ અનુત્તર-ઉત્કૃષ્ટ (महइमहालया—महामहालयाः) અતિવિશાળ महानिरया पण्णत्ता—महानरकाः प्रज्ञप्ताः) મહાનરકાવાસો છે. (तं जहा—तद्यथा) તેમના નામ આ પ્રમાણે છે. (काले, महाकाले, रोरुए, महारोरुए, अप्पइट्ठाणे नामं पंचमे—कालः, महाकालः रौरवः, महारौरवः, अप्रतिष्ठानो नाम पञ्चमः) કાલ, મહાકાલ, રૌરવ, મહારૌરવ અને પાંચમો અપ્રતિષ્ઠાન. (तेणं निरयावट्टा य—ते खलु निरयाः वृत्ताश्च) તે બધા નરકાવાસ વચ્ચેથી ગોળ છે, (तंसा य—त्र्यस्राश्च) છેડે ત્રિકોણાકાર છે. (अहे खुरप्पसंठाणसंठिया—अधः क्षुरप्रसंस्थानसंस्थिताः) અને તેમના તળિયાનો ભાગ વસ્ત્રના છરા જેવો છે. (जाव—यावत्) (असुभानरगा—अशुभाः नरकाः) આ બધી નરકો અશુભ છે (असुभाओ नेरएसु वेयणाओ—अशुभाः नरकेषु वेदनाः) તે નકરોમાં અશુભ વેદનાઓ ભોગવવી પડે છે ।।સૂ. ૧૮૬।।

"टीकार्थ--दुवेरासी पन्नत्ता" इत्यादि—

રાશિયો બે છે. તેમનાં નામ આ પ્રમાણે છે-(૧) જીવરાશિ, (૨) અજીવરાશિ. અજીવરાશીના બે પ્રકાર છે-(૧) રૂપી અજીવરાશિ (૨) અરૂપી અજીવરાશિ-અરૂપી અજીવરાશિનું સ્વરૂપ કેવું છે ? ઉત્તર-અરૂપી અજીવરાશિના દસ પ્રકારો છે-(૧)

ધર્માસ્તિકાય, (૨) ધર્મદેશ, (૩) ધર્મપ્રદેશ, (૪) અધર્માસ્તિકાય, (૫) અધર્મદેશ, (૬) અધર્મ પ્રદેશ, (૭) આકાશાસ્તિકાય, (૮) આકાશદેશ, (૯) આકાશ પ્રદેશ, (૧૦) અર્ધાસમયરૂપી અજીવરાશિ અનેક પ્રકારની છે જેમ કે સ્કન્ધ, દેશ, પ્રદેશ, અને પરિમાણુ તે ચારે વર્ણ, ગંધ રસ, સ્પર્શ અને સંસ્થાનવાળા હોય છે. તેમના બે બેના સંયોગથી, બે અને ત્રણના સંયોગથી બીજાં પણ અનેક ભેદ પડે છે. જીવરાશિ બે પ્રકારની છે-(૧) સંસારી જીવરાશિ (૨) મુક્ત જીવરાશિ. તેમાં મુક્ત જીવરાશિના બે ભેદ છે-(૧) અનન્તર અને (૨) પરમ્પરાસિદ્ધ. અનન્તર સિદ્ધ પંદર પ્રકારના છે. પરંપરા સદ્ધ અનેક પ્રકારના છે. સંસારજીવરાશિના એકેન્દ્રિય આદિ પાંચ પ્રકાર છે. તેમાંની જે એકેન્દ્રિય જીવરાશિ છે તે પૃથ્વી આદિના ભેદથી પાંચ પ્રકારની છે. તે પાચે એકેન્દ્રિય જીવોના સૂક્ષ્મ અને બાદર એવા બે પ્રકાર પડે છે. સૂક્ષ્મ અને બાદરના પણ પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા બે બે ભેદ છે એજ રીતે દ્વીન્દ્રિય, તેન્દ્રિય, અને ચતુરિન્દ્રિય જીવોના પણ પર્યાપ્ત અને અપર્યાપ્ત બે બે ભેદ પડે છે પંચેન્દ્રિય જીવોના નારકી આદિ ચાર પ્રકાર છે તેમાંના જે નારકી જીવો છે તે રત્નપ્રભાપૃથ્વી આદિના ભેદથી સાત પ્રકારના છે. પંચેન્દ્રિય તિર્યંચના જળચર, સ્થળચર અને ખેચર, એવા ત્રણ ભેદ છે. જલચર પંચેન્દ્રિય જીવોના પાંચ પ્રકાર છે-(૧) મત્સ્ય. (૨) કચ્છપ, (૩) ગ્રાહ, (મગર અને (૫) શિશુમાર. મત્સ્યના શ્લક્ષ્ણ-મત્સ્ય આદિ અનેક ભેદ છે. કચ્છપના બે ભેદ છે-(૧) અ સ્થકચ્છપ અને (૨) માંસ કચ્છપ ગ્રાહના પાંચ પ્રકાર છે-(૧) દિલિ (૨) વેષ્ટક (૩) મદ્દગુ (૪) પુલક અને (૫) સીમાકાર. મગરના બે પ્રકાર છે-(૧) શુંડામગર અને ( ૨) કરિમગર. શિશુ-માર એક જ પ્રકારના હોય છે. સ્થળચર તિર્યંચના બે ભેદ છે-(૧) ચોપગાં અને (૨) પરિસર્પ તેમાના ચોપગાતિર્યંચોના ચાર ભેદ છે (૧) ખરીવાળાં, (૨) બે ખરી-વાળાં, ૩) ગંડીપદ અને (૪) સનખપદ (પગેનહોરવાળાં) ઘોડો એક ખરીવાળો, ગાય બે ખરીવાળી, હાથી ગંડીપદવાળો અને સિંહ વગેરે નહોરયુક્ત પગવાળાં જાનવરો છે પરિસર્પના બે પ્રકાર છે-ઉરઃપરિસર્પ (૧) અને ભુજપરિસસર્પ (૨) ઉરઃપરિસર્પના ચાર પ્રકાર છે-(૧) અહિ (૨) અજગર, (૩) આશાલિક અને (૧) મહોરગ તેમ ના અહિ ઉરઃપરિસર્પના બે ભેદ છે-દર્વીકર અને મુકુલિ. ખેચર તિર્યંચના ચાર પ્રકાર છે-(૧)ચર્મપક્ષી, (૨)લોમપક્ષી (૩)સમુદ્રપક્ષી અને (૪) વિતતપક્ષી. બગલાં, હંસ આદિ પક્ષીઓ ચર્મપક્ષી લોમપક્ષી છે. સમુદ્રપક્ષી દ્વીપાન્તરોમાં જ હોય છે. એ બધાં પંચેન્દ્રિય તિર્યંચ છે. મનુષ્યના બે પ્રકાર છે-સંમૂચ્છિંમ અને ગર્ભજ. તેમાંના જે સમુચ્છિંમ મનુષ્યો હોય છે તેઓ તો નિયમથી જ નપુંસક હોય છે. ગર્ભજ મનુ-ષ્યના ત્રણ પ્રકાર છે-કર્મભૂમિજ, અકર્મભૂમિજઅને અન્તર્દ્વીપજ. છે બધા ત્રણે લિંગ-વાળા (જાતના) હોય છે. તેમાં કર્મભૂમિયા મનુષ્યના આર્ય અને મ્લેચ્છ એવા બે

ભેદ છે. આર્યમનુષ્યના બે ભેદ છે-ઋદ્ધિપ્રાપ્ત અને અનૃદ્ધિપ્રાપ્ત અર્હંત આદિ મહાપુરુષોને ઋદ્ધિ પ્રાપ્ત ગણી શકાય. અનૃદ્ધિપ્રાપ્ત આર્યના ક્ષેત્ર, જાતિ કુળ, ધર્મ, શિલ્પ, જ્ઞાન, દર્શન અને ચારિત્ર પ્રમાણે નવ પ્રકાર પડે છે. દેવોના ભવનવાસી આદિ ચાર પ્રકાર હોય છે. ભવનવાસી દેવોના અસુરકુમાર આદિ દસ ભેદ પડે છે. વ્યન્તર દેવોના પિશાચ આદિ આઠ ભેદ છે, જ્યોતિષ્ક દેવોના ચન્દ્રમા આદિ પાંચ પ્રકાર છે. અને વૈમાનિક દેવોના બે પ્રકારો છે (૧)કલ્પોપપન્ન અને (૨)કલ્પાતીત તેમાંનાં જે દેવો છે તેમના સૌધર્મ આદિ બાર પ્રકાર છે. કલ્પાતીત દેવોના બે પ્રકાર છે-ગ્રવેયક અને અનુત્તરરોપપાતિક ગ્રૈવેયકના નવ પ્રકાર છે. પૂર્વોક્ત આ બધો પાઠ અહીં '**યાવત્**' શબ્દથી ગ્રહણ કરાયેલ છે. અનુત્તરોપપાતિકનું સ્વરૂપ કેવું છે? ઉત્તર--અનુત્તરોપપાતિકના પાંચ પ્રકાર છે—વિજય, વૈજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધિક આ પ્રકારની આ બધી પંચેન્દ્રયયુકત સંસારી જીવરાશિ છે. નારકી જીવો બે પ્રકારના છે-પર્યાપ્ત અને અપર્યાપ્ત આ પ્રમાણે આ ચોવીસ દંડકરૂપ કથન વૈમાનિક દેવ સુધી સમજવાનું છે. એટલે કે પર્યાપ્ત અને અપર્યાપ્તના ભેદથી વૈમાનિક દેવો સુધી દ્વિવિધતા ઘટાવવાની છે.

શંકા--આ રત્નપ્રભા પૃથ્વીના કેટલા પ્રમાણના ક્ષેત્રને અવગહિત કરીને કેટલા નરકાવાસ કહેલા છે?

ઉત્તર-હે ગૌતમ! આ રત્નપ્રભા પૃથ્વીની જે એકલાખ એંસી હજાર યોજનની ઊંચાઇ કહી છે તેની ઉપર તથા નીચના એક એક હજાર યોજન પ્રમાણ ક્ષેત્રને છોડીને બાકીના એક લાખ અઠયોતેર હજાર યોજન પ્રમાણ ક્ષેત્રમા ત્રીસ લાખ નરકાવાસ છે, એમ જિનેન્દ્ર દેવે ભાંખેલ છે તે નરકાવાસો અંદરથી ગોળાકારના છે અને બહારથી ચોખૂણ છે. અહીં '**यावत्**' શબ્દથી આ પાઠ ગ્રહણ કરવાનો-તેના તળિયાનો ભાગ વજ્રના છરાઓ જેવો છે. તેમાં હંમેશા અંધકારના જેવો તમસ ભરેલો રહે છે. '**ववगयचंदसूरनक्खत्तजोइसप्पहा**' ત્યાં ગૃહ, ચન્દ્ર, સૂર્ય અને નક્ષત્રોનો પ્રકાશ અથવા પ્રજ્વલિત અગ્નિ આદિનો પ્રકાશ બિલકુલ હોતો નથી. તે જગ્યા પ્રકાશરહિત હોવાથી ત્યાં સદા અંધકાર જ રહે છે. '**मेयवसा-पूयरुहिरमंसचिक्खिल्ललित्तणुलेवणतला**' તેમનો તળભાગ મેદ, વસા, પૂય-

પીવ, લોહી અને માંસના કીચડથી છવાયેલો રહે છે. **'असुइ वीसा'** એ બધા નરકાવાસ અસ્વચ્છ, અને પકાવેલા કાચા ચામડાંના જેવી ગંધવાળા હોય છે તેથી **'परमदुब्भिगंधा'** તે નરકાવાસો અત્યંત દુર્ગંધવાળા હોય છે. તથા **'काऊ अगणिवण्णाभो'** કૃષ્ણાગ્નિના વર્ણની તેમની આભા હોય છે લોઢાને તપાવવાથી અગ્નિ જે વર્ણ ધારણ કરે છે તે વર્ણને કૃષ્ણાગ્નિ વર્ણ કહે છે. એટલે કે તે નરકાવાસો અતિશય કાળા વર્ણના હોય છે. તથા **'कक्कडफासा'** તેમનો સ્પર્શ કઠોર હોય છે. તેથી **'दुरहिवासा'** તેમાં રહેવું દુઃખપ્રદ થઈ પડે છે તેથી આ નરકોને **'असुभा'** અશુભ કહેલ છે. તેમાં જે વેદનાઓ અનુભવાય છે તે અતિશય અશુભ હોય છે. રત્નપ્રભાપૃથ્વીથી લઈને તમસ્તમઃપ્રભા પૃથ્વી સુધીની સાતે નરકોમાં એવી જ પરિસ્થિતિ હોય છે, એટલે કે જે પ્રકારનું રત્નપ્રભા પૃથ્વીનું વર્ણન કર્યું છે એ જ પ્રકારનું વર્ણન બાકીની છએ પૃથ્વીનું સમજવાનું છે. સૂત્રકાર આ જ વિષયને ઇત્યાદિ પદો દ્વારા પ્રગટ કરે છે–જેમકે પહેલી પૃથ્વીની ઊંચાઈ ૧૮૦૦૦૦ (એક લાખ એંસી હજાર) યોજનની છે. બીજી પૃથ્વીની ઊંચાઇ ૧૩૨૦૦૦ (એક લાખ બત્રીસ હજાર) યોજનની, ત્રીજીની એક લાખ અઠ્યાવીસ હજાર યોજનની, ચોથીની એક લાખ વીસ હજાર યોજનની, પાંચમીની એક લાખ અઢાર હજાર યોજનની, છઠ્ઠીની એક લાખ સોળ હજાર યોજનની, અને સાતમીની એક લાખ આઠ હજાર યોજનની છે તે પૃથ્વીઓમાં નરકાવાસોની સંખ્યા નીચે પ્રમાણે છે–પહેલી પૃથ્વીમાં ત્રીસ લાખ, બીજીમાં પચીશ લાખ, ત્રીજીમાં પંદર લાખ, ચોથીમાં દસ લાખ, પાંચમીમાં ત્રણ લાખ, છઠ્ઠીમાં ૯૯૯૯૫ નવ્વાણું હજાર નવસો પંચાણુ અને સાતમીમાં પાંચ નરકાવાસો છે. આ રીતે તે નરકાવાસોની કુલ સંખ્યા ચોર્યાસી લાખ છે. અસુરકુમારોનાં ચોસઠ લાખ, નાગકુમારોનાં ચોર્યાસી લાખ, સુપર્ણ કુમારોનાં બોંતેર લાખ, વાયુકુમારોનાં છન્નું લાખ, તથા દ્વીપકુમાર, દિક્કુમાર, ઉદધિકુમાર, વિદ્યુત્કુમાર, સ્તનિતકુમાર, અને અગ્નિકુમાર એ છ યુગલોમાંના પ્રત્યેક કુમારના ૭૨–૭૨ બોંતેર–બોંતેર લાખ ભવન છે. તે બધા ભગવાનોનો સરવાળો સાત કરોડ બોંતેર લાખ થાય છે, સૂત્રકારે

આપેલી ગાથાઓ દ્વારા એ વાત બતાવે છે કે કયાં કેટલાં વિમાનો છે— પહેલા સુધર્મ દેવલોકમાં ૩૨ લાખ. બીજા ઈશાન દેવલોકમાં ૨૮ લાખ, ત્રીજા સનત્કુમાર દેવલોકમાં ૧૨ લાખ, ચોથા માહેન્દ્ર દેવલોકમાં ૮ લાખ, પાંચમાં બ્રહ્મલોકમાં ૪ લાખ, છઠ્ઠા લાન્તક દેવલોકમાં ૫૦ હજાર, સાતમાં મહાશુક્રમાં ૪૦ હજાર, અને આઠમા સહસ્રાર દેવલોકમાં ૬ હજાર વિમાનો છે. નવમા આનત અને દસમાં પ્રાણત દેવલોકમાં ૪૦૦ ચારસો વિમાનો છે. અગિયારમાં આરણ અને બારમાં અચ્યુત દેવલોકમાં ૩૦૦ ત્રણસો વિમાનો છે. આ રીતે ૯ થી ૧૨ સુધીના ચાર દેવલોકમાં ૭૦૦ સાતસો વિમાનો છે. નવ ગ્રૈવેયકોમાંના જે ત્રણ અધસ્તન ગ્રૈવેયકો છે તેમાં ૧૧૧ એકસો અગિયાર વિમાનો છે. ત્રણ મધ્યમ ગ્રૈવેયકોમાં ૧૦૭ એકસો સાત વિમાનો છે અને ત્રણ ઉપરિતન ગ્રૈવેયકોમાં ૧૦૦ એકસો વિમાનો છે. તથા અનુત્તર વિમાનોમાં પાંચ જ વિમાનો છે. તે વિમાનોની કુલ સંખ્યા ૮૪૯૭૦૨૩ (ચોર્યાસી લાખ, સત્તાણું હજાર તેવીસ) છે. હવે સૂત્રકાર સ્પષ્ટીકરણને માટે ફરીથી કહે છે કે—પહેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી અને સાતમી પૃથ્વીમાં નરકાવાસોની સંખ્યા કેટલી છે તે **'तीसा य पण्णवीसा'** ઈત્યાદિ ગાથાઓમાં પહેલા બતાવી દેવામાં આવ્યું છે, તો તે પ્રમાણે સમજી લેવું, સાતમી પૃથ્વી વિષે ગૌતમે જે પ્રશ્ન પૂછયો તેના ઉત્તરરૂપે ભગવાન મહાવીર તેમને કહે છે કે હે ગૌતમ! સાતમી પૃથ્વીની ઊંચાઇ એક લાખ આઠ હજાર યોજનની કહેલ છે. તેમાંથી ઉપરનો પ૨॥ સાડીબાવન હજાર યોજન ભાગ અને નીચેનો પણ પ૨॥ સાડીબાવન હજાર યોજન ભાગ છોડીને બાકી જે ત્રણ હજાર યોજનનો વિસ્તાર રહે છે તેમાં નારકીઓના પાંચ અનુત્તર–ઉત્કૃષ્ટ–અતિવિશાળ મહાનરકાવાસ છે. તેમનાં નામ આ પ્રમાણે છે-કાલ, મહાકાલ, રૌરવ, મહારૌરવ, અને અપ્રતિષ્ઠાન તે બધા નરકાવાસ વચ્ચેથી ગોળ, છેડેથી ત્રિકોણાકાર, તથા તળિયેથી વજ્રના છરા જેવાં હોય છે. ત્યાંથી લઇને "તે બધી નરકો અશુભ છે, અને તે નરકોમાં અશુભ વેદનાઓ હોય છે" ત્યાં સુધીનાં પદો ગ્રહણ કરવાના છે. ॥સૂ. ૧૮૬॥

હવે સૂત્રકાક અસુરકુમાર આદિના આવાસો વિષે કહે છે—

શબ્દાર્થ – (केवइयाणं भंते असुरकुमारवासा पण्णत्ता) कियन्तः खलु भदन्त असुरकुमारावासाः प्रज्ञप्ताः ? હે ભદન્ત ! અસુરકુમારોના આવાસ કેટલા છે ?

ઉત્તર-(गोयमा) હે ગૌતમ ! (इमीसे णं रयणप्पभाए पुढवीए-अस्याः खलु रत्नप्रभायाः पृथिव्याः–આ રત્નપ્રભ પૃથ્વીની ( असी उत्तरजोयणसय-सहस्सबाहल्लाए--अशीत्युत्तरयोजनशतसहस्रबाहल्यायाः ) જે એક લાખ એંસી હજાર યોજનની ઉંચાઇ કહેલ છે (उवरि-उपरि) તેની ઉપરનો (एगं जोयणसहस्सं ओगाहेत्ता-एकं योजनसहस्रं अवगाह्य) એક હજાર યોજન ભાગ છોડીને, (हेट्ठा चेगं जोयणसहस्सं वज्जित्ता-अधस्ताद् एकं योजन-सहस्रं वर्जयित्वा) અને નીચેનો એક હજાર યોજન પ્રમાણ ભાગ છોડીને (मज्झे-मध्ये) વચ્ચેનો ( अट्टहत्तरि जोयणसयसहस्से-अष्टसप्ततियोजनशतस-हस्राणि) જે એક લાખ અઠયોતેર હજાર યોજન પ્રમાણુ ભાગ બાકી રહે છે (एत्थणं रयणप्पभाए पुढवीए-अत्र खलु रत्नप्रभायाः पृथिव्याः) તેટલા આ રત્નપ્રભા પૃથ્વિના ભાગમાં (चउसट्ठिं असुरकुमारा वाससय सहस्सा पण्णत्ता-चतुष्षष्टि रसुरकुमारावास-शतसहस्राणि प्रज्ञप्तानि) ચોસઠ લાખ અસુરકુમારોના આવાસો છે (तं णं भवणा बाहिं वट्टा-तानि खलु भवनानि बहिः वृत्तानि) તે ભવનો બહા થી ગોળાકાર છે, (अंतो चउरंसा-अन्तःचतुरस्राणि) અને અંદરથી ચતુષ્કોણુ છે, ( अहे पोक्खरकण्णियासंठाणसंठिया-अधःपुष्करकर्णिकासंस्थान संस्थितानि)–તેમનો નીચેનો ભાગ કમળની કર્ણિકાના જેવા આકારના જેવો હોય છે. ( उक्किंणंतरविउलगंभीरखायफलिहा--उत्कीर्णान्तरविपुलगम्भीरखातपरि-खानि ) જમીનને ખોદીને તેમના ફરતી જે ખાઇ ખોદવામાં આવી છે તેનો વિસ્તાર વિપુલ અને ગંભીર લાગે છે, ( अट्टालयचरियदारगोउरकवाडतोरण पडिदुवारदेसभागा--अट्टालकचरिकाद्वारगोपुरकपाटतोरणप्रतिद्वारदेश-भागानि ) તેમની પાસેના ભાગમાં અટારી હોય છે, તથા અ ઠ હાથ પહોળો માર્ગ હોય છે. તથા પુરદ્વાર, કપાટ તોરણુ, બહિર્દ્વાર અને પ્રતિદ્વાર અવાન્તર દ્વાર હોય છે. ( जंत मुसलमुसंढिसयग्घिपरिवारिया-यंत्र मुसलमुशण्ढिशतघ्नी परि-वारितानी) તે બધા ભવનો પથ્થરો ફેંકવાનાં યંત્રોથી, મુસલ નામનાં હથિયારોથી, મુસુંઢિયોથી અને એક સાથે ૧૦૦ માણસોની હત્યા કરનારી શતઘ્નિયોથી યુક્ત હોય છે. (अउज्झा) अयोध्यानि–તેમાં શત્રુસૈન્ય પ્રવેશ કરીને લડી શકતું નથી તેથી તે

અયોધ્ય છે. ( **अडयालकोट्ठगरइया-अर्धचत्वारिंशत् कोष्ठकरचितानि** )--તે ભવનો ૪૮ પ્રકારની રચનાવાળા ઓરડાઓથી યુક્ત હોય છે, **अडयालकयवणमाला-अष्टचत्वारिंशत्कृतवनमालानि** ) અને ૪૮ પ્રકારની ઉત્તમ વનમાળાઓની યુક્ત હોય છે. (**लाउलोइय महिया-लेपोल्लेपमहितानि** ) તે ભવનોના તળિયાના ભાગ પર લેપ અને ઉપલેપ કરેલો હોય છે. (**गोसीस सरसरत्तचंदण दद्दरदिण्ण पंचंगुलितला-गोशीर्ष सरसारक्तचन्दन दर्दरदत्त पञ्चाङ्गुलितलानि**) ગાઢ ગોશીર્ષચન્દન અને સરસ રકતચંદનના લેપથી તેની દિવાલો પર પાંચે આંગળિયો અને હથેલીયોનાં નિશાન પડયાં હોય એવું લાગે છે. ( **कालागुरुपवरकुंदुरुक्कतुरुक्कउज्झंतधूवमघमघंतगंधुद्धू-याभिरामा-कालागुरुप्रवरकुन्दुरुष्क तुरुष्क दह्यमानधूप प्रसरत गंधोद्धूताभिरामाणि** )-તે ભવનોમાં કાળા અગરુ. શ્રેષ્ઠ કુન્દરૂષ્ક, અને તુરુષ્ક લોબાનના ધૂપને સળગાવવાથી આવતી સુગંધ કરતાં પણ વધારે સુગંધ આવે છે, ( **सुगंधवरगंधिया-सुगन्धवरगन्धितानि** ) શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સુંગધિ પદાર્થો કરતાં પણ તે ભવનો વધારે સુગન્ધયુકત હોય છે. ( **गंधवट्टिभूया-गन्धवर्ति भूतानि**) તેથી તે ભવનો સુગંધિ-દ્રવ્યોથી યુક્ત અગરબત્તી જેવાં લાગે છે (**अच्छा-अच्छानि**) તે ભવનો ચારે તરફથી આકાશ અને સ્ફટિક સમાન સ્વચ્છ-(**सण्हा-श्लक्ष्णानि**) સુંવાળાં પરમાણુ સ્કન્ધમાંથી તેમની રચના થવાને કારણે તે

ભવનો સુંવાળા સૂતરમાંથી વણેલા સુકોમળ વસ્ત્ર જેવા કોમળ હોય છે (लण्हा-श्लक्ष्णानि)ઘસેલા વસ્ત્રો જેટલાં સુવાળાં હોય છે એટલાં સુંવાળાં આ ભવનો હોય છે (घट्टा घृष्टानि) જેવી રીતે પથ્થરની પુતળીને ખરસાણ (સરાણ) પર ઘસીને એક સરખી બનાવેલી હોય છે એવી જ રીતે તે ભવનો પણ પ્રમાણોપેત રચનાવાળાં છે એટલે કે જ્યાં રચના હોવી જોઈએ તેવી પ્રમાણસરની રચનાવાળાં છે તેમાં કોઈ પણ જગ્યાએ ખડબચડાપણું નથી. (मट्ठा-मृष्ठानि) જેવી રીતે નાજૂક સરાણ વડે પાષણની પુતળીને સાફ કરવામાં આવે છે એજ રીતે એ ભવનો પણ સાફ છે. (निरया-निररजांसि)તેમાં કોઈ પણ જગ્યાએ ધૂળનું તો નામનિશાન પણ હોતું નથી. (णिम्मला-निर्मलानि) તે ભવનો વિશાળ છે, (वितिमिरा-वितिमिराणि) અંધકાર રહિત હોય છે, (विसुद्धा-विशुद्धानि) વિશુદ્ધ-કલંક રહિત હોય છે, (सप्पभा-सप्रभाणि) પ્રકાશયુકત હેય છે, (समरीया-समरीचीनि) તે ભવનોમાંથી પ્રકાશનાં કિરણો બહાર ફેંકાતાં હોય છે, (सउज्जोआ-सोद्योतानि) પ્રકાશિત હોય છે, (पासाईया-प्रसादोयानि) મનને પ્રસન્ન કરનારાં છે, (दरिसणिज्जा) તેને જોનારની આંખ થાકતી નથી, તેથી દર્શનીય છે, (अभिरूवा-अभिरूपाणि) અભિરૂપ છે-જ્યારે જુવો ત્યારે તેમની શોભા અપૂર્વ લાગે છે, (पडिरूवा-प्रतिरूपाणि) પ્રતિરૂપ છે-દરેક જોનારને તે રમણીય લાગે છે. (एवं) ઉપરોકત પ્રકારે (जंजस्स-यत् यस्य) જેમ (कमए-क्रमते) અસુરકુમારનાં આવાસોનું અહીં વર્ણન કર્યું છે. (तं तस्स) એ જ પ્રમાણે નાગકુમાર આદિ જાતિનાં ભવનાદિકોનું (तहचेव वण्णाओ-तथैव वर्णकः) વર્ણન પણ અસુરકુમારોનાં ભવનો જેવું સમજવું.

(केवइयाणं भंते ! पुढवीकाइयावासो पण्णत्ता-कियन्तः खलु भदन्त ! पृथिवीकायिकावासाः प्रज्ञप्ताः ?) હે ભદન્ત ! પૃથ્વીકાયના નિવાસસ્થાન કેટલા પ્રકારના છે ? (गोयमा ! असंखेज्जा पुढविकाइयावासा पण्णत्ता)-હે ગૌતમ ! પૃથ્વીકાયોના આવાસ અસંખ્યાત કહેલા છે. (एवं जाव मणुस्सत्ति-एवं यावत् मनुष्य इति) અપ્, તેજ, વાયુ, અને પ્રત્યેક વનસ્પતિમાં અસંખ્યાત સ્થાન છે. અને સાધારણ વનસ્પતિનાં અનંત સ્થાન છે.

(केवइयाणं भंते वाणमंतरावासा पण्णत्ता-कियन्तः खलु भदन्त ! वाणमन्तरावासाः प्रज्ञप्ताः?) હે ભદન્ત ! વ્યંતર દેવોના આવાસ કેટલા છે ? ઉત્તર-(इमीसेणं रयणप्पभाए पुढवीए-अस्याः खलु रत्नप्रभायाः पृथिव्याः) આ રત્નપ્રભા પૃથ્વીનો જે (रयणामयस्स कंडस्स-रत्नमयकाण्डस्य)રત્નમયકાંડ છે

(जोयणसहस्स बाहल्लस्स–योजनसहस्र बाहल्यस्य) તેની ઉંચાઈ એક હજાર યોજનની છે. (उवरिं एगं जोयणसयं ओगाहेत्ता–उपरि एकं योजनशतं अवगाह्य) તેની ઉપરનો એક સો યોજન પ્રમાણ ભાગ છોડીને અને (हेट्ठाचेग जोयणसयं वज्जेत्ता-अधस्तादेकं योजनशतं वर्जयित्वा) નીચેનો એક સો યોજન પ્રમાણ ભાગ છોડીને (मज्झे–मध्ये) વચ્ચેનું જે (अट्ठसु जोयणसएसु–अष्टसु योजनशतेषु) આઠસો યોજન પ્રમાણ ક્ષેત્ર રહે છે (एत्थणं–अत्र खलु) તેમાં (वाणमंतराणं देवाणं–व्यन्तराणां देवानां) વ્યન્તર દેવોના નગર૩૫ આવાસો છે (भोमेज्जा–भौमेयानि) તે આવાસો ભૂમિગત છે. (तिरियमसंखेज्जा–तिर्यग् असंख्येयानि) તે આવાસો તિરછા લોકમાં અસંખ્યાત યોજન સુધી છે. (नगरा-वाससयसहस्सा पन्नत्ता––नगरावासशतसहस्राणि प्रज्ञप्तानि) તેમની સંખ્યા લાખોની છે. (ते णं भोमेज्जानगरा–तानि खलु भोमेयानि नगराणि) તે ભૂમિગત વ્યન્તરાવાસો (बाहिं वट्टा–बहिं वर्तुलानि) બહારથી ગોળાકાર છે (अंतो चउरंसा–अन्तः चतुरस्राः) અંદરથી ચતુષ્કોણ છે. (एवं जहो भवनवासीणं तहेवणेयव्वा–एवं यथा भवनवासिनां तथैव ज्ञातव्याः) તે આવાસોનું વર્ણન પણ ભવનવાસીઓના આવાસો જેવું જ છે. (णवरं) પણ તેમના કરતાં વ્યન્તર દેવોના આવાસોમાં આટલી વિશિષ્ટતા હોય છે– (पडागमालाउला–पताकामाला-

कुलानि) તે વ્યન્તરોના નગરો ધ્વજાઓથી મુકત હોય છે. તે ભવનો પણ 'સુરમ્ય પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ હોય છે,' આ પદોના અર્થ આગળ આપી દીધા છે

(केवइयाण भंते जोइसियाणं विमाणावासा पण्णत्ता ?) भदन्त ! कियन्तः खलु ज्योतिषिकाणां विमानावासाः प्रज्ञप्ताः ?—હે ભદન્ત ! જ્યોતિષી દેવોના વિમાન વાસો કેટલા છે ? ઉત્તર—(गोयमा !) हे गौतम ! (इमीसे णं रयणप्पभाए पुढवीए ) अस्याः खलु रत्नप्रभायाः पृथिव्याः—આ રત્નપ્રભા પૃથ્વીના (बहुसरमणिज्जाओ भूमिभागाओ) बहुसमरमणीयात् भूमिभागात्—બહુ સમરમણીય ભૂમિભાગથી (सत्तनउयाइं जोयणसयाइं उड्ढं उप्पइत्ता) नवत्यधिकयोजनशतानि ऊर्ध्वं उत्पत्य—સાતસો નવ યોજન ઉપર જતાં (एत्थणं) अत्र खलु—જે ક્ષેત્રે આવે છે તેમા ( दसुत्तरजोयणसयबाहल्ले ) दशोत्तरयोजनशतबाहल्ये—એક સો દસ યોજનની ઊંચાઈની (तिरियं जोइसविसए) तिर्यग् ज्योतिषविषये—જ્યૌતિષદેવોના તિરછા પ્રદેશમાં (जोइसियाणं देवाणं) ज्योतिषिकाणां देवानां—જ્યોતિષી દેવોના (असंखेज्जा जोइसियविमाणावासा पण्णत्ता) असंख्याता ज्योतिषिविमानावासाः पज्ञप्ताः—અસંખ્યાત જ્યૌતિષિક વિમાનાવાસો આવેલા છે. (ते णं जोइसियविमाणावासा) ते खलु ज्योतिषिक

**विमानावासा:**–જ્યોતિષીદેવોના તે વિમાનાવસો (**अब्भुग्गय मूसियपहसिया**) **अभ्युद्गतोच्छ्रित प्रभासिताः**–સમસ્ત દિશાઓમાં ઘણા વેગથી ફેલાતી પોતાની પ્રભા વડે શુભ્ર ભાસે છે. (**विविहमणिरयणभत्तिचि त्ता**) **विविधमणिरत्नभक्ति-चित्राः**–ચન્દ્રકાન્ત આદિ અનેક પ્રકારના મણિયોન તથા કર્કેતન આદિ રત્નોની વિશિષ્ટ રચનાથી તેમની શોભા અપૂર્વ લાગે છે. ( **वाउद्धूयविजयवेजयंती पडागछत्ताइछत्तकलिया** ) **वातोद्धूतविजयवैजयन्तीपताकाच्छत्रातिछत्रक-लिताः**––તથા તે વિમાનાવસો પવનથી ઉડતી વિજયસૂચક વૈજયન્તી માળાઓથ અને ધજાપતાકાઓથી અને ઉપરાઉપરી રહેલાં વિસ્તીર્ણ છત્રોથી યુકત હોય છે, (**तुंगा**) **तुङ्गा**–અને ઘણા ઉંચા હોય છે. તેથી (**गगणतलणुलिहंतसिहरा**) **गगनतलानुलिहच्छूखराः**–તેઓ પોતાના શિખરોવડે-અગ્રભાગો વડે આકાશને અડતાં હોય એવાં લાગે છે. ( **जालंतररयण पंजरुम्मिलियव्वमणिकणगथूमि-यागा** ) **जालान्तररत्नाः पञ्जरोन्मीलिता इव मणिकनकस्तूपिकाः**–તેમની બારીઓના મધ્યભાગમાં રત્નો જડેલાં છે. જેવી રીતે ઘરમાં રાખેલી વસ્તુને ધૂળ આદિનો સંસર્ગ થતો ન હોવાથી, તે વસ્તુને ઘરમાંથી બહાર કાઢીએ ત્યારે નિર્મળ હોવાથી શોભી ઉઠે છે એ જ પ્રમાણે તે વિમાનાવાસો પણ નિર્મ-ળતાને લીધે શોભે છે તે વિમાનાવાસોના જે નાનાં શિખરો છે તે મણિ અને

કનકનાં બનાવેલા હોય છે. (**वियसियसयपत्तपुंडरीयवणद्धचंदचित्ता**) **विकसितशतपत्रपुंडरीकतिलकरत्नार्धचन्द्रचित्राः**— સો પાખંડિયોવાળાં વિકસિત કમળોથી, પુંડ્રોથી, અને રત્નમય અર્ધચન્દ્રોથી તે વિમાનાવાસો અપૂર્વ શોભાવાળા લાગે છે. (**अंतो बहिं च सण्हा**) **अन्तर्बहिश्च श्लक्ष्णाः**—તે વિમાનાવાસો અંદર તથા બહાર તદ્દન લીસા–મુલાયમ હોય છે (**तवणिज्जवालुयाः पत्थडा**) **तपनीय वालुका प्रस्तटाः**—તેમનાં આંગણામાં તપ્ત સુવર્ણની રજ પાથરી હોય એવું લાગે છે. (**सुहफासा**) **सुख पर्शाः**—તેમનો સ્પર્શ ઘણો સુખદાયક લાગે છે. (**सस्सिरीय रूवा सश्रीक रूपाः**)-તેનું રૂપ શોભાયમાન લાગે છે. તે વિમાનાવાસો (**पसाइया**) પ્રાસાદીય, (**दरिसणिज्जा**) દર્શનીય, (**अभिरूवा**) અભિરૂપ, અને (**पडीरूवा**) પ્રતિરૂપ હોય છે. આ ચાર પદોના અર્થ આગળ આપી દીધા છે.

(**केवइयाणं भंते! वेमाणियावासा पण्णत्ता?**) **कियन्तः खलु भदन्त! वैमानिकाबासाः प्रज्ञप्ताः?**—હે ભદન્ત! વૈમાનિક દેવોના આવાસ કેટલા છે? (**गोयमा**) હે ગૌતમ! (**इमीसेणं रयणप्पभाए पुढवीए**) **अस्याः खलु रत्न प्रभायाः पृथिव्याः**—આ રત્નપ્રભા પૃથ્વીના (**बहुसमरमणिज्जाओ भूमिभागाओ**) **बहुसमरमणीयात् भूमिभागात्**—બહુસમરમણીય ભૂમિ ભાગથી (**उड्ढं**) **उर्ध्वं**—

ઉપરના ભાગમાં ( **चंदिमसूरियगहगणनक्खत्ततारारूवाणं** ) **चन्द्रसूर्यग्रहगण-नक्षत्रतारारूपाणाम्**–જે ચન્દ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્રો અને તારા છે ( **वीइवइत्ता** ) **व्यतिव्रज्य**-તેમને ઓળંગીને–એટલે કે જ્યોતિશ્ચક્રને પાર કરીને (**बहूणि जोयणाणि**) **बहूनि योजनानि**–ઘણા યોજન, (**बहूणि जोयणसयाणि**) **बहूनि योजन शतानि**–ઘણા સેંકડો યોજન, (**बहूणि जोयणसहस्साणि**) **बहूनि योजन-सहस्राणि**–ઘણા હજાર યોજન (**बहूणि जोयणसयसहस्साणि**) **बहूनि योजनशत-सहस्राणि**–અનેક લાખ યોજન, (**बहूईओ जोयणकोडीओ**) **बह्वीः योजनकोटीः**–અનેક કરોડ યોજન, (**बहूइओ जोयणकोडाकोडीओ**) **बह्वीः योजनकोटा-कोटीः**–અનેક કોડાનકોડી યોજન, (**संखेज्जाओ जोयणकोडाकोडीओ**) **संख्याताः योजन कोटाकोटीश्च**–તથા અસંખ્યાત કોડનકોડી યોજન (**उड्ढं दूरं वीइवइत्ता**) **ऊर्ध्वं दूरं व्यतिव्रज्य**–દૂર ઉંચે જતાં (**वेमाणियाणं देवाणं**) **वैमानिकानां देवानां**–વૈમાનિક દેવાનાં ( **सोहम्मीसाणसणंकुमारमाहिंदबंभलंतगसुक्कस-हस्सारआणयपाणयआरणं अच्चुएसु गेवेज्जमणुत्तरेसु य** ) **सौधर्मेशानस-नत्कुमारमाहेन्द्रब्रह्मलान्तकशुक्रसहस्रारानतप्राणतारणाच्युतेषु ग्रैवेयकानु-त्तरेषु च**–સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાન્તક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ અને અચ્યુત એ બાર દેવલોકોમાં, તથા નવ

ગ્રવેયકોમાં, તથા પાંચ અનુત્તર વિમાનોમાં (चउरासीइं विमाणावाससयसहस्सा) चतुरशीतिर्विमानावासशतसहस्राणि–ચોર્યાસી લાખ (सत्ताणउइ च सहस्सा तेवीसं च) सप्तनवतिश्च सहस्राणि त्रयोविंशतिश्च–સત્તાણુ હજાર તેવીસ (विमाणा भवंतीति मक्खाया)विमानानि भवन्तीत्याख्यातम्–વિમાનો છે એવું ભગવાને ભાખેલ છે. (ते णं विमाणा) तानि खलु विमानानि–તે વિમાનો (अच्चिमालिप्पभा) अर्चिर्मालिः प्रभाणि–સૂર્ય સમાન પ્રભાવાળા છે, (भासरासिवण्णाभा) भासराशिवर्णाभाणि–તે વિમાનોની કાન્તિ પ્રકાશરાશિવાળા સૂર્યના વર્ણ જેવી છે. (अरया) अरजांसि–તેઓ સ્વાભાવિક રજ વિનાનાં છે, (नीरया) नीरजांसि–ઉડીને આવનારી ધૂળથી પણ રહિત છે, (णिम्मला) निर्मलानि–નિર્મળ છે, (वितिमिरा) वितिमिराणि–કૃત્રિમ અંધકારથી રહિત છે (विसुद्धा) विशुद्धानि–સ્વાભાવિક અંધકારથી રહિત છે, (सव्वरयणामया) सर्वरत्नमयानि–કર્કેતન આદિ રત્નમય છે, (अच्छा) अच्छानि–આકાશ અને સ્ફટિક સમાન નિર્મળ છે, (सण्हा) श्लक्ष्णानि–મુલાયમ છે, (घट्ठा) घृष्टानि–સરાણના પથ્થર પર ઘસ્યાં હોય એવાં ચળકતાં છે. (मट्ठा) मृष्टानि–પણાં કોમળ અને સુંવાળાં છે. (णिप्पंका) निष्पंकाणि–કીચડ રહિત છે. (णिक्कंकडच्छाया)निष्कण्टकच्छायानि–

તેમની કાંતિ કોઇપણ પ્રકારના આચ્છાદન કે ઉપઘાતથી રહિત છે. (**सप्पभा) सप्रभाणि**–તેઓ પ્રભાયુકત છે, (**समरीया) समरीचीनि**–કિરણોથી યુકત છે, (**सउज्जोया) सोद्योतानि**–પ્રકાશિત છે, (**पासाईया**) પ્રાસાદીય છે, (**दरिसणिज्जा**) દર્શનીય છે, (**अभिरूवा**) અભિરૂપ છે, ( **पडिरूवा** ) પ્રતિરૂપ છે, આ ચારે પદોના અર્થ આગળ આવી ગયા છે.

હવે ગૌતમસ્વામી મહાવીર પ્રભુને પૂછે છે કે પ્રત્યેક કલ્પમાં કેટલાં વિમાનાવાસ છે? (**सोहम्मे णं भंते ! कप्पे केवइया विमाणावासा पण्णत्ता) सौधर्मे खलु भदन्त ! कल्पे कियन्तः विमानावासाः प्रज्ञप्ताः**–હે ભદન્ત ! સૌધર્મ કલ્પમાં કેટલાં વિમાનાવાસો છે? ઉત્તર—(**गोयमा !**) હે ભદન્ત ! (**बत्तीसं विमाणावासयसहस्सा पण्णत्ता ) द्वात्रिंशत् विमानावासशतसहस्राणि प्रज्ञप्तानि**––સૌધર્મ દેવલોકમાં ૩૨ બત્રીસ લાખ વિમાનાવાસ કહેલ છે. (**एवं ईसाणेसु अट्ठावीसं बारस, अट्ठ, चत्तारि, एयाइं सयसहस्साइं) एवं ईशानेषु अष्टाविंशतिः द्वादशाष्टचत्वारि एतानि शतसहस्राणि**–એ જ રીતે ઇશાનકલ્પમાં ૨૮ અઠયાવીસ લાખ, ત્રીજા સનત્કુમાર દેવલોકમાં બારલાખ, ચોથા માહેન્દ્રદેવલોકમાં આઠ લાખ, પાંચમા બ્રહ્મલોક કલ્પમાં ચાર લાખ, (**पण्णासं**

**चत्तालीसं छएयाइं सहस्साइं) पञ्चाशत् चत्वारिंशत् षट् एतानि सहस्राणि**—છઠ્ઠા લાન્તક દેવલોકમાં પચાસ હજાર, સાતમાં મહાશુક્રમાં ચાલીસ હજાર, અને આઠમાં સહસ્રાર દેવલોકમાં છ હજાર વિમાને છે. (**आणय पाणए चत्तारि आरणच्चुए तिन्नि एयाणि सयाणि) आनते प्राणते चत्वारि, आरणाच्युते त्रीणि एतानि शतानि**—નવમાં આનત અને દસમાં પ્રાણુત દેવલોકમાં ચારસો વિમાને છે. અગિયારમાં આરણુ અને બારમાં અચ્યુત દેવલોકમાં ત્રણુસો વિમાને છે. (**एवं गाहाहिं भाणियव्वं) एवं गाथाभिः भणितव्यम्**—એ જ પ્રમાણે '**बत्तीसट्ठा-वीसा**' ઈત્યાદિ આગળ આપેલી ગાથાએ પ્રમાણે આગળનું વર્ણન સમજવું. ।।સૂ.૧૮૭।।

ટીકાર્થ—"**केवइयाणं भंते ! इत्यादि ।**

પ્રશ્ન—હે ભદન્ત ! અસુરકુમારોના આવાસ કેટલા છે ? ઉત્તર—હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીની ઊંચાઇ એક લાખ એંસી હજાર યોજનની કહેલ છે. તેના ઉપર અને નીચેના એક એક હજાર યોજન પ્રમાણ ક્ષેત્ર સિવાયના બાકીના એક લાખ અઠયોતેર હજાર યોજન પ્રમાણ ક્ષેત્રમાં અસુરકુમારોના ૬૪ ચોસઠ લાખ આવાસ છે તે આવાસરૂપ ભવન બહારથી ગોળ અને અંદરથી ચતુષ્કોણ છે. તેમનો નીચેનો ભાગ કમળની કર્ણિકાના જેવા આકારનો હોય છે. જમીનને ખોદીને તેમના ફરતી બનાવેલ ખાઇ (ખાત) અને તેમની પરિઘા વિપુલ અને ગંભીર છે. ખાત (ખાઈ) ઉપર તથા નીચે સમપ્રમાણ હોય છે. પરિઘા ઉપરથી વિશાળ અને નીચેના ભાગમાં સાંકડી હોય છે. તે આવાસોને અટારીએ હોય છે અને તેમની પાસે આઠ હાથ પહોળો માર્ગ હોય છે. તથા તેમને પુરદ્વાર, કપાટ, તોરણુ,-બહિર્દ્વાર અને પ્રતિદ્વાર—અવાન્તરદ્વાર હોય છે. તે બધા ભવનો પથ્થર ફેંકવાના યંત્રોથી, મુસલનામના શસ્ત્રોથી, મુસુંઢીઓથી, તથા એક સાથે ૧૦૦ સો માણુસનો ઘાત કરી શકે એવી શતઘ્નિયોથી સજ્જ હોય છે. તેમાં પ્રવેશ કરીને શત્રુ સૈન્ય યુદ્ધ કરી શકતું નથી તેથી તે ભવનો '**अयोध्य**' ગણાય છે. તે ભવનો ૪૮ અડતાલીસ પ્રકારની રચનાવાળા ઓરડાવાળાં હોય છે, અને ૪૮ અડતાલીસ પ્રકારની ઉત્તમ વનમાળાઓથી યુકત હોય છે. તેની ભૂમિ પર લેપ અને ઉપલેપ કર્યો હોય એવું લાગે છે તેથી ભવનો ઘણાં સુંદર લાગે છે. તેમની દિવાલો પર ગાઢ ગોશીર્ષચંદન અને સરસ રકતચંદનના લેપથી પાંચ આંગળિયો અને હથેળીના નિશાન પડયાં હોય એવું લાગે છે. તે ભવનોની અંદર કાળા અગરુ, શ્રેષ્ઠ કન્દ્રુપ,

અને તુરુષ્ક લોબાનનો ધૂપ સળગાવ્યો હોય ત્યારે જેવી સુગંધ આવે છે તેથી અધિક સુગન્ધ આવતી હોય છે. તે ભવનો તે કારણે ઘણા મનોહર લાગે છે. સારામાં સારી-શ્રેષ્ઠ સુગન્ધોથી તે સુગન્ધીદાર લાગે છે. તેથી તે ભવનો સુગંધિ દ્રવ્યોમાંથી બનાવેલી અગરબત્તી જેવાં લાગે છે. તે ભવનો બધી બાજુએથી આકાશ અને સ્ફટિક સમાન નિર્મળ લાગે છે, ઈસ્ત્રી કરેલાં વસ્ત્રો જેવી રીતે સુવાળા લાગે છે-અથવા દબાવેલાં વસ્ત્રો જેવાં મુલાયમ લાગે છે એવાં જ મુલાયમ તે ભવનો છે. જેવી રીતે પથ્થરની પુતળીને પથ્થર ઘસવાના પથ્થર (ખરસાણ) પર ઘસીને એક સરખી કરી હોય છે એવાં જ એકસરખાં-ખરબચડાપણાથી રહિત-તે ભવનો છે એટલે કે જે સ્થાને જેવી રચના હોવી જોઈએ એવી પ્રમાણસરની રચનાવાળાં છે. નાજુક સરાણ પર ઘસીને જેવી રીતે પથ્થરની પુતળીને સાફ અને સુઘડ બનાવી હોય છે એ જ પ્રમાણે આ ભવનો પણ સાફ છે. તેમાં કોઈ પણ જગ્યાએ ધૂળતો હોતી જ નથી. તે અંધકાર રહિત, પ્રકાશયુકત અને વિશુદ્ધ છે. તે ભવનો આભા યુકત છે. તે ભવનોમાંથી પ્રકાશનાં કિરણો નિકળતાં હોય છે. તેમની પાસે જે કોઈ બીજી વસ્તુ આવી જાય છે તે પ્રકાશથી ચળકવા લાગે છે. તે ભવનોનું અવલોકન કરવાથી મનમાં આનંદ થાય છે માટે તે ભવનો પ્રાસાદીય છે, જોનારની આંખો તેમને જોતાં થાકતી નથી, તેથી તે ભવનો દર્શનીય છે. જયારે તેમને જોઈએ ત્યારે તેમની શોભા અપૂર્વ લાગે છે. તેથી તે અભિરૂપ છે, તે ભવનોને પ્રતિરૂપ કહ્યાં છે કારણ કે જે કોઇ માણસો તેમને જુવે છે તે બધાંને તે રમણીય લાગે છે. અસુરકુમારોનાં ભવનોનું અહીં જેવું વર્ણન કર્યું છે એવું જ નાગકુમાર આદિ જાતિના દેવોના ભવનોનું વર્ણન પણ છે. તે વર્ણન **'चउसट्ठी असुराणं'** વગેરે ગાથાઓ દ્વારા બતાવવામાં આવ્યું છે. અસુરકુમારોના આવાસો જેવું જ તેમનું વર્ણન પણ છે. હે ભદન્ત ! પૃથ્વીકાયનાં નિવાસસ્થાનો કેટલા પ્રકારનાં છે ? ઉત્તર-હે ગૌતમ ! પૃથ્વીકાયિકોનાં અસંખ્યાત આવાસ કહેલાં છે. એજ પ્રમાણે અપકાય તેજસ્કાય, વાયુકાય અને પ્રત્યેક વનસ્પતિકાયના આવાસો પણ અસંખ્યાત છે, સાધારણ વનસ્પતિકાયના આવાસ-નિવાસસ્થાન અનંત છે. દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચૌઈન્દ્રિય અને અસંજ્ઞીપંચેન્દ્રિય જીવોના નિવાસસ્થાન અસં-

ખ્યાત છે. તથા સંજ્ઞીપંચેન્દ્રિય, તિર્યંચ અને મનુષ્યો ગર્ભજન્મવાળા હોવાથી તેમના નિવાસસ્થાન સંખ્યાત છે. કારણકે તે જીવો સંખ્યાત છે. તથા જે સંમૂચ્છિમ મનુષ્યો છે તેઓ અસંખ્યાત છે. તેથી તેમના નિવાસસ્થાનો પણ અસંખ્યાત છે. કારણ કે તે જીવો દરેક મનુષ્યના મળમૂત્ર આદિમાં અંતમુર્હૂર્ત પછી ઉત્પન્ન થઇ જાય છે.

હે ભદન્ત ! વ્યન્તરદેવોના આવાસ કેટલા છે ? ઉત્તર-આ રત્નપ્રભા પૃથ્વીનો રત્નમયકાંડ એક હજાર યોજનની ઊંચાઈવાળો છે. તેના ઉપર ૧૦૦ સો યોજન અને નીચેના ૧૦૦ સો યોજનના ક્ષેત્ર સિવાયના બાકીના ૮૦૦ આઠસો યોજન પ્રમાણ ક્ષેત્રમાં વ્યંતરદેવોના નગરરૂપ આવાસ છે. તે આવાસો ભૂમિગત છે, અને તિરછા અનેક યોજન સુધી છે તે આવાસો લાખોની સંખ્યામાં છે તે ભૂમિગત આવાસો બહારથી ગોળ અને અંદરથી ચતુષ્કોણ છે. તે આવાસોનું વર્ણન પણ ભવનવાસીઓના આવાસો જેવું જ છે. પણ ભવનપતિ દેવોના આવાસો કરતાં વ્યંતરોના આવાસોમા એટલી વિશેષતા હોય છે કે વ્યંતરદેવોનાં નગરો વૈજયંતિયોના સમુદાયથી વ્યાપ્ત રહે છે. "સુરમ્ય, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ" આ પદોના અર્થ આગળ આપી દેવામાં આવ્યા છે. વ્યંતરદેવોનાં ભવનનગર અને આવાસરૂપ નિવાસસ્થાન વિવિધ પ્રકારનાં હોય છે. તેથી તે દેવોનું નામ વ્યંતર પડયું છે. અથવા મનુષ્યો અને તેમની વચ્ચે ભેદ હોતો નથી કારણ કે તેઓ ચક્રવર્તિ, વાસુદેવ આદિ મનુષ્યોની સેવા નોકરની જેમ કરે છે. તેઓ વિવિધ પ્રકારોના પહાડો અને ગુફાઓની વચ્ચે તથા વનોની વચ્ચે વસે છે, તેથી પણ તેમને વ્યંતરો કહે છે.

હે ભદન્ત ! જ્યોતિષી દેવોના વિમાનાવાસો કેટલા કહ્યા છે ? ઉત્તર-હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમરમણીય અત્યંત સમતલ હોવાને કારણે સુંદર-ભૂમિભાગથી ૭૯૦ સાતસો નેવું યોજન ઉંચે ૧૧૦ યોજનના વિસ્તારવાળા જ્યોતિષદેવોના તિર્યગ્ પ્રદેશમાં જ્યોતિષીદેવોના અસંખ્યાત વિમાનાવાસ આવેલા છે. તે વિમાનાવાસો સઘળી દિશામાં પ્રસરતી પોતાની પ્રભાથી શોભાયમાન છે. ચન્દ્રકાન્ત આદિ મણિયોની તથા કર્કેતન આદિ રત્નોની વિશિષ્ટ રચનાથી તેમની શોભા અપૂર્વ લાગે છે. તથા તે વિજયસૂચક વૈજયન્તિયોથી, સામાન્ય ધજાઓથી, અને ઉપરાઉપરી ગોઠવેલ વિસ્તીર્ણ છત્રોથી યુકત છે અને ઘણા ઉંચા છે. તે કારણે તેઓ પોતાના અગ્રભાગોથી આકાશને સ્પર્શતા હોય છે. તેની બારીઓના મધ્યભાગમાં રત્નો જડેલાં હોય છે. જેમ ઘરમાંથી કાઢેલી વસ્તુ ધૂળ, રજ

આદિથી રહિત હોવાને કારણુ નિર્મળરૂપે શોભે છે તેમ આ વિમાનાવાસો પણ નિર્મળ હોવાથી શોભે છે. આ વિમાનાવાસોના લઘુ શિખરો મણિ અને કનકના બનેલાં હોય છે, વિકસિત શતદલવાળાં કમળોથી, પુંડ્રોથી અને રત્નમય અર્ધચન્દ્રોથી તે વિમાનાવાસની શોભા અપૂર્વ લાગે છે. તેનો ભાવાર્થ નીચે પ્રમાણે છે- વિમાનાવાસોનાં દ્વાર આદિ ઉપર વિકસિત શતપાખડીવાળાં કમળો ચીતરેલાં છે, દિવાલ આદિ ઉપર તિલક તાણેલ છે. તથા દ્વારોના અગ્રભાગ આદિ ઉપર રત્નમય અર્ધચન્દ્ર આલેખેલા છે. તેથી તેમની શોભા અવર્ણનીય લાગે છે. તે વિમાનાવાસો અંદર તથા બહાર તદ્દન સુંવાળા હોય છે. તેમનાં આંગણાં તપનીય વાલુકા–સુવર્ણની રજ–નાં બનેલા છે. તેમનો સ્પર્શ અતિ સુખદાયક લાગે છે. તેઓ સશ્રીક–શોભાયમાન છે. "પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ" એ પદોના અર્થ આગળ આપી દીધા છે.

હે ભદન્ત! વૈમાનિકદેવોના આવાસ કેટલા છે? પુન્યશાળી જીવો જેમનો વિવિધ રીતે ઉપભોગ કરે છે તેનું નામ વિમાન છે. તે વિમાનોમાં ઉત્પન્ન થનારા દેવોને વૈમાનિકદેવો કહે છે. ગૌતમ સ્વામીએ ઉપરોકત વૈમાનિકદેવો વિષે આ પ્રશ્ન મહાવીર પ્રભુને પૂછયો છે. ઉત્તર–હે ગૌતમ! આ રત્નપ્રભા પૃથ્વીના બહુ-સમરમણીય ભૂમિ ભાગથી ઉપર ચન્દ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્રો અને તારાઓને ઓળંગીને એટલે કે જ્યોતિશ્ચક્રને પાર કરીને ઘણા યોજન, સેંકડો યોજન, હજારો યોજન, લાખો યોજન, કરોડો યોજન, કોટાનકોટી યોજન, તથા અસંખ્યાત ક્રોડાનક્રોડી યોજન ઊંચે જતાં વૈમાનિકદેવોના સૌધર્મ, ઇશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાન્તક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ્ અને અચ્યુત, એ ૧૨ દેવલોકમાં, તથા ૯ ગ્રૈવયકોમાં અને પાંચ અનુત્તરવિમાનોમાં મળીને ચોર્યાસી લાખ સત્તાણું હજાર તેવીસ (૮૪૯૭૦૨૩) વિમાનો છે, એવું ભગવાને ભાખેલ છે. તે વિમાનોની પ્રભા સૂર્ય સમાન છે. તેમની કાન્તિ પ્રકાશરાશિથી યુકત સૂર્યની

કાન્તિ સમાન છે. તેઓ સામાન્ય રજથી રહિત છે. ઉડીને આવતી રજથી પણ રહિત છે, નિર્મળ છે, વિતિમિર-કૃત્રિમ અંધકારથી રહિત છે અને સ્વાભાવિક અંધકારથી પણ રહિત છે. તે વિમાનો કર્કેતન આદિ રત્નોથી શોભી રહ્યાં છે, આકાશ અને સ્ફટિક સમાન નિર્મળ છે. **શ્લક્ષ્ણ**—મુલાયમ-સુંવાળાં છે. **ઘૃષ્ટ**—ખરસાણના પથ્થર વડે ઘસ્યાં હોય એવાં ચળકતાં છે, **મૃષ્ટ**—ઘણા કોમળ અને સુંવાળાં છે. પ્રમાણમાં એક સરખાં છે, ઊંચા નીચા ભાગવાળાં નથી. નિષ્પંક-કીચડ રહિત છે. આવરણ કે ઉપઘાત રહિત કાન્તિવાળા છે **सप्रभा**—પ્રભાયુકત છે, **समरीच**—કિરણોથી યુકત છે, **सोद्योत**—પ્રકાશયુકત છે. પ્રાસદીય છે, દર્શનીય છે, અભિરૂપ છે, અને પ્રતિરૂપ છે. આ પદોના અર્થ આગળના સૂત્રોના વ્યાખ્યાનમાં આવી ગયા છે તો ત્યાંથી જોઇ લેવા.

હવે ગૌતમસ્વામી મહાવીર પ્રભુને પૂછે છે કે પ્રત્યેક દેવલોકમાં કેટલા વિમાનાવાસ છે?

હે ભદન્ત! સૌધર્મકલ્પમાં કેટલા વિમાનાવાસ છે? ઉત્તર—હે ગૌતમ! સૌધર્મકલ્પમાં ૩૨ બત્રીસ લાખ વિમાનાવાસ કહ્યા છે. એજ પ્રમાણે ઈશાન આદિ કલ્પોમાં અનુક્રમે ૨૮ અઠયાવીસ લાખ. ૧૨ બાર લાખ, ૮ આઠ લાખ, ૪ ચાર લાખ, ૫૦ પચાસ હજાર, ૪૦ ચાલીસ હજાર, ૭ હજાર, આનત અને પ્રાણતમાં મળી ૪૦૦ ચારસો અને આરણ-અચ્યુતમાં મળી ૩૦૦ ત્રણસો વિમાનાવાસ કહેલા છે. તે બધી વાત '**बत्तीसट्ठावीसा**' ઈત્યાદિ ગાથાઓમાં આવી ગઇ છે. તથા સૌધર્મકલ્પમાંના વિમાનાવાસો જેવું જ વર્ણન ઈશાન આદિ કલ્પમાંના વિમાનાવાસોનું પણ સમજવાનું છે. ॥ સૂ૦ ૧૮૭ ॥

## ૧૯૪

સૂત્રકારે નારક આદિ જીવોનાં સ્થાન તો આગળ કહ્યાં છે પણ તે જીવોની સ્થિતિનું વર્ણન કર્યું નથી. તેથી હવે તેમની સ્થિતિનું વર્ણન કરે છે—

શબ્દાર્થ--(**नेरइयाणं भंते केवइयं काल ठिई पण्णत्ता?**) **नैरयिकाणां भदन्त! कियन्तं कालं स्थितिः प्रज्ञप्ताः?**—હે ભદન્ત! નારકજીવોની કેટલા કાળની સ્થિતિ કહી છે? (**गोयमा! जहण्णेणं दसवाससहस्साइं उक्कोसेणं**

तेवीसं सागरोवमाइं ठिई पण्णत्ता) हे गौतम ! जघन्येन दशवर्षसहस्राणि उत्कृष्टेन त्रयस्त्रिंशत् सागरोपमानि स्थितिः प्रज्ञप्ताः–હે ગૌતમ ! નારકીજીવોની સ્થિતિ જઘન્યની અપેક્ષાએ દસ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ (વધારેમાં વધારે) ૩૩ તેત્રીસ સાગરોપમની કહી છે. (अपज्जत्तगाणं नेरइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता) अपर्याप्तकानां नैरयिकाणां भदन्त ! कियन्तं कालं स्थितिः प्रज्ञप्ताः)–હે ભદન્ત ! અપર્યાપ્તક નારકીજીવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? (गोयमा ! जहन्नेणं अंतोमुहुत्तं उक्कोसेणं वि अंतोमुहुत्तं) हे गौतम ! जघन्येन अन्तमुहूर्तं उत्कर्षेणापि अन्तमुहूर्त्तम्–હે ગૌતમ ! અપર્યાપ્તક નારકી જીવોની જઘન્યસ્થિતિ અન્તર્મુહૂર્તની છે અને ઉત્કૃષ્ટસ્થિતિ પણ અન્તર્મુહૂર્તની કહી છે. (पज्जत्तगाणं जहन्नेणं अंतोमुहुत्तूणाइं दसवाससहस्साइं उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं) पर्याप्तकाणां जघन्येन अन्तर्मुहूर्तोनानि दशवर्ष–सहस्राणि उत्कर्षेण त्रयस्त्रिंशत् सागरोपमानि अन्तर्मुहूर्तोनानि–પર્યાપ્તક નારક જીવોની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષથી અન્તર્મુહૂર્ત ઓછા કાળની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમથી અન્તર્મુહૂર્ત જેટલા ઓછા કાળની છે. (इमीसेणं रयणप्पभाए पुढवीए) अस्याः खलु रत्नप्रभायाः पृथिव्याः—આ રત્નપ્રભા પૃથ્વીના નારકજીવોની, (एवं जाव विजयवेजयंतजयंतअपराजिय-

**सव्वट्ठसिद्धाणं देवाणं केवइयं कालं ठिई पण्णत्ता) एवं यावत् विजयवैजयन्त जयन्तापराजितसर्वार्थसिद्धानां देवानां कियन्तं काल स्थितिः प्रज्ञप्ताः—** એ જ રીતે શર્કરાપ્રભા આદિ છ પૃથ્વીઓના નારકજીવોની, તથા ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્કદેવોની અને સૌધર્મ આદિ બાર કલ્પોના દેવોની, નવગ્રૈવેયકોના દેવોની, તથા વિજય, વૈજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધના દેવોની સ્થિતિ કેટલા કાળની છે? ઉત્તર—**(गोयमा ! जहन्नेणं एक्कतीसं सागरोवमाइं उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं) गौतम ! जघन्येन एकत्रिंशत् सागरोपमाणि उत्कर्षेण त्रयस्त्रिंशत् सागरोपमाणि**—હે ગૌતમ! જઘન્યની અપેક્ષાએ ૩૧ એકત્રીસ સાગરોપમની અને ઉત્કૃષ્ટની અપેક્ષાએ ૩૩ તેત્રીસ સાગરોપમની છે. **(सव्वट्ठे अजहण्णमणुक्कोसेणं तेत्तीसं सागरोवमाइं ठिई पण्णत्ता) सर्वार्थे अजघन्यानुत्कर्षेण त्रयस्त्रिंशत् सागरोपमाणि स्थिति प्रज्ञप्ताः**—તથા સર્વાર્થસિદ્ધ નામના અનુત્તર વિમાનમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ તેત્રીસ સાગરોપમની છે. ।સૂ૧૮૮।

ટીકાર્થ--**"नेरइयाणं भंते" इत्यादि ।**

હે ભદન્ત! નારકજીવોની સ્થિતિ કેટલા કાળની કહી છે? હે ગૌતમ! નારકજીવોની સ્થિતિ જઘન્ય (ઓછામાં ઓછી) દસ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ (વધારેમાં વધારે) ૩૩ તેત્રીસ સાગરોપમની કહી છે હે ભદન્ત! અપર્યાપ્તક નારકજીવોની સ્થિતિ કેટલા કાળની કહી છે? હે ગૌતમ! અપર્યાપ્તક નારકજીવોની જઘન્યસ્થિતિ અંતર્મુહૂર્તની તથા ઉત્કૃષ્ટ સ્થિતિ પણ અંતર્મુહૂર્તની છે. તેનો ભાવાર્થ એ છે કે નારકજીવો લબ્ધિની અપેક્ષાએ પર્યાપ્તક જ હોય છે. પણ કરણની અપેક્ષાએ ઉપપાત કાળમાં અન્તર્મુહૂર્ત સુધી અપર્યાપ્તક રહે છે. પછી પર્યાપ્તક બની જાય છે. તેથી અપર્યાપ્તક કાળની અપેક્ષાએ અપર્યાપ્તક નારકીઓની સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટની અપેક્ષાએ અંતર્મુહૂર્તની કહી છે. પર્યાપ્તક નારકજીવોની જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષ કરતાં એક અંતર્મુહૂર્ત જેટલી ન્યૂન અને ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ તેત્રીસ સાગરોપમ કરતાં અંતર્મુહૂર્ત જેટલી ઓછી હોય છે. પર્યાપ્તક

અને અપર્યાપ્તકના વિભાગ આ પ્રમાણે કહેલ છે–

"नारयदेवातिरियमणुयगब्भया जे असंखवासाऊ
एए उ अपज्जत्ता, उववाए चेव बोद्धव्वा ॥१॥ ઇત્યાદિ"

નારક, દેવ, ગર્ભજ તિર્યંચ, અને ગર્ભજ મનુષ્ય, કે જેમનું આયુષ્ય અસંખ્યાત વર્ષનું હોય છે. તેઓ ઉપપાત સમયમાં અપર્યાપ્તક હોય છે. અન્ય તિર્યંચ અને મનુષ્ય લબ્ધિની અપેક્ષાએ ઉપપાત સમયમાં પર્યાપ્ત પણ હોય છે અને અપર્યાપ્ત પણ હોય છે, એવું જિનેન્દ્રદેવનું કથન છે. આ પ્રમાણે નારકજીવોની સ્થિતિનું સામાન્ય રીતે કથન કરીને હવે સૂત્રકાર તેનું વધુ સ્પષ્ટીકરણ કરે છે—

પ્રશ્ન— આ રત્નપ્રભા પૃથ્વીના નારકજીવોની, તથા શર્કરાપ્રભા આદિ ૬ છ પૃથ્વીના નારકજીવોની, તથા ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્કદેવોની, અને સૌધર્મ આદિ ૧૨ કલ્પોના દેવોની, નવ ગ્રૈવેયકોના દેવોની, વિજય, વૈજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધના દેવોની કેટલા કાળની સ્થિતિ છે ? ઉત્તર–હે ગૌતમ ! પ્રથમ પૃથ્વીના નારકીઓની સ્થિતિ જઘન્યની અપેક્ષાએ દસ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટની અપેક્ષાએ એક સાગરોપમની છે બીજી પૃથ્વીમાં જઘન્ય સ્થિતિ એક સાગરોપમની અને ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ સાગરોપમની કહી છે. ત્રીજી પૃથ્વીમાં જઘન્ય સ્થિતિ ત્રણ સાગરોપમની અને ઉત્કૃષ્ટ સ્થિતિ સાત સાગરોપમની છે. ચોથી પૃથ્વીમાં જઘન્ય સ્થિતિ સાત સાગરોપમની અને ઉત્કૃષ્ટ સ્થિતિ દસ સાગરોપમની છે. પાંચમી પૃથ્વીમાં જઘન્ય સ્થિતિ દસ સાગરોપમની અને ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૭ સત્તર સાગરોપમની છે. છઠ્ઠી પૃથ્વીમાં જઘન્ય સ્થિતિ ૧૭ સત્તર સાગરોપમની અને ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૨ બાવીસ સાગરોપમની છે. સાતમી પૃથ્વીમાં જઘન્ય સ્થિતિ ૨૨ બાવીસ સાગરોપમન અને ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ તેત્રીસ સાગરોપમની છે. ભવનપતિ દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગરોપમથી થોડી વધારે અને જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષની છે. વ્યંતર દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક પલ્યોપમની અને જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષની છે. જ્યોતિષ્કદેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક પલ્યોપમ અને ૧ એક લાખ વર્ષની છે અને જઘન્ય સ્થિતિ પલ્યના આઠમા ભાગ જેટલી છે. વૈમાનિકદેવોમાંની પહેલા સૌધર્મકલ્પમાંના દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ બે સાગરોપમની અને જઘન્ય સ્થિતિ એક પલ્યોપમની છે. બીજા ઇશાન કલ્પમાંના દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ બે સાગરોપમ કરતાં થોડી વધારે છે અને જઘન્ય સ્થિતિ એક પલ્યોપમ કરતાં થોડી વધારે છે. ત્રીજા સનત્કુમાર કલ્પમાં દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ સાત સાગરોપમની છે અને જઘન્ય સ્થિતિ બે સાગરોપની છે. ચોથા માહેન્દ્ર

કલ્પમાં દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ સાત સાગરોપમથી થોડી વધારે છે અને જઘન્ય સ્થિતિ બે સાગરોપમથી થોડી વધારે છે. પાંચમા બ્રહ્મલોક કલ્પમાં દેવોની ઉત્કૃષ્ટસ્થિતિ ૧૦ દસ સાગરોપમની છે અને જઘન્યસ્થિતિ સાત સાગરોપમની છે. છઠ્ઠા લાન્તક દેવલોકમાં દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૪ ચૌદ સાગરોપમની છે અને જઘન્ય સ્થિતિ દસ સાગરોપમની છે. સાતમા મહાશુક્ર કલ્પમા ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૭ સાગરોપમની અને જઘન્ય સ્થિતિ ૧૪ સાગરોપમની છે. આઠમાં સહસ્રાર કલ્પમાં ઉત્કૃષ્ટસ્થિતિ ૧૮ અઢાર સાગરોપમની અને જઘન્યસ્થિતિ ૧૭ સત્તર સાગરોપમની છે. નવમાં આનત દેવલોકમાં દેવોની ઉત્કૃષ્ટસ્થિતિ ૧૯ ઓગણીસ સાગરોપમની અને જઘન્ય સ્થિતિ ૧૮ સાગરોપમની છે. દસમાં પ્રાણત કલ્પમાં દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૦ વીસ સાગરોપમની અને જઘન્ય સ્થિતિ ૧૯ ઓગણીસ સાગરોપમની છે. અગિયારમાં આરણ કલ્પમાં દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૧ એકવીસ સાગરોપમની અને જઘન્ય સ્થિતિ ૨૦ વીસ સાગરોપમની છે. બારમાં અચ્યુત કલ્પમાં દેવે ની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૨ બાવીસ સાગરોપમની અને જઘન્યસ્થિતિ ૨૧ એકવીસ સાગરોપમની છે. તથા નવ ગ્રવેયકોમાંના પહેલા ગ્રૈવેયકમાં દેવોની જઘન્યસ્થિતિ ૨૨ બાવીસ સાગરોપમની છે અને ઉત્કૃષ્ટસ્થિતિ ૨૩ તેવીસ સાગરોપમની છે. બીજા ગ્રૈવેયકમાં દેવોની જઘન્ય સ્થિતિ ૨૩ તેવીસ સાગરોપમની છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૪ ચોવીસ સાગરોપમની

એ જ પ્રમાણે ત્રીજા, ચોથા, પાચમાં, છઠ્ઠા, સાતમાં, આઠમાં, અને નવમાં ગ્રૈવેયકમાં દેવોની જઘન્યસ્થિતિ અનુક્રમે ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯ અને ૩૦ સાગરોપમની છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ અનુક્રમે ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦ અને ૩૧ સાગરોપમની છે.

તથા હે ગૌતમ! અનુત્તર વિમાનોમાંના વિજય, વૈજયત, જયંત અને અપરાજિત, એ ચાર વિમાનોમાંના દેવોની જઘન્યસ્થિતિ ૩૨ બત્રીસ સાગરોપમની છે અને ઉત્કૃષ્ટસ્થિતિ ૩૩ તેત્રીસ સાગરોપમની છે. તથા સર્વાર્થસિદ્ધ નામના અનુત્તર વિમાનમાંના દેવોની જઘન્ય તથા ઉત્કૃષ્ટસ્થિતિ ૩૩ (તેત્રીસ) સાગરોપમની છે॥સૂ.૧૮૮॥

નારકાદિજીવોની સ્થિતિનું વર્ણન કરીને હવે સૂત્રકાર તેમના શરીરની અવગાહનાનું વર્ણન કરે છે—

શબ્દાર્થ—(**कईणं भंते सरीरा पण्णत्ता**) **कति खलु भदन्त ! शरीराणि प्रज्ञप्तानि ?** હે ભદન્ત ! કેટલાં શરીર કહ્યાં છે ? ઉત્તર-(**गोयमा ! पंच सरीरा पण्णत्ता**) **हे गौतम ! पञ्च शरीराणि प्रज्ञप्तानि**—હે ગૌતમ ! શરીર પાંચ પ્રકારનાં કહ્યાં છે ? (**तं जहा**) **तद्यथा**—તે આ પ્રમાણે છે. (**ओरालिए, वेउविए, आहारए, तेयए, कम्मए**) **औदारिकम्, वैक्रियकम्, आहारकम्, तैजसम्, कर्मजम्**—ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કર્મજ. (**ओरालिय सरीरेणं भंते कइविहे पण्णत्ते**) **औदारिकं शरीरं खलु भदन्त ! कतिविधं प्रज्ञप्तः ?** હે ભદન્ત ! ઔદારિક શરીર કેટલા પ્રકારનાં કહ્યાં છે ? ઉત્તર-(**गोयम पंचविहे पण्णत्ते**) **हे गौतम पञ्चविधं प्रज्ञप्तम्**—હે ગૌતમ ? પાંચ પ્રકારનાં કહ્યાં છે, (**तं जहा**) **तद्यथा**—તે પ્રકારો આ પ્રમાણે છે-(**एगिंदिय ओरालियसरीरे, जाव गब्भवक्कंतियमणुस्सपंचिंदिय ओरालियसरीरे य**) **एकेन्द्रियौदारिकशरीर यावत् गर्भव्युत्क्रान्तिक मनुष्य पञ्चेन्द्रियौदारिक शरीरं च**—એકેન્દ્રિય ઔદારિક શરીરથી લઈને ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર સુધીના. (**ओरालियसरीरस्स णं भंते ! के महालिया सरीरोगाहणा पण्णत्ता ?**)**औदारिकशरारस्य खलु महतीशरीरावगाहना प्रज्ञप्ताः?**—હે ભદન્ત ! ઔદારિક શરીરની અવગાહના કેટલી મોટી કહી છે ? (**गोयमा ! जहन्नेणं अंगुलस्स असंखेज्जभागं उक्कोसेणं साइरेगं जोयणसहस्सं**) **हे गौतम ! जघन्येन अङ्गुलस्य असंख्येयभागं उत्कर्षेण सातिरेकं योजनसहस्रं**—ઉત્તર-હે ગૌતમ ! ઔદારિક શરીરની જઘન્ય અવગાહના પૃથ્વી આદિની અપેક્ષાએ અંગુલના અસંખ્યાતમાં ભાગ

પ્રમાણ છે અને બાદરવનસ્પતિકાયની અપેક્ષાએ એક હજાર યોજન પ્રમાણથી થોડી વધારે છે. (एवं जहा ओगाहणसंठाणे ओरालियपमाणं तहा निरवसेसं) एवं यथा अवगाहनासंस्थानम् औदारिकप्रमाणं तथा निरवशेषम्–જે રીતે ઔદારિક શરીરની અવગાહનાનું પ્રમાણ કહ્યું છે એ જ પ્રમાણે ઔદારિક શરીરનાં સંસ્થાન આદિના વિષયમાં પણ પ્રજ્ઞાપના સૂત્રના ૨૧ એકવીસમાં પદથી વર્ણન સમજી લેવાનું છે. પ્રજ્ઞાપના પદથી કયાં સુધી સમજવું ? તો તે વિષયમાં સૂત્રકાર કહે છે કે–(एवं जाव मणुस्सेत्ति उक्कोसेणं तिण्णि गाउयाइं) એટલે કે યુગલિક મનુષ્યોની અપેક્ષાએ મનુષ્ય શરીરની અવગાહના વધારેમાં વધારે ત્રણ કોશની કહી છે ત્યાં સુધીનાં પ્રજ્ઞાપનાનાં બધાં પદો અહીં પણ લેવાનાં છે. (कइविहेणं भंते ! वेउव्वियसरीरे पण्णत्ते) कतिविधं खलु भदन्त ! वैक्रियशरीरं प्रज्ञप्तम्–હે ભદંત ! વૈક્રિયશરીર કેટલા પ્રકારનાં કહ્યાં છે ? (गोयमा दुविहे पण्णत्ते) હે ગૌતમ ! વૈક્રિય શરીર બે પ્રકારના કહ્યાં છે. (एगेंदियवेउव्वियसरीरे य, पंचिंदियवेउव्वियसरीरे य) एकेन्द्रिय वैक्रियशरीरञ्च, पञ्चेन्द्रिय वैक्रिय· शरीरञ्च–(૧) એકેન્દ્રિય વૈક્રિયશરીર અને (૨) પંચેન્દ્રિય વૈક્રિયશરીર. (एवं जाव सणंकुमारे आढत्तं जावअणुत्तराणंभवधारणिज्जा जाव तेसिं रयणीपरिहायइ)

एवं यावत् सनत्कुमारे आरब्धं यावत् अनुत्तराणां भवधारणिया यावत् तेषां रत्निः रत्निः परिहीयते–એ જ પ્રમાણે સનત્કુમારદેવોથી લઇને અનુત્તર વિમાનાવાસી દેવો સુધીનાં શરીર ક્રમશઃ એક એક રત્નિ (હાથ) પ્રમાણ ન્યૂન છે ( आहारयसरीरेणं भंते ! कइविहे पण्णत्ते ) आहारकशरीरं खलु भदन्त ! कतिविधं प्रज्ञप्तम् ?–હે ભદંત ! આહારક શરીર કેટલા પ્રકારના કહ્યાં છે ? (गोयमा ! एगाकारे पण्णत्ते) गौतम ! एकाकारं प्रज्ञप्तम्–હે ગૌતમ ! આહારક શરીર એક પ્રકારનું કહ્યું છે. (जइ एगाकारे पण्णत्ते किं मणुस्सआहारयसरीरे अमणुस्स आहारयसरीरे ?) यदि एकाकारं प्रज्ञप्तं किं मनुष्याहारकशरीर अमनुष्याहारकशरीरम् ? જો આહારક શરીર એક પ્રકારનું કહ્યું છે તો તે મનુષ્યનું આહારક શરીર છે કે અમનુષ્યનું આહારક શરીર છે ? (गोयमा ! मणुस्स आहारयसरीरे णो अमणुस्स आहारयसरीरे) गौतम ! मनुष्याहारकशरीरं नो अमनुष्याहारकशरीरम्–હે ગૌતમ ! મનુષ્યનું આહારક શરીર છે, અમનુષ્યનું નહીં (एवं जइ मणुस्सआहारयसरीरे किं गब्भवक्कंतियमणुस्स आहारयसरीरे संमुच्छिममणुस्स आहारयसरीरे ?) एवं यदि मनुष्याहारकशरीरं किं गर्भव्युत्क्रान्तिकमनुष्याहारकशरीरम् संमूर्च्छिममनुष्याहारक-

शरीरम ?–જો તે મનુષ્યનું આહારક શરીર હોય તો ગર્ભથી ઉત્પન્ન થતાં મનુષ્યનું શરીર છે કે જે સંમૂર્ચ્છિમજન્મથી ઉત્પન્ન થાય છે એવા મનુષ્યનું શરીર છે ? (गोयमा ! गब्भवक्कंतिय मणुस्स आहारयसरीरे नो संमुच्छिम मणुस्स आहारयसरीरे ) गौतम ! गर्भव्युत्क्रान्तिकमनुष्याहारकशरीरं नो संमूर्च्छिममनुष्याहारकशरीरम्–હે ગૌતમ ! તે ગર્ભજ મનુષ્યનું આહારક શરીર છે, સંમૂર્ચ્છિમજન્મવાળા મનુષ્યનું નહીં. (जइ गब्भवक्कतियमणुस्स आहारय सरीरे किं कम्मभूमियमणुस्स आहारगसरीरे अकम्मभूमिय गब्भवक्कंतिय मणुस्स आहारगसर रे ?) यदि गर्भव्युत्क्रान्तिक मनुष्याहारकशरीरम् किं कर्मभूमिज गर्भव्युत्क्रा ति मनुष्याहारकशरीरम अकर्मभूमिजगर्भव्युत्क्रान्तिकमनुष्याहारकशरीरम् ? જો તે ગર્ભજ મનુષ્યનું આહારક શરીર હોય તો કયા ગર્ભજ મનુષ્યનું આહારકશરીર છે-કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોનું ? કે અકર્મભૂમિજ ગર્ભજ મનુષ્યનું (गोयमा ! कम्मभूमियगब्भवक्कंतियमणुस्सआहारगसरीरे नो अकम्मभूमिय- गब्भवक्कतियमणुस्सआहारगसरीरे) गौतम ! कर्मभूमिजगर्भव्युत्क्रान्तिकम- नुष्याहारकशरीरम् नो अकर्मभूमिजगर्भव्युत्क्रान्तिकमनुष्याहारकशरीरम्– હે ગૌતમ ! કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોનાં તે આહારક શર ર હોય છે, અકર્મ

ભૂમિજ ગર્ભજ મનુષ્યોનાં નહીં. (जइ कम्मभूमिय गब्भवक्कंतियमणुस्स आहारयसरीरं)यदि कर्मभूमिजगर्भव्युत्क्रान्तिकमनुष्याहारकशरीरम्-જો તે આહારક શરીર કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોનાં હોય છે તો કયા મનુષ્યોનાં હોય છે? (किं संखेज्जवासाउयकम्मवक्कंतियमणुस्सआहारयसरीरं असंखेज्जवासाउयकम्मभूमियगब्भवक्कंतियमणुस्स आहारयसरीरं?) किं संख्येयवर्षायुष्यकर्मभूमिजगर्भव्युत्क्रान्तिकमनुष्याहारकशरीरं असंख्येयवर्षायुष्ककर्मभूमिजगर्भव्युत्क्रान्तिकमनुष्याहारकशरीरम्? સંખ્યાત વર્ષના આયુષ્યવાળાનું કે અસંખ્યાત વર્ષના આયુષ્યવાળાનું આહારક શરીર? (गोयमा! संखेज्जवासाउय नो असंखेज्जवासाउय०) गौतम! संख्येयवर्षायुष्ककर्मभूमिजगर्भव्युत्क्रान्तिक मनुष्याहारकशरीरं नो असंख्येयवर्षायुष्ककर्मभूमिजगर्भव्युत्क्रान्तिकमनुष्याहारकशरीरम्--હે ગૌતમ! સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોનું આહારક શરીર હોય છે, અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિય ગર્ભજ મનુષ્યનું નહીં. (जइ संखेज्जवासाउय० किं पज्जत्तय० अपज्जत्तय०)यदिसंख्येयवर्षायुष्ककर्मभूमिज गर्भव्युत्क्रान्तिक मनुष्याहारकशरीरम् किं पर्याप्तक संख्यातवर्षायुष्ककर्मभूमिज गर्भव्युत्क्रान्तिकमनुष्याहारकशरीरम् अपर्याप्तकसंख्यातवर्षायुष्ककर्मभूमिजगर्भव्युत्क्रान्तिकमनु-

ष्याहारकशरीरम् ?—જો સંખ્યાત વર્ષના આયુષ્યવાળાનું હોય છે તો તે પર્યાપ્તકનું હોય છે કે અપર્યાપ્તકનું હોય છે? (गोयमा ! पज्जत्तय० नो अपज्जत्तय०) गौतम ! पर्याप्तकसंख्यातवर्षायुष्ककर्मभूमिजगर्भव्युत्क्रान्तिकमनुष्याहारकशरीरम् नो अपर्याप्तकसंख्यातवर्षायुष्ककर्मभूमिजगर्भव्युत्क्रान्तिक मनुष्याहारकशरीरम्—હે ગૌતમ! પર્યાપ્તકનું હોય છે અપર્યાપ્તકનું નહીં. (जइ पज्जत्तय० किं सम्मदिट्ठि० मिच्छदिट्ठि० सम्मामिच्छदिट्ठि० यदि पर्याप्तकसंख्यातवर्षायुष्ककर्मभूमिजगर्भव्युत्क्रान्तिकमनुष्याहारकशरीरं, किं सम्यग्दृष्टि पर्याप्तकसंख्यातवर्षायुष्ककर्मभूमिजगर्भव्युत्क्रान्तिकमनुष्याहारकशरीरम्, किं मिथ्यादृष्टिपर्याप्तकसंख्यातवर्षायुष्ककर्मभूमिज गर्भव्युत्क्रान्तिकमनुष्याहारकशरीरम्, किं वा सम्यङ्मिथ्यादृष्टिपर्याप्तक संख्यातवर्षायुष्ककर्मभूमिज गर्भव्युत्क्रान्तिकमनुष्याहारकशरीरम् ! જો પર્યાપ્તકનાં હોય છે તો શું સમ્યગ્દૃષ્ટિવાળાના હોય છે, કે મિથ્યાદૃષ્ટિવાળાનાં હોય છે, કે સમ્યગ્મિથ્યાદૃષ્ટિવાળાનાં હોય છે? (गोयमा ! सम्मदिट्ठि० नो मिच्छदिट्ठि नो सम्मामिच्छदिट्ठि०) हे गौतम ! सम्यग्दृष्टिपर्याप्तकसंख्यात वर्षायुष्ककर्मभूमिजगर्भव्युत्क्रान्तिकमनुष्याहारकशरीरं नो मिथ्यादृष्टि पर्याप्तकसंख्यातवर्षायुष्क कर्मभूमिजगर्भव्युत्क्रान्तिकमनुष्याहारकशरीरं नो

पर्याप्तसंख्यातवर्षायुष्ककर्मभूमिजगर्भव्युत्क्रान्तिकमनुष्याहारकशरीरम्—
હે ગૌતમ! સમ્યગ્દૃષ્ટિને જ આહારક શરીર હોય છે, મિથ્યાદૃષ્ટિને કે સમ્યક્‌-મિથ્યાદૃષ્ટિને હોતાં નથી. (जइ सम्मदिट्ठि० किं सजय० असंजय० संजया संजय०) यदि सम्यग्दृष्टि पर्याप्तकसंख्यातवर्षायुष्ककर्मभूमिजगर्भव्युत्क्रान्तिकमनुष्याहारकशरीरम्, किं संयत् वा असंयत् किं वा सयतासंयत सम्यग्दृष्टिपर्याप्तकसंख्यातवर्षायुष्ककर्मभूमिजगर्भव्युत्क्रान्तिकमनुष्याहारक-शरीरम्? જો સમ્યગદૃષ્ટિને આહારક શરીર હોય છે તો સંયતને હોય છે? કે અસંયતને હોય છે? કે સંયતાસંયતને હોય છે? ઉત્તર—(गोयमा संजय० नो असंजय० नो संजयासंजय०) हे गौतम! संयतसम्यग्दृष्टि पर्याप्तक संख्यातवर्षायुष्क कर्मभूमिजगर्भव्युत्क्रान्तमनुष्याहारकशरीरम् नो असंयत सम्यग्दृष्टिपर्याप्तकसंख्यातवर्षायुष्ककर्मभूमिजगर्भव्युत्क्रान्तिकमनुष्याहारक शरीरं, नो संयतासंयतसम्यग्दृष्टिपर्याप्तकसंख्यातवर्षायुष्ककर्मभूमिजगर्भव्युत्क्रान्तिकमनुष्याहारकशरीरम्—સંયતને હોય છે, અસંયત કે સંયતાસંયતને હોતાં નથી (जइ संजय० किं पमत्त संजय० अप्पमत्त संजय०) यदि संयत सम्यग्दृष्टि पर्याप्तकसंख्यातवर्षायुष्ककर्मभूमिजगर्भव्युत्क्रान्तिक-

मनुष्याहारकशरीरम्, किं प्रमत्त किं वा अप्रमत्तसंयतसम्यग्दृष्टि पर्याप्तक संख्यातवर्षायुष्ककर्मभूमिज गर्भव्युत्क्रान्तिकमनुष्याहारकशरीरम् ?--
જો સંયતને આહારક શરીર હોય છે તો તે પ્રમત્ત સંયતને હોય છે કે અપ્રમત્ત સંયતને હોય છે? ઉત્તર—(गोयमा ! पमत्तसंजय० नो अप्पमत्त संजय०) हे गौतम ! प्रमत्तसंजयसम्यग्दृष्टिपर्याप्तकसंख्यातवर्षायुष्ककर्मभूमिज गर्भव्युत्क्रान्तिकमनुष्याहारकशरीरं, नो अप्रमतसंयतसम्यग्दृष्टिपर्याप्तकसंख्यातवर्षायुष्ककर्मभूमिजगर्भव्युत्क्रान्तिकमनुष्याहारकशरीरम्——
હે ગૌતમ! પ્રમત્ત સંયતને હોય છે અપ્રમત્ત સંયતને હોતું નથી. (जइ पमत्त संजय० किं इड्ढिपत्तय० अणिड्ढिपत्तय० ?) यदि प्रमत्तसंयतसम्यगदृष्टिपर्याप्तकसंख्यातवर्षायुष्ककर्मभूमिजगर्भव्यु क्रान्तिकमनुष्याहारकशरीरं, किं ऋद्धिप्राप्त किं वा अनृद्धिप्राप्तप्रमत्तसंयतसम्यगदृष्टि संख्यातवर्षायुष्क कर्मभूमिज गर्भव्युत्क्रान्तिकमनुष्याहारकशरीरम् ? જો પ્રમત્તસંયતને આહારક શરીર હોય છે તો ઋદ્ધિપ્રાપ્ત પ્રમત્ત સંયતને હોય છે કે ઋદ્ધિ અપ્રાપ્ત પ્રમત્ત સંયતને હોય છે? (गोयमा ! इड्ढिपत्त० नो अणिड्ढिपत्त०) हे गौतम ! ऋद्धिप्राप्तप्रमत्तसंयतसम्यगदृष्टिपर्याप्तकसंख्यातवर्षायुष्ककर्मभूमिज गर्भ-

व्युत्क्रान्तिकमनुष्याहारकशरीरं, नो अनृद्धिप्राप्तप्रमत्तसंयतसम्यग्दृष्टिपर्याप्तक संख्यातवर्षायुष्ककर्मभूमिजगर्भव्युत्क्रान्तिकमनुष्याहारकशरीरम् હે ગૌતમ! જે ઋદ્ધિપ્રાપ્ત પ્રમત્ત સંયત હોય છે તેમને આહારક શરીર હોય છે. અનૃદ્ધિપ્રાપ્ત પ્રમત્ત સંયતને હોતું નથી, (वयणा विभाणियव्वा) वचनान्यपि भणितव्यानि–અહીં આ કથન સંક્ષિપ્તમાં કર્યું છે તો આ વિષયને અનુલક્ષીને બીજું પણ જે વક્તવ્ય હોય તેનો સંબંધ જોડી લેવો. (आहारयसरीरे समचउरंससंठाणसठिए) आहारकशरीरं समचतुरस्र संस्थानसंस्थितम्––આ આહારક શરીર સમચતુરસ્રસંસ્થાનવાળું હોય છે. (आहारयसरीरस्स णं भंते! के महालिया सरीरोगाहना पण्णत्ता?)आहारकशरीरस्य खलु भदन्त! किं महतीशरीरावगाहना प्रज्ञप्ता?–હે ભદન્ત! આહારક શરીરની અવગાહના કેટલી મોટી છે? (गोयमा! जहण्णेणं देसूणारयणी, उक्कोसेणं पडिपुण्णा रयणी) हे गौतम! जघन्यतः देशोनारत्निः,उत्कर्षेण प्रतिपूर्णा रत्निः–હે ગૌતમ! આહારક શરીરની અવગાહના જઘન્યની અપેક્ષાએ એક રત્નિપ્રમાણથી સહેજ ઓછી એટલે કે મુઠ્ઠી વાળેલા હાથ જેટલા પ્રમાણની છે અને ઉત્કૃષ્ટની અપેક્ષાએ પૂર્ણ રત્નિપ્રમાણ છે (तेयासरीरे णं भंते! कइविहे पण्णत्ते?) तैजस शरीरं खलु भदन्त! कतिविध प्रज्ञप्तम्?–હે ભદંત! તૈજસ શરીર કેટલા પ્રકારનું

કહ્યું છે? ( गोयमा ! पंचविहे पण्णत्ति) हे गौतम ! पञ्चविधं प्रज्ञप्तम्– હે ગૌતમ ! તૈજસ શરીર પાંચ પ્રકારનું કહ્યું છે. (एगिंदिय तेयसरीरे वि, ति, चउ० पंच) एकेन्द्रिय तैजसशरीरं द्वि त्रि चतुष्पञ्च०–એકેન્દ્રિય તૈજસ શરીર, દ્વીન્દ્રિય તૈજસ શરીર, તેઇન્દ્રિય તૈજસ શરીર, ચૌરિન્દ્રિય તૈજસ શરીર અને પંચેન્દ્રિય તૈજસ શરીર, આ પ્રમાણે પ્રજ્ઞાપનાસૂત્રના ૨૧ એકવીસમાં પદ દ્વારા કથિત રીત પ્રમાણે આ સમસ્ત કથન સમજવું. (एवं जाव) एवं यावत् (गेवेज्जगस्स णं भंते देवस्स मारणंतियसमुऽघाएणं समोहयस्स समाणस्स के महालिया सरीरोगाहणा पण्णत्ता ?) ग्रैवेयकस्य खलु भदन्त! देवस्य मारणान्तिकसमुद्घातेन समवहतस्य समानस्य किं महतीशरीरावगाहना प्रज्ञप्ता ? હે ભદંત ! મારણાંતિક સમુદ્ઘાત કરતી વખતે ગ્રૈવેયકદેવના તૈજસ શરીરની અવગાહના કેટલી મોટી થાય છે? (गोयमा! सरीरप्पमाणमित्ता विक्खंभबाहल्लेणं) हे गौतम! शरीरप्रमाणमात्रा विष्कम्भबाहल्येन––હે ગૌતમ! વિષ્કંભ અને પહોળાઈની અપેક્ષાએ તે શરીરપ્રમાણ જ હોય છે. તથા (आयामेणं जहन्नेणं अहे जाव विज्जाहरसेढीओ, उक्कोसेणं जाव अहोलोइयग्गामाओ, उड्ढं जाव सयाइं विमाणाइ, तिरियं जाव मणुस्सखेत्तं) आयामेन जघन्येन अधो यावत्

**विद्याधरश्रेणिः, उत्कर्षेण यावत् अधोलौकिकग्रामान्, ऊर्ध्वं यावत् स्वकानि विमानानि, तिर्यग्यावन्मनुष्यक्षेत्रम्**—આયામ–દૈર્ધ્યની અપેક્ષાએ જઘન્યતઃ અધોલોકમા વિદ્યાધરશ્રેણિ સુધી, ઉત્કર્ષની અપેક્ષાએ અધોલોકનાં ગામ સુધી, ઉપરની તરફ પોતાના વિમાનની ધજા સુધી અને તિરછી મનુષ્યક્ષેત્ર સુધીની અવગાહના કહી છે. (**एवं जाव अणुत्तरोववाइया**) **एवं यावत् अनुत्तरोपपातिकाः**—એ જ પ્રમાણે અનુત્તરોપપાતિક દેવો સુધીના વિષયમાં સમજી લેવું. (**एवं कम्मयसरीरं भाणियव्वं**) **एवं यावत् कर्मजशरीरं भणितव्यम्**—એ જ પ્રમાણે કર્મજ શરીરને વિષે પણ કહેવું જોઈએ. ॥ સૂ. ૧૮૮ ॥

ટીકાર્થ—'**कइणं भंते ! सरीरा पण्णत्ता**' **इत्यादि**—

હે ભદન્ત ! શરીર કેટલા પ્રકારનાં કહ્યાં છે ? ઉત્તર–હે ગૌતમ ! શરીર પાચ પ્રકારનાં કહ્યાં છે. તે પ્રકારો આ પ્રમાણે છે—(૧) ઔદારિક (૨) વક્રિય, (૩) આહાર (૪) તૈજસ અને (૫) કર્મજ, જે પ્રતિક્ષણ પરિવર્તનરૂપ અવસ્થાને ધારણ કરે છે તેનું નામ શરીર છે. શરીરની આવી વ્યુત્પત્તિ કેવળ પરિભાષિક છે. કારણકે અજીવ આદિ પદાર્થ પણ પ્રતિક્ષણે પરિવર્તનરૂપ અવસ્થાને ધારણ કરતા રહે છે. '**उदारमेव औदारिकम्**' આ પ્રમાણે ઔદારિક શબ્દની વ્યુત્પત્તિ છે. મુખ્યને ઉદાર કહે છે. તીર્થંકર ગણધર આદિનાં શરીર પ્રધાન હોવાને કારણે ઔદારિક કહેવાય છે. તીર્થંકર ગણધર આદિનાં શરીરને પ્રધાન તે કારણે કહ્યા છે કે તેમની સરખામણીમાં અનુત્તર વિમાનવાસી દેવતાઓનાં શરીર પણ અનન્ત ગુણહીન હોય છે. અથવા હજાર યોજન પ્રમાણ કરતાં પણ વધારે યોજન પ્રમાણ હોવાને કારણે બીજાં શરીરો કરતાં વનસ્પતિશરીર બૃહત્પ્રમાણવાળાં હોય છે તેથી તે શરીરને ઔદારિક કહે છે. તેની બૃહત્ પ્રમાણુતા ભવધારણીય વૈક્રિય શરીરની અપેક્ષાએ સમજવી જોઇએ, ઉત્તર–વૈક્રિય શરીરની અપેક્ષાએ નહીં, કારણ કે ઉત્તર વૈક્રિય શરીર તો લાખ યોજનનું પણ હોય છે. અથવા ઉદાર એટલે સ્થૂલ પણ અર્થ થાય છે, તો તે ઔદારિક શરીર સ્થૂલ અને અસાર એવાં શુક્ર, શોણિત, માંસ અને અસ્થિરૂપ દ્રવ્યનું બનેલું છે. તેનું તાત્પર્ય એ છે કે જે શરીરને બાળી શકાય, જેનું છેદનભેદન થઇ શકે તે શરીરને ઔદારિક શરીર કહે છે. વૈક્રિય

આદિ શરીર એવાં નથી. વિવિધ પ્રકારની અથવા વિશિષ્ટ પ્રકારના ક્રિયા જે શરીરમાં થાય છે તે શરીરને વૈક્રિય શરીર કહે છે. તે શરીર કયારેક એકરૂપ હોવા છતાં અનેકરૂપ થઇ શકે છે, અને કયારેક અનેકરૂપ હોવા છતાં એકરૂપ થઈ શકે છે. નાનું હોય તો મોટું થઇ શકે છે અને મોટામાંથી નાનું પણ થઈ શકે છે. ખેચરમાંથી ભૂચર અને ભૂચરમાંથી ખેચર પણ થઈ શકે છે. દૃશ્યમાંથી અદૃશ્ય અને અદૃશ્યમાંથી દૃશ્ય બની શકે છે. તેના બે પ્રકાર છે. (૧) ઔપપાતિક અને (૨) લબ્ધિપ્રત્યય. જે શરીરનું ઉપપાત જન્મથી નિર્માણ થાય છે તેને ઔપપાતિક વૈક્રિય કહે છે, એવાં શરીર દેવો અને નારકીઓને હોય છે. વૈક્રિયલબ્ધિને કારણે જે વૈક્રિય શરીર થાય છે તે તિર્યંચ અને મનુષ્યોને હોય છે જે શરીર ફકત ચૌદપૂર્વી મુનિના દ્વારા તે પ્રકારનું પ્રયોજન આવી પડતાં આહારકલબ્ધિથી બનાવાય છે તે શરીરને આહારક શરીર કહે છે. અથવા તીર્થંકર આદિની પાસે જે શરીર દ્વારા જીવાદિકપદાર્થ નિર્ણીત કરાય છે તેને આહારક શરીર કહે છે.

જરૂર પડતા વિશિષ્ટલબ્ધિના પ્રભાવથી શ્રુતકેવલી જે શરીરની રચના કરે છે તેને આહારક શરીર કહે છે ।।૧।।

પ્રાણીઓની દયા, ઋદ્ધિદર્શન, સૂક્ષ્મતત્ત્વપૃચ્છા, અને સંશય આદિનું નિવારણ, એ કાર્ય ઉપસ્થિત થતાં ચૌદપૂર્વધારી આ શરીરનું (આહારક શરીરનું) નિર્માણ કરીને જિનપાદમૂળમાં ગમન કરે છે. તેનું તાત્પર્ય આ પ્રમાણે છે-પ્રાણિદયા આદિરૂપ વિશિષ્ટકાર્યને માટે ચૌદપૂર્વધારી શ્રુતકેવલીમુનિ પોતાના શરીરમાંથી શુભતર, શુકલ અને વિશુદ્ધ હસ્તપ્રમાણ શરીરને બહાર કાઢે છે. તે શરીર જયાં ભગવાન વિરાજતા હોય ત્યાં જાય છે. તે વખતે તે શરીર જયાં પહોંચે ત્યાં ભગવાન વિરાજમાન ન હોય એ સ્થાનને બદલે બીજી કોઇ જગ્યાએ હોય-તો તે શરીર પોતાનામાંથી એક રત્નિપ્રમાણ (મુંડ હાથ પ્રમાણ) બીજા હાથની રચના કરે છે અને તે રત્નિપ્રમાણ શરીર ભગવાનની પાસે પહોચે છે. ત્યાં પોતાનું કાર્ય પૂરૂં કરીને તે શરીર પાછું ફરે છે અને પહેલાના હસ્તપ્રમાણ શરીરમાં સમાઇ જાય છે. તે હસ્તપ્રમાણ શરીર ત્યાંથી પાછું ફરીને આહારક શરીર ધારી શ્રુત કેવલીના શરીરમાં સમાઈ જાય છે ત્યારે શ્રુતકેવલી પોતાના કાર્યને સિદ્ધ કરી લે છે. આ આહારક શરીરનો વિરહ જઘન્યની અપેક્ષાએ એક સમયનો અને ઉત્કૃષ્ટની અપેક્ષાએ છ માસ સુધીનો હોય છે. ચૌદ પૂર્વ ધારી મુનિ આહારક શરીરની લબ્ધિનો ઉપયોગ વધારેમાં વધારે ચાર વખત કરીને મોક્ષને પ્રાપ્ત કરે છે. તે આહારક શરીરનું જે આહારકલબ્ધિથી નિર્માણ થાય છે તે લબ્ધિ સમસ્ત ચૌદપૂર્વધાદીઓમાં હોતી નથી પણ કોઈકોઇમાં

જ હોય છે. તેજોમય પુદ્‌ગલોના વિકારને તૈજસ કહે છે. આ શરીર તેજોમય હોવાથી ખાવામા આવેલ આહાર આદિના પરિપાકના હેતુરૂપ હોય છે શરીરગત ઉષ્મા લક્ષણ છે. શરીરમાં દીપ્તીનું પણ તેને કારણ માનવામાં આવે છે. કર્મસમૂહથી જે શરીર બને છે તે શરીરને કર્મજ શરીર કહે છે કર્મપરમાણુપુંજ આત્મપ્રદેશોની સાથે દૂધ અને પાણીની જેમ મળી જઇને જે શરીરરૂપે પરિણમે છે, તેજ કર્મજ-કાર્મણ શરીર છે. જેમ બીજને અંકુર આદિના કારણરૂપ માનવામાં આવે છે તેમ આ શરીર પણ સકળ કર્મોની ઉત્પત્તિના કારણરૂપ છે, જ્ઞાનાવરણીય આદિ સમસ્ત કર્મ તેના વડેજ ઉત્પન્ન થાય છે. આ કથનનું તાત્પર્ય આ પ્રમાણે છે, તૈજસ અને કાર્મણ શરીર જન્મસિદ્ધ પણ નથી અને કૃત્રિમ પણ નથી, એટલે કે તે જન્મ પછી પણ થનાર છે. કારણકે તેનો સંબંધ અનાદિ છે. ઔદારિક શરીર જન્મસિદ્ધજ હોય છે. કારણકે તેની ઉત્પત્તિ સંમૂર્ચ્છન અને ગર્ભજન્મથી થાય છે. તે મનુષ્ય અને તીર્યંચોને જ હોય છે. વૈક્રિયશરીર જન્મસિદ્ધ અને કૃત્રિમ, એમ બે પ્રકારનું હોય છે. દેવ અને નારકીઓને વૈક્રિયશરીર જન્મસિદ્ધ હોય છે. કૃત્રિમ વૈક્રિયશરીર વિશિષ્ટલબ્ધિથી થાય છે. તે તપોજન્ય શક્તિ વિશેષરૂપ લબ્ધિ કેટલાક ગર્ભજ મનુષ્ય અને કેટલાક તિર્યંચોમાં સંભવે છે તેથી તે પ્રકારની લબ્ધિથી પ્રાપ્ત થતા વૈક્રિયશરીરના અધિકારી ગર્ભજ મનુષ્ય અને તિર્યંચ જ હોઈ શકે છે. કૃત્રિમવૈક્રિયના કારણરૂપ એક બીજા પ્રકારની લબ્ધિ પણ માનવામાં આવે છે, જે તપોજન્ય નથી પણ જન્મથી જ મળે છે. એવી લબ્ધિ કેટલાક વાયુકાયિકદેવોમાં જ હોવાનું મનાય છે. તેથી તેઓ પણ લબ્ધિજન્યકૃત્રિમવૈક્રિય શરીરના અધિકારી છે. આહારક શરીર કૃત્રિમ જ છે તેનું કારણ વિશિષ્ટલબ્ધિ જ છે, જે લબ્ધિ મનુષ્ય સિવાય બીજી કોઈ પણ જાતિમાં નથી અને મનુષ્યોમાં પણ વિશિષ્ટ મુનિયોમાં જ તે લબ્ધિ હોય છે. પ્રશ્ન-કયા વિશિષ્ટ મુનિયોમાં હોય છે ? ઉત્તર-ચૌદપૂર્વપાઠી મુનિયોમાં હોય છે. પ્રશ્ન-તેઓ તે લબ્ધિનો ઉપયોગ ક્યારે અને શા માટે કરે છે? ઉત્તર-કોઈ સૂક્ષ્મ વિષયમાં શંકા ઉત્પન્ન થતા અથવા પ્રાણિદયા આદિ કાર્ય ઉપસ્થિત થતા ચૌદપૂર્વધારી મુનિ તે પ્રકારનું નિર્માણ કરીને જે બીજા ક્ષેત્રમાં સર્વજ્ઞ હોય છે ત્યા તેમની સમીપે જાય છે. કારણકે ઔદારિક શરીરથી અન્યક્ષેત્રમાં ગમન સંભવિત હોતું નથી. ત્યાં પહોંચીને પોતાના સંદેહ આદિનું તેમની પાસેથી નિવારણ કરીને તે પોતાને સ્થાને પાછાં ફરે છે. આ કાર્ય ફકત અન્તર્મુહૂર્તમાં જ પતી જાય છે. હે ભદંત !

ઔદારિક શરીર કેટલા પ્રકારનું કહ્યું છે? ઉત્તર--હે ગૌતમ! તે પાંચ પ્રકારનું કહ્યું છે-(૧) એકેન્દ્રિયજીવનું ઔદારિક શરીર, એટલે કે જેને એક સ્પર્શેન્દ્રિય જ છે એવા પૃથ્વી, અપ્, તેજ, વાયુ અને વનસ્પતિ આદિ રૂપ જે ઔદારિક શરીર છે તેમને એકેન્દ્રિય ઔદારિક શરીર કહે છે. (૨) સ્પર્શન અને રસના જેમાં હોય છે એવા ઔદારિક શરીરને દ્વીન્દ્રિય ઔદારિક શરીર કહે છે. (૩) સ્પર્શન, રસના અને ઘ્રાણ એ ત્રણ ઇન્દ્રિયોથી યુક્ત ઔદારિક શરીરને તેન્દ્રિય ઔદારિક શરીર કહે છે. (૪) સ્પર્શન, રસના, ઘ્રાણ અને ચક્ષુ એ ચાર ઇન્દ્રયોવાળા ઔદારિક શરીરને ચતુરિન્દ્રિય ઔદારિક શરીર કહે છે. (૫) સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ અને કર્ણ એ પાંચ ઇન્દ્રિયોવાળા ઔદારિક શરીરને પંચેન્દ્રિય ઔદારિક શરીર કહે છે. તે પંચેન્દ્રિય ઔદારિક શરીર બે પ્રકારનું હોય છે-(૧) તિર્યક્પંચેન્દ્રિય ઔદારિક શરીર અને (૨) મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર તેમાંના નિર્યકપંચેન્દ્રિય ઔદારિક શરીરના બે પ્રકાર છે-(૧) સંમૂચ્છિંમ તિર્યકપંચેન્દ્રિય ઔદારિક શરીર અને (૨) ગર્ભજ તિર્યકપંચેન્દ્રિય ઔદારિક શરીર. તેમાં જે સંમૂચ્છિંમતિર્યક પંચેન્દ્રિય ઔદારિક શરીર છે તે તથા બીજું જે ગર્ભજ તિર્યકપંજેન્દ્રિય ઔદારિક શરીર છે તે જલચર આદિના ભેદથી પાંચ પાંચ પ્રકારનાં છે. મનુષ્યપંચેન્દ્રિય ઔદારિક શરીર બે પ્રકારનું છે-(૧) સંમૂચ્છિંમ મનુંષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર'' અહીં સુધીનો પાઠ **यावत्** પદથી ગ્રહણ કરાયો છે. ''**गब्भवक्कंतियमणुस्स इत्यादि**-અને બીજું ગર્ભવ્યુત્ક્રાન્તિક મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર. પ્રશ્ન-હે ભદન્ત! શરીરની અવગાહના કેટલી મોટી કહી છે? ઉત્તર-હે ગૌતમ ઔદારિક શરીરની ઓછામાં ઓછી અવગાહના પૃથ્વી આદિની અપેક્ષાએ અંગુલના અસંખ્યાતમાં ભાગપ્રમાણ છે અને બાદર વનસ્પતિકાયની અપેક્ષાએ એક હજાર યોજન પ્રમાણથી વધારે છે. જે પ્રમાણે ઔદારિક શરીરની અવગાહનાનું પ્રમાણ કહ્યું છે એ જ પ્રમાણે ઔદારિક સંસ્થાન આદિ સમસ્ત વિષયો કે જે ઔદારિક શરીરની સાથે સંબંધ રાખે છે, તેમનું વર્ણન પ્રજ્ઞાપના સૂત્રના ૨૧માં પદની મદદથી જાણી લેવું. કારણ કે તેનું વર્ણન ત્યાં કર્યું છે. તે વિષય ત્યાંથી લઇને યુગલિકોના શરીરની અવગાહના ત્રણ ગાઉની બતાવી છે ત્યાં સુધીનો પાઠસમજી લેવો આ જગ્યાએ વધારે પડતો વિસ્તાર થઇ જવાના ભયથી તેનું વિસ્તારથી વર્ણન કર્યું નથી.

હે ભદન્ત! વૈક્રિય શરીર કેટલા પ્રકારનાં કહ્યા છે? હે ગૌતમ! વૈક્રિય શરીર બે પ્રકારનાં કહ્યાં છે-(૧) એકેન્દ્રિ વૈક્રિય શરીર અને (૨) પંચેન્દ્રિય વૈક્રિય શરીર

પ્રશ્ન-એકેન્દ્રિય વૈક્રિય શરીર કયા એકેન્દ્રિય જીવમાં હોય છે? વાયુકાયિક એકેન્દ્રિય જીવમાં હોય છે? કે અવાયુકાયિક એકેન્દ્રિય જીવમાં હોય છે? એકેન્દ્રિય વૈક્રિય શરીર વાયુકાયિક જીવોમા કહ્યા છે, અવાયુકાયિક-વાયુ-કાયિકથી ભિન્ન એવાં પૃથ્વી, અપૂ, તેજ, અને વનસ્પતિકાયિક જીવોમાં તે કહ્યું નથી. કારણ કે તે જીવોમા વૈક્રિય શરીર હોતુ નથી. પ્રશ્ન-જો તે વૈક્રિય શરીર વાયુ-કાયિકમાં હોય છે તો કયા વાયુકાયિકમાં-સૂક્ષ્મવાયુકાયિકમાં કે બાદરવાયુકાયિકમાં હોય છે? ઉત્તર-સૂક્ષ્મવાયુકાયિક એકેન્દ્રિય જીવોમાં તે શરીર હોતું નથી. તેથી બાદરવાયુકાયિક એકેન્દ્રિય જીવોમાં જ તે હોય છે એમ સમજવું જોઇએ. બાદર વાયુકાયિક જીવના પર્યાપ્ત અને અપર્યાપ્ત એવાં બે ભેદ છે. તો તે શરીર તે બેમાંથી કોને હોય છે? શરીર પર્યાપ્ત બાદર વાયુકાયિક જીવોને જ હોય છે, અપર્યાપ્ત બાદર વાયુકાયિકોને હોતું નથી. તેથી અહીં પર્યાપ્ત બાદર વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર અહીં ગ્રહણ કરાયું છે પ્રશ્ન-હે ભદંત! પંચેન્દ્રિય વક્રિય શરીર નારકોને હોય છે? કે પંચેન્દ્રિય તિર્યંચોને હોય છે? કે મનુષ્યને હોય છે? કે દેવોને હોય છે? ઉત્તર-હે ગૌતમ! તે બધાને પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય છે-સાત પૃથ્વીઓમાં રહેવાને કારણે નારકો સાત પ્રકારના કહ્યા છે. તે સાતે પ્રકારના, પર્યાપ્ત અને અપ-ર્યાપ્ત નારકોને પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય છે. પ્રશ્ન-જો તિર્યંચોમાં તે પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય છે તો કયા તિર્યંચોમાં-સંમૂર્ચ્છિમ જન્મવાળાં તિર્યંચોમાં કે ગર્ભજન્મવાળાં તિર્યંચોમાં? ઉત્તર-હે ગૌતમ! સંમૂર્ચ્છિમ જન્મવાળાં તિર્યંચોમાં તે શરીર હોતું નથી. તે શરીર ગર્ભજન્મવાળાં તિર્યંચોમાં જ હોય છે ગર્ભજન્મ-વાળામાં પણ તે બધાંને હોતું નથી પણ સંખ્યાત વર્ષના આયુષ્યવાળાં, પર્યાપ્ત તિર્યંચોને જ હોય છે. તેમાં પણ જળચર, ખેચર અને સ્થળચરોને જ તે શરીર હોય છે, પણ ઉરઃપરિસર્પ અને ભુજપરિસર્પને હોતું નથી. તથા મનુષ્યોમાં પણ તે પંચેન્દ્રિય વૈક્રિય શરીર કર્મભૂમિ જ, પર્યાપ્ત, સંખ્યાત વર્ષના આયુષ્યવાળા, ગર્ભજ મનુષ્યોને જ હોય છે, બધાને હોતું નથી. બધા પ્રકારના દેવોને પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય છે દસ પ્રકારના અસુરકુમાર આદિ જે દેવો તેઓ પર્યાપ્ત હોય કે અપર્યાપ્ત હોય પણ તેમને પંચેન્દ્રિય વૈક્રિયશરીર હોય છે. એ જ પ્રમાણે પિશાચ, ભૂત, આદિ વ્યંન્તર દેવોને, અને સૂર્ય, ચન્દ્ર આદિ જ્યોતિષ્ક દેવોને પણ પ્રત્યેક અવસ્થામાં તે શરીર હોય છે. પ્રશ્ન- હે ભદન્ત! વૈમાનિક દેવોમાં પંચેન્દ્રિય વૈક્રિય શરીર કલ્પોપપન્ન દેવોને હોય છે કે કલ્પાતીત દેવોને હોય છે! ઉત્તર-હે ગૌતમ! કલ્પોપપન્ન તથા કલ્પાતીત, બન્ને પ્રકારના દેવોને પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય છે. હે ભદંત! વૈક્રિય શરીરની અવગાહનાનું પ્રમાણ કેટલું કહ્યું છે? હે ગૌતમ!

વાયુકાયિક જીવના ભવધારણીય ઉત્તર વૈક્રિય શરીરની અવગાહનાનું પ્રમાણ જઘન્ય અને ઉત્કૃષ્ટની અપેક્ષાએ અંગુલના અસંખ્યાત ભાગનું છે. પહેલી પૃથ્વીમાં ભવધારણીય વૈક્રિય અવગાહનાનું પ્રમાણ જઘન્યની અપેક્ષાએ અંગુલના અસંખ્યાતમાં ભાગનું અને ઉત્કૃષ્ટની અપેક્ષાએ ૭ાા ધનુષ ૬ આંગળનું છે. બીજી પૃથ્વીમાં નારકોનાં શરીરની અવગાહના વધારેમાં વધારે ૧૫ાા ધનુષ ૧૨ આંગળ પ્રમાણ છે. ત્રીજી પૃથ્વીમાં ઉત્કૃષ્ટની અપેક્ષાએ ૩૧ા ધનુષપ્રમાણ, ચોથીમાં ઉત્કૃષ્ટની અપેક્ષાએ ૬૨ાા ધનુષપ્રમાણ, પાંચમી. છઠ્ઠી અને સાતમી પૃથ્વીમાં ઉત્કૃષ્ટની અપેક્ષાએ ૧૨૫, ૨૫૦ અને ૫૦૦ પાંચસો ધનુષપ્રમાણવૈક્રિય શરીરની અવગાહના હોય છે જઘન્યની અપેક્ષાએ બધાં નારકોનાં શરીરની અવગાહના અંગુલના અસંખ્યાત ભાગપ્રમાણ છે. ઉત્તર વૈક્રિય અવગાહનાનુ પ્રમાણ જઘન્યની અપેક્ષાએ અંગુલના અસંખ્યાતમાં ભાગપ્રમાણ અને ઉત્કૃષ્ટની અપેક્ષાએ ભવધારણીય અવગાહનાથી બમણું છે. ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષ્ક અને પહેલા અને બીજા કલ્પમાં ઉત્પન્ન થયેલા દેવોની ભવધારણીય વક્રિયની અવગાહના જઘન્યની અપેક્ષાએ અંગુલના અસંખ્યાત ભાગપ્રમાણ છે, અને ઉત્કૃષ્ટની અપેક્ષાએ સાત હાથપ્રમાણ છે. તેમની ઉત્તરવૈક્રિયની અવગાહના જઘન્યની અપેક્ષાએ અંગુલના અસંખ્યાતમાં ભાગપ્રમાણ છે અને ઉત્કૃષ્ટની અપેક્ષાએ એક લાખ યોજન પ્રમાણ છે. ત્રીજા અને ચોથા કલ્પમાં ઉત્પન્ન થયેલ દેવોની અવગાહના જઘન્યની અપેક્ષાએ અંગુલના અસંખ્યાતમાં ભાગપ્રમાણ અને ઉત્કૃષ્ટની અપેક્ષાએ છ હાથ પ્રમાણ છે. પાંચમાં અને છઠ્ઠા કલ્પમાં ઉત્પન્ન થયેલ દેવોની જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમાં ભાગપ્રમાણ અને ઉત્કૃષ્ટ અવગાહના પાંચ હાથ પ્રમાણ છે. સાતમાં અને આઠમાં કલ્પમાં ઉત્પન્ન થયેલા જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ અને ઉત્કૃષ્ટ અવગાહના ચાર હાથ પ્રમાણ છે. નવમાં, દસમાં, અગિયાર અને બારમાં કલ્પમાં ઉત્પન્ન થયેલા દેવોથી જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમાં ભાગપ્રમાણ અને ઉત્કૃષ્ટ અવગાહના ત્રણ હાથની છે નવ ગ્રૈવેયકોમાં દેવોની જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમાં ભાગપ્રમાણ અને ઉત્કૃષ્ટઅવગાહના બે હાથપ્રમાણ છે, વિજય આદિ અનુત્તર વિમાનોમાં દેવોની જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમાં ભાગપ્રમાણ છે અને ઉત્કૃષ્ટ અવગાહના એક રત્નિપ્રમાણ છે. સર્વાર્થસિદ્ધમાં દેવોની જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમાં ભાગપ્રમાણ અને ઉત્કૃષ્ટ અવગાહના મુઠ્ઠીવાળેલા હાથપ્રમાણ છે, ત્રીજા કલ્પથી લઈને ૧૨માં કલ્પ સુધીના દેવોના ઉત્તર વૈક્રિય શરીરની અવગાહના જઘન્યની અપેક્ષાએ અંગુલના અસંખ્યાતમાં ભાગપ્રમાણ અને ઉત્કૃષ્ટ અવગાહના એક લાખ યોજન પ્રમાણ છે. બારમાં કલ્પ કરતાં ઉપરના દેવોમાં ઉત્તર વૈક્રિય રચના કવાની શક્તિ તો હોય છે પણ તેઓ તેની રચના કરતા નથી. જે કૃત્રિમ વૈક્રિય શરીર છે તે લબ્ધિના પ્રભાવથી થાય છે,

અને તે લબ્ધિ એક પ્રકારની તપોજન્ય શક્તિ છે, જે કોઇ કોઇ ગર્ભજ મનુષ્યો અને તિર્યંચોમાં સંભવિત હોય છે. એ પંચેન્દ્રિય તિર્યંચો કે જે કૃત્રિમ વૈક્રિય હોય છે, તેમની અવગાહનાનું પ્રમાણ ઉત્કૃષ્ટની અપેક્ષાએ સો યોજન છે. અને મનુષ્યની ઉત્કૃષ્ટ અવગાહનાનું પ્રમાણ એક લાખ યોજન કરતાં થોડું વધારે છે, સૂત્રકારે એ જ વાતને સંક્ષિપ્તમા **'एवं जाव सणंकुमारे आढंत्तं जाव अणुत्तराणं भवधारणिज्जा जाव तेसिं रयणी रयणी परिहायइ'** આ પદો દ્વારા સ્પષ્ટ કરી છે. તેનો ભાવાર્થ નીચે પ્રમાણે છે-સનત્કુમાર નામના દેવલોકમાં ઉત્પન્ન થયેલા દેવોથી લઇને અનુત્તરવિમાનવાસી દેવો સુધીના દેવોનું શરીર પ્રમાણ એક એક રત્નિ પ્રમાણ ઓછું થતું જાય છે ગૌતમસ્વામી શ્રી મહાવીર પ્રભુને પૂછે હે ભદન્ત ! આહારક શરીર કેટલા પ્રકારનું કહ્યુ છે? ઉત્તર-હે ગૌતમ! આહારક શરીર એક પ્રકારનું કહ્યું છે. હે ભદન્ત ! જો આહારક શરીર એક પ્રકારનું કહ્યું છે તો તે મનુષ્યનું આહારક શરીર છે કે આમનુષ્યનું આહારક શરીર છે ? હે ગૌતમ ! તે મનુષ્યનું આહારક છે અમનુષ્યનું નથી. પ્રશ્ન-હે ભદન્ત ! જો તે મનુષ્યનું આહારક શરીર છે તો ગર્ભજન્મથી ઉત્પન્ન થતા મનુષ્યનું છે કે સંમૂચ્છિમજન્મથી ઉત્પન્ન થતા મનુષ્યનું છે? ઉત્તર-હે ગૌતમ ! તે ગર્ભજ મનુષ્યનું આહારક શરીર છે, સંમૂચ્છિમ જન્મવાળાને તે શરીર હોતું નથી. પ્રશ્ન—હે ભદન્ત ! જો ગર્ભજ મનુષ્યનું તે આહારક શરીર હોય છે તો કયા ગર્ભજ મનુષ્યોનું-કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોનું કે અકર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોનું ? ઉત્તર—હે ગૌતમ કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોને તે આહારક શરીર હોય છે, અકર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોને હોતું નથી તો કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોના આહારક શરીર વિષે જ કહ્યું છે તેમ સમજવું. પ્રશ્ન—જો તે આહારક શરીર કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોને હોય છે તો સંખ્યાત વર્ષના આયુવાળાને હોય છે કે અસંખ્યાત વર્ષના આયુવાળાને હોય છે ? ઉત્તર-સંખ્યાત વર્ષના આયુવાળા કર્મભૂમિયા ગર્ભજ મનુષ્યોને જ તે આહારક શરીર હોય છે-તેમાં પણ પર્યાપ્તને જ હોય છે અપર્યાપ્તને નહીં. પર્યાપ્તમાં પણ

સમ્યક્દૃષ્ટિને હોય છે મિથ્યાદષ્ટિને અથવા સમ્યક્મિથ્યાદૃષ્ટિને હોતુ નથી. એ જ વાત **'गोयमा ! सम्माद्दिट्ठि. नो मिच्छाद्दिट्ठी नो सम्मामिच्छद्दिट्ठी'** આ પદો દ્વારા બતાવી છે.

પ્રશ્ન—જો સમ્યક્દૃષ્ટિને તે આહારક શરીર હોય છે તો સંયતસમ્યક્દૃષ્ટિને કે અસંયતસમ્યક્દૃષ્ટિને કે સંયતાસંયતસમ્યક્દૃષ્ટિને હોય છે? ઉત્તર-હે ગૌતમ! તે આહારક શરીર સંયતને જ હોય છે અસંયત જીવોને હોતું નથી અને સંયતાસંયત જીવોને પણ હોતું નથી. પ્રશ્ન-જો તે આહારક શરીર સંયતજીવોને હોય છે તો કયા સંયતને ?-પ્રમત્ત સંયતને કે અપ્રમત્ત સંયતને હોય છે ઉત્તર! હે ગૌતમ! પ્રમત્ત સંયતને જ હોય છે અપ્રમત્ત સંયતને હોતું નથી. પ્રશ્ન-જો તે પ્રમત્ત સંયતને હોય છે તો કયા પ્રમત્ત સંયતને-ઋદ્ધિપ્રાપ્ત પ્રમત્તસંયતને કે જે ઋદ્ધિપ્રાપ્ત પ્રમત્ત સંયત નથી તેને હોય છે? ઉત્તર-હે ગૌતમ! જે ઋદ્ધિપ્રાપ્ત પ્રમત્ત સંયત હોય છે તેને જ આહારક શરીર હોય છે, અનૃદ્ધિપ્રપ્ત પ્રમત્ત સંયતને હોતું નથી ઋદ્ધિપ્રાપ્ત એટલે ચૌદપૂર્વધારી સમજવાનું છે. અહીં આ કથન ટૂંકાણમાં કર્યું છે. તો આ વિષયમાં બીજું જે વકતવ્ય હોય તેનો સંબંધ પણ સમજી લેવો જોઈએ તે આહારક શરીર સમચતુરસ્રસંસ્થાનવાળું હોય છે હે ભદન્ત! આહારક શરીરની અવગાહના કેટલી કહી છે? જવાબ-હે ગૌતમ! આ આહારક શરીરની જઘન્ય અવગાહના એક રત્નિપ્રમાણથી થોડી ઓછી છે. એટલે કે મુઠ્ઠીવાળેલા હાથના પ્રમાણની છે અને ઉત્કૃષ્ટ અવગાહના પણ રત્નિપ્રમાણ છે. પ્રશ્ન-હે ભદન્ત! તૈજસ શરીર કેટલા પ્રકારનું કહ્યું છે? હે ગૌતમ! તૈજસ શરીર પાંચ પ્રકારનું કહ્યું છે. તે પાંચ પ્રકારો આ પ્રમાણે છે—એકેન્દ્રિય તૈજસ શરીર, દ્વીન્દ્રિય તૈજસ શરીર, તેઇન્દ્રિય તૈજસ શરીર, ચૌઇન્દ્રિય તૈજસ શરીર અને પંચેન્દ્રિય તૈજસ શરીર. પ્રજ્ઞાપના સૂત્રના ૨૧ એકવીસમાં પદમાં કહ્યા પ્રમાણેનું આ સમસ્ત

કથન સમજવુ. તે કથન આરણ અને અચ્યુત સુધીના દેવોમાં જ સમજવાનું છે. અહીં **याचत्** પદથી નીચે લખેલા પાઠને ગ્રહણ કરવાનો છે **'जीवस्स णं भंते ! मारणंतियसमुग्घाएणं समोहयस्स तेयासरीरस्स के महालिया सरीरोगाहणा पण्णत्ता''** હે ભદન્ત ! સમસ્ત સંસારી પ્રાણિ કે જે મારણાંતિક સમુદ્દ્ઘાતથી સમવહત-યુક્ત હોય છે, તેમના તૈજસ શરીરની અવગાહના કેટલી હોય છે ? આ પ્રશ્નમાં નારક આદિ જીવોની વિવક્ષા કરી નથી પણ સામાન્યરૂપે જ તે પ્રશ્ન પૂછાયો છે. ઉત્તર—**''गोयमा विक्खंभबाहल्लेणं सरीरप्पमाणमित्ता आयामेणं जहन्नेणं अंगुलस्स असंखेज्जइभागे,उक्कोसेणं लोगंताओ लोगंतेणं''** હે ગૌતમ ! વિષ્કંભ-ઉદર આદિની પહોળાઈ-અને બાહલ્ય-છાતી, પીઠ આદિની વિશાળતાની અપેક્ષાએ તૈજસ શરીરની અવગાહના શરીર પ્રમાણ જ કહેલી છે. તથા આયામ-લંબાઈની અપેક્ષાએ તૈજસ શરીરની જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમાં ભાગની અને અને ઉત્કૃષ્ટ અવગાહના લોકાન્તથી લોકાન્તપ્રમાણ કહેલી છે--એટલે કે ઉર્ધ્વલોકાન્તથી અધોલોકના અન્તસુધી અને અધોલોકના અંતથી ઉર્ધ્વલોકાન્ત સુધી કહી છે. **''एगिंदियस्स णं भंते ! मारणंतियसमुग्घाएणं समोहयस्स तेयासरीरस्स के महालिया सरीरोगाहना पण्णत्ता ? गोयमा ( चेव जाव पुढवी-आऊ-तेउ, वाउ,वणस्सइ-काइयस्स''**—હે ભદન્ત ! મારણાંતિક સમુદ્દ્ઘાતથી સમવહત-યુક્ત-એકેન્દ્રિયજીવોના તૈજસશરીરની અવગાહના કેટલી કહી છે? ઉત્તર-હે ગૌતમ ! વિષ્કંભ અને બાહલ્યની અપેક્ષાએ એકેન્દ્રિયજીવના તૈજસશરીરની અવગાહના શરીરપ્રમાણ કહી છે અને આયામની અપેક્ષાએ જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ અને ઉત્કૃષ્ટ અવગાહના લોકાન્તથી લોકાન્ત પ્રમાણ કહી છે-અધોલોકથી ઉર્ધ્વલોકના અન્ત સુધી અને ઉર્ધ્વલોકાન્તથી અધોલોકાન્ત સુધીની કહી છે. તે અવગાહના સૂક્ષ્મ તથા બાદર એકેન્દ્રિયજીવોને થાય છે, બીજા જીવોને થતી નથી. કારણ કે સમસ્ત લોકમાં તે સૂક્ષ્મ અને બાદરજીવો ભરેલાં છે, બીજાં જીવો નથી. તેથી જ્યારે સૂક્ષ્મ અથવા બાદર એકેન્દ્રિયજીવ અધોલોકાન્તથી ઉર્ધ્વલોકાન્તમાં, અથવા ઉર્ધ્વલોકાન્તથી અધોલોકાન્તમાં સૂક્ષ્મ અને બાદરરૂપે ઉત્પન્ન થાય છે ત્યારે જો તે અધોલોકાન્તમાં રહેલાં હોય છે એ જ પ્રમાણે જો તે ઉર્ધ્વલોકાન્તમાં સ્થિત હોય તો અધોલોકમાં સૂક્ષ્મ અથવા બાદરરૂપે ઉત્પન્ન થઈ જાય છે. ત્યારે મારણાન્તિક સમુદ્દ્ઘાતથી યુક્ત થયેલ તે જીવની યથોક્ત પ્રમાણવાળી તૈજસશરીરની અવગાહના થાય છે. એ જ પ્રમાણે પૃથિવીકાયિક, અપ્કાયિક, તૈજસકાયિક, વાયુકાયિક અને વનસ્પતિકાયિક જીવોની મારણાંતિક સમુદ્ઘાત સમયની તૈજસશરીરની અવગાહના એટલી જ હોય છે.

'बेइंदियस्स णं भंते ! मारणांतिय समुग्घाएणं समोहयस्स तेयासरीरस्स के महालिया सरीरोगाहणा पण्णत्ता ?' હે ભદંત ! મારણાંતિક સમુદ્ધાતથી યુક્ત એવાં દ્વીન્દ્રિયજીવના તૈજસશરીરની અવગાહના કેટલી હોય છે? 'गोयमा ! सरीरप्पमाणमित्ता विक्खंभबाहल्लेणं, आयामेणं जहन्नेणं अंगुलस्स असंखेज्जभागे उक्कोसेणं तिरियलोगाल्लोगंतो' હે ગૌતમ ! વિષ્કંભ અને બાહલ્યની અપેક્ષાએ દ્વીન્દ્રિયજીવના તૈજસશરીરની અવગાહના શરીરપ્રમાણ જ હોય છે. અને આયામની અપેક્ષાએ જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગપ્રમાણ છે. દ્વીન્દ્રિયજીવના તૈજસશરીરની જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ત્યારે થાય છે કે જયારે તે અપર્યાપ્ત અને અંગુલના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ ઔદારિક શરીરવાળો થઇને સ્વસમીપવર્તી પ્રદેશમાં એકેન્દ્રિય આદિની પર્યાયે ઉત્પન્ન થાય છે અથવા-જે શરીરમાં રહીને જીવ મારણાંતિક સમુદ્ઘાત કરે છે, તે શરીરમાંથી મારણાંતિક સમુદ્ઘાતને કારણે બહાર નીકળેલ તૈજસ શરીરની અવગાહનાનો આયામ, વિષ્કંભ અને વિસ્તારની અપેક્ષાએ વિચાર કરવામાં આવે છે તે શરીર સહિતના તૈજસ શરીરની અવગાહનાનો વિચાર કરાતો નથી નહીં તો ભવનપતિ આદિકોની જઘન્ય અવગાહના આગળ જે અંગુલના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ કહી છે તેની વિરૂદ્ધ આ કથન જશે કારણ કે ભવનપતિ આદિકોનું શરીર પ્રમાણે સાત આદિ હાથનું કહ્યું છે. તેથી મહાકાયવાળો દ્વીન્દ્રિય જીવ પણ જયારે પોતાના સમીપવર્તી પ્રદેશમાં એકેન્દ્રિય આદિની પર્યાયે ઉત્પન્ન થાય છે. ત્યારે પણ તેની અવગાહના અંગુલના અસંખ્યાતમાં ભાગની હોય છે એમ જાણવું, તથા ઉત્કૃષ્ટ અવગાહના તિર્યગ્લોકથી લોકાન્ત જેટલી હોય છે, એટલે કે તિર્યગ્લોકથી જેટલો અધોલોકાન્ત અથવા ઉર્ધ્વલોકાન્ત છે એટલા પ્રમાણની શરીર અવગાહના થાય છે પ્રશ્ન—દ્વીન્દ્રિય જીવને આવડી મોટી અવગાહના કેવી રીતે થાય છે? ઉત્તર—દ્વીન્દ્રિયજીવ એકેન્દ્રિયોમાં પણ ઉત્પન્ન થાય છે, અને એકેન્દ્રિયજીવ સકળલોકવ્યાપી છે. તેથી જ્યારે તિર્યગ્લોકમાં રહેલો કોઇ દ્વીન્દ્રિયજીવ ઉર્ધ્વલોકના અન્તમાં અથવા અધોલોકના અન્તમાં એકેન્દ્રિય પર્યાયે ઉત્પન્ન થઇ જાય છે ત્યારે મારણાંતિક સમુદ્ઘાતને પ્રભાવે વિનિર્ગત તૈજસ શરીરની એટલી મોટી અવગાહના થઈ જાય છે. દ્વીન્દ્રિય આદિ સામાન્ય રીતે તિર્યગ્લોક-સ્થાયી હોય છે તેથી અહીં તિર્યગ્લોક ગ્રહણ કરાયેલ છે. નહીં તો જે દ્વીન્દ્રિય જીવો અધોલોકના એક દેશમાં

તથા ઉર્ધ્વલોકના એક દેશરૂપ પંડકવન આદિ સ્થાનોમાં રહે છે તેમની અપેક્ષાએ તૈજસશરીરની અવગાહના વધારે પણ હોય છે. એ જ પ્રમાણે તેઈન્દ્રિજીવોની અને ચતુરિન્દ્રિયજીવોની તૈજસ શરીરની અવગાહના સમજવી **'नेरइयस्स णं भंते मारणांतिसमुग्घाएणं समोहयस्स तेयासरीरस्स के महालिया सरीरोगाहना पण्णत्ता ? गोयमा ! सरीरप्पमाणमित्ता विक्खंभबाहल्लेणं, आयामेणं जहण्णेणं साइरेगं जोयणसहस्सं'** હે ભદંત ! મારણાંતિક સમુદ્ઘાતથી યુકત નારકના તૈજસ શરીરની અવગાહના કેટલી કહી છે ? હે ગૌતમ ! વિષ્કંભ અને બાહલ્યની અપેક્ષાએ શરીરપ્રમાણ અને આયામની અપેક્ષાએ જઘન્ય અવગાહના એક હજાર યોજન પ્રમાણ કરતાં થોડી વધારે કહી છે. તેનું તાત્પર્ય નીચે પ્રમાણે છે-વલયામુખ આદિ જે ચાર પાતાલકલશ છે તે પ્રત્યેકની અવગાહના એક એક લાખ યોજનની છે. અને તેમની જે ઠીકરીઓ છે તે પ્રત્યેકની જાડાઈ એક એક હજાર યોજનની છે તે કલશોના ત્રણ ભાગ છે-નીચેનો ભાગ, મધ્યનો ભાગ અને ઉપરનો ભાગ. નીચેનો જે ભાગ છે તે પાણીથી ભરેલો છે, મધ્યનો ભાગ વાયુથી ભરેલો છે અને ઉપરનો ભાગ વાયુ અને પાણીને આવવાનું તથા જવાનું સ્થાન છે. સીમન્તક આદિ નરકાવાસોમાં રહેલ પાતાલકલશ સમીપવર્તી નારકીજીવ જ્યારે તેના આયુષ્યનો ક્ષય થાય છે ત્યારે નરકાવાસમાંથી નીકળીને પાતાળ કલશની વચ્ચે બીજા અથવા ત્રીજા વિભાગમાં મત્સ્યની પર્યાયે ઉત્પન્ન થાય છે ત્યારે તેઓ એક હજાર યોજન પ્રમાણ જાડાઈવાળી તે પાતાળકલશોની ઠીંકરીઓને ભેદીને ત્યાં ઉત્પન્ન થાય છે તે વખતે તે નારકજીવના મારણાંતિક સમુદ્ઘાતના કારણે બહિર્નિર્ગત શરીરની અવગાહના જઘન્યની અપેક્ષાએ એટલી મોટી થાય છે. **'उक्कोसेणं जाव अहे सत्तमापुढवी'** ઉત્કૃષ્ટની અપેક્ષાએ તે નારકીના તૈજસ શરીરની અવગા-

હના નીચે સાતમી પૃથ્વી સુધીની હોય છે. તિર્યક્રૂપે સ્વયંભૂરમણ સમુદ્ર સુધીની હોય છે, અને ઉર્ધ્વમાં પંડકવનમાં પુષ્કરિણિયો સુધીની હોય છે. તૈજસ શરીરની એવડી અવગાહના તે નારકીજીવની થાય છે કે જે સાતમી પૃથ્વીમા રહેલી હોય અને જે નારકીજીવ સ્વયંભૂરમણ સુધી અથવા પંડકવનની પુષ્કરણી સુધી મારણાંતિક સમુદ્ઘાત કરીને ત્યાં મત્સ્યની પર્યાયે ઉત્પન્ન થઇ જતો હોય છે. **'पंचेंदियतिरिक्खजोणियस्स णं भंते मारणांति समुग्घाएणं समवहयस्स तेयासरीरस्स के महालिया सरीरोगाहणा पण्णत्ता?'** પ્રશ્ન—હે ભદન્ત! પંચેન્દ્રિય તિર્યંચના મારણાંતિક સમુદ્ઘાતને કારણે બહાર નીકળેલ શરીરની અવગાહના કેટલી મોટી હોય છે? ઉતર-**गोयमा !जहा बेइंदियसरीरस्स'** હે ગૌતમ! બેઇન્દ્રિય જીવના તૈજસશરીરની જેટલી અવગાહના કહી છે એટલી જ અવગાહના પંચેન્દ્રિય તિર્યંચના તૈજસ શરીરની જાણવી. પ્રશ્ન—હે ભદંત! મારણાંતિક સમુદ્ઘાત કરતી મનુષ્યના તૈજસ શરીરની અવગાહના કેટલા પ્રમાણમાં હોય છે? ઉત્તર-**'समयखेत्ताओ लोगंतो'** સમયક્ષેત્રની અપેક્ષાએ લોકાન્તપ્રમાણ તૈજસ શરીરની અવગાહના કહી છે. તેનું તાત્પર્ય આ પ્રમાણે છે-મનુષ્ય ક્ષેત્રમાં રહેલ મનુષ્ય જ્યારે ઉર્ધ્વલોકાન્તમાં કે અધેલોકાન્તમાં એકેન્દ્રિયજીવની પર્યાયે સૂક્ષ્મ અથવા બાદરરૂપે ઉત્પન્ન થાય છે ત્યારે મારણાંતિક સમુદ્ઘાતથી યુકત તેના તૈજસ શરીરની અવગાહના ઉર્ધ્વલોકાન્ત પ્રમાણ અથવા અધોલોકાન્ત પ્રમાણ થઈ જાય છે. પ્રશ્ન-હે ભદંત! મારણાંતિક સમુદ્ઘાતથી યુકત બનેલા અસુરકુમારના તૈજસશરીરની અવગાહના કેટલા પ્રમાણની હોય છે? ઉત્તર—હે ગૌતમ! વિષ્કંભ અને બાહલ્યની અપેક્ષાએ શરીર પ્રમાણ અને આયામની અપેક્ષાએ તૈજસશરીરની જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમાં ભાગપ્રમાણ હોય છે. અવગાહના આ પ્રમાણે થાય છે-તે દેવો જ્યારે પોતાનાં કુંડળ આદિ આભૂષણોમાં જડેલ મણિ રત્ન આદિકોમાં અત્યંત લોલુપ બને છે,

અને તે પ્રકારની પ્રવૃત્તિમાં તેમનું ચિત લીન રહે છે ત્યારે તેઓ પોતાના એજ શરીરસ્થ આભરણોમાં પૃથ્વીકાયિક એકેન્દ્રિય જીવરૂપે ઉત્પન્ન થઇ જાય છે. ત્યારે તેમના તૈજસશરીરની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ હોય છે. તથા ઉત્કૃષ્ટ અવગાહના **'अहे जाव तच्चाए पुढवीए हेट्ठिल्ले चरिमंते'** ત્રીજી પૃથ્વીના ચરમાન્તથી લઇને તિર્યગ્સ્વયંભૂરમણ સમુદ્રની બાહ્ય વેદિકાન્તપ્રમાણ અને ઉપરની તરફ ઇષત્પ્રાગ્ભારા પૃથ્વી પ્રમાણ થાય છે. આ તૈજસ શરીરની અવગાહનાનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે-ધારો કે કોઇ અસુરકુમારદેવ કોઇ કાર્યવશાત્ ત્રીજી પૃથ્વીના નીચેના ચરમાન્તભાગમાં ગયા હોય અને ત્યાં તે પોતાના આયુનો ક્ષય થતાં મરણ પામે તો તે સમયે મરણાંતિક સમુદ્દ્ઘાતથી યુકત તેના તૈજસ શરીરની ઉત્કૃષ્ટ અવગાહના તિર્યક્ સ્વયંભૂરમણ સમુદ્રની બાહ્યવેદિકાના અન્તભાગ પ્રમાણ થશે. અને જો તે ઉપરના ભાગમાં ઉત્પન્ન થાય તો તેના તૈજસ શરીરની અવગાહના ઇષત્પ્રાગ્ભારા પૃથ્વીના અન્તભાગ પ્રમાણ થશે. એટલે કે તે ત્યાં પૃથ્વીકાયિકરૂપે ઉત્પન્ન થઇ જાય છે. એ જ પ્રમાણે મારણાંતિક સમુદ્ઘાતથી યુકત બનેલ સ્તનિતકુમાર આદિ ભવનપતિયોના તૈજસ શરીરની અવગાહના સમજવી. તથા વ્યંતર, જ્યોતિષિક, સૌધર્મ અને ઇશાનકલ્પમાંના દેવો જ્યારે મારણાંતિક સમુદ્ઘાતથી યુકત થાય છે ત્યારે તેમના તૈજસ શરીરની અવગાહનાનું પ્રમાણ પણ એજ પ્રમાણે સમજી લેવું. પ્રશ્ન—હે ભદંત ! મારણાંતિ સમુદ્ઘાતને સમયે સનત્કુમાર કલ્પના દેવોના તૈજસશરીરની અવગાહના કેટલી મોટી હોય છે? ઉત્તર—હે ગૌતમ ! વિષ્કંભ અને બાહલ્યની અપેક્ષાએ તે અવગાહના શરીર પ્રમાણ કહી છે. આયામની અપેક્ષાએ તે જઘન્યની અપેક્ષાએ અંગુલના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ કહી છે તે વિષયનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે—

શંકા–સનત્કુમાર આદિ કલ્પોના દેવો સ્વભવના સ્વભાવથી એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય જીવોમાં ઉત્પન્ન થતાં નથી. બીજા દેવલોક સુધીના દેવો જ તે જીવોમાં

ઉત્પન્ન થાય છે. સનત્કુમાર આદિ કલ્પોના દેવો તો તિર્યક્ પંચેન્દ્રિયોમાં અથવા મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. જો આ પ્રમાણે વાત છે તો તેમના તૈજસ શરીરની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ કેવી રીતે સંભવી શકે? ઉત્તર- જ્યારે સનત્કુમાર આદિ કલ્પોના દેવો મન્દરાચલ આદિની પુષ્કરણિયોમાં જલક્રીડા કરતા હોય ત્યારે તેમને ભોગવવાનું આયુષ્ય પૂરું થઇ જાય તો તેઓ ત્યાંજ કોઇ સમીપના પ્રદેશમાં મત્સ્યની પર્યાયે ઉત્પન્ન થઇ જાય છે. તે સમયે તેમના તૈજસ શરીરની અવગાહના અંગુલના અસંખ્યાતમાં ભાગપ્રમાણ થાય છે. અથવા કોઈ દેવ પોતાના પૂર્વભવની મનુષ્યસ્ત્રીને કોઈ અન્ય પુરુષ દ્વારા સેવાતી જોઇને, પૂર્વભવના ગાઢ અનુરાગને અધીન થઇને તે સ્ત્રીની પાસે જાય છે અને આલિંગન આદિ સહિત તેન સાથે કામક્રિડામાં લીન થઈ જાય છે. આવી સ્થિતિમાં રહેલ દેવનું દેવગતિનું આયુષ્ય પૂરું થાય તો તે પૂર્વપુરુષના વીર્યથી યુકત તે સ્ત્રીના ગર્ભમાં જન્મ ધારણ કરે છે. ત્યારે તેના તૈજસ શરીરની અવગાહના અંગુલના અસંખ્યાતમાં ભાગપ્રમાણ સંભવી શકે છે. તે દેવોની ઉત્કૃષ્ટ અવગાહના આ પ્રમાણે છે- સનત્કુમાર આદિ કલ્પમાંના દેવો અન્ય દેવોની સહાયતાથી અચ્યુત કલ્પ સુધી જાય છે. ત્યારે ત્યાં તેમના તૈજસ શરીરની અવગાહના અચ્યુતકલ્પ પ્રમાણ થાય છે. ત્યાં આગળ વાપીઓ વગેરેમાં મત્સ્ય હોતાં નથી. તેથી તેઓ કાંતો પંચેન્દ્રિય તિર્યંચોમાં અથવા મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. જ્યારે સનત્કુમાર આદિ કલ્પના દેવો કોઇ બીજા દેવોની સહાયતાથી અચ્યુતકલ્પમાં જાય છે, અને ત્યાં તેમનું દેવગતિનું આયુષ્ય પૂરું થઇ જાય છે તો તે મરીને તિર્યક્ સ્વયંભૂરમણ સમુદ્રના અન્તમાં અથવા અધઃપાતાલકલશોના બીજા ત્રિભાગમાં મત્સ્ય આદિની પર્યાયે ઉત્પન્ન થઇ જાય છે. ત્યારે તેના તિર્યક્રૂપમાં અથવા અધોરૂપમાં આગળ કહ્યા પ્રમાણેના ક્રમે તૈજસ શરીરની અવગાહના થાય છે. સહસ્ત્રારકલ્પના દેવોના તૈજસ શરીરની અવગાહના પણ એ જ પ્રમાણે સમજવી. માહેન્દ્ર બ્રહ્મલોક, લાન્તક અને મહાશુક્ર કલ્પમાના તૈજસ શરીરની અવગાહના પણ એ જ પ્રમાણે સમજવાની છે.

પ્રશ્ન--હે ભદંત! મારણાંતિક સમુદ્ઘાતથી યુકત આનત કલ્પના દેવના તૈજસ શરીરની અવગાહના કેટલી મોટી હોય છે?

ઉત્તર--હે ગૌતમ! વિષ્કંભ અને બાહલ્યની અપેક્ષાએ શરીર પ્રમાણ હોય તથા આયામની અપેક્ષાએ જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ છે.

શંકા-- આનત આદિ કલ્પના દેવો મનુષ્ય ગતિમાં જ ઉત્પન્ન થાય છે અને મનુષ્ય મનુષ્યક્ષેત્રમાં જ ઉત્પન્ન થાય છે, તો આનત આદિના દેવોના તૈજસ શરી-

રની અવગાહના અંગુલના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ કેવી રીતે કહેવામાં આવે છે? ઉત્તર--અવધિજ્ઞાનની મદદથી પોતાના પૂર્વભવની મનુષ્યસ્ત્રીને કોઈ મનુષ્ય દ્વારા સેવાતી જોઈને, આનત કલ્પમાંનો કોઇ દેવ કે જેનુ મૃત્યુ નજીક અવી પહોંચ્યુ છે (દેવગતિનું આયુષ્ય પૂરૂ થવા આવ્યું છે), જીવોના ચારિત્રના વિચિત્રતાથી જેના સ્વભાવમાં વિપરીતતા આવી યઇ છે. કર્મોની અચિન્ત્ય ગતિ અને કામવૃત્તિની મલિનતાને કરણે જેના ચિત્તમાં ક્ષોભ ઉત્પન્ન થઇ ગયો છે, એવો તે દેવ ગાઢ અનુરાગને અધીન થઇને આ મનુષ્યક્ષેત્રમાં આવે તે પુરૂષ દ્વારા સેવિત સ્ત્રીને બાર મુહૂર્ત દરમિયાન આલિંગન આદિ દ્વારા સેવીને કામક્રીડામાં રત થઇ જાય અને એ સ્થિતિમાં જો તેનું કદાપિ મરણ થઈ જાય તો તે દેવ તે સ્ત્રીના ગર્ભમાં-જેમાં પૂર્વે અન્ય પુરૂષનું વીર્ય દાખલ થઈ ચૂકયું છે-મનુષ્યની પર્યાયે ઉત્પન્ન થઈ જાય છે. તે સમયે તેના મારણાંતિક સમુદ્ઘાત સમયે તેના તૈજસ શરીરની અવગાહના અંગુલના અસંખ્યાતમાં ભાગપ્રમાણ થાય છે ઉત્કૃષ્ટ અવગાહના અધોલોક સંબંધી ગ્રામાદિક પ્રમાણ થાય છે, તિર્યગૂમાં મનુષ્યક્ષેત્ર પ્રમાણ થાય છે અને ઉર્ધ્વમાં અચ્યુત કલ્પ પ્રમાણ થાય છે. આરણ અને પ્રાણત દેવોના તજસ શરીરની અવગાહનાનું સ્વરૂપ પણ એ જ પ્રમાણે સમજવું. આનત દેવના જેવી જ અચ્યુતના દેવોના તૈજસ શરીરની અવગાહના હોય છે છતાં પણ તેમાં નીચે પ્રમાણે વિશિષ્ટતા છે-આનત, પ્રાણત અને આરણના દેવોનાતૈજસ શરીરની ઉત્કૃષ્ટ અવગાહના આયામની અપેક્ષાએ ઉર્ધ્વમાં અચ્યુત કલ્પપ્રમાણ કહી છે, પણ અચ્યુત કલ્પમાંના દેવોના તૈજસ શરીરની અવગાહના ઉર્ધ્વમાં પોતપોતાના વિમાનપ્રમાણ કહી છે આ રીતે **"एगेंदिय तेयसरीरे"** આ સૂત્રમાં જે **'जाव'** પદ આવ્યું છે તેનાથી ગ્રહણ કરાયેલ વિષયોનું વર્ણન અહીં સુધીમાં કરાયું છે. હવે બાર કલ્પોની ઉપર જે નવ ગ્રૈવેયકો છે તેમાં વસતાં દેવોના તૈજસ શરીરની અવગાહના કેટલી મોટી છે તે સૂત્રકાર બતાવે છે.

પ્રશ્ન—હે ભદંત ! મારણાંતિક સમુદ્ઘાત કરતી વખતે ગ્રૈવેયકના દેવોના તૈજસ શરીરની અવગાહના કેટલી મોટી હોય છે? ઉત્તર-હે ગૌતમ ! વિષ્કંભ અને બાહલ્યની અપેક્ષાએ તો તે શરીરપ્રમાણ જ હોય છે. અને આયામની અપેક્ષાતૈજસ શરીરની જઘન્ય અવગાહના સ્વસ્થાનથી નીચેની વિદ્યાધર શ્રેણી પ્રમાણ હોય છે. કારણ કે ગ્રૈવેયક અને અનુત્તર વિમાનવાસી દેવો ભગવાનની વંદણા આદિ કૃત્યો પણ પોતાને સ્થાને રહીને જ કરે છે. તેથી અહીં તેમનું આગમન થવું સંભવિત નથી. તેથી તેમના તૈજસશરીરની જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ હોતી નથી. પણ જ્યારે તેઓ વૈતાઢયપર્વત પર વિદ્યાધરની શ્રેણિયોમાં ઉત્પન્ન થાય છે

ત્યારે તેમના તૈજસ શરીરની અવગાહના પોતાના સ્થાનથી લઇને નીચે તે શ્રેણિયો પ્રમાણ થાય છે, તથા તેમની ઉત્કૃષ્ટ અવગાહના અધોલૌકિક ગ્રામ પ્રમાણ છે, કારણ કે તેની નીચે તેમના ઉત્પાદનની સંભવિતતા નથી. તિર્યગ રૂપમાં તેમના તૈજસ શરીરની અવગાહના મનુષ્યક્ષેત્ર પ્રમાણ છે, કારણ કે તિર્યકરૂપમાં મનુષ્યક્ષેત્રથી આગળ તેમનો ઉત્પાદ થતો નથી. જો કે વિદ્યાધર અને વિદ્યાધરીઓ નંદીશ્વર દ્વીપ સુધી જાય છે, અને ત્યાં તેઓ સંભોગ પણ કરે છે. તો પણ મનુષ્યક્ષેત્રમાં મનુષ્ય-ગર્ભમાં તેમનો ઉત્પાદ થતો નથી. તેથી તિર્યગરૂપમાં તેમના શરીરની અવગાહના મનુષ્યક્ષેત્રપ્રમાણ કહી છે. ઉર્ધ્વમાં તૈજસશરીરની અવગાહના પોતપોતાના વિમાનો સુધી છે. પહેલા ગ્રૈવેયકની જેમ બીજાં આઠ ગ્રૈવેયકોના તથા અનુત્તરોપપાતિક દેવોના તૈજસ શરીરની આયામની અપેક્ષાએ જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહના સમજવી. તૈજસ શરીરની જેમ કાર્મણ શરીરની અવગાહના બાબતમાં પણ પૂર્વોકત કથન સમજવું ।।સૂ.૧૮૯।

આ પ્રમાણે પ્રાણીઓની અવગાહનાનું વર્ણન કરીને હવે સૂત્રકાર અવધિજ્ઞાનનું કથન કરે છે--

**શબ્દાર્થ-(भेय-विसयसंठाणे) भेद-विषय-संस्थानम्**-અવધિજ્ઞાનના ભેદ, અવધિજ્ઞાનનો વિષય, અને અવધિજ્ઞાનનું સંસ્થાન, **(अब्भिंतर) अभ्यन्तरः**- અવધિજ્ઞાનથી પ્રકાશિત ક્ષેત્રમાં કયા કયા જીવો છે, **(बाहिरेय) बाह्यश्च**- અવધિજ્ઞાનના ક્ષેત્રની બહાર કયા કયા જીવો છે, **(देसोंही) देशावधिः**-દેશરૂપ અવધિજ્ઞાન,**(ओहिस्स बुड्ढिहाणी)अवधेर्वृद्धिहानी**-અવધિજ્ઞાનની વૃદ્ધિ અને હાની, તથા **पडिवाई चेव अपडिवाई) प्रतिपाती चैव अप्रतिपाति**-પ્રતિપાતી અવધિજ્ઞાન અને અપ્રતિપાતી અવધિજ્ઞાન તે બધી બાબતો કહેવાવી જોઈએ ।।સૂ. ૧૯૦।।

**ટીકાર્થ—"भेय विसय संठाणे" इत्यादि—**(૧) ભેદ, (૨) વિષય, (૩) સંસ્થાન, (૪) આભ્યન્તર, (૫) બાહ્ય, (૬) દેશાવધિ (૭) અવધિની વૃદ્ધિ અને હાની, અને (૮) પ્રતિપાતી અને અપ્રતિપાતી એ આઠ અધિકારોને અનુલક્ષીને અવધિજ્ઞાનનું પ્રતિપાદન સૂત્રકાર કરશે–અવધિજ્ઞાનના બે ભેદ છે–ભવપ્રત્યય અને ક્ષાયોપશમિક ભવપ્રત્યય અવધિજ્ઞાન દેવો અને નારકીઓને હોય છે. ક્ષયોપશમિક અવધિજ્ઞાન મનુષ્યો અને તિર્યંચોને થાય છે. અવધિજ્ઞાનનો વિષય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના ભેદથી ચાર પ્રકારનો છે. દ્રવ્યની અપેક્ષાએ અવધિજ્ઞાન જઘન્યરૂપે ઓછામાં ઓછું) તેજોવર્ગણા અને ભાષાવર્ગની અગ્રહણપ્રાયોગ્ય જે વર્ગણાઓ છે ત્યાં સુધીના દ્રવ્યને જાણે છે. અને ઉત્કૃષ્ટરૂપે (વધારેમાં વધારે) પરમાણુથી લઇને અનન્ત પ્રદેશવાળા સ્કન્ધો સુધીના સમસ્ત રૂપી દ્રવ્યોને જાણે છે. ક્ષેત્રની અપેક્ષાએ અવધિજ્ઞાન જઘન્યરૂપે અંગુલના અસંખ્યાતમાં ભાગપ્રમાણ ક્ષેત્રને જાણે છે અને ઉત્કૃષ્ટરૂપે અલોકમા અસંખ્યાત લોકખંડોને જોઈ શકે છે. કાળની અપેક્ષાએ અવધિજ્ઞાન જઘન્યરૂપે આવલિકાના અસંખ્યાતમાં ભાગપ્રમાણ ભૂત અને ભવિષ્યકાળને જાણે છે અને ઉત્કૃષ્ટરૂપે અસંખ્યાત ઉત્સર્પિણી કાળને જાણે છે. ભાવની અપેક્ષાએ અવધિજ્ઞાન જઘન્યરૂપે પ્રત્યેક દ્રવ્યનાં વર્ણ, ગંધ. રસ અને સ્પર્શને જાણે છે અને ઉત્કૃષ્ટરૂપે પ્રત્યેક દ્રવ્યના અસંખ્યાત વર્ણાદિકોને, તથા સર્વે દ્રવ્યોના અનંત વર્ણાદિકોને જાણે છે. સંસ્થાનની અપેક્ષાએ નારકીઓનું અવધિજ્ઞાન **तप्र**—નાની નૌકાના આકારનું હોય છે, ભવનપતિયોનું અવધિજ્ઞાન પલ્યના આકારનું હોય છે. વ્યંતરોનું અવધિજ્ઞાન પટહના આકારનું હોય છે, જ્યોતિષ્ક દેવોનું અવધિજ્ઞાન ઝલ્લરી (ઝાલર)ના આકારનું હોય છે. કલ્પોપપાતિકદેવોનું અવધિજ્ઞાન મૃદંગમા આકારનું હોય છે. ગ્રૈવેયક વિમાનામાનાં દેવોનું અવધિજ્ઞાન કુસુમાવલિમાંથી બનાવેલી શિખરવાળી ચંગેરી (ટોપલી)ના આકારનું હોય છે. અનુત્તર દેવોનું અવધિજ્ઞાન લોકનાલીના

આકારનું હોય છે, તથા તિર્યંચો અને મનુષ્યોનું અવધિજ્ઞાન વિવિધ આકારનું હોય છે. અવધિજ્ઞાનથી પ્રકાશિત ક્ષેત્રની અંદર કયાં કયાં જીવો હોય છે તથા અવધિક્ષેત્રની બહાર કયાં કયાં જીવો હોય છે તે વિષય સંબંધી વિચાર અભ્યન્તર અને બાહ્ય અધિકારમાં કરવામાં આવ્યો છે તેમા એમ કહ્યું છે કે નારક, દેવ અને તીર્થંકર સિવાયના જીવો અવધિજ્ઞાનથી બહાર પણ હોય છે અને અવધિજ્ઞાનની અંદર પણ હોય છે. અવધિજ્ઞાન દ્વારા પ્રકાશ્ય વસ્તુનો એક દેશ પ્રકાશિત કરનાર અવધિજ્ઞાનને દેશાવધિ કહે છે તથા તેનાથી વિપરીત જે અવધિજ્ઞાન છે તેને સર્વાવધિજ્ઞાન કહે છે. મનુષ્યોને તે બન્ને પ્રકારનાં અવધિજ્ઞાન થાય છે. પણ બાકીના જીવોને દેશાવધિ જ અવધિજ્ઞાન થાય છે જે જીવોને કેવળજ્ઞાનની ઉત્પત્તિ થવાની હોય છે તે જીવોને સર્વાવધિ પ્રકારનું અવધિજ્ઞાન થાય છે. અવધિજ્ઞાનની હાનિવૃદ્ધિનું નામ અવધિની હાનિવૃદ્ધિ છે. તિર્યંચો અને મનુષ્યોને વર્ધમાન અને હીયમાન, એ બન્ને પ્રકારનું અવધિજ્ઞાન થાય છે બાકીના દેવ અને નારકીઓને યથાવસ્થિત (વૃદ્ધિ કે હાનિરહિત) અવધિજ્ઞાન થાય છે. વર્ધમાન અવધિજ્ઞાન અંગુલના અસંખ્યાતમાં ભાગથી વધતું વધતું અધિક અને અધિકતર પ્રમાણમાં વધતું જાય છે. તથા હીયમાન અવધિજ્ઞાન અધિક અને અધિકતર પ્રમાણમાં ઘટતું ઘટતું અંગુલના અસંખ્યાતમાં ભાગપ્રમાણ બાકી રહે છે. ઉત્કૃષ્ટરૂપે સમસ્તલોકને જાણનાર અવધિજ્ઞાનને પ્રતિપાતી અવધિજ્ઞાન કહે છે અને તેના કરતાં જે અધિકવેદી અવધિજ્ઞાન હોય છે તેને અપ્રતિપાતી કહે છે. દેવ અને નારકીઓને ભવપ્રત્યય નામનું જે અવધિજ્ઞાન થાય છે તે પ્રતિપાતી હોતું નથી. તથા જે ક્ષાયોપશમનિમિત્તક અવધિજ્ઞાન હોય છે તે પ્રતિપાતી અપ્રતિપાતી એ બન્ને પ્રકારનું હોય છે. ॥સૂ. ૧૯૦॥

હવે સૂત્રકાર એ વિષયનું સ્પષ્ટીકરણ કરે છે કે અવધિજ્ઞાન કેટલા પ્રકારનું હોય છે.

શબ્દાર્થ --(कइविहाणं भंते) कतिविधाः खलु भदन्त ! હે ભદંત કેટલા પ્રકારનું (ओही) अवधिः–અવધિજ્ઞાન (पण्णत्ता) प्रज्ञप्ताः– કહ્યું છે ? (गोयमा ! दुविहा पण्णत्ता) हे गौतम ! द्विविधाः प्रज्ञप्ताः–હે ગૌતમ ! બે પ્રકારનું કહ્યું છે. (भवपच्चइए य खओवसमिए) भवप्रत्ययिकश्च क्षायोपशमिकश्च–(૧) ભવપ્રત્યયિક અને (૨) ક્ષાયોપશમિક (एवं सव्वं ओहिपयं भाणियव्वं) एवं सर्वमव-

धिपदं भणितव्यम्–અહીં પ્રજ્ઞાપનાનું આખું ૩૩ તેત્રીસમું પદ કહેવું જોઇએ. હવે સૂત્રકાર વેદનાનું સ્વરૂપ કહે છે--

"सीया य दव्वसारीरसातातह वेयणा भवे दुक्खा।
अब्भुवगमुवक्कमियाणीया य अणिया य णायव्वा॥"

छाया–शीता च द्रव्यशारीर साता तथा वेदनाभवेद् दुःखा।
आभ्युपगमौपक्रमिक्यौ निदा च अनिदा च ज्ञातव्या॥

(सीया य) शीता च–શીત અને च શબ્દથી ઉષ્ણુ અને શીતોષ્ણુ, એ ત્રણ પ્રકારની વેદના કહી છે. (दव्व) द्रव्य–દ્રવ્ય વેદના–ઉપલક્ષણથી ક્ષેત્રવેદના, કાળ-વેદના અને ભાવવેદના, એ ચાર પ્રકારની વેદના હોય છે. (सारीर) शारीर–શારીરિક વેદના અને ઉપલક્ષણુથી માનસિક વેદના અને શરીરમાનસિક વેદના, એ રીતે ત્રણ પ્રકારની વેદના હોય છે. (साय) शात–શાતવેદના, અને ઉપલક્ષણુથી અશાતવેદના અને શાતાશાતાવેદના, એ ત્રણ પ્રકારની વેદના હોય છે (तह वेयणा भवे दुक्खा) तथा वेदना भवे दुःखा–તથા દુઃખવેદના, અહીં મધ્યમ પદ લેવાથી આસપાસના બે પદ ગ્રહણ થાય છે, તેથી સુખવેદના, દુઃખવેદના અને સુખદુઃખવેદના, એ ત્રણ પ્રકારની વેદના થાય છે. (अब्भुवगमुवक्कमिया) अभ्युपगमिकी, औपक्रमिकी–આભ્યુપગમિકી વેદના–જાતે જ વહોરી લઈને વેદનાનો અનુભવ કરવો, ઔપક્રમિકી વેદના–સ્વયં ઉદયમાં આવેલી અથવા ઉદીરણા કરીને ઉદયમાં લવાયેલ વેદનાનો અનુભવ કરવો, આ રીતે બે પ્રકારની વેદના હોય છે. (णीया य अणिया य निदा च अनिदाच ज्ञातव्या–નિદાવેદના–જે જાણી જોઈને ભોગવાય છે તે વેદનાને નિદાવેદના' કહે છે. અને અણુજાણપણે જે વેદના ભોગવાય છે તે વેદનાને 'અનિદા વેદના' કહે છે, આ રીતે બે પ્રકારની વેદના હોય છે. આ રીતે વેદનાના કુલ વીસ (૨૦) ભેદ પડે છે. તે સંક્ષેપથી આ રીતે છે–શીત, ઉષ્ણુ, શીતોષ્ણુ ૩ તથા દ્રવ્યવેદના, ક્ષેત્રવેદના,કાલવેદના, ભાવવેદના ૭ તથા શારીરિકવેદના, માનસિકવેદના, શારીરિકમાન-સિકવેદના૧૦ શાતવેદના, અશાતવેદના, શાતાશાતવેદના ૧૩ દુઃખવેદના,સુખવેદના સુખદુઃખવેદના ૧૬ અભ્યુપગામિકી અને ઔપક્રમિકી ૧૮અને નિદા તથા અનિદા આ રીતે વીસ ભેદ થાય છે.(नेरइयाणं भंते ! किं सीयं वेयणं वयंति, उसिणं वेयणं वेयंति, सीओसिणं वेयणं वयंति ?) नैरयिकाः खलु भदन्त ! किं शीतां वेदनां वेदयन्ति, उष्णां वेदनां वेदयन्ति, शीतोष्णां वेदनां वेदयन्ति ? હે ભદન્ત ! નારકી જીવો શીતવેદનાને ભોગવે છે કે ઉષ્ણુવેદનાને ભોગવે છે ? કે શીતોષ્ણુ વેદનાાને ભોગવે છે ? ઉત્તર--( गोयमा! नेरइया )

**हे गौतम ! नैरयिकाः**--હે ગૌતમ! નારકી જીવો શીતવેદના અને ઉષ્ણવેદનાને ભોગવે છે, પણ શીતોષ્ણવેદનાને ભોગવતા નથી. (**एवं चेव वेयणापयं भाणियव्वं**) **एवमेव वेदनापदं भणितव्यम्**–આ પ્રમાણે શરૂઆત કરીને સઘળાં વેદના પદનું વર્ણન થવું જોઇએ–એટલે કે પ્રજ્ઞાપના સૂત્રના પાંત્રીસમાંપદનું કથન થવું જોઈએ. વેદના લેશ્યાઓથી યુક્ત હોય છે. તેથી વેદનાની પ્રરૂપણા કરીને સૂત્રકાર લેશ્યાઓની પ્રરૂપણા કરે છે—(**कइ णं भंते ! लेसाओ पण्णत्ताओ ?**) **कति खलु भदन्त! लेश्याः प्रज्ञप्ताः ?**–હે ભદંત! લેશ્યાઓ કેટલા પ્રકારની કહી છે? (**गोयमा ! छ लेसाओ पण्णत्ताओ**) **हे गौतम! षड् लेश्याः प्रज्ञप्ताः**–હે ગૌતમ! લેશ્યા છ પ્રકારની છે. (**तं जहा**) **तद्यथा**–તે પ્રકારો આ પ્રમાણે છે–(**किण्हा नीला काऊ तेऊ पम्हासुक्का**) **कृष्णा, नीला, कापोता, तैजसी, पद्मा, शुक्ला**-(૧) કૃષ્ણલેશ્યા, (૨) નીલલેશ્યા, (૩) કાપોતલેશ્યા, (૪) તેજોલેશ્યા, (૫) પદ્મલેશ્યાં અને (૬) શુકલલેશ્યા. (**एवं लेसापयं भाणियव्वं**) **एवं लेश्यापदं भणितव्यम्**–આ રીતે લેશ્યાઓનું સ્પષ્ટીકરણ પ્રજ્ઞાપના સૂત્રના ૧૭માં પદથી સમજી લેવું. કૃષ્ણાદિ લેશ્યાઓવાળા જીવો જ આહાર કરે છે–તે કારણે હવે સૂત્રકાર આહારની પ્રરૂપણા કરે છે—

**'अनंतरा य आहाराभोगणा इय ।**
**पोग्गलानेव जाणंति, अज्झवसाणे य सत्तमे' ॥१॥**

**छाया—अनन्तराश्चाहारे आहाराभोगता इति।**
**पुद्गलान्नेव, जानन्ति, अध्यवसानं च सम्यक्त्वम ॥१॥**

આ દ્વારગાથા છે-તેનું તાત્પર્ય આ પ્રમાણે છે–અનન્તરાહાર, આહારાભોગતા, આહારાનાભોગતા, તથા પુદ્ગલોને જોવા નહી. અને જાણવા નહી. આ રીતે આ ગાથા દ્વારા તે ચાર ભંગી પ્રદર્શિત કરવામાં આવી છે. તથા અધ્યવસાન અને સમ્યકત્વ એ બીજા દ્વાર બતાવ્યા છે. હવે પહેલા દ્વારનો ખુલાસો કરે છે-(**नेरइयाणं भंते !**)

नैरयिकाः खलु भदंत !–હે ભદંત ! નારકી જીવો (अणंतराहारा) अनन्तहाराः- અન્નત આહારવાળા હોય છે. (त ओ णिवत्तणया ततो निर्वर्त्तनता–ત્યાર બાદ તેમના શરીરની રચના થાય છે. (तओ परियाइयणया) ततः पर्यादानता– ત્યારબાદ અંગો અને ઉપાંગો બને છે. (तओ परिणामणया य ततः परिणामताश्च પછી ઇન્દ્રિય આદિના વિભાગ થાય છે. (तओ परियारणया) ततः परिचारणता– ત્યાર બાદ શબ્દાદિક વિષયોને તે ભોગવે છે. (तओ पच्छा विकुव्वणया) ततः– पश्चद् विकुर्बणा–ત્યારબાદ તેઓ વૈક્રિય શક્તિથી યુકત બને છે. હે ભદંત! આ વાત બરાબર છે? (हंता गोयमा !) हंत गौतम ! एवम्–હે ગૌતમ! એ પ્રમાણે જ હોય છે. (आहारपयं भाणियव्वं) आहारपदं भणितव्यम्–આહારપદનું વર્ણન પ્રજ્ઞપના સૂત્રના ૩૪માં પદમાં લેવું જોઈએ ।।સૂ. ૧૯૧।।

टीकार्थ—(कइविहाणं भंते ! ओही पण्णत्ता) इत्यादि પ્રશ્ન–હે ભદંત! અવધિજ્ઞાન કેટલા પ્રકારનું કહ્યું છે? હે ગૌતમ! અવધિજ્ઞાન બે પ્રકારનું કહ્યું છે– (૧) ભવપ્રત્યયિક અને (૨) ક્ષાયોપશમિક આ જગ્યાએ પ્રજ્ઞાપનાનું ૩૩મું પદ પૂરે પૂરૂ કહેવું જોઇએ. હવે સૂત્રકાર વેદનાનું સ્વરૂપ કહે છે-તે સ્વરૂપ બતાવનાર દ્વાર ગાથા છે તેમાં જે 'च' શબ્દ આવ્યો છે તે બાકીની અનુકત વેદનાઓનો સૂચક છે. તેથી શીતવેદના, ઉષ્ણવેદના અને શીતોષ્ણવેદના ગ્રહણ કરાયેલ છે. નારક જીવો શીતવેદના અને ઉષ્ણવેદના ને નરકોમાં ભોગવે છે. બાકીના જીવો ત્રણે પ્રકારની વેદના ભોગવે છે. તથા વેદનાના આ ચાર પ્રકાર પણ છે–દ્રવ્યવેદના, ક્ષેત્રવેદના, કાળવેદના અને ભાવવેદના અહીં ગાથામાં દ્રવ્ય શબ્દ ઉપલક્ષક છે. પુદ્ગલદ્રવ્યના સંબંધથી જે વેદના ઉત્પન્ન થાય છે તેને દ્રવ્યવેદના કહે છે. નારકના ઉપપાત ક્ષેત્રના સંબંધથી જન્ય જે વેદના છે તેને ક્ષેત્રવેદના કહે છે. નારકોને આયુષ્યરૂપ કાળના સંબંધથી જન્ય જે વેદના ઉત્પન્ન થાય છે તેને કાળવેદના કહે છે. તથા વેદનીય કર્મના ઉદયથી જન્ય જે વેદના હોય છે તેને ભાવ-વેદના કહે છે. શારીરિક, માનસિક અને શારીરિક માનસિક, એવા વેદનાના ત્રણ પ્રકાર પડે છે. સંજ્ઞી પંચેન્દ્રિય જીવો એ ત્રણે પ્રકારની વેદના ભોગવે છે. બાકીના જીવો ફકત શારીરિક વેદનાને જ ભોગવે છે. સાતા અસાતા, અને સાતાસાતા, એ

ત્રણ પ્રકારની વેદના પણ હોય છે. સમસ્ત જીવો તે ત્રણ પ્રકારની વેદના ભોગવે છે. સુખાત્મક, દુઃખાત્મક અને સુખદુઃખાત્મક, એવા પણ વેદનાના ત્રણ ભેદ પડે છે. તે ત્રણે પ્રકારનો અનુંભવ સમસ્ત સંસારી જીવો કરે છે. સાતા, અસાતા અને સુખ દુઃખરૂપે વેદનામાં એ તફાવત છે. કે સાતા અસાતા વેદનામાં ક્રમશઃ ઉદયપ્રાપ્ત વેદનીય કર્મના પુદ્ગલોનો અનુભવ થાય છે, તથા સુખદુઃખરૂપ વેદનામાં ઉદયપ્રાપ્ત વેદનીય કર્મનો અનુભવ થાય છે. વેદનના બીજાં પણ બે પ્રકાર છે અભ્યુપગમિકી વેદના અને ઔપક્રમિક વેદના અભ્યુપગમિકી વેદનામાં જીવ વેદદાયક વસ્તુને પોતે જ ઉત્પન્ન કરીને તેનાથી પેદા થયેલ વેદના ભોગવે છે. જેમ કે સાધુઓ મ થાપરના વાળનો લોચ કરવાથી થતી વેદનાનો તથા બ્રહ્મચર્ય આદિના પાલનજન્ય વેદનાનો અનુભવ કરે છે ઔપક્રમિકી વેદનામાં જાતે જ ઉદીર્ણ થયેલ અથવા ઉદીર્ણાકારણ દ્વારા ઉદયમાં લેવાયેલ વેદનાનો અનુભવ કરે છે. પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્ય ઉપ-રોકત બન્ને પ્રકારની વેદનાનો અનુભવ કરે છે. બાકીના જીવો ફકત ઔપક્રમિકી વેદનાનો જ અનુભવ કરે છે વેદનાના નિદા અને અનિદા, એવા બે ભેદ પણ છે. જે વેદના દ્વારા ચિત્તસમાધિને અત્યંત અસ્તવ્યસ્ત–ખંડિત કરી નાખવમાં આવે છે તે વેદનાને 'નિદાવેદના' કહે છે તેનું બીજું નામ 'આભોગવતીવેદના' છે. અનાભોગવતી વેદનાનું નામ 'અનિદાવેદના' છે. સંજ્ઞીજીવો ઉપરના બન્ને પ્રકારની વેદના ભોગવે છે અસંજ્ઞીજીવો ફકત 'અનિદાવેદના' અનુભવે છે. પ્રશ્ન--હે ભદંત ! નરકજીવો કયી વેદના ભોગવે છે ?–શીતવેદના ભોગવે છે ? ઉષ્ણવેદના ભોગવે છે? કે શીતોષ્ણવેદના ભોગવે છે ? ઉત્તર–હે ગૌતમ ! નારકજીવો શીતવેદના અને ઉષ્ણવેદનાને ભોગવે છે. પણ શીતોષ્ણ વેદનાને ભોગવતા નથી. આ રીતે પ્રારંભ કરીને સમસ્ત વેદનાપદનુ–એટલે કે પ્રજ્ઞાપના સૂત્રના ૩૫ પાંત્રીસમા પદનું કથન થવું જોઈએ. વેદનાઓ લેશ્યાઓથી યુકત હોય છે. તેથી વેદનાની પ્રરૂપણા કરીને હવે સૂત્રકાર લેશ્યાઓની પ્રરૂપણા કરે છે–પ્રશ્ન–હે ભદંત ! લેશ્યા કેટલા પ્રકારની હોય છે ? ઉત્તર–હે ગૌતમ ! લેશ્યા ૬ છ પ્રકારની છે. તે પ્રકારો નીચે પ્રમાણે છે. (૧) કૃષ્ણલેશ્યા, (૨) નીલલેશ્યા, (૩) કાપોતલેશ્યા, (૪) તેજોલેશ્યા, (૫) પદ્મ લેશ્યા અને (૬) શુકલલેશ્યા. લેશ્યાઓનું વધારે સ્પષ્ટીકરણ પ્રજ્ઞાપના સૂત્રના ૧૭ સત્તરમા પદની મદદથી સમજી લેવું. કૃષ્ણ આદિ લેશ્યાઓવાળા જીવો જ આહાર કરે છે. તે કારણે સૂત્રકાર હવે આહારની પ્રરૂપણા કરે છે. તે માટે જે ગાથા આપી છે તે દ્વારગાથા છે. તેનું તાત્પર્ય આ પ્રમાણે છે–અનન્તરાહારા, આહારા-

ભોગતા, આહારાન ભોગતા અને પુદ્ગલોને ન જાણવ તથા ન દેખવા. આ ગાથા દ્વારા આ રીત ચતુર્ભંગી પ્રદર્શિત કરવામાં આવી છે. તથા અધ્યવસાન અને સમ્યકત્વ, એ બે બીજાં દ્વારો પણ કહ્યાં છે હવે પહેલા દ્વારનું સ્પષ્ટીકરણ કરે છે—હે ભદંત ! શું એ વાત સત્ય છે કે નૈરયિક (નારકીજીવો) અનન્તર આહાર વાળા હોય છે—ઉપપાતક્ષેત્રની પ્રાપ્તિને સમયે જ આહાર કરે છે—ત્યાર બાદ તેમનાં શરીરની રચના થાય છે, ત્યારબાદ અંગો અને ઉપાંગો બને છે, ત્યારબાદ ઈન્દ્રિયાદિકોના વિભાગ થાય છે, અને ત્યાર બાદ વૈક્રિયશકિતથી યુકત બને છે ?

ઉત્તર—હા ગૌતમ ! એજ પ્રમાણે થાય છે. 'हंत' તે સ્વીકૃતિ સૂચક અવ્યયપદ છે. આહારપદનું વર્ણન પ્રજ્ઞાપના સૂત્રના ૩૪ ચોત્રીસમાં પદમાંથી જાણી લેવું. ॥ સૂ. ૧૯૧ ॥

## જીવોંકે આયુબન્ધકે સ્વરૂપ કા નિરૂપણ

આયુનો બંધ જેમને બંધાઈ ચૂકયો છે એવાં જીવો જ આહાર લે છે. તેથી આહારની પ્રરૂપણા કરીને હવે સૂત્રકાર આયુબંધની પ્રરૂપણા કરે છે—

શબ્દાર્થ—(**कइविहे णं भंते आउ य बंधे पण्णत्ते?**) **कतिविधः खलु भदन्त ! आयुर्बन्धः प्रज्ञप्तः ?**—હે ભદન્ત ! આયુબંધ કેટલા પ્રકારના કહ્યા છે ? (**गोयमा ! छव्विहे आउगबंधे पण्णत्ते**) **हे गौतम ! षड्विध आयुर्बन्धः प्रज्ञप्तः**—હે ગૌતમ ! આયુબંધના છ પ્રકાર કહ્યા છે. (**तं जहा**) **तद्यथा**—તે આ પ્રમાણે છે.—(**जाइ नाम निहत्ताउए**) **जातिनाम निधत्तायुः**—(જાતિનામ નિધત્તાયુ,

(गइनाम निहत्ताउए) गतिनाम निधत्तायुः-(२) ગતિનામ નિધત્તાયુ, (ठिइनाम निहत्ताउए)स्थितिनाम निधत्तायुः-(૩) સ્થિતિનામ નિધત્તાયુ, (पएसनाम निहत्ताउए)प्रदेशनामनिधत्तायुः-(૪) પ્રદેશનામ નિધત્તાયુ, (अणुभागनाम निहत्ताउए) अनुभागनामनिधत्तायुः-(૫)અનુભાગનામ નિધત્તાયુ,(ओगाहणानाम निहत्ताउए) अवगाहनानाम निधत्तायुः-અવગાહનાનામ નિધત્તાયુ,(एवं जाव वेमाणियाणं)एवं यावत् वैमानिकानाम्-એ જ પ્રમાણે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોમાં પણ આયુબંધ સમજવો.

પ્રશ્ન—निरयगईणं भंते! केवइयं कालं बिरहिया उववाएणं पण्णत्ता-) निरयगतिः खलु भदन्त ! कियन्तं कालं विरहिता उपपातेन प्रज्ञप्ता? હે ભદંત! નરકગતિમાં કેટલા સમય સુધી ઉપપાત–નારકીઓની ઉત્પત્તિનો વિરહ રહે છે? ઉત્તર–(गोयमा !)जहन्नेणं एक्कं समयं उक्कोसेणं बारसमुहुत्त)हे गौतम! जघन्यत एकं समयमुत्कर्षतो द्वादशमुहूर्तान्-હે ગૌતમ ! નરકગતિમાં ઓછામાં ઓછો એક સમય સુધી અને વધારેમાં વધારે બાર મુહૂર્ત સુધી ઉતપાતનો વિરહ રહે છે. (एवं, तिरियगई मणुस्सगई देवगई) एवं तिर्यग्गतिर्मनुष्यगतिर्देवगतिः- એ જ પ્રમાણે મનુષ્યગતિમાં, તિર્યંચગતિમાં અને દેવગતિમાં પણ ઉપપાતનો ઓછામાં ઓછો અને વધુમાં વધુ વિરહ સમજવો.

પ્રશ્ન—(**सिद्धिगईणं भंते ! केवइय कालं विरहिया सिज्झणयाए पण्णत्ता) सिद्धिगतिः खलु भदन्त ! कियन्तं कालं विरहिता सेधनया प्रज्ञप्ता ?**– હે ભદંત ! સિદ્ધિગતિમાં સિદ્ધિગમનનો વિરહ કેટલા કાળ સુધીનો કહ્યો છે ?
ઉત્તર-(**गोयमा ! जहन्नेणं एक्क समय उक्कोसेणं छम्मासे**) હે ગૌતમ ! **जघन्य एकं समयं उत्कर्षेण षण्मासान्**–હે ગૌતમ એ છામા ઓછો એક સમય સુધીનો અને વધારેમાં વધારે છ માસ સુધીનો વિરહકાળ કહ્યો છે. (**एवं सिद्धिवज्जा उव्वट्टणा) एवं सिद्धिवर्जा उद्वर्त्तना**–એ જ પ્રમાણે સિદ્ધિગતિ સિવાયની મનુષ્ય-ગતિ, તિર્યંચગતિ, નરકગતિ અને દેવગતિ, એ ચાર ગતિયોના નિઃસરણ કાળનો વિરહ પણ સમજવો, પ્રશ્ન-(**इमीसेणं भंते ! रयणप्पभाए पुढवीए नेरइया केवइयं कालं विरहिया उववाएणं?) अस्यां खलु भदन्त ! रत्नप्रभायां पृथिव्यां नैरयिकाः कियन्तं कालं विरहिता उपपातेन ?** હે ભદંત! આ રત્ન-પ્રભા પૃથ્વીમાં નારકી જીવો કેટલા કાળ સુધી ઉપપાતથી રહિત હોય છે ?

ઉત્તર—હે ગૌતમ ! ઓછામાં ઓછા એક મુહૂર્ત સુધી અને વધારેમાં વધારે બાર મુહૂર્ત સુધી નારકી જીવો આ રત્નપ્રભા પૃથ્વીમાં ઉપપાતથી રહિત હોય છે. (**एवं उववाय दंडओ भाणियव्वो) एवमुपपातदण्डको भणितव्यः**-આ રીતે ઉપપાત દંડક સમજી લેવા જોઈએ (**उव्वट्टणा दंडओय) उद्वर्त्तना दण्डकश्च**–

એ જ પ્રમાણે ઉદ્વર્તના દંડક પણ સમજી લેવા જોઇએ (नेरइयाणं भंते ! जाइनाम निहत्ताउय कइ आगरिसेहिं पगरंति ) नैरयिकाः खलु भदन्त ! जातिनाम निधत्तायुः कतिभिराकर्षैः प्रकुर्वन्ति ! હે ભદંત ! નારકીજીવ જાતિનામ નિધત્તાયુનો બંધ કેટલા આકર્ષો દ્વારા કરે છે ? गोयमा ! सिय१ सिय२ सिय३ सिय४ सिय५ सिय६ सिय७ सिय८ अट्ठहिं, णो चेव णं णवहिं) हे गौतम ! स्यात्१ स्यात्२ स्यात्३ स्यात्४ स्यात्५ स्यात्७ स्यात्८ अष्टभि नो चैव खलु नवभिः-હે ગૌતમ ! જે રીતે ગાય પાણી પીતાં પીતાં ભયવશાત્ ફુત્કાર કરે છે એ જ પ્રમાણે જીવ તીવ્ર આયુબંધના અધ્યવસાયથી એકવાર જ જાતિનામ નિધત્તાયુનો બંધ કરે છે, મન્દ આયુબંધના અધ્યવસાયથી બે આકર્ષોથી, મન્દતર આયુબંધના અધ્યવસાયથી ત્રણ આકર્ષોથી, મન્દતમ આયુબંધના અધ્યવસાયથી ચાર, પાંચ, છ, સાત, અને આઠ આકર્ષોથી જાતિનામ નિધત્તાયુનો બંધ કરે છે. નવ આકર્ષોથી કરતો નથી. કર્મ પુદ્ગલોને ગ્રહણ કરવા તેનું નામ 'આકર્ષ' છે (एवं सेसाण बि अउगाणि जाव वेमाणियत्ति) एवं शेषाण्यपि आयूंषि-यावद् वैमानिका इति-એ જ પ્રમાણુ ગતિનામ નિધત્તાયુ આદિ જે પાંચ પ્રકારના બંધ છે તેમને નારકી જીવો આઠ આકર્ષોથી જ કરે છે, નવ આકર્ષોથી કરતા નથી.

એ જ પ્રમાણે જે વૈમાનિક દેવો છે તેઓ પણ જાતિનામ નિધત્તાયુ આદિ બંધોને આઠ આકર્ષોથી કરે છે. ॥સૂ. ૧૯૨॥

ટીકાર્થ—"**कइविहेणं भंते ! आउगबंधे पण्णत्ते**" **इत्यादि**–હે ભદંત ! આયુબંધના કેટલા પ્રકાર કહ્યા છે? હે ગૌતમ! આયુબંધના નીચે પ્રમાણે છ પ્રકાર છે-(૧) જાતિનામ નિધત્તાયુ–જાતિનામકર્મની સાથે અનુભવને માટે બહુ, અલ્પ, અલ્પતરના ક્રમે વ્યવસ્થાપિત જે આયુ છે તેને 'જાતિનામવિધત્તાયુ' કહે છે.

શંકા—જાતિ આદિ નામકર્મોને આયુ સાથે શા માટે સંબંધિક કરવામાં આવ્યા છે? ઉત્તર–આયુની પ્રધાનતા દર્શાવવા માટે કારણકે નારક આદિ આયુનો ઉદય થતાં જ જાતિ આદિ નામકર્મોનો ઉદય થાય છે. નારક આદિ ભવોના ઉપગ્રાહક–જીવને નારક આદિ ભવોમાં રોકી રાખનાર એક આયુકર્મ જ છે. વ્યાખ્યાપ્રજ્ઞપ્તિમાં પણ કહ્યું છે–"**नेरइएणं भंते ! नेरइएसु उववज्जइ, अनेरइए नेरईसु उववज्जइ ? गोयमा ! नेरइए नेरइएसु उववज्जइ, नो अनेरइए नेरइएसु उववज्जइ**" હે ભદંત! નારક–જે જીવોને નરકઆયુબંધ થઈ ચૂકયો છે એવાં જીવો નારકોમાં ઉત્પન્ન થાય છે કે અનારક નારકોમાં ઉત્પન્ન થાય છે? ઉત્તર—હે ગૌતમ! નારકો જ નારકોમાં ઉત્પન્ન થાય છે, અનારક નહીં. તેનું તાત્પર્ય આ પ્રમાણે છે–નરકાયુના પ્રથમસમય સંવેદનકાળમાં જ જીવ નારક કહેવાવા માંડે છે. તે સમયે તે નરકાયુના સાથીદારો પંચેન્દ્રિય જાતિ આદિ નામકર્મોનો પણ ઉદય થઈ જાય છે. (૨) **ગતિનામ નિધત્તાયુ**--ગતિ આદિરૂપ નામકર્મની સાથે નિધત્તઆયુને ગતિનામ નિધત્તાયુ કહે છે. (૩) **સ્થિતિનામ નિધત્તાયુ**-- જે રીતે રહેવું જોઈએ તે સ્વરૂપનું આયુકર્મના દલિકોનું જે નામ–પરિણામ છે તેને સ્થિતિનામ કહે છે. તે સ્થિતિ નામની સાથે જે નિધત્ત આયુ છે તેને સ્થિતિનામ નિધત્તાયુ કહે છે. અથવા પ્રકૃતિ આદિ ચાર પ્રકારના બંધોમાં જે સ્થિતિબંધરૂપ ભેદ છે તેની સાથે નિધત્તઆયુને સ્થિતિનામ નિધત્તાયુ કહે છે.

(૪) **પ્રદેશનામનિધત્તાયુ**–પરિમિત પ્રમાણવાળા આયુષ્કર્મના દલિકોનું જે પરિણામ છે--એટલે કે આયુરૂપથી આત્મપ્રદેશોમાં જે સંબંધ છે તેનું નામ ‘પ્રદેશનામ’ છે. તેની સાથે નિધત્તઆયુને પ્રદેશનામનિધત્તઆયુ કહે છે. અથવા— જાતિ, ગતિ, અને અવગાહનારૂપ નામકર્મોના જે પ્રદેશો છે તે પ્રદેશોની સાથે બહુ, અલ્પ, અલ્પતર આદિરૂપે ભોગવવાને માટે વ્યવસ્થાપિત- બંધદશાને પ્રાપ્ત- એવાં આયુને પ્રદેશનામનિધત્તાયુ કહે છે. (૫) **અનુભાગનામ નિધત્તાયુ**–આયુષ્ય કર્મના દલિકોના તીવ્ર આદિ ભેદરૂપ જે રસ છે તે રસના પરિણામને ‘અનુભાગનામ’ કહે છે. તે અનુભાગનામની સાથે નિધત્ત આયુને અનુભાગનિધત્તઆયુ કહે છે. અથવા ગતિ આદિ નામકર્મોના અનુભાગબંધની સાથે જે નિધત્તઆયુ છે તેને ‘અનુભાગનિધત્તાયુ’ કહે છે. (૬) **અવગાહના નિધત્તાયુ**–જીવની જેમાં અવગાહના થાય છે એવાં જે ઔદારિક આદિ પાંચ પ્રકારનાં શરીર છે તેને અવગાહના કહે છે. તે અવગાહનાનું કારણ નામકર્મ છે. તેથી તે કારણ પણ અવગાહનારૂપ જ છે આ અવગાહનારૂપ નામકર્મની સાથે જે નિધત્તઆયુ છે તેને ‘અવગાહનાનામ વિધત્તાયુ’ કહે છે.

પ્રશ્ન—હે ભદંત ! એ છ પ્રકારના આયુબંધોમાથી નારકીઓને કેટલા આયુબંધ કહ્યા છે? ઉત્તર-હે ગૌતમ ! છ પ્રકારના કહ્યા છે—જાતિનામ નિધત્તાયુ, સ્થિતિનામ નિધત્તાયુ ગતિનામનિધત્તાયુ, પ્રદેશનામનિધત્તાયુ, અનુભાગનામનિધત્તાયુ અને અવગાહનાનામ નિધત્તાયુ વૈમાનિકદેવોમાં પણ આયુબંધ એજ પ્રમાણે સમજવો. જેમનો નારકનો આયુબંધ થઈ ગયો છે તે જીવો જ નરકમાં ઉત્પન્ન થાય છે, તેથી નારકી આદિનો વિરહકાળ કહે છે. હે ભદંત ! નરકગતિમાં કેટલા સમય સુધી ઉપપાત–નારકીઓની ઉત્પત્તિ–નો વિરહ રહે છે? હે ગૌતમ ! નારકગતિમાં ઓછામાં ઓછા એક સમય સુધીનો અને વધારેમાં વધારે બાર મુહૂર્ત સુધીનો

ઉપપાતનો વિરહ રહે છે. દેવગતિ. મનુષ્યગતિ અને તિર્યંચગતિમાં પણ એ જ પ્રમાણે જઘન્ય અને ઉત્કૃષ્ટરૂપે ઉપપાતનો વિરહ સમજવો. જો કે રત્નપ્રભા આદિ પૃથ્વીઓમાં ૨૪ ચોવીસ મુહૂર્ત સુધીનો વિરહકાળ કહ્યો છે—જેમકે પહેલી નરકમાં ૨૪ મુહૂર્તનો, બીજી પૃથ્વીમાં સાત દિવસરાતનો, ત્રીજી નરકમાં ૧૫ દિવસરાતનો, ચોથી નરકમાં એક મહિનાનો, પાંચમી નરકમાં બે માસ સુધીનો, છઠ્ઠી નરકમાં ચાર માસ સુધીનો અને સાતમી નરકમાં છ માસ સુધીનો વધારેમાં વધારે વિરહકાળ છે અને ઓછામાં ઓછો એક સમયનો વિરહકાળ છે. તો પણ સામાન્ય નરકગતિની અપેક્ષાએ બાર મુહૂર્તનો વિરહકાળ કહ્યો છે તેમ સમજવું જોઈએ. એ જ પ્રમાણે તિર્યંચગતિમાં અને મનુષ્યગતિમાં જે બાર મુહૂર્ત સુધીનો વધારેમાં વધારે વિરહકાળ કહ્યા છે તે ગર્ભજ મનુષ્યો અને તિર્યંચોના અપેક્ષાએ કહેલ છે તેમ સમજવાનું છે. દેવગતિમાં તો સામાન્ય રીતે બાર મુહૂર્ત સુધીનો વિરહકાળ છે જ. પ્રશ્ન—હે ભદંત! સિદ્ધિગતિમાં કેટલા સમય સુધીનો સિદ્ધિગમનનો વિરહકાળ કહ્યા છે? ઉત્તર—હે ગૌતમ! ઓછામાં ઓછો એક સમય સુધીનો અને વધારેમાં વધારે છ માસ સુધીનો વિરહકાળ કહ્યો છે. એજ પ્રમાણે સિદ્ધિગતિ સિવાયની ચાર ગતિયોનો એટલે કે મનુષ્યગતિ, તિર્યંચગતિ, નરકગતિ અને દેવગતિના નિસ્સરણકાળનો વિરહ પણ સમજવો. એટલે કે જે ગતિમાં જઘન્ય અને ઉત્કૃષ્ટરૂપે જેટલો ઉપપાતનો વિરહકાળ કહયો છે તે ગતિમાં ત્યાંથી નીકળવાનો વિરહકાળ પણ એટલો જ સમજવો. સિદ્ધિગતિમાંથી તો સિદ્ધિનું નિસ્સરણ-બહાર નીકળવાનું-થતું જ નથી કારણ કે તેઓ તો અપુનરાવૃત્તિક અને અમરણધર્મવાળા છે. તેથી ત્યાંથી નિસ્સરણનો વિચાર કરવાનું જ રહેતું નથી. હવે ગૌતમસ્વામી પ્રત્યેક નરકગતિ સંબંધી ઉપપાતનો વિરહકાળ પૂછે છે-હે ભદંત! આ રત્નપ્રભા પૃથ્વીમાં નારકજીવો કેટલા કાળ સુધી ઉપપાતથી રહિત હોય છે? ઉત્તર—હે ગૌતમ! ઓછામાં ઓછા એક મુહૂર્ત સુધીનો અને વધારેમાં વધારે બાર મુહૂર્ત સુધીનો ત્યાં ઉપપાતનો વિરહ હોય છે આ રીતે ઉપપાત દંડકનું કથન થયેલ છે. અને એજ પ્રમાણે ઉદ્વર્તના દંડકનું પણ કથન થયેલ છે. જે સમયે જાતિનામ નિધત્તાયુનો બંધ થાય છે તે સમયે ઉપપાત અને ઉદ્વર્તના થાય છે. તેથી આયુબંધના વિષયમાં વિશિષ્ટવિધિની પ્રરૂપણા કરવાને માટે સૂત્રકાર કહે છે પ્રશ્ન—હે ભદંત! નારકી જીવ જાતિનામ નિધત્તાયુનો બંધ આકર્ષો દ્વારા કરે છે? ઉત્તર—

હે ગૌતમ ! જેવી રીતે ગાય પાણી પીતાં પીતાં ભયને કારણે વારંવાર ફૂત્કાર કરે છે એજ પ્રમાણે જીવ તીવ્ર આયુબંધના અધ્યવસાયથી એક જ વાર જાતિનામ નિધત્તાયુનો બંધ કરે છે, મન્દ આયુબંધના અધ્યવસાયથી બે આકર્ષોથી, મન્દતર આયુબંધના અધ્યવસાયથી ત્રણ આકર્ષોથી, મન્દતમ આયુબંધના અધ્યવસાયથી ચાર, પાંચ, છ, સાત અને આઠ આકર્ષોથી જાતિનામનિધત્તાયુનો બંધ કરે છે. નવ આકર્ષોથી કરતો નથી. કર્મપુદ્ગલોનું ઉપાદન-ગ્રહણ—કરવું તેને આકર્ષ કહે છે. એજ પ્રમાણે ગતિનામ નિધત્તાયુ આદિ જે પાંચ પ્રકારના બીજા બંધ છે તેમને નારકી જીવો આઠ આકર્ષોથી જ કરે છે, નવ આકર્ષોથી કરતાં નથી. એ જ પ્રમાણે વૈમાનિકદેવો પણ જાતિનામનિધત્તાયુ આદિ આઠ આકર્ષોથી કરે છે. ।સૂ ૧૯૨।

## જીવોં કે સંસ્થાન સંહનન વેદાદિ કે સ્વરૂપ કા નિરૂપણ

જીવોના આયુબંધનું કથન કરીને હવે સૂત્રકાર તેમનાં સંસ્થાન, સંહનન અને વેદ આદિના પ્રકારોનું વર્ણન કરે છે—

શબ્દાર્થ—(**कइविहेणं भंते संघयणे पण्णत्ते ?**) **कतिविधः खलु भदन्त ! सहनन प्रज्ञप्तम् ?** હે ભદંત ! સંહનન કેટલા પ્રકારના કહ્યાં છે ? (**गोयमा ! छव्विहे पण्णत्ते**) **हे गौतम ! षड्विधं संहननं प्रज्ञप्तम्**–હે ગૌતમ ! સંહનન છ પ્રકારનાં કહ્યાં છે. (**तं जहा**) **तद्यथा**–તે છ પ્રકારો આ પ્રમાણે છે. (**वइरोसभनारायसंघयणे, रिसभनारायसंघयणे, नारायसंघयणे, अद्धनारायसंघयणे, कीलियासंघयणे, छेवट्ठसंघयणे**) **वज्रऋषभनाराचसंहननम्, ऋषभनाराचसंहननम्, नाराचसंहननम्, अर्द्धनाराचसंहननम्, कीलिकासंहननम्, सेवार्त्तसंहननम्**–(૧) વજ્રઋષભનારાચસંહનન, (૨) ઋષભનારાચસંહનન, (૩) નારાચસંહનન, (૪) અર્ધનારાચસંહનન, (૫) કીલિકાસંહનન અને (૬) સેવાર્ત્ત સંહનન. (**नेरइयाणं भंते ! किं संघयणी ?**) **नैरयिकाः खलु भदंत ! किं संहनिनः**–હે ભદંત ! નારકી જીવો કયાં સંહનનથી યુક્ત હોય છે ? (**गोयमा ! छण्हं संघयणाणं असंघयणी**) **गौतम ! षण्णां संहनानां असंहनिनो**–

હે ગૌતમ ! છ સંહનનોમાંના એક પણ સંહનનથી તેઓ યુકત હોતા નથી તેથી તેમને અસંહનની કહે છે. (**णेव अट्ठि**) **नैवास्थि**–તેમને અસ્થિ હોતાં નથી, (**णेव छिरा**) **नैव शिराः**–શિરાઓ હોતી નથી, (**णेव ण्हारू**) **नैव स्नायुः**–સ્નાયુઓ હોતા નથી, (**जे पोग्गला अणिट्ठा**) **ये पुद्गलाः अनिष्टाः**–તથા જે પુદ્ગલો તેમને સદા સામાન્ય રીતે અનિષ્ટ–અવલ્લભ હોય છે, (**अकंता**) **अक्रान्ताः**–અકાન્ત–અકમનીય હોય છે, (**अप्पिया**) **अप्रियाः**–અપ્રિય–બધાને માટે અપ્રીતિજનક હોય છે. (**अणाएज्जा**)**अनादेयाः**–અગ્રાહ્ય હોય છે, (**असुभा**)**अशुभाः**–સ્વાભાવિક રીતે જ અસુંદર હોય છે, (**अमणुण्णा**) **अमनोज्ञा**–અમનોજ્ઞ–જેનું નામ લેવાથી પણ ઘૃણા થાય એવા હોય છે, (**अमणामा**) **अमनआमाः**–જેનો વિચાર કરવાથી પણ જેના પ્રત્યે ચિત્તમાં અપ્રીતિ–અણગમો જાગે એવા હોય છે, (**अमणाभिरामा**) **अमनोऽभिरामाः**–તથા જે અમનોભિરામ હોય છે, (**ते ते सिं असंघयणत्ताए परिणमंति**) **ते तेषां असंहननतया परिणमन्ति**–તેવાં તે પુદ્ગલો તે નારકી જીવોનાં અસ્થિ આદિથી રહિત શરીરરૂપે પરિણમે છે. (**असुरकुमाराणं भंते ! किं संघयणी पण्णत्ता ?**) હે ભદંત ! અસુરકુમાર દેવોનાં શરીર કયાં સંહનનથી યુકત હોય છે ? ઉત્તર—(**गोयमा छण्हं संघयणाणं**

असंघयणी)गौतम ! षण्णां संहननानां असंहनिनः–હે ગૌતમ ! તે અસુરકુ-
મારદેવોને છ સંહનનોમાંથી કોઈ પણ સંહનન હોતું નથી તેઓ અસંહનની–
સંહનન રહિત હોય છે. (णेवट्ठि) नौवास्थि–તેમનાં શરીરમાં અસ્થિ હોતાં નથી.
(णेव ण्हारू) नैव स्नायुः–સ્નાયુઓ હોતા નથી, (णेव छिरा) नैव शिराः–
શિરાઓ હોતી નથી,(जे पोग्गला इट्ठा कंता,पिया मणुण्णा मणामा मणाभिरामा
ते ते सिं असंघयणत्ताए परिणमंति ) ये पुद्गलोः इष्टाः कान्ताः प्रियाः
मनोज्ञाः मनआमाः मनोऽभिरामाः ते तेषां असंहननतया परिणमन्ति–
તથા જે પુદ્ગલો ઇષ્ટ, કાન્ત, પ્રિય, મનોજ્ઞ, મનઆમ અને મનોભિરામ હોય છે
એ પુદ્ગલો જ તેમના અસ્થિ આદિથી રહિત વિશિષ્ટ શરીરરૂપે પરિણમે છે.
(एवं जाव थणियकुमाराणं) एवं यावत् स्तनितकुमाराणाम्–એ જ પ્રમાણેનું
કથન સ્તનિતકુમાર સુધીના ભવનવાસી દેવોના વિષયમાં પણ સમજી લેવું.
(पुढवीकाइयाणं भंते ! किं संघयणी पण्णत्ता ?) पृथिवीकायिकाः खलु
भदन्त ! किं संहनिनः प्रज्ञप्ताः–હે ભદંત ! પૃથ્વીકાયિક જીવો કયા સંહનનથી
યુક્ત હોય છે ? ઉત્તર-(गोयमा ! छेवट्ठ संघयणी पण्णत्ता) गौतम ! सेवार्त-
संहननिन प्रज्ञप्ता'–હે ગૌતમ ! તેમને સેવાર્તસંહનન હોય છે. એ રીતે તેઓ

સંહનન યુકત હોય છે. (एवं जाव संमुच्छिमपंचिंदियतिरिक्खजोणियत्ति) एवं यावत् संमूर्च्छिमपञ्चेन्द्रिय तिर्यग्योनिका इति–એ જ પ્રમાણે સંમૂઃચ્છિંમ જન્મવાળા પંચેન્દ્રિય તિર્યંચયોનિના જીવોને પણ સેવાર્ત્તસંહનન હોય છે. તેનું તાત્પર્ય એ છે કે એકેન્દ્રિયથી લઇને સંમૂર્ચ્છિંમ પંચેન્દ્રિય સુધીનાં બધાં તિર્યંચજીવો સેવાર્ત્તસંહનનવાળાં હોય છે. (गब्भवक्कंतिया छव्विहा संघयणी) गर्भव्युत्क्रान्तिकाः षड्बिधसंहनिनः–ગર્ભજન્મવાળા જીવોને એટલે કે ગર્ભજતિર્યંચ જીવોને છએ સંહનન હોય છે. (संमुच्छिममणुस्सा छेवट्ठ संघयणी) संमूर्च्छिममनुष्याः सेवार्तसहननिनः–સંમૂચ્છિમ જન્મવાળા મનુષ્યોને સેવાર્ત્તસંહનન હોય છે (गब्भवक्कंतियमणुस्सा छव्विह संघयणी पण्णत्ता) गर्भव्युत्क्रान्तिकमनुष्याः षड्विधः संहनिनः प्रज्ञप्ताः–ગર્ભજન્મવાળા મનુષ્યો પણ છએ સહનનોથી યુકત હોય છે.(जहा असुरकुमारा तहा वाणमंतरजोइसिय वेमाणियाय ) यथाऽसुरकुमारास्तथा व्यन्तरज्योतिषिक वैमानिकाश्च –જે પ્રમાણે અસુરકુમારદેવો સંહનન વિનાના હોય છે, એ જ પ્રમાણે વ્યંતરદેવો, જયોતિષિકદેવો અને વૈમાનિકદેવો પણ સંહનન વિનાના હોય છે પ્રશ્ન-(कइविहेणं भंते ! संठाणे पण्णत्ते ?) कतिविधं खलु भदन्त ! संस्थानं प्रज्ञप्तम्––

હે ભદંત ! સંસ્થાનના કેટલા પ્રકાર કહ્યા છે ? ઉત્તર-(गोयमा ! छव्विहे संठाणे पण्णत्ते)हे गौतम षड्विधं संस्थानं प्रज्ञप्तम्-હે ગૌતમ સંસ્થાનના છ પ્રકાર કહ્યા છે.(तं जहा) तद्यथा-તે પ્રકારો આ પ્રમાણે છે-(समचउरंसे)समचतुरस्रम्-(૧) સમચતુરસ્ત્ર સંસ્થાન, (णिग्गोहपरिमंडले) न्यग्रोधपरिमण्डलम्-(૨)ન્યગ્રોધ-પરિમંડલસંસ્થાન, (साइए) सादिकम्-(૩) સાદિકસંસ્થાન, (वामणे) वामनम्-(૪) વામનસંસ્થાન, (खुज्जे) कुब्जम्-(૫) કુબ્જકસંસ્થાન, (हुंडे) हुण्डम्-(૬) હુંડક સંસ્થાન. (णेरइयाणं भंते ! किं संठाणी पण्णत्ता ?) नैरयिकाः खलु भदन्त ! किं संस्थानिनः प्रज्ञप्ताः?-હે ભદંત ! નારકોને કયા પ્રકારનું સંસ્થાન હોય છે ? ઉત્તર—(गोयमा ! हुंडसंठाणी पण्णत्ता) हे गौतम ! हुण्ड संस्थानिनः प्रज्ञप्ताः-હે ગૌતમ ! નારકીજીવોને હુંડકસંસ્થાન હોય છે. પ્રશ્ન—(असुरकुमाराणं भंते किं संठाणी पण्णता ?) हे भदन्त ! असुरकुमाराः किं संस्थानिनः प्रज्ञप्ताः?-હે ભદંત ! અસુરકુમારદેવોને કયા પ્રકારનું સંસ્થાન હોય છે ? ઉત્તર—(गोयमा ! समचउरंससंठाणसंठिया पण्णत्ता) गौतम ! समचतुरस्रसंस्थानसंस्थिताः प्रज्ञप्ताः-હે ગૌતમ ! અસુરકુમારદેવોને સમચતુરસ્રસંસ્થાન હોય છે. (एवं जाव थणियकुमारा) एवं यावत्स्तनितकुमाराः-એ જ પ્રમાણે સ્તનિતકુમાર સુધીના નવ ભવનપતિ દેવો પણ સમચતુરસ્રસંસ્થાનવાળા હોય છે.

(पुढवीमसूरसंठाणा पण्णत्ता) पृथिवीकायिका मसूरसंस्थानाः प्रज्ञप्ताः–પૃથ્વીકાયિકોના મસૂરના જેવાં સંસ્થાન હોય છે. (आऊ थिवुय संठाणा पण्णत्ता) आपः स्तिबुकसस्थानाः प्रज्ञप्ताः–અપૂકાયિકો પાણીના પરપોટા જેવાં સંસ્થાનથી યુકત હોય છે. (तेऊ सूइकलावसंठाणा पण्णत्ता) तेजांसि सूचीकलापसंस्थानानि प्रज्ञप्तानि–તૈજસકાયિકોનાં સંસ્થાન સૂચીકલાપ (ભારા) હોય છે. (वाऊ पडागासठाणा पण्णत्ता) वायवो पताकासंस्थानाः प्रज्ञप्ताः–વાયુકાયિકોને પતાકાના જેવું સંસ્થાન હોય છે. (वणस्सई नाणासंठाणसंठिया पण्णत्ता) वनस्पतयो नानासंस्थानसंस्थिताः प्रज्ञप्ताः–વનસ્પતિકાયિકોને કોઈ નિયત સંસ્થાન–આકાર હોતો નથી, તેથી તેમને અનેક સંસ્થાનવાળાં કહ્યાં છે. (वेइंदिय, तेइंदिय, चउरिंदिय, संमुच्छिमपंचिंदियतिरिक्खा हुंडसंठाणा) द्वीन्द्रिय, त्रीन्द्रिय, चतुरिन्द्रियसंमूर्च्छिमपंचेन्द्रियतिरञ्चो हुंडसंस्थानाः––द्वीन्द्रिय, त्रीन्द्रिय, ચતુરિન્દ્રિય અને સંમૂર્ચ્છિમપંચેન્દ્રિય તિર્યંચ જીવો હુંડકસંસ્થાનવાળાં હોય છે. (गब्भवक्कंतिया छव्विहसंठाणा) गर्भव्युत्क्रान्तिकाः षड्विधसंस्थानाः–ગર્ભજન્મવાળાં તિર્યંચો છએ છ સંસ્થાનવાળાં હોય છે (संमुच्छिममणुस्सा) हुंडसंठाणसंठिया पण्णत्ता) संमूर्च्छिममनुष्या हुंडसंस्थानसंस्थिताः प्रज्ञप्ताः–

સંમૂચ્છિંમ જન્મવાળા મનુષ્યો હુંડસંસ્થાનવાળા હોય છે. (गब्भवक्कंतियाणं मणुस्साणं छव्विहा संठाणा पण्णत्ता)गर्भव्युत्क्रान्तिकानां मनुष्याणां षड्विधानि संस्थानानि प्रज्ञप्तानि-ગર્ભજન્મવાળા મનુષ્યો છએ છ સંસ્થાનવાળા હોય છે. (जहा असुरकुमारा तहा वाणमंतरजोइसियवेमाणिया वि) જે રીતે અસુરકુમારદેવો સમચતુરસ્ર સંસ્થાનવાળા હોય છે, તે જ પ્રમાણે વ્યંતરદેવો, જયોતિષિકદેવો અને વૈમાનિકદેવો પણ એજ સંસ્થાનવાળા હોય છે. ।।સૂ. ૧૯૩।।

ટીકાર્થ—'कइविहेणं भंते ! संघयणे पण्णत्त'—પ્રશ્ન-હે ભદંત ! સંહનનના કેટલા પ્રકાર કહ્યા છે? ઉત્તર—હે ગૌતમ ! સંહનનના નીચે પ્રમાણે છ પ્રકાર છે-(૧) વજ્રઋષભનારાચ સંહનન, (૨) ઋષભનારાચસંહનન, (૩) નારાચસંહનન, અર્દ્ધનારાચ સંહનન, (૫) કીલિકાસંહનન અને (૬) સેવાર્ત્તસંહનન પ્રશ્ન—હે હે ભદન્ત! નારકીજીવો કેવા પ્રકારના સંહનનોથી યુકત હોય છે? ઉત્તર-હે ગૌતમ ! છ સંહનનોમાંથી તેમને એક પણ સંહનન હોતુ નથી, તેથી તેમને અસહનનીય કહેલા છે. કારણ કે તેમને અસ્થિ હોતાં નથી, શિરાઓ હોતી નથી અને સ્નાયુ પણ હોતા નથી. તથા જે પુદ્ગલો સદા સામાન્યતઃ અનિષ્ટ-અવલ્લભ હોય છે, અનાદેય-અગ્રાહ્ય હોય છે, અસુભ-સ્વભાવતઃ જ અસુંદર હોય છે, અમનોજ્ઞ-જેમનું નામ લેવાથી પણ મનમાં અરુચિ ઉત્પન્ન કરનાર હોય છે, अमन आम, જેનો વિચાર કરવાથી પણ ચિત્તમા જેના પ્રત્યે અપ્રીતિભાવ ઉત્પન્ન થાય એવાં હોય છે, તથા જે અમનોભિરામ હોય છે, એવાં તે પુદ્ગલો તે નારકજીવોને અસ્થિ આદિથી રહિત વિશિષ્ટ શરીર રૂપે પરિણમે છે. પ્રશ્ન હે ભદંત ! અસુરકુમાર દેવોનાં શરીર કયા પ્રકારના સંહનનથી યુકત હોય છે ? ઉત્તર હે ગૌતમ ! તેમને છ સંહનનમાંથી એક પણ સંહનન હોતું નથી. તેઓ અસંહનની હોય છે, કારણ કે તેમના શરીરમાં અસ્તિ હોતાં નથી, શિરાઓ હોતી નથી, સ્નાયુ હોતા નથી. તથા ઇષ્ટ, કાન્ત, પ્રિય, મનોજ્ઞ, મન આમ અને મનોભિરામ પુદ્ગલો જ તેમના અસ્થિ આદિ રહિત વિશિષ્ટરૂપે પરિણમે છે. સ્તનિતકુમાર સુધીના ભવનવાસી દેવોના વિષયમાં આ પ્રમાણે જ સમજવું, પ્રશ્ન-હે ભદંત ! પૃથ્વીકાયિક જીવો સંહનનથી યુકત હોય છે. તેમને સેવાર્ત્ત સંહનન હોય છે, એ જ પ્રમાણે સંમૂચ્છિંમ જન્મવાળા પંચેન્દ્રિય તિર્યંચયોનિના જીવો પણ સેવાર્ત્ત સંહનનવાળા હોય છે. તેનું તાત્પર્ય એ છે કે-એકેન્દ્રિયથી લઈને સંમૂચ્છિંમ પંચેન્દ્રિય સુધીના બધાં તિર્યંચ જીવો સેવાર્ત્ત-સંહનનથી યુકત હોય

છે. ગર્ભજન્મવાળા-એટલે કે ગર્ભજ-તિર્યંચ જીવો છએ સંહનનથી યુકત હોય છે. સંમૂચ્છિમ જન્મવાળા મનુષ્યોને સેવાર્ત્ત સંહનન હોય છે. ગર્ભજન્મવાળા મનુષ્યોને છએ સંહનનો હોય છે, ગર્ભજન્મવાળા તિર્યંચો પણ છએ સંહનનોવાળાં હોય છે. જેમ અસુરકુમાર દેવો સંહનન વિનાના હોય છે તેમ વ્યંતર દેવો, જ્યોતિષિક દેવો અને વૈમાનિક દેવો પણ સંહનન વિનાના હોય છે.

પ્રશ્ન—હે ગૌતમ! સંસ્થાન કેટલા પ્રકારના કહ્યાં છે.?

ઉત્તર—હે ગૌતમ! સંસ્થાન છ પ્રકારના કહ્યાં છે, તે પ્રકારો આ પ્રમાણે છે- (૧) સમચતુરસ્ર સંસ્થાન, (૨) ન્યગ્રોધપરિમંડલ, સંસ્થાન, (૩) સાદિક સંસ્થાન (૪) વામન સંસ્થાન, (૫) કુબ્જક સંસ્થાન અને (૬) હુંડક સંસ્થાન.

પ્રશ્ન—હે ભદંત! નારકીજીવોને કેવું સંસ્થાન હોય છે?

ઉત્તર—હે ગૌતમ! નારકી જીવોને હુંડક સંસ્થાન હોય છે.

પ્રશ્ન—હે ભદંત! અસુરકુમાર દેવોને કેવું સંસ્થાન હોય છે!

ઉત્તર—હે ગૌતમ! અસુરકુમાર દેવોને સમચતુરસ્ર સંસ્થાન હોય છે. એ જ પ્રમાણે સ્તનિતકુમાર સુધીના નવ ભવનપતિ દેવો પણ સમચતુરસ્ર સંસ્થાનવાળા હોય છે. પૃથ્વીકાયિક જીવો મસુરના જેવાં સંસ્થાનવાળાં હોય છે. અપૂકાયિક જીવો પાણીનાં ફોરાં જેવાં સંસ્થાનવાળાં હોય છે; તેજસ્કાયિક જીવો સૂચિકલાપ (ભારા) ના જેવાં સંસ્થાનવાળાં હોય છે, વાયુકાયિક જીવો પતાકાના જેવાં સંસ્થાનવાળાં હોય છે. વનસ્પતિકાયિક જીવોને કોઈ નિયત સંસ્થાન (આકાર) હોતું નથી, તેથી તેમને અનેક સંસ્થાનવાળા કહે છે. દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય જીવો અને સંમૂચ્છિમ પંચેન્દ્રિયતિર્યંચ જીવો હુંડકસંસ્થાનવાળા હોય છે. ગર્ભજ જન્મવાળાં તિર્યંચ છએ સંસ્થાનોથી યુકત હોય છે. સંમૂચ્છિમ જન્મવાળા મનુષ્યો હુંડક સંસ્થાનવાળા હોય છે. ગર્ભજનમવાળા મનુષ્યો છએ સંસ્થાનોથી યુકત હોય છે. વ્યંતરદેવો, જયોતિષિક દેવો અને વૈમાંનિક દેવો પણ અસુરકુમાર દેવોની જેમ સમચતુરસ્ર-સંસ્થાન વાળા હોય છે. ।।સૂ. ૧૯૩।।

શબ્દાર્થ—(कइ विहेण भंते ! वेए पण्णत्ते) कतिविधः खलु भदन्त ! वेदः प्रज्ञप्तः ?–હે ભદંત ! વેદ કેટલા પ્રકારના હોય છે ? (गोयमा ! तिविहे वेए पण्णत्ते) गौतम ! त्रिविधो वेदः प्रज्ञप्तः–હે ગૌતમ ! વેદ ત્રણ પ્રકારના છે. (तंजहा) तद्यथा –પ્રકારો આ પ્રમાણે છે–(इत्थीवेए, पुरिसवेए, नपुंसगवेए) સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ. णेरइयाणं भंते ! किं इत्थीवेया, णपुंसगवेया पण्णत्ता ?) किं स्त्रीवेदाः, पुरुषवेदाः नपुंसकवेदाः प्रज्ञप्ताः–નારકીજીવો સ્ત્રીવેદ, પુરુષવેદવાળા છે ?(गोयमा! णो इत्थीवेया, णो पुरिसवेया णपुंसगवेया पण्णत्ता) गौतम ! नो स्त्रीवेदाः, नो पुंवेदाः नपुंसकवेदाः प्रज्ञप्ताः–હે ગૌતમ ! નારકીજીવ સ્ત્રીવેદવાળા નથી, પુરુષવેદ ળા પણ નથી નપુંસકવેદવાળા કહેલાં છે.(असुरकुमाराणं- भंते ! किं इत्थीवेया, पुरिसवेया, णपुंसगवेया ?) असुरकुमाराः खलु भदन्त ! किं स्त्रीवेदाः, पुरुषवेदाः नपुंसकवेदाः ? હે ભદંત ! અસુરકુમાર દેવો સ્ત્રીવેદવાળા હોય છે, કે પુરૂષવેદવાળા હોય છે કે નપુંસકવેદવાળા હોય છે ? (गोयमा! इत्थीवेया, पुरिसवेया, णो णपुंसगवेया) हे गौतम ! असुरकुमाराः स्त्रीवेदाः पुरुषवेदाः नो नपुसकवेदाः–હે ગૌતમ ! અસુરકુમાર દેવો સ્ત્રીવેદ વાળા અને પુરૂષવેદવાળા હોય છે નપુંસકવેદવાળા હોતા નથી. (जाव थणियकुमारा) यावत् स्तनितकुमाराः–

એ જ પ્રમાણે સ્તનિતકુમાર સુધીના જે નવ ભવનપતિ દેવો છે તેઓ પણ એ બે વેદવાળા હોય છે, નપુંસક વેદવાળા હોતા નથી. पुढवी आऊ तेऊ वाऊ वणस्सइ बितिचउरिंदिय संमूच्छिम पंचिंदिय तिरिक्ख संमूच्छिम मणुस्सा णपुंसगवेया) पृथिव्यप्तेजोवायुवनस्पति द्वित्रिचतुरिन्द्रिय संमूर्च्छिम पञ्चेन्द्रिय तिर्यक् संमूर्च्छिममनुष्या :--પૃથ્વીકાયિક, અપકાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક, દ્વીન્દ્રિય ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, સંમૂચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ, અને સંમૂચ્છિમ મનુષ્યો, એ બધાં નપુંસક વેદવાળાં હોય છે, પણ સ્ત્રીવેદ કે પુરુષવેદવાળા હોતા નથી. (गब्भ वक्कंतिया मणुस्सा पंचिंदिय तिरिया य तिवेया) गर्भव्युत्क्रान्तिक मनुष्याः पञ्चेन्द्रियतिर्यंचाश्च त्रिवेदाः-ગર્ભજ મનુષ્યો અને પંચેન્દ્રિય તિર્યંચો ત્રણે વેદવાળાં હોય છે. (जहा असुरकुमारा तहा वाणमंतरा जोइसिय वेमाणिया वि) यथा असुरकुमारास्तथा व्यन्तर ज्योतिषिक वैमानिकापि-જેમ અસુર કુમાર દેવો પુરુષ અને સ્ત્રીવેદવાળા હોય છે તે જ પ્રમાણે વ્યંતર દેવો અને વૈમાનિક દેવો પણ પુરુષ અને સ્ત્રીવેદ વાળા હોય છે. દેવોમાં નપુંસકવેદ હોતો નથી ॥સૂ. ૧૯૪॥

ટીકાર્થ—'कइविहेणं भंते ! वेए पण्णत्ते' इत्यादि—હે ભદંત ! વેદ કેટલા પ્રકારના હોય છે ? હે ગૌતમ ! વેદના નીચે પ્રમાણે ત્રણ પ્રકાર છે—સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ હે ભદંત ! નારકજીવો સ્ત્રીવેદવાળા છે કે પુરુષવેદવાળા છે અથવા નપુંસકવેદવાળા છે ? હે ગૌતમ! નારકજીવો પુરુષવેદવાળા નથી, સ્ત્રીવેદવાળા પણ નથી તેઓ નપુંસક વેદવાળા હોય છે. હે ભદંત ! અસુરકુમાર દેવો પુરૂષવેદ વાળા હોય છે, કે સ્ત્રીવેદવાળા હોય છે કે નપુંસકવેદવાળા હોય છે ? હે ગૌતમ ! અસુરકુમાર દેવો પુરુષવેદ અને સ્ત્રીવેદવાળા જ હોય છે નપુંસક વેદવાળા હોતા નથી. એ જ પ્રમાણે સ્તનિતકુમાર સુધીના જે નવ ભવનપતિ દેવો છે તેઓ પણ એ બેજ વેદવાળા હોય છે, પણ નપુંસક વેદવાળા હોતા નથી.

પૃથિવી કાયિક, અપકાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક, દ્વિન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ અને સંમૂર્ચ્છિમ મનુષ્યો, તે બધાં નપુંસકવેદવાળાં જ હોય છે, સ્ત્રીવેદ કે પુરુષવેદવાળાં હોતાં નથી. તથા ગર્ભજ મનુષ્યો અને પંચેન્દ્રિય તિર્યંચો ત્રણે વેદવાળાં હોય છે. વ્યંતર, જ્યોતિષિક અને વૈમાનિક દેવો, અસુરકુમાર દેવોની જેમ પુરુષવેદ અને સ્ત્રીવેદવાળા હોય છે. દેવોમાં નપુંસક વેદ હોતો નથી. ।।સૂ. ૧૯૪।।

## સમવસરણ કે સ્વરૂપ કા નિરૂપણ

પૂર્વોક્ત સમસ્ત પદાર્થોનું કથન સમવસરણમાં ભગવાન દ્વારા કરાયું છે તેથી હવે સૂત્રકાર સમવસરણનું વર્ણન કરે છે—

શબ્દાર્થ—**(तेणं कालेणं) तस्मिन् काले**—તે કાળે—દુઃષમ સુષમ નામના ચોથા આરામા જ્યારે **(तेणं समएणं)तस्मिन् समये**—ભગવાન મહાવીર સ્વામી વિહાર કરતા હતા ત્યારે—આ પાઠથી શરૂ કરીને **(कप्पस्स समोसरणं णेयव्वं) कल्पस्य समवसरणं नेतव्यम्**—કલ્પસૂત્રમાં જે રીતે સમવસરણ વિષે વર્ણન કર્યું છે તે પ્રકારનું વર્ણન **(जाव गणहरा सावच्चा निरवच्चा वोच्छिण्णा) यावद् गणधराः सापत्या निरपत्या व्युच्छिन्नाः**—શિષ્ય પ્રશિષ્ય સહિત સુધર્માસ્વામી અને તે સિવાયના બીજા ગણધરો મોક્ષે સિધાવ્યા ત્યાં સુધીનું કથન ગ્રહણ કરવું ।।સૂ. ૧૯૫।।

## કુલકરોં કે મહાપુરૂષોં કે નામાદિ નિરૂપણ

ટીકાર્થ—**'तेणं कालेणं तेणं समएणं' इत्यादि**—'તે કાળે—દુઃષમ નામના ચોથા આરામાં જ્યારે ભગવાન મહાવીર સ્વામી વિહાર કરતા હતા ત્યારે' ત્યાથી શરૂ કરીને કલ્પસૂત્રમાં જે પ્રકારે સમવસરણ વિષે કથન કર્યું છે એ જ પ્રકારનું કથન શિષ્યપ્રશિષ્યો સહિત સુધર્માસ્વામી અને બીજા ગણધરો મોક્ષ ગયા' ત્યાં સુધીનું કથન ગ્રહણ કરવું જોઇએ. તેનું તાત્પર્ય એ છે કે સમવસરણ વિષેનું કથન કલ્પસૂત્રમાં કરવામાં આવ્યું છે. તો તે સમસ્ત કથન **'तेणं कालेणं तेणं**

समणं' થી લઇને 'गणहरा सावच्चा निरवच्चा वोच्छिण्णा' સુધી સમવસરણ વિષે કરવામાં આવ્યું છે. ત્યાંથી શરૂ કરીને 'गणहरा सावच्चा' આદિ પાઠ સુધીનું વર્ણન ત્યાંથી જોઇ લેવું. ॥સૂ. ૧૯૫॥

આ સમવસરણના નાયક ભગવાન મહાવીર કુલકરના વંશમાં જન્મ પામ્યા હતા. અને મહાપુરુષ હતા. તેથી હવે સૂત્રકાર કુલકરો અને મહાપુરુષોનું કથન કરે છે—

## તીર્થંકરકે પિતા આદિ કે નામકા નિરૂપણ

શબ્દાર્થ—(जंबूदीवेणं दीवे भारहे वासे) जम्बूद्वीपे खलु द्वीपे भारतवर्षे–જંબૂદ્વીપ નામના દ્વીપમાં આવેલા ભારતવર્ષમાં (तीयाए उस्सप्पिणीए) तृतीयस्यामुत्सर्पिण्याम्–ત્રીજા ઉત્સર્પિણી કાળમાં (सत्त कुलगरा होत्था) सप्त–कुलकराः आसन्–સાત કુલકરો થઇ ગયા છે. (तंजहा) तद्यथा તેમના નામ આ પ્રમાણે છે-(मित्तदामे) मित्रदामा–(૧) મિત્રદામન્ (सुदामे) सुदामा– (૨)સુદામન્ (सुपासे)सुपार्श्वः–(૩) સુપાર્શ્વ, (सयंपभे-स्वयंप्रभः (૪) સ્વયંપ્રભ, (विमलघोसे) विमलघोषः–(૫) વિમલઘોષ, (सुघोसे) सुघोषः–(૬) સુઘોસ અને (सत्तमे-महाघोसे य) सप्तमः महाघोषश्च–(૭) મહાઘોષ (जंबूदीवेण दीवे भारहे वासे तीयाए ओसप्पिणीए दसकुलगरा होत्था)–जम्बू द्वीपे खलु द्वीपे भारते वर्षे तृतीयस्यामवसर्पिण्यां दसकुलकरा आसन्–જંબૂદ્વીપ નામના દ્વીપમાં આવેલા ભારતવર્ષમા ત્રીજા અવસર્પિણી કાળમાં દસ કુલકરો થઈ ગયા છે, (तंजहा) तद्यथा–તેમનાનામ આ પ્રમાણે છે- (सयंजले सयाऊ य) स्वयं जलः शतायुश्च–(૧) સ્વયંજલ (૨) શતાયુ ((अजियसेणे) अजितसेनः–(૩) અજિતસેન, (अणंतसेणे य) अनन्तसेनः–(૪) અનંતસેન, (कज्जसेणे) कार्यसेनः–(૫) કાર્યસેન, (भीमसेणे) भीमसेनः–(૬) ભીમસેન, (सत्तमे महाभीमसेणे य) सप्तमः महाभीमसेनश्च–

(૭) મહાભીમસેન, (दढरहे) दढरथो–(૮) દઢરથ, (दसरहे) दशरथः–દશરથ, (सयरहे) शतरथः–અને (૧૦) શતરથ. (जंबूदीवेणं दीवे भारहे वासे इमीसे ओसप्पिणीसमाए सत्तकुलगराहोत्था) जम्बुद्वीपे खलु द्वीपे भारतेवर्षे अस्यामवसर्पिण्यां समायां सप्तकुलकरा आसन्–આ જંબૂદ્વીપ નામના પહેલા દ્વીપમાં આવેલા ભારતવર્ષમાં આ ચાલુ અવસર્પિણીકાળમાં સાત કુલકરો થયા છે. (तं जहा) तद्यथा–તેમનાં નામ આ પ્રમાણે છે. (पढमेत्थ विमलवाहण) प्रथमोऽत्र विमलवाहनः–(૧) વિમલવાહન, (चक्खुम) चक्षुष्मान्–(૨) ચક્ષુષ્માન, (जसमं) यशोमान्–(૩) યશોમાન, (चउत्थमभिचंदे) चतुर्थोऽभिचन्द्रः–(૪) અભિચન્દ્ર, (तत्तोय पसेणईए) ततश्च प्रसेनजित्–(૫) પ્રસેનજિત, (मरुदेव) मरुदेवः–(૬) મરુદેવ અને (चेवनाभीय) चैवनाभिश्च–(૭) નાભિરાય. (एतेसिणं सत्तण्हं कुलगराणं) एतेषां खलु सप्तानां कुलकराणां–આ સાત કુલકરોની (सत्तभारिया होत्था) सप्तभार्या आसन्–સાત પત્નીઓ હતી. (तं जहा) तद्यथा–તેમનાં નામ આ પ્રમાણે છે—(चंदजसा) (૧) ચન્દ્રયશા, (૨) (चंदकंता) ચન્દ્રકાન્તા, (सुरूव पडिरुव चक्खुकंता य) (૩) સુરૂપા (૪) પ્રતિરૂપા, (૫) ચક્ષુષ્કાન્તા, (सिरिकंता

**मरुदेवी)** (६) શ્રીકાન્તા અને (૭) મરુદેવી. **(कुलगरपत्तीणणामाइं) कुलकर पत्नीनां नामानि**—એ પ્રમાણે કુલકરોના પત્નીઓના નામો હતાં.ાાસૂ.૧૯૬ાા

ટીકાર્થ—**जंबूद्दीवेणं दीवे इत्यादि**—જંબૂદ્વીપ નામના દ્વીપમાં આવેલા ભારતવર્ષમાં ત્રીજા ઉત્સર્પિણીકાળમાં સાત કુલકરો થયા હતા. તેમનાં નામ આ પ્રમાણે હતા-(૧) મિત્રદામન્ (૨) સુદામન (૩) સુપાર્શ્વ, (૪) સ્વયંપ્રભ, (૫) વિમલઘોષ, (૬) સુઘોષ, અને (૭) મહાઘોષ. આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં આવેલા ભારતવર્ષમાં ત્રીજા અવસર્પિણીકાળમાં દસ કુલકરો હતા. તેમનાં નામ આ પ્રમાણે છે-(૧) સ્વયંજલ, (૨) શતાયુ, (૩) અજિતસેન, (૪) અનંતસેન,(૫) કાર્યસેન, (૬) ભીમસેન, (૭) મહાભીમસેન, (૮) દ્રઢરથ, (૯) દશરથ અને (૧૦) શતરથ આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં આવેલા ભારતવર્ષમાં વર્તમાન અવસર્પિણીકાળમાં સાત કુલકરો થયા છે, તેમના નામ આ પ્રમાણે છે-(૧) વિમલવાહન, (૨) ચક્ષુષ્માન્, (૩) યશોમાન્, (૪) અભિચન્દ્ર, (૫) પ્રસેનજિત, (૬) મરુદેવ અને (૭) નમિરાય. તે સાત કુલકરોની સાત સ્ત્રીઓનાં નામ નીચે પ્રમાણે છે-(૧) ચંદ્રયશા, (૨) ચંદ્રકાન્તા, (૩) સુરૂપા, (૪) પ્રતિરૂપા, (૫) ચક્ષુષ્કાન્તા, (૬) શ્રીકાન્તા અને (૭) મરુદેવી. ાાસૂ. ૧૯૬ાા

શબ્દાર્થ—**जंबुद्दीवे णं दीवे भारहेवासे इमोसे णं ओसप्पिणीए चउवीसं तित्थगराणं पियरो होत्था)जम्बूद्वीपे खलु द्वीपे भारते बर्षेऽस्यामवसर्पिण्यां चतुर्विंशतिस्तीर्थंकराणां पितर आसन्**—આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભારતવર્ષમાં આ અવસર્પિણીકાળમાં ૨૪ તીર્થંકરોના પિતા થઈ ગયા છે. **(तं जहा) तद्यथा**—તેમનાં નામ આ પ્રમાણે છે-**(णाभी य)** (૧) નાભિ, **(जियसत्तू य)** (૨)જિતશત્રુ, **(जियारी)** (૩) જિતારિ, **(संवरेइय)** (૪) સંવર, **(मेहे घरे)** (૫) મેઘ, (૬) ધર, **(पइट्ठेय)** (૭) પ્રતિષ્ઠ, **(महासेणे य)** (૮) મહાસેન **(खत्तिए)** (૯), ક્ષત્રિય, **(सुग्गीवे)** સુગ્રીવ, **(दढरहे)** (૧૦) દ્રઢરથ, **(विण्हू)** (૧૧) વિષ્ણુ **(वासुपुज्जेय)** (૧૨) વાસુપૂજ્ય, **(खत्तिए कयवम्मा)** (૧૩) ક્ષત્રિય કૃતવર્મા, **(सीहसेणे) सिंहसेनो** (૧૪) સિંહસેન, **(भाणू)** (૧૫) ભાનુ **(विस्ससेणे इय)** (૧૬)વિશ્વસેન, **(सूरे, सुदंसणे, कुंभे, सुमित्त विजए समुद्दविजए य)** (૧૭) સૂર, (૧૮) સુદર્શન, (૧૯) કુંભ, (૨૦) સુમિત્ર, (૨૧) વિજય, (૨૧) સમુદ્રવિજય, **(रायाय**

आससेणे य सिद्धत्थेच्चिय खत्तिए) (૨૩) રાજા અશ્વસેન અને (૨૪) ક્ષત્રિય સિદ્ધાર્થ. (तित्थप्पवत्तयाणं जिणवराणं) तीर्थप्रवर्तकानाम् जिनवराणाम्-તીર્થપ્રવર્તક જિનવરોના (ए ए पियरो) एते पितरो-એ પિતા (उदितोदिय कुलवंसा) उदितोदित-कुलवंशाः-ઉત્તરોત્તર ઉત્કર્ષ પામતા કુલરૂપવંશ વાળા હતા, (विसुद्धवंसा गुणेहि उववेया)विशुद्धवंशा गुणैरुपपेताः-માતૃવંશની અને પિતૃ-વંશની વિશુદ્ધતાથીયુકત હતા, સમ્યગ્દર્શન આદિ તથા દયા, દાન આદિ સદ્‌ગુણોથી યુકત હતા.(जंबुद्दीवेण दीवे भारहेवासे इमीसे ओसप्पिणीए)जम्बूद्वीपे खलु द्वीपे भारते वर्षेऽस्यामवसर्पिण्याम्-જંબૂદ્વીપ નામના આ દ્વીપમાં આવેલા ભારત વર્ષમાં આ અવસર્પિણી કાળમાં (चउवीसं तित्थगराणं मायरो होत्था) चतु-र्विंशति तीर्थकराणां मातर आसन्--૨૪ તીર્થંકરોની ૨૪ માતાઓ થઈ ગઇ છે, (तं जहा) तद्यथा-તેમના નામ આ પ્રમાણે છે—(मरुदेवी, विजया, सेणा, सिद्धत्था, मंगला, सुसीमा य, पुहवी, लक्खणा, रामा, नंदा, विण्हू, सामा) (૧) મરૂદેવી, (૨) વિજયા, (૩) સેના, (૪) સિદ્ધાર્થા, (૫) મંગલા, (૬) સુસમા, (૭) પૃથિવી, (૮)લક્ષ્મણા,(૯)રામા, (૧૦) નંદા, (૧૧) વિષ્ણુ, (૧૨) જયા, (૧૩) શ્યામા (सुजया सुव्वय,अइरादेवी पभावइ पउमा-वप्पा सिवा य वामा तिसला देवी य जिणमाया) (૧૪) સુયશા, (૧૫) સુવ્રતા, (૧૬) અચિરા. (૧૭) શ્રી, (૧૮) દેવી (૧૯) પ્રભાવતી, (૨૦) પદ્મા, (૨૧) વપ્રા, (૨૨) શિવા, (૨૩) વામા અને ત્રિશલા. ચોવીસ તીર્થંકરોની ૨૪ માતાઓનાં નામ ઉપર મુજબ છે. ॥ સૂ. ૧૯૭॥

ટીકાર્થ—"जंबुद्दीवे णं दीवे" इत्यादि—આ જંબૂદ્વીપમાં આવેલા આ ભારતવર્ષમાં આ અવસર્પિણીકાળમાં થયેલા ૨૪ તીર્થંકરોના પિતાનાં નામ આ પ્રમાણે (૧) નાભિ, (૨) જિતશત્રુ. (૩) જિતારિ, (૪) સંવર, (૫) મેઘ) (૬) ધર (૭) પ્રતિષ્ઠ, (૮) મહાસેન, (૮) ક્ષત્રિય સુગ્રીવ, (૧૦) દઢરથ, (૧૧) વિષ્ણુ (૧૧)વસુપૂજ્ય, (૧૩) કૃતવર્મા, (૧૪) સિંહસેન, (૧૫) ભાનુ, (૧૬) વિશ્વસેન (૧૭ સૂર ૧૮) સુદર્શન (૧૯) કુંભ, (૨૦) સુમિત્ર, (૨૧) વિજય,[૨૨] સમુદ્રવિજય (૨૩) રાજા અશ્વસેન અને

[૨૪] ક્ષત્રિય સિદ્ધાર્થ તીર્થપ્રવર્તક જિનવરોના તે પિતા ઉત્તરોત્તર ઉત્કર્ષતા પામતા કુળરૂપ વંશવાળા હતા. અને માતૃવંશ અને પિતૃવંશની વિશુદ્ધતાથી યુકત હતા. સમ્યગ્ દર્શન આદિ તથા દયાદાન આદિ ગુણવાળા હતા. આ જંબૂદ્વીપમાં આવેલા ભારત વર્ષમાં આ અવસર્પિણી કાળમાં ૨૪ તીર્થંકરોની જે ૨૪ માતાઓ હતી તેમનાં નામ આ પ્રમાણે છે-(૧) મરૂદેવી, (૨) વિજયા, (૩) સેના (૪) સિદ્ધાર્થા, (૫) મંગળા, (૬) સુસીમા, (૭) પૃથિવી (૮) લક્ષ્મણા, (૯) રામા, (૧૦) નંદા, (૧૧) વિષ્ણુ, (૧૨) જયા, (૧૩) શ્યામા (૧૪) સુયશા, (૧૫) સુવ્રતા, (૧૬) અચિરા (૧૭) શ્રી, (૧૮) દેવી, (૧૯) પ્રભાવતી, (૨૦) પદ્મા, (૨૧) વપ્રા, [૨૨] શિવા, (૨૩) વામા અને (૨૪) ત્રિશલા એ પ્રમાણે ૨૪ તીર્થંકરોની માતાઓનાં નામ હતાં ॥સૂ.૧૯૭॥

શબ્દાર્થ—(**जंबुद्दीवेणं दीवे**) **जम्बूद्वीपे खलु द्वीपे**—જંબૂદ્વીપ નામના દ્વીપમાં (**भारहे वासे**)**भारते वर्षे**—ભારતવર્ષમાં (**इमीसेणं ओसप्पिणोए**) **अस्यामवसर्पिण्याम्**—આ અવસર્પિણી કાળમાં (**चउवीसं तित्थगरा होत्था**) **चतुर्विंशतिस्तीर्थंकरा अभवन्**-ચોવીસ તીર્થંકરો થઈ ગયા છે (**तं जहा**) તેમના નામ આ પ્રમાણે છે-(**उसभ**) **अजिय संभव अभिनंदण सुमई पउमप्पहसुपासचंदप्पह, सुविहि पुप्फदंत सीयल सिज्जस वासुपुज्ज विमल अनंत धम्म संति**

कुंथु अर मल्लि मुनिसुव्वय णमि णेमि पासवद्धमाणो य) ऋषभ,ःअजित,ः संभव,ः अभिनन्दनः, सुमतिः, पद्मप्रभ,ः सुपार्श्व, चन्द्रप्रभा,ः सुविधि,ः पुष्पदन्त,ः शीतल,ः श्रेयांस,ः वासुपूज्यः, विमलः, अनन्तः, धर्म, शान्ति,ः कुन्थु,ः अर,ः मल्लि,ः मुनिसुव्रत,ः नमि,ः नेमि,ः पार्श्व, वर्द्धमानश्च–(१) ઋષભ, (૨) અજિત, [૩] સંભવ, (૪) અભિનંદન, (૫) સુમતિ, (૬) પદ્મપ્રભ, (૭) સુપાર્શ્વ; (૮) ચંદ્રપ્રભ (૯)સુવિધિપુષ્પદન્ત, [૧૦] શીતલ, (૧૧) શ્રેયાંસ, (૧ ) વાસુપૂજ્ય, [૧૩] વિમલ, (૧૪) અનંત, (૧૫) ધર્મ, [૧૬] શાન્તિ, (૧૭) કુન્થુ, (૧૮) મલ્લિ. (૧૯) અર, (૨૦) મુનિસુવ્રત, (૨૧) નમિ, (૨૨) નેમિ, (૨૩) પાર્શ્વ, અને (૨૪) વર્ધમાન.(एएसिं चउवीसाए तित्थगराणं चउवीसं पुव्वभवया णामधेया होत्था) एतेषां चतुर्विंशतेस्तीर्थंकराणां चतुर्विंशतिः पूर्वभवकानि नामधेयानि आसन्–તે તીર્થંકરોનાં પૂર્વભવના ચોવીસ નામો (तं जहा) તે આ પ્રમાણે હતાં. (पढमेत्थ वइरणामे विमले तह विमलवाहणे चेव)प्रथमोऽत्र वज्रनाभो विमल स्तथा विमलवाहनश्चैव–(૧) વજ્રનાભ, (૨) વિમલ, (૩) વિમલવાહન, (धम्म-सीहे) धर्मसिंहः–(૪) ધર્મસિંહ, (૫) (सुमित्त) સુમિત્ર, (धम्ममित्ते य) धर्ममित्रश्च (૬) ધર્મમિત્ર, (सुंदरबाहुतहदीहबाहुजुगबाहू लट्ठबाहू य)सुन्दर-बाहुस्तथादीर्घबाहुः जुगबाहुः लष्टबाहुश्च–(૭) સુંદરબાહુ, (૮) દીર્ઘબાહુ, (૯)

જુગબાહુ, (૧૦) લષ્ટબાહુ (दिण्णे य इंददत्ते सुदरमाहिंदे चेव) दत्तश्च इन्द्रदत्तः सुन्दरो माहेन्द्रश्चैव-(૧૧) દત્ત, [૧૨] ઇન્દ્રદત્ત, (૧૩) સુંદર, [૧૪] માહેન્દ્ર, (सिंहरहे) सिंहरथः-(૧૫) સિંહરથ, (मेहरहे रुप्पियसुदंसणे य बोद्धव्वे) मेघरथः, रुक्मी च सुदर्शनश्च बोद्धव्यः-[૧૬] મેઘરથ, (૧૭) રુકમી, [૧૮ સુદર્શન, (नंदणे) (૧૯) નન્દન, (सीहगिरि) (૨૦) સિંહગિરિ, (अदीणसत्तू सेखे सुदंसणे णंदणे य बोद्धव्वे) अदीनशत्रुः शंखः सुदर्शनो नन्दनश्च बोद्धव्यः-(૨૧) અદીનશત્રુ, (૨૨) શંખ, (૨૩) સુદર્શન, અને (૨૪) નંદન. (एए ओसप्पिणीए तित्थगराणं तु पुव्वभवा) अवसर्पिण्यामेते तीर्थंकराणां तु पूर्वभवाः–અવસર્પિણીકાળના તીર્થંકરોનાં પૂર્વભવના ઉપરોક્ત નામો હતા. (एए सिं चौवीसाए तित्थगराणं चौवीसं सीयाओ होत्था)एतेषां चतुर्विंशते स्तीर्थंकराणां चतुर्विंशतिः शिबिका आसन्–તે ચોવીસ તીર્થંકરોની ચોવીસ શિબિકાઓ હતી. (तं जहा) तद्यथा–તેમનાં નામ આ પ્રમાણે છે—(सीया सुदंसणा सुप्पभा य सिद्धत्थसुप्पसिद्धा य, विजया य वेजयंतीजयंती अपराजिया चेव, अरुणप्पभ चंदप्पभ अग्गिप्पभा चेव, विमला य पंचवण्णा सागरदत्ता य अभयनिव्वुयकरामणोरमा तह मणोरहा चेवदेवकुरूत्तरकुरा विसाल चंदप्पभा सीया)शिबिकासुदर्शना सुप्रभाच सिद्धार्था सुप्रसिद्धा च,

विजया च वैजयन्तीजयन्ती अपराजिताचैव, अरुणप्रभा चन्द्रप्रभा सूरप्रभा अग्निसप्रभा चैव विमला च पञ्चवर्णासागरदत्ता च नागदत्ता च, अभयकरा निर्वृतिकरा मनोरमा तथा मनोहरा चैव, देवकुराविशाला तथा चन्द्रप्रभा नाम्नी शिबिका-(૧) સુદર્શના, (૨) સુપ્રભા, (૩) સિદ્ધાર્થા, (૪) સુપ્રસિદ્ધા, (૫) વિજયા, (૬) વૈજયન્તી, (૭) જયન્તી, (૮) અપરાજિતા, (૯) અરુણપ્રભા. (૧૦) ચંદ્રપ્રભા, (૧૧) સૂરપ્રભા, (૧૨) અગ્નિસપ્રભા, (૧૩) વિમલા. (૧૪) પંચવર્ણા, (૧૫) સાગરદત્તા, (૧૬)નાગદત્તા, (૧૭) અભયકરાં, (૧૮) નિર્વૃત્તિકર. (૧૯) મનોરમા, (૨૦) મનોહરા, (૨૧) દેવકુરા, (૨૨) ઉત્તરકુરા, (૨૩) વિશાલા અને (૨૪) ચન્દ્રપ્રભા. (एयाओ सीयाओ सव्वेसिं चेव जिणवरिंदाणं सव्वजगवच्छलाणं सव्वो उग सुभाए छायाए) एताः शिबिकाः सर्वेषामेव जिनवराणाम् सर्वजगद्वत्सलानां सर्वऋतुकशुभया छायया-સમસ્ત જગત પર વાત્સલ્યભાવ રાખનારા તે જિનવરોની તે શિબિકાઓ સમસ્ત ઋતુઓનાં સુખથી અને શુભ છાયાથી યુકત હતી. (पुव्विं) पूर्वे પહેલાં તે શિબિકાઓને (रोमकूएहिं माणुसेहिं) रोमकुपः मानुषैः-હર્ષથી યુકત મનુષ્યો (साहट्टु) संहृत्य-લાવીને (ओविखत्ता) अवक्षिप्ता -ત્યાં હાજર કરે છે એટલે કે સૌથી પહેલ તે શિબિકાઓને માણસો ઉપાડે છે. (पच्छा) पश्चात्-ત્યાર બાદ (असुरिंदसुरिंद नागिंदा

सीयंवहंति) असुरेन्द्र सुरेन्द्र नागेन्द्र शिबिकां वहन्ति–તે શિબિકાને અસુરેન્દ્ર, સુરેન્દ્ર અને નાગેન્દ્ર ઉપાડે છે. (सुरअसुरवंदियाणं जिणिंदाणं चलचवलकुंडलधरा सच्छंदविउवियाभरणधारी) सुरासुरवन्दितानां जिनेन्द्राणां चलचपल कुण्डलधराः स्वच्छन्दविकुर्बिताभरणधारिणः–સુર અને અસુરોથી વંદિત તે જિનેન્દ્રોની શિબિકાને ચલચપલ (ડોલાયમાન) કુંડલધારી દેવો કે જે પોતાની ઇચ્છા પ્રમાણે વિકુર્વિત આભૂષણોને ધારણ કરતા હોય છે, પૂર્વ તરફથી વહન કરીને આગળને આગળ ચાલે છે. (नागा पुणो दाहिणम्मि पासम्मि)नागकुमार देवाः पुनर्दक्षिणे पार्श्वे–નાગકુમારદેવો દક્ષિણબાજુથી, (पच्छिमेण असुरा) पश्चिमेन असुराः–અસુરકુમારદેવો પશ્ચિમ તરફથી, (गरुला पुण उत्तरे पासे) गरुडाः पुनः उत्तरे पार्श्वे–અને ઉત્તર તરફથી સુપર્ણકુમાર નામના ભવનપતિ દેવો તે શિબિકાને ઉપાડે છે. હવે સૂત્રકાર તીર્થંકરોનાં દીક્ષાસ્થાનનું વર્ણન કરે છે. (उसभो य विणीयाए) ऋषभश्च विनीतायां–ઋષભદેવે વિનીતા નગરીમાં દીક્ષા લીધી હતી. (अरिट्ठवरणेमीबारवईए) अरिष्टनेमिः द्वारावत्याम्–અરિષ્ટનેમિ ભગવાને દ્વારાવતીમાં દીક્ષા અંગીકાર કરી હતી. (अवसेसा तित्थयरानिक्खत्ता जम्मभूमिसु) अवशेषास्तीर्थंकराः निष्क्रान्ता जन्मभूमिषु–બાકીના બાવીસ

તીર્થંકરોએ પોતપોતાનાં જન્મસ્થાનોમા દીક્ષા લીધી હતી. હવે સૂત્રકાર એ બતાવે છે કે તે તીર્થંકરોએ કેવી રીતે દીક્ષા ધારણ કરી હતી. (**सव्वे वि चउव्वीसं जिणवरा एगदूसेण णिग्गया**) **सर्वेऽपि चतुर्विंशति जिनेन्द्रा एक दूष्येण निर्गताः**-સમસ્ત તીર્થંકરોએ એક જ દૂષ્યવસ્ત્ર ધારણ કરીને દીક્ષા અંગીકાર કરી હતી. (**णयणामअण्णलिंगे ण य गिहिलिंगे कुलिंगे य**) **नचनाम अन्यलिङ्गे नच गृहलिङ्गे कुलिङ्गे च**–તે તીર્થંકરોએ સ્થવિરકલ્પક આદિરૂપ અન્યલિંગમાં દીક્ષા લીધી ન હતી. ગૃહસ્થરૂપલિંગમાં પણ દીક્ષા લીધી ન હતી, શકયાદિરૂપ કુલિંગમાં પણ દીક્ષા લીધી ન હતી પણ તીર્થંકરરૂપે જ દીક્ષિત થયા હતા. હવે સૂત્રકાર એ વાત બતાવે છે કે કયા કયા તીર્થંકરે કેટલા કેટલા પરિવાર સહિત દીક્ષા ગ્રહણ કરી હતી. (**एक्को भगवंवीरो**) **एकाकि भगवान् वीरः**–ભગવાન મહાવીરે એકલા જ દીક્ષા લીધી હતી. (**पासो मल्लीय तिहि तिहि सएहिं**)**पार्श्वो मल्लिश्च त्रिभिस्त्रिभिः शतैः**–તથા પાર્શ્વનાથ ભગવાને અને મલ્લિનાથ ભગવાને ૩૦૦-૩૦૦ ત્રણસો-ત્રણસોના પરિવાર સહિત દીક્ષા ગ્રહણ કરી હતી. (**भगवं पि वासुपूज्जो छहिं पुरिससएहिं णिक्खंतो**) **भगवान् वासुपूज्यो षड्भिः पुरुषशतैः निष्क्रान्तः**–ભગવાન વાસુપૂજ્યે ૬૦૦ છસો પુરુષો સ થે

દીક્ષા ગ્રહણ કરી હતી. (उग्गाणं भोगाणं राइण्णाणं य खत्तियाणं य चउहिं सहस्सेहिं उसभो ) उग्राणां भोगाणां राज्ञां च क्षत्रियाणां च चतुर्भिः सहस्रैः ऋषभः-ઉગ્રવંશના ભોગવંશના રાજાઓ અને ક્ષત્રિયોના ચાર હજારના પરિવાર સહિત ભગવાન ઋષભદેવે દીક્ષા અંગીકાર કરી હતી. (सेसाउ सहस्स-परिवारा) शेषास्तु सहस्रपरिवारैः-તે સિવાયના તીર્થંકરોએ એક એક હજાર પુરુષો સાથે દીક્ષા લીધી હતી. (सुमइत्थणिच्चभत्तेण णिग्गओ) सुमतिरत्र नित्यभक्तेन निर्गतः-ભગવાન સુમતિનાથે ઉપવાસ કર્યા વિના જ દીક્ષા લીધી હતી. (वासुपूज्ज चउत्थेणं) वासुपूज्यश्चतुर्थेन-ભગવાન વાસુપૂજ્યે એક ઉપવાસ કરીને દીક્ષા ગ્રહણ કરી હતી, (पासोमल्ली य अट्ठमेणं) पार्श्वो मल्लिश्चाष्टमेन-પાર્શ્વનાથ ભગવાને તથા મલ્લિનાથ ભગવાને અઠ્ઠમ કરીને (सेसाउ छट्टेणं) शेषास्तु षष्ठेन-બાકીના તીર્થંકરોએ છઠ્ઠની તપસ્યા કરીને જિનદીક્ષા ધારણ કરી હતી. ॥ સૂ. ૧૯૮ ॥

ટીકાર્થ—'जंबुद्दीवेणं दीवे' इत्यादि—જંબૂદ્વીપ નામના દ્વીપમાં આવેલા ભારતવર્ષમાં આ અવસર્પિણી કાળમાં નીચે પ્રમાણે ૨૪ તીર્થંકરો થયા છે-(૧)

ઋષભ, (૨) અજિત, (૩) સંભવ, (૪) અભિનંદન, (૫) સુમતિ, (૬) પદ્મપ્રભ, (૭) સુપાર્શ્વ, (૮) ચન્દ્રપ્રભ, (૯) સુવિધિ-પુષ્પદન્ત, (૧૦) શીતલ, (૧૧) શ્રેયાંસ, (૧૨) વાસુપૂજ્ય, (૧૩) વિમલ,(૧૪) અનંત, (૧૫) ધર્મ (૧૬) શાન્તિ, (૧૭) કુન્થુ, (૧૮) અર, (૧૯) મલ્લિનાથ, (૨૦) મુનિસુવ્રત, (૨૧)નમિ, (૨૨) નેમિ, (૨૩) પાર્શ્વ, અને (૨૪)વર્ધમાન. એ ૨૪ તીર્થંકરોનાં પૂર્વપભનાં નામો અનુક્રમે આ પ્રમાણે હતાં— (૧) વજ્રનાભ, [૨] વિમલ, (૩) વિમલવાહન, (૪) ધર્મસિંહ, (૫) સુમિત્ર, [૬] ધર્મમિત્ર, (૭) સુંદરબાહુ,(૮) દીર્ઘબાહુ (૯) જુગબાહુ, (૧૦) લષ્ટબાહુ. (૧૧) દત્ત. (૧૨) ઈન્દ્રદત્ત,(૧૩)સુંદર, (૧૪) માહેન્દ્ર, (૧૫)સિંહરથ, (૧૬) મેઘરથ, (૧૭) રુકમી, (૧૮) સુદર્શન, (૧૯) નંદન, (૨૦) સિંહગિરિ, [૨૧] અદીનશત્રુ, (૨૨) શંખ, (૨૩) સુદર્શન અને (૨૪) નન્દન. અવસર્પિણી કાળના તીર્થંકરોનાં પૂર્વભવનાં નામ ઉપર પ્રમાણે છે તે ૨૪ તીર્થંકરોની ૨૪ શિબિકાઓ હતી તેમનાં નામ આ પ્રમાણે છે- (૧) સુદર્શના. (૨) સુપ્રભા, (૩) સિદ્ધાર્થા, (૪) સુપ્રસિદ્ધા, (૫) વિજયા, (૬) વૈજયન્તી, (૭) જયન્તી, [૮] અપરાજિતા, (૯) અરુણપ્રભા (૧૦) ચન્દ્રપ્રભા (૧૧) સૂરપ્રભા, (૧૨) અગ્નિસપ્રભા, (૧૩) વિમલા, (૧૪) પંચવર્ણા, (૧૫) સાગરદત્તા, (૧૬) નાગદત્ત , (૧૭) અભયકરા, (૧૮) નિર્વૃત્તિકરા, (૧૯) મનોરમા (૨૦) મનોહરા (૨૧) દેવકુરા (૨૨) ઉત્તરકુરા (૨૩) વિશાલા અને (૨૪) ચન્દ્રપ્રભા. અહીં **"सीया"** શબ્દનો અર્થ શિબિકા (પાલખી) થાય છે. તે શિબિકાઓ આખા જગતપર વાત્સલ્ય ભાવ રાખનારા જિનવરોની હતી. તે શિબિકાઓ સઘળી ઋતુઓનાં સુખથી યુકત હતી, તે શુભ છાયાવાળી હતી. પહેલાં રોમકૂપ યુક્ત-હર્ષથી યુક્ત મનુષ્યો તે શિબિકાઓને ઉપાડે છે. ત્યાર બાદ અસુરેન્દ્ર, સુરેન્દ્ર અને નાગેન્દ્ર તે શિબિકાઓને ઉપાડે છે. ત્યાર બાદ પોતાની ઇચ્છાનુસાર વિકુર્વિત આભૂષણોને ધારણકરનારા, ચલચપલ કુંડલધારી દેવો; સુર અને અસુરો દ્વારા વંદાતા એવાં તે જિનેન્દ્રોની શિબિકાઓને પૂર્વની તરફથી વહન કરે છે, દક્ષિણ તરફથી નાગકુમાર દેવો; પશ્ચિમ તરફથી અસુરકુમાર દેવો અને ઉત્તર તરફથી સુપર્ણકુમાર નામના ભવનપતિ દેવો તે શિબિકાઓને વહન કરે છે. હવે સૂત્રકાર તીર્થંકરોનાં દીક્ષાસ્થાનોનું વર્ણન કરે છે- ઋષભદેવે વિનીતા નગરીમાં, અને અરિષ્ટનેમિ ભગવાને દ્વારાવતી નગરીમાં દીક્ષા અંગીકાર કરી હતી. બાકીના બાવીસ તીર્થંકરોએ પોતપોતાનાં જન્મસ્થાનોમાં દીક્ષા લીધી હતી. હવે સૂત્રકાર એ બતાવે છે કે તે તીર્થંકરોએ કેવી રીતે દીક્ષા ગ્રહણ કરી હતી-સમસ્ત ચોવીસે ચોવીસ-તીર્થંકરોએ એક એક દૂષ્ય વસ્ત્ર ધારણ કરીને દીક્ષા ગ્રહણ કરી

હતી. તે તીર્થંકરોએ સ્થવિર કલ્પિક આદિરૂપ અન્યલિંગમાં દીક્ષા લીધી ન હતી, ગૃહસ્થરૂપ લિંગમાં પણ તેઓ દીક્ષિત થયા ન હતા, અને શાકયાદિ રૂપ કુલિંગમાં પણ તેઓ દીક્ષિત થયા ન હતા, પણ તેઓ તીર્થંકરરૂપે જ દીક્ષિત થયા હતા. હવે સૂત્રકાર એ બતાવે છે કે કયા તીર્થંકરે કેટલો પરિવાર સહિત દીક્ષા ગ્રહણ કરી હતી-ભગવાન મહાવીરે એકાકી (કોઇ પણ પરિવાર વિના) દીક્ષા ધારણ કરી હતી. પાર્શ્વનાથ ભગવાને તથા મલ્લિનાથ ભગવાને ૩૦૦-૩૦૦ માણસો સાથે દીક્ષા લીધી હતી. ભગવાન વાસુપૂજ્યે ૬૦૦ પુરુષો સહિત દીક્ષા લીધી હતી. ઉગ્રવંશ અને ભોગવંશના ચાર હજાર રાજાઓ અને ક્ષત્રિયોના પરિવાર સાથે ભગવાન ઋષભદેવે દીક્ષા લીધી હતી. તે સિવાયના તીર્થંકરોએ એકેક હજારના પરિવાર સહિત દીક્ષા લીધી હતી. ભગવાન સુમતીનાથે ઉપવાસ કર્યા વિના જ દીક્ષા ધારણ કરી હતી. વાસુપૂજ્ય ભગવાને દીક્ષા અંગીકાર કરી હતી પાર્શ્વનાથ તથા મલ્લિનાથ ભગવાને ત્રણ ઉપવાસ કરીને અને બાકીના તીર્થંકરોએ બે ઉપવાસ-છઠ્ઠ-ની તપસ્યા કરીને દીક્ષા ધારણ કરી હતી ॥ સૂ૦ ૧૯૮॥

શબ્દાર્થ-(**एए सि णं चउवीसाए तित्थगराणं**) **एतेषां खलु चतुर्विंशतेस्तीर्थकराणां**-તે ચોવીસ તીર્થંકરોને (**पढमभिक्खा दायारो चउवीसं होत्था**) **प्रथमभिक्षादातारः चतुर्विंशतिः अभूवन्**-સૌથી પહેલાં ભિક્ષા

દેનારા જે ચોવીસ ભિક્ષાદાતાઓ હતા (तंजहा) तद्यथा–તેમના નામ આ પ્રમાણે છે- (सिज्जंसबंभदत्ते सुरिंददत्ते य इंददत्ते य पउमे य सोमदेवे माहिंदे तह सोमदत्ते य) श्रेयांसो ब्रह्मदत्तः सुरेन्द्रदत्तश्च इन्द्रदत्तश्च पद्मश्च सोमदेवो माहेन्द्रस्तथा सोमदत्तश्च–(૧) શ્રેયાંસ, (૨) બ્રહ્મદત્ત, (૩) સુરેન્દ્રદત્ત, (૪) ઇન્દ્રદત્ત (૫) પદ્મ (૬) સોમદેવ [૭] માહેન્દ્ર (૮) સોમદત્ત (पुस्से, पुणव्वसू पुण्णणंदे जए य विजए य तत्तो य सुणंदे धम्मसीहे सुमित्त तह वग्गसीहे य) पुष्यः, पुनर्वसुश्च पूर्णानन्दः सुनन्दो जयश्च विजयश्च ततश्च धर्मसिंहः सुमित्रस्तथा वर्गसिंहश्च–(૯) પુષ્ય (૧૦) પુનર્વસુ [૧૧] પૂર્ણાનન્દ (૧૨) સુનન્દ (૧૩) જય (૧૪) વિજય (૧૫) ધર્મસિંહ (૧૪) સુમિત્ર (૧૭) વર્ગસિંહ (अपराजिय विस्ससेणे वीसइमे होइ उसभसेणे दिण्णे वरदत्ते धणे बहुले य आणुपुव्वीए) अपराजितो विश्वसेनो विंशतितमो भवति ऋषभसेनश्च दत्तो वरदत्तो धनो बहुलश्च आनुपूर्व्या (૧૮) અપરાજિત (૧૯) વિશ્વસેન (૨૦) ઋષભસેન (૨૧) દત્ત (૨૨)વરદત્ત (૨૩)ધન અને (૨૪)બહુલ ઉપર પ્રમાણે ક્રમશઃ ૨૪ પ્રથમ ભીક્ષાદાતાઓ હતા. (एए) एते–તે ચોવીસ ભિક્ષાદાતાઓએ (जिणभत्तीए) जिनभक्त्या–પ્રભુપ્રત્યેની અનન્ય ભકિતથી પ્રેરાઇને (विसुद्धलेसा)विशुद्धलेश्याः–વિશુદ્ધ લેશ્યાથી યુકત થઇને (पंजलिउडा) प्राञ्जलियुक्ताः–બન્ને હાથ જોડીને (तं कालं तं

**समयं)** **तस्मिन् काले तस्मिन् समये**–તે કાળે અને તે સમયે (**जिणवरिंदे पडिलाभेइ) जिनवरेन्द्रान् प्रतिलम्भयति** જિનેન્દ્રોને આહારદાન દીધું હતું (**संवच्छरेण भिक्खालद्धा उसभेण लोयणाहेण) संवत्सरेण भिक्षा लब्धा ऋषभेण लोकनाथेन**–લોકના નાથ ભગવાન ઋષભદેવે એક વર્ષે પહેલી ભિક્ષા પ્રાપ્ત કરી હતી. (**सेसेहिं बीयदिवसे लद्धाओ पढमभिक्खाओ) शेषैर्द्वितीयदिवसे लब्धाः प्रथम भिक्षाः**–બાકીના તીર્થંકરોએ બીજે દિવસે જ પ્રથમ ભિક્ષા પ્રાપ્ત કરી હતી. (**उसभस्स पढमभिक्खा खोयरसो आसि लोगणाहस्स)ऋषभस्य प्रथमभिक्षा इक्षुरस आसीत्–लोकनाथस्य**–લોકનાથ ઋષભદેવને પ્રથમ ભિક્ષા ઇક્ષુરસ (શેરડીનો રસ) ની મળી હતી (**सेसाणं परमण्णं अमियरसरसोवमं आसि) शेषाणां परमान्नं अमृतरस रसोपमं आसीत्**–બાકીના તેવીસ તીર્થંકરોને પ્રથમ ભિક્ષામાં અમૃતરસ જેવી ખીર મળી હતી. (**सव्वेसिं जिणाणं जहियं लद्धाउ पढम भिक्खाउ, तहियं वसुधाराओ सरीरमेत्तीओ वुट्ठाओ) सर्वैरपि जिनैर्यत्रलब्धाः प्रथमभिक्षाः तत्र वसुधाराः शरीरमात्राः वृष्टा**–સમસ્ત તીર્થંકરોએ જ્યાં જ્યાં પહેલી ભિક્ષા ગ્રહણ કરી, ત્યાં ત્યાં શરીરપ્રમાણ દ્રવ્યની વૃષ્ટિ થઈ હતી. ॥ સૂ ૧૯૯ ॥

## તીર્થંકરકે પ્રથમ ભિક્ષા દાતાઓં કે નામકા નિરૂપણ

ટીકાર્થ–**"एएसिणं चउवीसाए" इत्यादि**–તે ચોવીસ તીર્થંકરોને સૌથી પહેલી ભિક્ષા અર્પણ કરનારા ૨૪ ચોવીસ ભિક્ષુદાતાઓનાં નામ આ પ્રમાણે છે-- (૧) શ્રેયાંસ, (૨) બ્રહ્મદત્ત, (૩) સુરેન્દ્રદત્ત, (૪) ઇન્દ્રદત્ત, (૫) પદ્મ, (૬) સોમદેવ, (૭) માહેન્દ્ર, (૮) સોમદત્ત, (૯) પુષ્ય, (૧૦) પુનર્વસુ, (૧૧) પૂર્ણાનંદ, (૧૨) સુનંદ, (૧૩) જય, (૧૪) વિજય, (૧૫) ધર્મસિંહ, (૧૬) સુમિત્ર, (૧૭) વર્ગસિંહ, (૧૮) અપરાજિત, (૧૯) વિશ્વસેન, (૨૦) ઋષભસેન, (૨૨) દત્ત, (૨૨) વરદત્ત, (૨૩) ધન, અને (૨૪) બહુલ. એ પ્રમાણે અનુક્રમે ૨૪ તીર્થંકરોના ૨૪ ભિક્ષુદાતાઓ થયા છે. તે ૨૪ પ્રથમ ભિક્ષાદાતાઓએ પ્રભુભક્તિથી પ્રેરાઈને વિશુદ્ધ લેશ્યાયુક્ત થઈને, બન્ને હાથ જોડીને, તે કાળે અને તે સમયે જિનેન્દ્રદેવોને આહારદાન દીધું હતું. લોકનાથ ઋષભદેવે પ્રથમ ભિક્ષા એક વર્ષે પ્રાપ્ત કરી હતી.

અને બાકીના ૨૩ તીર્થંકરોએ બીજે દિવસે જ પ્રથમ ભિક્ષા મેળવી હતી. લોકનાથ ઋષભદેવને પહેલી ભીક્ષામાં ઇક્ષુરસ મળ્યો હતો, અને બાકીના ૨૩ તીર્થંકરોને પહેલી ભિક્ષામાં અમૃતરસ સમાન ખીર મળી હતી. સમસ્ત તીર્થંકરોએ જે જે સ્થાને પહેલી ભિક્ષા ગ્રહણ કરી, તે તે સ્થાને શરીર પ્રમાણ દ્રવ્યનો વરસાદ થયો હતો, ॥સૂ. ૧૯॥

## तीर्थंकरोंके चैत्यवृक्ष के नामका निरूपण

**शब्दार्थ–(एए सिं चउव्वीसाए तित्थगराणं चउवीसं चेइयरुक्खा होत्था ) एतेषां चतुर्विंशतेस्तीर्थंकराणां चतुर्विंशतिश्चैत्यवृक्षा आसन्—** તે ચોવીસ તીર્થંકરોનાં ચોવીસ ચૈત્યવૃક્ષ હતાં. જે વૃક્ષની નીચે કેવળજ્ઞાન થયું હોય તે વૃક્ષને ચત્યવૃક્ષ કહે છે. (तं जहा) **तद्यथा**–તેમનાં નામ આ પ્રમાણે છે– **(णग्गोहसत्तिवण्णे साले पियए पियंगु छत्ताहे, सिरिसे य णागरुक्खे माली य पिलक्खु रुक्खे य)न्यग्रोधः सप्तपर्णः शालः प्रियकः प्रियङ्गुः छत्राभः शिरीषश्च नागवृक्षः माली च पिलङ्क्षुवृक्षश्च**–ન્યગ્રોધ, સપ્તવર્ણ, શાલ, પ્રિયક, પ્રિયડંગુ છત્રાભ, શિરીષ, નાગવૃક્ષ, માલી, પિલંક્ષુવૃક્ષ, **(तिंदुक पाडलजंबू आसत्थे खलु तहेव दहिवण्णे णंदीरुक्खे तिलए अंबयरुक्खे असोगे य)तिन्दुकः, पाटलो जम्बू श्वत्थः खलु तथैव दधिपर्णः, नन्दीवृक्षस्तिलक आम्रवृक्षोऽशोकश्च**–– તિંદુક, પાટલ, જમ્બૂ, અશ્વત્થ, દધિપર્ણ, નંદીવૃક્ષ, તિલક, આમ્રવૃક્ષ, અશોક, **( चंपयबउलेय तहा वेडसरुक्खे य धाईयरुक्खे, सालेय वद्धमाणस्स चेइयरुक्खा जिणवराणं) चंपकोबकुलश्च तथा वेतसवृक्षो धातकीवृक्षश्च, सालश्च वर्धमानस्य चैत्यवृक्षा जिनवराणाम्**–ચંપક, બકુલ. વેતસવૃક્ષ, ધાતકી-વૃક્ષ, અને વર્ધમાન ભગવાનનું સાલવૃક્ષ જિનવરોનાં તે ચૈત્યવૃક્ષો હતાં. **(बत्तीसं धणुयाइं चेइयरुक्खो य वद्धमाणस्स) द्वात्रिंशद् धनूंषि चैत्यवृक्षश्च वर्द्धमानस्य**–વર્ધમાન ભગવનનું ચૈત્યવૃક્ષ બત્રીસ (૩૨) ધનુષપ્રમાણ ઊંચું હતું. **(णिच्चोउगो असोगो ओच्छण्णो सालरुक्खेणं) नित्यर्तुकोऽशोकोऽवच्छिन्नः**

**सालवृक्षैः**–તે સમસ્ત ઋતુઓથી યુકત હતું, શોક-ઉપદ્રવ આદિથી રહિત હતું અને સાલવૃક્ષોથી ઘેરાયેલું હતું (**तिण्णेव गाउयाइ चेइयरुक्खो जिणस्स उसभस्स) त्रीण्येवगव्यूतानि चैत्यवृक्षो जिनस्य ऋषभस्य**–ઋષભદેવ ભગવાનનું ચૈત્યવૃક્ષ ત્રણ કોશ ઊંચું હતું. (**सेसाणं पुणरुक्खा सरीरओ बारसगुणाउ) शेषाणं पुनर्वृक्षाः शरीरतो द्वादशगुणास्तु**–બાકીના તીર્થંકરોનાં ચૈત્યવૃક્ષો તેમનાં શરીરની ઊંચાઈ કરતા બાર ગણી ઊંચાઇવાળાં હતાં. (**सच्छत्ता सपडागा सवेइया तोरणेहिं उववेया) सच्छत्राः सपताका सवेदिकास्तोरणैरुपपेताः**– તે બધાં ચૈત્યવૃક્ષો છત્ર, પતાકા, વેદિકા અને તોરણોથી યુકત હતાં. (**सुरअसुर गरुलमहिया चेइयरुक्खा जिणवराणं) सुरासुरगरुडमहिताश्चैत्यवृक्षा जिनवराणाम्**–તે બધાં ચૈત્યવૃક્ષો સુર, અસુર, અને સુપર્ણકુમારો દ્વારા સેવાતાં હતાં ।।સૂ.૨૦૦।।

ટીકાર્થ—**'एएसिं चउव्वीसाए' इत्यादि**–તે ચોવીસ તીર્થંકરોનાં ચોવીસ ચૈત્યવૃક્ષો હતાં. તે ચૈત્યવૃક્ષોનાં નામ આ પ્રમાણે છે—(૧), ન્યગ્રોધ, (૨) સપ્તવર્ણ, (૩) શાલ, (૪) પ્રિયક, (૫) પ્રિયંગુ, (૬) છત્રાભ, (૭) શિરીષ, (૮) નાગવૃક્ષ, (૯) માલી, (૧૦) પિલક્ષુવૃક્ષ,(૧૧) તિન્દુક, (૧૨) પાટલ, (૧૩) જમ્બૂ, (૧૪) અશ્વત્થ, (૧૫) દધિપર્ણ, (૧૬) નંદીવૃક્ષ, (૧૭) તિલક, (૧૮) આમ્રવૃક્ષ, (૧૯) અશોક, (૨૦) ચંપક, (૨૧) બકુલ, (૨૨) વેતસવૃક્ષ, (૨૩) ધાતકીવૃક્ષ અને (૨૪) વર્ધમાન ભગવાનનું સાલવૃક્ષ. આ પ્રકારે જિનવરોનાં ચૈત્યવૃક્ષોનાં નામ હતાં. વર્ધમાન ભગવાનનું ચૈત્યવૃક્ષ બત્રીસ ધનુષપ્રમાણ ઊંચું હતું. તે બધી ઋતુઓથી યુકત હતું. તે શોક-ઉપદ્રવ આદિથી રહિત હતું. તથા સાલવૃક્ષોથી ઘેરાયેલું હતું. ઋષભનાથ ભગવાનનું ચૈત્યવૃક્ષ ત્રણ કોશ ઊંચું હતું. બાકીના તીર્થંકરોનાં ચૈત્યવૃક્ષો તેમનાં શરીર કરતાં બાર ગણી ઊંચાઈનાં હતાં. તે બધાં ચૈત્યવૃક્ષો છત્ર, પતાકા, વેદિકા અને તોરણથી યુકત હતાં. તે ચોવીસે જિનેન્દ્રોનાં ચૈત્યવૃક્ષો સુર, અસુર અને ગરુલસુપર્ણકુમારો દ્વારા સેવિત હતાં. ।।સૂ. ૨૦૦।।

શબ્દાર્થ-(एएसिं चउवीसाए तित्थगराणं)एतेषां चतुर्विंशतेस्तीर्थंकराणां-એ ચોવીસ તીર્થંકરોના જે (चउव्वीसं पढमसीसा होत्था) चतुर्विंशतिः प्रथम शिष्या अभूवन्-ચોવીસ પહેલા શિષ્યો થયા (तं जहा) तद्यथा-તેમનાં નામ આ પ્રમાણે છે-(पढमेत्थउसभसेणे)प्रथमोऽत्र ऋषभसेनो-પહેલો ઋષભસેન (बीइए पुण होइ सीहसेणेय)द्वितीयः पुनर्भवति सिंहसेनश्च-બીજો સિંહસેન, (चारु य वज्जणाभे चमरे तह सुव्वयविदब्भे) चारुश्च वज्रनाभश्च चमरस्तथा सुव्रतोविदर्भः-(૩) ચારુ (૪) વજ્રનાભ, (૫) ચમર (૬) સુવ્રત (૭) વિદર્ભ, (दिण्णे य वराहे पुणआणंदे गोथुभे सुहम्मे य मंदरजसे अरिट्ठे चक्काहसयंकुकुंभे य) दत्तश्च वराहः पुनरानन्दो गोस्तुभः सुधर्मा च, मंदरो यशा अरिष्टश्चक्राभः स्वयम्भुः कुम्भश्च-(૮) દત્ત, (૯) વરાહ (૧૦) આનંદ, (૧૧) ગોસ્તુભ, (૧૨) સુધર્મા, (૧૩) મન્દર, [૧૪] યશ, (૧૫) અરિષ્ટ (૧૬) ચક્રાભ, (૧૭) સ્વયંભૂ, (૧૮) કુંભ, (इंदकुंभे य सुभे, वरदत्तेदिण्ण इंदभूईय) इन्द्रः कुम्भश्च शुभो वरदत्तोदत्त इन्द्रभूतिश्च-(૧૯) ઈન્દ્ર, (૨૦) કુંભ, (૨૧) શુભ, [૨૨] વરદત્ત, (૨૩) દત્ત, અને (૨૪) ઇન્દ્રભૂતિ (उदितोदियकुलवंसा गुणेहिं उववेया, तित्थपवत्तयाणं पढमासिस्सा जिणवराणं ) उदितोदितकुलवंशाः विशुद्धवंशा गुणैरुपपेताः, तीर्थप्रवर्त्तकानां प्रथमाः शिष्या जिनवराणाम्-તે બધા શિષ્યો ઉત્તરોત્તર ઉત્કર્ષ પામતા કુળરૂપ વંશવાળા હતા. અને માતૃવંશ અને પિતૃવંશની વિશુદ્ધતાવાળા હતા, તથા તેઓ સમ્યગ્દર્શન આદિ ગુણોથી યુકત હતા. તીર્થપ્રવર્તક જિનેન્દ્ર ભગવાનોના એ પ્રથમ શિષ્યો ઉપરોકત પ્રકારના હતા. ॥સૂ. ૨૦૧॥

ટીકાર્થ-"एएसिं चउवीसाए तित्थगराणं" इत्यादि-એ ચોવીસ તીર્થંકરોના જે પહેલા ચોવીસ શિષ્યો થયા તેમનાં નામ આ પ્રમાણે છે—(૧) ઋષભસેન, (૨) સિંહસેન, [૩] ચારુ, (૪) વજ્રનાભ, [૫] ચમર, (૬) સુવ્રત, (૭) વિદર્ભ, (૮) દત્ત, (૯) વરાહ, [૧૦] આનંદ, (૧૧) ગોસ્તુભ, (૧૨) સુધર્મા, (૧૩) મન્દર, (૧૪) યશ, (૧૫) અરિષ્ટ (૧૬) ચક્રાભ, (૧૭) સ્વયંભૂ, (૧૮) કુંભ, (૧૯) ઈન્દ્ર,

(૨૦) કુંભ, (૨૧) શુભ, (૨૨) વરદત્ત, (૨૩) દત્ત અને ૨૪) ઇન્દ્રભૂતિ તે સઘળા શિષ્યો ઉત્તરોત્તર ઉત્કર્ષ પામતા કુળરૂપ વંશવાળા હતા. તેઓ માતૃ અને પિતૃ-વંશની નિર્મળતાથી યુક્ત હતા, અને સમ્યગ્દર્શન આદિ ગુણોથી શોભતા હતા. એ પ્રકારના તીર્થપ્રવર્તક જિનેન્દ્રદેવોના પ્રથમ શિષ્યો હતા. ।।સૂ. ૨૦૧।।

## તીર્થંકરોંકે પ્રથમ શિષ્યોંકે નામકા નિરૂપણ

શબ્દાર્થ—**(एएसिं चउवीसाए तित्थगराणं) एतेषां खलु चतुर्विंशतेस्तीर्थकराणां**—તે ચોવીસ તીર્થંકરોની **(चउवीसं पढमसिस्सिणी होत्था) चतुर्विंशतिः प्रथमशिष्या आसन्**—ચોવીસ પહેલી શિષ્યાઓ હતી **(तं जहा) तद्यथा**—જેમનાં નામ આ પ્રમાણે છે—**(बंभीय फग्गुसामा अजियाकासवीरई सोमा, सुमणावारुणि सुलसाधारणिधरणी य धरणिधरा) ब्राह्मी च फल्गुः श्यामा अजिता काश्यपी रतिः सोमा सुमनावारुणी सुलसाधारणीधरणी च धरणिधरा**—(૧) બ્રહ્મી, (૨) ફલ્ગુ, (૩) શ્યામા, (૪) અજિતા, (૫) કાશ્યપી, (૬) રતિ, (૭) સોમા, (૮) સુમના, (૯) વારુણી, (૧૦) સુલસા, (૧૧) ધારણી, (૧૨) ધરણિ. (૧૩) ધરણિધરા, **(पउमासिवासुयी तह अंजुया भावियप्पा य रुक्खी य बंधुवती, पुप्फवती अज्जा अमिला य अहिया य) पद्मा शिवा श्रुतस्तथाऽञ्जुका भावितात्मारक्षी च, वन्धुमती पुष्पवती आर्याऽमिला चाभिहिता**—(૧૪) પદ્મા, (૧૫) શિવા, [૧૬] શ્રુતિ, (૧૭) અંજુકા, (૧૮) રક્ષી (૧૯) બંધુમતી, (૨૦) પુષ્પવતી; (૨૧) અમિલા, **(जक्खिणी पुप्फचूला य चंदणज्जा य अहिया उ) यक्षिणो पुष्पचूला च चन्दनार्या च आख्याताः**—(૨૨) યક્ષિણી, (૨૩) પુષ્પચૂલા, અને (૨૪) ચન્દના, તે આર્યાઓ ભાવિતાત્મા હતી. '**उदितोदित कुलवंसा विसुद्धवंसा गुणेहिं उववेया**" આ પદોના અર્થની સ્પષ્ટતા આગળનાં સૂત્રમાં કરવામાં આવી છે, તો તેમનો અર્થ તે સૂત્રમાં જોઈ લેવો. **(तित्थप्पवत्तयाणं पढमासिस्सिणी जिणवराणाम्) तीर्थप्रवर्तकानां प्रथमाः शिष्या जिनवराणाम्**—પૂર્વોકત તે આર્યાઓ તીર્થપ્રવર્તક જિનેન્દ્રદેવોની પ્રથમ શિષ્યાઓ હતી. ।। સૂ. ૨૦૨ ।।

ટીકાર્થ—'**एएसिं णं चउवीसाए' इत्यादि**—તે ચોવીસ તીર્થંકરોની પ્રથમ ચોવીસ શિષ્યાઓનાં નામ આ પ્રમાણે હતાં—[૧] બ્રાહ્મી, (૨) ફલ્ગુ, (૩) શ્યામા, (૪)

અજિતા, (૫) કાશ્યપી, (૬) રતિ, (૭) સોમા, (૮) સુમના, (૯) વારુણી, [૧૦] સુલસ, (૧૧) ધારણી, (૧૨) ધરણિ, (૧૩) ધરણિધરા. (૧૪) પદ્મા, (૧૫) શિવા, (૧૬) શ્રુતિ; (૧૭) અંજાજુકા, (૧૮) રક્ષી, (૧૯) બંધુમતી, (૨૦) પુષ્પવતી, (૨૧) અમિલા, (૨૨) યક્ષણી, (૨૩) પુષ્પચૂલા, અને (૨૪) ચન્દના. તે આર્યાઓ ભાવિતાત્મા હતી. **"उदितोदितकुलवंसा विशुद्धवंसा गुणेहिं उववेया"** તે પદોનો અર્થ આગળ આપી દીધો છે. તો ત્યાં જોઇ લેવો. એ સઘળી પૂર્વોકત આર્યાઓ તીર્થપ્રવર્તક જિનેન્દ્રદેવોની પહેલી શિષ્યાઓ હતી. ॥ સૂ. ૨૦૨॥

## બારહ ચક્રવર્તિયોં કે નામકા નિરૂપણ

શબ્દાર્થ—**(जंबूद्दीवेणं दीवे) जम्बूद्वीपे खलु द्वीपे**—જંબૂદ્વીપ નામના આ દ્વીપમાં **(भारहे वासे) भारते वर्षे**—ભારતવર્ષમાં **(इमीसे ओसप्पिणीए) अस्यामवसर्पिण्याम्**—આ અવસર્પિણીકાળમાં **(बारसचक्कवट्टिपियरो होत्था) द्वादशचक्रवर्तिपितर आसन्**—બાર ચક્રવર્તિઓના પિતાનાં નામો હતાં **(तं जहा) तद्यथा**—આ પ્રમાણે છે-**(उसभे) ऋषभः**—ઋષભ, **(सुमित्ते) सुमित्रः**—સુમિત્ર, **(विजए) विजयः**—વિજય, **(समुद्दविजए य) समुद्रविजयश्च**—સમુદ્રવિજય, **(आससेणे य) अश्वसेनश्च**—અશ્વસેન, **(विस्ससेणे य) विश्वसेनश्च**—વિશ્વસેન, **(सूरे) सूरः**—શૂર, **(सुदंसणे) सुदर्शनः**—સુદર્શન, **(कत्तवीरिए चेव) कार्त्तवीर्यश्चैव**—કાર્ત્તવીર્ય, **(पउमुत्तरे) पद्मोत्तरः**—પદ્મોત્તર, **(महाहरी) महाहरिः**—મહાહરિ, **(रायाविजए)राजाविजयः**—રાજાવિજય, **(बारमे बंभे)द्वादशः ब्रह्मा**—અને બારમાં બ્રહ્મા. **(चक्कवट्टीणं पिउनामा उत्ते) चक्रवर्तिनां पितृनामानि उक्तानि**—એ પ્રમાણે ચક્રવર્તિઓના પિતામાં નામ કહેલ છે. ॥સૂ. ૨૦૩॥

ટીકાર્થ—**'जंबूद्दीवे णं दीवे भारहे वासे'इत्यादि**—જંબૂદ્વીપમાંના ભારતવર્ષમાં આ અવસર્પિણીકાળમાં જે બાર ચક્રવર્તિઓ થયા તેમના પિતાનાં નામ અનુક્રમે આ પ્રમાણે છે—ઋષભ, સુમિત્ર, વિજય, સમુદ્રવિજય, અશ્વસેન, વિશ્વસેન, સૂર, સુદર્શન, કાર્ત્તવીર્ય, પદ્મોત્તર, મહાહરિ, રાજાવિજય અને બ્રહ્મ ઉપરોકત નામો ચક્રવર્તિઓના પિતાનાં છે. ॥સૂ. ૨૦૩॥

હવે સૂત્રકાર ચક્રવર્તિયોની માતાનાં નામ કહે છે –

શબ્દાર્થ–(**जंबूद्दीवे णं दीवे भारहे वासे इमीसे ओसप्पिणीए चक्कवट्टि-मायरो बारस होत्था) जम्बूद्वीपे खलु द्वीपे भारते वर्षे अस्यामवसर्पिण्यां द्वादश चक्रवर्त्तिमातरोऽभूवन्**–જંબૂદ્વીપ નામના દ્વીપમાં આવેલા ભારતવર્ષમાં આ અવસર્પિણીકાળમાં જે ચોવીસ તીર્થંકરો થયા તેમની માતાઓનાં નામ અનુક્રમે આ પ્રમાણે છે (**तं जहा) तद्यथा**–આ પ્રમાણે–(**सुमंगला, जसवती, भद्दा, सहदेवी, अइरा, सिरिदेवी, तारा, जाला, मेरा, वप्पा, चुल्लणि य पच्छिमा) सुमङ्गला यशस्वती भद्रा सहदेवी अचिरा श्रीदेवी, तारा ज्वाला मेरा वप्रा चुल्लनी च पश्चिमा**–(૧) સુમંગલા, (૨) યશસ્વતી, (૩) ભદ્રા, (૪) સહદેવી, (૫) અચિરા, (૬)શ્રી, (૭) દેવી, (૮) તારા, (૯) જવાલા, (૧૦) મેરા, (૧૧) વપ્રા, અને છેલ્લાં (૧૨) ચુલ્લની. ।।સૂ. ૨૦૪।।

ટીકાર્થ–**'जंबुद्दीवे णं दीवे' इत्यादि**–આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં આવેલા ભારતવર્ષમાં આ અવસર્પિણીકાળે ૧૨ ચક્રવર્તિયોની ૧૨ માતાઓનાં નામ અનુક્રમે આ પ્રમાણે હતાં–સુમંગળા, યશસ્વતી, ભદ્રા, સહદેવી, અચિરા, શ્રી, દેવી, તારા, જવાલા, મેરા, વપ્રા અને છેલ્લાં ચુલ્લની. ।।સૂ. ૨૦૪।।

હવે સૂત્રકાર ચક્રવર્તિયોનાં તથા તેમના પત્નીરત્નોનાં નામ બતાવે છે—

શબ્દાર્થ—(**जंबूद्दीवेणं दीवे**) **जंबूद्वीपे खलु द्वीपे**—જંબૂદ્વીપ નામના દ્વીપમાં આવેલા (**भारहे वासे**)**भारतेवर्षे**—ભારતવર્ષમાં (**इमीसे ओसप्पिणीए**) **अस्यामवसर्पिण्याम्**—આ અવસર્પિણીકાળમાં (**बारस चक्कवट्टि होत्था**) જે બાર ચક્રવર્તિયો થયા તેમનાં નામ આ પ્રમાણે છે-(**भरहोसगरो मघवंसणंकुमारो य रायसद्दूलो, संतीकुंथु य अरो य हवइ सुभूमो य कोरव्वो**)**भरतः सगरोमघवासनत्कुमारश्च राजशार्दूलः, शान्तिः कुन्थुश्च अरो भवति सुभूमश्च कौरव्यः**-(૧) ભરત, (૨) સગર, (૩) મઘવા, (૪) સનત્કુમાર, (૫) શાન્તિ, [૬] કુન્થુ, (૭) અર, (૮) સુભૂમ (**नवमो य महापउमो हरिसेणे चेव रायसद्दूलो, जयनामो य नरवई बारमो बंभदत्तो य**) **नवमश्च महापद्मो हरिषेणश्चैव राजशार्दूलः जयनामा च नरपतिर्द्वादशो ब्रह्मदत्तश्च**-(૯) મહાપદ્મ, (૧૦) હરિષેણ, (૧૧) જય અને (૧૨) બ્રહ્મદત્ત. (**एएसिं बारसण्हं चक्कवट्टीणं बारस इत्थिरयणा होत्था**)**एतेषां द्वादशानां चक्रवर्तिनाम् द्वादशस्त्रीरत्नान्यासन्**-તે બાર ચક્રવર્તિયોનાં બાર સ્ત્રીરત્નોનાં હતાં (**तं जहा**) તેઓના નામ આ પ્રમાણે હતાં-(**पढमो होइ सुभद्दा, भद्द सुणंदा, जया य विजया य, किण्हसिरी सूरसिरी, पउमसिरी वसुंधरादेवीलच्छीमईकुरुमई**) **प्रथमा भवति सुभद्रा,भद्रा सुनंदा जया च विजया च, कृष्णश्रीः सूरश्रीः पद्मश्रीः वसुन्धरादेवी, लक्ष्मीवती कुरुमती**-(૧) સુભદ્રા, (૨) ભદ્રા, (૩) સુનંદા (૪) જયા, (૫) વિજયા, (૬) કૃષ્ણશ્રી, (૭) સૂરશ્રી, (૮) પદ્મશ્રી, (૯) વસુંધરા, (૧૦) દેવી, (૧૧) લક્ષ્મીવતી,

૧૩૭

અને (૧૨) કુરુમતી. (इत्थीरयणाण नामाइं) स्त्रीरत्नानां नामानि–ઉપરોકત પ્રકારના તે ચક્રવર્તિયોની પત્નીનાં નામ હતાં. ાાસૂ ૨૦૫ાા

ટીકાર્થ—'जंबुद्दीवे णं दीवे' इत्यादि–આ અવસર્પિણીકાળમાં જંબૂદ્વીપ નામના દ્વીપમાં આવેલા ભારતવર્ષમાં બાર ચક્રવર્તિયો થયા છે. તેમનાં નામ આ પ્રમાણે છે-ભરત, સગર, મઘવા, સનત્કુમાર, શાન્તિ, કુંથુ, અર, સુભૂમ, મહાપદ્મ, હરિષેણ, જય અને બ્રહ્મદત્ત. તે બધા ચક્રવર્તિ રાજાઓમાં સિંહ સમાન વિશિષ્ટ શકિત હતી. તે બાર ચક્રવર્તિયોનાં બાર સ્ત્રીરત્નોનાં નામ અનુક્રમે આ પ્રમાણે હતાં સુભદ્રા, ભદ્રા, સુનંદા, જયા, વિજયા, કૃષ્ણશ્રી, સૂરશ્રી, પદ્મશ્રી, વસુંધરા, દેવી, લક્ષ્મીવતી અને કુરુમતી. ા સૂ. ૨૦૫ાા

## બલદેવ ઔર વાસુદેવોં કે માતાપિતાઓં કે નામકા કથન

હવે સૂત્રકાર બલદેવો અને વાસુદેવો આદિના માતાપિતાનાં નામ કહે છે—

શબ્દાર્થ—(जंबुद्दीवे णं दीवे) जंबूद्वीपे खलु द्वीपे–આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં (भारहे वासे) भारतवर्षे–જે ભરત નામનું ક્ષેત્ર છે તેમાં (इमीसे ओसप्पिणीए) अस्यामवसर्पिण्याम्–આ અવસર્પિણીકાળમાં (नव बलदेव नव वासुदेव पियरो होत्था) नवबलदेव नववासुदेव पितरोऽभूवन्–નવ બળદેવના અને નવ વાસુદેવના પિતા થયા છે, (तं जहा) तद्यथा–તેમનાં નામ આ પ્રમાણે છે-(पयावई य बंभे य रुद्दो सोमो सिवेइय, महासीहे अग्गिसीहे दसरह नवमे य वसुदेवे) प्रजापतिश्च ब्रह्मा च, रुद्रः सोमः शिवइति च, महासिंहोऽग्निशिखो दशरथो नवमश्च वसुदेवः–(૧) પ્રજાપતિ, (૨) બ્રહ્મા,

(૩) રુદ્ર, (૪) સોમ, (૫) શિવ, (૬) મહાસિંહ, (૭) અગ્નિશિખ, (૮) દશરથ, અને (૯) વસુદેવ. (जंबुद्दीवेणं दीवे) जम्बूद्वीपे खलु द्वीपे–આ જંબૂદ્વીપમાં (भारहे वासे) भारते वर्षे–ભારતવર્ષ નામના ક્ષેત્રમા (इमीसे ओसप्पिणीए) આ અવસર્પિણીકાળમાં (णव वासुदेवमायरो होत्था)नव वासुदेवमातरोऽभूवन्– નવ વાસુદેવોની નવ માતાઓ થઈ ગઇ છે. (तं जहा) તેમનાં નામ આ પ્રમાણે હતાં. (मियावई उमाचेव पुढवीसीया य अम्मयालच्छिमईसेसमई केकेईदेवई तहा)मृगावती उमाचैव पृथिवी सीता च अम्बिकालक्ष्मीवतीशेषमतीकैकेयी देवकी तथा–(૧) મૃગાવતી, (૨) ઉમા, (૩) પૃથિવી, (૪) સીતા, (૫) અમ્બિકા (૬) લક્ષ્મીવતી. (૭) શેષમતી, (૮) કૈકેયી અને (૯) દેવકી. (जंबुद्दीवे णं दीवे) जम्बूद्वीपेण खलु द्वीपे–જંબૂદ્વીપમાં (भारहे वासे इमीसे ओसप्पिणीए बलदेवमायरो होत्था) भारतेवर्षेऽस्यामवसर्पिण्यां नवबलदेवमातरो बभूवुः– ભારતવર્ષમાં આ અવસર્પિણીકાળમાં નવ બળદેવોની જે નવ માતાઓ થઈ ગઇ (तं जहा) तद्यथा–તેમનાં નામ આ પ્રમાણે છે-(भद्दा तह सुभद्दा य सुप्पभा य सुदंसणा विजया वेजयंती य जयंती अपराजिया)–भद्रा तथा सुभद्रा च सुप्रभा च सुदर्शना, विजया वैजयन्ती च जयन्ती अपराजिता–(૧) ભદ્રા, (૨) સુભદ્રા, (૩) સુપ્રભા, (૪) સુદર્શના, (૫) વિજયા, (૬) વૈજયન્તી, (૭) જયંતી, (૮) અપરાજિતા. (णवमीया रोहिणी य ) नवमिका रोहिणी च––અને (૯) રોહિણી. (बलदेवाण मायरो) बलदेवानां मातरः–એ નવ બળદેવોની નવ માતાઓનાં નામ હતાં. ાસૂ. ૨૦૬ા

ટીકાર્થ—'जंबुद्दीवे णं दीवे' इत्यादि—આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં આવેલા ભરત નામના ક્ષેત્રમાં આ અવસર્પિણીકાળમાં નવ બળદેવ અને નવ વાસુદેવના પિતા થયા છે, તેમનાં નામ આ પ્રમાણે છે-પ્રજાપતિ, બ્રહ્મ, રૂદ્ર, સોમ, શિવ, મહાસિંહ, અગ્નિશિખ, દશરથ અને નવમાં વસુદેવ. આ જંબૂદ્વીપમાં આવેલા ભારતવર્ષમાં આ અવસર્પિણીકાળમાં નવ વાસુદેવોની જે નવ માતાઓ હતી તેમનાં નામ આ પ્રમાણે છે–(૧) મૃગાવતી, (૨) ઉમા, (૩) પૃથિવી, (૪) સીતા, (૫) અમ્બિકા, (૬) લક્ષ્મીવતી, (૭) શેષમતી, (૮) કૈકેયી અને (૯) દેવકી. આ જંબૂદ્વીપમાં આવેલા ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીકાળમાં નવ બળદેવની જે નવ માતાઓ થઇ ગઇ તેમનાં નામ આ પ્રમાણે છે-ભદ્રા, સુભદ્રા, સુપ્રભા, સુદર્શના, વિજયા, વૈજયન્તી, જયંતી, અપરાજિતા અને રોહણી. સૂ. ૨૦૬ા

હવે સૂત્રકાર બળદેવો અને વાસુદેવોના ગુણોના નિર્દેશ સહિત તેમનાં નામો કહે છે—

શબ્દાર્થ—(जंबूदीवे णं दीवे भारहे वासे इमीसे ओसप्पिणीए) जम्बूद्वीपे खलु द्वीपे भारतेवर्षेऽस्यामवसर्पिण्यां–આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણી કાળમાં (नवदसारमंडला होत्था) नव दशारमण्डलानि आसन्–નવ વાસુદેવ અને બળદેવ થયા છે. (तं जहा) तद्यथा–(उत्तमपुरिसा) उत्तमपुरुषाः–તીર્થંકરાદિ ૫૪ ઉત્તમ પુરુષોમાં મધ્યવર્તી હોવાને કારણે ઉત્તમપુરુષ, (मज्झिमपुरिसा) मध्यमपुरुषाः–તીર્થંકર, ચક્રવર્તી અને વાસુદેવ આદિના બળની અપેક્ષાએ મધ્યવર્તી હોવાને કારણે મધ્યમપુરુષ અને (पहाणपुरिषा)प्रधानपुरुषाः–તેમના સમકાલીન પુરુષોની અપેક્ષાએ શૌર્ય આદિ બાબતમાં પ્રધાન હોવાને કારણે તેમને પ્રધાન પુરુષો ગણવામાં આવે છે. (ओजंसी) ओजस्विनः–તેઓ ઓજસ્વી, (तेयंसी) तेजस्विनः––તેજસ્વી, (वचंसी) वर्चस्विनः–વર્ચસ્વી,

(जसंसी) यशस्विनः–યશસ્વી, (छायंसी) छायावन्तः–છાયાવન્ત–દેદીપ્યમાન શરીરવાળા, (कन्ता) कान्ताः–કાન્ત, (सोमा) सौम्यः–સૌમ્ય,(सुभगा)सुभगाः–સુભગ, (पियदंसणा) प्रियदर्शनाः–પ્રિયદર્શન-જેમનું દર્શન પ્રિય લાગે તેવા અને, (सुरूवा) सुरूपाः–સુરૂપવાળા હતા. (सुहसील सुहाभिगमसव्वजणनयणकंता) शुभशीलसुखाभिगम्यसर्वजननयनकान्ताः–તેમનો સ્વભાવ ઘણો સારો હતો, દરેક મનુષ્ય તેમને કોઈપણ જાતના સંકોચ વિના મળી શકતા હતા, અને તેમને જોઈને સઘળા લોકો ઘણા ખુશ થતા હતા. (ओहबला) ओघबला–તેમનામાં બળનો તો ઓઘ હતો, (अइबला) अतिबलाः–તેઓ ઘણા બળવાન હતા, (महाबला) महाबलाः–તેઓ પ્રશસ્ત પરાક્રમવાળા હતા, (अनिहता) अनिहताः–નિરૂપદ્રવ આયુવાળા હોવાથી કોઈથી પણ તેમની હત્યા થઈ શકતી નહીં, (अपराइया) अपराजिताः–તેમને કોઈ હરાવી શકતું નહી, (सत्तुमद्दणा) शत्रुमर्दनाः–તેઓ શત્રુઓનું મર્દન કરનાર હતા, (रिपुसहस्स माणमहणा) रिपुसहस्रमानमथनाः–હજારો શત્રુઓના દર્પ-માન-નું મર્દન કરનારા હતા. (सानुक्कोसा) सानुक्रोशाः–તેમને નમનારા તરફ તેઓ સદા દયાળુ રહેતા હતા (अमच्छरा) अमत्सराः–અભિમાનથી રહિત હતા, (अचवला) अचपलाः–મન વચન અને કાયાની ચંચળતાથી રહિત હતા, (अचंडा) अचण्डाः–કોઈપણ

વ્યકિત પર તેઓ વિના કારણ ક્રોધ કરતા નહતા, (**मियमंजुलपलावहसिया**) **मितमञ्जुलप्रलापहसिताः**--તેઓ પરિમિત વાતચીત કરનારા, આનંદદાયક વચનવાળા અને પરિમિત તથા મનોહર હાસ્યવાળા હતા. (**गंभीरमधुरपडिपुण्ण-सच्चवयणा**) **गम्भीर मधुर प्रतिपूर्ण सत्यवचनाः**--રોષ, શોક આદિ વિકારથી રહિત હોવાને કારણે ગંભીર, સાંભળનારને સુખદાયી હોવાથી મધુર, અને અર્થ-બોધક હોવાને કારણે પ્રતિપૂર્ણ એવાં સત્યવચન બોલનારા હતા. (**अब्भुगयवच्छला**) **अभ्युपगतवत्सला**--તેઓ શરણાગતવત્સલ હતા, (**सरण्णा**) **शरण्याः**--દીન, અને નિરાધારનું રક્ષણ કરવાને માટે સદા તત્પર રહેતા હતા, (**लक्खणवंजण गुणोववेया**) **लक्षण व्यञ्जनगुणोपपेता**--વજ્ર, સ્વસ્તિક, ચક્ર આદિ શુભ લક્ષણો તથા તલ, મસા આદિરૂપ વ્યંજનોના મહદ્ધિંલાભાદિરૂપ ગુણોથી તેઓ યુકત હોય છે, (**माणुम्माणपमाणपडिपुण्णसुजायसव्वंगसुंदरंगा**) **मानोन्मानप्रमाण प्रतिपूर्णसुजातसर्वाङ्गसुन्दराङ्गाः**--માન, ઉન્માન અને પ્રમાણની પરિપૂર્ણતાને લીધે તેમના અવયવો સપ્રમાણ અને સુડોળ લાગે છે. અને સપ્રમાણ અંગોને લીધે તેમના શરીર અતિશય સુંદર લાગે છે. (**ससिसोमागारकंतपियंदसणा**) **शशिसौम्याकारकान्तप्रियदर्शनाः**--જેમનું દર્શન ચન્દ્રમાની જેમ આનંદજનક

અને ચિત્તાકર્ષક હોય છે. અને દર્શકને (જોનારને) મનમાં અપૂર્વ આહ્લાદદાયક હોય છે. (अमरिसणा) अमर्षणा–અપકારી લોકો પર પણ તેમને ક્રોધ થતો નથી. (पयंडदंडप्पगारा) प्रकाण्डदण्डप्रकाराः–તેમનો નીતિના ભેદરૂપ દંડપ્રકાર ઉત્કટ હોય છે. (गंभीरदरिसणिज्जा) गम्भीरदर्शनीयाः– તેમની અન્તર્વૃત્તિ સમજી શકાય તેવી હોતી નથી, તેથી તેઓ ઘણા ગંભીર દેખાય છે. ( तालद्ध ओविद्ध गरूलकेऊ ) तालध्वजोद्विद्धगरुडकेतवः––બળદેવની પતાકાઓ તાલવૃક્ષનાં નિશાનવાળી હોય છે, અને વાસુદેવની પતાકાઓ ગરુડના નિશાનવાળી હોય છે. (महाविकट्टया) महाविकृष्टकाः––જે ધનુષ્યને વીરમાં વીર પુરુષ પણ ચડાવી શકતો નથી તે ધનુષ્યને તેઓ ચઢાવી શકે છે. (महासत्तसायरा) महासत्त्वसागराः–તેઓ વિશિષ્ટ બળથી યુકત હોય છે. (दुद्धरा) दुर्धराः–સમરાગણમાં કોઇપણ ધનુર્ધારી પોતાના ધનુષ્યમાથી તેમના પર પ્રહાર કરી શકતો નથી. અથવા બીજા કોઇપણ ધનુર્ધારી ધારણ ન કરી શકે તેવા ધનુષ્યને ધારણ કરનારા હોય છે. (धणुद्धरा) धणुर्धराः–તેઓ ઘણા ભારે ધનુર્ધારી હોય છે. (धीरपुरिसा) धीरपुरुषाः–ધીરપુરુષોમાં જે તેમનો પુરષકાર વિશિષ્ટ થાય છે, કાયરોમાં નહીં. (जुद्धकित्तिपुरिसाः ) युद्धकीर्तिपुरुषाः– તેઓ યુદ્ધજનિત કીર્તિવાળા પુરુષો હોય છે. (विउलकुलसमुब्भवा) विपुलकुल-

**समुद्भवाः**–તે ઘણા ખાનદાન કુટુંબના હોય છે. **(महारणविहाडगा) महारण-विघाटकाः**–તેઓ પોતાના પરાક્રમથી ભયંકરમાં ભયંકર સંગ્રામને પણ છિન્નભિન્ન કરી શકે છે **(अद्धभरहसामी) अर्द्धभारतस्वामिनः**–તેઓ અર્ધા ભરતક્ષેત્રના શાસક હોય છે. **(सोमा) सौम्या**–સૌમ્ય હોય છે. સઘળા લોકોને સુખદાયી હોય છે. **(रायकुलवंसतिलया) राजकुलवंशतिलकाः**–રાજવંશમાં તિલક સમાન હતા. **(अजिया) अजिताः**–તેઓ અજેય હતા. **(अजियरहा)** કોઈપણ શત્રુ તેમનો રથ કબ્જે કરી શકતો નહી. **(हलमुसलकणकपाणी) हलमुसलकणकपाणयः**–તેઓ હલ, મુસળ અને બાણને પોતાના હાથમાં ધારણ કરતા હતા, **(संखचक्कगयनंदणधरा] शङ्खचक्रगदानन्दकधराः**–તેઓ શંખ, ચક્ર, ગદા અને તલવારને ધારણ કરતા હતા. **(पवरुज्जलसुक्कंत विमलगोत्थुभतिरीडधारी) प्रवरोज्ज्वलशुक्लान्तविमलकौस्तुभतिरीटधारिणः**– તેઓ શ્રેષ્ઠ, દેદીપ્યમાન અને શુભ્ર કૌસ્તુભમણિને તથા મુગટને ધારણ કરતા હતા **(कुंडलउज्जोइयाणणा) कुण्डलोद्योतिताननाः**–કુંડળોની દ્યુતિ (તેજ) થી તેમનાં વદન સદા પ્રકાશિત રહેતાં હતાં. **(पुंडरीयणयणा) पुण्डरीकनयनाः**–તેમનાં નયન કમળ જેવાં સુંદર હતાં. **(एकावलिकण्हलइयवच्छा) एकावलिकण्ठलग्नवक्षसः**–તેમનો એક સેરનો

હાર તેમની છાતી સુધી લટકતો હતો. (सिरीवच्छसुलंछणा) श्रीवत्स सुलाच्छना– તેમને શ્રીવત્સ સ્વતિકનું ચિહ્ન હોય છે. (वरजसा) वरयशसः–તેઓ ઘણા યશસ્વી હતા. ( सव्वउयसुरभिकुसुमरइयपलंबसोभंतकंतविकसंतविचित्तव- रमालरइयवच्छा ) सर्वऋतुकसुरभिकुसुमरचितपलम्बशोभमानकान्तविक सद् विचित्रवरमालारचितवक्षस्काः–સર્વ ઋતુનાં સુગંધિદાર પુષ્પોમાથી બના- વેલી, અદ્ભુત પ્રકારની રચનાવાળી, અને અતિશય સુંદર, અને લાંબી લાંબી માળાઓથી તેમના વક્ષઃસ્થળ ઢંકાયલા રહેતાં હતાં. (अट्ठुतरसय विभत्तलक्खणपसत्थसुंदरविरइयंगमंगा) अष्टोत्तरशतविभक्तलक्षणप्रशस्तः सुन्दरविरचिताङ्गाङ्गा– છૂટા છવાયા આવેલા શંખ, ચક્ર આદિ ૧૦૮ એકસો આઠ ચિહ્નોથી તેમના પ્રત્યેક અંગયુકત હોય છે. તેથી તે અંગો ઘણાં સુંદર લાગે છે. (मत्तगयवरिंदललिय विक्कमविलसियगई) मत्तगजवरेन्द्रललितविक्रमगतयः– મદોન્મત. શ્રેષ્ઠ ગજરાજોની મનોહર ગતિ જેવી તેમની ગતિ–ચાલ વિલાસયુકત હોય છે. ( सारयनवथणियमहुरगंभीरकुंचनिग्घोसदुंदुभिसरा ) शारदनव- स्तनितमधुरगंभीरक्रौश्चनिर्घोषदुन्दुभिस्वराः––તેમના દુંદુભીઓનો નાદ શર- દઋતુના મેઘનાદ જેવો તથા ક્રૌંચ પક્ષીના અવાજ જેવો હોય છે. (कडिसुत्तग

नीलपीयकोसेज्जवाससा) कटिसूत्रक नील पीतकौशेयवाससः-તેમનાં નીલ, પીળાં, રેશમી વસ્ત્રો કંદોરાથી યુકત હોય છે. (पवरदित्ततेया) प्रवरदीप्ततेजसः- તેઓ શ્રેષ્ઠ પ્રકારના સદા દેદીપ્યમાન તેજવાળા હોય છે. (नरसीहा) नरसिंहाः- તેઓ માણસોમાં સિંહ જેવા બળવાન હોય છે. (नरवई) नरपतयः-તેમને નરપતિ, (नरिंदा) नरेन्द्राः-નરેન્દ્ર, (नरवसहा) नरवृषभाः-અને નરવૃષભ કહેવામાં આવે છે. (मरुयवसभकप्पा) मरुद् वृषभकल्पाः-તેઓ દેવરાજ ઇન્દ્રના જેવા હોય છે. (अब्भहियरायतेयलच्छीए दिप्पमाणा) अभ्यधिकराजतेजो लक्ष्म्या दीप्यमानाः-રાજયલક્ષ્મીના તેજથી તેઓ અધિક દેદીપ્યમાન લાગે છે. (नीलगपीयगवसणा) नीलकपीतकवसनाः-તેઓ નીલ અને પીળાં વસ્ત્રો ધારણ કરે છે (दुवेदुवे रामकेसवा भायरो) द्वौ द्वौ रामकेशवौ भ्रातरौ- “ઉપરોકત પ્રકારના રામ અને કેશવ એ બન્ને ભાઈઓ હોય છે. આ ક્રમ પ્રમાણે નવ વાસુદેવ અને નવ બળદેવ થયા છે. (तिविट्ठ जाव कण्हे) त्रिपृष्ठो यावत् कृष्णः-ત્રિપૃષ્ઠથી લઇને કૃષ્ણ સુધીના નવ વાસુદેવો થયા છે (अयले जाव रामे यावि अपच्छिमे) अचलो यावद्रामश्चापि अपश्चिमः-અને અચળથી લઇને રામ સુધીના નવ બળદેવ થયા છે. ॥સૂ. ૨૦૭॥

ટીકાર્થ-“जंबूद्दीवे णं दीवे” इत्यादि-આ જંબૂદ્વીપમાં આવેલા ભરતક્ષેત્રમાં આ અવસર્પિણી કાળમાં નવ વાસુદેવ અને નવ બળદેવ થઇ ગયા છે. અહીં ‘दशार्ह’ શબ્દ અભિન્ન હોવાને કારણે વાસુદેવ અને બળદેવનો વાચક છે. એટલે કે એક બળદેવ અને એક વાસુદેવ એ પ્રમાણે તેમના બબ્બેનાં નવ યુગલ થયાં છે. તીર્થંકરાદિ ૫૪ ચોપન પુરુષોમાં તેમની ગણુના થતી હોવાથી તેમને ઉત્તમ પુરુષો કહ્યા છે તીર્થંકર ચક્રવર્તી વગેરેની અપેક્ષાએ બળ આદિની અપેક્ષાએ તેઓ મધ્યવર્તી હોય છે તેથી તેમને મધ્યમપુરુષ કહ્યા છે. તથા તેમના સમકાલીન પુરુષોમાં શૌર્ય આદિની અપેક્ષાએ તેઓ શ્રેષ્ઠ હતા તેથી તેમને પ્રધાનપુરુષો કહ્યા છે. તેઓ મનેબળવાળા હોવાને કારણે ઓજસ્વી હતા, તેમનું શરીર દેદીપ્યમાન હેવાથી તેઓ તેજસ્વી હતા. શારીરિક બળવાળા હોવાથી તેઓ વર્ચસ્વી

હતા. તેઓ પરાક્રમી હતા, તેથી તેમની પ્રસિદ્ધિને કારણે તેઓ યશસ્વી હતા. તેમનું શરીર વિશિષ્ટ પ્રકારની શોભાવાળું હોવાથી તેમને છાયાંસી–છાયાવન્ત કહેલ છે, અને એજ કારણે કમનીયરૂપ અને લાવણ્યથી તેઓ મનોહર હતા. તથા તેઓ કાન્ત હતા. તેમના દર્શનથી લોકોના હૃદયમાં આનંદ થતો. તેથી તેમને સૌમ્ય કહ્યા છે. જગતના લોકોને તેઓ ઘણા પ્રિય હોવાથી સુભગ હતા. દર્શકોના નેત્રોને અત્યંત આનંદજનક હોવાથી તેઓ પ્રિયદર્શન હતા. સર્વાતિશાયીરૂપ અને લાવણ્યવાળા હોવાથી તેઓ સુરૂપ હતા. તેમનો સ્વભાવ એટલો બધો સારો હતો કે દરેક મનુષ્ય કોઇ પણ પ્રકારના ડર સિવાય તેમને મળી શકતા હતા. તેમને જોઇને સઘળા લોકોને ઘણો આનંદ થતો હતો. તેમના પરાક્રમનો પ્રવાહ સદા એકધારો રહેતો હતો તેથી તેમને ઓઘબળવાળા કહ્યા છે. બીજાં મનુષ્યો કરતાં તેઓ વધારે બળવાન હતા. તે પ્રશસ્ત પરાક્રમવાળા હતા. નિરુપદ્રવ આયુવાળા હોવાથી તેમને ઘાતરહિત કહેલા છે. શત્રુઓ દ્વારા તેમનો પરાજય થતો નહીં. તેથી તેમને અપરાજિત કહ્યા છે. તેઓ શત્રુઓનું મર્દન કરનારા હતા. તેઓ હજારો શત્રુઓનું માનમર્દન કરનારા હતા. તેમને નમનારા તરફ તેઓ સદા દયાદૃષ્ટિ રાખતા હતા. મત્સરભાવ (અભિમાન) થી રહિત હતા. અન્યના થોડા ગુણના પણ તેઓ ગ્રાહક હતા. મન, વચન અને કાયાની ચંચળતા તેમનામા ન હતી. તેઓ વિના કારણ કોઇના ઉપર ક્રોધ કરતા નહીં. તેઓ મિતભાષી હતા. તેમની વાણી આનંદદાયક હતી. તેમનું હાસ્ય પણ પરિમિત અને મનને મુગ્ધ કરનારૂં હતું. રોષ, તોષ અને શોક આદિ વિકારોથી રહિત હોવાને કારણે ગંભીર, કર્ણને સુખકારી હોવાથી મધુર અને અર્થબોધક હોવ ને કારણે પ્રતિપૂર્ણ, એવાં તેમના સત્યવચનો હતા તેઓ શરણાગતવત્સલ હતા. દીન દુઃખીની સેવા કરવાને તેઓ સદા તત્પર રહેતા હતા. વજ્ર, સ્વસ્તિક, ચક્ર આદિ ચિહ્નરૂપ લક્ષણો તથા તલ, મસા આદિરૂપ વ્યંજનોના મહાઋદ્ધિ, લાભ આદિથી તે યુકત હતા. માન, ઉન્માન અને પ્રમાણથી પરિપૂર્ણ હોવાને કારણે યોગ્ય અવયવ સન્નિવેશવાળા અંગોથી યુકત સુંદર શરીરવાળા હતા. એટલે કે તેમનાં અંગ ઉપાંગો સપ્રમાણ હતાં. પાણિથી પરિપૂર્ણ કુંડ આદિમાં પ્રવેશ કરતાં દ્રોણ પરિમિત જળ જો તે કુંડ આદિમાંથી બહાર નીકળે તો તે મનુષ્યને માનવાળો કહેવાય છે. અથવા પદાર્થનું વજન જેનાથી માપી શકાય તેને માન કહે છે. તુલા, અંગુલી આદિથી જેવી રીતે વ્યવહારમાં માપ લેવામાં આવે છે. તે માનને જ ઉન્માન કહે છે. અથવા અર્ધભારરૂપ પરિમાણ વિશેષને ઉન્માન કહે છે. પોતાની આંગળી કરતાં ૧૦૮ એકસો આઠ ગણી શરીરની ઉંચાઇને પ્રમાણ કહે છે. માથાથી પગ સુધીના

અવયવોને અંગ કહે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે તેમના શારીરિક અવયવોની રચના ઘણી સુંદર અને સપ્રમાણ હતી. શરીરની અપેક્ષાએ જે અંગની જેટલી લંબાઇ જાડાઈ અને પહોળાઈ હોવી જોઈએ તેટલી જ તે અંગની લંબાઈ જાડાઈ અને પહોળાઇ હતી. કોઇ પણ અંગના માપમાં કોઈપણ પ્રકારની ન્યૂનતા કે અધિકતા હોતી નથી. તેમનાં દર્શન ચન્દ્રમાનાં દર્શનની જેમ હંમેશાં આનંદદાયક અને ચિત્તને હરી લેનાર હોય છે. અને દર્શકોના મનમાં અપૂર્વ આહલાદ ઉત્પન્ન કરે છે. તેઓ હંમેશા કાર્યમાં આળસ રહિત હોય છે--અથવા અપકારી લોકો તરફ પણ તેમને ક્રોધ થતો નથી તેમનો નીતિના ભેદરૂપ દંડપ્રકાર ઉત્કટ હોય છે. તેમના મનોભાવોને સમજવા મુશ્કેલ હોવાથી તેઓ ગંભીર લાગે છે. બળદેવોની પતાકાઓ–ધ્વજાઓ–તાલવૃક્ષોનાં ચિહ્નોથી અંકિત હોય છે. અને વાસુદેવની ધ્વજાઓ ગરુડના ચિહ્નનથી અંકિત હોય છે જે ધનુષ્ય ચડાવવાને વીરમાં વીર પણ સમર્થ હોતો નથી તે ધનુષને તેઓ ચડાવી શકે છે. તેઓ વિશિષ્ટ બળવાળા હોય છે. સમરાંગણમાં કોઈ પણ ધનુર્ધર તેમના ઉપર ધનુષમાંથી તીરનો પ્રવાહ કરી શકતો નથી. તેઓ મહાન ધનુર્ધર હોય છે. અથવા 'दुद्धर धणुद्धरा' જે ધનુષને અન્ય ધનુર્ધર ધારણ કરી શકતા નથી તે ધનુષને તેઓ ધારણ કરે છે. ધીરપુરુષોમાં જ તેમનો પુરુષકાર વિશિષ્ટ થાય છે. કાયરોમાં નહીં એટલે કે ધીર-પુરુષોની અપેક્ષાએ જ તેમનું સામર્થ્ય વિશિષ્ટ મનાય છે–કાયરોની અપેક્ષાએ નહીં. તેઓ યુદ્ધજનિત કીર્તિપ્રધાન પુરુષો હોય છે તેઓ ઊંચા કુળના હોય છે. પોતાના પરાક્રમથી ભયંકરમાં ભયંકર શત્રુસૈન્યને પણ અસ્તવ્યસ્ત કરી નાખે છે. તેઓ અર્ધા ભરતક્ષેત્રના સ્વામી હોય છે. સઘળા લોકોને તેમના તરફથી ઘણું સુખ પ્રાપ્ત થાય છે. તેઓ રાજવંશમાં તિલક સમાન હોય છે. તેઓ અજેય હોય છે. કોઇ પણ શત્રુ તેમનો રથ કબજે કરી શકતો નથી. તેમના હાથોમાં હળ, મુસળ અને બાણ રહે છે. શંખ, ચક્ર, ગદા અને તલવારને તેઓ ધારણ કરતા હોય છે. શ્રેષ્ઠ, દેદીપ્યમાન અને શુભ્ર અવયવોથી યુકત એવા બળદેવો અને વાસુદેવોનો સ્વભાવ કૌસ્તુભમણિ અને મુગટને ધારણ કરવાનો હોય છે. કુંડળોના ચળકાટથી તેમનું વદન સદા પ્રકાશિત રહે છે. તેમનાં નયન કમળ જેવાં સુંદર હોય છે. એક સેરનો જે રત્નમય હાર તેઓ ગળામાં પહેરે છે તે તેમની છાતી સુધી પહોંચે છે. શ્રીવત્સ

સ્વસ્તિનું ચિહ્ન તેમને હોય છે તેઓ ઘણા યશસ્વી હોય છે. સર્વઋતુના સુગંન્ધયુકત પુષ્પોમાંથી બનાવેલી અપૂર્વ શોભાવાળી લાંબી લાંબી માળાઓથી તેમનું વક્ષઃસ્થલ યુકત હોય છે. તેમનાં પ્રત્યેક અંગ પર શંખ, ચક્ર, આદિ ૧૦૮ એકસો આઠ લક્ષણો અલગ અલગ સ્થાને હોય છે. તેથી તેઓ ઘણા પ્રશસ્ત અને સુંદર હોય છે. તેમની ચાલ મદોન્મત્ત શ્રેષ્ઠ ગજરાજોની મનોહર ગતિ જેવી વિલાસયુકત હોય છે. તેમનો અવાજ શરદઋતુના મેઘની ગર્જના જેવો, ક્રૌંચ પક્ષીના મધુર ગંભીર શબ્દ સમાન અને દુંદુભીના નાદ સમાન હોય છે. તેમનાં નીલ અને પીળાં વસ્ત્રો પર કંદોરો હોય છે. તેમનું શ્રેષ્ઠ તેજ સદા દેદીપ્યમાન રહે છે. મનુષ્યોમાં તેઓ સિંહ જેવા હોય છે. તેમને નરપતિ, નરેન્દ્ર અને નરવૃષભ કહે છે. તેઓ દેવરાજ ઇન્દ્રના જેવાં હોય છે. અહીં 'વૃષભ' એટલે શ્રેષ્ઠ' સમજવાનું છે. તેઓ રાજ-લક્ષ્મીના તેજને લીધે ઘણા શોભે છે. તેમનાં વસ્ત્રો નીલાં કે પીળાં હોય છે. એટલે કે બળદેવને નીલામ્બર હોય છે અને વાસુદેવને પીતામ્બર હોય છે. એવાં તે 'રામ અને કેશવ' બન્ને ભાઈ-ભાઇનું સગપણ હોય છે. આ પ્રમાણે નવ વાસુદેવ અને નવ બળદેવ થયા છે. ત્રિપૃષ્ઠથી લઇને કૃષ્ણ સુધીના નવ વાસુદેવ, અને અચળથી લઇને રામ સુધીના નવ બળદેવ થયા છે. ।।સૂ. ૨૦૭।।

## બલદેવ ઔર વાસુદેવકે પૂર્વભવીય નામકા કથન

શબ્દાર્થ—(एए सिं णं णवण्हं बलदेववासुदेवाणं) एतेषां खलु नवानां बलदेववासुदेवानां—તે નવ બળદેવ અને વાસુદેવોના (पुव्वभविया नव नामधेज्जा होत्था) पूर्वभविकानि नवनामधेयानि आसन्——પૂર્વભવના નવ-નામ હતાં. (तं जहा) तद्यथा—તે નામો આ પ્રમાણે હતાં-(विस्सभूई पव्वयए) विश्वभूतिः प्रवर्तको—વિશ્વભૂતિ૧,પ્રર્વતક૨,(धनदत्त समुद्ददत्त इसिवाले)धनदत्तः, समुद्रदत्तः, ऋषिबालः—ધનદત્ત૩,સમુદ્રદત્ત૪, ઋષિબાલ૫,(पियमित्तललियमित्त) प्रियमित्रो ललितमित्रः—પ્રિયમિત્ર૬, લલિતમિત્ર૭, (पुणव्वसु गंगदत्तेय)पुनर्वसु-गङ्गदत्तश्च-પુનર્વસુ૮ અને ગંગદત્ત૯. (एयाइं णामाइं पुव्वभवे वासुदेवाणं)एतानिः नामानि पूर्वभवे आसन् वासुदेवानाम्—વાસુદેવોના પૂર્વભવનાં તે નામો હતાં. (एत्तो बलदेवाणं जहक्कमं कित्तइस्सामि) इतो बलदेवानां यथाक्रमं कीर्त-

यिष्यामि–હવે બળદેવોના પૂર્વભવનાં નામો અનુક્રમે કહીશ (विसनंदी य सुबंधू सागरदत्ते असोगललिए य वाराहधम्मसेणे अपराइयरायललिए य) विश्वनन्दी च सुबन्धुः सागरदत्तोऽशोको ललितश्च, वाराहो धर्मसेनोऽपराजितो राजललितश्च-વિશ્વનંદી. સુબંધુ, સાગરદત્ત, અશોક, લલિત, વારાહ, ધર્મસેન, અપરાજિત અને રાજલલિત. ।।સૂ. ૨૦૮।।

ટીકાર્થ—'एएसिं णं णवण्हं' इत्यादि–તે નવ વાસુદેવોનાં પૂર્વભવનાં નામો અનુક્રમે આ પ્રમાણે હતાં–(૧) વિશ્વભૂતિ, (૨) પર્વતક, (૩) ધનદત્ત, (૪) સમુદ્રદત્ત, (૫) ઋષિપાલ, (૬) પ્રિયમિત્ર, (૭) લલિતમિત્ર, (૮) પુનર્વસુ અને (૯) ગંગદત્ત. બળદેવોના પૂર્વભવનાં નામો અનુક્રમે નીચે પ્રમાણે હતાં-(૧) વિશ્વનંદી, (૨) સુબંધુ, (૩) સાગરદત્ત, (૪) અશોક, (૫) લલિત, (૬) વારાહ, (૭) ધર્મસેન, (૮) અપરાજિત, (૯) રાજલલિત. ।।સૂ. ૨૦૮।।

## બલદેવ ઔર વાસુદેવ કે ૯ નવ ધર્માચાર્ય કે નામકા નિરૂપણ

શબ્દાર્થ—(एएसिं णवण्हं बलदेववासुदेवाणं पुव्वभव्विया नव धम्मायरिया होत्था) एतेषां नवानां बलदेववासुदेवानां पूर्वभविकाः नव धर्माचार्याः अभवन–તે નવ બળદેવો અને વાસુદેવોના પૂર્વભવના જે નવ ધર્માચાર્યો હતા. (तं जहा) तद्यथा–તેમનાં નામ આ પ્રમાણે છે-(संभूयसुभद्दसुदंसणे य सेयंसकण्हगंगदत्ते, सागरसमुद्दनामे दुमसेणे य णवमए) संभूतः सुभद्रः सुदर्शनश्च श्रेयांसः कृष्णो गङ्गदत्तश्च, सागरः समुद्रनामा द्रुमसेनश्च नवमकः– (૧) સંભૂત, (૨) સુભદ્ર, (૩) સુદર્શન, (૪) શ્રેયાંસ, (૫) કૃષ્ણ, (૬) ગંગદત્ત, (૭) સાગર, (૮) સમુદ્ર અને (૯) દ્રુમસેન. (एए धम्मायरिया कित्तीपुरिसाण वासुदेवाणं, पूव्वभवे एयासिं जत्थजियाणाइं कासी य) एते धर्माचार्याः कीर्तिपुरुषाणां वासुदेवानाम् पूर्वभवे आसन यत्र निदानान्यकार्षुश्च——એ કીર્તિપુરુષ વાસુદેવોના પૂર્વભવમાં તે નવ ધર્માચાર્યો થયા હતા. ।।સૂ. ૨૦૯।।

ટીકાર્થ—'एएसिं णवण्हं' इत्यादि–તે નવ બળદેવ અને વાસુદેવોના પૂર્વભવમાં જે નવ ધર્માચાર્યો થઈ ગયા તેમનાં નામ નીચે પ્રમાણે છે-(૧) સંભૂત, (૨) સુભદ્ર, (૩) સુદર્શન, (૪) શ્રેયાંસ, (૫) કૃષ્ણ, (૬) ગંગદત્ત, (૭) સાગર, (૮) સમુદ્ર અને (૯) દ્રુમસેન. તે કીર્તિપુરુષ વાસુદેવોના પૂર્વભવમાં તે નવ ધર્માચાર્યો થયા હતા. ॥ સૂ. ૨૦૯ ॥

## નવ વાસુદેવોં કે નિદાનભૂમિ કે નામકા નિરૂપણ

હવે સૂત્રકાર તે વાસુદેવોની તે નિદાનભૂમિયો વિષે કહે છે કે જ્યાં તેમને નિદાન કર્યું હતું-

શબ્દાર્થ—(एएसिं नवण्हं वासुदेवाणं) एतेषां नवानां वासुदेवानां–તે નવ વાસુદેવોની (नवनियाणभूमिओ होत्था) नव निदानभूमय आसन्–નવ નિદાનભૂમિયો હતી, (तं जहा) तद्यथा–તેમનાં નામ આ પ્રમાણે છે-(महुरा य कणगवत्थू सावत्थीपोयणं च रायगिहं, कायंदीकोसंबी, मिहिलपुरी हत्थिणपुरं च) मथुराकनववास्तुश्च श्रावस्तीपोतनं च राजगृहम् काकन्दी कौशाम्बीमिथिलापुरी हस्तिनापुरं च–મથુરા, કનકવાસ્તુ, શ્રાવસ્તી, પોતન, રાજગૃહ, કાકન્દી, કૌશામ્બી, મિથિલાપુરી અને હસ્તિનાપુર: (एएसिं णं णवण्हं वासुदेवाणं णव नियाणकारणा होत्था)एतेषां खलु नवानां वासुदेवानां नव निदानकारणान्यभूवन्–તે નવ વાસુદેવોનાં જે નવ નિદાનકારણો હતાં (तं जहा) तद्यथा–તે આ પ્રમાણે છે-(गावीजुवे संगामे तह इत्थीपराइओ रंगे, भज्जाणुरागपरइड्ढीमाउयाइय) गौर्यूपः संग्रामः स्त्रीपराजितं रङ्गः, भार्यानुरागो गोष्ठीपरऋद्धिर्मातेति–ગાય, યૂપ (ખીલો), સંગ્રામ, સ્ત્રીઓ દ્વારા પરાજય,

રૂપ, ભાવાનુરાગ, ગોષ્ઠી, પરઋદ્ધિ અને માતા. (एएसिं णवण्हं वासुदेवाणं नव पडिसत्थू होत्था) एतेषां नवानां वासुदेवानां नव प्रतिशत्रव आसन्–તે નવ વાસુદેવોના જે પ્રતિસ્પર્ધી પ્રતિનાશયણો થયા તેમનાં નામ આ પ્રમાણે છે– (अस्सगीवे तारए मेरए मेहुकेढवे निसुंभे य, बलिपहराए तह रावणे जरासंघे) अश्वग्रीवस्तारको मैरको मधुकैटभो निशुम्भश्च, बलि प्रभराजस्तथा रावणश्च नवमो जरासंघः–(૧) અશ્વગ્રીવ, (૨) તારક, (૩) મૈરક, (૪) મધુકૈટભ, (૫) નિશુંભ, (૬) બલિ, (૭) પ્રભરાજ, (૮) રાવણ, (૯) જરાસંઘ (एए खलु पडिसत्तकित्तिपुरिसाण वासुदेवाणं) एते खलु प्रतिशत्रवः कीर्तिपुरुषाणां वासुदेवानाम् આ પ્રમાણે કીર્તિપુરુષ વાસુદેવોના પ્રતિશત્રુઓ થયા છે. (सव्वे वि चक्कजोही सव्वे वि हयासचक्केहिं)सर्वेऽपि चक्रयोधिनः सर्वे हताः स्वचक्रेण–એ બધા પ્રતિવાસુદેવો વાસુદેવોની સાથે ચક્ર વડે લડતાં હતાં અને પોતાના તેજ ચક્રથી આખરે માર્યા જતા. (एक्कोय सत्तमीए पंच य छट्ठीए पंचमीए एक्को, एक्कोय चउत्थीए कण्हो पुणतच्च पुढवीए) एकश्च सप्तम्यां पञ्च च षष्ठयां, पञ्चम्यामेकः, एकश्च चतुर्थ्यां कृष्णः पुनस्तृतीय पृथिव्याम्–વાસુદેવોમાંના એક-પ્રથમ વાસુદેવ સાતમી નરકમાં ગયા છે, બીજા, ત્રીજા, ચોથા પાંચમા અને છઠ્ઠા; એ પાંચ વાસુદેવો છઠ્ઠી નરકમાં ગયા છે, સાતમાં વાસુદેવ

પાંચમી નરકમાં ગયા છે, આઠમાં વાસુદેવ ચોથી નરકમા ગયા છે, અને નવમાં કૃષ્ણ વાસુદેવ ત્રીજી નરકમાં ગયા છે. (अणियाणकडा रामासव्वे वि य केसवा नियाणकडा, उड्ढंगामीरामाकेसवा सव्वे अहोगामी) अनिदानकृता रामाः सर्वेऽपि च केशवाः निदानकृताः, उर्ध्वगामिनो रामाः केशवाः सर्वेऽधोगामिनः–જેટલા બળદેવો થાય છે તેઓ નિદાન વિનાના હોય છે–એટલે કે નિયાણું બાંધતા નથી. પણ જેટલા વાસુદેવો થાય છે તે બધા નિયાણું બાંધીને થાય છે. બળદેવો ઉર્ધ્વગામી હોય છે પણ કેશવ–વાસુદેવો અધોગામી–નરકગામી હોય છે. (अट्ठंतकडारामा एगोपुण बंभलोयकप्पम्मि, एक्का से गब्भवसही सिज्झिसइ आगमिस्सेणं) अष्टावन्तकृतारामाः एकः पुनर्ब्रह्मलोककल्पे, एका तस्य गर्भवसतिः सेत्स्यतिः आगमिष्यति खलु (काले)–આઠ બળદેવો તો મોક્ષે ગયા છે, એક બળદેવ બ્રહ્મલોક કલ્પમાં ગયા છે, તેથી તે બ્રહ્મલોકમાં ગયેલ બળદેવ પણ મનુષ્યપર્યાય પામીને આગામીકાળે મોક્ષે જશે ાસૂ. ૨૧૦ા

ટીકાર્થ—'एएसिं णवण्हं वासुदेवाणं' इत्यादि–તે નવ વાસુદેવોની નવ-નિદાનભૂમિ હતી. તેમનાં નામ આ પ્રમાણે છે–મથુરા, કનકવાસ્તુ, શ્રાવસ્તી, પોતન, રાજગૃહ, કાકન્દી, કૌશામ્બી, મિથિલાપુરી અને હસ્તિનાપુર. તે નવ વાસુદેવોના નિદાન કારણો નીચે પ્રમાણે હતાં–ગાય, યૂપ, સંગ્રામ, સ્ત્રીઓદ્વારા પરાજય, રંગ, ભાર્યાનુરાગ, ગોષ્ઠી, પરઋદ્ધિ અને માતા. તે નવ વાસુદેવોના જે નવ પ્રતિશત્રુ–પ્રતિવાસુદેવો થઇ ગયા તેમનાં નામ નીચે પ્રમાણે છે––અશ્વગ્રીવ, તારક, મેરક, મધુકૈટભ, નિશુમ્ભ, બલિ, પ્રભરાજ, રાવણ અને જરાસંઘ તે કીર્તિપુરુષ વાસુદેવોના પ્રતિવાસુદેવો ઉપર પ્રમાણે હતા. તે બધા પ્રતિવાસુદેવો વાસુદેવોની સાથે ચક્રથી યુદ્ધ કરતાં હતાં અને પોતાનાં જ તે ચક્રથી આખરે માર્યા જતાં. વાસુદેવોમાંથી એક–પ્રથમ વાસુદેવ સાતમી નરકમાં ગયા છે, પાંચ વાસુદેવો–એટલે કે બીજાથી છઠ્ઠા સુધીના વાસુદેવો છઠ્ઠી નરકમાં ગયા છે, સાતમાં વાસુદેવ પાંચમી નરકે ગયા છે, આઠમાં વાસુદેવ ચોથી નરકે અને નવમાં વાસુદેવ કૃષ્ણવાસુદેવ ત્રીજી નરકે ગયા છે. જેટલા બળદેવો થાય છે તે વિના નિદાનના હોય છે–એટલે

કે નિયાણું બંધતા નથી. પણ જેટલા વાસુદેવો થાય છે તે બધા નિયાણું બાંધીને થાય છે. બળદેવ ઉર્ધ્વગામી હોય છે, વાસુદેવ નરકગામી હોય છે. આઠ બળદેવ તો મોક્ષ ગયા છે, અને એક બળદેવ બ્રહ્મલોક કલ્પમાં ગયા છે. તે બ્રહ્મકલ્પમાં ગયેલ બળદેવ પણ મનુષ્યભવ પામીને મોક્ષે જશે. ॥સૂ ૨૧૦॥

## ચૌબ્બીસ તીર્થકરોં કે નામકા નિરૂપણ

શબ્દાર્થ—(जंबूद्दीवे णं दीवे ऐरवए वासे इमीसे ओसप्पिणीए चउवीसं तित्थयरा होत्था) जम्बूद्वीपे खलु द्वीपे ऐरवते वर्षेऽस्यामवसर्पिण्यां चतुर्विंशतिस्तीर्थङ्करा आसन्—જમ્બૂદ્વીપ નામના દ્વીપમાં આવેલા ઐરવતક્ષેત્રમાં આ ઉત્સર્પિણીકાળમાં ચોવીસ તીર્થંકરો થયા છે, (तं जहा) तद्यथा—તેમનાં નામ આ પ્રમાણે છે-(चंदाणणं. सुचंदं, अग्गीसेणं, च नंदिसेणं च) चन्द्राननं सुचन्द्रमग्निसेनं नन्दिसेनं च—(૧) ચંદ્રાનન, (૨) સુચન્દ્ર, (૩) અગ્નિસેન, (૪) નંદીસેન (इसिदिण्णं वयहारीवंदिमो सोमचंदं च)ऋषिदत्तं व्रतधारिणं वन्दामहे सोमचन्द्रं च—(૫) ઋષિદત્ત, (૬) વ્રતધારી (૭) સોમચંદ્ર, તેમને હું નમસ્કાર કરૂં છું. (वंदामि जुत्तिसेणं अजियसेणं तहेव सिवसेणं)वन्दे युक्तिसेनमजितसेनं तथैव शिवसेनं—તથા (૮) યુક્તિસેન, (૯) અજિતસેન, અને (૧૦) શિવસેનને હું વંદન કરૂં છું.(बुद्धं देवसम्मं सययं निक्खित्तसत्थं च) बुद्धं च देवशर्माणं सततं निक्षिप्तशास्त्रं च—(૧૧) બુદ્ધ તત્વજ્ઞદેવશર્મા, અને (૧૨) નિક્ષિપ્તશસ્ત્ર નામના જિનદેવને પણ નમસ્કાર કરૂં છું (असंजलं जिणवसहं वंदे य अणंतयं अमियणाणिं, उवसंतं धुयरययं वंदे खलु गुत्तिसेणं च)असज्वलं जिनवृषभं वन्दे चान्तक ममितज्ञानिनम् उपशान्तं च धुतरजसं वन्दे खलु गुप्तिसेनं च—(૧૩) અસંજવલન અને (૧૪) જિનવૃષભ, ને નમસ્કાર કરૂં છું. (૧૫) અમિતજ્ઞાની અનંતનાથને હું નમન કરૂં છું. (૧૬) જેમણે કર્મરજનો નાશ કર્યો છે એવા ઉપશાન્ત નામના જિનેશ્વરને હું નમન કરૂં છું. (૧૭) ગુપ્તિ-

એમને હું નમન કરું છું (अतिपास च सुपासं देवेसर वंदियं च मरुदेवं, निव्वाणगयं च धरं खीणदुहं सामकोट्टंच) अतिपार्श्वं च सुपार्श्वं देवेश्वर वन्दितं च मेरुदेवं, निर्वाणगतं क्षीणदुःखं श्यामकोष्ठं धरं जिनं वन्दे-(૧૮) અતિપાર્શ્વ, (૧૯) સુપાર્શ્વ, (૨૦) દેવેશ્વર વંદિત મરુદેવ, એ જિનદેવોને હું વંદન કરું છું (૨૧) નિર્વાણ પામેલા, દુઃખનો ક્ષય કરનારા અને શ્યામ કોઢવાળા ધર નામના જિનદેવને હું નમું છું (जियरायमग्गिसेणं वंदे खीणरायमग्गिउत्तं च, वोक्कसिय पिज्जदोसवारिसेणं गयं सिद्धिं) जितरागमग्निसेननामानं जिनं वन्दे, क्षीणरागमग्निपुत्रनामानं जिनं च वन्दे, व्युत्कृष्टप्रेमद्वेषं वारिसेनं गतं सिद्धिम्-(૨૨) રાગને જિતનાર અગ્નિસેનને (૨૩) ક્ષીણરાગવાળા અગ્નિપુત્રને અને (૨૪) રાગદ્વેષ રહિત થઇને સિદ્ધિગતિ પ્રાપ્ત કરનાર વારિસેન જિનદેવને હું નમસ્કાર કરું છું. ॥સૂ. ૨૧૧।

ટીકાર્થ—'जंबूद्दीवे णं दीवे' इत्यादि—જંબૂદ્વીપના ઐરવતક્ષેત્રમાં આ ઉત્સર્પિણીકાળમાં જે ચોવીસ તીર્થંકરો થઇ ગયા તેમનાં નમ આ પ્રમાણે છે— (૧) ચંદ્રાનન, (૨) સુચંદ્ર, (૩) અગ્નિસેન, (૪) નંદિસેન (૫) ઋષિદત્ત, (૬) વ્રતધારી, અને (૭) સોમચન્દ્ર, એ જિનદેવોને હું નમસ્કાર કરું છુ. (૮) યુક્તિસેન, (૯) અજિતસેન, (૧૦) શિવસેન, (૧૧) બુદ્ધ-તત્ત્વજ્ઞદેવશર્મા, તથા (૧૨) નિક્ષિપ્ત શસ્ત્ર નામના જિનદેવને હું નમન કરું છું. (૧૩) અસંજ્વલન, અને (૧૪) જિન-વૃષભને હું વંદન કરું છું. (૧૫) અમિતજ્ઞાની અનંતનાથને હું નમસ્કાર કરું છું. (૧૬) કર્મરજનો નાશ કરનાર ઉપશાંત નામના જિનદેવને હું વંદન કરું છું. (૧૭) ગુપ્તિસેનને હૂં નમું છું. (૧૮) અતિપાર્શ્વ, (૧૯) સુપાર્શ્વ, અને ૦) દેવેશ્વર વંદિત મરુદેવ જિનેન્દ્રને હું વંદન કરું છું. (૨૧) નિર્વાણ પામેલ, દુઃખનો ક્ષય કરનાર, શ્યામ કોઢવાળા ધર નામના જિનદેવને હું નમસ્કાર કરૂ છું (૨૨) રાગ પર વિજય મેળવનાર અગ્નિસેનને, (૨૩) રાગનો ક્ષય કરનાર અગ્નિપુત્રને તથા (૨૪) રાગદ્વેષ રહિત થઇને સિદ્ધિગતિ પ્રાપ્ત કરનાર વારિસેન નામના જિનદેવને હું નમન કરું છું. ॥સૂ. ૨૧૧॥

શબ્દાર્થ—(जंबूद्दीवे णं दीवे) जंबुद्वीपे खलु द्वीपे—જંબૂદ્વીપ નામના આ દ્વીપમાં (आगमिस्साए उस्सप्पिणीए भारहे वासे) आगमिष्यन्त्यामुत्सर्पिण्यां भारते वर्षे—-આગામી ઉત્સર્પિણીકાળે ભારતવર્ષમાં (सत्तकुलगरा भविस्संति) सप्तकुलकरा भविष्यन्ति—સાત કુલકર થશે. (तं जहा) तद्यथा—તેમનાં નામ આ પ્રમાણે હશે-(मयवाहणे सुभूमेय सुप्पभे य सयंपभे दत्ते सुहुमे सुबंधू य आगमिस्सा ण होक्खंति) मितवाहनः सुभूमा च, सुप्रभश्च स्वयंप्रभः, दत्तः सूक्ष्मः सुबन्धुश्च आगमिष्यति खलु भविष्यन्ति—(૧) મિતવાહન, (૨) સુભૂમ, (૩) સુપ્રભ, (૪) સ્વયંપ્રભ, (૫) દત્ત, (૬) સૂક્ષ્મ અને (૭) સુબંધુ, તે કુલકરો આગામી કાળમાં થશે (जंबूद्दीवे णं दीवे आगमिस्साए उस्सप्पिणीए एरवये वासे दस कुलगरा भविस्संति) जम्बूद्वीपे खलु द्वीपे आगमिष्यन्त्यामुत्सर्पिण्यामैरवते वर्षे दश कुलकरा भविष्यन्ति—જંબૂદ્વીપ નામના દ્વીપમાં આગામી ઉત્સર્પિણીકાળમાં ઐરવતક્ષેત્રે દસ કુલકર થશે. (तं जहा) तद्यथा—-તેમનાં નામ આ પ્રમાણે છે-विमलवाहणे सीमंकरे सीमंधरे खेमंकरे खेमंधरे दढंधणू दसधणू सयधणू पडिसूई सुमइत्ति)विमलवाहनः सीमङ्करः सीमन्धरः क्षेमङ्करः क्षेमन्धरः दढधनुर्दशधनुः शतुधनुः प्रतिश्रुतिः सुमतिरिति—(૧) વિમલવહન, (૨) સીમંકર, (૩) સીમંધર, (૪) ક્ષેમંકર, (૫) ક્ષેમંધર. (૬) દઢધનુ, (૭) દશધનુ, (૮) શતધનુ, (૯) પ્રતિશ્રુતિ અને (૧૦) સુમતિ ા સૂ. ૨૧૨ાા

ટીકાર્થ—'जंबूद्दीवे ण दीवे' इत्यादि—આ જંબૂદ્વીપમાં આગામી ઉત્સર્પિણીકળમાં ભારતવર્ષમાં સાત કુલકરો થશે. તેમનાં નામ આ પ્રમાણે હશે—(૧) મિતવાહન, (૨) સુભૂમ, (૩) સુપ્રભ, (૪) સ્વયંપ્રભ, (૫) દત્ત, (૬) સૂક્ષ્મ, અને (૭) સુબંધુ જંબૂદ્વીપ નામના દ્વીપમાં આગામી ઉત્સર્પિણી કાળમાં ઐરવત ક્ષેત્રમાં દસ કુલકર થશે. તેમનાં નામ આ પ્રમાણે હશે-(૧) વિમલવાહન, (૨) સીમંધર, (૩) સીમંધર, (૪) ક્ષેમંકર, (૫) ક્ષેમંધર, (૬) દઢધનુ, (૭) દશધનુ, (૮) શતધનુ, (૯) પ્રતિશ્રુતિ અને (૧૦) સુમતિ, ાાસૂ. ૨૧૨ાા

શબ્દાર્થ—(जंबूदीवे णं दीवे भारहे वासे आगम्मिस्साए उस्सप्पिणीए चउवीसं तित्थगरा भविस्संति) जम्बूद्वीपे खलु द्वीपे भारते वर्षे आगमिष्यन्त्यामुत्सर्पिण्यां चतुर्विंशतिस्तीर्थंकरा भविष्यन्ति-જંબૂદ્વીપ નામના દ્વીપમાં આવેલા ભરતક્ષેત્રમાં આગમી ઉત્સર્પિણીકાળમાં ૨૪ ચોવીસ તીર્થંકરો થશે. (तं जहा) तद्यथा-તેમનાં નામ આ પ્રમાણે હશે-(महापउमे सूरदेवे सुपासे य सयंपभे, सव्वाणुभूई अरहा देवस्सुए य होक्खइ)महापद्मःसूरदेवः सुपार्श्वश्च स्वयंप्रभः, सर्वानुभूतिरर्हन् देवश्रुतश्च भविष्यन्ति-(૧) મહાપદ્મ, (૨) સૂરદેવ, (૩) સુપાર્શ્વ, (૪) સ્વયંપ્રભ, (૫) સર્વાનુભૂતિ, (૬) દેવશ્રુત (उदये पेढालपुत्ते य पोट्टिले सत्तकित्ति य, मुणिसुव्वय य अममे सव्वभाव विऊ जिणे) उदयः पेढालपुत्रश्च पोट्टिलः सप्तकीर्तिश्च,मुनिसुव्रतश्च अममः सर्वभावविद् जिनः-(૭) ઉદય, (૮) પેઢાલપુત્ર, (૯) પોટ્ટિલ, (૧૦) સપ્તકીર્તિ, (૧૧) મુનિસુવ્રત, (૧૨) અમમ, (૧૩) સર્વભાવવિત (अरहा णिक्कसाए य निप्पुलाए य निम्ममे, चित्तउत्ते समाही य आगमिस्से णं होक्खइ) अर्हन् निष्कपापश्च निष्पुलाकश्च निर्ममः चित्रगुप्तः समाधिश्च आगमिष्यतिकाले भविष्यति-(૧૪)અર્હંત-નિષ્કપ ય, (૧૫) નિષ્પુલક, (૧૬) નિર્મમ. (૧૭) ચિત્રગુપ્ત, (૧૮) સમ વિ. (संवरे अणियट्टी य विजए विमलेति च देवोववाए अरहा अणंतविजए इय) संवरोऽनिवृत्तिश्च विमलो विजय इति च देवोपपातोऽर्हननन्त विजय इति-(૧૯) સંવર, (૨૦) અનિર્વૃત્તિ, (૨૧) વિજય, (૨૨)વિમલ, (૨૩) દેવોપપાત, (૨૪) અર્હંત અનન્તવિજય. (एए वुत्ता चउवीसं भरहे वासे केवली, आगमिस्से णं होक्खंति धम्मतित्थस्स देसगा) एते उक्तांश्चतुर्विंशतिर्भारते वर्षे केवलिनः, आगमिष्यतिकाले भविष्यन्ति धर्मतीर्थस्य देशकाः-પૂર્વોકત ૨૪ ચોવીસ તીર્થંકરો આગામીકાળે ભારતવર્ષમાં ધર્મતીર્થના ઉપદેશક કેવલી થશે. ।।સૂ ૨૧૩।।

ટીકાર્થ—'जंबूदीवे णं दीवे' इत्यादि-જંબૂદ્વીપ નામના દ્વીપમાં આવેલા ભારતવર્ષમાં આગામી ઉત્સર્પિણીકાળમાં ચોવીસ તીર્થંકર થશે. તેમનાં નામ આ પ્રમાણે છે—(૧) મહાપદ્મ, (૨) સૂરદેવ, (૩) સુપાર્શ્વ, (૪) સ્વયંપ્રભ, (૫) સર્વાનુભૂતિ, (૬) દેવશ્રુત, (૭) ઉદય, (૮) પેઢલપુત્ર, (૯) પોટ્ટિલ, (૧૦) સતકીર્તિ,

[૧૧] મુનિસુવ્રત્ત, (૧૨) અમમ, (૧૩) સર્વભાવવિત, (૧૪) અર્હંત નિષ્કાય,(૧૫) નિષ્પુલાક, (૧૬) નિર્મમ, (૧૭) ચિત્રગુપ્ત, (૧૮) સમાધિ, (૧૯) સંવર, (૨૦) અનિર્વૃત્તિ, (૨૧) વિજય, (૨૨) વિમલ, (૨૩) દેવોપપાત અને (૨૪) અર્હંત અનંતવિજય. તે પૂર્વોક્ત ૨૪ ચોવીસ તીર્થંકરો ભારતવર્ષમાં આગામીકાળમાં ધર્મતીર્થના ઉપદેશક કેવલી થશે. ।।સૂ. ૨૧૩।।

## ભવિષ્યકાલ કે ચૌબ્બીસ તીર્થકરોં કે પૂર્વભવ કે ચૌબ્બીસ નામકા કથન

શબ્દાર્થ—(एएसि णं चउव्वीसाए तित्थगराणं) एतेषां खलु चतुर्विंशतेस्तीर्थंकराणां—તે ચોવીસ તીર્થંકરોના (पुव्वभविया चउव्वीसं नामधेज्जा भविस्संति) पूर्वभविकानि चतुर्विंशति नामधेयानि भविष्यन्ति—પૂર્વભવના જે નામ હતા તે આ પ્રમાણે હતા. (सेणिए सुपास उदए पोट्टिल अणगार तह दढाऊ य, कत्ति य संखे य तहा नंद सुनंदे य सत्तए य)श्रेणिकः सुपार्श्वः उदयः पोट्टिलोऽनगारस्तथा दृढायुश्च, कार्तिकः शंखश्च तथा नन्दः सुनन्दश्च शतकश्च-(૧) શ્રેણિક, (૨) સુપાર્શ્વ, (૩) ઉદય, (૪) અણગાર પોટ્ટિલ, (૫) દઢાયુ. (૬) કાર્તિક, (૭) શંખ, (૮) નંદ, (૯) સુનંદ, (૧૦) શતક, (बोद्धव्वा देवई य कण्ह य तह सच्चइ य बलदेवे, रोहिणि सुलसा चेव, तत्तो खलु रेवईचेव) बोद्धव्या देवकी च कृष्णश्च तथा सात्यकिश्च बलदेव, रोहिणी सुलसाचैव ततः खलु रेवती चैव-(૧૧) દેવકી, (૧૨) કૃષ્ણ, (૧૩) સાત્યકિ, (૧૪) બલદેવ, (૧૫) રોહિણી, (૧૬) સુલસા, (૧૭) રેવતિ, (तत्तो हवई सयाली बोद्धव्वे खलु तहा भयाली य दीवायणे य कण्हे तत्तो खलु नारएचेव) ततो भवति शतालिर्बोद्धव्यः खलु तथा भयालिश्च, द्वैपायनश्च कृष्णस्ततः खलु नारदश्चैव—(૧૮) શતાલિ, (૧૯) ભયાલિ, (૨૦) કૃષ્ણદ્વૈપાયન, (૨૧) નારદ, (अंबरदारुमडे य साईबुद्धे य होंइ बोद्धव्वे, भावीतित्थगराणं णामाइं पुव्वभवियाइं) अम्बडो

दारुमृतः स्वातिबुद्धश्च भवति बोद्धव्यः, भावितीर्थंकराणां नामानि पूर्वभविकानि–[૨૨] અમ્બડ, (૨૩) દારુમૃત અને (૨૪) સ્વાતિબુદ્ધ, એ ભાવિ તીર્થંકરોના પૂર્વભવનાં નામો છે. (एएसिं चउव्वीसाए तित्थगराणं चउव्वीसं पियरो भविस्संति, चउवीसं मायरो भविस्संति) एतेषां चतुर्विंशतेतीर्थंकराणां चतुर्विंशतिः पितरो भविष्यन्ति, चतुर्विंशतिर्मातरो भविष्यन्ति–તે ચોવીસ તીર્થંકરોના ૨૪ પિતા થશે અને ૨૪ માતા થશે. (चउव्वीसं पढमसीसा भविस्संति) चतुर्विंशतिः प्रथमशिष्याः भविष्यन्ति–વૃષભસેન આદિની જેમ ચોવીસ શિષ્યો થશે. (चउव्वीसं पढमसिस्सीणीओ भविस्संति) चतुर्विंशतिः प्रथमशिष्या भविष्यन्ति–બ્રાહ્મી આદિની જેમ ૨૪ પ્રથમ શિષ્યાઓ થશે. (चउव्वीसं पढमभिक्खादायगा भविस्संति) चतुर्विंशतिः प्रथमभिक्षादायका भविष्यन्ति–શ્રેયાંસ આદિની જેમ ચોવીસ પ્રથમ ભિક્ષાદાતાઓ થશે. (चउव्वीसं चेइयरुक्खा भविस्संति) चतुर्विंशतिश्चैत्यवृक्षा भविष्यन्ति–તે તીર્થંકરોનાં ચોવીસ ચૈત્યવૃક્ષો હશે. જેની નીચે તીર્થંકરોને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે, એવાં બાંધેલી વેદિકાવાળાં વૃક્ષને ચૈત્યવૃક્ષ કહે છે. ॥ સૂ. ૨૧૪॥

ટીકાર્થ—'एएसिणं चउव्वीसाए' इत्यादि–તે ચોવીસ તીર્થંકરોના પૂર્વભવનાં નામો આ પ્રમાણે હતાં–શ્રેણિક, સુપાર્શ્વ, ઉદય, અણગાર પોટ્ટિલ, દ્રઢાયુ, કાર્તિક, શંખ, નંદ, સુનંદ, શતક, દેવકી, કૃષ્ણ, સાત્યકિ, બળદેવ, રોહિણી, સુલસા, રેવતી, શતાલિ, ભયાલિ, કૃષ્ણદ્વીપાયન, નારદ, અમ્બડ, દારુમૃત, અને સ્વાતિબુદ્ધ આ ભાવિતીર્થંકરોના પૂર્વભવના નામો છે તેનું તાત્પર્ય એ છે કે–શ્રેણિક આદિ પૂર્વોક્ત નામના મનુષ્યો ભવિષ્યકાળમા એટલે કે આગામી ઉત્સર્પિણી કાળમાં મહાપદ્મ આદિ નામના તીર્થંકર થશે. શ્રેણિક મહાપદ્મ નામના પહેલા તીર્થંકર થશે, સુપાર્શ્વ, સૂરદેવ નામના બીજા જિનદેવ થશે. ઉદય, સુપાર્શ્વ નામના ત્રીજા જિનેશ્વર થશે. પોટ્ટિલ અણગાર સ્વયંપ્રભ નામના ચોથા તીર્થંકર થશે દ્રઢાયુ,

સર્વાનુભૂતિ નામના પાંચમાં તીર્થંકર થશે. કાર્તિક, દેવશ્રુતિ નામના છઠ્ઠા જિનદેવ થશે. શંખ, ઉદય નામનાં સાતમાં તીર્થંકર થશે. નન્દ, પેઢાલપુત્ર નામના આઠમાં જિન થશે. સુનન્દ પોટ્ટિલ નામના નવમા જિનદેવ થશે. શતક, શતકીર્તિ નામે દસમાં તીર્થંકર થશે. દેવકી, મુનિસુવ્રત નામે અગીયારમાં તીર્થંકર થશે. કૃષ્ણ. અમમ નામે બારમાં તીર્થંકર થશે. સાત્યકિ બળદેવ અને રોહિણી અનુક્રમે સર્વ-ભાવવિત્, નિષ્કષાય અને નિષ્પુલાક નામના તેરમાં ચૌદમાં અને પંદરમાં તીર્થંકર થશે. સુલસા, અને રેવતી અનુક્રમે નિર્મમ અને ચિત્રગુપ્ત નામના સોળમાં અને સત્તરમાં તીર્થંકર થશે. શતાલિ ભયાલિ અને કૃષ્ણદ્વૈપાયન અનુક્રમે સમાધિ અને અનિવૃત્તિ નામના ૧૮માં ૧૯માં અને ૨૦ માં તીર્થંકર થશે. નારદ, અમ્બડ, દાસમૃત અને સ્વાતિબુદ્ધ અનુક્રમે વિજય, વિમલ, દેવોપપાત અને અનન્તવિજય નામના ૨૧માં, બાવીસમાં, તેવીસમાં અને ચોવીસમાં તીર્થંકર થશે. તે ચોવીસ તીર્થંકરોના ૨૪ પિતા અને ૨૪ માતા થશે. વૃષભસેન આદિની જેમ ચોવીસ પ્રથમ શિષ્ય થશે, બ્રાહ્મી આદિની જેમ ચોવીસ પ્રથમ શિષ્યાઓ થશે શ્રેયાંસ આદિની જેમ ૨૪ પ્રથમ ભિક્ષાદાતા થશે. જેની નીચે તીર્થંકરોને કેવળજ્ઞાન થાય છે એવા બદ્ધ-વેદિકા યુક્ત વૃક્ષને ચૈત્યવૃક્ષ કહે છે. જેવીરીતે ઋષભદેવ આદિ તીર્થંકરોના ન્યગ્રોધ આદિ ચોવીસ ચૈત્યવૃક્ષો થયાં છે. તે પ્રમાણે ઉપરોકત તિર્થંકરોના પણ ચોવીસ ચૈત્યવૃક્ષો હશે. ાાસૂ. ૨૧૪ાા

શબ્દાર્થ–(जंबुद्दीवे णं दीवे) जम्बूद्वीपे खलु द्वीपे–જંબૂદ્વીપ નામના દ્વીપમાં (भारहे वासे) भारत वर्ष–ભરતક્ષેત્રમાં (आगमिस्साए उस्सप्पिणीए) आगमिष्यन्त्यामुत्सर्पिण्यां આગામી ઉત્સર્પિણી કાળમાં (बारसचक्कवट्टिणो भविस्संति) द्वादश चक्रवर्तिनो भविष्यन्ति–બાર ચક્રવર્તિયો થશે. (तंजहा) तंद्यथा–તેમનાં નામ આ પ્રમાણે હશે. (भरहे य दीहदंते गूढदंते य सुद्धदंते य सिरिउत्ते सिरिभूई सिरिसोमे य रूत्तमे) भरतश्च दीर्घदन्तो गूढदन्तश्च शुद्धदन्तश्च श्रीपुत्र श्रीभूति श्री सोमश्च सप्तमः–(૧) ભરત, (૨) દીર્ઘદન્ત, (૩) ગૂઢદંત, (૪) શુદ્ધદંત (૫) શ્રીપુત્ર, (૬) શ્રીભૂતિ, (૭) શ્રી સોમ, (पउमे महापउमे विमलवाहणे विपुलवाहणेचेव वरिट्ठे बारसमे बुत्ते आगमिस्सा भरहाहिवा) पद्मश्च महापद्मो विमलवाहनो विपुलवाहनश्चैव वरिष्ठो द्वादशा उक्तः आगमिष्यन्तो भरताधिपाः (૮)પદ્મ, (૯)મહાપદ્મ (૧૦) વિમલવાહન, (૧૧)વિપુલવાહન, અને (૧૨] વરિષ્ઠ, તેઓ આગામી કાળમાં ભરતક્ષેત્રનાં અધિપતિ થશે (एएसि णं बारसण्हं चक्कवट्टीणं बारस पियरो भविस्संति) एतेषां द्वाद्शानां चक्रवर्तिनाम् द्वादशपितरो भविष्यन्ति તે બાર ચક્રવર્તિયોના બ.૨ પીતા થશે, (बारस मायरो भविस्संति) द्वादशमातरो भविष्यन्ति–અને બાર માતાઓ થશે. (बारस इत्थीरयणा भविस्संति) द्वादश स्त्रीरत्नानि भाविष्यन्ती–અને બાર સ્ત્રીરત્નો થશે ॥સૂ. ૨૧૫॥

ટીકાર્થ–'जंबुद्दीवेणं दीवे' इत्यादि—જંબૂદ્વીપ નામના દ્વીપમાં આવેલા ભારતવર્ષમાં આગામી ઉત્સર્પિણી કાળમાં બાર ચક્રવર્તિયો થશે. તેમનાં નામ આ પ્રમાણે હશે–ભરત, દીર્ઘદન્ત, ગૂઢદન્ત, શુદ્ધદન્ત, શ્રીપુત્ર, શ્રીભૂતિ, સોમ, પદ્મ મહાપદ્મ, વિમલવાહન, વિપુલવાહન અને બારમા વરિષ્ઠ તેઓ આગામી કાળમાં ભરતક્ષેત્રનાં અધિપતિ થશે. ॥સૂ. ૨૧૫॥

શબ્દાર્થ--(जंबूदीवेणं दीवे) जम्बूद्वीपे खलु द्वीपे-જંબૂદ્વીપ નામના આ દ્વીપમાં (भारहे वासे) भारते वर्ष-ભારતવર્ષમાં (आगमिस्साए उस्सप्पिणीए) आगमिष्यन्त्यामुत्सर्पिण्यां-આગામી ઉત્સર્પિણી કાળમાં (नव बलदेव वासुदेव पियरो भविस्संति) नव बलदेव-वासुदेवपितरो भविष्यन्ति-નવ બળદેવ અને નવ વાસુદેવના નવ પિતા થશે. (नव वासुदेवमायरो भविस्संति) नव वासुदेवमातरो भविष्यन्ति-નવવાસુદેવોની નવમાતાઓ થશે. (नव बलदेव मायरो भविस्संति) नव बलदेवमायरो भविष्यन्ति-નવબળદેવોની નવ માતાઓ થશે. (नव दसारमंडला भविस्संति) नव दशार्हमण्डलानि भविष्यन्ति-આ રીતે નવ બળદેવ અને નવવાસુદેવના નવ મંડળ થશે-એટલે કે એક બળદેવ અને એક વાસુદેવ, એમ બબ્બેના નવ યુગલ થશે. (उत्तमपुरिसा, मज्झिम पुरिसा, पहाणपुरिसा ओयंसी तेयंसी एवं सोचेव वण्णओ भाणियब्वो जाव-नीलग पीयगवसणा दुवे दुवे रामकेसवा भायरो भविस्संति) उत्तमपुरुषाः मध्यमपुरिषाः प्रधानपुरुषाः ओजस्विनः तेजस्विनः एवं स एव वर्णको भणितव्यः यावत् नीलकपीतकवसना द्वौ द्वौ रामकेशवौ भ्रातरो भविष्यन्ति-આ બધાં પદોના અર્થ સૂત્ર ૨૧૩માં આપી દીધેલ છે. (तंजहा) तद्यथा-તેમનાં નામ આ પ્રમાણે હશે-(नंदेय नंदमित्ते दीहबाहू तहा महाबाहू, अइबले महाबले बलभद्दे य सत्तमे दुविट्ठ य तिविट्ठय) नन्दश्च नन्दमित्रो दीर्घबाहुस्तथा महाबाहुः अतिबलो महाबलो बलभद्रश्च सप्तमः द्विपृष्ठश्च त्रिपृष्ठ-(१) નન્દ. (૨) નન્દમિત્ર, (૩) દીર્ઘબાહુ, (૪) મહાબાહુ (૫) અતિબલ (૬) મહાબલ, (૭) બળભદ્ર, (૮) દ્વિપૃષ્ઠ અને (૯) ત્રિપૃષ્ઠ. (आगमिस्साण विण्हुणो) आगमिष्यन्तः खलु विष्णवः-આગામી કાળમાં ઉત્પન્ન થનારા વિષ્ણુઓ-વાસુદેવોનાં તે નામો હશે.(जयंते विजये भद्दे सुप्पभे य सुदंसणे आणंदे नंदणे पउमे संकरिसणे य अपच्छिमे) जयन्तो विजयो भद्रः सुप्रभश्च सुदर्शनः आनन्दो नन्दनः पद्मः सङ्कर्षणश्च अपश्चिमः-(૧) જયંત, (૨) વિજય, (૩) ભદ્ર, (૪) સુપ્રભ, (૫) સુદર્શન, (૬) આનંદ (૭) નંદન, (૮) પદ્મ અને છેલ્લા સંકર્ષણ, એ નવ આગામી કાળમાં બળદેવો થશે. (ए ए सि णं नवण्हं बलदेल-वासु

देवाणं पुव्वभविया णव नामधेज्जा भविस्संति नव धम्मयरिया भविस्संति नवनियाणभूमीओ भविस्संति नवनियाणकारणा भविस्संति) एतषां खलु नवानां बलदेववासुदेवाना पूर्वभवकानि नव नामधेयानि भविष्यन्ति नव धर्माचार्याः भविष्यन्ति नव निदानभूमियो भविष्यन्ति, नव निदानकारणानि भविष्यन्ति–તે બળદેવો અને વાસુદેવોના પૂર્વભવના નવ નામ હશે, નવ ધર્માચાર્યો થશે, નવ નિદાનભૂમિયો થશે અને નવ નિદાનકારણો થશે (नव पडिसत्तू भविस्संति) नवप्रतिशत्रवो भविष्यन्ति–નવ પ્રતિશત્રુ વાસુદેવો થશે, (तं जहा) तद्यथा–તે નવ પ્રતિવાસુદેવોનાં નામ આ પ્રમાણે હશે–(तिलए य लोहजंघे वइरजंघे य केसरी पहराए अपराइए भीमे महाभीमे य सुग्गीवे) तिलको लोहजङ्घो वज्रजङ्घश्च केशरीप्रह्लादः अपराजितश्च भीमो महाभीमश्च सुग्रीवः- (૧) તિલક, (૨) લોહજંઘ, (૩) વજ્રજંઘ, (૪) કેશરી, (૫) પ્રહ્લાદ, (૬) અપરાજિત, (૭) ભીમ, (૮) મહાભીમ અને (૯) સુગ્રીવ (एए खलु पडिसत्तू कित्तिपुरिसाण वासुदेवाणं) एते खलु प्रतिशत्रवः कीर्तिपुरुषाणां वासुदेवानां–પૂર્વોક્ત પ્રતિવાસુદેવો કીર્તિપુરુષ વાસુદેવોના પ્રતિશત્રુઓ થશે. (सव्वे वि चक्कजोही हम्मिहिंति सचक्केहिं) सर्वेपि चक्रयोधिनः सर्वे हनिष्यन्ते स्वचक्रेण–તે બધા પ્રતિવાસુદેવો યુદ્ધમાં ચક્રની મદદથી લડશે અને અન્તે પોતાના જ તે ચક્રથી માર્યા જશે. ॥ સૂ ૨૧૬ ॥

ટીકાર્થ—'जंबूद्दीवे णं दीवे' इत्यादि–આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભરતક્ષેત્રની અંદર આગામી ઉત્સર્પિણીકાળમાં નવ બળદેવ અને નવ વાસુદેવના નવ પિતા થશે. બળદેવ અને વાસુદેવના પિતા એક જ હોય છે, અને માતા જુદી જુદી હોય છે. તેથી અહીં તે બન્નેના નવ પિતા કહેલ છે. તથા નવ વાસુદેવોની નવ માતાઓ થશે અને નવ બળદેવોની નવ માતાઓ થશે એમ સૂત્રકારે કહેલ છે આ રીતે નવ બળદેવ અને નવ વાસુદેવના મંડળ થશે–એટલે કે એક બળદેવ અને એક વાસુદેવ એ પ્રમાણે બબ્બેનાં નવયુગલ થશે. અહીં 'उत्तमपुरिसा' થી લઈને 'दुवे दुवे रामकेसवो भायरो भविस्संति' અહીં સુધીનો પાઠ સૂત્ર ૨૧૩ પ્રમાણે ભવિષ્યકાળનો પ્રયોગ કરીને સમજી લેવો જોઈએ

તે બધાં પદોના અર્થ સૂત્ર ૨૧૩ની વ્યાખ્યા કરતી વખતે આપી દીધેલ છે. ભવિષ્યકાળમાં તેમનાં કયાં કયાં નામ હશે? તેનો જવાબ આપતા સૂત્રકાર કહે છે કે તેમનાં નામ આ પ્રમાણે હશે—નન્દ, નન્દમિત્ર, દીર્ઘબાહુ, મહાબાહુ, અતિબલ, મહાબલ, બલભદ્ર, દ્વિપૃષ્ઠ અને ત્રિપૃષ્ઠ એ નવ વિષ્ણુ-વાસુદેવો આગામીકાળમાં થશે. જયંત, વિજય, ભદ્ર, સુપ્રભ, સુદર્શન, આનંદ, નંદન, પદ્મ અને સંકર્ષણ એ નવ બળદેવો આગામીકાળમાં થશે. તે નવ બળદેવો અને નવ વાસુદેવોના પૂર્વભવના નવ, નવ નામ હશે, તેમના નવ ધર્માચાર્યો થશે, નવ નિદાનભૂમિયો હશે, નવ નિદાનકારણો હશે અને નવ પ્રતિવાસુદેવો થશે. તે નવ વાસુદેવોના નવ પ્રતિશત્રુઓ-પ્રતિવાસુદેવો-નાં નામ આ પ્રમાણે હશે--તિલક, લોહજંઘ, વજ્રજંઘ, કેશરી, પ્રહ્લાદ, અપરાજિત, ભીમ, મહાભીમ, અને સુગ્રીવ. કીર્તિપુરુષ વાસુદેવોના તે નવ પ્રતિશત્રુઓ થશે. તે સઘળા પ્રતિવાસુદેવો યુદ્ધમાં ચક્રથી લડશે અને અન્તે પોતાના જ તે ચક્રથી તેઓ માર્યા જશે. પ્રતિવાસુદેવ યુદ્ધમાં વાસુદેવને મારવાને માટે ચક્ર છોડે છે. પણ તે ચક્ર વાસુદેવને ઉની આંચ પણ લગાડી શકતું નથી પણ તે પાછું ફરીને પ્રતિવાસુદેવની જ હત્યા કરે છે. એવું શાસ્ત્રીય કથન છે તે કથનનું જ અહીં સૂચન કરવામાં આવ્યું છે. ।।સૂ.૨૧૬।।

શબ્દાર્થ—(जंबूद्दीवे णं दीवे) जम्बूद्वीपे खलु द्वीपे—જમ્બૂદ્વીપ નામના આ દ્વીપમાં (एरवए वासे) ऐरवते वर्षे—ઐરવતક્ષેત્ર નામના સાતમાં ક્ષેત્રમાં (आगमिस्साए उस्सप्पिणीए चउव्वीसं तित्थगरा भविस्संति) आगमिष्यन्त्यामुत्सर्पिण्यां चतुर्विंशतिस्तीर्थंकरा भविष्यन्ति—આગામી ઉત્સર્પિણીકાળમાં ચોવીસ તીર્થંકરો થશે (तं जहा) तद्यथा—તેમનાં નામ આ પ્રમાણે છે— सुमंगले य सिद्धत्थे निव्वाणे य महाजसे धम्मज्जए य अरहा आगमिस्साण होस्सइ) सुमङ्गलश्च सिद्धार्थो निर्वाणश्च महायशाः धर्मध्वजश्च अर्हन् आगमिष्यति खलु काले भविष्यन्ति—(૧) સુમંગલ, (૨) સિદ્ધાર્થ, (૩) નિર્વાણ, (૪) મહાયશ, (૫) ધર્મધ્વજ, (सिरिचंदे पुप्फकेऊ महाचंदे य केवली सुयसागरे य अरहा आगमिस्साण होस्सइ) श्रीचन्द्रः पुष्पकेतुः महाचन्द्रश्च केवली, श्रुतसागरश्चार्हन् आगमिष्यति काले खलु भविष्यति—(૬) શ્રીચન્દ્ર, (૭) પુષ્પકેતુ, (૮) મહાચંદ્ર, (૯) અર્હંતશ્રુતસાગર ( सिद्धत्थे पुण्णघोसे य महाघोसे य केवली, सच्चसेणे य अरिहा आगमिस्साण होस्सइ) सिद्धार्थः पुण्यघोषश्च महाघोषश्च केवली, सत्यसेनश्चार्हन् आगमिष्यति काले भविष्यन्ति—(૧૦) સિદ્ધાર્થ, (૧૧) પુણ્યઘોષ, (૧૨) મહાઘોષ, (૧૩) સત્યસેન, (सूरसेणे य अरिहामहासेणे य केवली, सव्वाणंदे य अरहा देवउत्ते य होस्सइ) सूर

सेनश्चार्हन् महासेनश्च केवली, सर्वानन्दश्चार्हन् देवगुप्तश्च भविष्यन्ति-(१४) સૂરસેન, (૧૫) મહાસેન, (૧૬) સર્વાનંદ, (सुपासे सुव्वए अरहा अरहे य सुकोसले) सुपार्श्वः सुव्रतोऽर्हन्, अर्हंश्च सुकोसले-(૧૭) સુપાર્શ્વ, (૧૮) સુવ્રત, (૧૯) સુકોશલ, (अरहा अणंतविजए) अर्हन्ननन्तविजयः-(૨૦) અનન્તવિજય, (विमले उत्तरे अरहा अरहा य महाबले, देवाणंदे य अरहा आगमिस्साण होस्सइ) विमल उत्तरोऽर्हन् अर्हंश्च महाबलः देवानन्दश्च अर्हन, आगमिष्यति काले खलु भविष्यन्ति-(૨૧) વિમલ, (૨૨) ઉત્તરે, (૨૩) મહાબલ અને (૨૪) દેવાનંદ 'एए वुत्ता चउव्वीसं एरवयम्मि केवली, आगमिस्साण होस्संति, धम्मतित्थस्स देसगा) एते उक्ताश्चतुर्विंशतिरैरवते केवलिनः, आगमिष्यति काले भविष्यन्ति, धर्मतीर्थस्य देशकाः-એ ભવિષ્યકાળમાં ઐરવતક્ષેત્રમા થનારા તીર્થંકરોનાં નામ કહેલાં છે તેઓ ત્યાં આગામીકાળમાં ધર્મતીર્થના ઉપદેશક થશે.।સૂ.૨૧૭।

ટીકાર્થ—"जंबुद्दीवेणं" इत्यादि—જંબૂદ્વીપ નામના દ્વીપમાં આવેલ ઐરવત નામના સાતમાં ક્ષેત્રમા આગામી ઉત્સર્પિણી કાળમાં ચોવીસ તીર્થંકર થશે. તેમનાં નામ આ પ્રમાણે હશે-સુમંગલ, સિદ્ધાર્થ, નિર્વાણ, મહાયશ, ધર્મધ્વજ, શ્રીચન્દ્ર, પુષ્પકેતુ, મહાચંદ્ર, અર્હંત શ્રુતસાગર, સિદ્ધાર્થ, પુણ્યઘોષ, કેવલી મહાઘોષ, અર્હંત સત્યસેન, અર્હંત સૂરસેન, કેવલી મહાસેન, અર્હંત સર્વાનંદ, તે દેવવૃન્દોથી સેવિત ૧૬માં તીર્થંકર થશે. સુપાર્શ્વ, સુવ્રત, સુકોશલ. અર્હંત અનંતવિજય, વિમલ, અર્હંત ઉત્તર અર્હંત મહાબલ અને અર્હંત દેવાનંદ. આ સૂત્રમાં પ્રત્યેક ગાથામાં જે "आगमिस्साण होस्सइ" એવો પાઠ આવ્યો છે તેનું તાત્પર્ય એ છે કે તેઓ ભવિષ્યકાળમાં તીર્થંકર થશે. "देवगुप्त" આ વિશેષણ 'સર્વાનન્દ' તીર્થંકરની સાથે આવેલું છે છતાં તેને બધા તીર્થંકરો સાથે લઈ શકાય છે. કારણ કે સઘળા તીર્થંકરોને દેવવૃન્દો વંદન કરે છે-તેમની સેવા કરે છે. 'अर्हन्' વિશેષણ ચાર ઘાતિયા કર્મોનો નાશ કરવાના અર્થનું દર્શક છે. તે વિશેષણ પણ સર્વે તીર્થંકરોને લગાડી શકાય છે. પાદપૂર્તિને માટે જ સૂત્રકારે તે વિશેષણો કોઈ કોઇ જગ્યાએ વાપર્યાં છે. ઐરવત ક્ષેત્રમાં ભવિષ્યકાળમાં ઉપરોક્ત તીર્થંકરો થવાના છે અને તેઓ આગામી કાળમાં ત્યાં ધર્મતીર્થના ઉપદેશક થશે ।।સૂ. ૨૧૭।।

શબ્દાર્થ-(बारस चक्कवट्टिणो भविस्संति) द्वादश चक्रवर्तिनो भविष्यन्ति- બાર ચક્રવર્તિયે થશે. (बारस चक्कवट्टिपियरो भविस्संति) द्वादश चक्रवर्त्तिपितरो भविष्यन्ति-બાર ચક્રવર્તિયોના બાર પિતા થશે. (बारस चक्कवट्टिमायरों भविस्संति) द्वादश चक्रवर्तिमातरो भविष्यन्ति-ચક્રવર્તિયોની બાર માતાઓ થશે. (बारसइत्थीरयणा भविस्संति) द्वादशस्त्रीरत्नानि भविष्यन्ति-બાર સ્રીરત્નો થશે. (नव बलदेववासुदेवपियरो भविस्संति) नव बलदेववासुदेवपितरो भविष्यति-નવ બળદેવો અને નવ વાસુદેવોના નવ પિતા થશે. (नव वासुदेवमायरो भविस्संति, नव बलदेवमायरो भविस्संति) नव वासुदेव मातरो भविष्यन्ति, नवबलदेवमातरो भविष्यन्ति-નવ વાસુદેવોની નવ માતાઓ થશે અને નવ બળદેવોની નવ માતાઓ થશે. (नवदसारमंडला भविस्संति) नवदशार्हमण्डलानि भविष्यन्ति-નવ દશાર્હમંડલ થશે.(तं जहा) तद्यथा-(उत्तमपुरिसा, मज्झिमपुरिसा, पहाणपुरिसा, जाव दुवे दुवे रामकेसवा भायरो भविस्संति) उत्तमपुरुषाः मध्यमपुरुषाः प्रधानपुरुषाः यावद् द्वौ द्वौ रामकेशवौ भ्रातरौ भविष्यन्ति-આ પદોના અર્થ ૨૧૩માં સૂત્રમાં આપી દીધા છે. અહીં ત્યાં તેમને ભવિષ્યકાળની અપેક્ષાએ સમજવા જોઇએ. (णव पडिसत्तू भविस्संति) नव प्रतिशत्रवो भविष्यन्ति-તે વાસુદેવોના પ્રતિશત્રુ નવ પ્રતિવાસુદેવો થશે. (नव पुव्वभवणामधेज्जा) नव पूर्वभवनामधेयानि-તેમનાં પૂર્વભવના નવ નામ હશે. (नव धम्मायरिया) नव धर्माचार्याः-તેમના નવ ધર્માચાર્યો થશે, (नव नियाणभूमीओ) नव निदानभूमयः-તેમની નવ નિદાનભૂમિયો હશે. (नव नियाण कारणा) नवनिदान कारणानि-નિયાણાનાં નવ કારણો હશે. (आयाए एरवए) आदाय ऐरवतम्-તેઓ ઐરવતક્ષેત્રમાં (आगमिस्साए-आगमिष्यन्त्याम्-આગામી ઉત્સર્પિણીકાળમાં થશે એમ (भाणियव्वा) भणितव्यानि-

કથન સમજી લેવાનું છે. (एवं दोसुवि आगमिस्साए भाणियव्वा) एवं द्वयोरपि आगमिष्यन्त्यां भणितव्या:–આ પ્રમાણે બલદેવો અને વાસુદેવો ભરત અને ઐરવતક્ષેત્રમાં આગામી ઉત્સર્પિણીકાળમાં થશે તેમ સમજવું. ॥સૂ. ૨૧૮॥

ટીકાર્થ—"बारस चक्कवट्टिणो" इत्यादि—બાર ચક્રવર્તિયો થશે. બાર ચક્રવર્તિયોના બાર પિતા થશે. બાર ચક્રવર્તિયોની બાર માતાઓ થશે અને બાર સ્રીરત્નો થશે. નવ બળદવો તથા નવ વાસુદવોના નવ પિતા થશે. નવવાસુદેવોથી નવ માતાઓ થશે અને બળદવોની નવ માતાઓ થશે નવ દશાર્હ મંડળ થશે એટલે કે એક બળદેવ અને એક વાસુદેવ એમ બબ્બેના નવ યુગલ થશે. "उत्तमपुरिसा" થી "रामकेसवा भायरो भविस्संति" સુધીના પદોના અર્થ ૨૧૩માં સૂત્રમાં આપી દીધા છે. તો અહીં ભવિષ્યકાળમાં તેમને સમજવાનાં છે તે વાસુદેવોમાં નવ પ્રતિશત્રુ–પ્રતિવાસુદેવો થશે. તે વાસુદેવોના પૂર્વભવનાં નવ નામ હશે, નવ ધર્માચાર્યો થશે, નવ નિદાનભૂમિયો અને નવ નિદાનકારણો થશે, તેઓ આગામી ઉત્સર્પિણીકાળમાં

शब्दार्थ—(इच्चेइयं एवमाहिज्जइ)(इत्येतत् एवमाख्यायते–यह शास्त्र इस प्रकारसे इन नामों द्वारा कहा जाता है (तं जहा) तद्यथा–वे नाम ये

રવતક્ષેત્રમાં થશે એ પ્રમાણે સમજી લેવું જોઈએ. આ પ્રમાણે ઉકત અર્થોને ફરીથી સ્પષ્ટ કરતાં સૂત્રકાર કહે છે કે—આગામી ઉત્સર્પિણીકાળમાં ભરત અને ઐરવતક્ષેત્રની અંદર ઉપરોકત વાસુદેવ, બળદેવ આદિ થશે. ॥સૂ ૨૧૮॥

## ઈસ અધિકૃતશાસ્ત્ર - સમવાયાંગસૂત્ર કે ગુણનિષ્પન્ન નામકા કથન

આ પ્રમાણે અનેક પ્રકારના પદાર્થોનું કથન કરીને હવે સૂત્રકાર આ અધિકૃત શાસ્રનાં ગુણયુકત નામોનું કથન કરે છે—

શબ્દાર્થ—(इ इयं एवमाहिज्जइ) इत्येतत् एवमाख्यायते–આ શાસ્ર જે નામોથી ઓળખાય છે. (तंजहा) तद्यथा–તે નામો આ પ્રમાણે છે—(कुलगरवंसे

इ य एवं तित्थगरवंसेइय गणहरवंसेइ य चक्कवट्टिवंसेइ य दसारवंसेइय) कुलकर वंशेति च एवम् तीर्थकरवंशेति च गणधरवंशेति च चक्रवर्तिवंशेति च दशार्ह वंशेति च–કુલકરોના વંશનું પ્રતિપાદક હોવાથી આ શાસ્ત્રનું નામ 'કુલકરવંશ' છે. તીર્થંકરોના વંશનું પ્રતિપાદક હોવાથી આ શાસ્ત્રનું નામ તીર્થંકરવંશ' છે. એ જ પ્રમાણે ગણધરોના વંશનું કથન કરનાર હોવાથી આ શાસ્ત્રનું નામ 'ગણ-ધરવંશ છે. ચક્રવર્તિયોના વંશનું પ્રતિપાદક હોવાથી આ શાસ્ત્રનું નામ 'ચક્રવર્તિ-વંશ' છે, તથા દશાર્હવંશનું પ્રતિપાદક હોવાથી તેનું નામ 'દશાર્હવંશ' પણ છે. (ईसिवंसेइय जइवंसेईय मुनिवंसेइय) ऋषिवंश इति च, यतिवंश इति च, मुनिवंश इति च–ઋષિયો-ગણધરો સિવાયના તીર્થંકરોના શિષ્યોના વંશનું પ્રતિપાદક હોવાથી તેનું નામ 'ઋષિવંશ' છે. ઋષિ, મુનિ, યતિ, એ શબ્દો સમાન અર્થવાળા હોવાથી તેનું નામ યતિવંશ મુનિવંશ છે. (सुएइवा सुअंगेइवा सुय-समासेइ वा सुयखंधेइ वा समवाएइ वा संखेइवा)श्रुतेति वा, श्रुताङ्गेति वा श्रुतस-मासेति वा श्रुतस्कन्धेति वा समवायेति वा संख्येति वा=તથા ત્રણે કાળના અર્થનું બોધક હોવાથી તેનું નામ "श्रुतसमास" પણ છે. શ્રુતસમુદાયરૂપ હોવાથી તેનું નામ 'श्रुतस्कंध' પણ છે. તથા સમગ્ર જીવ અને અજીવ આદિ પદાર્થોનો આ અંગમાં સમાવેશ થતો હોવાથી તેનું નામ 'समवाय' પણ છે. એક બે આદિ સંખ્યાક્રમથી પદાર્થોનું આ અંગમાં પ્રતિપાદન કરવામાં આવ્યું હોવાથી તેનું નામ "संख्या" પણ છે.(सम्मत्तमंगमकक्खायं)समस्तमङ्गमाख्यातम्–ભગવાનને આ સમવાયાંગને સંપૂર્ણરૂપે કહેલ છે. (अज्झयणं) अध्ययनमिति તેમાં એક જ અધ્યયન છે. (त्तिबेमि) इति ब्रवीमि–સુધર્માસ્વામી જંબૂસ્વામીને કહે છે કે "હે જંબૂ! જે પ્રમાણે આ સમવાયાંગ સૂત્ર મેં ભગવાન પાસેથી સાંભળ્યું છે તે પ્રમાણે જ તમને તે કહું છું. મારી તરફથી મેં તેમાં કંઇ પણ વધારો ઘટાડો કર્યો નથી." "इति" આ પદ શાસ્ત્રની સમાપ્તિનું બોધક છે. ॥સૂ. ૨૧૯॥

ટીકાર્થ—"इच्चेइय एवमाहिज्जइ" इत्यादि—આ શાસ્ત્રના આ પ્રમાણે જુદાં જુદાં નામો છે—કુલકરવંશ-આ શાસ્ત્રમાં કુલકરોના વંશનું પ્રતિપાદન કરાયું છે. તેથી તેમના વંશનું પ્રતિપાદક હોવાને કારણે આ શાસ્ત્રનું નામ 'કુલકરવંશ' છે. અહીં 'इति' શબ્દ સ્વરૂપનો અને 'च' શબ્દ સમુચ્ચય અર્થનો પ્રતિપાદક છે.

"तित्थगरवंसेइ य" ઇત્યાદિ પદોની સાથે વપરાયેલ 'इति' અને 'च'ની બાબતમાં પણ એ પ્રમાણે જ સમજવું. **तीर्थंकरवंश**—તીર્થંકરોના વંશનું કથન કરનાર હોવાથી આ શાસ્ત્રનું નામ 'તીર્થંકરવંશ' પણ છે એજ પ્રમાણે ચક્રવર્તિયોના વંશનું પ્રતિપાદક હોવાથી તેનું નામ 'ચક્રવર્તિવંશ છે, તથા દશાર્હવંશનું પ્રતિપાદક હોવાથી તેનું નામ 'દશાર્હવંશ' છે. ગણધરો સિવાયના તીર્થંકરોને અહીં ઋષિયો કહેલ છે. તે ઋષિયોના વંશનું પ્રતિપાદક હોવાથી આ શાસ્ત્રને 'ઋષિવંશ,' તથા ઋષિ, મુનિ અને યતિ, એ સમાનાર્થી શબ્દો હોવાથી 'યતિવંશ' અને 'મુનિવંશ' એ નામે પણ આ શાસ્ત્રને ઓળખાય છે. તથા ત્રણે કાળના અર્થનું બોધક હોવાને કારણે તેનું નામ 'શ્રુત' પણ પડયું છે. પ્રવચનપુરુષનું એક અંગ હોવાથી તેનું નામ 'શ્રુતાંગ' છે. સમસ્ત સૂત્રોના અર્થનું આ શાસ્ત્રમાં સંક્ષિપ્તમાં પ્રતિપાદન થયેલ હોવાથી તેનું નામ 'શ્રુતસમાસ' પણ છે. શ્રુતસમુદાયરૂપ હોવાથી તેનું નામ 'શ્રુતસ્કંધ' પણ છે. સમગ્ર જીવ અને અજીવ આદિ પદાર્થોનો આ અંગમાં અભિધેયરૂપે સમાવેશ થતો હોવાથી તેનું નામ 'સમવાય' પણ છે. એક, બે આદિ સંખ્યાક્રમથી તેમાં પદાર્થોનું પ્રતિપાદન થયું છે, તેથી તેનું નામ 'સંખ્યા' પણછે. ભગવાને પોતે સંપૂર્ણરીતે આ સમવાયાંગનું કથન કર્યું છે. આચારાંગની જેમ તેમાં બે વિભાગ નથી, તે એક જ અધ્યયનનું બનેલું છે. આચારાંગ આદિ શાસ્ત્રના શસ્ત્રપરિજ્ઞા આદિ અધ્યયનો જેવાં કોઈ પણ વિભાગો આ સમવાયાંગમાં નથી, '**त्तिबेमि**' અહી '**इति**' શબ્દ શાસ્ત્રની સમાપ્તિનો બોધક છે. સુધર્માસ્વામી જંબૂસ્વામીને કહે છે કે જંબૂ ! મેં જે પ્રમાણે આ સમવાયાંગનું ભગવાન પાસે શ્રવણ કર્યું છે એ પ્રમાણે જ તમને તે કહી બતાવું છું મારી તરફથી તેમાં કોઈપણ પ્રકારનો વધારો ઘટાડો કરવામાં આવ્યો નથી." ।।સૂ. ૨૧૯।।

—સમવાયાંગસૂત્રનો ગુજરાતી અનુવાદ સમાપ્ત—

॥ **श्रीरस्तु** ॥

## શાસ્ત્રપ્રશસ્તિનો ગુજરાતી અનુવાદ

૧ સૌરાષ્ટ્ર દેશમાં મૌજ નદીને કીનારે "જૈનસંઘ"થી વિભૂષિત અતિરમણીય 'ખાખી જાળીયા' નામનું ગામ છે.

૨ આ ગામમાં બાંટવીયા કુળમાં ઉત્પન્ન સુશ્રાપક તથા સુવ્રતી "ગિરધરભાઇ" નામના બાંટવીયા શેઠ રહે છે. તેમના સુપુત્ર "અમીચંદભાઇ" જેઓ પરમ શાંત સ્વભાવ ।। સુશ્રાવક છે.

૩ તે અમીચંદભાઈના પત્ની પરમપવિત્ર પાતિવ્રત્ય વ્રતને ધારણ કરનાર પુણ્ય-શાળી અને ધર્મોદ્ધાર કાર્યને વહન કરવામાં જ પોતાનું કલ્યાણ માનનાર 'વ્રજકુંવર" નામના છે

૪ તેમને "વિનયચંદ્રભાઇ" "ચંદ્રકાંતભાઇ" તથા "રમેશચંદ્રભાઇ" નામના ત્રણ પુત્રો છે તથા પરમશુશીલા ધાર્મિક ભાવથી યુક્ત વૈરાગ્યની "ઇન્દુમતીબહેન" નામની શાંતસ્વભાવવાળી પુત્રી છે.

૫ વિનયચંદ્રભાઇની ધીરજકુંવર નામની ધર્મપત્ની છે જેઓને રાજેન્દ્ર અને જયેશ નામના બે પુત્રી છે. અને જયશ્રી નામની એક સુપુત્રી છે.

૬ વિનય દયા આદીગુણોથી યુક્ત અને ધર્માચરણમાં પરાયણ 'હેમલતા' નામની ચંદ્રકાંતભાઇના પત્ની હતા કે જેણે કાલધર્મ પામીને સ્વર્ગવાસ કર્યો છે.

૭ તે સ્વર્ગીય 'હેમલતાના' તથા હેમલતાબહેનના પુત્રના સ્મરણાર્થે સમવાયાંગ સૂત્રની શાસ્ત્ર મર્મને વિશદ રીતે પ્રકાશ કરનારી "ભાવબોધિની" નામની ટીકા પૂજ્યશ્રી ઘાસીલાલ મહારાજે બનાવી છે.